તરત એમની પાસે ગઈ અને એણે યથોચિત શિષ્ટાચાર સાથે પૂછ્યું – 'હે ચંદ્રદેવ! આપ ક્યાં જઈ રહ્યા છો?' વિજયાનો આ પ્રશ્ન સાંભળીને ચંદ્રદેવે પોતાની યાત્રાનો ઉદ્દેશ્ય આદરપૂર્વક બતાવ્યો. દક્ષને ત્યાં થનારા યજ્ઞોત્સવ વગેરેનું બધું વૃત્તાંત કહ્યું. એ બધું સાંભળીને વિજયા ખૂબ જ ઉતાવળથી દેવીની પાસે આવી અને ચંદ્રમાએ જે કાંઈ કહ્યું હતું તે બધું એણે કહી સંભળાવ્યું. એને સાંભળીને કાલિકા સતી દેવીને બહુ વિસ્મય થયો. પોતાને સૂચના ન મળવાનું કયું કારણ છે, એ ખૂબ વિચારણા પછી પણ એમની સમજમાં ન આવ્યું. ત્યારે એમણે પાર્ષદોથી ઘેરાયેલા પોતાના સ્વામી ભગવાન શિવની પાસે આવીને ભગવાન શંકરને પૂછ્યું.

**સતી બોલ્યાં**—હે પ્રભો! મેં સાંભળ્યું છે કે મારા પિતાજીને ઘેર કોઈ બહુ મોટો યજ્ઞ થઈ રહ્યો છે. એમાં બહુ મોટો ઉત્સવ થશે. એમાં સર્વ દેવર્ષિઓ એકત્ર થઈ રહ્યાં છે. હે દેવેશ્વર! પિતાજીના એ મહાન યજ્ઞમાં જવાની રુચિ આપને કેમ થતી નથી? આ બાબત જે કાંઈ વાત હોય એ બધી મને સમજાવો. હે મહાદેવ! સુહૃદોનો એ ધર્મ છે સુહૃદો સાથે હળે-મળે. આ મિલન એમના પ્રેમને વધારનારું હોય છે. તેથી હે પ્રભો! હે મારા સ્વામી! આપ મારી પ્રાર્થના માનીને સર્વથા પ્રયત્ન કરીને મારી સાથે પિતાજીની યજ્ઞશાળામાં આજે જ ચાલો.

સતીની આ વાત સાંભળીને ભગવાન મહેશ્વર દેવ, જેમનું હૃદય દક્ષનાં વાગ્બાણોથી ઘાયલ થઈ ગયું હતું, મધુર વાણીમાં બોલ્યા – 'હે દેવી! તમારા પિતા દક્ષ મારા વિશેષ દ્રોહી થઈ ગયા છે. જે પ્રમુખ દેવતા અને ઋષિ અભિમાની, મૂઢ અને જ્ઞાનશૂન્ય છે તે બધા જ તમારા પિતાના યજ્ઞમાં ગયા છે. જે લોકો વગર આમંત્રણે બીજાને ઘેર જાય છે, તે ત્યાં અનાદર પામે છે, જે મૃત્યુ કરતાં પણ વધારે કષ્ટદાયક છે. તેથી હે પ્રિયે! તમારે અને મારે તો વિશેષ રીતે દક્ષના યજ્ઞમાં જવું જ ન જોઈએ (કેમકે, ત્યાં અમને બોલાવ્યા નથી.) આ મેં સાચી વાત કહી છે.'

મહાત્મા મહેશ્વરના આવા કથન પણ **સતી રોષપૂર્ણ સ્વરે બોલ્યાં**—હે શમ્ભો! આપ સર્વના ઈશ્વર છો. જેના જવાથી યજ્ઞ સફળ થાય છે, એવા આપને મારા દુષ્ટ પિતાએ આ સમયે આમંત્રિત કર્યા નથી. હે પ્રભો! એ દુરાત્માનો અભિપ્રાય શો છે, એ સર્વ હું જાણવા ચાહું છું. સાથે જ ત્યાં આવેલા સંપૂર્ણ દુરાત્મા દેવર્ષિઓના મનોભાવનો તાગ મેળવવા ચાહું છું. માટે હે પ્રભો! હું આજે જ પિતાના યજ્ઞમાં જાઉં છું. હે નાથ! હે મહેશ્વર! આપ મને ત્યાં જવાની આજ્ઞા આપી જ દો.

દેવી સતીના આવા કથન પર સર્વજ્ઞ, સર્વદ્રષ્ટા, સૃષ્ટિકર્તા અને કલ્યાણસ્વરૂપ સાક્ષાત્ ભગવાન રુદ્ર એમને આમ કહેવા લાગ્યા.

**શિવે કહ્યું**—હે ઉત્તમ વ્રતનું પાલન કરનારાં દેવી! જો આ રીતે તમારી રુચિ ત્યાં અવશ્ય જ જવાની થઈ ગઈ હોય તો મારી આજ્ઞાથી તમે શીઘ્ર જ તમારા પિતાના યજ્ઞમાં જાઓ. આ નંદી વૃષભ સુસજ્જિત છે, તમે એક મહારાણીને અનુરૂપ રાજોપચાર સાથે લઈને સાદર એના પર બેસીને બહુસંખ્યક પ્રમથગણોની સાથે યાત્રા કરો. હે પ્રિયે! આ વિભૂષિત વૃષભ પર આરૂઢ થઈ જાઓ.

રુદ્રનો આ પ્રકારનો આદેશ મળવા પર સુંદર આભૂષણોથી અલંકૃત સતી દેવી સર્વ

સાધનોથી યુક્ત થઈને પિતાના ઘર તરફ ચાલ્યાં. પરમાત્મા શિવે એમને સુંદર વસ્ત્રો, આભૂષણ



તથા પરમ ઉજ્જ્વળ છત્ર, ચામર વગેરે મહારાજોચિત ઉપચાર આપ્યા. ભગવાન શિવની આજ્ઞાથી સાઠ હજાર રુદ્રગણ બહુ પ્રસન્નતા અને મહાન ઉત્સાહ સાથે કુતૂહલપૂર્વક સતીની સાથે થઈ ગયા. એ સમયે ત્યાં યજ્ઞને માટે યાત્રા કરતાં સર્વ બાજુએ મહાન ઉત્સવ થવા માંડ્યો. મહાદેવજીના ગણોએ શિવપ્રિયા સતીને માટે બહુ મોટા ઉત્સવનું આયોજન કર્યું. એ બધા ગણ કુતૂહલપૂર્ણ કાર્ય કરવા માટે તથા સતી અને શિવના યશનું ગાન કરવા લાગ્યા. શિવના પ્રિય અને મહાન વીર પ્રમથગણ પ્રસન્નતાપૂર્વક ઊછળતા-કૂદતા ચાલી રહ્યા હતા. જગદંબાના યાત્રાકાળમાં સર્વ પ્રકારે બહુ ભારે શોભા થઈ રહી હતી. એ સમયે જ સુખદ જયજયકાર વગેરે શબ્દો પ્રગટ થયા એનાથી ત્રણે લોક ગુંજી ઊઠ્યા.

(અધ્યાય-૨૮)

*

## યજ્ઞશાળામાં શિવનો ભાગ ન જોતાં સતીનાં રોષપૂર્ણ વચન, દક્ષ દ્વારા શિવ-નિંદાનું શ્રવણ તથા દેવતાઓને ધિક્કાર-ફિટકાર દ્વારા ઠપકો અને સતી દ્વારા પોતાના પ્રાણત્યાગનો નિશ્ચય

બ્રહ્માજી કહે છે—હે નારદ! દક્ષકન્યા સતી એ સ્થાન પર ગયાં, જ્યાં મહાન પ્રકાશથી યુક્ત યજ્ઞ થઈ રહ્યો હતો. ત્યાં દેવતા, અસુર અને મુનીન્દ્ર વગેરે દ્વારા કુતૂહલપૂર્ણ કાર્ય થઈ રહ્યું હતું. સતીએ ત્યાં પોતાના પિતાના ભવનનો વિવિધ પ્રકારની આશ્ચર્યજનક વસ્તુઓથી સંપન્ન, ઉત્તમ પ્રભાથી પરિપૂર્ણ, મનોહર દેવતાઓ અને ઋષિઓના સમુદાયથી ભરેલો જોયો. દેવી સતી ભવનના દ્વાર પર જઈને ઊભાં રહ્યાં અને પોતાનું વાહન નંદી એના પરથી ઊતરીને એકલાં જ શીઘ્રતાપૂર્વક યજ્ઞશાળામાં ચાલ્યાં ગયાં. સતીને આવેલાં જોઈને એમની યશસ્વિની માતા આસિક્ની (વીરિણી)એ તથા બહેનોએ યથોચિત આદર-સત્કાર કર્યો. પરંતુ દક્ષે એમને જોઈને પણ જરાય આદર ન કર્યો અને એમના જ ભયથી શિવની માયાથી મોહિત થયેલા બીજા

લોકોએ પણ એમના પ્રતિ આદરનો ભાવ ન બતાવી શક્યા. હે મુને! સર્વ લોકો દ્વારા તિરસ્કાર પામ્યાથી સતી દેવીને બહુ વિસ્મય થયો તો પણ એમણે માતા-પિતાના ચરણોમાં માથું નમાવ્યું. એ યજ્ઞમાં સતીએ વિષ્ણુ વગેરે દેવતાઓના ભાગ જોયા પરંતુ શંભુનો ભાગ એમને ક્યાંય ન દેખાયો. ત્યારે સતીએ દુસ્સહ ક્રોધ પ્રગટ કર્યો. તે અપમાનિત થવાથી પણ રોષે તો ભરાયેલાં જ હતાં તેથી ક્રોધ કરીને બધા લોકોની તરફ ક્રૂર દૃષ્ટિથી જોતાં અને દક્ષને સળગતી જેવી વાણીમાં બોલ્યાં.

**સતીએ કહ્યું**—'હે પ્રજાપતે! આપે પરમ મંગલકારી ભગવાન શિવને આ યજ્ઞમાં કેમ ન બોલાવ્યા? જેમના દ્વારા આ સંપૂર્ણ ચરાચર જગત પવિત્ર થાય છે, જે સ્વયં જ યજ્ઞ, યજ્ઞવેત્તાઓમાં શ્રેષ્ઠ, યજ્ઞના અંગ, યજ્ઞની દક્ષિણા અને યજ્ઞકર્તા યજમાન છે એવા ભગવાન શિવ વગર યજ્ઞની સિદ્ધિ કેવી રીતે થઈ શકશે? અહો! જેના સ્મરણમાત્રથી સર્વ કાંઈ પવિત્ર થઈ જાય છે, એમના વિના જ કરેલો આ આખો યજ્ઞ અપવિત્ર થઈ જશે. દ્રવ્ય, મંત્ર વગેરે, હવ્ય અને કવ્ય – એ સર્વ જેનાં સ્વરૂપો છે એવા ભગવાન શિવ વગર આ યજ્ઞનો આરંભ જ કેવી રીતે થયો? શું તમે ભગવાન શિવને સામાન્ય દેવતા સમજીને એમનો અનાદર કર્યો છે? આજે તમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે. એટલા માટે તમે પિતા થઈને પણ મને અધમ લાગી રહ્યા છો. અરે! આ વિષ્ણુ અને બ્રહ્મા વગેરે દેવતા તથા મુનિ પોતાના પ્રભુ ભગવાન શિવના આવ્યા વિના આ યજ્ઞમાં કેવી રીતે ચાલ્યા આવ્યા?

આવું કહ્યા બાદ શિવસ્વરૂપા પરમેશ્વરી સતીએ ભગવાન વિષ્ણુ, બ્રહ્મા, ઈન્દ્ર વગેરે બધા દેવતાઓને તથા સમસ્ત ઋષિઓને બહુ કડક શબ્દમાં ઠપકો આપ્યો.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આ પ્રકારે ક્રોધથી ભરેલાં જગદંબા સતીએ ત્યાં વ્યથિત હૃદયે અનેક પ્રકારની વાતો કહી. શ્રીવિષ્ણુ વગેરે સમસ્ત દેવતાઓ અને મુનિઓ જે ત્યાં ઉપસ્થિત હતા, સતીની વાત સાંભળીને ચૂપ થઈ ગયા - પોતાની પુત્રીનાં એવાં વચન સાંભળીને કુપિત થયેલા દક્ષે સતીની સામે ક્રૂર દૃષ્ટિથી જોયું અને આ પ્રકારે કહ્યું.

**દક્ષ બોલ્યા**—હે ભદ્રે! તમારા બહુ બોલવાથી શો લાભ – આ સમયે અહીં તમારું કોઈ કામ નથી. તમે જાવ અથવા રહો એ તમારી ઈચ્છા પર નિર્ભર છે. તમે અહીં આવ્યાં જ કેમ? સમસ્ત વિદ્વાનો જાણે છે તમારા પતિ શિવ અમંગલરૂપ છે. એ કુલીન પણ નથી. વેદથી બહિષ્કૃત છે અને ભૂતો, પ્રેત અને પિશાચોના સ્વામી છે. એ બહુ જ કુવેષ ધારણ કર્યા કરે છે. એટલા માટે રુદ્રને આ યજ્ઞમાં નથી બોલાવ્યા – હે બેટી! હું રુદ્રને સારી રીતે જાણું છું. તેથી જાણીજોઈને જ મેં દેવર્ષિઓની સભામાં એમને આમંત્રિત કર્યા નથી. રુદ્રને શાસ્ત્રના અર્થનું જ્ઞાન જ નથી. એ તો ઉદંડ અને દુરાત્મા છે. મેં મૂઢ પાપીએ બ્રહ્માજીના કહેવાથી એની સાથે તારું લગ્ન કરી દીધું હતું. તેથી હે શુચિસ્મિતે! તું ક્રોધ છોડીને શાંત થા. સ્વસ્થ થા. આ યજ્ઞમાં જો તું આવી જ પડી છે તો સ્વયં પોતાનો ભાગ (અથવા દહેજ) ગ્રહણ કર.

દક્ષના આવા કહેવા પર એમની ત્રિભુવનપૂજિતા પુત્રી સતીએ શિવની નિંદા કરનારા પોતાના પિતાની સામે જ્યારે દૃષ્ટિપાત

કર્યાં ત્યારે એમનો ક્રોધ, રોષ વધારે જ વધી ગયો. એ મનમાં ને મનમાં વિચારવા લાગ્યાં કે 'હવે હું શંકરજીની પાસે કેવી રીતે જઈશ. જો શંકરજીનાં દર્શનની ઈચ્છાથી ત્યાં ગઈ અને એમણે અહીંના સમાચાર પૂછ્યા તો હું એમને શો ઉત્તર આપીશ?' ત્યાર પછી ત્રણે લોકોનાં જનની સતી રોષના આવેશથી યુક્ત થઈને દીર્ઘ શ્વાસ ખેંચતાં ખેંચતાં પોતાના દુષ્ટહૃદય પિતા દક્ષને કહેવા લાગ્યાં.

**સતીએ કહ્યું**—જે મહાદેવની નિંદા કરે છે અથવા જે મહાદેવની થતી નિંદા સાંભળે છે એ બંને ત્યાં સુધી નરકમાં પડ્યા રહે છે, જ્યાં સુધી ચંદ્રમા અને સૂર્ય વિદ્યમાન છે.* હવે હે તાત! હું મારા આ શરીરને છોડી દઈશ, સળગતા અગ્નિમાં પ્રવેશી જઈશ. મારા સ્વામીનો અનાદર સાંભળીને હવે મારે પોતાના આ જીવનની રક્ષાથી શું પ્રયોજન, જો કોઈ સમર્થ હોય તો એ સ્વયં વિશેષ પ્રયત્ન કરીને શંભુની નિંદા કરનાર પુરુષની જીભને બળપૂર્વક કાપી નાખો. ત્યારે જ એ શિવ-નિંદા-શ્રવણના પાપથી શુદ્ધ થઈ શકે છે, એમાં સંશય નથી. જો કશું કરવામાં અસમર્થ હોય તો બુદ્ધિમાન પુરુષ માટે જરૂરી છે કે એ બંને કાન બંધ કરીને અહીંથી નીકળી જાય. આથી એ શુદ્ધ રહે છે. દોષનો ભાગી બનતો નથી. આવું શ્રેષ્ઠ વિદ્વાનો કહે છે.

આ રીતે ધર્મનીતિ બતાવ્યા પછી સતીને પોતાના અહીં આવવાના કારણે બહુ પશ્ચાતાપ થયો. એમણે વ્યથિત ચિત્તથી ભગવાન શંકરનાં વચનોનું સ્મરણ કર્યું. પછી સતી અત્યંત કુપિત થઈને દક્ષ સાથે, એ વિષ્ણુ આદિ સમસ્ત દેવતાઓ તથા મુનિઓથી નીડર થઈને બોલ્યાં.

**સતીએ કહ્યું**—હે તાત! તમે ભગવાન શંકરના નિંદક છો. એ માટે તમને પશ્ચાત્તાપ થશે. અહીં મહાન દુઃખ ભોગવીને અંતે તમારે યાતના ભોગવવી પડશે. આ લોકમાં જેમને કોઈ નથી તો પ્રિય કે નથી અપ્રિય, એવા નિર્વૈર પરમાત્મા શિવને પ્રતિકૂળ તમારા સિવાય બીજું કોણ ચાલી શકે છે. જે દુષ્ટ લોક છે, તે સદા ઈર્ષ્યાપૂર્વક જો મહાપુરુષોની નિંદા કરે તો એમને માટે કોઈ આશ્ચર્યની વાત નથી. પરંતુ જે મહાત્માઓની ચરણ-રજથી પોતાનો અજ્ઞાન અંધકાર દૂર કરી ચૂક્યા છે, એમને મહાપુરુષોની નિંદા શોભા આપતી નથી. જેમના 'શિવ' આ બે અક્ષરોનું નામ ક્યારેય વાતચીતમાં પ્રસંગવશ મનુષ્યોની વાણી દ્વારા એક વાર પણ બોલાઈ જાય તો એ સંપૂર્ણ પાપરાશિને નષ્ટ કરી દે છે, એ જ પવિત્ર કીર્તિવાળા નિર્મળ શિવ સાથે તમે દ્વેષ કરો છો? આશ્ચર્ય છે. વાસ્તવમાં તમે અશિવ (અમંગલ)રૂપ છો. મહાપુરુષોના મનરૂપી મધુકર બ્રહ્માનંદમય રસનું પાન કરવાની ઈચ્છાથી જેનાં સર્વાર્થદાયક ચરણકમળોનું નિરંતર સેવન કર્યા કરે છે એમનો જ તમે મૂર્ખતાવશ દ્રોહ કરો છો? જેમને તમે નામથી શિવ અને કામથી અશિવ બનાવો છો એમને શું તમારા સિવાય બીજા વિદ્વાનો નથી જાણતા. બ્રહ્મા વગેરે દેવતાઓ, સનક વગેરે મુનિઓ તથા અન્ય જ્ઞાનીઓ શું એમના સ્વરૂપને નથી સમજતા. ઉદારબુદ્ધિ ભગવાન શિવ જટા ફેલાવીને, કપાલ ધારણ કરીને સ્મશાનમાં ભૂતોની સાથે પ્રસન્નતાપૂર્વક રહેતા તથા ભસ્મ અને નરમુંડોની માળા ધારણ

* યો નિન્દતિ મહાદેવં નિન્દ્યમાનં શૃણોતિ વા । તાવુભૌ નરકં યાતો યાવચ્ચન્દ્રદિવાકરૌ ॥
(શિ. પુ. રુ. સ. સ. ખં. ૨૯-૨૮)

કરે છે – આ વાતને જાણીને પણ જે મુનિ અને દેવતા એમનાં ચરણોથી પડેલા નિર્માલ્યને ખૂબ આદર સાથે પોતાના મસ્તક ઉપર ચઢાવે છે એનું શું કારણ છે? એ જ કે ભગવાન શિવ જ સાક્ષાત્ પરમેશ્વર છે. પ્રવૃત્તિ (યજ્ઞ-યજ્ઞાદિ) અને નિવૃત્તિ (શમ, દમ વગેરે) બે પ્રકારનાં કર્મ બતાવાયાં છે. મનીષી પુરુષોએ એનો વિચાર કરવો જોઈએ. વેદમાં વિવેચનપૂર્વક રાગી અને વિરાગી – બે પ્રકારના અલગ અલગ અધિકારી બતાવ્યા છે. પરસ્પર વિરોધી હોવાને કારણે ઉક્ત બંને પ્રકારનાં કર્મોના એકસાથે એક જ કર્તા દ્વારા આચરણ નથી કરી શકાતાં. ભગવાન શંકર તો પરબ્રહ્મ પરમાત્મા છે, એમનામાં બંને પ્રકારનાં કર્મોનો પ્રવેશ નથી. એમને કોઈ કર્મ પ્રાપ્ત થતું નથી, એમને કોઈ પણ પ્રકારનું કર્મ કરવાની આવશ્યકતા નથી. હે પિતાજી! અમારું ઐશ્વર્ય અવ્યક્ત છે. એનું કોઈ લક્ષણ વ્યક્ત નથી, સદા આત્મજ્ઞાની મહાપુરુષ જ એનું સેવન કરે છે. તમારી પાસે એ ઐશ્વર્ય નથી. યજ્ઞશાળાઓમાં રહીને ત્યાંના અન્નથી તૃપ્ત થનારા કર્મઠ લોકોને જે ભોગ પ્રાપ્ત થાય છે, એનાથી તો ઐશ્વર્ય બહુ દૂર છે. જે મહાપુરુષની નિંદા કરનારા અને દુષ્ટ છે, એના જન્મને ધિક્કાર છે. વિદ્વાન પુરુષ તો એ સંબંધને વિશેષરૂપે પ્રયત્ન કરીને છોડી દેવો જોઈએ. જે સમયે ભગવાન શિવ તમારી સાથે મારો સંબંધ દેખાડતાં દેખાડતાં મને દાક્ષાયણી કરીને બોલાવશે, એ સમયે મારું મન અચાનક અત્યંત દુઃખી થઈ જશે. એટલા માટે તમારા અંગથી ઉત્પન્ન થયેલા સદા શબ તુલ્ય ઘૃણિત આ શરીરને આ સમયે હું નક્કી છોડી દઈશ અને એવું કરીને સુખી થઈ જઈશ. હે દેવતાઓ અને મુનિઓ! તમે લોકો મારી વાત સાંભળો. તમારા હૃદયમાં દુષ્ટતા આવી ગઈ છે. તમારા લોકોનું આ કર્મ સર્વથા અનુચિત છે. તમે સર્વ લોકો મૂઢ છો, કેમકે, શિવની નિંદા અને કલહ તમને પ્રિય છે. તેથી ભગવાન હર દ્વારા તમને આ કુકર્મોનો નિશ્ચય જ પૂરેપૂરો દંડ મળશે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! એ યજ્ઞમાં દક્ષ તથા દેવતાઓને આવું કહીને સતી દેવી ચૂપ થઈ ગયાં અને મનમાં ને મનમાં જ પોતાના પ્રાણવલ્લભ શંભુનું સ્મરણ કરવા લાગ્યાં.

(અધ્યાય-૨૯)

*

## સતીનું યોગાગ્નિથી પોતાના શરીરને ભસ્મ કરી દેવું, દર્શકોનો હાહાકાર, શિવપાર્ષદોનો પ્રાણત્યાગ તથા દક્ષ પર આક્રમણ, ઋભુઓ દ્વારા એમનું ભાગી જવું તથા દેવતાઓની ચિંતા

બ્રહ્માજી કહે છે—હે નારદ! મૌન થયેલાં સતી દેવી પોતાના પતિને સાદર સ્મરીને શાંતચિત્ત થઈને જ અચાનક ઉત્તર દિશામાં ભૂમિ પર બેસી ગયાં. એમણે વિધિપૂર્વક જળનું આચમન કરીને વસ્ત્ર ઓઢી લીધું અને પવિત્ર ભાવથી આંખો બંધ કરીને પતિનું ચિંતન કરતાં કરતાં તે યોગમાર્ગમાં સ્થિત થઈ ગયાં. એમણે આસનને સ્થિર કરીને પ્રાણાયામ દ્વારા પ્રાણ અને અપાનને એકરૂપ કરીને નાભિચક્રમાં સ્થિત કર્યા. પછી ઉદાન વાયુને બળપૂર્વક નાભિચક્રથી ઉપર ઉઠાવીને બુદ્ધિની સાથે હૃદયમાં સ્થાપિત કર્યો. ત્યાર પછી શંકરના પ્રાણવલ્લભ અનિન્દિતા

સતીએ હૃદયસ્થિત વાયુને કંઠમાર્ગથી ભ્રૂકુટિએની વચમાં લઈ આવ્યાં. આ રીતે દક્ષ પર કુપિત થઈને અચાનક સહસા પોતાના શરીરને છોડવાની ઈચ્છાથી સતીએ પોતાનાં સંપૂર્ણ અંગોમાં યોગમાર્ગ અનુસાર વાયુ અને અગ્નિની ધારણા કરી. તદનંતર પોતાના પતિનાં ચરણારવિંદોનું ચિંતન કરતાં કરતાં સતીએ અન્ય સર્વ વસ્તુઓનું વિસ્મરણ કર્યું. એમનું ચિત્ત યોગમાર્ગમાં સ્થિત થઈ ગયું હતું. એટલે ત્યાં એમને પતિનાં ચરણો સિવાય બીજું કશું દેખાયું જ નહીં. હે મુનિશ્રેષ્ઠ! સતીનું નિષ્પાપ શરીર તત્કાળ પડી ગયું અને એમની ઈચ્છા અનુસાર યોગાગ્નિથી સળગીને તે જ ક્ષણે ભસ્મસાત્ થઈ ગયું. એ વખતે ત્યાં આવેલા સમસ્ત દેવતા વગેરેએ જ્યારે આ ઘટના જોઈ ત્યારે એ ખૂબ જ જોરજોરથી હાહાકાર કરવા લાગ્યા. એમનો એ મહાન, અદ્ભુત, વિચિત્ર અને ભયંકર હાહાકાર આકાશમાં અને પૃથ્વીતલ પર બધી બાજુ ફેલાઈ ગયો. લોકો કહી રહ્યા હતા – 'હાય! મહાન દેવતા ભગવાન શંકરનાં પરમ પ્રેયસી સતી દેવીએ કોઈ દુષ્ટના દુર્વ્યવહારથી કુપિત થઈને પ્રાણ ત્યાગ કર્યો છે. અહો! બ્રહ્માજીના પુત્ર આ દક્ષની ભારે દુષ્ટતા તો જુઓ. આખું ચરાચર જગત જેની સંતતિ છે, એમની જ પુત્રી મનસ્વિની સતી દેવી, જે સદા માન પામવાને યોગ્ય હતી, એમના દ્વારા નિરાદર પામીને પ્રાણોથી હાથ ધોઈ બેઠી. ભગવાન વૃષભધ્વજનાં પ્રિયા સતી સદા સર્વ સત્પુરુષો દ્વારા નિરંતર સન્માન પામવા અધિકારિણી હતાં. વાસ્તવમાં એમનું હૃદય બહુ જ અસહિષ્ણુ છે. તે પ્રજાપતિ દક્ષ બ્રાહ્મણદ્રોહી છે. એટલે આખા સંસારમાં એને મહા અપયશ પ્રાપ્ત થશે. એમની પોતાની જ પુત્રી એમના જ અપરાધથી પ્રાણત્યાગ કરવા તૈયાર થઈ ગઈ, ત્યારે પણ એ મહાનરકગામી શંકરદ્રોહીએ એમને રોક્યાં પણ નહીં!'

જે સમયે સર્વ લોક આવું કહી રહ્યા હતા, એ જ સમયે શિવજીના પાર્ષદ સતીના આ



અદ્ભુત પ્રાણત્યાગ જોઈને તરત જ અસ્ત્ર-શસ્ત્ર લઈને દક્ષને મારવા માટે ઊભા થઈ ગયા. યજ્ઞમંડપના દ્વાર પર ઊભેલા એ ભગવાન શંકરના સમસ્ત સાઠ હજાર પાર્ષદ, જે બહુ જ ભારે પહેલવાન હતા, અત્યંત ક્રોધે ભરાયા, અને 'અમને ધિક્કાર છે, ધિક્કાર છે' એવું કહેતાં કહેતાં ભગવાન શંકરના ગણોના એ સર્વ વીર યૂથપતિ વારંવાર ઉચ્ચ સ્વરથી હાહાકાર કરવા લાગ્યા. હે દેવર્ષિ! કેટલાય પાર્ષદ તો ત્યાં શોકથી એવા વ્યાકુળ થઈ ગયા કે તે અત્યંત તીક્ષ્ણ પ્રાણનાશક શસ્ત્રો દ્વારા પોતાનાં જ મસ્તક અને મુખ વગેરે અંગો પર આઘાત કરવા લાગ્યા. આ રીતે વીસ હજાર પાર્ષદ તે સમયે દક્ષકન્યા સતીની સાથે જ નષ્ટ થઈ ગયા. એ એક અદ્ભુત વાત થઈ. નષ્ટ થતાં બચેલા મહાત્મા શંકરના

પ્રમથગણ ક્રોધયુક્ત થઈને દક્ષને મારવા માટે હથિયાર લઈને ઊભા થઈ ગયા. હે મુને! એ આક્રમણકારી પાર્ષદોના વેગને જોઈને ભગવાન ભૃગુએ યજ્ઞમાં વિઘ્ન કરનારાઓનો નાશ કરવા માટે નક્કી 'અપહતા અસુરાઃ રક્ષાઁ્સિ વેદિષદઃ' એ યજુર્મંત્રથી દક્ષિણાગ્નિમાં આહુતિ આપી. ભૃગુની આહુતિ આપતાં જ યજ્ઞકુંડમાંથી ઋભુ નામક હજારો મહાન દેવતા, જે બહુ પ્રબલ વીર હતા, ત્યાં પ્રગટ થઈ ગયા. હે મુનીશ્વર! એ સર્વના હાથમાં સળગતાં લાકડાં હતાં. એમની સાથે પ્રમથગણોનું અત્યંત વિકટ યુદ્ધ થયું, જે સાંભળનારાનાં રૂવાં ઊભાં કરી દેનારું હતું. એ બ્રહ્મતેજથી સંપન્ન મહાવીર ઋભુઓનો બધી બાજુથી એવો માર પડ્યો કે જેથી પ્રમથગણ વગર વધારે પ્રયાસે જ ભાગી જવા લાગ્યા. આ રીતે એ દેવતાઓએ એ શિવગણોને તરત જ ભગાવી દીધા. આ અદ્ભુત - જેવી ઘટના ભગવાન શિવની મહાશક્તિમતી ઈચ્છાથી જ થઈ. એ સર્વ જોઈને ઋષિ, ઈન્દ્ર વગેરે દેવતા, મરુદ્ગણ, વિશ્વદેવ, અશ્વિનીકુમાર અને લોકપાલ ચૂપ જ રહ્યા. કોઈ કોઈ તો બધી બાજુથી આવી આવીને ત્યાં ભગવાન વિષ્ણુની પ્રાર્થના કરવા લાગ્યા કે કોઈ પણ રીતે આ વિઘ્ન ટળી જાય. તે ઉદ્વિગ્ન થઈને વારંવાર વિઘ્ન-નિવારણ માટે અંદરોઅંદર સલાહ કરવા લાગ્યા. પ્રમથગણોનો નાશ થવાથી અને ભગાડી દેવાથી જે ભાવિ પરિણામ થવાનું હતું, એનો સારી પેઠે વિચાર કરીને ઉત્તમ બુદ્ધિવાળા શ્રીવિષ્ણુ આદિ દેવતા અત્યંત ઉદ્વિગ્ન થઈ ગયા. હે મુને! આ રીતે દુરાત્મા શંકરદ્રોહી બ્રહ્મબંધુ દક્ષના યજ્ઞમાં એ સમયે બહુ ભારે વિઘ્ન આવી ગયું.

(અધ્યાય-૩૦)

*

## આકાશવાણી દ્વારા દક્ષની ભર્ત્સના, એમના વિનાશની સૂચના તથા સમસ્ત દેવતાઓને યજ્ઞમંડપમાંથી નીકળી જવાની પ્રેરણા

**બ્રહ્માજી** કહે છે—હે મુનીશ્વર! આ દરમિયાનમાં ત્યાં દક્ષ તથા દેવતા વગેરે સાંભળી શકે એવી આકાશવાણીએ આ યથાર્થ વાત કહી – 'રે - રે દુરાચારી દક્ષ!' ઓ દંભપરાયણ મહામૂઢ! તેં કેવું અનર્થકારી કર્મ કરી દીધું? ઓ મૂર્ખ! શિવભક્તરાજ દધીચના કથનને પણ તેં પ્રામાણિક ન માન્યું, જે તારે માટે સર્વ રીતે આનંદદાયક અને મંગલકારી હતું. એ બ્રાહ્મણદેવતા તને દુસ્સહ શાપ આપીને તારી યજ્ઞશાળાથી નીકળી ગયા તો પણ તને મૂઢને મનમાં કશું પણ સમજાયું નહીં. એ પછી તારા ઘરમાં મંગલમયી સતી દેવી સ્વતઃ પધાર્યાં, જે તારી જ પુત્રી હતાં, પરંતુ તેં એમનો પણ પરમ આદર ન કર્યો! આવું કેમ થયું? હે જ્ઞાનદુર્બલ દક્ષ! તેં સતી અને મહાદેવજીની પૂજા ન કરી, આ શું કર્યું? 'હું બ્રહ્માજીનો દીકરો છું' આવું સમજીને તું વ્યર્થ જ અભિમાનમાં રહ્યા કર્યો અને એટલા માટે જ તારા પર મોહ છવાઈ ગયો છે. એ સતી દેવી જ સત્પુરુષોનાં આરાધ્ય દેવી છે અથવા સદા આરાધ્ય છે, એ સમસ્ત પુણ્યોનું ફળ આપનારાં છે, ત્રણે લોકોની માતા છે, કલ્યાણસ્વરૂપા અને ભગવાન શંકરના અર્ધા

અંગમાં નિવાસ કરનારાં છે. એ સતી દેવી જ પૂજિત થવાથી સદા સંપૂર્ણ સૌભાગ્યપ્રદાન કરનારાં છે. એ જ મહેશ્વરની શક્તિ છે અને પોતાના ભક્તોનું મંગલ કરનારાં છે. એ સતી દેવી જ પૂજિત થવાથી સદા સંસારનો ભય દૂર કરનારાં છે અને મનોવાંછિત ફળ આપનારાં છે તથા એ જ સમસ્ત ઉપદ્રવોને નષ્ટ કરનારાં દેવી છે. એ સતી જ સદા પૂજિત થવાથી કીર્તિ અને સંપત્તિ પ્રદાન કરનારાં છે. એ જ પરાશક્તિ તથા ભોગ-મોક્ષ પ્રદાન કરનારાં પરમેશ્વરી છે. એ સતી જ જગતને જન્મ દેનારાં માતા, જગતની રક્ષા કરનારાં અનાદિ શક્તિ અને પ્રલય કાળમાં જગતનો સંહાર કરનારાં છે. તે જગન્માતા સતી જ ભગવાન વિષ્ણુની માતારૂપે સુશોભિત થવાવાળાં તથા બ્રહ્મા, ઇન્દ્ર, ચંદ્ર, અગ્નિ અને સૂર્યદેવ વગેરેની જનની મનાય છે. એ સતી જ તપ, ધર્મ અને દાન વગેરેનાં ફળ આપનારાં દેવી છે. એ જ શંભુશક્તિ મહાદેવી છે અને દુષ્ટોનું હનન, દલન કરનારાં પરાત્પર શક્તિ છે. આવાં મહિમાવાળાં સતીદેવી જેમના સદા પ્રિય ધર્મપત્ની છે, એ ભગવાન મહાદેવને તે યજ્ઞમાં ભાગ ન આપ્યો!! અરે! તું કેવો મૂઢ અને કુવિચારી છે.

'ભગવાન શિવ જ સર્વના સ્વામી તથા પરાત્પર પરમેશ્વર છે. એ સમસ્ત દેવતાઓના સમ્યક્ સેવ્ય છે અને સર્વનું કલ્યાણ કરનારા છે. એમનાં જ દર્શનની ઇચ્છાથી સિદ્ધ પુરુષો તપસ્યા કરે છે અને એમના જ સાક્ષાત્કારની અભિલાષા મનમાં લઈને યોગી લોકો યોગ-સાધનમાં પ્રવૃત્ત થયા કરે છે. અનંત ધન-ધાન્ય અને યજ્ઞ પણ વગેરેનું સૌથી મહાન ફળ એ જ બતાવ્યું છે કે ભગવાન શંકરનાં દર્શન સુલભ થાય. શિવ જ જગતનું ધારણ-પોષણ કરનારા છે. એ જ સમસ્ત વિદ્યાઓના પતિ અને સર્વ કાંઈ કરવા સમર્થ છે. આદિ વિદ્યાના શ્રેષ્ઠ સ્વામી તથા મંગલોના પણ મંગલ છે, એ જ મંગલ છે. હે દુષ્ટ દક્ષ! તેં એમની શક્તિનો આજે સત્કાર કર્યો નથી. એટલે આ યજ્ઞનો વિનાશ થઈ જવાનો. પૂજનીય વ્યક્તિઓની પૂજા ન કરવાથી અમંગળ જ થાય છે. તેં પરમ પૂજ્ય શિવસ્વરૂપા સતીનું પૂજન ન કર્યું. શેષનાગ પોતાનાં હજાર મસ્તકથી પ્રતિદિન પ્રસન્નતાપૂર્વક જેનાં ચરણોની રજ ધારણ કરે છે, એ જ ભગવાન શિવની શક્તિ સતી દેવી હતાં. જેનાં ચરણકમળોનું નિરંતર ધ્યાન અને સાદર પૂજન કરીને બ્રહ્માજી બ્રહ્મત્વને પ્રાપ્ત થયા છે, એ જ ભગવાન શંકરની પ્રિય પત્ની સતી દેવી હતાં. જેનાં ચરણકમળો નિરંતર ધ્યાન અને સાદર પૂજન કરીને ઇન્દ્ર વગેરે લોકપાલ પોતપોતાના ઉત્તમ પદને પામ્યા છે. તે ભગવાન શિવ સંપૂર્ણ જગતના પિતા છે અને શક્તિસ્વરૂપા સતી દેવી જગતનાં માતા કહેવાયાં છે. હે મૂઢ દક્ષ! તેં એ માતા-પિતાનો સત્કાર ન કર્યો, પછી તારું કલ્યાણ કેવી રીતે થશે.

'તારા ઉપર દુર્ભાગ્યનું આક્રમણ થઈ ગયું છે. વિપત્તિઓ તૂટી પડી. કેમકે, તે એ ભવાની સતી અને ભગવાન શંકરની ભક્તિભાવનાથી આરાધના કરી નથી. 'કલ્યાણકારી શંભુનું પૂજન ન કરીને પણ હું કલ્યાણનો ભાગી થઈશ' આવો તારો કેવો ગર્વ છે? આ દુર્વાર ગર્વ આજે નષ્ટ થઈ જશે. આ દેવતાઓમાંથી કોણ એવું છે, જે સર્વેશ્વર શિવથી વિમુખ થઈને તારી સહાયતા કરશે? મને તો કોઈ એવો દેવ દેખાતો નથી. જો દેવતા આ સમયે તારી સહાયતા કરશે તો

તે સળગતા દીપક સાથે અગનખેલ ખેલનારા પતંગિયાની જેમ નષ્ટ થઈ જશે. આજે તારું મુખ સળગી જાઓ, તારા યજ્ઞનો નાશ થઈ જાઓ અને જેટલા તારા સહાયકો તે પણ આજે શીઘ્ર જ સળગીને મરો. આ દુરાત્મા દક્ષની જે સહાયતા કરનારા છે, એ સમસ્ત દેવતાઓ માટે આજે શપથ છે. એક તારા અમંગલ માટે જ તારી સહાયતાથી વિરત થઈ જાઓ. સમસ્ત દેવતાઓ આજ યજ્ઞમંડપમાંથી નીકળીને પોતપોતાને સ્થાને જતા રહે, નહિંતર, સર્વ લોકોનો સર્વ પ્રકારે નાશ થઈ જશે. અન્ય બધા મુનિઓ અને નાગ વગેરે પણ આ યજ્ઞમાંથી નીકળી જાઓ, અન્યથા આજે બધા લોકોનો સર્વથા નાશ થઈ જશે. શ્રીહરે! અને વિધાતઃ! આપ લોકો પણ આ યજ્ઞમંડપમાંથી શીઘ્ર જ નીકળી જાઓ.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! સંપૂર્ણ યજ્ઞશાળામાં બેઠેલા લોકોને આવું કહીને સર્વનું કલ્યાણ કરનારી આકાશવાણી મૌન થઈ ગઈ.

(અધ્યાય-૩૧)

*

## ગણોના મુખથી અને નારદથી પણ સતીના ભસ્મ થઈ જવાની વાત સાંભળીને દક્ષ પર કુપિત થવું અને શિવની જટામાંથી વીરભદ્ર અને મહાકાલીને પ્રગટ કરીને એમને યજ્ઞ-વિધ્વંસ કરવા અને વિરોધીઓને સળગાવી દેવાની આજ્ઞા આપવી

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! એ આકાશવાણી સાંભળીને સર્વ દેવતા વગેરે ભયભીત તથા વિસ્મિત થઈ ગયા. એમના મુખમાંથી કોઈ વાત ન નીકળી. એ એવી રીતે બેસી કે ઊભા રહી ગયા, જાણે એમના પર વિશેષ મોહ છવાઈ ગયો હોય. ભૃગુના મંત્રબળથી ભાગી જવાને કારણે જે વીર શિવગણ નષ્ટ થવાથી બચી ગયા હતા, તે ભગવાન શિવને શરણે ગયા. એ બધાએ અમિત તેજસ્વી ભગવાન રુદ્રને સારી રીતે સાદર પ્રણામ કરીને ત્યાં યજ્ઞમાં જે કાંઈ થયું હતું, એ આખી ઘટના એમને કહી સંભળાવી.

**ગણ બોલ્યા**—હે મહેશ્વર! દક્ષ બહુ જ દુરાત્મા અને અભિમાની અહંકારનું પૂતળું છે. એણે ત્યાં પહોંચેલા સતીનું અપમાન કર્યું અને દેવતાઓએ પણ એમનો આદર ન કર્યો. અત્યંત ગર્વથી ભરેલા એ દક્ષે આપને માટે યજ્ઞમાં ભાગ ન આપ્યો. બીજા દેવતાઓ માટે ભાગ હતો અને આપને વિશે ઉચ્ચ સ્વરમાં દુર્વચન કહ્યાં. હે પ્રભો! યજ્ઞમાં આપનો ભાગ ન જોઈને સતી દેવી કુપિત થઈ ગયાં અને પિતાની વારંવાર નિંદા કરીને પોતાના શરીરને યોગાગ્નિ દ્વારા સળગાવીને ભસ્મ કરી દીધું. આ જોઈને દશ હજારથી પણ વધારે પાર્ષદ લજ્જાવશ શસ્ત્રો દ્વારા પોતાનાં અંગોને જ કાપી-કાપીને ત્યાં મરી ગયા. બાકી રહેલા અમે લોકો દક્ષ ઉપર કુપિત થઈ ગયા અને એ બધાને ભયભીત કરીને વેગપૂર્વક એ યજ્ઞનો વિધ્વંસ કરવા તૈયાર થઈ ગયા; પરંતુ વિરોધી ભૃગુએ પોતાના પ્રભાવથી અમને તિરસ્કૃત કરી દીધા. અમે એમના મંત્રબળનો સામનો ન કરી શક્યા. હે પ્રભો! હે વિશ્વંભર! એ જ અમે લોકો આજે આપના

શરણે આવ્યા છીએ. હે દયાળો! ત્યાં પ્રાપ્ત થયેલા ભયથી આપ અમને બચાવો. નિર્ભય કરો. હે મહાપ્રભો! એ યજ્ઞમાં દક્ષ વગેરે સર્વ દુષ્ટોએ અભિમાન-ઘમંડમાં આવીને આપનું વિશેષરૂપે અપમાન કર્યું છે. હે કલ્યાણકારી શિવ! આ રીતે અમે પોતાનું, સતી દેવીનું અને મૂઢ મતિવાળા દક્ષ વગેરેનું સમગ્ર વૃત્તાંત કહી સંભળાવ્યું છે. હવે આપની જેવી ઈચ્છા હોય એવું કરો.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! પોતાના પાર્ષદોની આ વાત સાંભળીને ભગવાન શિવે ત્યાંની બધી ઘટના જાણવા માટે શીઘ્ર જ તમારું સ્મરણ કર્યું. હે દેવર્ષિ! તમે દિવ્ય દૃષ્ટિથી સંપન્ન છો. તેથી ભગવાનના સ્મરણ કરવાથી તમે તરત જ ત્યાં પહોંચી ગયા અને શંકરજીને ભક્તિપૂર્વક પ્રણામ કરીને ઊભા રહી ગયા. સ્વામી શિવે તમારી પ્રશંસા કરીને દક્ષયજ્ઞમાં ગયેલાં સતીના



સમાચાર અને બીજી ઘટનાઓ વિશે પૂછ્યું. હે તાત! શંભુના પૂછવાથી શિવમાં જ મન રાખનારા તમે તરત જ એ બધું વૃત્તાંત કહી સંભળાવ્યું, જે દક્ષયજ્ઞમાં ઘટિત થયું હતું. હે મુને! તમારા મુખથી નીકળેલી વાત સાંભળીને એ સમયે મહાન રૌદ્ર પરાક્રમથી સંપન્ન સર્વેશ્વર રુદ્રે તરત જ બહુ ભારે ક્રોધ પ્રગટ કર્યો. લોકસંહારકારી રુદ્રે પોતાના માથામાંથી એક જટા ઉખાડી અને એને રોષપૂર્વક એ પર્વત પર ફટકારી. હે મુને! ભગવાન શંકરના એ પટકવાથી એ જટાના બે ટુકડા થઈ ગયા અને મહાપ્રલયની જેમ ભયાનક શબ્દ થયો. હે દેવર્ષે! એ જટાના પૂર્વભાગથી મહાભયંકર મહાબલી વીરભદ્ર પ્રગટ થયા જે સમસ્ત શિવગણોના આગેવાન છે. તે ભૂમંડળને બધી બાજુથી વ્યાપીને એનાથી પણ દશ આંગળ અધિક થઈને ઊભા થયા. તે જોવામાં તો પ્રલય-અગ્નિ જેવા જણાતા હતા. એમનું શરીર બહુ જ ઊંચું હતું. તે એક હજાર ભુજાઓથી યુક્ત હતા. એ સર્વસમર્થ મહારુદ્રના ક્રોધપૂર્વક પ્રગટ થયેલા નિઃશ્વાસથી સો પ્રકારના જ્વર અને તેર પ્રકારના સંનિપાત રોગ પેદા થઈ ગયા. હે તાત! એ જટાના બીજા ભાગથી મહાકાલી ઉત્પન્ન થયાં, જે ખૂબ જ ભયંકર દેખાતાં હતાં. એ કરોડો ભૂતોથી ઘેરાયેલાં હતાં. જે જ્વર પેદા થયા, તે બધા જ શરીરધારી ક્રૂર અને સમસ્ત લોકો માટે ભયંકર હતા. તે પોતાના તેજથી પ્રજ્વલિત થઈ બધી જ તરફ દાહ ઉત્પન્ન કરતા હોય એવું પ્રતીત થતું હતું. વીરભદ્ર વાતચીત કરવામાં બહુ કુશળ હતા. એમણે બંને હાથ જોડીને પરમેશ્વર શિવને પ્રણામ કરીને કહ્યું.

**વીરભદ્ર બોલ્યા**—હે મહારુદ્ર! સોમ, સૂર્ય અને અગ્નિને ત્રણ નેત્રો રૂપમાં ધારણ કરનારા

હે પ્રભો! શીઘ્ર આજ્ઞા આપો. મારે આ સમયે કયું કાર્ય કરવાનું છે? હે ઈશાન! શું મારી અર્ધી જ ક્ષણમાં બધા જ સમુદ્રોને સૂકવી દેવાના છે? અથવા એટલા જ સમયમાં સંપૂર્ણ પર્વતોને દળી નાખવાના છે? હે હર! હું એક જ ક્ષણમાં બ્રહ્માંડને ભસ્મ કરી દઉં અથવા સમસ્ત દેવતાઓ અને મુનીશ્વરોને સળગાવીને રાખ કરી દઉં? હે શંકર! હે ઈશાન! શું હું સમસ્ત લોકોને અવળા-સવળા કરી દઉં અથવા સંપૂર્ણ પ્રાણીઓનો વિનાશ કરી દઉં? હે મહેશ્વર! આપની કૃપાથી ક્યાંય પણ કોઈ પણ એવું કાર્ય નથી, જે હું ન કરી શકું. પરાક્રમ દ્વારા મારી સમાનતા કરનારો વીર ન તો પહેલાં થયો છે અને ન આગળ થશે. હે શંકર! તમે કોઈ પણ તણખલાને મોકલી દો તો એ પણ વગર કશા પ્રયત્ને ક્ષણભરમાં મોટામાં મોટાં કાર્ય સિદ્ધ કરી શકે છે, એમાં સંશય નથી. હે શંભો! યદ્યપિ આપની લીલામાત્રથી સર્વ કાર્ય સિદ્ધ થઈ જાય છે, તેમ છતાં જે આપ મને મોકલી રહ્યા છો, એ મારા પર આપનો અનુગ્રહ જ છે. હે શંભો! મારામાં જે કાંઈ પણ શક્તિ છે તે આપની કૃપાથી જ મળેલી છે. હે શંકર! આપની કૃપા વિના કોઈમાં પણ કશી શક્તિ નથી હોઈ શકતી. વાસ્તવમાં આપની આજ્ઞા વિના કોઈ તણખલા વગેરેને હલાવવામાં પણ સમર્થ નથી, એવું નિઃસંદેહ કહી શકાય તેમ છે. હે મહાદેવ! હું આપનાં ચરણોમાં વારંવાર પ્રણામ કરું છું. હે હર! આપ આપના ઇચ્છિત કાર્ય માટે, તેની સિદ્ધિ માટે આજે મને તરત જ મોકલો. હે શંભો! મારાં જમણાં અંગો વારંવાર ફરકી રહ્યાં છે. એનાથી સૂચિત થાય છે કે મારો વિજય અવશ્ય થવાનો છે. તેથી હે પ્રભો! મને મોકલો. હે શંકર! આજે મને કોઈ અભૂતપૂર્વ અને વિશેષ હર્ષ તથા ઉત્સાહનો અનુભવ થઈ રહ્યો છે અને મારું ચિત્ત આપના ચરણકમળમાં લાગેલું છે. તેથી ડગલે ને પગલે મારે માટે શુભ પરિણામનો વિસ્તાર થશે. હે શંભો! આપ શુભનો આધાર છો. જેની આપમાં સુદૃઢ ભક્તિ છે, એને સદા વિજય જ પ્રાપ્ત થાય છે અને એનું જ દિનપ્રતિદિન શુભ થાય છે.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! એની આ વાત સાંભળીને સર્વમંગલોના પતિ ભગવાન શિવ બહુ જ તુષ્ટ થયા, સંતુષ્ટ થયા અને 'હે વીરભદ્ર! તમારો જય થાઓ' એવો આશીર્વાદ આપીને તે પુનઃ બોલ્યા.

**મહેશ્વરે કહ્યું**—હે મારા પાર્ષદોમાં શ્રેષ્ઠ વીરભદ્ર! બ્રહ્માજીનો પુત્ર દક્ષ બહુ દુષ્ટ છે, એ મૂર્ખને બહુ અભિમાન થઈ ગયું છે. તેથી આ દિવસોમાં તે વિશેષરૂપે મારો વિરોધ કરવા લાગ્યો છે. દક્ષ આ સમયે એક યજ્ઞ કરવા તૈયાર થયો છે. તમે યજ્ઞ-પરિવારસહિત એ યજ્ઞને ભસ્મ કરીને શીઘ્ર જ મારે સ્થાને પરત આવો. જો દેવતા, ગંધર્વ, યક્ષ અથવા અન્ય કોઈ તમારો સામનો કરવા તૈયાર થાય તો એમને પણ આજે જ શીઘ્ર જ અચાનક ભસ્મ કરી દેજો. દધીચની અપાવેલી મારી શપથનું - મારા સોગંદનું ઉલ્લંઘન કરીને જે દેવતા વગેરે ત્યાં રહી પડ્યા છે, એમને તે નક્કી જ પ્રયત્નપૂર્વક સળગાવીને ભસ્મ કરી દેજો. જે મારા શપથનું ઉલ્લંઘન કરીને ગર્વયુક્ત થઈને ત્યાં બેસી રહ્યા છે, એ સર્વ મારા દ્રોહી છે. તેથી એમને અગ્નિમયી માયાથી સળગાવી દો. દક્ષની યજ્ઞશાળામાં જે પોતાની પત્નીઓ સાથે અને સારભૂત ઉપકરણો સાથે બેઠા હોય, એ સર્વને જલાવીને ભસ્મ કરી દીધા

પછી પુનઃ તરત જ પરત આવી જજો. તમારા ત્યાં જવાથી વિશ્વદેવ વગેરે દેવગણ પણ જો સામે આવીને તમારી સ્તુતિ કરે તો પણ એમને શીઘ્ર અગ્નિની જ્વાળાથી જલાવીને જ છોડજો. હે વીર! ત્યાં દક્ષ વગેરે સર્વ લોકોની પત્ની અને બંધુ-બાંધવસહિત સળગાવીને (કલશોમાં રાખેલા) જળને લીલાપૂર્વક પી જજો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! જે વૈદિક મર્યાદાના પાલક, કાળના પણ શત્રુ તથા સર્વના ઈશ્વર છે, તે ભગવાન રુદ્ર હોવાથી લાલ આંખ કરીને મહાવીર વીરભદ્રને આવું કહીને ચૂપ થઈ ગયા. (અધ્યાય-૩૨)

*

## પ્રમથગણો સહિત વીરભદ્ર અને મહાકાલીનું દક્ષયજ્ઞ-વિધ્વંસને માટે પ્રસ્થાન, દક્ષ તથા દેવતાઓને અપશુકન અને ઉત્પાતસૂચક લક્ષણોનું દર્શન અને ભય થવો

બ્રહ્માજી કહે છે—હે નારદ! મહેશ્વરના આ વચનને આદરપૂર્વક સાંભળીને વીરભદ્ર બહુ જ સંતુષ્ટ થયા. એમણે મહેશ્વરને પ્રણામ કર્યા. તત્પશ્ચાત્ એ દેવાધિદેવ શૂલીની ઉપર્યુક્ત આજ્ઞાને શિરોધાર્ય કરીને વીરભદ્ર ત્યાંથી શીઘ્ર જ દક્ષના યજ્ઞમંડપ તરફ ચાલ્યા. ભગવાન શિવે કેવળ શોભા માટે એમની સાથે કરોડો મહાવીર ગણોને મોકલી દીધા. જે પ્રલયાગ્નિ સમાન તેજસ્વી હતા. એ કુતૂહલકારી પ્રબળ વીર પ્રમથગણ વીરભદ્રની આગળ અને પાછળ પણ ચાલી રહ્યા હતા. કાળના પણ કાળ ભગવાન રુદ્રના વીરભદ્રસહિત જે લાખો પાર્ષદગણ હતા, એ સૌનું સ્વરૂપ રુદ્ર જેવું જ હતું. એ ગણો સાથે મહાત્મા વીરભદ્ર ભગવાન શિવની જેમ જ વેશભૂષા ધારણ કરીને રથ પર બેસીને યાત્રા કરી રહ્યા હતા. એમને એક હજાર ભુજાઓ હતી. શરીરમાં નાગરાજ વળગેલા હતા. વીરભદ્ર મોટા પ્રબળ અને ભયંકર દેખાતા હતા. એમનો રથ બહુ જ વિશાળ હતો. એમાં દશ હજાર સિંહ જોડવામાં આવતા હતા, જે પ્રયત્નપૂર્વક રથને ખેંચતા હતા. આ રીતે ઘણા પ્રબળ સિંહો, શાર્દૂલ, મગર, મત્સ્ય અને હજારો હાથી એ રથના બાજુના ભાગની રક્ષા કરતા હતા. કાલી, કાત્યાયની, ઈશાની, ચામુંડા, મુંડમર્દિની, ભદ્રકાલી, ભદ્રા, ત્વરિતા તથા વૈષ્ણવી – આ નવ દુર્ગાઓની સાથે સમસ્ત ભૂતગણોની સાથે મહાકાલી દક્ષનો વિનાશ કરવાને માટે ચાલ્યાં, ડાકિની, શાકિની, ભૂત, પ્રમથ, ગુહ્યક, કૂષ્માંડ, પર્પટ, ચટક, બ્રહ્મરાક્ષસ, ભૈરવ તથા ક્ષેત્રપાલ વગેરે – આ સર્વ વીર ભગવાન શિવની આજ્ઞાનું પાલન અને દક્ષના યજ્ઞનો વિનાશ કરવા માટે તરત જ ચાલવા માંડ્યા. એમના સિવાય ચોસઠ ગણોની સાથે યોગિનીઓનું મંડળ પણ સહસા કુપિત થઈને દક્ષયજ્ઞનો વિનાશ કરવા માટે ત્યાંથી પ્રસ્થાન કરી રહ્યાં હતાં. આ રીતે કોટિ-કોટિ ગણ અને વિભિન્ન પ્રકારના ગણાધીશ વીરભદ્રની સાથે ચાલ્યા. એ સમયે ભેરીઓનો ગંભીર ધ્વનિ થવા માંડ્યો. વિવિધ પ્રકારના અવાજ કરનારા શંખ વાગવા લાગ્યા. વિવિધ પ્રકારની શિંગીઓ વાગવા લાગી. હે મહામુને! સેનાસહિત વીરભદ્રની યાત્રા સમયે ત્યાં બહુ જ સુખદ શુકન થવા લાગ્યા.

આ રીતે જ્યારે પ્રમથગણો સહિત વીરભદ્રે પ્રસ્થાન કર્યું, ત્યારે પેલી બાજુ દક્ષ તથા દેવતાઓને ઘણાં અશુભ લક્ષણો દેખાવા લાગ્યાં. હે દેવર્ષે! યજ્ઞ-વિધ્વંસની સૂચના દેવાવાળા ત્રિવિધ ઉત્પાત પ્રગટ થવા લાગ્યા. દક્ષની ડાબી આંખ, જમણી ભુજા અને ડાબી જાંઘ ફરકવા લાગ્યાં. હે તાત! ડાબા અંગોનું ફરકવું સર્વથા અશુભસૂચક હતું અને વિવિધ પ્રકારનાં કષ્ટો મળશે એવી સૂચના મળી રહી હતી. એ વખતે દક્ષની યજ્ઞશાળામાં ધરતી ડોલવા લાગી. દક્ષને બપોરને સમયે પણ અદ્ભુત તારા દેખાવા લાગ્યા. દિશાઓ મલિન થઈ ગઈ. સૂર્યમંડળ કાબરચીતરું દેખાવા લાગ્યું. એના પર હજારો આવરણો છવાઈ ગયાં, ઘેરો પડી ગયો. વીજળી અને અગ્નિ સમાન તારા તૂટી તૂટીને પડી રહ્યા હતા અને બીજા પણ ઘણા અપશુકન થવા લાગ્યા.

એ દરમિયાન ત્યાં આકાશવાણી પ્રગટ થઈ જે સંપૂર્ણ દેવતાઓ અને વિશેષતઃ દક્ષને પોતાની વાત સંભળાવવા લાગી.

**આકાશવાણી બોલી**—ઓ દક્ષ! આજે તારા જન્મને ધિક્કાર છે. તું મહામૂઢ એ પાપાત્મા છે. ભગવાન હર તરફથી આજે તને મહાદુઃખ પ્રાપ્ત થશે, જે કેમેય કરીને ટળી શકે નહીં. હવે તો અહીં તારો હાહાકાર પણ સંભળાતો નથી. જે મૂઢ દેવતા વગેરે તારા યજ્ઞમાં સ્થિત છે એમને પણ મહાન દુઃખ થશે એમાં સંશય નથી.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! આકાશવાણીની આ વાત સાંભળીને અને પૂર્વોક્ત અશુભસૂચક લક્ષણોને જોઈને દક્ષ તથા બીજા દેવતા વગેરેને પણ અત્યંત ભય પ્રાપ્ત થયો. એ સમયે દક્ષ મનમાં ને મનમાં અત્યંત વ્યાકુળ થયો અને કંપવા લાગ્યો. પોતાના પ્રભુ લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણુના શરણમાં ગયો. તે ભયથી અધીર થઈને બેભાન થઈ રહ્યો હતો. એણે સ્વજનવત્સલ દેવાધિદેવ ભગવાન વિષ્ણુને પ્રણામ કર્યા અને એમની સ્તુતિ કરતાં કહેવા લાગ્યો.

(અધ્યાય ૩૩-૩૪)

*

## દક્ષની યજ્ઞ રક્ષા માટે શ્રીવિષ્ણુને પ્રાર્થના, ભગવાનની શિવદ્રોહજનિત સંકટને ટાળવામાં પોતાની અસમર્થતા બતાવતાં દક્ષને સમજાવવું અને સેનાસહિત વીરભદ્રનું આગમન

**દક્ષ બોલ્યો**—હે દેવદેવ! હે હરે! હે વિષ્ણો! હે દીનબન્ધો! હે કૃપાનિધિ! આપે મારા તરફથી મારા યજ્ઞની રક્ષા કરવી જોઈએ. હે પ્રભો! આપ જ યજ્ઞના રક્ષક છો, યજ્ઞ જ આપનું કર્મ છે અને આપ યજ્ઞસ્વરૂપ છો. આપે એવી કૃપા કરવી જોઈએ જેથી યજ્ઞનો વિનાશ ન થાય.

**બ્રહ્માજી કહે છે**—હે મુનીશ્વર! આ રીતે અનેક પ્રકારથી સાદર પ્રાર્થના કરીને દક્ષ ભગવાન શ્રીવિષ્ણુનાં ચરણોમાં પડી ગયો. એનું ચિત્ત ભયથી વ્યાકુળ થઈ રહ્યું હતું. ત્યારે જેના મનમાં ગભરાટ ઉત્પન્ન થયો હતો, એ પ્રજાપતિ દક્ષને બેઠો કરીને એની પૂર્વોક્ત વાત સાંભળીને ભગવાન વિષ્ણુએ દેવાધિદેવ શિવનું સ્મરણ કર્યું. પોતાના પ્રભુ અને મહાન ઐશ્વર્યથી યુક્ત

પરમેશ્વર શિવનું સ્મરણ કરીને શિવતત્ત્વના જ્ઞાતા શ્રીહરિ દક્ષને સમજાવતાં બોલ્યા.



શ્રીહરિએ કહ્યું—હે દક્ષ! હું તમને તત્ત્વની વાત બતાવી રહ્યો છું. તમે મારી વાત ધ્યાનપૂર્વક સાંભળો. મારું આ વચન તમારે માટે સર્વથા હિતકર તથા મહામંત્રની જેમ સુખદાયક થશે. હે દક્ષ! તમને તત્ત્વનું જ્ઞાન નથી. તેથી તમે સર્વના અધિપતિ પરમાત્મા શંકરની અવહેલના કરી છે. ઈશ્વરની અવહેલનાથી સમગ્ર કાર્ય સર્વથા નિષ્ફળ થઈ જાય છે. કેવળ એટલું જ નહીં, ડગલે ને પગલે વિપત્તિઓ પણ આવે છે. જ્યાં અપૂજ્ય પુરુષોની પૂજા થાય અને પૂજનીય પુરુષની પૂજા ન થાય ત્યાં દરિદ્રતા, મૃત્યુ અને ભય – આ ત્રણ પ્રકારનાં સંકટ અવશ્ય પેદા થાય છે.* એટલા માટે સંપૂર્ણ પ્રયત્નથી તમારે ભગવાન વૃષભધ્વજનું સન્માન કરવું જોઈએ. મહેશ્વરનું અપમાન કરવાથી જ તમને મહાન ભય ઉપસ્થિત થયો છે. અમે બધા લોકો પ્રભુ હોવા છતાં પણ આજે તમારી દુર્નીતિને કારણે જે સંકટ આવ્યું છે એને ટાળવામાં સમર્થ નથી. આ હું તમને સાચી વાત કહું છું.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! ભગવાન વિષ્ણુનું આ વચન સાંભળીને દક્ષ ચિંતામાં ડૂબી ગયો. એના ચહેરાનો રંગ ઊડી ગયો, એ ચૂપચાપ પૃથ્વી પર ઊભો રહી ગયો. એ જ વખતે ભગવાન રુદ્રના મોકલેલા ગણનાયક વીરભદ્ર પોતાની સેના સાથે યજ્ઞસ્થળમાં જઈ પહોંચ્યા. એ બધા જ મોટા મોટા શૂરવીર હતા, નિર્ભય હતા અને ભગવાન રુદ્ર સમાન જ પરાક્રમી હતા. ભગવાન શંકરની આજ્ઞાથી એ ગણોની ગણના અસંભવ હતી. તે વીર શિરોમણિ રુદ્ર-સૈનિકો જોર જોરથી સિંહનાદ કરવા લાગ્યા. એમના એ મહાનાદથી ત્રણે લોકો રણકી-ગૂંજી ઊઠ્યા. આકાશ ધૂળથી છવાઈ ગયું. દિશાઓ અંધકારથી આવૃત્ત થઈ ગઈ. સાતે દ્વિપોથી યુક્ત પૃથ્વી અત્યંત ભયથી વ્યાકુળ થઈ પર્વતો વન અને કાનનો સહિત કંપવા લાગી તથા સંપૂર્ણ સમુદ્રોમાં ભરતી આવવા લાગી. આ રીતે સમસ્ત લોકોનો વિનાશ કરવામાં સમર્થ એ વિશાળ સેનાને જોઈને સમસ્ત દેવતા વગેરે ચકિત થઈ ગયા. સેનાના ઉદ્યોગ-ખંત-ઉત્સાહને જોઈને દક્ષના મુખમાંથી રક્તસ્રાવ થવા લાગ્યો. તે પોતાની સ્ત્રીને સાથે લઈને ભગવાન વિષ્ણુનાં

---

* ઈશ્વરાવજ્ઞયા સર્વં કાર્યં ભવતિ સર્વથા। વિફલં કેવલં નૈવ વિપત્તિશ્ચ પદે પદે ॥
અપૂજ્યા યત્ર પૂજ્યન્તે પૂજનીયો ન પૂજ્યતે। ત્રીણિ તત્ર ભવિષ્યન્તિ દારિદ્ર્યં મરણં ભયમ્ ॥
(શિ. પુ. રુ. સં. સ. ખંડ ૩૫।૮-૯)

ચરણોમાં જેમ દંડ પડે તેમ પડી ગયો અને આ પ્રકારે બોલ્યો.

**દક્ષે કહ્યું**—હે વિષ્ણો! હે મહાપ્રભો! આપના બળથી જ મેં આ યજ્ઞનો આરંભ કર્યો હતો. સત્કર્મની સિદ્ધિ માટે આપ જ પ્રમાણ માનવામાં આવ્યા છો. હે વિષ્ણો! આપ કર્મોના સાક્ષી અને યજ્ઞોના પરિપાલક છો. હે મહાપ્રભો! આપ વેદોક્ત ધર્મ તથા બ્રહ્માજીના રક્ષક છો. તેથી હે પ્રભો! આપે મારા આ યજ્ઞની રક્ષા કરવી જોઈએ, કેમ કે, આપ સર્વના પ્રભુ છો.

**બ્રહ્માજી કહે છે**—દક્ષની આ અત્યંત દીનતાપૂર્ણ વાત સાંભળીને ભગવાન શ્રીવિષ્ણુ એ સમયે શિવતત્ત્વથી વિમુખ થયેલા દક્ષને સમજાવવા માટે આ રીતે બોલ્યા.

**શ્રીવિષ્ણુએ કહ્યું**—હે દક્ષ! એમાં સંદેહ નથી કે મારે તમારા યજ્ઞની રક્ષા કરવી જોઈએ, કેમ કે, ધર્મપરિપાલન વિષયક જે મારી સત્ય પ્રતિજ્ઞા છે, તે સર્વત્ર વિખ્યાત છે. પરંતુ હે દક્ષ! હું જે કાંઈ કહું છું, એ તમે સાંભળો. આ સમયે તમે તમારી ક્રૂરતાપૂર્ણ બુદ્ધિને છોડી દો. દેવતાઓના ક્ષેત્ર નૈમિષારણ્યમાં જે અદ્‌ભુત ઘટના ઘટિત થઈ હતી, એનું તમને સ્મરણ થઈ રહ્યું નથી. શું તમે પોતાની કુબુદ્ધિને કારણે એ ભૂલી ગયા? અહીં કોણ ભગવાન રુદ્રના કોપથી તમારી રક્ષા કરવા સમર્થ છે. હે દક્ષ! તમારી રક્ષા કોઈનેય અભિમત નથી? પરંતુ જે તમારી રક્ષા કરવા તૈયાર થાય છે તે પોતાની દુર્બુદ્ધિનો જ પરિચય આપે છે. હે દુર્મતે! શું કર્મ છે અને શું અકર્મ છે એ તમે સમજી શકતા નથી. કેવળ કર્મ પણ ક્યારેક કશું પણ કરવામાં સમર્થ નથી થઈ શકતું. જેના સહયોગથી કર્મમાં કશું પણ કરવાનું સામર્થ્ય આવે છે, એને જ તમે સ્વકર્મ સમજો. ભગવાન શિવ વિના બીજો કોઈ કલ્યાણ કરવાની શક્તિ દેનાર નથી. જે શાંત થઈને ઈશ્વરમાં મન જોડીને એમની ભક્તિપૂર્વક કાર્ય કરે છે, એને જ ભગવાન શિવ તત્કાળ એ કર્મનું ફળ આપી દે છે. જે મનુષ્ય કેવળ જ્ઞાનનો સહારો લઈને અનીશ્વરવાદી થઈ જાય છે અથવા ઈશ્વરને માનતા નથી, તે શતકોટિ કલ્પો સુધી નરકમાં જ પડી રહે છે.* પછી એ કર્મપાશમાં બંધાયેલા જીવ પ્રત્યેક જન્મમાં નરકોમાં યાતના ભોગવે છે, કેમકે, તે કેવળ સકામ કર્મના સ્વરૂપનો જ આશ્રય લેનારા હોય છે.

આ શત્રુમર્દન વીરભદ્ર, જે યજ્ઞશાળાના આંગણામાં આવી પહોંચ્યા છે, ભગવાન રુદ્રના ક્રોધ-અગ્નિમાંથી પ્રગટ થયેલા છે. આ વખતે સમસ્ત રુદ્રગણોના નાયક એ જ છે. એ આપણા સૌનો વિનાશ કરવા આવ્યા છે, એમાં સંશય નથી. કોઈ પણ કાર્ય કેમ ન હોય, વસ્તુતઃ એમને માટે કશુંય અશક્ય છે જ નહીં. આ મહાન સામર્થ્યશાળી વીરભદ્ર બધા દેવતાઓને જરૂર ભસ્મસાત્ કરીને જ શાંત થશે એમાં સંશય જણાતો નથી. હું ભ્રમથી મહાદેવજીના શપથનું ઉલ્લંઘન કરીને જે અહીં રહી પડ્યો, એ કારણે તમારી સાથે મને પણ આ કષ્ટનો સામનો કરવો જ પડશે.

ભગવાન વિષ્ણુ આ પ્રમાણે કહી જ રહ્યા કે વીરભદ્રની સાથે શિવગણોની સેનાનો સમુદ્ર ધસી આવ્યો. સમસ્ત દેવતા વગેરેએ જોયું.

(અધ્યાય-૩૫)

---

* કેવલં જ્ઞાનમાશ્રિત્ય નિરીશ્વરપરા નરાઃ । નિરયં તે ચ ગચ્છન્તિ કલ્પકોટિશતાનિ ચ ॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૩૫।૩૧)

# દેવતાઓનું પલાયન થવું, ઈન્દ્ર વગેરેના પૂછવા પર બૃહસ્પતિનું રુદ્રદેવ અજેય હોવાનું કહેવું, વીરભદ્ર દેવતાઓને યુદ્ધ માટે લલકારે છે, શ્રીવિષ્ણુ અને વીરભદ્રની વાતચીત અને વિષ્ણુ વગેરેનું પોતપોતાના લોકમાં જવું અને દક્ષ તથા યજ્ઞનો વિનાશ કરીને વીરભદ્રનું કૈલાસમાં પાછા ફરવું

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! એ સમયે દેવતાઓની સાથે શિવગણોનું ઘોર યુદ્ધ શરૂ થઈ ગયું. એમાં બધા દેવતા પરાજિત થઈને ભાગવા લાગ્યા. તે એકબીજાનો સાથ છોડીને સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા. એ સમયે કેવળ મહાબલી ઈન્દ્ર વગેરે લોકપાલો જ આ યુદ્ધમાં ધૈર્ય ધારણ કરીને ઉત્સુકતાપૂર્વક ઊભા રહ્યા. ત્યાર પછી ઈન્દ્ર વગેરે બધા દેવતા સાથે મળીને એ સમરાંગણમાં બૃહસ્પતિજીને વિનીતભાવથી નમસ્કાર કરીને પૂછવા લાગ્યા.

**લોકપાલ બોલ્યા**—હે ગુરુદેવ બૃહસ્પતે! હે તાત! હે મહાપ્રાજ્ઞ! હે દયાનિધે! શીઘ્ર જ બતાવો. અમે એ જાણવા ઈચ્છીએ છીએ કે અમારો વિજય કેવી રીતે થશે?

એમની આ વાત સાંભળીને બૃહસ્પતિએ પ્રયત્નપૂર્વક ભગવાન શંભુનું સ્મરણ કર્યું અને જ્ઞાનદુર્બલ મહેન્દ્રને કહ્યું.

**બૃહસ્પતિ બોલ્યા**—હે ઈન્દ્ર! ભગવાન વિષ્ણુએ પહેલાં જે કાંઈ કહ્યું હતું, એ જ બધું આ સમયે થઈ ગયું છે. હું એને જ સ્પષ્ટ કરી રહ્યો છું. સાવધાન થઈને સાંભળો. સમસ્ત કર્મોનું ફળ આપનારા જો કોઈ ઈશ્વર છે તે કર્તાનો જ આશ્રય લે છે – કર્મ કરનારાને જ એ કર્મનું ફળ આપે છે. જે કર્મ કરતો જ નથી, એને ફળ આપવામાં તો એ પણ સમર્થ નથી. (તેથી જે ઈશ્વરને જાણીને, એમનો આશ્રય લઈને સત્કર્મ કરે છે, એને જ એ કર્મનું ફળ મળે છે, ઈશ્વરદ્રોહીને નહીં). ન મંત્ર, ન ઔષધીઓ, ન સમસ્ત આભિચારિક કર્મ, ન લૌકિક પુરુષ, ન કર્મ, ન વેદ, ન પૂર્વ અને ન ઉત્તર મીમાંસા, ન વિવિધ પ્રકારના વેદોથી યુક્ત અન્યાન્ય શાસ્ત્ર જ ઈશ્વરને જાણવામાં સમર્થ હોય છે – એવું પ્રાચીન વિદ્વાનોનું કથન છે. અનન્ય શરણ ભક્તોને છોડીને બીજા લોકો સંપૂર્ણ વેદોનો દશહજાર વાર સ્વાધ્યાય કરીને પણ મહેશ્વરને સારી પેઠે નથી જાણી શકતા – આ મહાશ્રુતિનું કથન છે. અવશ્ય ભગવાન શિવના અનુગ્રહથી સર્વથા શાંત, નિર્વિકાર અને ઉત્તમ દૃષ્ટિથી સદાશિવના તત્વનો સાક્ષાત્કાર (જ્ઞાન) થઈ શકે છે. હે સુરેશ્વર! શું કર્તવ્ય છે અને શું અકર્તવ્ય છે, એનું વિવેચન કરવું અભીષ્ટ હોવાથી હું જો એમાં સિદ્ધિનો ઉત્તમ અંશ છે એનું જ પ્રતિપાદન કરીશ. તમે તમારા પોતાના હિત માટે એને ધ્યાન દઈને સાંભળો. હે ઈન્દ્ર! તમે લોકપાલોની સાથે આજે નાદાન બનીને દક્ષ-યજ્ઞમાં આવી ગયા. જરા બતાવો તો ખરા, અહીં શું પરાક્રમ કરવાના હતા? ભગવાન રુદ્ર જેના સહાયક છે, એવા આ પરમ ક્રોધી રુદ્રગણ આ યજ્ઞમાં વિઘ્ન નાખવા માટે આવ્યા છે અને એ પોતાનું કામ પૂરું કરશે જ – એમાં સંશય નથી. હું સત્ય-સત્ય કહું છું કે આ યજ્ઞના વિઘ્નનું નિવારણ કરવા માટે વસ્તુતઃ તમારામાં કોઈની પાસે સર્વથા કોઈ ઉપાય જ નથી.

બૃહસ્પતિની આ વાત સાંભળીને તે ઈન્દ્ર

સહિત સમસ્ત લોકપાલ બહુ ચિંતામાં પડી ગયા. ત્યારે મહાવીર રુદ્રગણોથી ઘેરાયેલા વીરભદ્રે મનમાં ને મનમાં ભગવાન શંકરનું સ્મરણ કરીને ઈન્દ્ર વગેરે લોકપાલોને ધમકાવ્યા અને એ પછી રુદ્રગણોના નાયક વીરભદ્રએ રોષે ભરાઈને તરત જ સંપૂર્ણ દેવતાઓને તીખાં તમતમતાં બાણોથી ઘાયલ કરી દીધા. એ બાણોનો માર ખાઈને ઈન્દ્ર વગેરે સમસ્ત સુરેશ્વર ભાગતાં ભાગતાં દશે દિશાઓમાં પલાયન કરી ગયા. જ્યારે લોકપાલો જતા રહ્યા અને દેવતાઓ ભાગી ગયા ત્યારે વીરભદ્ર પોતાના ગણો સાથે યજ્ઞશાળાની સમીપે ગયા. એ વખતે ત્યાં વિદ્યમાન સમસ્ત ઋષિઓ અત્યંત ભયભીત થઈને પરમેશ્વર શ્રીહરિને રક્ષાની પ્રાર્થના કરવા માટે અચાનક નતમસ્તક થઈને શીઘ્ર જ બોલ્યા– 'હે દેવદેવ! હે રમાનાથ! હે સર્વેશ્વર! હે મહાપ્રભો! આપ દક્ષના યજ્ઞની રક્ષા કરો. તમે જ યજ્ઞ છો, એમાં સંશય નથી. યજ્ઞ આપનું કર્મ, રૂપ અને અંગ છે. તમે યજ્ઞના રક્ષક છો. તેથી દક્ષ-યજ્ઞની રક્ષા કરો. તમારા સિવાય બીજું કોઈ એનો રક્ષક નથી.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! ઋષિઓનું આ વચન સાંભળીને મારા સહિત ભગવાન વિષ્ણુ, વીરભદ્ર સાથે યુદ્ધ કરવાની ઈચ્છા રાખીને ચાલ્યા. શ્રીહરિને યુદ્ધ માટે તૈયાર જોઈને શત્રુમર્દન વીરભદ્ર, જે વીર પ્રમથગણોથી ઘેરાયેલા હતા, તેમણે કડક શબ્દોમાં ભગવાન વિષ્ણુને ધમકાવવા લાગ્યા.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! વીરભદ્રની આ વાત સાંભળીને બુદ્ધિમાન દેવેશ્વર વિષ્ણુ ત્યાં પ્રસન્નતાપૂર્વક હસતાં હસતાં બોલ્યા.

**શ્રીવિષ્ણુએ કહ્યું**—આજે તમારી સાગે હું જે કાંઈ કહું છું એ સાંભળો – હું ભગવાન શંકરનો સેવક છું, તમે મને રુદ્રદેવથી વિમુખ ન કહો. દક્ષ અજ્ઞાની છે. કર્મકાંડમાં જ એની નિષ્ઠા છે. એણે મૂઢતાવશ પહેલાં મને વારંવાર પોતાના યજ્ઞમાં ચાલવાને માટે પ્રાર્થના કરી હતી. હું ભક્તોને આધીન છું, એટલે ચાલ્યો આવ્યો. ભગવાન મહેશ્વર પણ ભક્તોને આધીન જ રહે છે. હે તાત! દક્ષ મારો ભક્ત છે. એટલે જ મારે અહીં આવવું પડ્યું. હે રુદ્રના ક્રોધથી ઉત્પન્ન થયેલા વીર! તમે રુદ્રતેજ સ્વરૂપ છો, ઉત્તમ પ્રતાપના આશ્રય છો, મારી પ્રતિજ્ઞા સાંભળો. હું તમને આગળ વધતાં રોકું છું અને તમે મને રોકો. પરિણામ એ જ હશે, જે થનાર છે તે થઈને જ રહેશે. હું પરાક્રમ કરીશ.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! ભગવાન વિષ્ણુનું આવું કહેવાથી મહાબાહુ વીરભદ્ર હસીને બોલ્યો -- 'આપ મારા પ્રભુના પ્રિય ભક્ત છો, એ જાણીને હું પ્રસન્ન છું.' આટલું કહીને ગણનાયક વીરભદ્ર હસવા લાગ્યો, અને વિનયથી નતમસ્તક થઈને ખૂબ જ પ્રસન્નતાની સાથે શ્રીવિષ્ણુદેવને કહેવા લાગ્યો.

**વીરભદ્રે કહ્યું**—હે મહાપ્રભો! મેં આપના અંદરના ભાવની પરીક્ષાને માટે જ કઠોર વાતો કરી હતી. આ સમયે હું યથાર્થ વાત કહું છું, સાવધાન થઈને સાંભળો. હે હરે! જેવા શિવ છે તેવા જ આપ છો. જેવા તમે છો તેવા જ શિવ છે. આવું વેદ કહે છે અને વેદોનું આ કથન શિવની આજ્ઞા અનુસાર છે.* હે રમાનાથ!

* યથા શિવસ્તથા ત્વં હિ યથા ત્વં ચ તથા શિવઃ। ઇતિ વેદા વર્ણયન્તિ શિવશાસનતો હરે॥
(શિ. પુ. રુ. સં. સ. ખંડ ૩૬/૬૬)

ભગવાન શિવની આજ્ઞાથી અમે બધા લોકો એમના સેવક જ છીએ, તેમ છતાં મેં જે વાત કહી છે, તે આ વાદ-વિવાદના અવસરને અનુરૂપ જ છે. તમે મારી દરેક વાતને આપના પ્રતિ આદરભાવથી જ કહેવાઈ છે એમ સમજજો.

**બ્રહ્માજી કહે છે**—યજ્ઞ ભાગવીરભદ્રનું આ વચન સાંભળીને ભગવાન શ્રીહરિ હસી પડ્યા અને એમને માટે હિતકર વચન બોલ્યા.

**શ્રીવિષ્ણુએ કહ્યું**—હે મહાવીર! તમે મારી સાથે નિઃશંક થઈને યુદ્ધ કરો. તમારાં અસ્ત્રોથી શરીર ભરાઈ જવા પર જ હું મારે આશ્રમે જઈશ.

**બ્રહ્માજી કહે છે**—આવું કહીને ભગવાન વિષ્ણુ ચૂપ થઈ ગયા અને યુદ્ધને માટે કેડકસીને સ્થિર થઈ અડગ ઊભા રહ્યા. મહાબલી વીરભદ્ર પણ પોતાના ગણોની સાથે યુદ્ધ માટે તૈયાર થઈ ગયા.

હે નારદ! તદનન્તર ભગવાન વિષ્ણુ અને વીરભદ્રમાં ઘોર યુદ્ધ થયું. અંતમાં વીરભદ્રે ભગવાન વિષ્ણુના ચક્રને સ્તંભિત કરી દીધું અને શાર્ઙ્ગધનુષના ત્રણ કકડા કરી દીધા. ત્યારે મારા દ્વારા અને સરસ્વતી દ્વારા બોધિત થયેલા શ્રીવિષ્ણુએ એ મહાન ગણનાયક વીરભદ્રને અસહ્ય તેજથી સંપન્ન જાણીને ત્યાંથી અંતર્ધાન થવાનો વિચાર કર્યો. બીજા દેવતાઓ પણ એ જાણી ગયા કે સતીને જે અન્યાય થયો છે એનું જ આ ભાવિ પરિણામ છે. બીજાઓને માટે આ સંકટનો સામનો કરવો અત્યંત કઠણ છે. આ જાણીને તે બધા દેવતા પોતાના સેવકો સાથે સ્વતંત્ર સર્વેશ્વર શિવનું સ્મરણ કરીને પોતપોતાના લોકમાં ચાલ્યા ગયા. હું પણ પુત્રના દુઃખથી પીડિત થઈ સત્યલોકમાં ચાલ્યો આવ્યો અને અત્યંત દુઃખથી આતુર થઈને વિચારવા લાગ્યો કે હવે મારે શું કરવું જોઈએ. મારા તથા વિષ્ણુના ત્યાંથી ચાલ્યા જવાથી મુનિઓ સહિત સમસ્ત યજ્ઞને આધારે રહેનારા દેવતાઓ શિવગણો દ્વારા પરાજિત થઈને ભાગી ગયા. એ ઉપદ્રવને જોઈને અને મહામખ (મહાયજ્ઞ)નો વિધ્વંસ નિકટ જાણીને એ યજ્ઞ પણ અત્યંત ભયભીત થઈ મૃગનું રૂપ ધારણ કરીને ત્યાંથી ભાગ્યો. મૃગના રૂપમાં આકાશ તરફ દોડતો જોઈને વીરભદ્રે એને પકડી લીધો અને એનું મસ્તક કાપી લીધું. પછી એગણે મુનિઓ તથા દેવતાઓને અંગ-ભંગ કરી દીધા અને ઘણાને મારી નાખ્યા. પ્રતાપી મણિભદ્રે ભૃગુને ઊંચકીને નીચે પછાડ્યા અને એમની છાતીને પગથી દબાવીને તત્કાળ જ એમની દાઢી તથા મૂંછો ઉખાડી લીધી. ચંડે બહુ જ વેગથી પૂખાના (પૂષાના) દાંત પાડી નાખ્યા, કેમકે પૂર્વકાળમાં જે સમયે મહાદેવજીને દક્ષ દ્વારા ગાળો અપાઈ રહી હતી એ સમયે આ પૂષા દાંત દેખાડીને દેખાડીને હસતા હતા. નંદીએ ભગને રોષપૂર્વક પૃથ્વી પર પછાડ્યા, અને એમની બંને આંખો કાઢી લીધી, કેમકે, જ્યારે દક્ષ શિવજીને શાપ આપી રહ્યો હતો ત્યારે આ ભગઋષિ આંખોના સંકેતથી પોતાનું અનુમોદન સૂચિત કરી રહ્યા હતા ત્યાં રુદ્રનાયકોએ સ્વધા, સ્વાહા અને દક્ષિણા દેવીઓની બહુ વિડંબના (દુર્દશા) કરી. ત્યાં જે તંત્ર-મંત્ર તથા બીજા લોકો હતા, એમનો પણ બહુ જ તિરસ્કાર કર્યો. બ્રહ્મપુત્ર દક્ષ ભયનો માર્યો અંતર્વેદીની અંદર સંતાઈ ગયો. વીરભદ્રે એનો પત્તો મેળવીને એને બળપૂર્વક પકડી લાવ્યા. પછી એમના બંને ગાલ પકડીને એના મસ્તક પર તલવારથી આઘાત કર્યો. પરંતુ યોગના પ્રભાવથી દક્ષનું

માથું અભેદ્ય થઈ ગયું હતું એટલે કાપી શકાયું નહિ. જ્યારે વીરભદ્રને જાણ થઈ કે સંપૂર્ણ અસ્ત્ર-શસ્ત્રોથી એના મસ્તકનું છેદન નહીં થઈ શકે ત્યારે એમણે દક્ષની છાતી ઉપર પગ રાખી દબાવ્યો અને બંને હાથે ગળું મરડી નાખીને તોડી નાખ્યું. પછી શિવદ્રોહી દુષ્ટ દક્ષના એ માથાને ગણનાયક વીરભદ્રે અગ્નિકુંડમાં પધરાવી દીધું. ત્યાર પછી જેવી રીતે સૂર્ય ઘોર અંધકારના જથ્થાનો નાશ કરીને ઉદયાચલ પર આરૂઢ થાય છે તેવી રીતે વીરભદ્ર દક્ષ અને એના યજ્ઞનો વિધ્વંસ કરીને કૃતકાર્ય થઈને તરત જ ત્યાંથી ઉત્તમ કૈલાસ પર્વત પર જતા રહ્યા. વીરભદ્રને કામ પૂરું કરીને આવેલા જોઈને પરમેશ્વર શિવ મનમાં ને મનમાં બહુ સંતોષ પામ્યા અને એમણે એને વીર પ્રમથગણોના અધ્યક્ષ બનાવી દીધા.

(અધ્યાય ૩૬-૩૭)

*

## શ્રીવિષ્ણુના પરાજયમાં દધીચ મુનિના શાપને કારણ બનાવતાં દધીચ અને ક્ષુવના વિવાદનો ઈતિહાસ, મૃત્યુંજય-મંત્રના અનુષ્ઠાનથી દધીચની અવધ્યતા અને શ્રીહરિનો ક્ષુવને દધીચના પરાજય માટે યત્ન કરવાનું આશ્વાસન

**સૂતજી કહે છે**—હે મહર્ષિઓ! અમિત બુદ્ધિમાન બ્રહ્માજીએ કહેલી આ કથા સાંભળીને દ્વિજશ્રેષ્ઠ નારદ વિસ્મયમાં પડી ગયા. એમણે પ્રસન્નતાપૂર્વક પ્રશ્ન કર્યો.

**નારદજીએ પૂછ્યું**—હે પિતાજી! ભગવાન વિષ્ણુ શિવજીને છોડીને અન્ય દેવતાઓની સાથે દક્ષના યજ્ઞમાં કેમ ચાલ્યા ગયા, જેને કારણે ત્યાં એમનો તિરસ્કાર થયો? શું એ પ્રલયકારી પરાક્રમવાળા ભગવાન શંકરને નહોતા જાણતા? તો પછી એમણે અજ્ઞાની પુરુષની જેમ રુદ્રગણો સાથે યુદ્ધ શા માટે કર્યું? હે કરુણાનિધિ! મારા મનમાં આ બહુ મોટો સંદેહ છે. આપ કૃપા કરીને મારા આ સંશયને નષ્ટ કરી દો અને હે પ્રભો! મનમાં ઉત્સાહ પેદા કરનાર શિવચરિતને કહો.

**બ્રહ્માજીએ કહ્યું**—હે નારદ! પૂર્વકાળમાં રાજા ક્ષુવની સહાયતા કરનારા શ્રીહરિને દધીચ મુનિએ શાપ આપી દીધો હતો, જેથી એ સમયે તે આ વાતને ભૂલી ગયા અને બીજા દેવતાઓને સાથે લઈને દક્ષના યજ્ઞમાં ચાલ્યા ગયા. દધીચે કેમ શાપ આપ્યો એ સાંભળો. પ્રાચીન કાળમાં ક્ષુવ નામથી પ્રસિદ્ધ એક મહાતેજસ્વી રાજા થઈ ગયા. એ મહાપ્રભાવશાળી મુનીશ્વર દધીચના મિત્ર હતા. દીર્ઘકાળની તપસ્યાના પ્રસંગે ક્ષુવ અને દધીચ વચ્ચે વિવાદ શરૂ થઈ ગયો, જે ત્રણે લોકોમાં મહાન અનર્થકારીના રૂપે વિખ્યાત થયો. એ વિવાદમાં વેદના વિદ્વાન શિવભક્ત દધીચ કહેતા હતા કે શૂદ્ર, વૈશ્ય અને ક્ષત્રિય — એ ત્રણે વર્ણોથી બ્રાહ્મણ જ શ્રેષ્ઠ છે, એમાં સંશય નથી. મહામુની દધીચની આ વાત સાંભળીને ધન-વૈભવના મદથી મોહિત થયેલા રાજા ક્ષુવે એનો આ પ્રકારે પ્રતિવાદ કર્યો.

**ક્ષુવ બોલ્યા**—રાજા ઈન્દ્ર વગેરે આઠ લોકપાલોનું સ્વરૂપ ધારણ કરે છે. એ સમસ્ત

વર્ણો અને આશ્રમોના પાલક અને પ્રભુ છે. એટલા માટે રાજા જ સર્વથી શ્રેષ્ઠ છે. રાજાની શ્રેષ્ઠતા પ્રતિપાદન કરનારી શ્રુતિ પણ કરે છે કે રાજા સર્વદેવમય છે. હે મુને! આ શ્રુતિના કથનાનુસાર જે સૌથી મોટા દેવતા છે, એ હું જ છું. આ વિવેચનથી બ્રાહ્મણ કરતાં રાજા જ શ્રેષ્ઠ સિદ્ધ થાય છે. હે ચ્યવનનંદન! આપ આ વિષયમાં વિચાર કરો અને મારો અનાદર ન કરો, કેમકે, હું સર્વથા આપને માટે પૂજનીય છું.

રાજા ક્ષુવનો આ મત શ્રુતિઓ સ્મૃતિઓની વિરુદ્ધ હતો. એને સાંભળીને ભૃગુકુલભૂષણ મુનિશ્રેષ્ઠ દધીચને બહુ ક્રોધ થયો. હે મુને! પોતાના ગૌરવનો વિચાર કરીને કુપિત થયેલા મહાતેજસ્વી દધીચે ક્ષુવના મસ્તક પર ડાબી બાજુ ઢીંક મારીને પ્રહાર કર્યો. એની ઢીંકનો માર ખાઈને બ્રહ્માંડના અધિપતિ કુત્સિત બુદ્ધિવાળા ક્ષુવ અત્યંત કુપિત થઈને ગર્જના કરવા લાગ્યા અને એમણે વજ્રથી દધીચને કાપી નાખ્યા. એ વજ્રથી આહત થઈને ભૃગુવંશી દધીચ પૃથ્વી પર ઢળી પડ્યા. ભાર્ગવવંશધર દધીચે પડતાં પડતાં એ સમયે શુક્રાચાર્યનું સ્મરણ કર્યું. યોગી શુક્રાચાર્યે જઈને દધીચના શરીરને, જેને ક્ષુવે કાપી નાખ્યું હતું, તે તરત જ જોડી દીધું. દધીચનાં અંગો પૂર્વવત્ જોડીને શિવભક્તશિરોમણિ તથા મૃત્યુંજય-વિદ્યાના પ્રવર્તક શુક્રાચાર્યે એમને કહ્યું.

**શુક્ર બોલ્યા**—હે તાત દધીચ! મેં સર્વેશ્વર ભગવાન શિવનું પૂજન કરીને તમને શ્રુતિપ્રતિપાદિત મહામૃત્યુંજય નામ શ્રેષ્ઠ મંત્રનો ઉપદેશ આપું છું.

'ત્ર્યમ્બકં યજામહે' અમે ભગવાન ત્ર્યમ્બકનું યજન (આરાધન) કરીએ છીએ. ત્ર્યમ્બકનો અર્થ છે – ત્રણે લોકોના પિતા પ્રભાવશાળી શિવ. તે ભગવાન સૂર્ય, સોમ અને અગ્નિ – ત્રણે મંડળોના પિતા છે. સત્ત્વ, રજ અને તમ – ત્રણે ગુણોના મહેશ્વર છે. આત્મતત્ત્વ, વિદ્યાતત્ત્વ અને શિવતત્ત્વ – આ ત્રણે તત્ત્વોના; આહ્વનીય, ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિ – એ ત્રણે અગ્નિઓનાં; સર્વત્ર ઉપલબ્ધ થનાર પૃથ્વી, જળ અને તેજ આ ત્રણ મૂર્ત ભૂતોના (અથવા સાત્ત્વિક આદિ ભેદથી ત્રિવિધ ભૂતોનાં, ત્રિદિવ (સ્વર્ગ)નાં, ત્રિભુજના, ત્રિધાભૂત સર્વત્ર બ્રહ્મા, વિષ્ણુ અને શિવ – ત્રણે દેવતાઓના મહાન ઈશ્વર મહાદેવજી જ છે. (અહીં સુધી મંત્રના પ્રથમ ચરણની વ્યાખ્યા થઈ.) મંત્રનું દ્વિતીય ચરણ છે – સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્ – જેવી રીતે ફૂલોમાં ઉત્તમ ગંધ હોય છે એવી જ રીતે તે ભગવાન શિવ સંપૂર્ણ ભૂતોમાં, ત્રણે ગુણોમાં, સમસ્ત કૃત્યોમાં, ઇન્દ્રિયોમાં, અન્યાન્ય દેવોમાં અને ગણોમાં એમના પ્રકાશક સારભૂત આત્મારૂપે વ્યાપ્ત છે, એટલે સુગંધયુક્ત અને સંપૂર્ણ દેવતાઓના ઈશ્વર છે. (અહીં સુધી સુગન્ધિમ્ પદની વ્યાખ્યા થઈ. હવે 'પુષ્ટિવર્ધનમ્'ની વ્યાખ્યા કરે છે). ઉત્તમ વ્રતનું પાલન કરનાર હે દ્વિજશ્રેષ્ઠ! મહામુને નારદ! એ અંતર્યામી પુરુષ શિવથી પ્રકૃતિનું પોષણ થાય છે – મહત્ત્વથી લઈને વિશેષપર્યંત સંપૂર્ણ વિકલ્પોની પુષ્ટિ થાય છે તથા મુજ-બ્રહ્માનું, વિષ્ણુનું, મુનિઓનું અને ઇન્દ્રિયો સહિત દેવતાઓનું પણ પોષણ થાય છે, એટલે જ એ જ 'પુષ્ટિવર્ધન' છે. (હવે મંત્રના ત્રીજા અને ચોથા ચરણની વ્યાખ્યા કરે છે). 'ઉર્વારુકમિવ બન્ધનાન્મૃત્યોર્મુક્ષીયમામૃતાત્' – અર્થાત્ 'હે પ્રભો! જેવી રીતે તડબૂચ પાકી જાય કે તરત લતાબંધનથી છૂટી જાય છે, એવી જ રીતે હું મૃત્યુરૂપ બંધનથી મુક્ત થઈ જાઉં, અમૃતપદ (મોક્ષ)થી પૃથક્ ન થાઉં' એ રુદ્રદેવ

અમૃતસ્વરૂપ છે, જે પુણ્યકર્મથી, તપસ્યાથી, સ્વાધ્યાયથી યોગથી અથવા ધ્યાનથી એમની આરાધના કરે છે એને નૂતન જીવન પ્રાપ્ત થાય છે. આ સત્યના પ્રભાવથી ભગવાન શિવ સ્વયં જ પોતાના ભક્તને મૃત્યુના સૂક્ષ્મ બંધનથી મુક્ત કરી દે છે, કેમકે, એ ભગવાન જ બંધન અને મોક્ષ આપનારા છે – ઠીક એવી જ રીતે જેવી રીતે ઉર્વારુક અર્થાત્ કાકડીનો વેલો પોતાના ફળને જાતે જ લતાના બંધનમાં બાંધી રાખે છે અને પાકી જાય ત્યારે સ્વયં જ એને બંધનથી મુક્ત કરી દે છે.

આ મૃતસંજીવની મંત્ર છે, જે મારા મતે સર્વોત્તમ છે. તમે પ્રેમપૂર્વક નિયમથી ભગવાન શિવનું સ્મરણ કરતાં કરતાં આ મંત્રનો જપ કરો. જપ અને હવન પછી આનાથી જ અભિમંત્રિત કરેલા જળે દિવસે અને રાતે પીઓ તથા શિવ-વિગ્રહ (શિવ મૂર્તિ અથવા લિંગ) સમીપે બેસીને એમનું જ ધ્યાન કરતા રહો. આથી ક્યાંય પણ ભય રહેતો - થતો જ નથી. ન્યાસ વગેરે સર્વ કાર્ય કરીને વિધિવત્ ભગવાન શિવની પૂજા કરો. આ બધું કરીને શાંતભાવથી બેસીને ભક્તવત્સલ ભગવાન શંકરનું ધ્યાન કરવું જોઈએ. હું ભગવાન શિવનું ધ્યાન બતાવી રહ્યો છું, જેને અનુસાર એનું ચિંતન કરીને મંત્ર-જપ કરવો જોઈએ. આ રીતે નિરંતર જપ કરવાથી બુદ્ધિમાન પુરુષ ભગવાન શિવના પ્રભાવથી એ મંત્રને સિદ્ધ કરી લે છે.

## મૃત્યુંજયનું ધ્યાન

હસ્તામ્ભોજયુગસ્થકુંભયુગલાદુદ્ધૃત્ય તોયં શિરઃ
સિંચ્યન્તં કરયોર્યુગેન દધતં સ્વાંકે સકુમ્ભૌ કરૌ ।
અક્ષસ્રઙ્મૃગહસ્તમમ્બુજગતં મૂર્ધસ્થચંદ્રસ્રવત્
પીયૂષાર્દ્રતનું ભજે સગિરિજં ત્ર્યક્ષં ચ મૃત્યુંજયમ્ ॥

જે પોતાના બે કરકમળોમાં રાખેલા બે કળશોથી જળ કાઢીને એનાથી ઉપરવાળા હાથ દ્વારા પોતાના મસ્તકને સીંચે છે. અન્ય બે હાથોમાં ઘડા લઈને એમને પોતાના ખોળામાં રાખે છે અને બાકીના બે હાથમાં રુદ્રાક્ષ અને મૃગમુદ્રા ધારણ કરે છે, કમળના આસન પર બે હાથમાં રુદ્રાક્ષ અને મૃગમુદ્રા ધારણ કરે છે, કમળના આસન પર બેઠા છે, માથા પર સ્થિત ચંદ્રમાથી નિરંતર ઝરતા અમૃતથી જેમનું આખું શરીર ભીનું થયેલું છે તથા જે ત્રણ નેત્રો ધારણ કરનારા છે એ ભગવાન મૃત્યુંજયનું, જેમની સાથે ગિરિરાજનંદિની ઉમા પણ બિરાજમાન છે, હું ભજન(ચિંતન) કરું છું.

બ્રહ્માજી કહે છે—હે તાત! મુનિશ્રેષ્ઠ દધીચને આ પ્રકારે ઉપદેશ આપીને શુક્રાચાર્ય ભગવાન શંકરનું સ્મરણ કરતાં કરતાં પોતાના સ્થાન પાછા ગયા. એમની એ વાત સાંભળીને મહામુનિ દધીચ બહુ પ્રેમથી શિવજીનું સ્મરણ કરતાં કરતાં તપસ્યા માટે વનમાં ગયા. ત્યાં જઈને એમણે વિધિપૂર્વક મહામૃત્યુંજય મંત્રનો જપ અને પ્રેમપૂર્વક ભગવાન શિવનું ચિંતન કરતાં કરતાં તપસ્યાનો આરંભ કર્યો. દીર્ઘકાળ સુધી મંત્રનો જપ અને તપસ્યા દ્વારા ભગવાન શંકરની આરાધના કરીને દધીચે મહામૃત્યુંજય શિવને સંતુષ્ટ કર્યા. હે મહામુને! એ જપથી પ્રસન્ન ચિત્ત થયેલા ભક્તવત્સલ ભગવાન શિવ દધીચના પ્રેમવશ એમની સામે પ્રગટ થઈ ગયા. પોતાના પ્રભુ શંભુનું સાક્ષાત્ દર્શન કરીને મુનીશ્વર દધીચને બહુ પ્રસન્નતા થઈ. એમણે વિધિપૂર્વક પ્રણામ કરીને બંને હાથ જોડીને ભક્તિભાવથી શંકરનું સ્તવન કર્યું. હે તાત! હે મુને! તદનંતર મુનિના પ્રેમથી પ્રસન્ન થયેલા

શિવે અવનકુમાર દધીચને કહ્યું – 'તમે વરદાન માગો.' ભગવાન શિવનું આ વચન સાંભળીને ભક્તશિરોમણિ દધીચ હાથ જોડીને નતમસ્તક થઈને ભક્તવત્સલ શંકરને કહેવા લાગ્યા.



દધીચે કહ્યું—હે દેવદેવ મહાદેવ! મને ત્રણ વરદાન આપો. મારાં હાડકાં વજ્ર થઈ જાય. કોઈ પણ મારો વધ ન કરી શકે અને હું સર્વત્ર અદીન રહું – ક્યારેય મારામાં દીનતા ન આવે.

દધીચનું આ વચન સાંભળીને પ્રસન્ન થયેલા પરમેશ્વર શિવે 'તથાસ્તુ' કહીને એમને એ ત્રણે વરદાન આપી દીધાં. શિવજી પાસેથી ત્રણ વરદાન મેળવીને વેદમાર્ગમાં પ્રતિષ્ઠિત મહામુનિ દધીચ આનંદમગ્ન થઈ ગયા અને શીઘ્ર જ રાજા ક્ષુવના સ્થાને ગયા. મહાદેવજી પાસે અવધ્યતા, વજ્રમય અસ્થિ અને અદીનતા મેળવીને દધીચે રાજેન્દ્ર ક્ષુવના માથા પર લાત મારી. પછી તો રાજા ક્ષુવે પણ ક્રોધ કરીને દધીચ પર વજ્રથી પ્રહાર કર્યો. તે ભગવાન વિષ્ણુના ગૌરવથી અધિક ગર્વથી ભરેલા હતા પરંતુ ક્ષુવનું ચલાવેલું એ વજ્ર પરમેશ્વર શિવના પ્રભાવથી મહાત્મા દધીચનો નાશ ન કરી શક્યું. આનાથી બ્રહ્મકુમાર ક્ષુવને ખૂબ વિસ્મય થયો. મુનીશ્વર દધીચની અવધ્યતા, અદીનતા તથા વજ્રથી પર ચડિયાતું એવો પ્રભાવ જોઈને બ્રહ્મકુમાર ક્ષુવના મનમાં બહુ આશ્ચર્ય થયું. એમણે શીઘ્ર જ વનમાં જઈને ઈન્દ્રના નાના ભાઈ મુકુન્દની આરાધના શરૂ કરી. તે શરણાગતપાલક નરેશ મૃત્યુંજયસેવક દધીચથી પરાજિત થઈ ગયેલા હતા. ક્ષુવની પૂજાથી ગરુડધ્વજ ભગવાન મધુસૂદન બહુ સંતુષ્ટ થયા. એમણે રાજાને દિવ્ય દૃષ્ટિ પ્રદાન કરી. એ દિવ્ય દૃષ્ટિથી જ જનાર્દન દેવનું દર્શન કરીને એ ગરુડધ્વજે ક્ષુવને પ્રણામ કર્યા અને પ્રિયવચનો દ્વારા એમની સ્તુતિ કરી. આ રીતે દેવેશ્વર વગેરેથી પ્રશંસિત એ અજેય ઈશ્વર શ્રીનારાયણદેવનું પૂજન અને સ્તવન કરીને રાજાએ ભક્તિભાવથી એમની સામે જોયું અને જનાર્દનના ચરણોમાં મસ્તક રાખીને પ્રણામ કર્યા પછી એમણે પોતાના અભિપ્રાય સૂચિત કર્યા.

રાજા બોલ્યા—હે ભગવન્! દધીચ નામથી પ્રસિદ્ધ એક બ્રાહ્મણ છે, જે ધર્મના જ્ઞાતા છે. એમના હૃદયમાં વિનયનો ભાવ છે. એ પહેલાં મારા મિત્ર હતા. એ દિવસોમાં રોગ-શોકથી રહિત મૃત્યુંજય મહાદેવજીની આરાધના કરીને એ એ જ કલ્યાણકારી શિવના પ્રભાવથી સમસ્ત અસ્ત્ર-શસ્ત્રો દ્વારા સદાને માટે અવધ્ય થઈ ગયા છે. એક દિવસ એ મહાતપસ્વી દધીચે ભરી સભામાં આવીને પોતાના ડાબા પગથી મારા મસ્તક પર બહુ વેગથી અવહેલનાપૂર્વક પ્રહાર કર્યો અને બહુ ગર્વથી કહ્યું – 'હું કોઈથી ડરતો નથી ? હે હરે! એ મૃત્યુંજયથી ઉત્તમ વરદાન મેળવીને અનુપમ ગર્વથી ભરાઈ ગયા છે.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! મહાત્મા દધીચની અવધ્યતાના સમાચાર જાણીને શ્રીહરિએ મહાદેવજીના અતુલિત પ્રભાવનું સ્મરણ કર્યું. પછી તે બ્રહ્મપુત્ર રાજા ક્ષુવને કહેવા લાગ્યા – 'હે રાજેન્દ્ર! બ્રાહ્મણોને ક્યાંય થોડો પણ ભય નથી. હે ભૂપતે! વિશેષતઃ રુદ્રભક્તો માટે તો ભય નામની કોઈ વસ્તુ છે જ નહિ. જો હું તમારા તરફથી કશું કરું તો બ્રાહ્મણ દધીચને દુઃખ થશે અને એ મારા જેવા દેવતાને માટે શાપનું કારણ બની જશે. હે રાજેન્દ્ર! દધીચના શાપથી દક્ષના યજ્ઞમાં સુરેશ્વર શિવથી મારો પરાજય થશે અને ફરી મારું ઉત્થાન પણ થશે. હે મહારાજ! એટલા માટે હું તમારી સાથે રહીને કશું કરવા ચાહતો નથી, હું એકલો જ તમારે માટે દધીચને જીતવાનો પ્રયત્ન કરીશ.

**ભગવાન વિષ્ણુના આ વચન સાંભળીને** ક્ષુવ બોલ્યા—'બહુ સારું, એવું જ થાઓ' આવું વચન કહીને તે એ કાર્ય માટે મનમાં ને મનમાં ઉત્સુક થઈ પ્રસન્નતાપૂર્વક ત્યાં જ રહી પડ્યા.

(અધ્યાય-૩૮)

*

## શ્રીવિષ્ણુ અને દેવતાઓથી અપરાજિત દધીચનો એમને માટે શાપ અને ક્ષુવ પર અનુગ્રહ

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! ભક્તવત્સલ ભગવાન વિષ્ણુ રાજા ક્ષુવનું હિત-સાધન કરવાને માટે બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને દધીચના આશ્રમે ગયા. ત્યાં એ જગદ્ગુરુ શ્રીહરિએ શિવભક્તશિરોમણિ બ્રહ્મર્ષિ દધીચને પ્રણામ કરીને ક્ષુવના કાર્યની સિદ્ધિ માટે તૈયાર થઈ એમને આ વાત કહી –

**શ્રીવિષ્ણુ બોલ્યા**—હે ભગવાન શિવની આરાધનામાં તત્પર રહેનારા અવિનાશી બ્રહ્મર્ષિ દધીચ! હું તમારી પાસેથી એક વરદાન માગું છું. એ તમે મને આપી દો.

ક્ષુવના કાર્યની સિદ્ધિ ચાહનારા દેવાધિદેવ શ્રીહરિની આ પ્રકારની યાચના કરવા પર શૈવશિરોમણિ દધીચને શીઘ્ર જ ભગવાન વિષ્ણુને આ પ્રકારે કહ્યું –

**દધીચ બોલ્યા**—હે બ્રહ્મન્! આપ શું ચાહો છો, એ મને જ્ઞાન થઈ ગયું છે. આપ ક્ષુવનું કામ બની જાય એટલા માટે સાક્ષાત્ શ્રીહરિ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને અહીં આવ્યા છો. એમાં જરાય સંદેહ નથી કે તમે પૂરેપૂરા માયાવી છો. કિંતુ હે દેવેશ! મને ભગવાન રુદ્રની કૃપાથી ભૂત-ભવિષ્ય અને વર્તમાન – ત્રણે કાળનું જ્ઞાન સદા મારામાં રહ્યા કરે છે. હે સુવ્રત! હું આપને જાણું છું. આપ માયાહારી શ્રીહરિ અને વિષ્ણુ છો. આ બ્રાહ્મણનો વેશ છોડો. દુષ્ટ બુદ્ધિવાળા રાજા ક્ષુવે આપની આરાધના કરી છે. (એટલા માટે આપ પધાર્યા છો.) હે ભગવન્! હે હરે! આપની ભક્તવત્સલતાને પણ હું જાણું છું. આ છળ છોડી દો. તમારા સ્વરૂપને ગ્રહણ કરો અને ભગવાન શંકરના સ્મરણમાં મન લગાડો. હું ભગવાન શંકરની આરાધનામાં લાગેલો છું. એવી દશામાં જો મારાથી કોઈને ભય થાય તો આપ એને પ્રયત્નપૂર્વક શપથ સાથે કહેજો. મારું મન શિવસ્મરણમાં જ લાગ્યું રહે છે. હું ક્યારેય

જૂઠું નથી બોલતો. આ સંસારમાં કોઈ દેવતા અથવા દૈત્યથી મને ભય થતો જ નથી.

**શ્રીવિષ્ણુ બોલ્યા**—હે ઉત્તમ વ્રતનું પાલન કરનાર દધીચ! તમારો ભય સર્વથા નષ્ટ જ છે, કેમકે, તમે શિવની આરાધનામાં તત્પર રહો છો. એટલે સર્વજ્ઞ છો. પરંતુ મારા કહેવાથી તમે એક વાર પોતાના પ્રતિદ્વન્દ્વી રાજા ક્ષુવ પાસે જઈને કહી દો કે 'હે રાજેન્દ્ર! હું તમારાથી ડરું છું.'

ભગવાન વિષ્ણુનું આ વચન સાંભળીને પણ શૈવ શિરોમણિ મહામુનિ દધીચ નિર્ભય જ રહ્યા અને હસીને બોલ્યા –

**દધીચે કહ્યું**—હું દેવાધિદેવ પિનાકપાણિ ભગવાન શંભુના પ્રસાદથી ક્યાંય પણ, ક્યારેય કોઈથી પણ અને કિંચિત માત્ર નથી ડરતો – સદા જ નિર્ભય રહું છું.

આ ઉપર શ્રીહરિએ મુનિને દબાવવાની ચેષ્ટા કરી. દેવતાઓએ પણ એમને સાથ આપ્યો, પરંતુ બધાંના બધાં જ અસ્ત્રો કુંઠિત થઈ ગયાં. તદનંતર, ભગવાન શ્રીવિષ્ણુએ અગણિત ગણોની સૃષ્ટિ કરી. પરંતુ મહર્ષિએ એમને પણ ભસ્મ કરી દીધા. ત્યારે ભગવાને પોતાની અનંત વિષ્ણુમૂર્તિ પ્રગટ કરી. આ બધું જોઈને ચ્યવનકુમારે ત્યાં જગદીશ્વર ભગવાન વિષ્ણુને કહ્યું.

**દધીચ બોલ્યા**—હે મહાબાહો! માયાનો ત્યાગ કરો. વિચાર કરવાથી એ પ્રતિભાસ માત્ર પ્રતીત થાય છે. હે માધવ! મેં હજારો દુર્વિજ્ઞેય વસ્તુઓને જાણી લીધી છે. તમે મારામાં પોતા સહિત સંપૂર્ણ જગતને જુઓ. નિરાલસ્ય થઈને મારામાં બ્રહ્મા અને રુદ્રનું પણ દર્શન કરો. હું આપને દિવ્ય દૃષ્ટિ આપું છું.

આવું કહીને ભગવાન શિવના તેજથી પૂર્ણ શરીરવાળા ચ્યવનકુમાર દધીચ મુનિએ પોતાના દેહમાં સમસ્ત બ્રહ્માંડનું દર્શન કરાવ્યું. ત્યારે ભગવાન વિષ્ણુએ એમના પર પુનઃ કોપ કરવા ચાહ્યું. એટલામાં જ મારી સાથે રાજા ક્ષુવ ત્યાં આવી પહોંચ્યા. હું નિશ્ચેષ્ટ થઈને ઊભેલા ભગવાન પદ્મનાભને તથા દેવતાઓને ક્રોધ કરવાથી રોક્યા. મારી વાત સાંભળીને એ લોકોએ બ્રાહ્મણ દધીચને પરાસ્ત ન કર્યા. શ્રીહરિ એમની પાસે ગયા અને એમણે મુનિને પ્રણામ કર્યા. તે પછી ક્ષુવ અત્યંત દીન થઈને મુનીશ્વર દધીચની પાસે ગયા અને એમને પ્રણામ કરીને પ્રાર્થના કરવા લાગ્યા.

**ક્ષુવ બોલ્યા**—હે મુનિશ્રેષ્ઠ! હે શિવભક્ત શિરોમણે! મારા પર આપ પ્રસન્ન થાઓ. હે પરમેશ્વર! તમે દુર્જનોની દૃષ્ટિથી દૂર રહેનારા છો. મારા પર કૃપા કરો.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! રાજા ક્ષુવની આ વાત સાંભળીને તપસ્યાની નિધિ બ્રાહ્મણ દધીચે એમના ઉપર અનુગ્રહ કર્યો. તત્પશ્ચાત્ શ્રીવિષ્ણુ વગેરેને જોઈને એ મુનિ ક્રોધથી વ્યાકુલ થઈ ગયા અને મનમાં ને મનમાં શિવનું સ્મરણ કરીને વિષ્ણુ તથા દેવતાઓને શાપ આપવા લાગ્યા.

**દધીચે કહ્યું**—હે દેવરાજ ઇન્દ્ર સહિત દેવતાઓ અને મુનીશ્વરો! તમે લોકો રુદ્રના ક્રોધાગ્નિથી શ્રીવિષ્ણુ તથા પોતાના ગણો સહિત પરાજિત અને ધ્વસ્ત થઈ જાઓ.

દેવતાઓને આ રીતે શાપ આપીને ક્ષુવ સામે જોઈને દેવતાઓ અને રાજાના પૂજનીય દ્વિજશ્રેષ્ઠ દધીચે કહ્યું – 'હે રાજેન્દ્ર! બ્રાહ્મણો જ બળવાન અને પ્રભાવશાળી હોય છે.' આવું સ્પષ્ટરૂપે કહીને બ્રાહ્મણ દધીચ પોતાના આશ્રમમાં

પ્રવેશી ગયા. પછી દધીચને નમસ્કાર માત્ર કરીને ક્ષુવ પોતાને ઘેર જતા રહ્યા. ત્યાર પછી ભગવાન વિષ્ણુ દેવતાઓની સાથે જેવા આવ્યા હતા એ જ રીતે વૈકુંઠલોકમાં પાછા ફરી ગયા. આ પ્રકારે એ સ્થાન સ્થાનેશ્વર નામક તીર્થરૂપે પ્રસિદ્ધ થઈ ગયું. સ્થાનેશ્વરની યાત્રા કરીને મનુષ્ય શિવસાયુજ્ય પ્રાપ્ત કરી લે છે. હે તાત! મેં તમને સંક્ષેપથી ક્ષુવ અને દધીચના વિવાદની કથા સંભળાવી અને ભગવાન શંકરને છોડીને કેવળ બ્રહ્મા અને વિષ્ણુને જે શાપ પ્રાપ્ત થયો એનું વર્ણન કર્યું. જે ક્ષુવ અને દધીચના વિવાદસંબંધી આ પ્રસંગનો નિત્યપાઠ કરે છે, તે અપમૃત્યુને જીતીને દેહત્યાગ પછી બ્રહ્મલોકમાં જાય છે. જે આનો પાઠ કરીને રણભૂમિમાં પ્રવેશ કરે છે એને ક્યારેય મૃત્યુનો ભય નથી થતો અને એ નિશ્ચય જ વિજયી થાય છે. (અધ્યાય-૩૯)

*

# દેવતાઓ સહિત બ્રહ્માનું વિષ્ણુલોકમાં જઈને પોતાના દુઃખનું નિવેદન કરવું, શ્રીવિષ્ણુ દ્વારા એમને શિવની ક્ષમા માગવાની અનુમતિ આપવી અને એમને સાથે લઈને કૈલાસ પર જવું તથા ભગવાન શિવને મળવું

**નારદજીએ કહ્યું**—હે વિધાતઃ! હે મહાપ્રાજ્ઞ! તમે શિવતત્ત્વનો સાક્ષાત્કાર કરાવનારા છો, તમે આ બહુ અદ્ભુત અને રમણીય શિવલીલા સંભળાવી છે. હે તાત! વીરભદ્ર જ્યારે દક્ષના યજ્ઞનો વિનાશ કરીને કૈલાસ પર્વત પર ચાલ્યા ગયા, ત્યારે શું થયું? એ અમને કહો.

**બ્રહ્માજી બોલ્યા**—હે નારદ! રુદ્રદેવના સૈનિકોએ જેનાં જેનાં અંગ-ભંગ કરી દીધાં હતાં, એ સમસ્ત પરાજિત દેવતા અને મુનિ એ સમયે મારા લોકમાં આવ્યા. ત્યાં મને-સ્વયંભૂને નમસ્કાર કરીને બધાએ વારંવાર મારું સ્તવન કર્યું. પછી પોતાનો જે વિશેષ ક્લેશ હતો તે પૂર્ણરૂપે સંભળાવ્યો. એ સાંભળીને હું પુત્રશોકથી પીડિત થઈ ગયો અને અત્યંત વ્યથિત ચિત્તથી બહુ ચિંતા કરવા લાગ્યો. પછી મેં ભક્તિભાવથી ભગવાન વિષ્ણુનું સ્મરણ કર્યું. એથી મને સમયોચિત જ્ઞાન પ્રાપ્ત થયું. તદનંતર દેવતાઓ અને મુનિઓની સાથે હું વિષ્ણુલોકમાં ગયો અને ત્યાં ભગવાન વિષ્ણુને નમસ્કાર કર્યા અને વિવિધ પ્રકારનાં સ્તોત્રો દ્વારા એમની સ્તુતિ કરી એમને મારું પોતાનું દુઃખ નિવેદિત કર્યું. મેં કહ્યું – 'હે દેવ! જે રીતે પણ યજ્ઞ પૂર્ણ થાય, યજમાન જીવિત થાય અને સમસ્ત દેવતા તથા મુનિઓ સુખી થઈ જાય, એવો કોઈ ઉપાય કરો. હે દેવદેવ! હે રમાનાથ! હે દેવસુખદાયક વિષ્ણો! અમે દેવતા અને મુનિ નિશ્ચય જ આપને શરણે આવ્યા છીએ.'

મારી-બ્રહ્માની - આ વાત સાંભળીને ભગવાન લક્ષ્મીપતિ વિષ્ણુ, જેમનું મન સદા શિવમાં લાગ્યું રહે છે અને જેમના હૃદયમાં ક્યારેય દીનતા આવતી નથી એવા વિષ્ણુ શિવસ્મરણ કરીને બોલ્યા.

**શ્રીવિષ્ણુએ કહ્યું**—હે દેવતાઓ! પરમ સમર્થ તેજસ્વી પુરુષથી કોઈ અપરાધ થઈ પણ જાય તો પણ એના બદલામાં અપરાધ કરનારા મનુષ્યોને માટે એ અપરાધ મંગલકારી થઈ શકે

નહિ. હે વિધાતઃ! સમસ્ત દેવતા પરમેશ્વર શિવના અપરાધી છે. કેમકે, એમણે ભગવાન શંભુને યજ્ઞ-ભાગ આપ્યો નથી. હવે તમે બધા લોકો શુદ્ધ હૃદયથી શીઘ્ર જ પ્રસન્ન થનાર એ ભગવાન શિવના પગ પકડીને એમને પ્રસન્ન કરો. એમની ક્ષમા માગો. જે ભગવાનના કુપિત થવાથી આ સમગ્ર જગત નષ્ટ થઈ જાય છે અને જેમના શાસનથી લોકપાલોસહિત યજ્ઞનું જીવન શીઘ્ર જ સમાપ્ત થઈ જાય છે, એ ભગવાન મહાદેવ આ સમયે પોતાની પ્રાણવલ્લભા સતીના વિયોગમાં છે અને અત્યંત દુરાત્મા દક્ષે પોતાનાં દુર્વચનરૂપી બાણોથી એમના હૃદયને પહેલેથી જ ઘાયલ કરી દીધું છે. માટે તમે લોકો શીઘ્ર જ જઈને એમની પાસે પોતપોતાના અપરાધોની ક્ષમા માગો. હે વિધે! એમને શાંત કરવાનો કેવળ આ જ સૌથી મોટો ઉપાય છે. હું સમજું છું કે આવું કરવાથી ભગવાન શંકરને સંતોષ થશે. મેં તમને આ સાચી વાત કહી છે. હે બ્રહ્મન્! હું પણ તમારા બધાંની સાથે શિવ-નિવાસસ્થાન પણ ચાલીશ અને એમની પાસે ક્ષમા માગીશ.

દેવતા વગેરેસહિત મને-બ્રહ્માને આદેશ આપીને શ્રીહરિએ દેવગણોની સાથે કૈલાસ પર્વત પર જવાનો વિચાર કર્યો. ત્યારપછી દેવતા, મુનિ અને પ્રજાપતિ વગેરે જેનાં સ્વરૂપ જ છે, તે શ્રીહરિ એ બધાંને સાથે લઈને પોતાના વૈકુંઠધામથી ભગવાન શિવના શુભ નિવાસ ગિરિશ્રેષ્ઠ કૈલાસ પર ગયા. કૈલાસ ભગવાનને સદાયે અત્યંત પ્રિય છે. મનુષ્યોથી ભિન્ન કિન્નર, અપ્સરાઓ અને યોગસિદ્ધિ મહાત્મા પુરુષ એમને સારી પેઠે સેવે છે અને આ પર્વત બહુ જ ઊંચો છે. એની પાસે રુદ્રદેવના મિત્ર કુબેરની અલકા નામક મહાદિવ્ય અને રમણીય પુરી છે. જેને બધા જ દેવતાઓએ જોઈ છે. એ પુરીની પાસે જ સૌગન્ધિક વન પણ દેવતાઓની દૃષ્ટિમાં આવ્યું, જે વન સર્વપ્રકારનાં વૃક્ષોથી ભર્યું ભર્યું અને દિવ્ય હતું. એની અંદર સર્વત્ર સુગંધ ફેલાવનાર સૌગન્ધિક કમળ વિકસેલાં હતાં. એના બહારના ભાગમાં નંદા અને અલકનંદા – એ બે અત્યંત પાવન દિવ્ય સરિતાઓ વહે છે, જેના દર્શન માત્રથી પ્રાણીઓનાં પાપ હરાઈ જાય છે. યક્ષરાજ કુબેરની અલકાપુરી અને સૌગન્ધિક વનને પાછળ છોડીને આગળ વધતા દેવતાઓએ થોડે જ દૂર શંકરજીના વટવૃક્ષને જોયું. એની ચોતરફ અવિચલ છાયા ફેલાયેલી હતી. વૃક્ષ સો યોજન ઊંચું હતું અને એની શાખાઓ પંચોતેર યોજન સુધી ફેલાયેલી હતી. એના પર કોઈ પણ પ્રકારનો માળો ન હતો અને ગ્રીષ્મનો તાપ તો એનાથી સદાયે દૂર જ રહેતો. બહુ પુણ્યાત્મા પુરુષોને જ એનાં દર્શન થઈ શકે છે. તે પરમ રમણીય અને અત્યંત પાવન છે. એ દિવ્યવૃક્ષ ભગવાન શંભુનું યોગસ્થળ છે. યોગીઓ દ્વારા સેવ્ય અને પરમ ઉત્તમ છે. મુમુક્ષુઓનું આશ્રયભૂત અને એ મહાયોગમય વટવૃક્ષની નીચે વિષ્ણુ વગેરે સર્વ દેવતાઓએ ભગવાન શંકરને બિરાજમાન દીઠા. મારા પુત્ર મહાસિદ્ધ સનકાદિ, જે સદા શિવ-ભક્તિમાં તત્પર રહેનારા અને શાંત છે, બહુ જ પ્રસન્નતાની સાથે એમની સેવામાં બેઠા હતા. ભગવાન શિવનો શ્રીવિગ્રહ (શરીર) પરમ શાંત દેખાતો હતો. એમના સખા કુબેર, જે ગુહ્યકો અને રાક્ષસોના સ્વામી છે, પોતાના સેવકગણો તથા કુટુંબીજનો સાથે સદા વિશેષરૂપે એમની સેવા કર્યા કરે છે એ પરમેશ્વર શિવ એ સમયે

તપસ્વીજનોના પરમપ્રિય લાગે એવું સુંદર રૂપ ધારણ કરીને બેઠા હતા. ભસ્મ વગેરેથી એનાં અંગો ખૂબ શોભી રહ્યાં હતાં. ભગવાન શિવ એમના વત્સલ સ્વભાવને કારણે સમગ્ર સંસારના સુહૃદ્ છે. હે નારદ! એ દિવસે એ એક કુશાસન પર બેઠા હતા અને બધા સંતો સાંભળે તેમ તમે પ્રશ્ન કર્યો ત્યારે તમને ઉત્તમ જ્ઞાનનો ઉપદેશ આપી રહ્યા હતા. એ ડાબો પગ પોતાની જમણી જાંઘ પર અને ડાબો હાથ ડાબા ઘૂંટણ પર રાખીને કાંડામાં રુદ્રાક્ષની માળા રાખીને સુંદર તર્કમુદ્રા*થી બિરાજમાન હતા.

આ રૂપમાં ભગવાન શિવનું દર્શન કરીને એ સમયે વિષ્ણુ વગેરે બધા દેવતાઓએ બંને હાથ જોડીને માથું નમાવીને તરત જ એમનાં ચરણોમાં પ્રણામ કર્યા. મારી સાથે ભગવાન વિષ્ણુને આવેલા જોઈને સત્પુરુષોના આશ્રયદાતા ભગવાન રુદ્ર ઊભા થઈ ગયા અને એમણે મસ્તક નમાવીને એમને પ્રણામ કર્યા. પછી વિષ્ણુ વગેરે સર્વ દેવતાઓએ જ્યારે શિવને પ્રણામ કરી લીધા પછી, ત્યારે એમણે મને નમસ્કાર કર્યા. બરાબર એવી જ રીતે - જેવી રીતે જેમ લોકોને ઉત્તમ ગતિ પ્રદાન કરનારા ભગવાન વિષ્ણુ પ્રજાપતિ કશ્યપને પ્રણામ કરે છે. ત્યાર પછી દેવતાઓ, સિદ્ધો, ગણાધીશો અને મહર્ષિઓ દ્વારા નમસ્કૃત થયા અને સ્વયં પણ (શ્રીવિષ્ણુને અને મને) નમસ્કાર કરનારા ભગવાન શિવ સાથે શ્રીહરિએ આદરપૂર્વક વાર્તાલાપનો પ્રારંભ કર્યો.

(અધ્યાય-૫૦)

*

## દેવતાઓ દ્વારા ભગવાન શિવની સ્તુતિ, ભગવાન શિવનું દેવતા વગેરેનાં અંગોનું ઠીક થવું અને દક્ષના જીવિત હોવાનું વરદાન આપવું, શ્રીહરિ વગેરેની સાથે યજ્ઞમંડપમાં પધારીને શિવજી દ્વારા દક્ષનું જીવિત થવું તથા દક્ષ અને વિષ્ણુ વગેરે દ્વારા એમની સ્તુતિ

દેવતાઓએ ભગવાન શિવજીની અત્યંત વિનયની સાથે સ્તુતિ કરતાં કરતાં અંતમાં કહ્યું – આપ પર (ઉત્કૃષ્ટ), પરમેશ્વર, પરાત્પર તથા પરાત્પરતર છો. આપ સર્વવ્યાપી વિશ્વમૂર્તિ મહેશ્વરને નમસ્કાર હો. આપ વિષ્ણુકલત્ર, વિષ્ણુક્ષેત્ર, ભાનુ, ભૈરવ, શરણાગત વત્સલ, ત્ર્યમ્બક તથા વિહરણશીલ છો. આપ મૃત્યુંજય છો. શોક પણ આપનું જ રૂપ છે. આ ત્રિગુણ અને ગુણાત્મા છો. ચંદ્રમા, સૂર્ય અને અગ્નિ આપનાં નેત્ર છે. આપ સર્વના કારણ તથા ધર્મમર્યાદાસ્વરૂપ છો. આપને નમસ્કાર હો. આપે સ્વયં પોતાના તેજથી સંપૂર્ણ જગતને વ્યાપ્ત કરી રાખ્યું છે. આપ નિર્વિકાર, પ્રકાશપૂર્ણ, ચિદાનંદસ્વરૂપ, પરબ્રહ્મ પરમાત્મા છો. હે મહેશ્વર! બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર અને ચંદ્ર આદિ સમસ્ત દેવતા તથા મુનિ આપથી જ ઉત્પન્ન

* તર્જનીને અંગૂઠા સાથે જોડીને અને બાકીની આંગળીઓને પરસ્પર ભેગી કરીને ફેલાવી દેવાથી જે બન્ધ સિદ્ધ થાય છે, એને 'તર્કમુદ્રા' કહે છે. એનું જ નામ જ્ઞાનમુદ્રા પણ છે.

થયા છે. કેમકે, આપ પોતાના શરીરને આઠ ભાગોમાં વિભક્ત કરીને સમસ્ત સંસારનું પોષણ કરો છો, એટલા માટે અષ્ટમૂર્તિ તરીકે આપનું સંબોધન થાય છે એ આપની ઓળખ છે. આપ જ સર્વના આદિકારણ કરુણામય ઈશ્વર છો. આપના ભયથી આ વાયુ વાય છે. આપના ભયથી અગ્નિ સળગવાનું કામ કરે છે, આપના ભયથી સૂર્ય તપે છે અને આપના જ ભયથી મૃત્યુ ચોતરફ દોડ્યા કરે છે. હે દયાસિન્ધો! હે મહેશાન! હે પરમેશ્વર! પ્રસન્ન થાઓ. અમે બેભાન અને નષ્ટ થઈ રહ્યા છીએ. તેથી સદાયે અમારી રક્ષા કરો, રક્ષા કરો. હે નાથ! હે કરુણાનિધે! હે શમ્ભો! આપે અત્યાર સુધી વિવિધ પ્રકારની આપત્તિઓથી જેવી રીતે અમને સદા સુરક્ષિત રાખ્યા છે, એવી જ રીતે આજે પણ અમારી રક્ષા કરો. હે નાથ! હે દુર્ગેશ! આપ શીઘ્ર જ કૃપા કરીને આ અપૂર્ણ યજ્ઞનો અને પ્રજાપતિ દક્ષનો પણ ઉદ્ધાર કરો. ભગને એની આંખો મળી જાય, યજમાન દક્ષ જીવિત થઈ જાય, પૂષાના દાંત જામી જાય અને ભૃગુનું દાઢી-મૂછ પહેલાં જેવી થઈ જાય. હે શંકર! આયુધો અને પથ્થરોની વર્ષાથી જેનાં અંગભંગ થયાં છે, એ દેવતાઓ પર આપ સર્વથા અનુગ્રહ કરો જેથી એમને પૂર્ણતઃ આરોગ્ય લાભ થાય. હે નાથ! યજ્ઞકર્મ પૂર્ણ થયા પછી જે કાંઈ શેષ રહે, તે સર્વ આપનો પૂરેપૂરો ભાગ હો. (એમાં બીજા કોઈ હસ્તક્ષેપ ન કરે). હે રુદ્રદેવ! આપના ભાગથી જ યજ્ઞ પૂર્ણ થાઓ, અન્યથા નહીં.

આવું કહી હું-બ્રહ્માની સાથે બધા દેવતા અપરાધ ક્ષમા કરાવવાને માટે તૈયાર થઈ ગયા. હાથ જોડીને ભૂમિ પર દંડની જેમ પડી ગયા.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! હું-બ્રહ્મા, લોકપાલ, પ્રજાપતિ તથા મુનિઓ સહિત શ્રીપતિ વિષ્ણુના અનુનય-વિનય કરવાથી પરમેશ્વર શિવ પ્રસન્ન થઈ ગયા. દેવતાઓને આશ્વાસન આપીને હસીને એમના પર પરમ અનુગ્રહ કરતાં કરતાં કરુણાનિધાન પરમેશ્વર શિવે કહ્યું.

**શ્રીમહાદેવજી બોલ્યા**—હે સુરશ્રેષ્ઠ બ્રહ્મા અને હે વિષ્ણુદેવ! આપ બંને સાવધાન થઈને મારી વાત સાંભળો. હું સાચી જ વાત કહું છું. હે તાત! આપ બંનેની બધી જ વાતો મેં સદા માની છે. દક્ષના યજ્ઞનો આ વિધ્વંસ મેં નથી કર્યો. દક્ષ સ્વયં જ બીજાઓનો દ્વેષ કરે છે. બીજા પ્રત્યે જેવો વર્તાવ કરીએ તે પોતાને માટે જ ફલિત થાય. તેથી આવું કર્મ ક્યારેય ન કરવું જોઈએ, જે બીજાઓને કષ્ટ આપવાવાળું હોય.* દક્ષનું મસ્તક સળગી ગયું છે એટલે એમના મસ્તકને સ્થાને બકરાનું માથું જોડી દેવાય; ભગ દેવતા મિત્રની આંખથી પોતાના યજ્ઞભાગને જુએ. હે તાત! પૂષા નામક દેવતા જેમના દાંત તૂટી ગયા છે, યજમાનના દાંતથી સારી પેઠે દબાયેલા યજ્ઞાન્નનું ભક્ષણ કરે. આ મેં સાચી વાત કહી છે. મારો વિરોધ કરનારા ભૃગુને દાઢીને બદલે બકરાની દાઢી લાગી જાઓ. બાકીના બધા દેવતાઓ જેમણે મને યજ્ઞભાગના રૂપે યજ્ઞની અવશિષ્ટ વસ્તુઓ આપી છે, એમનાં બધાં અંગો પહેલાંની જેમ જ ઠીક થઈ જાઓ. અધ્વર્યુ વગેરે યાજ્ઞિકોમાંથી જેમની ભુજાઓ ભાંગી ગઈ છે, તે અશ્વિનીકુમારોની ભુજાઓથી અને જેમના હાથ નષ્ટ થઈ ગયા છે, તે પુષાના

---

* પરદ્વેષિ પરેષાં યદાત્મનસ્તદ્ભવિષ્યતિ ॥ પરેષાં ક્લેદનં કર્મ ન કાર્યં તત્કદાચન ।
(શિ. પુ. રુ. સં. સ. ખંડ ૪૨ઃ૫-૬)

હાથથી પોતાનું કામ ચલાવે. આ બધું મેં આપ લોકોના પ્રેમને વશ થઈને કહ્યું છે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને વેદનું અનુસરણ કરનારા સુરસમ્રાટ ચરાચરપતિ દયાળુ પરમેશ્વર મહાદેવજી ચૂપ થઈ ગયા. ભગવાન શંકરનું તે ભાષણ સાંભળીને શ્રીવિષ્ણુ અને બ્રહ્માસહિત સંપૂર્ણ દેવતાઓ સંતોષ પામ્યા અને તત્કાળ તેમને સાધુવાદ કરવા લાગ્યા. ત્યાર પછી ભગવાન શંભુને આમંત્રિત કરીને મને- બ્રહ્માને અને દેવર્ષિઓની સાથે શ્રીવિષ્ણુ અત્યંત હર્ષપૂર્વક પુનઃ દક્ષની યજ્ઞશાળા તરફ ચાલ્યા. આ રીતે એમની પ્રાર્થનાથી ભગવાન શંભુ વિષ્ણુ વગેરે દેવતાઓની સાથે કનખલમાં સ્થિત પ્રજાપતિ દક્ષની યજ્ઞશાળામાં પધાર્યા. એ સમયે રુદ્રદેવે



ત્યાં યજ્ઞનો અને વિશેષતઃ દેવતાઓ તથા ઋષિઓનો જે વીરભદ્ર દ્વારા વિધ્વંસ થયો હતો. એ જોયો. સ્વાહા, સ્વધા, પૂષા, તુષ્ટિ, ધૃતિ, સરસ્વતી, અન્ય સમસ્ત ઋષિ, પિતર, અગ્નિ અને અન્યાન્ય ઘણા બધા યક્ષ, ગંધર્વ અને રાક્ષસ ત્યાં પડ્યા હતા. એમાંના કેટલાકનાં અંગો તોડી નાખવામાં આવ્યાં હતાં, કેટલાય લોકોના વાળ ખેંચી લેવામાં આવ્યા હતા અને કેટલાય એ સમરાંગણમાં પોતાના પ્રાણ ખોઈ બેઠા હતા. એ યજ્ઞની આવી દુરવસ્થા જોઈને ભગવાન શંકરે પોતાના ગણનાયક મહાપરાક્રમી વીરભદ્રને બોલાવીને હસતાં હસતાં કહ્યું – 'હે મહાબાહુ વીરભદ્ર! આ તમે કેવું કામ કર્યું? હે તાત! તમે થોડી જ વારમાં દેવતા અને ઋષિઓને બહુ ભારે દંડ આપી દીધો. હે વત્સ! જેણે આવું દ્રોહપૂર્ણ કાર્ય કર્યું, આ વિલક્ષણ યજ્ઞનું આયોજન કર્યું અને જેને આવું ફળ મળ્યું, એ દક્ષને તમે શીઘ્ર અહીં લઈ આવો.'

ભગવાન શંકરના આવા કથન પર વીરભદ્રે તરત જ દક્ષનું ધડ એમની સામે નાખી દીધું. દક્ષના એ શબને મસ્તકરહિત લોકકલ્યાણકારી ભગવાન શંકરે આગળ ઊભેલા વીરભદ્રને હસીને કહ્યું – 'દક્ષનું માથું ક્યાં છે?' ત્યારે પ્રભાવશાળી વીરભદ્રે કહ્યું – 'હે પ્રભો શંકર! મેં તો તે જ સમયે દક્ષના મસ્તકને આગમાં હોમી દીધું હતું.' વીરભદ્રની આ વાત સાંભળીને ભગવાન શંકરે દેવતાઓને પ્રસન્નતાપૂર્વક એવી જ આજ્ઞા આપી, જે પહેલાં આપી જ રાખી હતી. ભગવાન ભવે એ સમયે જે કાંઈ કહ્યું, એની મારા દ્વારા પૂર્તિ કરાવીને શ્રીહરિ વગેરે સર્વ દેવતાઓએ ભૃગુ વગેરે બધાને શીઘ્ર જ ઠીક કરી દીધા. તદનંતર શંભુના આદેશથી પ્રજાપતિના ધડની સાથે યજ્ઞપશુ બકરાનું માથું જોડી દેવાયું. એ માથું જોડતાંની સાથે જ શંભુની

શુભ દૃષ્ટિ પડવાથી પ્રજાપતિના શરીરમાં પ્રાણ આવી ગયા અને તે તત્કાળ જાણે ઊંઘતો માણસ જાગી પડે તેવી રીતે ઊઠીને ઊભા થઈ ગયા. ઊઠતાંની સાથે જ એમણે પોતાની સામે જ કરુણાનિધિ ભગવાન શંકરને જોયા. જોતાંની સાથે જ દક્ષના હૃદયમાં પ્રેમ ભરાઈ આવ્યો. એ પ્રેમે એમના અંતઃકરણને નિર્મળ અને પ્રસન્ન કરી દીધું. પહેલાં મહાદેવજી સાથે દ્વેષ કરવાને કારણે એમનું અંતઃકરણ મલિન થઈ ગયું હતું. પરંતુ એ સપયે શિવના દર્શનથી તે તત્કાળ શરદઋતુના ચંદ્રમાની જેમ નિર્મળ થઈ ગયા. એમના મનમાં ભગવાન શિવની સ્તુતિ કરવાનો વિચાર ઉત્પન્ન થયો. પરંતુ તે અનુરાગની અધિકતાને કારણે તથા મૃત્યુ પામેલી પોતાની પુત્રીનું સ્મરણ કરીને વ્યાકુળ થઈ જવાને કારણે તત્કાળ એમનું સ્તવન ન કરી શક્યા. થોડો વખત થયો તે પછી મન સ્થિર થયું ત્યારે દક્ષે લજ્જિત થઈને લોકશંકર શિવશંકરને પ્રણામ કર્યા અને એમની સ્તુતિનો આરંભ કર્યો. એમણે ભગવાન શંકરનો મહિમા ગાતાં ગાતાં વારંવાર એમને પ્રણામ કર્યા. પછી અંતે બોલ્યા –

'હે પરમેશ્વર! આપે જ બ્રહ્મા થઈને સૌથી પહેલાં આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સ્વમુખે વિદ્યા, તપ અને વ્રત ધારણ કરનારા, બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા હતા. જેવી રીતે ગોવાળિયો લાકડી લઈને ગાયોની રક્ષા કરે છે, એવી રીતે મર્યાદાનું પાલન કરનારા આપ પરમેશ્વર દંડ ધારણ કરીને એ સાધુ બ્રાહ્મણોની સર્વ વિપત્તિઓમાંથી રક્ષણ કરે છે. મેં દુર્વચનરૂપી બાણોથી આપ પરમેશ્વરને વીંધી નાખ્યા હતા. તેમ છતાં આપ મુજ પર અનુગ્રહ કરવાને માટે અહીં આવી ગયા. હવે મારી જેમ જ અત્યંત દૈત્યપૂર્ણ આશાવાળા આ દેવતાઓ પર પણ કૃપા કરો. હે ભક્તવત્સલ! હે દીનબન્ધો! હે શંભો! મારામાં આપને પ્રસન્ન કરવાનો કોઈ ગુણ નથી. આપ તો ષડ્વિધ ઐશ્વર્યથી સંપન્ન પરાત્પર પરમાત્મા છો. તેથી પોતાના જ બહુમૂલ્ય ઉદારતાપૂર્ણ વર્તાવથી મારા પર સંતુષ્ટ થાઓ.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આ રીતે લોકકલ્યાણકારી મહાપ્રભુ મહેશ્વર શંકરની સ્તુતિ કરીને વિનીતચિત્ત પ્રજાપતિ દક્ષ ચૂપ થઈ ગયા. ત્યારબાદ શ્રીવિષ્ણુએ હાથ જોડીને ભગવાન વૃષભધ્વજને પ્રણામ કર્યા અને પ્રસન્નતાપૂર્ણ હૃદય અને વાષ્પગદ્ગદ વાણી દ્વારા એમની સ્તુતિનો આરંભ કર્યો.

**ત્યારબાદ મેં કહ્યું**—હે દેવદેવ! હે મહાદેવ! હે કરુણાસાગર! હે પ્રભો! આપ સ્વતંત્ર પરમાત્મા છો, અદ્વિતીય અને અવિનાશી પરમેશ્વર છો. હે દેવ! હે ઈશ્વર! આપે મારા પુત્ર પર અનુગ્રહ કર્યો છે. પોતાના અપમાન તરફ કંઈ પણ ધ્યાન ન દઈને હવે દક્ષના યજ્ઞનો ઉદ્ધાર કરો. હે દેવેશ્વર! આપ પ્રસન્ન થાઓ અને સમસ્ત શાપોને દૂર કરી દો. આપ સજ્ઞાન છો., તેથી આપ જ મને કર્તવ્ય પ્રતિ પ્રેરિત કરનારા છો, અને તમે જ અકર્તવ્યથી રોકનારા પણ છો.

હે મહામુને! આ રીતે પરમ મહેશ્વરની સ્તુતિ કરીને મેં બંને હાથ જોડીને મસ્તક નમાવીને પ્રણામ કરીને એમની સામે હું ઊભો રહ્યો. ત્યારે સુંદર વિચાર રાખનાર ઇન્દ્ર વગેરે દેવતા અને લોકપાલ શંકરદેવની સ્તુતિ કરવા લાગ્યા. એ સમયે ભગવાન શિવનું મુખારવિન્દ પ્રસન્નતાથી ખીલી ઊઠ્યું હતું. એ પછી પ્રસન્નચિત્ત થયેલા સમસ્ત દેવતાઓ, બીજા

બીજા સિદ્ધો, ઋષિઓ અને પ્રજાપતિઓએ પણ શંકરજીનું સહર્ષ સ્તવન કર્યું. આ ઉપરાંત ઉપદેવો, નાગ, સદસ્યો તથા બ્રાહ્મણોએ પૃથક્ પૃથક્ પ્રણામપૂર્વક બહુ ભક્તિભાવથી એમની સ્તુતિ કરી.

(અધ્યાય ૪૧-૪૨)

*

## ભગવાન શિવની દક્ષને પોતાની ભક્તવત્સલતા, જ્ઞાની ભક્તની શ્રેષ્ઠતા અને ત્રણે દેવોની એકતા બતાવવી, દક્ષે પોતાનો યજ્ઞ પૂર્ણ કર્યો, સર્વ દેવતા વગેરે પોતપોતાને સ્થાને ગયા, અને સતીખંડનો ઉપસંહાર અને માહાત્મ્ય કથન

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આ રીતે શ્રીવિષ્ણુની, મારી, દેવતાઓની અને ઋષિઓની તથા અન્ય લોકોની સ્તુતિ કરવાથી મહાદેવજી બહુ પ્રસન્ન થયા. પછી એ શંભુએ સમસ્ત ઋષિઓ, દેવતા વગેરેને કૃપાદૃષ્ટિથી જોઈને તથા મને-બ્રહ્માને અને વિષ્ણુનું સમાધાન કરીને દક્ષને આ પ્રમાણે કહ્યું.

**મહાદેવજી બોલ્યા**—હે પ્રજાપતિ દક્ષ! હું જે કાંઈ કહું છું તે સાંભળો. હું તમારા પર પ્રસન્ન છું. યદ્યપિ હું સર્વનો ઈશ્વર અને સ્વતંત્ર છું તો પણ સદાયે પોતાના ભક્તોને આધીન રહું છું. ચાર પ્રકારના પુણ્યાત્મા પુરુષ મારું ભજન કરે છે, હે દક્ષ પ્રજાપતે! એ ચારે ભક્તોમાં પૂર્વ પૂર્વની અપેક્ષાએ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. એમાં પહેલા આર્ત, બીજા જિજ્ઞાસુ, ત્રીજા અર્થાર્થી અને ચોથા જ્ઞાની છે. પહેલા ત્રણ તો સામાન્ય શ્રેણીના ભક્ત છે. પરંતુ ચોથા ભક્તનું વિશેષ મહત્ત્વ છે. આ સર્વ ભક્તોમાં જ્ઞાની જ મને અધિક પ્રિય છે. તે તો મારું સ્વરૂપ જ મનાય છે. એનાથી અધિક બીજું કોઈ મને પ્રિય નથી, આ હું સાચ્ચેસાચ્ચું કહું છું.* હું આત્મજ્ઞ છું. વેદ-વેદાંતના પારંગત વિદ્વાન જ્ઞાન દ્વારા મને જાણી શકે છે. કર્મને આધીન થયેલા મૂઢ માનવ મને વેદ, યજ્ઞ, દાન અને તપસ્યા દ્વારા પણ ક્યારેય નથી મેળવી શકતા.

માટે હે દક્ષ! આજથી તમે બુદ્ધિ દ્વારા મને પરમેશ્વરને જાણીને જ્ઞાનનો આશ્રય લઈને સમાહિતચિત્ત થઈને કર્મ કરો. હે પ્રજાપતે! તમે ઉત્તમ બુદ્ધિ દ્વારા મારી બીજી વાત પણ સાંભળો. હું મારા પોતાના સગુણ સ્વરૂપના વિષયમાં પણ આ ગોપનીય રહસ્યને ધર્મની દૃષ્ટિએ તમારી સામે પ્રગટ કરું છું. જગતના પરમ કારણરૂપ હું જ બ્રહ્મા અને વિષ્ણુ છું. હું સર્વનો આત્મા ઈશ્વર અને સાક્ષી છું. સ્વયંપ્રકાશ અને નિર્વિશેષ છું. હે મુને! મારી પોતાની ત્રિગુણાત્મક માયાનો સ્વીકાર કરીને હું જ જગતની સૃષ્ટિ, પાલન અને

---

* ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનઃ સદા। ઉત્તરોત્તરતઃ શ્રેષ્ઠાસ્તેષાં દક્ષ પ્રજાપતે ॥
આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચૈવ ચતુર્થકઃ। પૂર્વે ત્રયશ્ચ સામાન્યાશ્ચતુર્થો હિ વિશિષ્યતે ॥
તત્ર જ્ઞાની પ્રિયતરો મમ રૂપં ચ સ સ્મૃતઃ। તસ્માત્પ્રિયતરો નાન્યઃ સત્યં સત્યં વદામ્યહમ્ ॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૪૩/૪-૬)

સંહાર કરું છું અને તેમ કરતાં કરતાં એ ક્રિયાઓને અનુરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર નામ ધારણ કરું છું. એ અદ્વિતીય (ભેદરહિત) કેવળ (વિશુદ્ધ) મુજ પરબ્રહ્મ પરમાત્મામાં જ અજ્ઞાની પુરુષ બ્રહ્મ, ઈશ્વર અને અન્ય સમસ્ત જીવોને ભિન્નરૂપ દેખે છે. જેવી રીતે મનુષ્ય પોતાનું મસ્તક અને હાથ વગેરે અંગોમાં 'આ મારાથી ભિન્ન છે' એવી પરકીય બુદ્ધિ ક્યારેય નથી કરતો, એ જ રીતે મારો ભક્ત પ્રાણીમાત્રમાં મારાથી ભિન્નતા નથી જોતો. હે દક્ષ! હું, બ્રહ્મા અને વિષ્ણુ ત્રણે સ્વરૂપતઃ એક જ છે અને **અમે જ સંપૂર્ણ જીવરૂપ છીએ – એવું સમજીને જો અમે ત્રણેય દેવતાઓમાં ભેદ નથી જોતો, એ જ શાંતિ પ્રાપ્ત કરે છે. જે નરાધમ અમારા ત્રણે દેવતાઓમાં ભેદબુદ્ધિ રાખે છે, તે નિશ્ચય જ જ્યાં સુધી ચંદ્રમા અને તારા રહે છે. ત્યાં સુધી નરકમાં નિવાસ કરે છે.* હે દક્ષ! જો કોઈ વિષ્ણુભક્ત થઈને મારી નિંદા કરશે અને મારો ભક્ત થઈને વિષ્ણુની નિંદા કરશે તો તમને આપેલા પૂર્વોક્ત બધા શાપ એ બંનેને પ્રાપ્ત થશે. અને નિશ્ચય જ એમની તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ નથી થઈ શકતી.***

બ્રહ્માજી કહે છે—હે મુને! ભગવાન મહેશ્વરના આ સુખદાયક વચનને સાંભળીને બધા દેવતા, મુનિ વગેરેને એ અવસર ઉપર બહુ હર્ષ થયો. કુટુંબસહિત દક્ષ બહુ જ પ્રસન્નતા સાથે શિવભક્તિમાં તત્પર થઈ ગયા. એ દેવતા વગેરે પણ શિવને જ સર્વેશ્વર જાણીને ભગવાન શિવના ભજનમાં લાગી ગયા. જેમણે જે પ્રકારે પરમાત્મામાં શંભુની સ્તુતિ કરી હતી, એને એ પ્રકારે સંતુષ્ટચિત્ત શંભુએ વરદાન આપ્યું. હે મુને! ત્યારપછી ભગવાન શિવની આજ્ઞા મેળવીને પ્રસન્નચિત્ત થયેલા દક્ષે શિવના જ અનુગ્રહ પોતાનો યજ્ઞ પૂરો કર્યો. એમણે દેવતાઓને તો યજ્ઞભાગ આપ્યો જ, શિવને પણ પૂર્ણ ભાગ આપ્યો. સાથે જ બ્રાહ્મણોને દાન આપ્યું. આ રીતે એમને શંભુનો અનુગ્રહ પ્રાપ્ત થયો. આ રીતે મહાદેવજીના એ મહાન કર્મનું વિધિપૂર્વક વર્ણન થયું છે. પ્રજાપતિએ ઋત્વિજોના સહયોગથી એ યજ્ઞકર્મને વિધિવત્ સમાપ્ત કર્યું. હે મુનીશ્વર! આ રીતે પરબ્રહ્મસ્વરૂપ શંકરના પ્રસાદથી તે દક્ષનો યજ્ઞ પૂરો થયો. તદનંતર બધા દેવતા અને ઋષિ સંતુષ્ટ થઈને ભગવાન શિવના યશનું વર્ણન કરતાં કરતાં પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. બીજા લોકો પણ એ સમયે ત્યાંથી સુખપૂર્વક રવાના થઈ ગયા. હું અને વિષ્ણુ પણ અત્યંત પ્રસન્ન થઈને ભગવાન શિવના સર્વમંગલદાયક સુયશનું નિરંતર ગાન કરતાં કરતાં પોતપોતાને સ્થાને આનંદપૂર્વક ચાલ્યા આવ્યા. સત્પુરુષોના આશ્રયભૂત મહાદેવજી પણ દક્ષથી સન્માનિત થઈને પ્રીતિ અને પ્રસન્નતા સાથે ગણોસહિત પોતાના નિવાસસ્થાન કૈલાસ પર્વત પર ચાલ્યા ગયા. પોતાના પર્વત પર આવીને શંભુએ પોતાની પ્રિયા સતીનું સ્મરણ

* સર્વભૂતાત્મનામેકભાવાનાં યો ન પશ્યતિ । ત્રિસુરાણાં ભિદાં દક્ષ સ શાન્તિમધિગચ્છતિ ॥
યઃ કરોતિ ત્રિદેવેષુ ભેદબુદ્ધિં નરાધમઃ । નરકે સ વસેન્નૂનં યાવદાચન્દ્રતારકમ્ ॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૪૩/૧૬, ૧૭)

* હરિભક્તો હિ માં નિન્દેત્તથા શૈવો ભવેદ્યદિ । તયોઃ શાપા ભવેયુસ્તે તત્ત્વપ્રાપ્તિર્ભવેન્નહિ ॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૪૩/૨૧)

કર્યું અને પ્રધાન પ્રધાન ગણોને એમની કથા કહી.

આ રીતે દક્ષ-કન્યા સતી યજ્ઞમાં પોતાના શરીરનો ત્યાગ કરીને પુનઃ હિમાલયની પત્ની મેનાના ગર્ભથી ઉત્પન્ન થયાં, એ વાત પ્રસિદ્ધ છે. પછી ત્યાં તપસ્યા કરીને ગૌરી શિવાએ ભગવાન શિવને પતિરૂપે વરણમાં પ્રાપ્ત કર્યા. તે એમના વામ-અંગમાં સ્થાન મેળવીને અદ્‌ભુત લીલાઓ કરવા લાગ્યાં. હે નારદ! આ રીતે મેં તમને સતીના પરમ અદ્‌ભુત દિવ્ય ચરિત્રનું વર્ણન કર્યું છે, જે ભોગ અને મોક્ષ પ્રદાયક છે અને સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરનારું છે. આ ઉપાખ્યાન પાપને દૂર કરનારું, પવિત્ર અને પરમ પાવન છે. સ્વર્ગ, યશ અને આયુને આપનાર તથા પુત્ર-પૌત્રરૂપ ફળ પ્રદાન કરનારું છે. હે તાત! જે ભક્તિમાન પુરુષ ભક્તિભાવથી લોકોને આ કથા સંભળાવે છે, તે આ લોકમાં સંપૂર્ણ કર્મોનું ફળ પ્રાપ્ત કરીને પરલોકમાં પરમગતિને પ્રાપ્ત કરી લે છે.

(અધ્યાય-૪૩)

*

॥ રુદ્રસંહિતાનો સતીખંડ સંપૂર્ણ ॥

*

# રુદ્રસંહિતા, તૃતીય (પાર્વતી) ખંડ

## હિમાલયનાં સ્થાવર-જંગમ દ્વિવિધ સ્વરૂપ અને દિવ્યત્વનું વર્ણન, મેનાની સાથે એમનો વિવાહ તથા મેના વગેરેને પૂર્વજન્મમાં પ્રાપ્ત થયેલ સનકાદિનો શાપ અને વરદાનનું કથન

**નારદજીએ પૂછ્યું**—હે બ્રહ્મન્! પિતાના યજ્ઞમાં પોતાના શરીરનો પરિત્યાગ કરીને દક્ષકન્યા જગદંબા સતી દેવી કેવી રીતે ગિરિરાજ હિમાલયન પુત્રી થયાં? કેવી રીતે અત્યંત ઉગ્ર તપ કરીને એમણે પુનઃ શિવને જ પતિરૂપે પ્રાપ્ત કર્યા? આ મારો પ્રશ્ન છે. આપ આ ઉપર સારીપેઠે અને વિશેષરૂપે પ્રકાશ કરો.

**બ્રહ્માજીએ કહ્યું**—હે મુને! હે નારદ! તમે પહેલાં પાર્વતીનાં માતાનો જન્મ, વિવાહ અને અન્ય ભક્તિવર્ધક પાવન ચરિત્ર સાંભળો. હે મુનિશ્રેષ્ઠ! ઉત્તર દિશામાં પર્વતોના રાજા હિમવાન નામક મહાન પર્વત છે, જે મહાતેજસ્વી અને સમૃદ્ધિશાળી છે. એમનાં બે રૂપ પ્રસિદ્ધ છે – એક સ્થાવર અને બીજું જંગમ. હું સંક્ષેપમાં એમના સૂક્ષ્મ (સ્થાવર) સ્વરૂપનું વર્ણન કરું છું. તે રમણીય પર્વત વિવિધ પ્રકારનાં રત્નોનો આકર (ખાણ) છે અને પૂર્વ તથા પશ્ચિમ સમુદ્રની અંદર પ્રવેશ કરીને એવી રીતે ઊભો છે જાણે કોઈ ભૂમંડળને માપવા માટે કોઈ માનદંડ (માપ લેવાનું સાધન) હોય. એ વિવિધ પ્રકારનાં વૃક્ષોથી વ્યાપ્ત છે અને અનેક શિખરોને કારણે વિચિત્ર શોભાથી સંપન્ન દેખાય છે. સિંહ, વાઘ વગેરે પશુ સદા સુખપૂર્વક એનું સેવન કરે છે. બરફનો તો તે ભંડાર જ છે, એટલા માટે અત્યંત ઉગ્ર જણાય છે. વિવિધ પ્રકારનાં આશ્ચર્યજનક દૃશ્યોથી એની વિચિત્ર શોભા દેખાય છે. દેવતા, ઋષિ, સિદ્ધ અને મુનિ એ પર્વતનો આશ્રય લઈને રહે છે. ભગવાન શિવને એ બહુ જ પ્રિય છે, તપસ્યા કરવાનું સ્થાન છે. સ્વરૂપથી જ તે અત્યંત પવિત્ર અને મહાત્માઓને પણ પાવન કરનારો છે. તપસ્યામાં તે અત્યંત શીઘ્ર સિદ્ધિ પ્રદાન કરે છે. અનેક પ્રકારની ધાતુઓની ખાણ છે, શુભ છે. એ જ દિવ્ય શરીર ધારણ કરીને સર્વાંગ-સુંદર રમણીય દેવતાનાં રૂપે પણ સ્થિત છે. ભગવાન વિષ્ણુનો અવિકૃત અંશ છે, એટલા માટે તે શૈલરાજ સાધુ-સંતોને અધિક પ્રિય છે.

એક સમયે ગિરિવર હિમવાને પોતાની કુલ-પરંપરાની સ્થિતિ અને ધર્મ-વૃદ્ધિ માટે દેવતાઓ અને પિતરોની વૃદ્ધિ કરવાની અભિલાષાથી પોતાનો વિવાહ કરવાની ઇચ્છા કરી. હે મુનીશ્વર! એ અવસર પર સંપૂર્ણ દેવતા પોતાના સ્વાર્થનો વિચાર કરીને દિવ્ય પિતરોની પાસે જઈને એમને પ્રસન્નતાપૂર્વક કહ્યું.

**દેવતાઓએ કહ્યું**—હે પિતરો! આપ સૌ લોકો પ્રસન્નચિત્ત થઈને અમારી વાત સાંભળો અને દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવાની ઇચ્છા આપને પણ અભીષ્ટ હોય તો શીઘ્ર જ એવું કરો. આપની જ્યેષ્ઠ પુત્રી જે મેના નામથી પ્રસિદ્ધ છે, તે મંગલકારિણી છે. એનો વિવાહ આપ લોકો અત્યંત પ્રસન્નતાપૂર્વક હિમવાન પર્વત સાથે કરી દો. આવું કરવાથી આપ સૌ

લોકોને મહાન લાભ થશે અને દેવતાઓનાં દુઃખોનું નિવારણ પણ ડગલે ને પગલે થતું રહેશે.

દેવતાઓની આ વાત સાંભળીને પિતરોએ પરસ્પર વિચાર કરીને સ્વીકૃતિ આપી દીધી અને પોતાની પુત્રી મેનાને વિધિપૂર્વક હિમાલયના હાથમાં સોંપી દીધી. એ પરમ મંગલમય વિવાહમાં મોટો ઉત્સવ થયો. હે મુનીશ્વર નારદ! મેનાનો હિમાલય સાથેનો શુભવિવાહનો આ સુખદ પ્રસંગ મેં તમને પ્રસન્નતાપૂર્વક કહ્યો છે. હવે વધારે શું સાંભળવા ચાહો છો?

**નારદજીએ પૂછ્યું**—હે વિધે! હે વિદ્વન્! હવે આદરપૂર્વક મને મેનાની ઉત્પત્તિનું વર્ણન કરો. એને કઈ રીતે શાપ પ્રાપ્ત થયો હતો એ કહો અને મારા સંદેહનું નિવારણ કરો.

**બ્રહ્માજી બોલ્યા**—હે મુને! મેં મારા દક્ષ નામક જે પુત્રની પહેલાં ચર્ચા કરી છે, એને સાઠ કન્યાઓ થઈ હતી, જે સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ બની. હે નારદ! દક્ષે કશ્યપ વગેરે શ્રેષ્ઠ મુનિઓ સાથે એમનો વિવાહ કરી દીધો હતો, એ સર્વ વૃત્તાંત તો તમે જાણો જ છો. હવે પ્રસ્તુત વિષયને સાંભળો. એ કન્યાઓમાં એક સ્વધા નામની કન્યા હતી, જેનો વિવાહ એમણે પિતરોની સાથે કર્યો. સ્વધાને ત્રણ પુત્રીઓ હતી જે સૌભાગ્યશાલિની તથા ધર્મની મૂર્તિઓ હતી. એમનામાંથી જ્યેષ્ઠ પુત્રીનું નામ હતું 'મેના.' વચલી કન્યા 'ધન્યા'ના નામથી પ્રસિદ્ધ હતી અને સૌથી નાની કન્યાનું નામ 'કલાવતી' હતું. આ બધી કન્યાઓ પિતરોની માનસી પુત્રીઓ હતી – એમના મનથી પ્રગટ થઈ હતી. એમનો જન્મ કોઈ માતાના ગર્ભથી થયો ન હતો, તેથી તે અયોનિજા હતી, કેવળ લોકવ્યવહારમાં સ્વધાની પુત્રી મનાતી હતી. એમનાં સુંદર નામોનું કીર્તન કરીને મનુષ્ય સંપૂર્ણ વાંછિતોને પ્રાપ્ત કરી લે છે. તે સદા સંપૂર્ણ જગતની વંદનીયા લોકમાતાઓ છે અને ઉત્તમ અભ્યુદયથી સુશોભિત રહે છે. સૌ પુત્રીઓ પરમ યોગિની, જ્ઞાનવિધિ અને ત્રણે લોકોમાં સર્વત્ર આવાગમન કરવાની શક્તિ ધરાવતી હતી. હે મુનીશ્વર! એક વખત આ ત્રણે બહેનો ભગવાન વિષ્ણુના નિવાસસ્થાન શ્વેતદ્વીપમાં એમનું દર્શન કરવા ગયાં. ભગવાન વિષ્ણુને પ્રણામ અને ભક્તિભાવપૂર્વક એમની સ્તુતિ કરીને એમની આજ્ઞાથી ત્યાં જ રહેવા લાગી. એ સમયે ત્યાં સંતોનો બહુ મોટો સમાજ એકત્ર થયો હતો.

હે મુને! એ અવસરે મારા પુત્ર સનકાદિ સિદ્ધગણ પણ ત્યાં ગયા હતા અને શ્રીહરિની સ્તુતિ-વંદના કરીને એમની આજ્ઞાથી ત્યાં રહેવા લાગ્યા. સનકાદિ મુનિ દેવતાઓના આદિપુરુષ અને સંપૂર્ણ લોકોમાં વંદિત છે. એ જ્યારે ત્યાં જઈને ઊભા રહ્યા એ સમયે શ્વેતદ્વીપના સૌ લોકોએ એમને જોઈને પ્રણામ કર્યા અને ઊભા થઈ ગયા, પરંતુ આ ત્રણે બહેનો એમને જોઈને પણ ત્યાંથી ન ઊઠી. એટલે સનત્કુમારે એમને (મર્યાદાના રક્ષણ અર્થે) સ્વર્ગથી દૂર રહીને નર-સ્ત્રી બનવાનો શાપ આપી દીધો. પછી એમની પ્રાર્થના કરવાથી તે પ્રસન્ન થઈ ગયા અને બોલ્યા.

**સનત્કુમારોએ કહ્યું**—હે પિતરોની ત્રણે કન્યાઓ! તમે પ્રસન્નચિત્ત થઈને મારી વાત સાંભળો, એ તમારા શોકનો નાશ કરનારી અને સદા તમને સુખ આપનારી છે. તમારામાંથી જે સૌથી મોટી છે તે ભગવાન વિષ્ણુની અંશભૂત હિમાલય ગિરિની પત્ની થાવ. એનાથી જે કન્યા થશે, તે 'પાર્વતી'ના નામથી વિખ્યાત થશે. પિતરોની બીજી પ્રિય કન્યા યોગિની ધન્યા રાજા જનકની પત્ની થશે. એને કન્યાના રૂપે મહાલક્ષ્મી

અવતીર્ણ થશે જેનું નામ 'સીતા' હશે. આ રીતે પિતરોની સૌથી નાની પુત્રી કલાવતી દ્વાપરના અંતિમ ભાગમાં વૃષભાનુ વૈશ્યની પત્ની થશે અને એની પ્રિય પુત્રી 'રાધા'ના નામથી વિખ્યાત થશે. યોગિની મેનકા (મેના) પાર્વતીજીના વરદાનથી પોતાના પતિની સાથે એ જ શરીરથી કૈલાસ નામક પરમપદને પ્રાપ્ત થઈ જશે. ધન્યા તથા તેના પતિ, જનકકુલમાં ઉત્પન્ન થયેલ જીવનમુક્ત મહાયોગી રાજા સીરધ્વજ, લક્ષ્મીરૂપા સીતાના પ્રભાવથી વૈકુંઠધામમાં જશે. વૃષભાનુની સાથે વૈવાહિક મંગલકૃત સંપન્ન હોવાને કારણે જીવનમુક્ત યોગિની કલાવતી પણ પોતાની કન્યા રાધાની સાથે ગોલોકધામમાં જશે - એમાં સંશય નથી. વિપત્તિમાં પડ્યા વગર ક્યાં કોઈનોય મહિમા પ્રગટ થાય છે. ઉત્તમ કર્મ કરનારા પુણ્યાત્મા પુરુષોનાં સંકટ જ્યારે ટળી જાય છે ત્યારે એમને દુર્લભ સુખની પ્રાપ્તિ થાય છે. હવે તમે લોકો પ્રસન્નતાપૂર્વક મારી બીજી વાત પણ સાંભળો, જે સદા સુખદાયક છે. મેનાની પુત્રી જગદંબા પાર્વતી દેવી અત્યંત દુસ્સહ તપ કરીને ભગવાન શિવની પત્ની - પ્રિય પત્ની બનશે. ધન્યાની પુત્રી સીતા ભગવાન શ્રીરામજીની પત્ની બનશે અને લોકાચારનો આશ્રય લઈને શ્રીરામ સાથે વિહાર કરશે. સાક્ષાત્ ગોલોકધામમાં નિવાસ કરનારી રાધા જ કલાવતીની પુત્રી થશે. એ ગુપ્ત સ્નેહમાં બંધાઈને શ્રીકૃષ્ણની પ્રિયતમા બનશે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ રીતે શાપના બહાનાથી દુર્લભ વરદાન આપીને સૌ દ્વારા પ્રશંસા મેળવીને ભગવાન સનત્કુમાર મુનિ ભાઈઓ સહિત ત્યાં જ અંતર્ધાન થઈ ગયા. હે તાત! પિતરોની માનસી પુત્રી એ ત્રણે બહેનો આ પ્રકારે શાપમુક્ત થઈને સુખ પ્રાપ્ત કરીને તરત પોતાને ઘેર ચાલ્યાં ગયાં. (અધ્યાય ૧-૨)

*

## દેવતાઓનું હિમાલય પાસે જવું, એમનાથી સત્કૃત થઈને એમને ઉમા આરાધનની વિધિ બતાવીને સ્વયં પણ એક સુંદર સ્થાનમાં જઈને એમની સ્તુતિ કરવા લાગ્યા

**નારદજી બોલ્યા**—હે મહામતે! આપે મેનાના પૂર્વજન્મની આ શુભ અને અદ્‌ભુત કથા કહી છે. એમના વિવાહનો પ્રસંગ પણ મેં સાંભળી લીધો. હવે આગળનું ઉત્તમ ચરિત્રનું વર્ણન કરો.

**બ્રહ્માજીએ કહ્યું**—હે નારદ! જ્યારે મેનાની સાથે લગ્ન કરીને હિમવાન પોતાને ઘેર ગયા ત્યારે ત્રણે લોકોમાં બહુ ભારે ઉત્સવ થયો. હિમાલય પણ અત્યંત પ્રસન્ન થઈ મેનાની સાથે પોતાના સુખદાયક સદનમાં નિવાસ કરવા લાગ્યા. હે મુને! એ સમયે શ્રીવિષ્ણુ વગેરે સમસ્ત દેવતા અને મહાત્મા મુનિ ગિરિરાજ પાસે ગયા. એ સૌ દેવતાઓને આવેલા જોઈને મહાન હિમગિરિએ પ્રશંસાપૂર્વક એમને પ્રણામ કર્યા અને પોતાના ભાગ્યની પ્રશંસા કરતાં કરતાં ભક્તિભાવથી એ સૌનું આદર-માન કર્યું, સત્કાર કર્યો. હાથ જોડીને મસ્તક નમાવીને તે ખૂબ જ પ્રેમથી સ્તુતિ કરવા તૈયાર થયા. શૈલરાજના શરીરમાં મહાન રોમાંચ થઈ આવ્યો. એમનાં નેત્રોમાં પ્રેમની સરવાણી ફૂટી નીકળી. હે મુને!

હિમશૈલે પ્રસન્ન મનથી અત્યંત પ્રેમપૂર્વક પ્રણામ કર્યા અને વિનીત ભાવથી ઊભા રહ્યા અને શ્રીવિષ્ણુ વગેરે દેવતાઓને કહ્યું.

**હિમાલય બોલ્યા**—આજે મારો જન્મ સફળ થઈ ગયો, મારી બહુ ભારે તપસ્યા સફળ થઈ. આજે મારું જ્ઞાન સફળ થયું અને આજે મારી બધી ક્રિયાઓ સફળ થઈ ગઈ. આજે હું ધન્ય થઈ ગયો. મારી આખી ભૂમિ ધન્ય થઈ ગઈ. મારું કુળ ધન્ય થઈ ગયું. મારી સ્ત્રી તથા મારું સર્વસ્વ ધન્ય થઈ ગયું. એમાં કોઈ સંશય નથી, કેમકે, આપ સર્વ દેવતા એક સાથે મળીને એક જ સમયે અહીં પધાર્યા છો. મને આપનો સેવક સમજીને પ્રસન્નતાપૂર્વક ઉચિત કાર્યને માટે આજ્ઞા આપો.

હિમગિરિનું આ વચન સાંભળીને તે બધા દેવતા ખૂબ પ્રસન્ન થયા અને પોતાના કાર્યની સિદ્ધિ થતી જોઈને બોલ્યા.

**દેવતાઓએ કહ્યું**—હે મહાપ્રાજ્ઞ હિમાલય! અમારું હિતકારક વચન સાંભળો. અમે બધા અહીં જે કામ માટે આવ્યા છીએ એ પ્રસન્નતાપૂર્વક બતાવી રહ્યા છીએ. હે ગિરિરાજ! પહેલાં જે જગદંબા ઉમા દક્ષકન્યા સતીના રૂપે પ્રગટ થયાં હતાં અને રુદ્રપત્ની થઈને સુદીર્ઘકાળ સુધી આ ભૂતળ પર ક્રીડા કરી રહ્યાં હતાં એ જ અંબિકા સતી પોતાના પિતાથી અપમાનિત થઈને - અનાદર પામીને - પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ કરીને યજ્ઞમાં શરીર-ત્યાગ કરીને પરમ ધામ પધારી ગયાં હતાં. હે હિમગિરે! એ કથા લોકમાં વિખ્યાત છે અને તમને પણ તે વિદિત જ છે. જો એ સતી પુનઃ તમારા ઘરમાં પ્રગટ થઈ જાય તો દેવતાઓને મહાન લાભ થઈ શકે છે.

**બ્રહ્માજી કહે છે**—શ્રીવિષ્ણુ વગેરે દેવતાઓની આ વાત સાંભળીને ગિરિરાજ હિમાલય મનમાં ને મનમાં પ્રસન્ન થઈ આદરથી નમી ગયા અને બોલ્યા – 'હે પ્રભો! આવું થાય તો બહુ સૌભાગ્યની વાત છે? તદનંતર દેવતા એમને બહુ આદરથી ઉમાને પ્રસન્ન કરવાની વિધિ બતાવીને સ્વયં સદાશિવ-પત્ની ઉમાને શરણે ગયા. એક સુંદર સ્થાનમાં સ્થિત થઈને સમસ્ત દેવતાઓએ જગદંબાનું સ્મરણ કર્યું અને વારંવાર પ્રણામ કરીને તેઓ શ્રદ્ધાપૂર્વક એમની સ્તુતિ કરવા લાગ્યા.

**દેવતા બોલ્યા**—હે શિવલોકમાં નિવાસ કરનારાં દેવી! હે ઉમે! હે જગદંબે! હે સદાશિવ-પ્રિયે! હે દુર્ગે! હે મહેશ્વરિ! અમે આપને નમસ્કાર કરીએ છીએ. આપ પાવન શાંતસ્વરૂપ શ્રીશક્તિ છો, પરમપાવન પુષ્ટિ છો. અવ્યક્ત પ્રકૃતિ અને મહત્તત્ત્વ – એ આપનાં જ રૂપ છે. અમે ભક્તિભાવપૂર્વક આપને નમસ્કાર કરીએ છીએ. આપ કલ્યાણમયી શિવા છો. આપના હાથ કલ્યાણકારી છે. આપ શુદ્ધ, સ્થૂળ, સૂક્ષ્મ અને સૌનો પરમ આશ્રય છો. અંતર્વિદ્યા અને સુવિદ્યાથી અત્યંત પ્રસન્ન રહેનારાં આપ દેવીને અમે પ્રણામ કરીએ છીએ. આપ શ્રદ્ધા છો. આપ ધૃતિ છો. આપ શ્રી છો. તમે જ સર્વમાં વ્યાપ્ત થઈને રહેનારાં દેવી છો. તમે જ સૂર્યનાં કિરણો છો અને તમે જ પોતાના પ્રપંચનાં પ્રકાશક છો. બ્રહ્માંડરૂપ શરીરમાં અને જગતના જીવોમાં રહીને જે બ્રહ્માથી માંડીને તૃણપર્યન્ત સંપૂર્ણ જગતની પુષ્ટિ કરનારાં છો. એવાં આદિદેવીને અમે નમસ્કાર કરીએ છીએ. તમે જ વેદમાતા ગાયત્રી છો, તમે સાવિત્રી અને સરસ્વતી છો. તમે જ સંપૂર્ણ જગતને માટે વાર્તા નામક વૃત્તિ છો અને તમે જ ધર્મસ્વરૂપા વેદત્રયી છો. તમે જ સંપૂર્ણ ભૂતોમાં નિદ્રા બનીને રહો છો. એમની ક્ષુધા અને તૃપ્તિ પણ તમે જ છો. તમે જ તૃષ્ણા, કાન્તિ,

છબિ, તુષ્ટિ અને સદા સંપૂર્ણ આનંદ આપનારાં છો. તમે જ પુણ્યકર્તાઓને ત્યાં લક્ષ્મી બનીને રહો છો અને તમે જ પાપીઓને ઘેર સદા જ્યેષ્ઠા (લક્ષ્મીની મોટી બહેન દરિદ્રતા)ના રૂપે વાસ કરો છો. આપ જ સંપૂર્ણ જગતની શાંતિ છો. આપ જ ધારણ કરનાર ધાત્રી અને પ્રાણોનું પોષણ કરનારાં શક્તિ છો. તમે જ પાંચે ભૂતોના સારતત્ત્વને પ્રગટ કરનારાં તત્ત્વરૂપા છો. તમે જ નીતિજ્ઞોની નીતિ તથા વ્યવસાયરૂપિણી છો. આપ જ સામવેદની ગીતિ છો. તમે જ ગ્રંથિ છો. તમે જ યજુર્મંત્રોનાં આહુતિ છો. ઋગ્વેદનાં માત્રા તથા અથર્વવેદનાં પરમ ગતિ પણ આપ જ છો. જે પ્રાણીઓનાં નાક, કાન, નેત્ર, મુખ, ભુજા, વક્ષઃસ્થલ અને હૃદયમાં ધૃતિરૂપે સ્થિત થઈને સદાને માટે એમના સુખનો વિસ્તાર કરો છો. જે નિદ્રારૂપે સંસારના લોકોને અત્યંત સુભગ પ્રતીત થાઓ છો, એ દેવી ઉમા જગતની સ્થિતિ અને પાલનને માટે અમારા સૌ પર પ્રસન્ન થાઓ.

આ રીતે જગતજનની સતી-સાધ્વી મહેશ્વરી ઉમાની સ્તુતિ કરીને પોતાના હૃદયમાં શુદ્ધ પ્રેમ રાખીને બધા દેવતા એમનાં દર્શનની ઈચ્છાથી ત્યાં ઊભા રહ્યા. (અધ્યાય-૩)

*

## ઉમાદેવીનું દિવ્યરૂપે દેવતાઓને દર્શન દેવું, દેવતાઓનાં એમના અભિપ્રાયનું નિવેદન કરવું અને દેવીએ અવતાર લેવાની સ્વીકૃતિ આપીને દેવતાઓને આશ્વાસન આપવું

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! દેવતાઓની આ પ્રકારે સ્તુતિ કરવાથી દુર્ગમ પીડાનો નાશ કરનારાં જગતજનની દેવી દુર્ગા એમની સામે પ્રગટ થયાં. એ પરમ અદ્ભુત દિવ્ય રથ પર બેઠેલાં હતાં. એ શ્રેષ્ઠ રથમાં ઘૂઘરમાળ લગેલી હતી અને મુલાયમ પથારી પણ પાથરેલી હતી. એમના શ્રીવિગ્રહનું એકેએક અંગ કરોડો સૂર્યોથી પણ અધિક પ્રકાશમાન અને રમણીય હતું. એવા અવયવોથી એ અત્યંત ઉદ્ભાસિત થઈ રહ્યાં હતાં. સર્વત્ર ફેલાયેલી એમની તેજરાશિના મધ્યભાગમાં તે બિરાજમાન હતાં. એમનું રૂપ બહુ જ સુંદર હતું, અને એમની છવિની ક્યાંય તુલના થઈ શકે તેમ ન હતું. સદાશિવ સાથે વિલાસ કરનારાં એ મહામાયાની કોઈની પણ સાથે સમાનતા થઈ શકે નહીં. શિવલોકમાં નિવાસ કરનારાં એ દેવી ત્રિવિધ ચિન્મય ગુણોથી યુક્ત હતાં. પ્રાકૃત ગુણોનો અભાવ હોવાથી એમને નિર્ગુણા પણ કહેવાય. એ



નિત્યરૂપા છે. એ દુષ્ટો પર પ્રચંડ કોપને ધારણ કરવાને કારણે ચંડી પણ કહેવાયાં, પરંતુ સ્વરૂપથી શિવા (કલ્યાણમયી) છે. સર્વની સંપૂર્ણ પીડાઓનો નાશ કરનારાં છે તથા સંપૂર્ણ જગતનાં માતા છે. એ જ પ્રલયકાળમાં મહાનિદ્રા થઈને સૌને પોતાના ખોળામાં ઊંઘાડી દે છે તથા એ સમસ્ત સ્વજનો (ભક્તો)નો સંસાર-સાગરથી ઉદ્ધાર કરી દે છે. શિવાદેવીની તેજોરાશિના પ્રભાવથી દેવતા એમને સારી રીતે જોઈ ન શક્યા. ત્યારે એમનાં દર્શનની અભિલાષાથી દેવતાઓએ પુનઃ એમનું સ્તવન કર્યું. તદનંતર દર્શનની ઇચ્છા રાખનાર વિષ્ણુ વગેરે સૌ દેવતાઓએ જગદંબાની કૃપા મેળવીને ત્યાં એમનાં સુસ્પષ્ટ દર્શન કરી શક્યા.

એ પછી દેવતા બોલ્યા—હે અંબિકે! હે મહાદેવી! અમે સદા આપના દાસ છીએ. આપ પ્રસન્નતાપૂર્વક અમારું નિવેદન સાંભળો. પહેલાં આપ દક્ષનાં પુત્રીરૂપે અવતીર્ણ થઈને લોકમાં રુદ્રદેવનાં વલ્લભા થયાં. એ સમયે આપે બ્રહ્માજી તથા બીજા દેવતાઓનાં મહાન દુઃખનું નિવારણ કર્યું હતું. ત્યાર પછી પિતાથી અનાદર મેળવીને પોતે કરેલી પ્રતિજ્ઞા અનુસાર આપે શરીર ત્યાગ કરી દીધો હતો અને સ્વધામમાં પધાર્યાં હતાં. એથી ભગવાન હરને પણ બહુ ભારે દુઃખ થયું હતું. હે મહેશ્વરિ! આપના ચાલ્યા જવાથી દેવતાઓનું કાર્ય પૂરું ન થયું. તેથી અમે દેવતા અને મુનિ વ્યાકુળ થઈને આપને શરણે આવ્યા છીએ. હે મહેશાનિ! હે શિવે! આપ દેવતાઓનો મનોરથ પૂર્ણ કરો, જેથી સનતકુમારનું વચન સફળ થાય. હે દેવી! આપ ભૂતલ પર અવતીર્ણ થઈને પુનઃ રુદ્રદેવની પત્ની બનો અને યથાયોગ્ય એવી લીલા કરો જેથી દેવતાઓને સુખ થાય. હે દેવી! આથી કૈલાસ પર્વત પર નિવાસ કરનારા રુદ્રદેવ પણ સુખી થશે. આપ એવી કૃપા કરો, જેથી બધા સુખી થઈ જાય અને સર્વનું બધું જ દુઃખ નષ્ટ થઈ જાય.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને વિષ્ણુ વગેરે બધા દેવતા પ્રેમમાં મગ્ન થઈ ગયા અને ભક્તિથી વિનમ્ર બનીને ચૂપચાપ ઊભા રહ્યા. દેવતાઓની આ સ્તુતિ સાંભળીને શિવાદેવી પણ બહુ પ્રસન્ન થયાં. એમના હેતુનો વિચાર કરીને પોતાના પ્રભુ શિવનું સ્મરણ કરતાં કરતાં ભક્તવત્સલા દયામયી ઉમાદેવી એ સમયે વિષ્ણુ વગેરે દેવતાઓને સંબોધિત કરતાં બોલ્યાં.

ઉમાએ કહ્યું—હે હરે! હે વિધે! અને હે દેવતાઓ અને મુનિઓ! તમે સૌ મનમાંથી વ્યથા કાઢી દો અને મારી વાત સાંભળો. હું તમારા ઉપર પ્રસન્ન છું, એમાં સંશય નથી. તમે સૌ લોકો પોતપોતાને સ્થાને પ્રસ્થાન કરો અને ચિરકાલ સુધી સુખી રહો. હું અવતાર લઈને મેનાની પુત્રી થઈને એમને સુખ આપીશ અને રુદ્રદેવની પત્ની થઈ જઈશ. આ મારો અત્યંત ગુપ્ત મત છે. ભગવાન શિવની લીલા અદ્ભુત છે. એ તો જ્ઞાનીઓને પણ મોહમાં નાખનાર છે. હે દેવતાઓ! એ યજ્ઞમાં જઈને પિતા દ્વારા મારા સ્વામીનો અનાદર જોઈને મેં દક્ષજનિત શરીરનો ત્યાગ કર્યો છે, ત્યારથી જ મારા સ્વામી કાલાગ્નિ રુદ્રદેવ તત્કાળ દિગંબર થઈ ગયા. એ મારી જ ચિંતામાં ડૂબેલા રહે છે. એમના મનમાં આ વિચાર ઊઠ્યા કરે છે કે ધર્મને જાણનારી સતી મારો રોષ જોઈને પિતાના યજ્ઞમાં ગઈ અને ત્યાં મારો અનાદર જોઈ મારામાં પ્રેમ હોવાને કારણે એણે પોતાના શરીરનો ત્યાગ કર્યો. આવું વિચારીને તે ઘરબાર છોડીને

અલૌકિક વેશ ધારણ કરીને યોગી બની ગયા. મારા સ્વરૂપભૂતા સતીના વિયોગને એ મહેશ્વર સહન ન કરી શક્યા. હે દેવતાઓ! ભગવાન રુદ્રની પણ એ અત્યંત ઈચ્છા છે કે ભૂતલ પર મેના અને હિમાચલના ઘરમાં મારો અવતાર થાઓ કેમકે, તે પુનઃ મારા પાણિગ્રહણની અભિલાષા રાખે છે. તેથી હું રુદ્રદેવના સંતોષ માટે અવતાર લઈશ અને લૌકિક ગતિનો આશ્રય લઈને હિમાલયની પત્ની મેનાની પુત્રી થઈશ.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને જગદંબા શિવા એ સમયે સમસ્ત દેવતાઓ સામે જોતજોતામાં અદશ્ય થઈ ગયાં અને તરત જ પોતાના લોકમાં જતાં રહ્યાં. તદનંતર હર્ષથી ભરેલા વિષ્ણુ વગેરે સમસ્ત દેવતા અને મુનિ એ દિશાને પ્રણામ કરીને પોતપોતાનાં ધામોમાં ચાલ્યા ગયા.

(અધ્યાય-૪)

*

## મેનાને પ્રત્યક્ષ દર્શન આપીને શિવાદેવીનું એમને ઈચ્છિત વરદાનથી સંતોષ આપવો અને મેનાથી મૈનાકનો જન્મ

**નારદજીએ પૂછ્યું**—હે પિતાજી! જ્યારે દેવી દુર્ગા અંતર્ધાન થઈ ગયાં અને દેવગણ પોતપોતાને ધામે ચાલ્યા ગયા, એ પછી શું થયું?

**બ્રહ્માજીએ કહ્યું**—હે મારા પુત્રોમાં શ્રેષ્ઠ વિપ્રવર નારદ! જ્યારે વિષ્ણુ વગેરે દેવસમુદાય હિમાલય અને મેનાને દેવીની આરાધનાનો ઉપદેશ આપીને ચાલ્યા ગયા, ત્યારે ગિરિરાજ હિમાચલ અને મેના બંને દંપતિએ બહુ ભારે તપસ્યાનો આરંભ કર્યો. તે દિવસ-રાત શંભુ અને શિવાનું ચિંતન કરતાં કરતાં ભક્તિયુક્ત ચિત્તથી નિત્ય એમની સમ્યક્ રીતિથી આરાધન કરવા લાગ્યાં. હિમવાનની પત્ની મેના બહુ પ્રસન્નતાથી શિવસહિત શિવાદેવીની પૂજા કરવા લાગી. તે એમના સંતોષને માટે સદા બ્રાહ્મણોને દાન દેવા લાગી. મનમાં સંતાનની કામના લઈને મેના ચૈત્રમાસના આરંભથી લઈને સત્યાવીશ વર્ષો સુધી પ્રતિદિન તત્પરતાપૂર્વક શિવાદેવીની પૂજા અને આરાધનામાં લાગ્યાં રહ્યાં. તે આઠમે ઉપવાસ કરીને નવમીએ લાડુ, બલિ-સામગ્રી, પીઠી, ખીર અને ગંધ-પુષ્પ દેવીને ધરવા લાગ્યાં. ગંગાને કિનારે ઔષધિપ્રસ્થમાં ઉમાની માટીની મૂર્તિ બનાવીને વિવિધ પ્રકારની વસ્તુઓ સમર્પિત કરીને એમની પૂજા કર્યા કરતાં હતાં. મેના દેવી ક્યારેક નિરાહાર રહેતાં, ક્યારેક વ્રતના નિયમોનું પાલન કરતાં, ક્યારેક માત્ર પાણી પીને રહેતાં અને ક્યારેક હવા લઈને જ રહી જતાં. વિશુદ્ધ તેજથી ચમકતી-દમકતી દીપ્તિમતી મેનાએ પ્રેમપૂર્વક શિવામાં ચિત્ત પરોવીને સત્યાવીશ વર્ષ વ્યતીત કરી દીધાં. સત્યાવીશ વર્ષ પૂરાં થયા પછી જગન્મયી શંકરકામિની જગદંબા ઉમા અત્યંત પ્રસન્ન થયાં. મેનાની ઉત્તમ ભક્તિથી સંતુષ્ટ થઈને તે પરમેશ્વરી દેવી એમના પર અનુગ્રહ કરવા માટે એમની સામે પ્રગટ થયાં. તેજોમંડલની વચ્ચે બિરાજમાન તથા દિવ્ય અવયવોથી સંયુક્ત ઉમાદેવી પ્રત્યક્ષ દર્શન આપીને મેનાને હસતાં હસતાં કહેવા લાગ્યાં.

**દેવીએ કહ્યું**—હે ગિરિરાજ હિમાલયની રાણી મહાસાધ્વી મેના! હું તમારી તપસ્યાથી

બહુ પ્રસન્ન છું. તમારા મનમાં જે અભિલાષા હોય, એ કહો. હે મેના! તમે તપસ્યા, વ્રત અને સમાધિ દ્વારા જે જે વસ્તુને માટે પ્રાર્થના કરી છે એ સર્વ હું આપને આપીશ. ત્યારે મેનાએ પ્રત્યક્ષ પ્રગટ થયેલાં કાલિકાદેવીને જોઈને પ્રણામ કર્યા અને આ પ્રકારે કહ્યું –



**મેના બોલ્યાં**—હે દેવી! આ સમયે મને આપનાં પ્રત્યક્ષ દર્શન થયાં છે. તેથી હું આપની સ્તુતિ કરવા ચાહું છું. હે કાલિકે! એટલા માટે આપ પ્રસન્ન થાઓ.

**બ્રહ્માજી બોલ્યા**—હે નારદ! મેનાનું આવું કહેવાથી સર્વમોહિની કાલિકાદેવીએ મનમાં અત્યંત પ્રસન્ન થઈને બંને હાથ વડે ખેંચીને મેનાને હૃદયસરસી ચાંપી દીધી - એથી એમને તત્કાલ મહાજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ. પછી તો મેનાદેવી પ્રિય વચનો દ્વારા ભક્તિભાવથી પોતાની સામે ઊભેલાં કાલિકાદેવીની સ્તુતિ કરવા લાગ્યાં.

**મેના બોલ્યાં**—જે મહામાયા જગતને ધારણ કરનારાં ચંડિકા, લોકધારિણી તથા સંપૂર્ણ મનોવાંછિત પદાર્થોને આપનારાં એ મહાદેવીને હું પ્રણામ કરું છું. જે નિત્ય આનંદ પ્રદાન કરનારાં માયા, યોગનિદ્રા, જગતજનની તથા જે સુંદર કમળોની માળાથી અલંકૃત છે, એવાં નિત્યસિદ્ધા ઉમાદેવીને હું નમસ્કાર કરું છું. જે સર્વની માતામહી, નિત્ય આનંદમયી, ભક્તોના શોકનો નાશ કરનારાં તથા કલ્પપર્યંત નારીઓ અને પ્રાણીઓની બુદ્ધિરૂપિણી છે, એ દેવીને હું પ્રણામ કરું છું. આપ યતિઓનાં અજ્ઞાનમય બંધનના નાશની હેતુભૂતા બ્રહ્મવિદ્યા છો. પછી મારા જેવી સ્ત્રીઓ આપના પ્રભાવનું શું વર્ણન કરી શકે. અથર્વવેદની જે હિંસા (મારણ વગેરે પ્રયોગ) છે, તે જ આપ છો. હે દેવી! આપ મારા મનોવાંછિત ફળને સદા પ્રદાન કરો. ભાવહીન (આકારરહિત) તથા અદૃશ્ય નિત્યાનિત્ય તન્માત્રાઓથી આપ જ પંચભૂતોના સમુદાયને સંયુક્ત કરો છો. આપ જ એમની શાશ્વત શક્તિ છો. આપનું સ્વરૂપ નિત્ય છે. આપ સમય સમય પર યોગયુક્ત અને સમર્થ નારીરૂપે પ્રગટ થાઓ છો. આપ જ જગતનાં યોનિ છો. આધાર-શક્તિ છો. તમે જ પ્રાકૃત તત્ત્વોથી પર નિત્ય પ્રકૃતિ કહેવાવ છો, જે દ્વારા બ્રહ્મના સ્વરૂપને વશમાં કરી શકાય (જાણી શકાય) છે, તે નિત્ય વિદ્યા આપ જ છો. હે માતઃ! આપ મુજ પર પ્રસન્ન થાઓ. તમે જ અગ્નિની અંદર વ્યાપ્ત ઉગ્ર અગ્નિ છો. તમે જ સૂર્યકિરણોમાં સ્થિત પ્રકાશિકા

શક્તિ છો. ચંદ્રમામાં જે આહ્લાદિકા શક્તિ છે, તે પણ આપ જ છો — એવાં આ ચંડીદેવીનું હું સ્તવન અને વંદન કરું છું. આપ સ્ત્રીઓને બહુ પ્રિય છો. ઊર્ધ્વરેતા બ્રહ્મચારીઓની ધ્યેયભૂતા નિત્યા બ્રહ્મશક્તિ પણ આપ જ છો. સંપૂર્ણ જગતની વાંછા તથા શ્રીહરિની માયા પણ આપ જ છો. જે દેવી ઇચ્છાનુસાર રૂપ ધારણ કરીને સૃષ્ટિ, પાલન અને સંહારમયી થઈ એ કાર્યોને સંપાદિત કરે છે તથા બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રના શરીરની પણ હેતુભૂતા છે તે આપ જ છો. હે દેવી! આપ મુજ પર પ્રસન્ન થાઓ. આપને પુનઃ મારા નમસ્કાર હો.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! મેનાની આ પ્રકારની સ્તુતિ કરવાથી દુર્ગા કાલિકાએ પુનઃ એ મેનાદેવીને કહ્યું – 'તમે તમારું મનોવાંછિત વરદાન માગી લો. હે હિમાલય પ્રિયે! તમે મને પ્રાણોની જેમ પ્યારાં છો. તમારી જે ઇચ્છા હોય, તે માગો. એ હું નિશ્ચય જ આપી દઈશ. તમારે માટે કશુંય અદેય નથી.'

મહેશ્વરી ઉમાનું આ અમૃત સમાન મધુર વચન સાંભળીને હિમગિરિકામિની મેના ખૂબ જ સંતુષ્ટ થયાં અને આ પ્રકારે બોલ્યાં – 'હે શિવે! આપનો જય હો, જય હો. ઉત્કૃષ્ટ જ્ઞાનવાળાં હે મહેશ્વરિ! હે જગદંબિકે! જો હું વરદાન મેળવવાને યોગ્ય હોઉં તો પછી હું આપની પાસે શ્રેષ્ઠ વરદાન માગું છું. હે જગદંબે! પહેલાં તો મને સો પુત્રો થાઓ. એ સૌનું આયુષ્ય બહુ લાંબું હોય. તે બળ-પરાક્રમથી યુક્ત હોય તથા રિદ્ધિ-સિદ્ધિથી સંપન્ન હોય. એ પુત્રો પછી મારે એક પુત્રી હોય, જે સ્વરૂપ અને ગુણોથી સુશોભિત હોય. એ બંને કુળોને આનંદ આપનારી હોય અને ત્રણે લોકોમાં પૂજિત હોય. હે જગદંબિકે! હે શિવે! આપ જ દેવતાઓનાં કાર્ય સિદ્ધ કરવા માટે મારી પુત્રી તથા રુદ્રદેવની પત્ની થાઓ અને તદનુસાર લીલા કરો.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! મેનકાની આ વાત સાંભળી પ્રસન્ન હૃદયા દેવી ઉમાએ એમના મનોરથ પૂર્ણ કરવાને માટે હસતાં હસતાં કહ્યું.

**દેવી બોલ્યાં**—પહેલાં તમને સો બળવાન પુત્રો પ્રાપ્ત થશે એમાં પણ એક સૌથી અધિક બળવાન અને પ્રધાન હશે, જે સૌથી પહેલાં ઉત્પન્ન થશે. તમારી ભક્તિથી સંતુષ્ટ થઈને હું સ્વયં તમારે ત્યાં પુત્રીના રૂપમાં અવતીર્ણ થઈશ અને સમસ્ત દેવતાઓથી સેવિત થઈને એમનું કાર્ય સિદ્ધ કરીશ.

આવું કહીને જગદ્ધાત્રી પરમેશ્વરી કાલિકા શિવા મેનકાના જોતાં જોતાં ત્યાં અદૃશ્ય થઈ ગયાં. હે તાત! મહેશ્વરી પાસેથી મનોવાંછિત વરદાન મેળવીને મેનકાને અપાર હર્ષ થયો. એમનો તપસ્યા-જનિત બધો ક્લેશ નષ્ટ થઈ ગયો. હે મુને! પછી કાળક્રમથી મેનાને ગર્ભ રહ્યો અને એ પ્રતિદિન વધવા લાગ્યો. સમયાનુસાર એમણે એક ઉત્તમ પુત્રને ઉત્પન્ન કર્યો, જેનું નામ મૈનાક હતું. એણે સમુદ્ર સાથે ઉત્તમ મૈત્રી બાંધી. આ અદ્ભુત પર્વત નાગવધૂઓના ઉપભોગનું સ્થળ બનેલું છે. એનાં સમસ્ત અંગો શ્રેષ્ઠ છે. હિમાલયના સો પુત્રોમાં તે સર્વથી શ્રેષ્ઠ અને મહાન બળ-પરાક્રમથી સંપન્ન છે. પોતાનાથી અથવા પોતાના બાદ પ્રગટ થયેલા સમસ્ત પર્વતોમાં એકમાત્ર મૈનાક જ પર્વતરાજના પદ પર પ્રતિષ્ઠિત છે.

(અધ્યાય-૫)

*

## દેવી ઉમાનું હિમવાનના હૃદય તથા મેનાના ગર્ભમાં આવવું, ગર્ભસ્થા દેવીનું દેવતાઓ દ્વારા સ્તવન, એમનો દિવ્યરૂપે પ્રાદુર્ભાવ, માતા મેના સાથે વાતચીત તથા નવજાત કન્યાના રૂપે પરિવર્તિત થઈ જવું

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! તદનંતર મેના અને હિમાલય આદરપૂર્વક દેવકાર્યની સિદ્ધિ માટે કન્યાપ્રાપ્તિના હેતુ માટે ત્યાં જગતજનની ભગવતી ઉમાનું ચિંતન કરવા લાગ્યાં. જે પ્રસન્ન થાય તો સંપૂર્ણ મનોવાંછિત વસ્તુઓનો આપનારાં છે. એ મહેશ્વરી ઉમા પોતાના પૂર્ણ અંશે ગિરિરાજ હિમવાનના ચિત્તમાં પ્રવિષ્ટ થયાં. આથી એમનાં શરીરમાં અપૂર્વ અને સુંદર પ્રભા ઊતરી આવી. તે આનંદમગ્ન થઈ અત્યંત પ્રકાશિત થવા લાગ્યા. એ અદ્ભુત તેજોરાશિથી સંપન્ન મહામના હિમાલય અગ્નિની જેમ અદશ્ય થઈ ગયા હતા. તત્પશ્ચાત્ સુંદર કલ્યાણકારી સમયે હિમાલયે પોતાની પ્રિયા મેનાના ઉદરમાં શિવાના એ પરિપૂર્ણ અંશનું આધાન કર્યું. આ રીતે ગિરિરાજની પત્ની મેનાએ હિમવાનના હૃદયમાં બિરાજમાન કરુણાનિધાન દેવીની કૃપાથી સુખદાયક ગર્ભ ધારણ કર્યો. સંપૂર્ણ જગતની નિવાસભૂતા દેવીના ગર્ભમાં આવવાથી ગિરિપ્રિયા મેના સદા તેજોમંડલની વચમાં સ્થિત થઈને અધિક શોભવા લાગ્યાં. પોતાની પ્રિયા શુભાંગી મેનાને જોઈને ગિરિરાજ હિમવાન બહુ પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યા. ગર્ભમાં જગદંબાના આવી જવાથી એ મહાન તેજથી સંપન્ન થઈ ગયાં હતાં. હે મુને! એ અવસરે વિષ્ણુ વગેરે દેવતા અને મુનિઓએ ત્યાં આવીને ગર્ભમાં નિવાસ કરનારાં શિવાદેવીની સ્તુતિ કરી અને ત્યારપછી મહેશ્વરીની વિવિધ પ્રકારે સ્તુતિ કરીને પ્રસન્નચિત્ત દેવતા પોતપોતાને ધામે ચાલ્યા ગયા. જ્યારે નવમો મહિનો વીતી ગયો અને દશમો પણ પૂરો થવા આવ્યો, ત્યારે જગદંબા કાલિકાએ સમયપૂર્ણ થવા પર ગર્ભસ્થ શિશુની જે ગતિ થાય છે, એને ધારણ કરી અર્થાત્ જન્મ લઈ લીધો. એ અવસર પર આદ્યાશક્તિ સતી-સાધ્વી શિવા પહેલાં મેનાની સામે પોતાના જ સ્વરૂપે પ્રગટ થયાં. વસંત ઋતુમાં ચૈત્ર માસની નવમી તિથિએ મૃગશિરા નક્ષત્રમાં અર્ધરાત્રિના સમયે ચંદ્રમંડળથી આકાશ-ગંગાની જેમ મેનકાના ઉદરથી દેવી શિવાનો પોતાના જ સ્વરૂપે પ્રાદુર્ભાવ થયો. એ સમયે સંપૂર્ણ સંસારમાં પ્રસન્નતા છવાઈ ગઈ. અનુકૂળ હવા આવવા માંડી, જે સુંદર, સુગંધિત અને ગંભીર હતી. એ સમયે જળની વર્ષા સાથે પુષ્પ-વર્ષા પણ થવા લાગી. વિષ્ણુ વગેરે દેવતાઓ ત્યાં આવ્યા. સૌએ સુખી થઈને પ્રસન્નતાની સાથે જગદંબાનાં દર્શન કર્યાં, અને શિવલોકમાં નિવાસ કરનારી દિવ્યરૂપા મહામાયા શિવકામિની મંગલમયી કાલિકા માતાનું સ્તવન કર્યું.

હે નારદ! જ્યારે દેવતાલોકો સ્તુતિ કરીને ચાલ્યા ગયા, ત્યારે મેનકા એ સમયે પ્રગટ થયેલી નીલ કમળદળ જેવી કાન્તિવાળી શ્યામવર્ણા દેવીને જોઈને અતિશય આનંદનો અનુભવ કરવા લાગી. દેવીના એ દિવ્યરૂપનું દર્શન કરીને ગિરિપ્રિયા મેનકાને જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. એ એમને પરમેશ્વરી સમજીને અત્યંત હર્ષથી ઉલ્લસિત થઈ ઊઠ્યાં અને સંતોષપૂર્વક બોલ્યાં.

**મેનાએ કહ્યું**—હે જગદંબે! હે મહેશ્વરિ! આપે બહુ મોટી કૃપા કરી, જે મારી સામે પ્રગટ થયાં. હે અંબિકે! આપની બહુ શોભા થઈ રહી છે. હે શિવે! આપ સંપૂર્ણ શક્તિઓમાં આદ્યાશક્તિ તથા ત્રણે લોકોની જનની છો. હે દેવી! આપ ભગવાન શિવને સદાયે પ્રિય છો અને સંપૂર્ણ દેવતાઓ દ્વારા પ્રશંસિત પરાશક્તિ છો. હે મહેશ્વરિ! આપ કૃપા કરો, અને આ જ રૂપે મારા ધ્યાનમાં સ્થિત જાઓ. સાથે જ મારી પુત્રીને અનુરૂપ પ્રત્યક્ષ દર્શનીય રૂપ પણ ધારણ કરો.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! પર્વત-પત્ની મેનાની આ વાત સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલાં શિવાદેવીએ એ ગિરિપ્રિયાને આ રીતે ઉત્તર આપ્યો.

**દેવી બોલ્યાં**—હે મેના! તમે પહેલાં તત્પરતાપૂર્વક મારી બહુ સેવા કરી હતી. એ સમય તમારી ભક્તિથી પ્રસન્ન થઈને હું વરદાન આપવા તમારી પાસે આવી હતી – 'વરદાન માગો' એવી મારી વાણી સાંભળીને તમે જે વરદાન માગ્યું હતું તે આ પ્રકારે છે – 'હે મહાદેવી! તમે મારી પુત્રી થઈ જાઓ અને દેવતાઓનું હિત-સાધન કરો.' ત્યારે મેં 'તથાસ્તુ' કહીને તમને આદરપૂર્વક વરદાન આપી દીધું અને હું મારા ધામમાં જતી રહી. હે ગિરિકામિની! એ વરદાન અનુસાર સમય થયે આજે હું તમારી પુત્રી થઈ છું. આજે મેં જે દિવ્યરૂપનું દર્શન કરાવ્યું છે એનો ઉદ્દેશ્ય એટલો જ છે કે તેમને મારા સ્વરૂપનું સ્મરણ થઈ જાય; અન્યથા મનુષ્યરૂપે પ્રગટ થવાથી મારી બાબત તમે અજાણ્યાં જ બની રહત. હવે તમે બંને દંપતિ પુત્રીભાવથી અથવા દિવ્ય ભાવે મારું નિરંતર ચિંતન કરતાં કરતાં મારામાં સ્નેહ રાખો. એથી મારી ઉત્તમ ગતિ પ્રાપ્ત થશે. હું પૃથ્વી પર અદ્ભુત લીલા કરીને દેવતાઓનું કાર્ય સિદ્ધ કરીશ. ભગવાન શંભુની પત્ની બનીશ અને સજ્જનોનો સંકટથી ઉદ્ધાર કરીશ.

આવું કહીને જગન્માતા શિવા ચૂપ થઈ ગયાં અને એ જ ક્ષણે માતા જોતજોતામાં પ્રસન્નતાપૂર્વક નવજાત પુત્રીરૂપે પરિવર્તિત થઈ ગયાં.

(અધ્યાય-૬)

*

## પાર્વતીનું નામકરણ અને વિદ્યાધ્યયન, નારદનું હિમવાનને ત્યાં જવું, પાર્વતીનો હાથ જોઈ ભાવિ ફળ બતાવવું, ચિંતિત થયેલા હિમવાનને આશ્વાસન આપીને પાર્વતીનો વિવાહ શિવજી સાથે કરવા કહેવું અને એમના સંદેહનું નિવારણ કરવું

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! મેનાની સામે મહાતેજસ્વી કન્યા થઈને લૌકિક ગતિનો આશ્રય લઈને તે રડવા લાગી. એનું મનોહર રુદન સાંભળીને ઘરની બધી સ્ત્રીઓ હર્ષથી નાચી ઊઠી અને બહુ વેગથી ત્યાં આવી પહોંચી. નીલ-કમલદલ જેવી શ્યામ કાન્તિવાળી એ પરમ તેજસ્વિની અને મનોરમ કન્યાને જોઈને ગિરિરાજ હિમાલય અતિશય આનંદમાં નિમગ્ન થઈ ગયા.

તદનંતર સુંદર મુહૂર્તમાં મુનિઓની સાથે હિમવાને પુત્રીનું કાલી વગેરે સુખદાયક નામ રાખ્યાં. દેવી શિવા ગિરિરાજના ભવનમાં દિવસે દિવસે મોટાં થવા માંડ્યાં – બરાબર એ જ રીતે જેવી રીતે વર્ષાના સમયમાં ગંગાની જલરાશિ અને શરદ-ઋતુના શુક્લ પક્ષમાં ચાંદની વધે છે. સુશીલતા વગેરે ગુણોથી સંયુક્ત તથા બંધુજનોની વહાલી એ કન્યાને કુટુંબીજનો પોતાના કુળને અનુરૂપ પાર્વતી નામથી બોલાવવા લાગ્યાં. માતાએ કાલિકાને 'ઉમા' (અરે! તપસ્યા ન કર) કહીને તપ કરતાં રોક્યાં હતાં. હે મુને! એ સુંદર મુખવાળાં ગિરિરાજનંદિની આગળ જતાં ઉમાના નામે વિખ્યાત થઈ ગયાં. હે નારદ! તદનંતર જ્યારે વિદ્યાના ઉપદેશનો સમય થયો ત્યારે શિવાદેવી પોતાના ચિત્તને એકાગ્ર કરીને બહુ પ્રસન્નતાથી શ્રેષ્ઠ ગુરુ પાસે વિદ્યા ભણવા માંડ્યાં. પૂર્વજન્મની સર્વ વિદ્યા એમને એવી જ રીતે પ્રાપ્ત થઈ ગઈ, જેવી રીતે શરતકાળમાં હંસોની પંક્તિ પોતાની મેળે જ સ્વર્ગંગાને તટે પહોંચી જાય છે, અને રાતે પોતાનો પ્રકાશ જાતે જ મહાઔષધિઓને પ્રાપ્ત થઈ જાય છે. હે મુને! આ રીતે મેં શિવાની કોઈ એક લીલાનું જ વર્ણન કર્યું છે. હવે અન્ય લીલાનું વર્ણન કરીશ. સાંભળો.

એક વખતની વાત છે કે તમે ભગવાન શિવની પ્રેરણાથી પ્રસન્નતાપૂર્વક હિમાચલને ઘેર ગયા. હે મુને! તમે શિવતત્ત્વના જ્ઞાતા અને એમની લીલાઓના શ્રેષ્ઠ જાણકાર છો. હે નારદ! ગિરિરાજ હિમાલયે તમને ઘેર આવેલા જોઈ પ્રણામ કરીને તમારી પૂજા કરી અને પોતાની પુત્રીને બોલાવીને એને તમારાં ચરણોમાં પ્રણામ કરાવ્યા. હે મુનીશ્વર! પછી જાતે જ તમને નમસ્કાર કરીને હિમાચલે પોતાના સૌભાગ્યની પ્રશંસા કરી અને મસ્તકને અત્યંત નમાવીને હાથ જોડીને તમને કહ્યું.

હિમાલય બોલ્યા—હે મુને નારદ! હે બ્રહ્મપુત્રોમાં શ્રેષ્ઠ જ્ઞાનવાન પ્રભો! આપ સર્વજ્ઞ છો, અને કૃપાપૂર્વક બીજાના ઉપકારમાં સતત રત રહો છો, મારી પુત્રીની જન્મકુંડળીમાં જે ગુણ-દોષ હોય એ બતાવો. મારી પુત્રી કોની સૌભાગ્યવતી પ્રિય પત્ની બનશે.

બ્રહ્માજી કહે છે—હે મુનિશ્રેષ્ઠ! તમે વાતચીતમાં કુશળ અને કૌતુકી તો છો જ, ગિરિરાજ હિમાલયના આવા કહેવા પર તમે બાલિકાના હાથ જોયા અને એનાં સંપૂર્ણ અંગો પર વિશેષ દૃષ્ટિપાત કરીને હિમાલયને આ પ્રકારે કહેવાનું શરૂ કર્યું.



નારદ બોલ્યા—હે શૈલરાજ અને મેના! આપની આ પુત્રી ચંદ્રમાની આદિકલાની જેમ વૃદ્ધિ પામી છે. સમસ્ત શુભ લક્ષણ એનાં

અંગોની શોભા વધારે છે. પોતાના પતિ માટે અત્યંત સુખદાયિની થશે અને માતા-પિતાની કીર્તિ વધારશે. સંસારની સમસ્ત નારીઓમાં આ પરમ સાધ્વી અને સ્વજનોને સદા મહાન આનંદ આપનારી થશે. હે ગિરિરાજ! તમારી પુત્રીના હાથમાં સર્વ ઉત્તમ લક્ષણ જ વિદ્યમાન છે, કેવળ એક જ રેખા જરા વિલક્ષણ છે, એનું યથાર્થ ફળ સાંભળો. આને એવો પતિ પ્રાપ્ત થશે, જે યોગી, નાગોપૂગો રહેનારો, નિર્ગુણ અને નિષ્કામ હશે. એને નહીં મા હોય, નહીં બાપ હોય. એને માન-સન્માનની પણ કોઈ ચિંતા નહીં હોય, કોઈ પ્રશ્ન જ નહીં હોય અને એ સદા અમંગલ વેશ જ ધારણ કરનાર હશે.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! તમારી આ વાત સાંભળીને અને સત્ય માનીને મેના તથા હિમાચલ બંને પતિ-પત્ની બહુ દુઃખી થયાં, પરંતુ જગદંબા શિવા તમારાં આવાં વચનો સાંભળીને અને લક્ષણો દ્વારા એ ભાવિ પતિને શિવ માનીને મનમાં ને મનમાં હર્ષથી મ્હોરી ઊઠી. 'નારદની વાત ક્યારેય જુઠી ન હોઈ શકે' એ વિચારીને શિવા ભગવાન શિવનાં યુગલ ચરણોમાં સંપૂર્ણ હૃદયથી અત્યંત સ્નેહ કરવા લાગી. હે નારદ! એ સમયે મનમાં ને મનમાં દુઃખી થઈને હિમવાને તમને કહ્યું – 'હે મુને! એ રેખાનું ફળ સાંભળીને મને બહુ દુઃખ થયું છે. હું મારી પુત્રીને એનાથી બચાવવાને માટે કયો ઉપાય કરું?'

'હે મુને! તમે મહાન કૌતુક કરનારા છો અને વાર્તાલાપ-વિશારદ છો.' હિમવાનની આ વાત સાંભળીને પોતાનાં મંગલકારી વચનો દ્વારા એમનો હર્ષ વધારતાં તમે આ પ્રકારે કહ્યું.

**નારદ બોલ્યા**—હે ગિરિરાજ! તમે સ્નેહપૂર્વક સાંભળો, મારી વાત સાચી છે. એ અસત્ય નહીં જ હોય. હાથની રેખા બ્રહ્માજીની લિપિ છે. નક્કી જ તે મિથ્યા નથી થઈ શકતી. તેથી હે શૈલપ્રવર! આ કન્યાને આવો જ પતિ મળશે, એમાં સંશય નથી. પરંતુ આ રેખાના કુફળથી બચવાને માટે એક ઉપાય પણ છે, એને પ્રેમપૂર્વક સાંભળો. એ કરવાથી તમને સુખ મળશે. મેં જેવા વરનું નિરૂપણ કર્યું છે એવા જ ભગવાન શંકર છે. તે સર્વસમર્થ છે અને લીલાને માટે અનેક રૂપ ધારણ કરતા રહે છે. એમનામાં સમસ્ત કુલક્ષણો સદ્‌ગુણો સમાન થઈ જશે. સમર્થ પુરુષોમાં કોઈ દોષ પણ હોય તો એ એને દુઃખ નથી દેતો. અસમર્થ માટે જ એ દુઃખદાયક હોય છે. આ વિષયમાં સૂર્ય, અગ્નિ અને ગંગાનાં દૃષ્ટાંત સામે રાખવાં જોઈએ. એટલા માટે તમે વિવેકપૂર્વક પોતાની કન્યા શિવાને ભગવાન શિવના હાથમાં સોંપી દો. ભગવાન શિવ સર્વના ઈશ્વર, સેવ્ય, નિર્વિકાર, સામર્થ્યશાળી અને અવિનાશી છે. તે જલદીથી પ્રસન્ન થઈ જાય છે. માટે શિવાને સ્વીકારી લેશે એમાં સંશય નથી. વિશેષતઃ એ તપસ્યાથી વશમાં આવી જાય છે. જો શિવા તપ કરે તો સર્વ કામ ઠીક થઈ જશે. સર્વેશ્વર શિવ સર્વ પ્રકારે સમર્થ છે. એ ઈન્દ્રના વજ્રનો પણ વિનાશ કરી શકે છે. બ્રહ્માજી એમને આધીન છે તથા તે સર્વને સુખ આપનારા છે. પાર્વતી ભગવાન શંકરની વહાલી પત્ની થશે. તે સદાયે રુદ્રદેવને અનુકૂળ રહેશે, કેમકે, આ મહાસાધ્વી અને ઉત્તમ વ્રતોનું પાલન કરનારી છે તથા માતાપિતાના સુખને વધારનારી છે. આ તપસ્યા કરીને ભગવાન શિવના મનને પોતાના વશમાં કરી લેશે અને એ ભગવાન પણ એના સિવાય કોઈ પણ બીજી સ્ત્રી સાથે વિવાહ કરશે નહિ. એ બંનેનો પ્રેમ એકબીજાને અનુરૂપ હશે. આવો

ઉચ્ચકોટિનો પ્રેમ ન તો કોઈનો થયો છે, ન આ સમયે છે અને આગળ પણ આવો પ્રેમ નહીં હોય. હે ગિરિશ્રેષ્ઠ! એમને દેવતાઓનાં કાર્ય કરવાં છે. એમનાં જે જે કામ નષ્ટપ્રાય થઈ ગયાં છે એ સર્વનો આપના દ્વારા પુનઃ ઉજ્જીવન અથવા ઉદ્ધાર થશે. હે અદ્રિરાજ! આપની કન્યાને મેળવીને જ ભગવાન હર અર્ધનારીશ્વર થશે. આ બંનેનું પુનઃ હર્ષપૂર્વક મિલન થશે. આપની આ પુત્રી પોતાની તપસ્યાના પ્રભાવથી સર્વેશ્વર મહેશ્વરને સંતુષ્ટ કરીને એમના શરીરના અર્ધા ભાગને પોતાના અધિકારમાં કરી લેશે. એમનું અર્ધાંગ બની જશે. હે ગિરિશ્રેષ્ઠ! તમારે તમારી આ કન્યા ભગવાન શંકર સિવાય બીજા કોઈનેય ન જ આપવી જોઈએ. આ દેવતાઓનું ગુપ્ત રહસ્ય છે, એને ક્યારેય પ્રકાશિત ન કરવું જોઈએ.

**હિમાલયે કહ્યું**—હે જ્ઞાની મુને નારદ! હું આપને એક વાત બતાવી રહ્યો છું એને પ્રેમપૂર્વક સાંભળો અને આનંદનો અનુભવ કરો. સંભળાય છે કે, મહાદેવજી બધી જ આસક્તિઓનો ત્યાગ કરીને પોતાના મનને સંયમમાં રાખીને નિત્ય તપસ્યા કરતા રહે છે. દેવતાઓની પણ દૃષ્ટિમાં આવતા નથી. હે દેવર્ષિ! ધ્યાનમાર્ગમાં સ્થિત થયેલા તે ભગવાન શંભુ પરબ્રહ્મમાં લગાડેલ પોતાના મનને કેવી રીતે હટાવી શકશે? ધ્યાન છોડીને વિવાહ કરવા કેવી રીતે તૈયાર થશે? આ બાબત મારા મનમાં મહાન સંદેહ છે. દીપકની જ્યોતની જેમ પ્રકાશમાન, અવિનાશી, પ્રકૃતિથી પર, નિર્વિકાર, નિર્ગુણ, સગુણ, નિર્વિશેષ અને નિરીહ જે પરબ્રહ્મ છે, એ જ એમનું પોતાનું સદાશિવ નામક સ્વરૂપ છે – માટે એ એમનો જ સર્વત્ર સાક્ષાત્કાર કરે છે, કોઈ પણ બાહ્ય-અનાત્મવસ્તુ પર દૃષ્ટિ જ નથી કરતા. હે મુને! અહીં આવેલા કિન્નરોના મુખે એમના વિષયમાં નિત્ય જ આવી જ વાત સાંભળી શકાય છે. વિશેષતઃ એ વાત પણ સંભળાય છે કે ભગવાન હરેએ પૂર્વકાલમાં સતીની સામે એક પ્રતિજ્ઞા કરી હતી. એમણે કહ્યું હતું – 'હે દક્ષકુમારી પ્યારી સતી! હું તમારા સિવાય કોઈ પણ સ્ત્રીને પોતાની પત્ની બનાવવા માટે પસંદ પણ નહીં કરું અને ગ્રહણ પણ નહીં કરું. આ હું તમને સત્ય કહું છું' આ રીતે સતીની સાથે એમણે પહેલેથી જ પ્રતિજ્ઞા કરી લીધી છે. હવે સતીના મરી જવાથી એ બીજી કોઈ પણ સ્ત્રીને કેવી રીતે ગ્રહણ કરશે?

**આ સાંભળીને તમે (નારદે) કહ્યું**—હે મહામતે! હે ગિરિરાજ! આ વિષયમાં તમારે ચિંતા ન કરવી જોઈએ. તમારી આ પુત્રી કાલી જ પૂર્વકાળમાં દક્ષકન્યા સતી થઈ હતી. એ સમયે એનું જ સદા સર્વમંગલદાયી સતી નામ હતું. એ સતી દક્ષકન્યા થઈને રુદ્રની પ્રિય પત્ની થઈ હતી. એમણે પિતાના યજ્ઞમાં અનાદર પામીને તથા ભગવાન શંકરનું પણ અપમાન થયેલું જોઈ ક્રોધપૂર્વક પોતાનું શરીર છોડી દીધું હતું. એ સતી જ ફરીથી તમારા ઘરમાં ઉત્પન્ન થયાં છે. તમારી પુત્રી સાક્ષાત્ જગદંબા શિવા છે. આ પાર્વતી ભગવાન હરનાં પત્ની થશે, એમાં સંશય નથી.

હે નારદ! આ બધી વાતો તમે હિમવાનને વિસ્તારપૂર્વક બતાવી – પાર્વતીનું એ પૂર્વરૂપ અને ચરિત્ર પ્રીતિ વધારનાર છે. કાલીના આ સંપૂર્ણ પૂર્વવૃત્તાંતને તમારે મુખે સાંભળીને હિમવાન પોતાની પત્ની અને પુત્ર સાથે તત્કાળ સંદેહરહિત થઈ ગયા. આ રીતે તમારા મુખથી પોતાની એ પૂર્વકથા સાંભળીને કાલીએ લજ્જાવશ મસ્તક નમાવી લીધું અને એમના મુખ પર મંદ

સ્મિતની પ્રભા ફેલાઈ ગઈ. ગિરિરાજ હિમાલય પાર્વતીના એ ચરિત્રને સાંભળીને માથા પર હાથ ફેરવવા લાગ્યા અને મસ્તક સુંઘીને એને પોતાના આસનની પાસે જ બેસાડી લીધાં.

હે નારદ! આ પછી તમે એ જ ક્ષણે પ્રસન્નતાપૂર્વક સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા અને ગિરિરાજ હિમવાન પણ મનમાં ને મનમાં મનોહર આનંદથી યુક્ત થઈને પોતાના સર્વસંપત્તિશાળી ભવનમાં પ્રવેશી ગયા.

(અધ્યાય ૭-૮)

*

## મેના અને હિમાલયની વાતચીત, પાર્વતી તથા હિમવાનનાં સ્વપ્ન તથા ભગવાન શિવથી 'મંગલ' ગ્રહની ઉત્પત્તિનો પ્રસંગ

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! જ્યારે તમે સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા ત્યારથી થોડો સમય પસાર થયા બાદ એક દિવસ મેનાએ હિમાલયની પાસે જઈને એમને પ્રણામ કર્યા. પછી એ ઊભાં રહ્યાં એ ગિરિકામિની મેના પોતાના પતિને વિનયપૂર્વક કહેવા લાગી.

**મેનાએ કહ્યું**—હે પ્રાણનાથ! એ દિવસે નારદ મુનિએ જે વાત કરી હતી, એને સ્ત્રીસ્વભાવ હોવાને કારણે હું સારી રીતે સમજી શકી નથી; મારી તો એ પ્રાર્થના છે કે આપ કન્યાનો વિવાહ કોઈ સુંદર વરની સાથે કરી દો. આ વિવાહ સર્વથા અપૂર્વ સુખ આપનાર હશે. ગિરિજાનો વર શુભ લક્ષણોથી સંપન્ન અને કુલીન હોવો જોઈએ. મારી દીકરી મને પ્રાણથી પણ અધિક પ્રિય છે. તે ઉત્તમ વર મેળવીને જે રીતે પણ પ્રસન્ન અને સુખી થઈ શકે, એવું કરો. આપને મારા નમસ્કાર છે.

આવું કહીને મેના પોતાના પતિના ચરણોમાં પડી ગયાં. એ સમયે એમનું મુખ આંસુઓથી તરબતર થઈ રહ્યું હતું. પ્રાણશિરોમણિ હિમવાને એમને બેઠાં કર્યાં અને યથાવત્ સમજાવવાનો પ્રારંભ કર્યો.

**હિમાલય બોલ્યા**—હે દેવી મેનકે! હું યથાર્થ અને તત્ત્વની વાત કહું છું, સાંભળો. ભ્રમ



છોડો. મુનિની વાત ક્યારેય જૂઠી ન હોઈ શકે. જો તમને દીકરી ઉપર સ્નેહ હોય તો એને આદરપૂર્વક શિક્ષા-ઉપદેશ આપો કે તે ભક્તિપૂર્વક સુસ્થિર ચિત્તથી ભગવાન શંકરને માટે તપ કરે. હે મેનકે! જો ભગવાન શિવ પ્રસન્ન થઈને કાલીનું પાણિગ્રહણ કરી લે છે તો સર્વકાંઈ શુભ જ શુભ થશે. નારદજીએ દર્શાવેલું અમંગલ અથવા અશુભ નષ્ટ થઈ જશે. શિવની પાસે સર્વ અમંગલ સદા મંગલરૂપ થઈ જાય છે. એટલા માટે તમે દીકરીને શિવની પ્રાપ્તિને માટે તપસ્યા કરવાનો શીઘ્ર જ ઉપદેશ આપો શિક્ષા, શિખામણ આપો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! હિમવાનની આ વાત સાંભળીને મેનાને ખૂબ જ પ્રસન્નતા થઈ. તે તપસ્યામાં રુચિ ઉત્પન્ન કરવાને વાસ્તે પુત્રીને ઉપદેશ આપવાને નિમિત્તે એની પાસે ગયાં. પરંતુ દીકરીનાં સુકુમાર અંગ પર દૃષ્ટિપાત કરીને મેનાના મનમાં બહુ વ્યથા થઈ. એમનાં બંને નેત્રોમાં શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યા. પછી તો ગિરિપ્રિયા મેનાના પોતાની દીકરીને ઉપદેશ આપવાની પણ શક્તિ રહી નહીં. પોતાની માતાની આ ચેષ્ટાને પાર્વતી શીઘ્ર જ પામી ગયાં. ત્યારે તે સર્વજ્ઞ પરમેશ્વરી કાલિકા દેવી માતાને વારંવાર આશ્વાસન આપીને તરત બોલ્યાં.

પાર્વતીએ કહ્યું—હે મા! તમે તો ખૂબ જ સમજુ છો. મારી આ વાત સાંભળો. આજે પાછલી રાતના સમયે બ્રાહ્મમુહૂર્તમાં મેં એક સ્વપ્ન જોયું છે તે બતાવું છું, કહું છું. હે માતાજી! સ્વપ્નમાં એક દયાળુ અને તપસ્વી બ્રાહ્મણે મને શિવની પ્રસન્નતાને માટે ઉત્તમ તપસ્યા કરવાનો પ્રસન્નતાપૂર્વક ઉપદેશ આપ્યો છે.

હે નારદ! આ સાંભળીને મેનકાએ તરત જ પોતાના પતિને બોલાવ્યા અને પુત્રીએ જોયેલા સ્વપ્નને પૂર્ણતઃ કહી સંભળાવ્યું. મેનકાના મુખે પુત્રીના સ્વપ્નને સાંભળીને ગિરિરાજ હિમાલય ખૂબ પ્રસન્ન થયા અને પોતાની પ્રિય પત્નીને સમજાવતાં બોલ્યાં.

ગિરિરાજે કહ્યું—હે પ્રિયે! પાછલી રાતે મેં પણ એક સ્વપ્ન જોયું છે. હું આદરપૂર્વક એ કહું છું. તમે પ્રેમપૂર્વક એને સાંભળો. એક બહુ ઉત્તમ તપસ્વી હતા. નારદજીએ વરનાં જેવાં લક્ષણો બતાવ્યાં હતાં. એ જ લક્ષણોથી યુક્ત શરીરને એમણે ધારણ કરી રાખ્યું હતું. એ ખૂબ જ પ્રસન્નતાની સાથે મારા નગરની પાસે તપસ્યા કરવા માટે આવ્યા. એમને જોઈને મને બહુ હર્ષ થયો અને હું મારી દીકરીને સાથે લઈને એમની પાસે ગયો એ સમયે મને જ્ઞાન થયું કે નારદજીએ બતાવેલા વર ભગવાન શંભુ આ જ છે. ત્યારે મેં એ તપસ્વીની સેવાને માટે પોતાની પુત્રીને ઉપદેશ આપીને એમને પણ પ્રાર્થના કરી કે તે એની સેવા સ્વીકારે. પરંતુ તે સમયે એમણે મારી વાત માની નહીં, એટલામાં જ ત્યાં સાંખ્ય અને વેદાન્ત અનુસાર બહુ મોટો વિવાદ છેડાઈ ગયો. તદનંતર એમની આજ્ઞાથી મારી પુત્રી ત્યાં જ રહી ગઈ અને પોતાના હૃદયમાં એમની જ કામના રાખીને ભક્તિપૂર્વક એમની સેવા કરવા લાગી. હે સુમુખિ! આ જ મારું જોયેલું સ્વપ્ન છે, જે મેં તમને સંભળાવી દીધું, કહી દીધું. તેથી હે પ્રિય મેને! થોડો સમય સુધી આ સ્વપ્નના ફળની પરીક્ષા અથવા પ્રતીક્ષા કરવી જોઈએ. આ સમયે તો એ જ ઉચિત ભાસે છે. તમે નિશ્ચિત સમજો, એ જ મારો વિચાર છે.

બ્રહ્માજી કહે છે—હે મુનીશ્વર નારદ! આવું કહીને ગિરિરાજ હિમવાન અને મેનકા શુદ્ધ હૃદયથી એ સ્વપ્નના ફળની પરીક્ષા અને પ્રતીક્ષા કરવા લાગ્યાં.

હે દેવર્ષિ! હે ભક્તિશિરોમણે! ભગવાન શંકરનો યશ પરમ પાવન, મંગલકારી, ભક્તિવર્ધક અને ઉત્તમ છે. તમે એને આદરપૂર્વક સાંભળો. દક્ષ-યજ્ઞથી પોતાના નિવાસસ્થાન કૈલાસ પર્વત પર આવીને ભગવાન શંભુ પ્રિયાવિરહથી દુઃખી દુઃખી થઈ ગયા અને પ્રાણથી પણ અધિક પ્રિય સતી દેવીનું હૃદયથી ચિંતન કરવા લાગ્યા. પોતાના પાર્ષદોને બોલાવીને સતીને માટે શોક કરતાં કરતાં એમના પ્રેમવર્ધક ગુણોનું અત્યંત પ્રીતિપૂર્વક વર્ણન કરવા લાગ્યા. આ બધું તેમણે સાંસારિક ગતિને બતાવવા માટે કર્યું. પછી, ગૃહસ્થ-આશ્રમની સુંદર સ્થિતિ તથા નીતિ-

રીતિનો પરિત્યાગ કરીને તે દિગંબર થઈ ગયા. બધા લોકોમાં ઉન્મત્તની જેમ ભ્રમણ કરવા લાગ્યા. લીલાકુશળ હોવાને કારણે વિરહીની અવસ્થાનું પ્રદર્શન કરવા લાગ્યા. સતીના વિરહથી દુઃખિત થઈને ક્યાંય પણ એમનું દર્શન ન થતાં ભક્તકલ્યાણકારી ભગવાન શંકર પુનઃ કૈલાસગિરિ પર પાછા, પરત આવી ગયા અને મનને યત્નપૂર્વક એકાગ્ર કરીને એમણે સમાધિ લગાવી લીધી, જે સમસ્ત દુઃખોનો નાશ કરનારી છે. સમાધિમાં એ અવિનાશી સ્વરૂપનું દર્શન કરવા લાગ્યા. આ રીતે ત્રણે ગુણોથી રહિત થઈને તે ભગવાન શિવ ચિરકાળ સુધી સુસ્થિર ભાવથી સમાધિમાં બેસી રહ્યા. તે પ્રભુ સ્વયં જ માયાના અધિપતિ નિર્વિકાર પરબ્રહ્મ છે. તદનંતર જ્યારે અસંખ્ય વર્ષો વહી ગયાં, ત્યારે એમણે સમાધિ છોડી. એ પછી તરત જ જે ચરિત્ર થયું, એ હું તમને બતાઉં છું, કહું છું. ભગવાન શિવના લલાટેથી એ સમયે શ્રમજનિત પરસેવાનું એક ટીપું પૃથ્વી પર પડ્યું અને તે તરત જ એક શિશુના રૂપે પરિણત થઈ ગયું. હે મુને! એ બાળકને ચાર ભુજાઓ હતી, શરીરની કાન્તિ લાલ હતી અને આકાર મનોહર હતો. દિવ્ય દ્યુતિથી દીપ્તિમાન તે શોભાશાળી બાળક અત્યંત દુસ્સહ તેજથી સંપન્ન હતો, તો પણ લોકાચાર-પરાયણ પરમેશ્વર શિવ-સામે તે સાધારણ શિશુની જેમ રડવા લાગ્યો. આ જોઈને પૃથ્વી ભગવાન શંકરથી ભય પામીને ઉત્તમ બુદ્ધિથી વિચાર કર્યા પછી સુંદર સ્રીનું રૂપ ધારણ કરીને ત્યાં પ્રગટ થઈ ગઈ. એ પૃથ્વીએ એ સુંદર બાળકને તરત જ ઉપાડીને પોતાના ખોળામાં લઈ લીધો અને પોતાની ઉપર પ્રગટ થનાર દૂધને જ ધાવણરૂપે એને આપવા લાગી. એણે સ્નેહથી એના મુખને ચૂમ્યું અને પોતાનો જ બાળક માનીને હસતાં હસતાં એને રમાડવા લાગી. પરમેશ્વર શિવના હિતસાધન કરનારી પૃથ્વી દેવી સાચા ભાવથી સ્વયં એની માતા બની ગયાં.

સંસારની સૃષ્ટિ કરનારા, પરમ કૌતુકી અને વિદ્વાન અંતર્યામી શંભુ આ ચરિત્ર જોઈને હસી પડ્યા અને પૃથ્વીને ઓળખીને એમને કહેવા લાગ્યા – 'હે ધરણિ! તમે ધન્ય છો. મારા આ પુત્રનું પ્રેમપૂર્વક પાલન કરો. આ શ્રેષ્ઠ શિશુ મારા મહાતેજસ્વી શંભુના શ્રમજલ (પરસેવાથી)થી તમારા ઉપર ઉત્પન્ન થયું છે. હે વસુધે! આ પ્રિયકારી બાળક જો કે મારા શ્રમજલ (પરસેવાથી)થી પ્રગટ થયો છે તો પણ તમારા નામથી જ તમારા જ પુત્રરૂપે એની ખ્યાતિ થશે. એ સદા ત્રિવિધ તાપથી રહિત થશે. અત્યંત ગુણવાન અને ભૂમિનું દાન કરનાર થશે. આ મને ખૂબ જ સુખ પ્રદાન કરશે. તમે એને પોતાની રુચિ અનુસાર ગ્રહણ કરો'

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને ભગવાન શિવ ચૂપ થઈ ગયા. એમના હૃદયમાંથી વિરહનો પ્રભાવ થોડો ઓછો થઈ ગયો. એમનામાં વિરહ તો ક્યાંથી હોય, તે તો લોકાચારનું પાલન કરી રહ્યા હતા. વાસ્તવમાં સત્પુરુષોને પ્રિય શ્રીરુદ્રદેવ નિર્વિકાર પરમાત્મા જ છે, શિવની ઉપર્યુક્ત આજ્ઞાને શિરોધાર્ય કરીને પુત્રસહિત પૃથ્વી દેવી શીઘ્ર જ પોતાને સ્થાને ચાલ્યાં ગયાં. એમને આત્યંતિક સુખ પ્રાપ્ત થયું. તે બાળક 'ભૌમ' નામે પ્રસિદ્ધ થયો. યુવાન થતાં તે તરત જ કાશી ચાલ્યો ગયો અને ત્યાં એણે દીર્ઘકાળ સુધી ભગવાન શંકરની સેવા કરી. વિશ્વનાથજીની કૃપાથી ગ્રહની પદવી પામીને તે ભૂમિકુમાર તરત જ શ્રેષ્ઠ અને દિવ્ય લોકમાં ચાલ્યા ગયા, જે શુક્રલોકથી પર છે.

*

# ભગવાન શિવનું ગંગાવતરણ તીર્થમાં તપસ્યા માટે આવવું, હિમવાન દ્વારા એમનું સ્વાગત, પૂજન અને સ્તવન તથા ભગવાન શિવની આજ્ઞા અનુસાર એમના એ સ્થાન પર બીજાઓને ન જવા દેવાની વ્યવસ્થા કરવી

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! હિમવાનની પુત્રી લોકપૂજિત શક્તિસ્વરૂપા પાર્વતી હિમાલયના ઘરમાં રહીને મોટી થવા માંડી. જ્યારે એની અવસ્થા આઠ વર્ષની થઈ ગઈ, ત્યારે સતીના વિરહથી દુઃખી થયેલા શંભુને એમના જન્મના સમાચાર મળ્યા. હે નારદ! એ અદ્‌ભુત બાલિકા પાર્વતીને હૃદયમાં રાખીને એ મનમાં ને મનમાં બહુ આનંદનો અનુભવ કરવા લાગ્યા. એ દરમિયાન લૌકિક ગતિનો આશરો લઈને શંભુએ પોતાના મનને એકાગ્ર કરવા માટે તપ કરવાનો વિચાર કર્યો. નંદી વગેરે થોડા શાંત પાર્ષદોને સાથે લઈને તે હિમાલયના ઉત્તમ શિખર ઉપર ગંગાવતાર (ગંગોત્તરી) નામના તીર્થમાં ચાલ્યા આવ્યા, જ્યાં પૂર્વકાળમાં બ્રહ્મધામથી ચ્યુત થઈને સમસ્ત પાપરાશિનો વિનાશ કરવાને માટે વહેલી પરમ પાવની ગંગા સૌથી પહેલાં ભૂતલ પર અવતીર્ણ થયાં હતાં. જિતેન્દ્રિય હરે ત્યાં રહીને તપસ્યાનો આરંભ કર્યો. તે આળસરહિત થઈને ચેતન, જ્ઞાન સ્વરૂપ, નિત્ય, જ્યોતિર્મય, નિરામય, જગન્મય, ચિદાનંદસ્વરૂપ, દ્વૈતહીન તથા આશ્રયરહિત પોતાના આત્મભૂત પરમાત્માનું એકાગ્રભાવથી ચિંતન કરવા લાગ્યા. ભગવાન હરનું ધ્યાન પરાયણ થઈને નંદી-ભૃંગી વગેરે બીજા અન્ય પાર્ષદગણ પણ ધ્યાનમાં તત્પર થઈ ગયા. એ સમયે થોડા જ પ્રમથગણ પરમાત્મા શંભુની સેવા કરતા હતા. તે સૌ એકદમ મૌન રાખતા હતા અને એક શબ્દ પણ બોલતા ન હતા. કેટલાક દ્વારપાલ થઈ ગયા હતા.

આ જ સમયે ગિરિરાજ હિમવાન એ ઔષધિ-બહુલ શિખર ઉપર ભગવાન શંકરનું શુભાગમન સાંભળીને એમના પ્રતિ આદરની ભાવનાથી ત્યાં આવ્યા. આવીને સેવકો સહિત ગિરિરાજે ભગવાન રુદ્રને પ્રણામ કર્યા. એમની પૂજા કરી અને અત્યંત પ્રસન્ન થઈને હાથ જોડીને એમનું સુંદર સ્તવન કર્યું. પછી હિમાલયે કહ્યું – 'હે પ્રભો! મારા સૌભાગ્યનો ઉદય થયો છે, જે આપ અહીં પધાર્યા છો. આપે તો મને સનાથ કરી દીધો છે. આવું કેમ ન થાય? અલબત્ત થાય જ મહાત્માઓએ આ ઠીક જ વર્ણન કર્યું છે કે આપ દીનવત્સલ છો. આજે મારો જન્મ સફળ થઈ ગયો. આજે મારું જીવન



સફળ થઈ ગયું, કેમકે, આપે અહીં પદાર્પણ કરવાનું કષ્ટ કર્યું છે. હે મહેશ્વર! આપ મને પોતાનો દાસ સમજીને શાંતભાવથી મને સેવાને માટે આજ્ઞા આપો. હું બહુ પ્રસન્નતાથી અનન્યચિત્ત થઈને આપની સેવા કરીશ.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! ગિરિરાજનું આ વચન સાંભળીને મહેશ્વરે થોડી આંખો ખોલી અને સેવકોસહિત હિમવાનને જોયો. સેવકોસહિત ગિરિરાજને ઉપસ્થિત જોઈને ધ્યાનયોગમાં સ્થિત થયેલા જગદીશ્વર વૃષભધ્વજે જાણે હસતાં હસતાં કહ્યું.

**મહેશ્વર બોલ્યા**—હે શૈલરાજ! હું તમારા શિખર ઉપર એકાંતમાં તપસ્યા કરવા માટે આવ્યો છું. તમે એવો પ્રબંધ કરો, જેથી કોઈ પણ મારી નિકટ ન આવી શકે. તમે મહાત્મા છો, તપસ્યાના ધામ છો તથા મુનિઓ, દેવતાઓ, રાક્ષસો અને અન્ય મહાત્માઓને પણ સદા આશ્રય આપનારા છો. દ્વિજ વગેરેનું તમારા ઉપર સદાયે નિવાસ રહે છે. તમે ગંગાથી અભિષિક્ત થઈને સદાને માટે પવિત્ર થઈ ગયા છો. બીજાઓ ઉપર ઉપકાર કરનાર તથા સંપૂર્ણ પર્વતોમાં સામર્થ્યશાળી રાજા છો. હે ગિરિરાજ! હું અહીં ગંગાવતરણ-સ્થળમાં તમારે આશ્રિત થઈને આત્મસંયમપૂર્વક બહુ પ્રસન્નતાની સાથે તપસ્યા કરીશ. હે શૈલરાજ! હે ગિરિશ્રેષ્ઠ! જે સાધનથી અહીં મારી તપસ્યા વગર કોઈ વિઘ્ન-બાધાએ ચાલુ રહી શકે, એને આ સમયે પ્રયત્નપૂર્વક કરો. હે પર્વતપ્રવર! મારી આ જ સૌથી મોટી સેવા છે. તમે તમારે ઘેર જાઓ અને મેં જે કાંઈ કહ્યું છે, એનો ઉત્તમ પ્રીતિથી યત્ન પૂર્વક પ્રબંધ કરો.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને સૃષ્ટિકર્તા જગદીશ્વર ભગવાન શંભુ ચૂપ થઈ ગયા. એ સમયે ગિરિરાજે શંભુને આ વાત કહી – 'હે જગન્નાથ! હે પરમેશ્વર! આજે મેં પોતાના પ્રદેશમાં સ્થિત થયેલા આપનું સ્વાગતપૂર્વક પૂજન કર્યું છે, એ જ મારે માટે મહાન સૌભાગ્યની વાત છે. હવે આપને બીજી કઈ પ્રાર્થના કરું. હે મહેશ્વર! કેટકેટલાય દેવતા મોટા મોટા યત્નનો આશ્રય લઈને મહાન તપ કરીને પણ આપને પ્રાપ્ત કરી શકતા નથી. એ જ આપ અહીં સ્વયં ઉપસ્થિત થઈ ગયા. મારાથી અધિક શ્રેષ્ઠ સૌભાગ્યશાળી અને પુણ્યાત્મા બીજો કોઈ નથી, કેમકે, આપ મારા પૃષ્ઠભાગ પર તપસ્યા માટે ઉપસ્થિત થયા છો. હે પરમેશ્વર! આજે હું પોતાને દેવરાજ ઈન્દ્રથી પણ વધારે ભાગ્યવાન માનું છું, કેમકે, સેવકોસહિત આપે અહીં આવીને મારા પર અનુગ્રહ કર્યો. ભાગ્યશાળી બનાવી દીધો. હે દેવેશ! આપ સ્વતંત્ર છો. અહીં કોઈ પણ વિઘ્ન-બાધા વગર ઉત્તમ તપસ્યા કરો. હે પ્રભો! હું આપનો દાસ છું. તેથી સદા આપની આજ્ઞા અનુસાર સેવા કરીશ.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને ગિરિરાજ હિમાલય તરત જ પોતાને ઘેર જતા રહ્યા. એમણે પોતાની પ્રિયા મેનાને બહુ આદરથી એ સર્વ વૃત્તાંત કહ્યો. સંભળાવી દીધો. ત્યારપછી શૈલરાજે સાથે જનાર પરિજનો તથા સમસ્ત સેવકગણોને બોલાવીને એમને સારીપેઠે સમજાવ્યા.

**હિમાલય બોલ્યા**—આજથી કોઈ પણ ગંગાવતરણ નામના સ્થાનમાં, જે મારા પૃષ્ઠભાગમાં જ છે, મારી આજ્ઞા અનુસાર ન જાય. હું આ સાચી વાત કહું છું. જો કોઈ ત્યાં

જશે તો એને મહાદુષ્ટને - હું વિશેષ દંડ આપીશ. હે મુને! આ રીતે પોતાના સમસ્ત ગણોને શીઘ્ર જ નિયંત્રિત કરીને હિમવાને વિઘ્નનિવારણ માટે જે સુંદર પ્રયત્ન કર્યો, એ તમને બતાવું છું, સાંભળો.

(અધ્યાય-૧૧)

*

## હિમવાનનો પાર્વતીને શિવની સેવામાં રાખવા માટે એમની પાસે આજ્ઞા માગવી અને શિવે કારણ બતાવતાં એ પ્રસ્તાવનો અસ્વીકાર કરવો

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! તદનંતર શૈલરાજ હિમાલય ઉત્તમ ફળ-ફૂલ લઈને પોતાની પુત્રીની સાથે હર્ષપૂર્વક ભગવાન હર પાસે ગયા. ત્યાં જઈને એમણે ધ્યાનપરાયણ ત્રિલોકીનાથ શિવને પ્રણામ કર્યા અને પોતાની અદ્ભુત કન્યા કાલીને હૃદયપૂર્વક એમની સેવામાં અર્પિત કરી દીધી. ફળ-ફૂલ વગેરે બધી સામગ્રી એમની સામે મૂકીને પુત્રીને આગળ કરીને શૈલરાજે શંભુને કહ્યું – 'હે ભગવન્! મારી પુત્રી આપ ભગવાન ચંદ્રશેખરની સેવા કરવાને માટે ઉત્સુક છે. માટે આપની આરાધનાની ઈચ્છાથી હું એને સાથે લાવ્યો છું. આ એની બે બહેનપણીઓ સાથે સદા આપ શંકરની જ સેવામાં રહો. હે નાથ! જો આપનો મુજ પર અનુગ્રહ હોય તો આ કન્યાને સેવા માટે આજ્ઞા આપો.'

ત્યારે ભગવાન શંકરે એ પરમ મનોહર કામરૂપિણી કન્યાને જોઈને આંખો બંધ કરી દીધી અને પોતાના ત્રિગુણાતીત, અવિનાશી, પરમતત્ત્વમય ઉત્તમ રૂપનું ધ્યાન આરંભી દીધું. એ સમયે સર્વેશ્વર અને સર્વવ્યાપી જટાજૂટધારી વેદાન્તવેદ્ય ચંદ્રકલાવિભૂષણ શંભુ ઉત્તમ આસન પર બેસીને નેત્રો બંધ કરીને તપ (ધ્યાન)માં જ લાગી ગયા. આ જોઈને હિમાચલે મસ્તક નમાવીને ફરીથી એમનાં ચરણોમાં પ્રણામ કર્યા. જોકે એમના હૃદયમાં દીનતા ન હતી, તો પણ એ તે સમયે એ સંશયમાં પડી ગયા કે ન જાણે ભગવાન મારી પ્રાર્થનાનો સ્વીકાર કરશે કે નહીં. વક્તાઓમાં શ્રેષ્ઠ ગિરિરાજ હિમવાને જગતના એક માત્ર બંધુ ભગવાન શિવને આ પ્રકારે કહ્યું.

**હિમાલય બોલ્યા**—હે દેવદેવ! હે મહાદેવ, હે કરુણાકર, હે શંકર! હે વિભો! હું આપને શરણે આવ્યો છું. આંખો ખોલીને મારી તરફ નજર કરો. હે શિવ! હે શર્વ! હે મહેશ્વર! જગતને આનંદ પ્રદાન કરનારા હે પ્રભો! હે મહાદેવ! આપ સંપૂર્ણ આપત્તિઓનું નિવારણ કરનારા છો. હું આપને પ્રણામ કરું છું. હે સ્વામિન્! હે પ્રભો! હું મારી આ પુત્રની સાથે પ્રતિદિન આપનાં દર્શન કરવાને માટે આવીશ. એ માટે મને આદેશ આપો.

એમની આ વાત સાંભળીને દેવદેવ મહેશ્વરે આંખો ખોલી ધ્યાન છોડી દીધું અને થોડો સોચ-વિચાર કરીને કહ્યું.

**મહેશ્વર બોલ્યા**—હે ગિરિરાજ! તમે તમારી આ કુમારી કન્યાને ઘરમાં રાખીને જ નિત્ય મારાં દર્શને આવી શકો છો, નહીં તો મારાં દર્શન નહીં થઈ શકે.

મહેશ્વરની આવી વાત સાંભળીને શિવાના પિતા હિમવાન મસ્તક નમાવીને એ ભગવાન શિવને કહેવા લાગ્યા – 'હે પ્રભો! એ તો કહો કે કયા કારણથી હું આ કન્યાની સાથે દર્શનને

માટે ન આવી શકું. શું એ આપની સેવાને યોગ્ય નથી? પછી એને તેડીને આવવાનું શું કારણ છે, એ મારી સમજમાં આવતું નથી.'



આ સાંભળીને ભગવાન વૃષભધ્વજ શંભુ હસવા લાગ્યા અને વિશેષતઃ દુષ્ટ યોગીઓને લોકાચારનું દર્શન કરાવતાં કરાવતાં તે હિમાલયને કહેવા લાગ્યા – 'હે શૈલરાજ! આ કુમારી સુંદર કટિપ્રદેશથી સુશોભિત, તન્વંગી, ચંદ્રમુખી અને શુભ લક્ષણોથી યુક્ત છે, સંપન્ન છે. એટલા માટે એને મારી પાસે તમારે ન લાવવી જોઈએ. એટલા માટે હું તમને વારંવાર રોકું છું. વેદના પારંગત વિદ્વાનોએ નારીને માયારૂપિણી કહી છે. વિશેષતઃ યુવાન સ્ત્રી તો તપસ્વીજનોના તપમાં વિઘ્ન ઉપસ્થિત કરનારી જ હોય છે. હે ગિરિશ્રેષ્ઠ! હું તપસ્વી, યોગી અને સદા માયાથી નિર્લિપ્ત રહેનારો છું. મારે યુવાન સ્ત્રીનું શું પ્રયોજન. તપસ્વીઓ માટે શ્રેષ્ઠ આશ્રયરૂપ હે હિમાલય! એટલા માટે ફરીથી તમારે આવી વાત ન કહેવી, કરવી જોઈએ, કેમકે, તમે વેદોક્ત ધર્મમાં પ્રવીણ, જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ અને વિદ્વાન છો. હે અચલરાજ! સ્ત્રીના સંગથી મનમાં શીઘ્ર જ વિષયવાસના ઉત્પન્ન થઈ જાય છે. એથી વૈરાગ્ય નષ્ટ થઈ જાય છે અને વૈરાગ્ય ન હોવાને કારણે પુરુષ ઉત્તમ તપસ્યાથી ભ્રષ્ટ થઈ જાય છે એટલા માટે હે શૈલ! તપસ્વીઓએ સ્ત્રીઓનો સંગ ન કરવો જોઈએ, કેમકે, સ્ત્રી મહા વિષય-વાસનાનું મૂળ અને જ્ઞાનવૈરાગ્યનો વિનાશ કરનારી હોય છે.*

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આ પ્રકારની ઘણી વાતો કહીને મહાયોગિશિરોમણિ ભગવાન મહેશ્વર ચૂપ થઈ ગયા. હે દેવર્ષિ! શંભુના આ નિરામય, નિસ્પૃહ અને નિષ્ઠુર વચન સાંભળીને કાલીના પિતા હિમવાન ચકિત, થોડા થોડા વ્યાકુળ અને ચૂપ થઈ ગયા. તપસ્વી શિવની કહેલી વાત સાંભળીને અને ગિરિરાજ હિમવાનને ચકિત થયેલા જાણીને ભવાની પાર્વતી એ સમયે ભગવાન શિવને પ્રણામ કરીને વિશદ વચન બોલ્યાં.

(અધ્યાય-૧૨)

*

* ભવત્યચલ તત્સંગાદ્ વિષયોત્પત્તિરાશુ વૈ। વિનશ્યતિ ચ વૈરાગ્યં તતો ભ્રશ્યતિ સત્તપઃ॥
અતસ્તપસ્વિના શૈલ ન કાર્યા સ્ત્રીષુ સંગતિઃ। મહાવિષયમૂલં સા જ્ઞાનવૈરાગ્યનાશિની॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૧૨/૩૧-૩૨)

# પાર્વતી અને શિવનો દાર્શનિક સંવાદ, શિવની પાર્વતીને પોતાની સેવામાં રહેવા આજ્ઞા આપવી અને પાર્વતી દ્વારા ભગવાન શિવની પ્રતિદિન સેવા

**ભવાનીએ કહ્યું**—હે યોગિન! તમે તપસ્વી થઈને ગિરિરાજને આ શી વાત કહી દીધી? હે પ્રભો! આપ જ્ઞાનવિશારદ છો, તો પણ તમારી વાતનો હું જવાબ આપું છું તે સાંભળો. હે શમ્ભો! આપ તપઃશક્તિથી સંપન્ન થઈને જ બહુ ભારે તપ કરો છો. એ શક્તિને કારણે જ આપ મહાત્માને તપસ્યા કરવાનો વિચાર થયો છે. સર્વ કર્મોને કરવાની જે એ શક્તિ છે, એને જ પ્રકૃતિ જાણવી જોઈએ. પ્રકૃતિથી જ સર્વની સૃષ્ટિ, સર્વનું પાલન અને સંહાર થાય છે. હે ભગવન્! આપ કોણ છો? અને સૂક્ષ્મ પ્રકૃતિ શી ચીજ છે? એનો વિચાર કરો. પ્રકૃતિ વગર લિંગરૂપી મહેશ્વર કેવી રીતે થઈ શકે છે? આપ સદા પ્રાણીઓને માટે જે અર્ચનીય, વંદનીય અને ચિંતનીય છો, એ પ્રકૃતિને કારણે જ છો. આ વાતને હૃદયથી વિચારીને જ આપને જે કહેવાનું હોય, તે સર્વ કહો.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! પાર્વતીજીનાં આ વચનને સાંભળીને મહતી લીલા કરવામાં લાગેલા પ્રસન્નચિત્ત મહેશ્વર હસતાં હસતાં બોલ્યા.

**મહેશ્વરે કહ્યું**—હું ઉત્કૃષ્ટ તપસ્યા દ્વારા જ પ્રકૃતિનો નાશ કરું છું અને તત્ત્વતઃ પ્રકૃતિરહિત શંભુરૂપે સ્થિત રહું છું. તેથી સત્પુરુષોએ ક્યારેય અથવા ક્યાંય પ્રકૃતિનો સંગ્રહ કરવો ન જોઈએ. લોકાચારથી દૂર અને નિર્વિકાર રહેવું જોઈએ.

હે નારદ! જ્યારે શંભુએ લૌકિક વ્યવહાર અનુસાર આ વાત કહી, ત્યારે કાલી મનમાં ને મનમાં હસીને મધુર વાણીમાં બોલ્યાં.

**કાલીએ કહ્યું**—હે કલ્યાણકારી પ્રભો! હે યોગિન! આપે જે વાત કહી છે, શું તે વાણી પ્રકૃતિ નથી? તો પછી આપ એનાથી પણ પાર કેમ ન થઈ ગયા? (શા માટે પ્રકૃતિની સહાય લઈને બોલવા લાગ્યા?) આ સર્વ વાતોનો વિચાર કરીને તાત્ત્વિક દૃષ્ટિથી જે યથાર્થ વાત હોય, એને જ કહેવી જોઈએ. આ સર્વ કાંઈ સદા પ્રકૃતિથી બંધાયેલું છે. એટલા માટે આપે ન તો બોલવું જોઈએ અને ન કાંઈ કરવું પણ જોઈએ; કેમકે, કહેવું અને કરવું – સર્વ વ્યવહાર પ્રાકૃત જ છે. આપ સ્વયંની બુદ્ધિથી આને સમજો. આપ જે કાંઈ સાંભળો છો, ખાવ છો, જુઓ છો અને કરો છો એ સર્વ પ્રકૃતિનું જ કાર્ય છે. જૂઠો વાદ-વિવાદ કરવો વ્યર્થ છે. હે પ્રભો! હે શંભો! જો આપ પ્રકૃતિથી પર છો તો આ સમયે આ હિમવાન પર્વત પર આપ તપસ્યા શા માટે કરો છો? હે હર! પ્રકૃતિ આપને ગળી ગઈ છે તેથી આપ સ્વયંનું સ્વરૂપ જાણતા નથી. હે ઈશ! જો આપ આપના સ્વરૂપને જાણતા હોત તો શા માટે તપ કરો છો? હે યોગિન! મારી આપની સાથે વાદ-વિવાદ કરવાની શી આવશ્યકતા છે? પ્રત્યક્ષ પ્રમાણ ઉપલબ્ધ હોય તો વિદ્વાન પુરુષ અનુમાન પ્રમાણ નથી માનતા. જે કાંઈ પ્રાણીઓની ઇન્દ્રિયોનો વિષય થાય છે. તે સર્વ જ્ઞાની પુરુષોએ બુદ્ધિથી વિચાર કરીને પ્રાકૃત જ માનવું જોઈએ. હે યોગીશ્વર! બહુ કહેવાથી શો લાભ? મારી ઉત્તમ વાત સાંભળો. હું પ્રકૃતિ છું. આપ પુરુષ છો. આ સત્ય છે. સત્ય છે. એમાં સંશય નથી. મારા

અનુગ્રહથી જ આપ સગુણ અને સાકાર મનાયા છો. મારા વગર તો આપ નિરીહ છો. કશું જ કરી શકો નહીં. આપ જિતેન્દ્રિય હોવા છતાં પણ પ્રકૃતિને અધીન થઈને સદા વિવિધ પ્રકારનાં કર્મ કરતા રહો છો. પછી નિર્વિકાર કેવી રીતે કહી શકાય? આપ મારાથી લિપ્ત કેમ ન કહેવાવ? હે શંકર! જો આપ પ્રકૃતિથી પર છો અને જો આપનું આ કથન સત્ય હોય તો આપને હું સમીપ રહું તો પણ ડરવું ન જોઈએ.

**બ્રહ્માજી કહે છે**—પાર્વતીનાં આ સાંખ્ય-શાસ્ત્ર અનુસાર કહેલાં વચન સાંભળીને ભગવાન શિવ વેદાંતમતમાં સ્થિત થઈને એમને આમ કહ્યું.

**શ્રીશિવે કહ્યું**—હે સુંદર ભાષણ કરનારાં ગિરિજે! જો તમે સાંખ્ય-મતને ધારણ કરીને આવી વાત કહેતાં હો તો પ્રતિદિન મારી સેવા કરો, પરંતુ એ સેવા શાસ્ત્રનિષિદ્ધ ન હોવી જોઈએ.

ગિરિજાને આવું કહીને ભક્તો પર અનુગ્રહ અને એમનું મનોરંજન કરનારા ભગવાન શિવ હિમવાનને કહેવા લાગ્યા.

**શિવે કહ્યું**—હે ગિરિરાજ! હું અહીં તમારા અત્યંત રમણીય શ્રેષ્ઠ શિખરની ભૂમિ પર ઉત્તમ તપસ્યા તથા પોતાના આનંદમય પરમાર્થસ્વરૂપનો વિચાર કરતાં કરતાં વિચરણ કરીશ. હે પર્વતરાજ! આપ મને અહીં તપસ્યા કરવાની અનુમતિ આપો. આપની અનુજ્ઞા વગર કોઈ તપ નહીં કરી શકાય.

દેવાધિદેવ શૂલધારી ભગવાન શિવની આ ઉક્તિ સાંભળીને હિમવાને એમને પ્રણામ કરીને કહ્યું – 'હે મહાદેવ! દેવતા, અસુર અને મનુષ્યોસહિત સંપૂર્ણ જગત તો આપનાં જ છે. હું તુચ્છ થઈને આપને શું કહું?'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! ગિરિરાજ હિમવાનનું આવું કહેવાથી લોકકલ્યાણકારી ભગવાન શંકર હસી પડ્યા અને આદરપૂર્વક એમને કહ્યું – 'હવે તમે જાઓ' શંકરની આજ્ઞા મેળવીને હિમવાન પોતાને ઘેર પરત ગયા. તે ગિરિજાની સાથે પ્રતિદિન એમનાં દર્શન માટે આવતા હતા. કાલી પોતાના પિતા વગર પણ બંને સખીઓની સાથે નિત્ય શંકરજીની પાસે જતાં અને ભક્તિપૂર્વક એમની સેવામાં રત રહેતાં. નંદીશ્વર વગેરે કોઈ પણ ગણ એમને રોકતું ન હતું. હે તાત! મહેશ્વરના આદેશથી જ આવું થતું હતું. પ્રત્યેક ગણ પવિત્રતાપૂર્વક રહીને એમની આજ્ઞાનું પાલન કરતા હતા. જે વિચાર દ્વારા પરસ્પર અભિન્ન સિદ્ધ થાય છે, એ જ શિવા અને શિવે સાંખ્ય અને વેદાંત મતમાં સ્થિત થઈને જે કલ્યાણદાયક સંવાદ કર્યો, તે સર્વદા સુખ પ્રદાયક છે. એ સંવાદ મેં અહીં કહી સંભળાવ્યો. ઇન્દ્રિયાતીત ભગવાન શંકરે ગિરિરાજના કહેવાથી એમનું ગૌરવ માનીને એમની પુત્રીને પોતાની પાસે રહીને સેવા કરે તે માટે સ્વીકૃતિ આપી દીધી.

કાલી પોતાની બે સખીઓની સાથે ચંદ્રશેખર મહાદેવજીની સેવા માટે પ્રતિદિન આવતી-જતી હતી. તે ભગવાન શંકરનાં ચરણ ધોઈને એ ચરણામૃતનું પાન કરતાં હતાં. અગ્નિથી તપાવીને શુદ્ધ કરેલા વસ્ત્ર (અથવા ગરમ પાણીથી ધોયેલા વસ્ત્ર દ્વારા) એમના શરીરનું માર્જન કરતાં, એને માલીશ કરતાં અને લૂછતાં. પછી સોળ ઉપચારથી વિધિવત્ હરની પૂજા કરીને વારંવાર એમના ચરણોમાં પ્રણામ કર્યા પછી પ્રતિદિન પિતાને ઘેર પરત જતાં. હે મુનિશ્રેષ્ઠ! આ રીતે

ધ્યાનપરાયણ શંકરની સેવામાં રત થયેલી શિવાનો મોટા ભાગનો સમય વ્યતીત થઈ ગયો, તો પણ એ પોતાની ઈન્દ્રિઓને સંયમમાં રાખીને પૂર્વવત્ એમની સેવા કરતાં રહ્યાં. મહાદેવજીએ જ્યારે ફરી તેમને પોતાની સેવામાં નિત્ય તત્પર જોયાં, ત્યારે તે દયાથી દ્રવિત થઈ ગયા અને આ પ્રકારે વિચારવા લાગ્યા – 'આ કાલી જ્યારે તપશ્ચર્યાવ્રત કરશે અને એમનામાં ગર્વનું બીજ પણ નહીં રહી જાય. ત્યારે હું એમનું પાણિગ્રહણ કરીશ.'

આવો વિચાર કરીને મહાલીલા કરનાર મહાયોગીશ્વર ભગવાન ભૂતનાથ તત્કાલ ધ્યાનમાં લીન થઈ ગયા. હે મુને! પરમાત્મા શિવ જ્યારે ધ્યાનમાં લાગી ગયા, ત્યારે એમના હૃદયમાં બીજી કોઈ ચિંતા રહી નહીં. કાલી પ્રતિદિન મહાત્મા શિવના સ્વરૂપનું નિરંતર ધ્યાન કરતાં કરતાં ઉત્તમ ભક્તિભાવથી એમની સેવામાં લાગી ગયાં. ધ્યાનપરાયણ ભગવાન હર શુદ્ધ ભાવથી ત્યાં રહેલાં કાલીને રોજ જોતા હતા. તેમ છતાં પણ પૂર્વચિંતાને ભૂલીને એમને જોવા છતાં જોતા ન હતા.

આ દરમિયાન ઈન્દ્ર વગેરે દેવતાઓ તથા મુનિઓએ બ્રહ્માજીની આજ્ઞાથી કામદેવને આદરપૂર્વક ત્યાં મોકલ્યા. એ કામની પ્રેરણાથી કાલીનો રુદ્ર સાથે સંયોગ કરાવવા ઈચ્છતા હતા. એમનું આવું કરવામાં એ કારણ હતું કે મહાપરાક્રમી તારકાસુરથી તેઓ બહુ પીડિત હતા (અને શંકરજીથી કોઈ મહાન બળવાન પુત્રની ઉત્પત્તિ ચાહતા હતા). કામદેવે ત્યાં પહોંચીને પોતાના સર્વ ઉપાયોનો પ્રયોગ કર્યો, પરંતુ મહાદેવજીના મનમાં જરા સરખો પણ ક્ષોભ ન થયો. બલકે એને બદલે એમણે કામદેવને બાળીને ભસ્મ કરી દીધો. હે મુને! ત્યારે સતી પાર્વતી પણ ગર્વરહિત થઈને એમની આજ્ઞાથી બહુ મોટી તપસ્યા કરીને શિવને પતિરૂપે પ્રાપ્ત કર્યા. પછી એ પાર્વતી અને પરમેશ્વર પરસ્પર અત્યંત પ્રેમથી અને પ્રસન્નતાપૂર્વક રહેવા લાગ્યાં. એ બંનેએ પરોપકારમાં તત્પર રહીને દેવતાઓના મહાન કાર્યને સિદ્ધ કર્યું.

(અધ્યાય-૧૩)

*

## તારકાસુરના સતાવેલા દેવતાઓ દ્વારા બ્રહ્માજીને પોતાની કષ્ટકથા સંભળાવવી, બ્રહ્માજીનો એમને પાર્વતીની સાથે શિવનો વિવાહ થાય તે માટે ઉદ્યોગ કરવાનો આદેશ આપવો, બ્રહ્માજીના સમજાવવાથી તારકાસુરનું સ્વર્ગ છોડવું અને દેવતાઓનું ત્યાં રહીને લક્ષ્યસિદ્ધિ માટે પ્રયત્નશીલ થવું

સૂતજી કહે છે—તદનંતર નારદજીના પૂછવાથી પાર્વતીના વિવાહનો વિસ્તૃત પ્રસંગને ઉપસ્થિત કરતાં બ્રહ્માજીએ તારકાસુરની ઉત્પત્તિ, એનું ઉગ્ર તપ, મનોવાંછિત વરદાનની પ્રાપ્તિ તથા દેવતા અને અસુર સર્વને જીતીને જાતે ઈન્દ્રપદ પર પ્રતિષ્ઠિત થઈ જવાની કથા સંભળાવી.

ત્યાર બાદ બ્રહ્માજીએ કહ્યું—તારકાસુર ત્રણે લોકોને પોતાના વશમાં કરીને જ્યારે સ્વયં ઈન્દ્ર બની ગયો ત્યારે એની સામે એના સમાન

બીજો કોઈ જ શાસક ન રહ્યો. તે જિતેન્દ્રિય અસુર ત્રિભુવનનો એકમાત્ર સ્વામી થઈને અદ્‌ભુત રીતે રાજ્યનું સંચાલન કરવા લાગ્યો. એણે સમસ્ત દેવતાઓને હાંકી કાઢ્યા અને એમની જગાએ દૈત્યોને સ્થાપિત કરી દીધા અને વિદ્યાધર વગેરે દેવયોનિઓને સ્વયં પોતાના કર્મમાં જોતરી દીધા. હે મુને! ત્યાર પછી તારકાસુરના સતાવેલા ઈન્દ્ર વગેરે સંપૂર્ણ દેવતા અત્યંત વ્યાકુળ અને અનાથ થઈને મારે શરણે આવ્યા. એ સૌએ મુજ પ્રજાપતિને પ્રણામ કરીને ખૂબ ભક્તિથી મારું સ્તવન કર્યું અને પોતાના દારુણ દુ:ખથી વ્યથા-કથા કહેવા લાગ્યા – 'હે પ્રભો! આપ જ અમારી ગતિ છો. આપ જ અમને કર્તવ્યનો ઉપદેશ દેનારા છો અને આપ જ અમારા ધાતા અને ઉદ્ધારક છો. અમે બધા દેવતા તારકાસુર નામક અગ્નિમાં બળી રહ્યા છીએ અને અત્યંત વ્યાકુળ થઈ રહ્યા છીએ. જેવી રીતે સંનિપાત રોગમાં પ્રબળ દવાઓ પણ નિર્બળ થઈ જાય છે એવી જ રીતે એ અસુરે અમારા સર્વ ક્રૂર ઉપાયોને બલહીન બનાવી દીધા છે. ભગવાન વિષ્ણુનાં સુદર્શન પર જ અમારા વિજયની આશા રહેલી છે, પરંતુ તે સુદર્શન પણ એના કંઠ પર કુંઠિત થઈ ગયું. એના ગળામાં પડીને તે એવું દેખાવા લાગ્યું જાણે એ અસુરને ફૂલની માળા ન પહેરાવી હોય.

હે મુને! દેવતાઓનું આ કથન સાંભળીને મેં એમને સૌને સમયોચિત વાત કહી – 'હે દેવતાઓ! મારા જ વરદાનથી દૈત્ય તારકાસુર આટલો બધો વધી ગયો છે. તેથી મારા જ હાથે તો એનો વધ થવો ઉચિત નથી. જે જેના વડે પોષણ મેળવે, એના જ દ્વારા એનો વધ થાય એ યોગ્ય કાર્ય નથી. વિષના વૃક્ષને પણ જો સ્વયં સીંચીને મોટું કર્યું હોય તો એને કાપવું એ અનુચિત મનાયું છે. તમારા સૌનું કાર્ય કરવા યોગ્ય ભગવાન શંકર છે. પરંતુ તે તમારા કહેવાથી પણ સ્વયં એ અસુરનો સામનો નહીં કરી શકે. તારક દૈત્ય સ્વયં પોતાના જ પાપથી નષ્ટ થઈ જશે. હું જેવો ઉપદેશ આપું છું, તમે તેવું જ કાર્ય કરો, મારા વરદાનના પ્રભાવથી ન તો હું તારકાસુરનો વધ કરી શકું અને ન વિષ્ણુ ભગવાન પણ વધ કરી શકે અને ભગવાન શંકર પણ એનો વધ કરી શકે. બીજો કોઈ વીર પુરુષ અથવા સર્વ દેવતાઓ ભેગા મળીને પણ એને નહીં મારી શકે, આ હું સત્ય કહું છું. હે દેવતાઓ જો શિવજીના વીર્યથી કોઈ પુત્ર ઉત્પન્ન થાય તો તે જ તારક દૈત્યનો વધ કરી શકે, બીજો કોઈ નહીં. હે સુરશ્રેષ્ઠ! એ માટે હું જે ઉપાય બતાવું છું, એ કરો. મહાદેવજીની કૃપાથી એ ઉપાય અવશ્ય સિદ્ધ થશે. પૂર્વકાળમાં જે દક્ષકન્યા સતીએ દક્ષ યજ્ઞમાં પોતાના દેહનો ત્યાગ કર્યો હતો, એ જ આ સમયે હિમાલય પત્ની મેનકાના ગર્ભથી ઉત્પન્ન થયાં છે. આ વાત તો તમે પણ જાણો છો. મહાદેવજી એ કન્યાનું પાણિગ્રહણ અવશ્ય કરશે, તથાપિ હે દેવતાઓ! તમે સ્વયં પણ એને માટે પ્રયત્ન કરો. તમે પોતાના પ્રયત્નથી એવો ઉદ્યોગ કરો જેથી મેનકાકુમારી પાર્વતીમાં ભગવાન શંકર પોતાના વીર્યનું આધાન કરી શકે. ભગવાન શંકર ઊર્ધ્વરેતા છે (એમનું વીર્ય ઉપર તરફ ઊઠેલું છે.) એમના વીર્યને પ્રસ્ખલિત કરવામાં કેવળ પાર્વતી જ સમર્થ છે. બીજી કોઈ અબળા પોતાની શક્તિથી આવું કરી શકે નહિ. ગિરિરાજની પુત્રી એ પાર્વતી આ સમયે યુવાવસ્થામાં પ્રવેશી ગઈ

છે અને હિમાલય પર તપસ્યામાં રત મહાદેવજીની પ્રતિદિન સેવા કર્યા કરે છે. પોતાના પિતા હિમવાનના કહેવાથી કાલી શિવા પોતાની બે સખીઓ સાથે ધ્યાનપરાયણ પરમેશ્વર શિવની સાગ્રહ સેવા કરી રહ્યાં છે. ત્રણે લોકોમાં સૌથી અધિક સુંદરી પાર્વતી શિવની સામે રહીને પ્રતિદિન એમની પૂજા કરે છે, તો પણ તે ધ્યાનમગ્ન મહેશ્વર મનથી પણ ધ્યાનહીન સ્થિતિમાં આવતા નથી. અર્થાત્ ધ્યાનભંગ કરીને પાર્વતી ભણી જોવાનો મનથી પણ વિચાર કરતા નથી. હે દેવતાઓ! ચંદ્રશેખર શિવ જે પ્રકારે કાલીને પોતાની ભાર્યા બનાવવાની ઇચ્છા કરે એવો જ પ્રયત્ન તમે લોકો શીઘ્ર જ કરો. હું એ દૈત્યના સ્થાન પર જઈને તારકાસુરને ખોટી હઠથી હટાવવાની ચેષ્ટા કરીશ. તેથી હવે તમે લોકો પોતપોતાને સ્થાને જતા રહો.'

હે નારદ! દેવતાઓને આવું કહીને હું તરત જ તારકાસુરને મળ્યો અને એને બહુ પ્રેમથી બોલાવીને મેં એને આ રીતે કહ્યું – 'હે તારક! આ સ્વર્ગ અમારા તેજનું સારતત્ત્વ છે. પરંતુ તમે અહીંના રાજ્યનું પાલન કરો છો. જેને માટે તમે ઉત્તમ તપસ્યા કરી હતી, એને વધારે ને વધારે ચાહવા લાગ્યા છો. મેં તમને આથી નાનું સરખું જ વરદાન આપ્યું હતું. મેં સ્વર્ગનું રાજ્ય કદાપિ આપ્યું ન હતું. એટલા માટે તમે સ્વર્ગને છોડીને પૃથ્વી પર રાજ્ય કરો. હે અસુરશ્રેષ્ઠ! દેવતાઓને યોગ્ય જેટલાં પણ કાર્યો છે, તે સર્વ તમને સુલભ થશે. આમાં અન્યથા બીજો કોઈ વિચાર કરવાની જરૂર નથી.'

આવું કહીને એ અસુરને સમજાવ્યા બાદ હું શિવા અને શિવનું સ્મરણ કરીને ત્યાંથી અદશ્ય થઈ ગયો. તારકાસુર પણ સ્વર્ગને છોડીને પૃથ્વી પર આવી ગયો. અને શોણિતપુરમાં રહીને તે રાજ્ય કરવા લાગ્યો. પછી બધા દેવતા પણ મારી વાત સાંભળીને મને પ્રણામ કરીને ઇન્દ્રની સાથે પ્રસન્નતાપૂર્વક બહુ જ સાવધાનીની સાથે ઇન્દ્રલોકમાં ગયા. ત્યાં જઈને પરસ્પર મળીને અંદર અંદર સલાહ કરીને સર્વ દેવતા ઇન્દ્રને પ્રેમપૂર્વક કહેવા લાગ્યા – 'હે ભગવન્! શિવની શિવામાં જે રીતે પણ કામમૂલક રુચિ થાય, એવો બ્રહ્માજીનો બતાવેલો સંપૂર્ણ પ્રયત્ન આપે કરવો જોઈએ.'

આ રીતે દેવરાજ ઇન્દ્રને સંપૂર્ણ વૃત્તાંત નિવેદિત કરીને એ દેવતા પ્રસન્નતાપૂર્વક બધા પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

(અધ્યાય ૧૪-૧૬)

*

## ઇન્દ્ર દ્વારા કામનું સ્મરણ, એની સાથે એમની વાતચીત તથા એમના કહેવાથી કામે શિવજીને મોહ પમાડવા માટે કરેલું પ્રસ્થાન

બ્રહ્માજી કહે છે—હે નારદ! દેવતાઓના ચાલ્યા ગયા પછી દુરાત્મા તારક દૈત્યથી પીડિત થયેલા ઇન્દ્રે કામદેવનું સ્મરણ કર્યું. કામદેવ તત્કાળ ત્યાં આવી પહોંચ્યા ત્યારે ઇન્દ્રે મિત્રતાનો ધર્મ બતાવતાં બતાવતાં કામને કહ્યું – 'હે મિત્ર! કાલવશાત્ મારા પર અસાધ્ય દુઃખ આવી પડ્યું છે, એને તમારા વગર કોઈ પણ દૂર કરી શકે નહીં. દાતાની પરીક્ષા દુષ્કાળ-દુર્ભિક્ષમાં, શૂરવીરની પરીક્ષા રણભૂમિમાં, મિત્રની પરીક્ષા આપત્તિકાળમાં તથા સ્ત્રીઓના કુળની પરીક્ષા

પતિના અસમર્થ થઈ જવા પર થાય છે. હે તાત! સંકટ પડવા પર વિનયની પરીક્ષા થાય છે અને પરોક્ષમાં સત્ય અને ઉત્તમ સ્નેહની પરીક્ષા થાય છે અન્યથા પરીક્ષા થતી નથી. આ મેં સાચી વાત કહી છે.* હે મિત્રવર! આ સમયે મારા પર જે વિપત્તિ આવી છે, એનું નિવારણ બીજા કોઈથી થઈ શકે તેમ નથી. તેથી આજે તમારી પરીક્ષા થઈ જશે. આ કાર્ય કેવળ મારું જ છે અને મને જ સુખ મળવાનું છે, એવી વાત નથી. પરંતુ આ સમસ્ત દેવતા વગેરેનું કાર્ય છે, એમાં સંશય નથી.'

ઈન્દ્રની આ વાત સાંભળીને કામદેવ મલકાયા અને પ્રેમપૂર્ણ ગંભીર વાણીમાં બોલ્યા.

**કામે કહ્યું**—હે દેવરાજ! આપ આવી વાત કેમ કરો છો? હું આપને જવાબ નથી આપી



રહ્યો (જરૂરી નિવેદન માત્ર કરી રહ્યો છું). લોકમાં કોણ ઉપકારી મિત્ર છે અને કોણ બનાવટી - એ તો સ્વયં પરખવાની વસ્તુ છે, કહેવાની નહીં. જે સંકટના સમયમાં બહુ વાતો કરે, બહુ ચર્ચા કરે, તે કામ શું કરશે? તથાપિ હે મહારાજ! હે પ્રભો! હું કશુંક કહું છું, એ સાંભળો. હે મિત્ર! જે આપના ઈન્દ્રપદને ઝૂંટવી લેવા માટે દારુણ તપસ્યા કરી રહ્યો છે, આપના એ શત્રુને હું સર્વથા તપસ્યાથી ભ્રષ્ટ કરી દઈશ. જે કામ જેનાથી પૂરું થઈ શકે, બુદ્ધિમાન પુરુષ એને એ જ કામમાં લગાડી દે. મારે યોગ્ય જે કાર્ય હોય, એ સર્વ આપ મને સોંપી દો.

**બ્રહ્માજી કહે છે**—કામદેવનું આ કથન સાંભળીને ઈન્દ્ર બહુ જ પ્રસન્ન થયા. એ કામિનીઓને સુખ આપનાર કામને પ્રણામ કરીને એમની સાથે આ પ્રકારે બોલ્યા.

**ઈન્દ્રએ કહ્યું**—હે તાત! હે મનોભવ! મેં મારા મનમાં જે કાર્યને પૂર્ણ કરવાનો ઉદ્દેશ્ય રાખ્યો છે, એને સિદ્ધ કરવામાં કેવળ તમે જ સમર્થ છો. બીજા કોઈ દ્વારા એ કામનું થવું સંભવ નથી. હે મિત્રવર! હે મનોભવ કામ! જે માટે આજે તમારા સહયોગની અપેક્ષા થઈ છે, એને બરાબર ઠીક ઠીક બતાવી રહ્યો છું; સાંભળો. તારક નામક પ્રસિદ્ધ જે મહાન દૈત્ય છે, તે બ્રહ્માજી દ્વારા અદ્ભુત વરદાન મેળવીને અજેય થઈ ગયો છે અને સર્વને દુઃખ દઈ રહ્યો છે. એ આખા સંસારને પીડા પહોંચાડી રહ્યો છે. એના દ્વારા વારંવાર ધર્મનો નાશ થયો છે.

* દાતુઃ પરીક્ષા દુર્ભિક્ષે રણે શૂરસ્ય જાયતે । આપત્કાલે તુ મિત્રસ્યાશક્તૌ સ્ત્રીણાં કુલસ્ય હિ ॥
વિનતેઃ સંકટે પ્રાપ્તેઽવિતથસ્ય પરોક્ષતઃ । સુસ્નેહસ્ય તથા તાત નાન્યથા સત્યમીરિતમ્ ॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૧૭।૧૨-૧૩)

એનાથી બધા દેવતા અને સમસ્ત ઋષિ દુઃખી દુઃખી થઈ ગયા છે. સંપૂર્ણ દેવતાઓએ પહેલાં એની સાથે પોતાની પૂરી શક્તિથી યુદ્ધ કર્યું હતું; પરંતુ એના ઉપર બધાં જ અસ્ત્ર-શસ્ત્ર નિષ્ફળ થઈ ગયાં. જળના સ્વામી વરુણના પાશ તૂટી ગયા. શ્રીહરિનું સુદર્શનચક્ર પણ ત્યાં સફળ થયું નહીં. શ્રીવિષ્ણુએ એના કંઠ પર ચક્ર ચલાવ્યું, પરંતુ તે ત્યાં કુંઠિત થઈ ગયું. બ્રહ્માજીએ મહાયોગીશ્વર ભગવાન શંભુના વીર્યથી ઉત્પન્ન થયેલા બાળકના હાથે જ આ દુરાત્મા દૈત્યનું મૃત્યુ ભાખ્યું છે. આ કાર્ય તમારે સારીપેઠે અને પ્રયત્નપૂર્વક કરવાનું છે. હે મિત્રવર! એ થઈ જવાથી અમને દેવતાઓને બહુ મોટું સુખ મળશે. ભગવાન શંભુ ગિરિરાજ હિમાલય પર ઉત્તમ તપસ્યામાં લીન છે. એ તો અમારા પણ પ્રભુ છે, કામનાના વશમાં નથી, સ્વતંત્ર પરમેશ્વર છે. મેં સાંભળ્યું છે કે ગિરિરાજનન્દિની પાર્વતી પિતાની આજ્ઞા મેળવીને પોતાની બે સખીઓ સાથે એમની પાસે રહીને એમની સેવામાં છે. એમનો એ પ્રયત્ન મહાદેવજીને પતિરૂપે પ્રાપ્ત કરવા માટે જ છે. પરંતુ ભગવાન શિવ પોતાના મનને સંયમ-નિયમથી વશમાં રાખે છે. હે માર! જે રીતે પણ એમની પાર્વતીમાં અત્યંત રુચિ થાય, એવો જ પ્રયત્ન તમારે કરવો જોઈએ. આ જ કાર્ય કરીને તમે કૃતાર્થ થઈ જશો અને અમારાં સર્વ દુઃખો નષ્ટ થઈ જશે. એટલું જ નહીં, લોકમાં તમારો સ્થાયી પ્રતાપ પણ ફેલાઈ જશે.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! ઇન્દ્રના આવા કહેવાથી કામદેવનું મુખારવિંદ પ્રસન્નતાથી ખીલી ઊઠ્યું. એમણે દેવરાજ ઇન્દ્રને પ્રેમપૂર્વક કહ્યું – 'હું આ કાર્ય કરીશ. એમાં સંશય નથી' આવું કહીને શિવની માયાથી મોહિત થઈને કામે એ કાર્ય માટે સ્વીકૃતિ આપી દીધી અને શીઘ્ર જ એનો ભાર લઈ લીધો. તે પોતાની પત્ની રતિ અને વસંતને સાથે લઈને ખૂબ પ્રસન્નતાથી એ સ્થાન પર ગયો, જ્યાં સાક્ષાત્ યોગીશ્વર શિવ ઉત્તમ તપસ્યા કરી રહ્યા હતા. (અધ્યાય-૧૭)

*

# રુદ્રના નેત્રાગ્નિથી કામનું ભસ્મ થવું, રતિનો વિલાપ, દેવતાઓની પ્રાર્થનાથી શિવના કામને દ્વાપરમાં પ્રદ્યુમ્નરૂપે નૂતન શરીરની પ્રાપ્તિ માટે વરદાન આપવું અને રતિનું શંબર-નગરમાં જવું

**બ્રહ્માજી કહે છે**—હે મુને! કામદેવ પોતાના સાથી વસંત વગેરેને લઈને ત્યાં પહોંચ્યો. એણે ભગવાન શિવ પર પોતાનાં બાણ ચલાવ્યાં. ત્યારે શંકરજીના મનમાં પાર્વતી પ્રત્યે આકર્ષણ થવા માંડ્યું અને એમનું ધૈર્ય છૂટવા લાગ્યું. પોતાના ધૈર્યનો હ્રાસ થતો જોઈ મહાયોગી મહેશ્વર અત્યંત વિસ્મિત થઈ ગયા અને મનમાં ને મનમાં આ પ્રકારે ચિંતન કરવા લાગ્યા.

**શિવ બોલ્યા**—હું તો ઉત્તમ તપસ્યા કરી રહ્યો હતો, એમાં વિઘ્ન કેવી રીતે આવી ગયું? કયા કુકર્મીએ અહીં મારા ચિત્તમાં વિકાર પેદા કરી દીધો?

આ રીતે વિચાર કરીને સત્પુરુષોના આશ્રયદાતા મહાયોગી પરમેશ્વર શિવ શંકાયુક્ત થઈને સંપૂર્ણ દિશાઓમાં જોવા લાગ્યા. એ જ સમયે ડાબા ભાગમાં બાણ તાણીને ઊભેલા

કામદેવ પર એમની દૃષ્ટિ પડી. એ મૂઢચિત્ત મદન પોતાની શક્તિના અભિમાનમાં આવીને પુનઃ પોતાનાં બાણ ચલાવવા જ ચાહતો હતો. હે નારદ! આ અવસ્થામાં કામદેવ પર દૃષ્ટિ પડતાં જ પરમાત્મા ગિરીશને તત્કાળ ક્રોધ-રોષ ચઢી ગયો. હે મુને! ત્યાં પણ આકાશમાં બાણ સહિત ધનુષ લઈને ઊભેલા કામે ભગવાન શંકર ઉપર પોતાનું અમોઘ શસ્ત્ર છોડી દીધું, જેનું નિવારણ કરવું બહુ જ કઠણ હતું. પરંતુ પરમાત્મા શિવ પર અમોઘ અસ્ત્ર પણ મોઘ (વ્યર્થ) થઈ ગયું, કુપિત થયેલા પરમેશ્વર પાસે જતાં જ તે શાંત થઈ ગયું. ભગવાન શિવ પર પોતાના અસ્ત્રને વ્યર્થ થઈ જતું હોવાથી મન્મથ (કામ)ને બહુ ભય લાગ્યો. ભગવાન મૃત્યુંજયને સામે જોઈને એ કમ્પી ઊઠ્યો અને ઈન્દ્ર વગેરે સમસ્ત દેવતાઓનું સ્મરણ કરવા લાગ્યો. હે મુનિશ્રેષ્ઠ! પોતાનો પ્રયાસ નિષ્ફળ થઈ જવાથી કામ ભયથી વ્યાકુળ થઈ ગયો હતો. હે મુનીશ્વર! કામદેવના સ્મરણ કર્યા થકી તે ઈન્દ્ર વગેરે બધા દેવતા ત્યાં આવી પહોંચ્યા અને શંભુને પ્રણામ કરીને એમની સ્તુતિ કરવા લાગ્યા.

દેવતાઓ સ્તુતિ કરી જ રહ્યા હતા કે કુપિત થયેલા ભગવાન હરના લલાટમાંથી - એના મધ્યભાગમાં સ્થિત તૃતીય નેત્રથી ભારે આગ તત્કાળ પ્રગટ થઈને બહાર નીકળી. એની જ્વાળાઓ ઉપરની તરફ જઈ રહી હતી. આગ ધૂ-ધૂ કરીને જોરદાર થવા લાગી. એની પ્રભા પ્રલયના અગ્નિની જેમ જણાતી હતી. એ આગ તરત જ આકાશમાં છવાઈ ગઈ અને પૃથ્વી પર પડી ગઈ. પછી ચારે બાજુએ ચક્કર મારતી મારતી ધરાશાયિની થઈ ગઈ. હે સાધો! 'હે ભગવન્! ક્ષમા કરો, ક્ષમા કરો' આ વાત જ્યાં સુધી દેવતાઓના મુખથી નીકળે ત્યાં સુધીમાં તો આગે કામદેવને સળગાવીને ભસ્મ કરી દીધો. એ વીર કામદેવના મરણ પર દેવતાઓને બહુ દુઃખ થયું. તે વ્યાકુળ થઈ ગયા. 'હાય! આ શું થઈ ગયું?' એવું કહી કહીને જોરજોરથી ચિત્કાર કરતા કરતા ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા.

એ સમયે વિકૃત ચિત્ત થયેલાં પાર્વતીનું શરીર સફેદ પડી ગયું, કાપો તો લોહી ન નીકળે.



એ સખીઓને સાથે લઈને પોતાના ભવન તરફ ચાલ્યાં ગયાં. કામદેવના સળગી જવાથી રતિ ત્યાં એક ક્ષણ સુધી બેભાન થઈને પડી રહી. પતિના મૃત્યુનું દુઃખથી એ એવી રીતે પડી હતી જાણે મરી જ ગઈ છે. થોડી વારે જ્યારે ભાન આવ્યું ત્યારે અત્યંત વ્યાકુળ થઈને રતિ એ સમયે વિવિધ પ્રકારની વાતોનું સ્મરણ કરીને વિલાપ કરવા લાગી.

**રતિ બોલી**—હાય! હવે હું શું કરું? ક્યાં જાઉં? દેવતાઓએ આ શું કર્યું? મારા ઉદંડ સ્વામીને બોલાવીને નષ્ટ કરાવી દીધો. હાય! હાય! હે નાથ! હે સ્મર! હે સ્વામિન! હે પ્રાણપ્રિય! હાય મને સુખ આપનાર હે પ્રિયતમ, હા પ્રાણનાથ! અહીં આ શું થઈ ગયું?

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આ રીતે

રડતી, દુઃખી થતી અને અનેક પ્રકારનાં સ્મરણો કરતી રતિ હાથ-પગ પછાડવા લાગી અને પોતાના મસ્તકના વાળ ખેંચીને શોક-વિલાપ કરવા લાગી. એ સમયે એનો વિલાપ સાંભળીને ત્યાં રહેનારા સમસ્ત વનવાસી જીવ તથા વૃક્ષ વગેરે સ્થાવર પ્રાણી પણ બહુ દુઃખી દુઃખી થઈ ગયાં. એ દરમિયાન ઇન્દ્ર વગેરે સંપૂર્ણ દેવતાઓ મહાદેવજીનુ સ્મરણ કરતાં કરતાં રતિને આશ્વાસન આપતાં આપતાં આ પ્રકારે બોલ્યાં.

**દેવતાઓએ કહ્યું—**તમે કામદેવના શરીરની થોડીક ભસ્મ લઈ લો અને પ્રયત્નપૂર્વક રાખી લો અને ભય છોડી દો. અમે સર્વના સ્વામી મહાદેવજી કામદેવને પુનઃ જીવિત કરી દેશે અને પછી પોતાના પ્રિયતમને પ્રાપ્ત કરી લેશો. કોઈ કોઈને નથી તો સુખ આપી શકતું અને કોઈ કોઈને નથી તો દુઃખ આપી શકતું. સર્વ લોકો પોતપોતાની કરણીનું જ ફળ ભોગવે છે. તમે દેવતાઓને દોષ દઈને વ્યર્થમાં જ શોક કર્યા કરો છો.

આ પ્રકારે રતિને આશ્વાસન આપીને સર્વ દેવતાઓ ભગવાન શિવ પાસે આવ્યા અને એમને ભક્તિભાવથી પ્રસન્ન કરીને આ પ્રમાણે બોલ્યા.

**દેવતાઓએ કહ્યું—**હે ભગવન્! હે શરણાગત્-વત્સલ મહેશ્વર! આપ કૃપા કરીને અમારાં આ શુભ-વચન સાંભળો. હે શંકર! તમે કામદેવનાં કરતૂત પર સારીપેઠે પ્રસન્નતાપૂર્વક વિચાર કરો. હે મહેશ્વર! કામદેવે જે કાર્ય કર્યું છે એમાં એનો કોઈ સ્વાર્થ નહોતો. દુષ્ટ તારકાસુરથી પીડિત અમે બધા દેવતાઓએ સાથે મળીને એની પાસે આમ કરાવ્યું છે. હે નાથ! હે શંકર! આને આપ અન્યથા ન સમજો. બધું જ આપનારા હે દેવ, હે ગિરીશ! સતી-સાધ્વી રતિ એકલી અતિ દુઃખી થઈને વિલાપ કરી રહી છે. આપ એને સાંત્વના પ્રદાન કરો. હે શંકર જો આ ક્રોધ દ્વારા આપે કામદેવને મારી નાખ્યો તો અમે તો એમ જ સમજીશું કે આપ દેવતાઓ સહિત સમસ્ત પ્રાણીઓનો સંહાર કરી નાખવા ચાહો છો. રતિનું દુઃખ જોઈને દેવતા નષ્ટપ્રાયઃ થઈ રહ્યા છે, માટે આપે રતિનો શોક દૂર કરી દેવો જોઈએ.

**બ્રહ્માજી કહે છે—**હે નારદ! સંપૂર્ણ દેવતાઓનાં આ વચન સાંભળીને ભગવાન શિવ પ્રસન્ન થઈ ગયા અને આ પ્રમાણે બોલ્યા.

**શિવે કહ્યું—**હે દેવતાઓ અને ઋષિઓ! તમે સૌ આદરપૂર્વક મારી વાત સાંભળો. મારા ક્રોધથી જે કાંઈ થઈ ગયું છે તે તો અન્યથા થઈ શકશે નહિ, તેમ છતાં રતિના શક્તિશાળી પતિ કામદેવ ત્યાં સુધી અન્-અઙ્ગ (શરીરરહિત) રહેશે, જ્યાં સુધી રુક્મિણીપતિ શ્રીકૃષ્ણનુ ધરતી પર અવતરણ નથી થઈ જતું. જ્યારે શ્રીકૃષ્ણ દ્વારકામાં રહીને પુત્રોને ઉત્પન્ન કરશે, ત્યારે તે રુક્મિણીના ગર્ભથી કામને પણ જન્મ આપશે. એ કામનું જ નામ એ સમયે 'પ્રદ્યુમ્ન' થશે. એમાં સંશય નથી. એ પુત્રનો જન્મ લેતાં જ શમ્બરાસુર એને હરી લેશે. હરણ પછી દાનવશિરોમણિ શમ્બર એ શિશુને સમુદ્રમાં નાખી દેશે. પછી એ મૂઢ એને મરેલો જાણીને પોતાના નગર તરફ પરત જતો રહેશે. હે રતે! એ સમય સુધી તને શમ્બરાસુરના નગરમાં સુખપૂર્વક નિવાસ કરવો જોઈએ. એ જ ત્યાં તમને તમારા પતિ પ્રદ્યુમ્નની પ્રાપ્તિ થશે. ત્યાં જ એ તને મળીને કામદેવ યુદ્ધમાં શમ્બરાસુરનો વધ કરશે અને સુખી થશે. હે દેવતાઓ! પ્રદ્યુમ્ન નામધારી કામદેવ પોતાની કામિની રતિને તથા શમ્બરાસુરનું ધન લઈને એની સાથે પુનઃ

નગરમાં જશે. મારું આ કથન સર્વથા સત્ય થશે.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! ભગવાન શિવની આ વાત સાંભળીને દેવતાઓના ચિત્તમાં થોડો ઉલ્લાસ થયો અને તેઓ એમને પ્રણામ કરીને હાથ જોડીને વિનીતભાવથી બોલ્યા.

**દેવતાઓએ કહ્યું**—હે દેવદેવ, હે મહાદેવ! હે કરુણાસાગર! હે પ્રભો! આપ કામદેવને શીઘ્ર જ જીવનદાન આપો તથા રતિના પ્રાણોની રક્ષા કરો.

દેવતાઓની આ વાત સાંભળીને સર્વના સ્વામી કરુણાસાગર પરમેશ્વર શિવ પુનઃ પ્રસન્નચિત્ત થઈને બોલ્યા – 'હે દેવતાઓ! હું બહુ જ પ્રસન્ન છું. હું કામદેવને સર્વના હૃદયમાં જીવિત કરી દઈશ. એ સદા મારો ગણ થઈને વિહાર કરશે. હવે પોતપોતાને સ્થાને પધારો. હું તમારાં દુઃખોનો સર્વથા નાશ કરી દઈશ.'

આવું કહીને રુદ્રદેવ સ્તુતિ કરનારા દેવતાઓની સામે જોતજોતામાં અંતર્ધાન થઈ ગયા. દેવતાઓનો વિસ્મય દૂર થઈ ગયો અને એ બધા જ પ્રસન્ન થઈ ગયા. હે મુને! તદનન્તર રુદ્રની વાત પર ભરોસો કરીને સ્થિર રહેનારા દેવતા રતિને એમનું કથન સંભળાવીને આશ્વાસન આપી પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. હે મુનીશ્વર! કામદેવની પત્ની રતિએ શિવના બતાવેલા શમ્બરનગર તરફ ચાલી ગઈ અને રુદ્રદેવે જે સમય બતાવ્યો હતો એની પ્રતીક્ષા કરવા લાગી.

(અધ્યાય ૧૮-૧૯)

*

## બ્રહ્માજીની શિવના ક્રોધ-અગ્નિને વડવાનલની સંજ્ઞા આપીને સમુદ્રમાં સ્થાપના કરીને સંસારનો ભય દૂર કરવો, શિવના વિરહથી પાર્વતીનો શોક તથા નારદજી દ્વારા એમને તપસ્યા માટે ઉપદેશપૂર્વક પંચાક્ષર-મંત્રની પ્રાપ્તિ

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! જ્યારે ભગવાન રુદ્રના ત્રીજા નેત્રથી પ્રગટ થયેલા અગ્નિએ કામદેવને શીઘ્ર જલાવીને ભસ્મ કરી દીધો, ત્યારે તે વગર કોઈ પ્રયોજને જ પ્રજ્વલિત થઈને ચારે બાજુએ ફેલાવા લાગ્યો. એથી સચરાચર પ્રાણીઓ સહિત ત્રણે લોકોમાં મહાન હાહાકાર મચી ગયો. હે તાત! સંપૂર્ણ દેવતાઓ અને ઋષિઓ તરત જ મારે શરણે આવ્યા. એ સૌએ અત્યંત વ્યાકુળ થઈને માથું નમાવીને બંને હાથ જોડીને મને પ્રણામ કર્યા અને મારી સ્તુતિ કરીને તેમણે દુઃખનું નિવેદન કર્યું. એ સાંભળીને હું ભગવાન શિવનું સ્મરણ કરીને એમના હેતુને સારી પેઠે વિચારીને ત્રણે લોકોની રક્ષા કરવા માટે વિનીતભાવથી ત્યાં પહોંચ્યો! એ અગ્નિની જ્વાલમાલા અત્યંત ઉદ્દીપ્ત થઈને જગતને બાળી દેવાને માટે તૈયાર હતી. પરંતુ ભગવાન શિવની કૃપાથી પ્રાપ્ત થયેલા ઉત્તમ તેજથી મેં એ અગ્નિને તત્કાળ સ્તંભિત કરી દીધો. હે મુને! ત્રિલોકીને દગ્ધ કરવાની ઇચ્છાવાળા એ ક્રોધમય અગ્નિને એક એવા ઘોડાના રૂપમાં પરિણત કરી દીધો. જેના મુખમાંથી સૌમ્ય જ્વાળા પ્રગટ થઈ રહી હતી. ભગવાન શિવની ઇચ્છાથી એ વાડવ શરીર (ઘોડા)વાળા અગ્નિને લઈને હું લોકહિત માટે સમુદ્રતટ પર ગયો. હે મુને! મને ત્યાં

આવેલો જોઈને સમુદ્ર એક દિવ્ય પુરુષનું રૂપ ધારણ કરીને હાથ જોડીને મારી પાસે આવ્યો. મારી – સંપૂર્ણ લોકોના પિતામહની - સારી પેઠે વિધિવત્ સ્તુતિ-વંદના કરીને સિંધુએ મને પ્રસન્નતાપૂર્વક કહ્યું.

**સાગર બોલ્યો**—હે સર્વેશ્વર બ્રહ્મન્! આપશ્રી અહીં કેમ પધાર્યા છો? મને આપનો સેવક જાણીને આ વાતને પ્રીતિપૂર્વક કહો.

સાગરની વાત સાંભળીને ભગવાન શંકરનું સ્મરણ કરીને લોકહિતનું ધ્યાન રાખતાં મેં એને



પ્રસન્નતાપૂર્વક કહ્યું – હે તાત સમુદ્ર! તમે બહુ બુદ્ધિમાન અને સંપૂર્ણ લોકોના હિતકારી છો. હું શિવની ઈચ્છાથી પ્રેરિત થઈને હાર્દિક પ્રીતિપૂર્વક તમને કહી રહ્યો છું. આ ભગવાન મહેશ્વરનો ક્રોધ છે, જે મહાન શક્તિશાળી અશ્વરૂપે અહીં ઉપસ્થિત છે. આ કામદેવને ભસ્મ કરીને તરત જ સંપૂર્ણ જગતને ભસ્મ કરી દેવા તૈયાર થઈ રહ્યો હતો. આ જોઈને દુઃખી થયેલા દેવતાઓની પ્રાર્થનાથી હું શંકરની ઈચ્છાને વશ થઈને ત્યાં ગયો અને આ અગ્નિને સ્તંભિત કરી દીધો. પછી એણે ઘોડાનું રૂપ ધારણ કર્યું અને એને લઈને હું અહીં આવ્યો છું. હે જલાધાર! હું જગત ઉપર દયા કરીને તમને આ આદેશ આપી રહ્યો છું – આ મહેશ્વરના ક્રોધને, જે વાડવરૂપ ધારણ કરીને મુખમાંથી જ્વાળા પ્રગટ કરતો અહીં ઊભો છે, તેને તમે પ્રલયકાળપર્યંત ધારણ કરતા રહો. હે સરિત્પતે! જ્યારે હું અહીં આવીને વાસ (નિવાસ) કરીશ, ત્યારે તમે ભગવાન શંકરના આ અદ્ભુત ક્રોધને છોડી દેજો. તમારું જળ જ પ્રતિદિન આનું ભોજન હશે. તમે યત્નપૂર્વક એને ઉપર જ ધારણ કરી રાખજો, જેથી એ તમારી અનંત જલરાશિની અંદર ન ચાલ્યો જાય.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! મારું આવું કહેવાથી સમુદ્રે રુદ્રની ક્રોધાગ્નિરૂપ વડવાનલને ધારણ કરવાનું સ્વીકારી લીધું; જે બીજાઓ માટે તો અસંભવ જ હતું. તદનંતર, એ વડવાગ્નિ સમુદ્રમાં પ્રવેશી ગયો અને જ્વાલામાલાઓથી પ્રદીપ્ત થઈને સાગરની જલરાશિને દગ્ધ કરવા લાગ્યો. હે મુને! આથી સંતુષ્ટ ચિત્ત થઈને હું મારે પોતાને લોક પરત આવ્યો અને એ દિવ્યરૂપધારી સમુદ્ર મને પ્રણામ કરીને અદૃશ્ય થઈ ગયો. હે મહામુને! રુદ્રનો એ ક્રોધાગ્નિના ભયથી છૂટીને સંપૂર્ણ જગત સ્વસ્થતાનો અનુભવ કરવા લાગ્યું અને દેવતાઓ તથા મુનિઓ સુખી થઈ ગયા.

**નારદજી બોલ્યા**—હે દયાનિધે! મદનદહન પછી ગિરિરાજનંદિની પાર્વતી દેવીએ શું કર્યું? તે પોતાની બંને સખીઓ સાથે ક્યાં ક્યાં ગયાં?

એ સર્વ મને કહી બતાવો.

**બ્રહ્માજીએ કહ્યું**—ભગવાન શંકરના નેત્રથી ઉત્પન્ન થયેલા અગ્નિએ જ્યારે કામદેવને બાળીને ભસ્મ કરી દીધો, ત્યારે ત્યાં મહાન અદ્ભુત શબ્દ (નાદ, ધ્વનિ) પ્રગટ થયો. જેથી આખું આકાશ ધ્વનિત થઈ ગયું. એ મહાન શબ્દની સાથે જ કામદેવને દગ્ધ થયેલો જોઈ ભયભીત અને વ્યાકુળ થયેલાં પાર્વતી બંને સખીઓ સાથે પોતાને ઘેર ચાલ્યાં ગયાં. એ શબ્દથી પરિવારસહિત હિમવાન પણ બહુ મોટા વિસ્મયમાં પડી ગયા અને ત્યાં ગયેલી પોતાની પુત્રીનું સ્મરણ કરીને એમને બહુ ક્લેશ થયો. એટલામાં જ પાર્વતી દૂરથી આવતાં દેખાયાં. તે શંભુના વિરહથી રડી રહ્યાં હતાં. પોતાની પુત્રીને અત્યંત વિહ્વળ જોઈને શૈલરાજ હિમવાનને બહુ શોક થયો અને એ શીઘ્ર જ એમની પાસે જઈ પહોંચ્યા. પછી તેમણે હાથથી એમની બંને આંખો લૂછીને બોલ્યા – 'હે શિવે! ડરો નહીં, રડો નહીં' આવું કહીને અચલેશ્વર હિમાવાને અત્યંત વિહ્વળ થયેલાં પાર્વતીને શીઘ્ર જ પોતાના ખોળામાં લઈ લીધાં અને સાંત્વના આપતાં આપતાં તે પોતાને ઘેર લઈ આવ્યા.

કામદેવનો દાહ કરીને મહાદેવજી અદૃશ્ય થઈ ગયા હતા. તેથી એમના વિરહથી પાર્વતી અત્યંત વિહ્વળ થઈ ગયાં હતાં. એમને ક્યાંય પણ સુખ કે શાંતિ ન હતાં. પિતાને ઘેર જઈને જ્યારે તે પોતાની માતાને મળ્યાં, એ સમયે પાર્વતી શિવાએ પોતાનો નવો જન્મ થયો એવું માન્યું. તે પોતાના રૂપની નિંદા કરવા લાગ્યાં અને બોલ્યાં – 'હાય! હું મારી ગઈ' સખીઓના સમજાવવા છતાં તે ગિરિરાજકુમારી કશું સમજી શકતાં ન હતાં. તે સૂતાં-જાગતાં, ખાતાં-પીતાં, નહાતાં-ધોતાં, ચાલતાં-ફરતાં અને સખીઓની વચ્ચે રહેવાને સમયે પણ કિંચિન્માત્ર પણ સુખનો અનુભવ કરતાં ન હતાં. 'મારા સ્વરૂપને તથા જન્મ-કર્મને ધિક્કાર હો' આવું કહેતાં કહેતાં તે સદા મહાદેવજીની પ્રત્યેક ચેષ્ટાનું ચિંતન કર્યા કરતાં હતાં. આ રીતે પાર્વતી ભગવાન શિવના વિરહથી મનમાં ને મનમાં જ અત્યંત ક્લેશ અનુભવ કરવા લાગ્યાં, અને લેશમાત્ર સુખ મેળવી શક્યાં નહીં. તે સદા 'શિવ, શિવ'નો જપ કર્યા કરતાં હતાં. શરીરથી તો પિતાના ઘરમાં જ હતાં પણ ચિત્તથી તે પિનાકપાણિ ભગવાન શંકરની પાસે જ પહોંચેલાં રહેતાં હતાં. હે તાત! શિવા શોકમગ્ન થઈને વારંવાર મૂર્ચ્છિત થઈ જતાં હતાં. શૈલરાજ હિમવાન એમની પત્ની મેનકા તથા એમના મૈનાક વગેરે બધા પુત્ર જે બહુ ઉદારચિત્તવાળા હતા, એ સૌ પાર્વતીને સાંત્વના આપતા રહેતા હતા. તેમ છતાં તે પાર્વતી ભગવાન શંકરને ન ભૂલી શક્યાં.

હે બુદ્ધિમાન દેવર્ષે! તદનંતર એક દિવસ ઈન્દ્રની પ્રેરણાથી ઈચ્છા અનુસાર ફરનારા, ભ્રમણ કરનારા તમે હિમાલય પર્વત પર પહોંચી ગયા. એ સમયે મહાત્મા હિમવાને તમારો આદરસત્કાર-સ્વાગત કર્યું અને કુશળ-મંગલ પૂછવા લાગ્યા. પછી તમે એમણે આપેલા ઉત્તમ આસન પર બેઠા. ત્યાર પછી શૈલરાજે પોતાની કન્યાના ચરિત્રનું આરંભથી જ વર્ણન કર્યું. કેવી રીતે તેણે મહાદેવજીની સેવાનો આરંભ કર્યો અને કેવી રીતે મહાદેવજી દ્વારા કામદેવનું દહન થયું – એ બધું જણાવી દીધું. હે મુને! આ બધું સાંભળીને તમે ગિરિરાજને કહ્યું – 'હે શૈલેશ્વર! ભગવાન શિવનું ભજન કરો' પછી એમની પાસેથી વિદાય લઈને તમે ઊઠ્યા અને મનમાં

ને મનમાં શિવનું સ્મરણ કરીને શૈલરાજને છોડીને શીઘ્ર જ એકાંતમાં કાલીની પાસે આવી ગયા. હે મુને! તમે લોકોપકારી, જ્ઞાની તથા શિવના ભક્ત છો; સમસ્ત જ્ઞાનવાનોના શિરોમણિ છો, તેથી કાલીની પાસે આવીને એમને સંબોધિત કરીને એમના હિતમાં સ્થિત થઈને એમને સાદર આ સત્ય વચન બોલ્યા.

**નારદજીએ (તમે) કહ્યું**—કાલિકે! તમે મારી વાત સાંભળો. હું દયાવશ સાચી વાત કહી રહ્યો છું. મારું વચન તમારે માટે સર્વથા હિતકર, નિર્દોષ અને ઉત્તમ કામ્ય વસ્તુઓને આપનાર હશે. તમે ત્યાં મહાદેવજીની સેવા અવશ્ય કરી હતી, પરંતુ એ વગર તપસ્યાએ ગર્વમુક્ત થઈને કરી હતી. દીનજનો પર અનુગ્રહ કરનાર શિવે તમારા એ જ ગર્વને નષ્ટ કર્યો છે. હે શિવે! તમારા સ્વામી મહેશ્વર વિરક્ત અને મહાયોગી છે. એમણે માત્ર કામદેવને ભસ્મ કરીને તમને જે સકુશળ છોડી દીધાં છે એમાં એ જ કારણ છે કે તે ભગવાન ભક્તવત્સલ છે. તેથી તમે ઉત્તમ તપસ્યામાં લાગી જાઓ અને ચિરકાળ સુધી મહેશ્વરની આરાધના કરો. તપસ્યાથી તમારા સંસ્કાર થઈ જવાથી રુદ્રદેવ તમને પોતાની સહધર્મિણી બનાવશે અને તમે પણ ક્યારેય એ કલ્યાણકારી શંભુનો પરિત્યાગ નહીં કરી શકો. હે દેવી! તમે હઠપૂર્વક શિવને અપનાવવાનો યત્ન કરો. શિવ સિવાય બીજા કોઈને પણ પોતાના પતિ તરીકે સ્વીકારશો નહિ.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! તમારી આ વાત સાંભળીને ગિરિરાજકુમારી કાલી કંઈક ઉલ્લસિત થયાં અને હાથ જોડીને પ્રસન્નતાપૂર્વક તમારી સાથે બોલ્યાં.

**શિવાએ કહ્યું**—હે પ્રભો! આપ સર્વજ્ઞ તથા જગતનો ઉપકાર કરનાર છો. હે મુને! મને રુદ્રદેવની આરાધના કરવા માટે કોઈ મંત્ર આપો.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! પાર્વતીનું આ વચન સાંભળીને તમે પંચાક્ષર શિવમંત્ર (નમઃ શિવાય)નો એમને વિધિપૂર્વક ઉપદેશ કર્યો. સાથે જ એ મંત્રરાજમાં શ્રદ્ધા ઉત્પન્ન કરવાને માટે તમે એનો સૌથી વધારે પ્રભાવ બનાવ્યો.

**નારદ (તમે) બોલ્યા**—હે દેવી! આ મંત્રનો પરમ અદ્ભુત પ્રભાવ સાંભળો. એના શ્રવણમાત્રથી ભગવાન શંકર પ્રસન્ન થઈ જાય છે. આ મંત્ર સર્વ મંત્રોનો રાજા છે અને મનોવાંછિત ફળ આપનારો છે. ભગવાન શંકરને ખૂબ જ પ્રિય છે તથા સાધકને ભોગ અને મોક્ષ આપવામાં સમર્થ છે. હે સૌભાગ્યશાલિનિ! આ મંત્રનો વિધિપૂર્વક જપ કરવાથી તમારા દ્વારા આરાધિત થયેલા ભગવાન શિવ અવશ્ય અને શીઘ્ર જ તમારી આંખોની સામે પ્રગટ થઈ જશે. હે શિવે! શૌચ-સંતોષ વગેરે નિયમોમાં તત્પર રહીને ભગવાન શિવના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં તમે પંચાક્ષર-મંત્રનો જપ કરો. એથી આરાધ્યદેવ શિવ શીઘ્ર જ સંતુષ્ટ થશે. હે સાધ્વી! આ રીતે તપસ્યા કરો. તપસ્યાથી મહેશ્વર વશમાં થઈ શકે છે, તપસ્યાથી જ સર્વને મનોવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે, અન્યથા થતી નથી.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! તમે ભગવાન શિવના પ્રિયભક્ત અને ઈચ્છા અનુસાર વિચરણ કરનારા છો. તમે કાલીને ઉપર્યુક્ત વાત કહીને દેવતાઓના હિતમાં તત્પર થઈ સ્વર્ગલોક પ્રસ્થાન કર્યું. તમારી વાત સાંભળીને એ સમયે પાર્વતી બહુ જ પ્રસન્ન થયાં. એમને પરમ ઉત્તમ પંચાક્ષર મંત્ર પ્રાપ્ત થઈ ગયો હતો.

(અધ્યાય ૨૦-૨૧)

*

# શ્રીશિવની આરાધના માટે પાર્વતીજીની દુષ્કર તપસ્યા

**બ્રહ્માજી કહે છે**—હે દેવર્ષે! તમે ચાલ્યા ગયા પછી પ્રફુલ્લચિત્ત થયેલાં પાર્વતીએ મહાદેવજીને તપસ્યાથી જ સાધ્ય માન્યા અને તપસ્યા માટે મનમાં ને મનમાં જ નિશ્ચય કર્યો. ત્યારે એમણે પોતાની સખીઓ – જયા અને વિજયા દ્વારા પિતા હિમાચલ અને માતા મેના પાસે આજ્ઞા માગી. પિતાએ તો સ્વીકાર કરી લીધો; પરંતુ માતા મેના સ્નેહવશ અનેક પ્રકારે સમજાવ્યાં અને ઘરથી દૂર વનમાં જઈને તપ કરવા જતી પુત્રીને રોકી. મેનાએ તપસ્યા માટે વનમાં જતાં રોકતાં રોકતાં 'ઉ', 'મા' (બહાર ન જાઓ) એવું કહ્યું, એટલા માટે તે સમયે શિવાનું નામ ઉમા થઈ ગયું. હે મુને! શૈલરાજની પ્યારી પત્ની મેનાના રોકવાથી શિવાને દુઃખી જોઈ પોતાનો વિચાર બદલી નાખ્યો અને પાર્વતીને તપસ્યા માટે જવાની આજ્ઞા આપી દીધી. હે મુનિશ્રેષ્ઠ! માતાની એ આજ્ઞા મેળવીને ઉત્તમ વ્રતનું પાલન કરનારાં પાર્વતીએ ભગવાન શંકરનું સ્મરણ કરીને પોતાના મનમાં બહુ જ સુખનો અનુભવ કર્યો. માતાપિતાને પ્રસન્નતાપૂર્વક પ્રણામ કરીને બંને સખીઓની સાથે તેઓ તપસ્યા કરવા માટે ચાલ્યાં ગયાં. અનેક પ્રકારનાં પ્રિય વસ્ત્રોનો પરિત્યાગ કરીને પાર્વતીએ કટિપ્રદેશમાં સુંદર મૂંજની મેખલા બાંધી અને શીઘ્ર જ વલ્કલ ધારણ કરી લીધાં. હારનો પરિહાર કરીને ઉત્તમ મૃગચર્મને છાતી સરસું ચાંપ્યું. ત્યાર પછી તેઓ તપસ્યા માટે ગંગાવતરણ (ગંગોતરી) તીર્થ તરફ ચાલ્યાં.

જ્યાં ધ્યાન કરતાં કરતાં ભગવાન શંકરે કામદેવને ભસ્મ કર્યો હતો, હિમાલયનું તે શિખર ગંગાવતરણના નામથી પ્રસિદ્ધ છે. ત્યાં જ પરમ ઉત્તમ શૃંગિતીર્થમાં પાર્વતીએ તપસ્યાનો પ્રારંભ કર્યો. ગૌરીએ તપ કર્યું એટલા માટે જ એનું 'ગૌરી-શિખર' નામ થઈ ગયું. હે મુને! શિવાએ પોતાના તપની પરીક્ષા માટે ત્યાં ઘણાં સુંદર અને પવિત્ર વૃક્ષો રોપ્યાં. જે ફળ આપનારાં હતાં. ફળાઉ વૃક્ષો વાવ્યાં. સુંદરી પાર્વતીએ પહેલાં ભૂમિ-શુદ્ધ કરીને ત્યાં એક વેદીનું નિર્માણ કર્યું. ત્યાર પછી એવી તપસ્યાનો આરંભ કર્યો. જે મુનિઓ માટે પણ દુષ્કર હતી. એ મનસહિત સંપૂર્ણ ઇન્દ્રિઓને શીઘ્ર જ કાબૂમાં કરીને એ વેદી પર ઉચ્ચકોટિની તપસ્યા કરવા લાગ્યાં. ગ્રીષ્મ ઋતુમાં પોતાની ચારે બાજુ દિવસ-રાત અગ્નિ સળગાવી રાખીને વચમાં બેસતાં અને નિરંતર પંચાક્ષર-મંત્રનો જપ કર્યા કરતાં હતાં. વર્ષાઋતુમાં વેદી પર સુસ્થિર આસને બેસીને અથવા કોઈ પથ્થરની શિલા પર જ આસન લગાવીને તેઓ નિરંતર જલધારાથી ભીનાં જ રહેતાં હતાં. શિયાળામાં નિરાહાર રહીને ભગવાન શંકરના ભજનમાં તત્પર થઈને તેઓ સદા શીતલ જળની અંદર ઊભાં રહેતાં અને આખી રાત બરફની શિલા પર બેસી રહેતાં હતાં. આ રીતે તપ કરતાં કરતાં પંચાક્ષર-મંત્રના જપમાં સંલગ્ન થઈને શિવા સંપૂર્ણ મનોવાંછિત ફળોના દાતા શિવનું ધ્યાન ધરતાં હતાં. પ્રતિદિન નવરાશની વેળાએ તે સખીઓ સાથે પોતે ઉછેરેલાં વૃક્ષોને પ્રસન્નતાપૂર્વક પાણી પાતાં અને ત્યાં પધારેલા અતિથિઓનું આતિથ્ય કરતાં, સત્કાર પણ કરતાં હતાં.

શુદ્ધ ચિત્તવાળાં પાર્વતીએ પ્રચંડ વાવાઝોડું,

ગાત્ર ગાળી દે તેવી ઠંડી, અનેક પ્રકારની વર્ષા તથા દુસ્સહ તડકાનું પણ સેવન કર્યું. એમના ઉપર વિવિધ પ્રકારનાં દુઃખો આવ્યાં પરંતુ એમણે એને ગણકાર્યાં નહીં. તે તો કેવળ શિવમાં જ મન લગાડીને રહ્યાં. સુસ્થિર ભાવે બેસી જ રહ્યાં અથવા ઊભાં રહી ગયાં. એમનું પ્રથમ વર્ષ ફળાહાર કરવામાં જ વીતી ગયું. બીજે વર્ષે માત્ર પાંદડાં જ ચાવીને રહ્યાં! આ રીતે તપસ્યા કરતાં કરતાં દેવી પાર્વતીએ ક્રમશઃ અસંખ્ય વર્ષ વ્યતીત કરી દીધાં. તદનંતર હિમવાનની પુત્રી શિવાદેવીએ પાંદડાં ખાવાનાં પણ છોડી દીધાં અને સર્વથા નિરાહાર જ રહેવા લાગ્યાં, તેમ છતાં પણ તપસ્યામાં એમનો અનુરાગ તો વધતો જ ચાલ્યો. હિમાચલની પુત્રી શિવાએ ભોજનમાં પાંદડાં-પર્ણનો પણ પરિત્યાગ કરી દીધો. એટલા માટે દેવતાઓએ એમનું નામ 'અપર્ણા' રાખી લીધું. એ પછી પાર્વતી ભગવાન શિવના સ્મરણપૂર્વક એક પગ પર ઊભાં રહીને પંચાક્ષર-મંત્રનો જપ કરતાં કરતાં ભારે તપસ્યા કરવા માંડ્યાં. એમનાં અંગો ચીર અને વલ્કલથી ઢંકાયેલાં હતાં. એમના મસ્તક પર જટાઓનો સમૂહ થઈ ગયો હતો. આ રીતે શિવને ચિંતનમાં લાગેલા પાર્વતીએ તપસ્યા દ્વારા મુનિઓને જીતી લીધા. એ તપોવનમાં મહેશ્વરનું ચિંતનપૂર્વક ધ્યાન કરતાં કરતાં કાલીનાં ત્રણ હજાર વર્ષો વીતી ગયાં.

ત્યાર પછી મહાદેવજીએ સાઠ હજાર વર્ષો સુધી તપ કર્યું હતું, એ સ્થાન પર ક્ષણભર રહીને શિવાદેવી આ રીતે ચિંતા કરવા લાગ્યાં – 'શું મહાદેવજી આ સમયે એ નથી જાણતા કે મેં એમને માટે નિયમોના પાલનમાં તત્પર થઈને તપસ્યા કરી રહી છું? તો પછી કયું કારણ છે કે સુદીર્ઘકાળ સુધી તપસ્યામાં મંડી પડી છું એવી આપની સેવિકાની પાસે કેમ ન આવ્યા? લોકમાં, વેદમાં અને મુનિઓ દ્વારા સદા ગિરિશના મહિમાનું ગાન થયા જ કરે છે. બધા એ જ કહે છે કે ભગવાન શંકર સર્વજ્ઞ, સર્વાત્મા, સર્વદર્શી, સમસ્ત ઐશ્વર્યોના દાતા, દિવ્ય શક્તિસંપન્ન, સૌના મનોભાવ સમજી લેનારા, ભક્તોને એમની ઇચ્છિત વસ્તુઓ આપનારા અને સદા સમસ્ત ક્લેશોનું નિવારણ કરનારા છે. જો હું સમસ્ત કામનાઓનો પરિત્યાગ કરીને વૃષભધ્વજમાં અનુરક્ત થઈ હોઉં તો એ કલ્યાણકારી ભગવાન શિવ અહીં મારા પર પ્રસન્ન થાઓ. જો મેં નારદજીએ આપેલા શિવપંચાક્ષર-મંત્રનો સદા ઉત્તમ ભક્તિભાવપૂર્વક જપ કર્યો હોય તો ભગવાન શંકર મારા પર પ્રસન્ન થાઓ. જો હું સર્વેશ્વર શિવની ભક્તિથી યુક્ત અને નિર્વિકાર હોઉં તો ભગવાન શંકર



મુજ પર અત્યંત પ્રસન્ન હો.'

આ રીતે નિત્ય ચિંતન કરતાં કરતાં જટાવલ્કલધારિણી નિર્વિકારા પાર્વતી સુદીર્ઘકાળ સુધી તપસ્યામાં લાગ્યાં રહ્યાં. એમણે એવી તપસ્યા કરી, જે મુનિઓ માટે પણ દુષ્કર હતી. ત્યાં એ તપસ્યાનું સ્મરણ કરીને પુરુષોને બહુ વિસ્મય થયો. હે મહર્ષે! પાર્વતીજી તપસ્યાનો જે બીજો પ્રભાવ પડ્યો હતો, એ પણ આ સમયે સાંભળી લો. જગદંબા પાર્વતીનું આ મહાન તપ પરમ આશ્ચર્યકારક હતું. જે સ્વભાવથી જ એકબીજાનાં વિરોધી હોય એવાં પ્રાણી પણ એ આશ્રમની પાસે જઈને એમની તપસ્યાના પ્રભાવથી વિરોધરહિત થઈ જતાં હતાં. સિંહ અને ગાય વગેરે સદા રાગ વગેરે દોષોથી સંયુક્ત રહેનારાં પશુ પણ પાર્વતીના તપના મહિમાથી ત્યાં બાધા પહોંચાડતાં ન હતાં. હે મુનિશ્રેષ્ઠ! આ ઉપરાંત જે સ્વભાવતઃ એકબીજાનાં વેરી છે એ ઉંદર-બિલાડીઓ વગેરે બીજા બીજા જીવ પણ આશ્રમ પર ક્યારેય રોષ વગેરે વિકારોથી મુક્ત રહેતા ન હતા. ત્યાંનાં વૃક્ષોમાં સદાએ ફળ લાગેલાં રહેલાં. વિવિધ પ્રકારનાં ઘાસ અને વિચિત્ર ફૂલો એ વનની શોભામાં અભિવૃદ્ધિ કરતાં. ત્યાંનો સમગ્ર વનપ્રાંત કૈલાસ-સમાન થઈ ગયો હતો. પાર્વતીના તપની સિદ્ધિ સાકારરૂપ બની ગઈ હતી.

(અધ્યાય-૨૨)

*

## પાર્વતીની તપસ્યા બાબતે દૃઢતા, પ્રથમ કરતાં પણ વધારે એમનું ઉગ્ર તપ, એથી ત્રિલોકીનું સંતપ્ત થવું અને સમસ્ત દેવતાઓની સાથે બ્રહ્મા અને વિષ્ણુ ભગવાનનું શિવને સ્થાને જવું

**બ્રહ્માજી કહે છે**—હે મુનીશ્વર! શિવની પ્રાપ્તિ માટે આ પ્રકારે તપસ્યા કરતાં કરતાં પાર્વતીનાં બહુ વર્ષો વતી ગયાં, તો પણ ભગવાન શંકર પ્રગટ થયા નહીં. ત્યારે હિમાચલ, મેના, મેરુ અને મંદરાચલ વગેરેએ આવીને પાર્વતીને સમજાવ્યાં અને શિવની પ્રાપ્તિને અત્યંત દુષ્કર બતાવીને એમને એવો અનુરોધ કર્યો કે તમે તપસ્યા છોડીને ઘેર આવતાં રહો.

**ત્યારે એ સર્વની વાત સાંભળીને પાર્વતીએ કહ્યું**—હે પિતાજી! હે માતાજી! તથા મારા બધા બાંધવ! મેં જે વાત પહેલાં કહી હતી એ શું આપ બધા ભૂલી ગયા? અસ્તુ. ઠીક છે. આ સમયે પણ મારી જે પ્રતિજ્ઞા છે એ આપ સૌ લોકો સાંભળી લો. જેમણે રોષથી કામદેવને બાળીને ભસ્મ કરી દીધા છે એ મહાદેવજી વિરક્ત હોવા છતાં, હું મારી તપસ્યાથી એ ભક્તવત્સલ ભગવાન શંકરને અવશ્ય સંતુષ્ટ કરીશ. આપ સૌ પ્રસન્નતાપૂર્વક પોતપોતાને ઘેર જાઓ. મહાદેવજી સંતુષ્ટ થશે જ, એમાં અન્યથા વિચારવાની જરૂર નથી. જેમણે કામદેવને બાળ્યા છે, જેમણે આ પર્વતના વનને બાળીને ભસ્મ કરી દીધું છે એ ભગવાન શંકરને હું કેવળ તપસ્યાથી અહીં બોલાવીશ. હે મહાભાગગણ! આપ સૌ એ જાણી લો કે મહાન તપોબળથી જ ભગવાન સદાશિવની સેવા સુલભ થઈ શકે છે. આ હું આપ લોકોને સત્ય, સત્ય કહું છું.

સુમધુર ભાષણ કરનારાં પર્વતરાજકુમારી શિવા માતા મેનકા, ભાઈ મૈનાક, પિતા હિમાલય અને મંદરાચલ વગેરેને ઉપર્યુક્ત વાત કહીને શીઘ્ર જ ચૂપ થઈ ગયાં. શિવાનું આવું કહ્યા

પર તે ચતુર-ચાલાક પર્વત, ગિરિરાજ સુમેરુ વગેરે ગિરિજાની વારંવાર પ્રશંસા કરતાં કરતાં અત્યંત વિસ્મિત થઈ જેવા આવ્યા હતા તેવા જ જતા રહ્યા. એ સૌના ચાલ્યા ગયા પછી સખીઓથી ઘેરાયેલાં પાર્વતીએ મનમાં ને મનમાં નિશ્ચય કરીને પહેલાં કરતાં પણ વધારે અધિક ઉગ્ર તપસ્યા કરવા લાગ્યાં. હે મુનિશ્રેષ્ઠ! દેવતાઓ, અસુરો, મનુષ્યો અને ચરાચર પ્રાણીઓ સહિત સમસ્ત ત્રિલોકી એ મહતી તપસ્યાથી સંતપ્ત થઈ ઊઠી. એ સમયે સમસ્ત દેવતા, અસુર, યક્ષ, કિન્નર, ચારણ, સિદ્ધ, સાધ્ય, મુનિ, વિદ્યાધર, મોટા-મોટા નાગ, પ્રજાપતિ, ગુહ્યક તથા અન્ય મોટા મોટા લોકો મહાન કષ્ટમાં પડી ગયા. પરંતુ એનું કોઈ કારણ એમની સમજમાં ન આવ્યું. ત્યારે ઇન્દ્ર વગેરે બધા દેવતાઓ મળીને ગુરુ બૃહસ્પતિ પાસેથી સલાહ લઈને ખૂબ વિહ્વળતા સાથે સુમેરુ પર્વત પર મુજ વિધાતાની શરણમાં આવ્યા. એ સમયે એમનાં સર્વ અંગો સંતપ્ત થઈ રહ્યાં હતાં. ત્યાં આવીને મને પ્રણામ કરીને એ સર્વ વ્યાકુળ અને કાન્તિહીન દેવતાઓએ મારી સ્તુતિ કરીને એકસાથે જ મને પૂછ્યું – 'હે પ્રભો! જગત સંતપ્ત થયું છે એનું કારણ શું છે?'

એમનો એ પ્રશ્ન સાંભળીને મનમાં ને મનમાં શિવનું સ્મરણ કરીને વિચારપૂર્વક મેં સર્વ કાંઈ જાણી લીધું. આ સમયે વિશ્વમાં જે દાહ ઉત્પન્ન થઈ ગયો છે તે ગિરિજાની તપસ્યાનું ફળ છે – આ જાણીને હું એ સૌની સાથે શીઘ્ર જ ક્ષીરસાગર ગયો. ત્યાં જવાનો ઉદ્દેશ્ય ભગવાન વિષ્ણુને સર્વ કાંઈ બતાવવાનો હતો. ત્યાં જઈને જોયું તો ભગવાન શ્રીહરિ સુખદ આસન પર બિરાજમાન છે. દેવતાઓની સાથે મેં હાથ જોડીને પ્રણામપૂર્વક એમની સ્તુતિ કરી અને કહ્યું – 'હે મહાવિષ્ણો! તપસ્યામાં લાગેલાં પાર્વતીના પરમ ઉગ્ર તપથી સંતપ્ત થઈને અમે સૌ આપને શરણે આવ્યા છીએ. તમે જ અમને બચાવો, બચાવો.' અમારા દેવતાઓની આ વાત સાંભળીને શેષશૈયા પર બેઠેલા ભગવાન લક્ષ્મીપતિ અમને આ પ્રમાણે કહેવા લાગ્યા.

**શ્રીવિષ્ણુએ કહ્યું**—હે દેવતાઓ મેં આજે પાર્વતીજીની તપસ્યાનું સંપૂર્ણ કારણ જાણી લીધું છે. તેથી તમે સૌની સાથે હવે હું પણ પરમેશ્વર શિવ સમીપ આવું છું. આપણે સૌ સાથે મળીને એ પ્રાર્થના કરીશું કે તેઓ શિવજી ગિરિજાને પરણીને અહીં લઈ આવે. હે અમરો! આ સમયે સમસ્ત સંસારના કલ્યાણ માટે ભગવાન સાથે શિવાનું પાણિગ્રહણ કરવાનો અનુરોધ કરવાનો છે. દેવાધિદેવ પિનાકધારી ભગવાન શિવ શિવાને વરદાન આપવા માટે જેવી રીતે પણ ત્યાં એમના આશ્રમ પર જાય, આ સમયે તો અમે આવો જ પ્રયત્ન કરીશું. તેથી પરમ મંગલમય મહાપ્રભુ રુદ્ર જ્યાં ઉગ્ર તપસ્યામાં લાગેલા છે ત્યાં જ આપણે સૌ ચાલો.

ભગવાન વિષ્ણુની આ વાત સાંભળીને સમસ્ત દેવતા વગેરે હઠી, ક્રોધી અને બાળવા માટે તૈયાર રહેનારા પ્રલયંકર રુદ્રથી અત્યંત ભયભીત થઈને બોલ્યા.

**દેવતાઓએ કહ્યું**—હે ભગવાન! જો મહાભયંકર, કાલાગ્નિ સમાન દીપ્તિમાન અને ભયાનક નેત્રોથી યુક્ત છે એવા રોષે ભરાયેલા મહાપ્રભુ રુદ્રની પાસે અમે લોકો નહીં જઈ શકીએ; કેમકે, જેવી રીતે એમણે ક્રોધે ભરાઈને દુર્જય કામદેવને પણ બાળી દીધો હતો, એ જ રીતે એ અમને પણ બાળીને ભસ્મ કરી દેશે – એમાં સંશય નથી.

હે મુને! ઇન્દ્ર વગેરે દેવતાઓની વાત

સાંભળીને લક્ષ્મીપતિ શ્રીહરિએ એ સૌને સાંત્વના આપતાં આપતાં કહ્યું.

**શ્રીહરિ બોલ્યા**—હે દેવતાઓ! તમે સૌ લોકો પ્રેમ અને આદરથી મારી વાત સાંભળો. ભગવાન શિવ દેવતાઓના સ્વામી તથા એમના ભયનો નાશ કરનારા છે. એ તમને દગ્ધ કરી શકે નહિ, દગ્ધ કરશે નહિ. તમે સૌ લોકો બહુ ચતુર છો. તેથી તમારે શંભુને કલ્યાણકારી માનીને અમારી સાથે સર્વના ઉત્તમ પ્રભુ એ મહાદેવજીના શરણમાં જવું જોઈએ. ભગવાન શિવ પુરાણપુરુષ સર્વેશ્વર, વરણીય, પરાત્પર, તપસ્વી અને પરમાત્મસ્વરૂપ છે તેથી આપણે એમને શરણે અવશ્ય જવું જોઈએ.

પ્રભાવશાળી વિષ્ણુના આવા કથન પર બધા દેવતાઓ એમની સાથે પિનાકપાણિ શિવનું દર્શન કરવા માટે ગયા. માર્ગમાં પાર્વતીનો આશ્રમ પહેલો આવતો હતો. તેથી એ ગિરિરાજનંદિનીની તપસ્યા જોવા માટે સર્વ દેવતાઓ કુતૂહલપૂર્વક એમના આશ્રમે ગયા. પાર્વતીના શ્રેષ્ઠ તપને જોઈને બધા દેવતાઓ એમના ઉષ્મ તેજથી વ્યાપ્ત થઈ ગયા. એમણે સૌએ તપસ્યામાં રત એ તેજોમયી જગદંબાને નમસ્કાર કર્યા અને સાક્ષાત્ સિદ્ધિસ્વરૂપા શિવાદેવીના તપની ખૂબ ખૂબ પ્રશંસા કરતાં કરતાં એ બધા દેવતા એ સ્થાન પર પહોંચ્યા જ્યાં ભગવાન વૃષભધ્વજ બિરાજમાન હતા. હે મુને! ત્યાં પહોંચીને બધા દેવતાઓએ પહેલાં તમને એમની પાસે મોકલ્યા અને સ્વયં તે મદનદહનકારી ભગવાન હરથી દૂર જ ઊભા રહ્યા. તેઓ ત્યાંથી જ એ જોતા રહ્યા કે ભગવાન શિવ કુપિત છે કે પ્રસન્ન છે. હે નારદ! તમે સદા નિર્ભય રહેનાર હોવાને કારણે અને વિશેષતઃ શિવભક્ત છો તેથી તમને ભગવાન શિવના સ્થાન પર જઈને એમને સર્વથા પ્રસન્ન જોયા. પછી ત્યાંથી પરત આવીને તમે શ્રીવિષ્ણુ વગેરે બધા દેવતાઓને ભગવાન શિવના સ્થાન પર લઈ ગયા. ત્યાં પહોંચીને વિષ્ણુ વગેરે દેવતાઓએ જોયું કે ભક્તવત્સલ ભગવાન શિવ સુખપૂર્વક પ્રસન્ન મુદ્રામાં બેઠા છે. પોતાના ગણોથી ઘેરાયેલા શંભુ તપસ્વીનું રૂપ ધારણ કરીને યોગપટ્ટ પર બેઠેલા હતા. એ પરમેશ્વરરૂપી શંકરનું દર્શન કરીને મુજ સહિત શ્રીવિષ્ણુ તથા અન્ય દેવતાઓ, સિદ્ધો અને મુનીશ્વરોએ એમને પ્રણામ કરીને વેદો અને ઉપનિષદોનાં સૂત્રો દ્વારા એમનું સ્તવન કર્યું.

(અધ્યાય-૨૩)

*

## દેવતાઓનો ભગવાન શિવને પાર્વતી સાથે વિવાહ કરવાનો અનુરોધ, ભગવાને વિવાહના દોષો બતાવીને, અસ્વીકાર કર્યો, અને પુનઃ પ્રાર્થના કરવાથી સ્વીકાર કરી લેવો

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! દેવતાઓએ ત્યાં પહોંચીને ભગવાન રુદ્રને પ્રણામ કરીને એમની સ્તુતિ કરી. ત્યારે નંદિકેશ્વરે ભગવાન શિવને એમની દીનબંધુતા અને ભક્તવત્સલતાની પ્રશંસા કરતાં કરતાં કહ્યું – 'હે પ્રભો! દેવતાઓ અને મુનિઓ સંકટમાં પડ્યા છે અને આપને શરણે આવ્યા છે. હે સર્વેશ્વર! આપ એમનો ઉદ્ધાર કરો.'

દયાળુ નંદીના આ પ્રકારના સૂચન પર ભગવાન શંભુએ ધીરે ધીરે આંખો ખોલીને ધ્યાનથી ઉપરત થયા, ધ્યાન છોડ્યું. સમાધિમાંથી ઊઠીને પરમ જ્ઞાની પરમાત્મા અને ઈશ્વર શંભુએ સમસ્ત દેવતાઓને આ પ્રકારે કહ્યું.

**શંભુ બોલ્યા**—હે શ્રીવિષ્ણુ અને બ્રહ્મા વગેરે દેવેશ્વરો! તમે સૌ મારી સમીપ કેવી રીતે આવ્યા? તમારું અહીં આવવાનું જે કાંઈ કારણ હોય તે શીઘ્ર જ મને જણાવો.

ભગવાન શંકરનું આ વચન સાંભળીને બધા દેવતાઓ પ્રસન્ન થઈને કારણ બતાવવા ભગવાન શ્રીવિષ્ણુના મુખ તરફ તાકવા લાગ્યા. ત્યારે શિવના મહાન ભક્ત અને દેવતાઓના હિતકારી શ્રીવિષ્ણુએ મારા બતાવેલા દેવતાઓનાં મહત્તર કાર્યોને સૂચિત કરવાનું શરૂ કર્યું. એમણે કહ્યું – 'હે શંભો! તારકાસુરે દેવતાઓને અત્યંત અદ્‌ભુત અને મહાન કષ્ટ આપ્યું છે. આ જ બતાવવા, કહેવા માટે અમે બધા દેવતા અહીં આવ્યા છીએ. ભગવન્! આપના ઔરસ પુત્રથી જ તારકાસુર દૈત્ય મરી શકે છે અને બીજે કોઈ પ્રકારે તેનું મરણ નથી. મારું આ કથન સર્વથા સત્ય છે. હે મહાદેવ! આ રીતે વિચાર કરીને આપ કૃપા કરો. આપને નમસ્કાર છે. હે સ્વામિન્! તારકાસુર દ્વારા ઉપસ્થિત કરેલાં આ કષ્ટોથી આપ જ આ દેવતાઓનો ઉદ્ધાર કરો. હે દેવ! હે શંભો! આપ જમણે હાથે ગિરિજાનું પાણિગ્રહણ કરો. ગિરિરાજ હિમવાન દ્વારા અપાયેલી મહાનુભાવા પાર્વતીને પાણિગ્રહણ દ્વારા જ અનુગૃહીત કરો.'

શ્રીવિષ્ણુનું આ વચન સાંભળીને યોગપરાયણ ભગવાન શિવે એ સૌને ઉત્તમ ગતિનું દર્શન કરાવતાં કરાવતાં આ રીતે કહ્યું – 'હે દેવતાઓ! જે ક્ષણે મેં સર્વાંગસુંદરી ગિરિજા દેવીનો સ્વીકાર કર્યો એ જ ક્ષણે સમસ્ત સુરેશ્વર તથા ઋષિમુનિ સકામ થઈ જશે. પછી તો એ પરમાર્થપથ પર ચાલવામાં સમર્થ જ નહીં રહે. દુર્ગા પોતાના પાણિગ્રહણ માત્રથી જ કામદેવને જીવિત કરી દેશે. હે વિષ્ણો! મેં કામદેવને ભસ્મ કરીને દેવતાઓનું બહુ મોટું કાર્ય સિદ્ધ કર્યું છે, આજથી બધા લોકો મારી સાથે સુનિશ્ચિતરૂપથી નિષ્કામ થઈને રહો. હે દેવતાઓ! જેવો હું છું એવી રીતે તમે સૌ લોકો પૃથક્-પૃથક્ રહીને કોઈ વિશેષ પ્રયત્ન કર્યા વિના અત્યંત દુષ્કર અને ઉત્તમ તપસ્યા કરી શકશો. હવે એ મદનના ન રહેવાથી તમે બધા દેવતા સમાધિ દ્વારા પરમાનંદનો અનુભવ કરતાં કરતાં નિર્વિકાર થઈ જાઓ, કેમકે, કામ નરકની પ્રાપ્તિ કરાવનાર છે. કામથી ક્રોધ થાય છે, ક્રોધથી મોહ થાય છે અને મોહથી તપસ્યા નષ્ટ થાય છે. તેથી તમે સૌ શ્રેષ્ઠ દેવતાઓએ કામ અને ક્રોધનો પરિત્યાગ કરી દેવો જોઈએ. મારા આ કથનને ક્યારેય અન્યથા ન માનવું જોઈએ.*

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! વૃષભના ચિહ્નથી યુક્ત ધ્વજા ધારણ કરવાવાળા ભગવાન મહાદેવે આ પ્રકારની વાતો સંભળાવીને બ્રહ્મા, વિષ્ણુ, દેવતાઓ તથા મુનિઓને નિષ્કામધર્મનો ઉપદેશ આપ્યો. તદનંતર, ભગવાન શંભુ પુનઃ ધ્યાન લગાવીને ચૂપ થઈ ગયા અને પહેલાંની

---

* કામો હિ નરકાયૈવ તસ્માત્ ક્રોધોઽભિજાયતે। ક્રોધાદ્ભવતિ સમ્મોહો મોહાચ્ચ ભ્રંશતે તપઃ॥
કામક્રોધૌ પરિત્યાજ્યૌ ભવદ્ભિઃ સુરસત્તમૈઃ। સર્વૈરેવ ચ મન્તવ્યં મદ્વાક્યં નાન્યથા ક્વચિત્॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૨૪/૨૭-૨૮)

જેમ જ પાર્ષદોથી ઘેરાયેલા સુસ્થિર ભાવથી બેસી ગયા. એ પોતાના મનમાં જ સ્વયં આત્મસ્વરૂપ, નિરંજન, નિરાભાસ, નિર્વિકાર, નિરામય, પરાત્પર, નિત્ય મમતારહિત, નિરવગ્રહ, શબ્દાતીત, નિર્ગુણ, જ્ઞાનગમ્ય અને પ્રકૃતિથી પર પરમાત્માનું ચિંતન કરવા લાગ્યા. આ રીતે પરમ સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં એ ધ્યાનમાં સ્થિત થઈ ગયા. અનેક પ્રાણીઓની સૃષ્ટિ કરનારા ભગવાન શિવ ધ્યાન કરતાં કરતાં જ પરમ આનંદમાં નિમગ્ન થઈ ગયા. શ્રીહરિ અને ઈન્દ્ર વગેરે દેવતાઓએ જ્યારે પરમેશ્વર શિવને ધ્યાનમગ્ન જોયા, ત્યારે એમણે નંદીની સંમતિ લીધી. નંદીએ પુનઃ દીનભાવથી સ્તુતિ કરવા કહ્યું. એમની આ સત્ સંમતિ અનુસાર દેવતા સ્તુતિ કરવા લાગ્યા. એ બોલ્યા – 'હે દેવદેવ! હે મહાદેવ! હે કરુણાસાગર પ્રભો! અમે આપને શરણે આવ્યા છીએ. આપ મહાન કલેશથી અમારો ઉદ્ધાર કરો.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આ રીતે બહુ દીનતાપૂર્ણ ઉક્તિથી દેવતાઓએ ભગવાન શંકરની સ્તુતિ કરી. એ પછી તે બધા દેવતાઓ પ્રેમથી વ્યાકુળ ચિત્તે થઈને ઉચ્ચ સ્વરથી જોરજોરથી રડવા લાગ્યા. મારી સાથે ભગવાન શ્રીહરિ ઉત્તમ ભક્તિભાવથી યુક્ત થઈને મનમાં ને મનમાં જ ભગવાન શંભુનું સ્મરણ કરતાં કરતાં અત્યંત દીનતાપૂર્ણ વાણી દ્વારા શંભુ એમના પોતાના અભિપ્રાયનું નિવેદન કરવા લાગ્યા.

દેવતાઓનું, મારું તથા દેવતાઓનું આ પ્રકારે બહુ સ્તુતિયુક્ત વચનો સાંભળીને પોતાની ભક્તવત્સલતાને કારણે ધ્યાનથી વિરત થયા. એમનું મન અત્યંત પ્રસન્ન હતું. તે ભક્તવત્સલ શંકર શ્રીહરિ વગેરેને કરુણાદષ્ટિથી જોઈને એમનો હર્ષ વધારવા આમ બોલ્યા – 'હે વિષ્ણો! હે બ્રહ્મન્! તથા ઈન્દ્ર વગેરે દેવતાઓ! તમે બધા લોકો એક સાથે અહીં કયા અભિપ્રાયથી આવ્યા છો? મારી સામે સાચેસાચું કહી બતાવો.'

**શ્રીહરિએ કહ્યું**—હે મહેશ્વર! આપ સર્વજ્ઞ છો, સર્વના અંતર્યામી ઈશ્વર છો. શું આપ અમારા મનની વાત નથી જાણતા? અવશ્ય જાણો છો, તેમ છતાં આપની આજ્ઞાથી હું સ્વયં પણ કહું છું. હે સુખદાયક શંકર! અમે બધા દેવતાઓ તારકાસુરથી અનેક પ્રકારનાં દુઃખો પ્રાપ્ત કરીએ છીએ. એટલા જ માટે દેવતાઓએ આપને પ્રસન્ન કર્યા છે. તમારે માટે જ એમણે ગિરિરાજ હિમાલય દ્વારા શિવાની ઉત્પત્તિ કરાવી છે. શિવાના ગર્ભથી આપ દ્વારા જે પુત્ર ઉત્પન્ન થશે એનાથી જ તારકાસુરનું મૃત્યુ થશે, બીજો કોઈ આ સિવાય ઉપાય જ નથી. બ્રહ્માજીએ એ દૈત્યને આ જ વરદાન આપ્યું છે. એ કારણે બીજા દ્વારા એનું મૃત્યુ થઈ રહ્યું નથી – તેથી તે નીડર થઈને આખા સંસારને કષ્ટ આપી રહ્યો છે. આ બાજુ નારદજીની આજ્ઞાથી પાર્વતી કઠોર તપસ્યા રહ્યાં રહી છે. એમના તેજથી સમસ્ત ચરાચર પ્રાણીઓ સહિત ત્રિલોકી આચ્છાદિત થઈ ગઈ છે. એટલા માટે હે પરમેશ્વર! આપ શિવાને વરદાન આપવા માટે જાઓ. હે સ્વામિન્! દેવતાઓનું દુઃખ મટાડો અને અમને સુખ આપો. હે શંકર! મારા તથા દેવતાઓના હૃદયમાં આપના વિવાહનો ઉત્સવ જોવા માટે બહુ ભારે ઉત્સાહ છે. તેથી આપ યથોચિત રીતે વિવાહ કરો. હે પરાત્પર પરમેશ્વર! આપે રતિને જે વરદાન આપ્યું હતું, એની પૂર્તિનો અવસર આવી ગયો છે. તેથી પોતાની પ્રતિજ્ઞાને શીઘ્ર જ સફળ કરો.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને એમને પ્રણામ કરીને શ્રીવિષ્ણુ વગેરે દેવતાઓ અને મહર્ષિઓએ વિવિધ પ્રકારનાં સ્તોત્રો દ્વારા પુનઃ એમની સ્તુતિ કરી. પછી એ બધા એમની સામે ઊભા રહી ગયા. ભક્તોને અધીન રહેવાવાળા ભગવાન શંકર પણ, જે વેદમર્યાદાના રક્ષક છે, દેવતાઓની વાત સાંભળીને હસતાં હસતાં બોલ્યાં – 'હે હરે! હે વિધે! અને હે દેવતાઓ! તમે સૌ આદરપૂર્વક સાંભળો. હું યથોચિત, વિશેષતઃ વિવેકપૂર્ણ વાત કહી રહ્યો છું. વિવાહ કરવો મનુષ્યોને માટે ઉચિત કાર્ય નથી; કેમકે, વિવાહ દઢતાપૂર્વક બાંધી રાખનારી બહુ મોટી બેડી છે. જગતમાં ઘણા પ્રકારના કુસંગ છે; પરંતુ સ્ત્રીનો સંગ એમાં સૌથી વધારે મોટો કુસંગ છે. મનુષ્ય બધાં બંધનોથી છુટકારો મેળવી શકે છે, પરંતુ સ્ત્રીપ્રસંગરૂપી બંધનથી તે મુક્ત નથી થઈ શકતો. લોઢાની અને લાકડાની બનાવેલી બેડીઓમાં દઢતાપૂર્વક બંધાયેલો પુરુષ પણ એક દિવસ એ કેદથી છુટકારો મેળવી શકે છે, પરંતુ સ્ત્રીપુત્ર આદિ બંધનમાં બંધાયેલો મનુષ્ય ક્યારેય છૂટી શકતો નથી. મહાન બંધનમાં નાખનાર વિષય સદા વધ્યા જ કરે છે. જેનું મન વિષયોને વશીભૂત થયું છે એને માટે મોક્ષ સ્વપ્નમાં પણ દુર્લભ છે. વિદ્વાન પુરુષ જો સુખ ચાહતો હોય તો તેણે વિષયોને વિધિપૂર્વક છોડી દેવા જોઈએ. વિષયોને વિષ જેવા કહ્યા છે, જે દ્વારા મનુષ્ય માર્યો જાય છે. વિષયીની સાથે વાર્તા કરવા માત્રથી મનુષ્ય ક્ષણભરમાં જ પતિત થઈ જાય છે. આચાર્યોએ વિષયને સાકર લગાડેલી વારુણી (મદિરા) કહ્યો છે.* યદ્યપિ હું આ વાતને જાણું છું અને યદ્યપિ વિષયોના આ બધા દોષોનું મને વિશેષ જ્ઞાન છે, તથાપિ હું તમારી પ્રાર્થનાને સફળ કરીશ; કેમકે, હું ભક્તોને અધીન રહું છું અને ભક્તવત્સલતાવશ ઉચિત-અનુચિત બધાં કાર્યો કરું છું. એટલા માટે ત્રણે લોકમાં 'અયથોચિતકર્તા'ને રૂપે મારી પ્રસિદ્ધિ છે. ભક્તોને માટે મેં અનેક વાર બહુ પ્રયત્ન કરીને કષ્ટ સહન કર્યાં છે. ગૃહપતિ થઈને વિશ્વાનર મુનિનું દુઃખ દૂર કર્યું છે. હે હરે! હે વિધે! હવે વધારે કહેવાની શી આવશ્યકતા છે. મારી જે પ્રતિજ્ઞા છે, એને તમે સૌ લોકો સારી પેઠે જાણો છો. હું આ સત્ય કહું છું કે જ્યારે જ્યારે ભક્તો પર કોઈ પણ જગાએ વિપત્તિ આવે છે ત્યારે ત્યારે હું તત્કાળ એમનાં બધાં જ કષ્ટો હરી લઉં છું. તારકાસુરથી તમને લોકોને જે દુઃખ પ્રાપ્ત થયું છે, એ હું જાણું છું અને એનું હરણ કરીશ, એ પણ સાચેસાચું બતાવી રહ્યો છું. યદ્યપિ મારા મનમાં વિવાહ કરવાની કોઈ રુચિ નથી. તથાપિ હું પુત્રોત્પાદન માટે ગિરિજા સાથે લગ્ન કરીશ. તમે બધા દેવતાઓ હવે નિર્ભય થઈને પોતપોતાને ઘેર જાઓ. હું તમારું કાર્ય સિદ્ધ કરીશ. આ

* કુસંગા બહવો લોકે સ્રીસંગસ્તત્ર ચાધિકઃ। ઉદ્ધરેત્સકલૈર્બન્ધૈર્નસ્રીસંગાત્ પ્રમુચ્યતે ॥
લોહદારુમયૈઃ પાશૈર્દઢં બદ્ધોઽપિ મુચ્યતે। સ્રયાદિપાશસુસમ્બદ્ધો મુચ્યતે ન કદાચન ॥
વર્દ્ધન્તે વિષયાઃ શશ્વન્મહાબન્ધનકારિણઃ। વિષયાક્રાન્તમનસઃ સ્વપ્ને મોક્ષોઽપિ દુર્લભઃ ॥
સુખમિચ્છતિ ચેત્ પ્રાજ્ઞો વિધિવદ્ વિષયાંસ્ત્યજેત્। વિષવદ્ વિષયાનાહુર્વિષયૈર્યૈર્નિહન્યતે ॥
જનો વિષયિણા સાકં વાર્તાતઃ પતતિ ક્ષણાત્। વિષયં પ્રાહુરાચાર્યાઃ સિતાલિપ્તેન્દ્રવારુણિમ્ ॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૨૪/૬૧-૬૫)

બાબતે હવે કોઈ વિચાર કરવો જોઈએ નહીં.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને ભગવાન શંકર મૌન થઈને સમાધિમાં સ્થિત થઈ ગયા અને વિષ્ણુ વગેરે દેવતાઓ પોતપોતાના ધામમાં ચાલ્યા ગયા.

(અધ્યાય-૨૪)

*

## ભગવાન શિવની આજ્ઞાથી સપ્તર્ષિઓનું પાર્વતીના આશ્રમે જઈને શિવવિષયક અનુરાગની પરીક્ષા કરવી અને ભગવાનને બધો વૃત્તાંત બનાવી સ્વર્ગ તરફ જવું

**બ્રહ્માજી કહે છે**—દેવતાઓ પોતપોતાના આશ્રમે ચાલ્યા ગયા પછી પાર્વતીના તપની પરીક્ષા માટે ભગવાન શંકર સમાધિસ્થ થઈ ગયા. તે સ્વયં પોતામાં જ, પોતાના પરાત્પર, સ્વસ્થ, માયારહિત તથા ઉપદ્રવ શૂન્ય સ્વરૂપનું ચિંતન કરવા લાગ્યા એ ધ્યેય વસ્તુના રૂપમાં સાક્ષાત્ ભગવાન મહેશ્વર જ બિરાજમાન છે. એમની ગતિનું કોઈને ય જ્ઞાન થતું નથી. એ ભગવાન વૃષભધ્વજ જ સર્વના સ્રષ્ટા છે– પરમેશ્વર છે.

હે તાત! એ દિવસોમાં પાર્વતીદેવી બહુ ભારે, કઠોર તપસ્યા કરી રહ્યાં હતાં. ભક્તાધીન હોવાને કારણે જ એ સમાધિથી વિચલિત થઈ ગયા હતા, એ સિવાય બીજું કશું કારણ જ ન હતું. તદનંતર સૃષ્ટિકર્તા હરે વસિષ્ઠ આદિ સપ્તર્ષિઓનું સ્મરણ કર્યું. એમના સ્મરણ કરતાં જ એ સાતે ઋષિઓ શીઘ્ર જ ત્યાંથી આવી પહોંચ્યા. એમના મુખ પર પ્રસન્નતા છવાઈ રહી હતી તથા તે સૌ પોતપોતાના ભાગ્યની અધિક સરાહના (વખાણ) કરતા હતા. એમને આવેલા જોઈને ભગવાન શિવનાં નેત્ર પ્રસન્નતાથી પ્રફુલ્લ કમળની જેમ ખીલી ઊઠ્યાં અને તે હસતાં હસતાં બોલ્યા–'હે તાત સપ્તર્ષિઓ! તમે સૌ મારા હિતકારી અને સંપૂર્ણ વસ્તુઓને જાણવામાં નિપુણ છો. તેથી શીઘ્ર જ મારી વાત સાંભળો. ગિરિરાજકુમારી દેવેશ્વરી પાર્વતી આ સમયે સુસ્થિર ચિત્ત થઈને ગૌરી-શિખર નામક પર્વત ઉપર તપસ્યા કરી રહ્યાં છે. મને પતિરૂપે પ્રાપ્ત કરવાનો એકમાત્ર ઉદ્દેશ્ય તેમની તપસ્યાનો છે. હે દ્વિજો! આ સમયે કેવળ સખીઓ જ એમની સેવામાં છે. મારા સિવાય બીજી સમસ્ત કામનાઓનો પરિત્યાગ કરીને એ એક ઉત્તમ નિશ્ચય પર પહોંચી ચૂક્યાં છે. હે મુનિવરો! તમે બધા મારી આજ્ઞાથી ત્યાં જાઓ અને પ્રેમપૂર્ણ હૃદયથી એમની દૃઢતાની પરીક્ષા કરો. ત્યાં જઈને તમારે સર્વથા છલયુક્ત વાતો કરવાની છે–કરવી જોઈએ. હે ઉત્તમ વ્રતધારી મહર્ષિઓ! મારી આજ્ઞાથી આવું કરવાનું છે. તેથી તમારા મનમાં કોઈ સંશય ન કરવો જોઈએ.'

ભગવાન શંકરની આ આજ્ઞા મેળવીને તે સાતેય ઋષિ તરત જ એ સ્થાન પર જઈ પહોંચ્યા, જ્યાં દીપ્તિમતી જગન્માતા પાર્વતી બિરાજમાન હતાં. સપ્તર્ષિઓએ ત્યાં શિવાને તપસ્યાની મૂર્તિમયી બીજી સિદ્ધિની સમાન જોઈ. એમનું તેજ મહાન હતું. તે પોતાના ઉત્તમ તેજથી પ્રકાશિત થઈ રહ્યાં હતાં. એ ઉત્તમ

વ્રતધારી સપ્તર્ષિઓએ એમને મનમાં ને મનમાં પ્રણામ કર્યા અને એમના દ્વારા વિશેષતઃ પૂજિત થઈને તેમણે મસ્તક નમાવીને આ રીતે કહેવા માંડ્યું–

**ઋષિઓએ કહ્યું**—હે દેવી! હે ગિરિરાજનંદિની! અમારી આ વાત સાંભળો. અમે એ જાણવા ઇચ્છીએ છીએ કે તમે શા માટે તપસ્યા કરો છો? અને આ તપસ્યા દ્વારા કયા દેવતાને અને કયા પ્રકારનું ફળ ચાહો છો?

એ દ્વિજોના આવા પ્રકારના પ્રશ્ન પર ગિરિરાજકુમારી દેવી શિવાએ એમની સામે અત્યંત ગોપનીય હોવા છતાં પણ સાચી વાત કરી દીધી.

**પાર્વતી બોલ્યાં**—હે મુનીશ્વરો! તમે લોકો પ્રસન્નતાપૂર્ણ હૃદયથી મારી વાત સાંભળો. મેં મારી પોતાની બુદ્ધિથી જેનું ચિંતન કર્યું છે, એવો મારો વિચાર હું આપની સામે પ્રગટ કરું છું. તમે લોકો મારી અસંભવ વાતો સાંભળીને મારો ઉપહાસ કરશો, એટલા માટે એ વાતો કહેવામાં સંકોચ જ થાય છે તેમ છતાં કહું છું. શું કરું? આ મારું મન અત્યંત દૃઢતાપૂર્વક એક ઉત્કૃષ્ટ કર્મના અનુષ્ઠાનમાં લાગ્યું છે અને આવું કરવાને માટે વિવશ થઈ ગયું છે. આ મન તો પાણીની ઉપર બહુ મોટી અને ઊંચી દીવાલ ખડી કરવા ચાહે છે. દેવર્ષિ નારદનો ઉપદેશ મેળવીને મેં 'ભગવાન રુદ્ર મારા પતિ થાઓ' એ મનોરથ મનમાં રાખીને અત્યંત કઠોર તપ કરી રહી છું. મારું મન રૂપી પંખી વગર પાંખે જ હઠપૂર્વક આકાશમાં ઊડી રહ્યું છે. મારા સ્વામી કરુણાનિધાન ભગવાન શંકર જ મનની આ આશાની પૂર્તિ કરી શકે છે.

પાર્વતીનાં આ વચન સાંભળીને તે મુનિઓ હસી પડ્યા અને ગિરિજાનું સન્માન કરતાં કરતાં પ્રસન્નતાપૂર્વક છલયુક્ત મિથ્યા વચન બોલ્યા.

**ઋષિઓએ કહ્યું**—હે ગિરિરાજનંદિની! દેવર્ષિ નારદ વ્યર્થમાં જ પોતાને પંડિત માને છે. એમના મનમાં તો ક્રૂરતા ભરેલી રહે છે. તમે સમજદાર થઈને પણ શું એમના ચરિત્રને નથી જાણતાં. નારદ છળ-કપટની વાતો કરે છે અને બીજાઓના ચિત્તને મોહમાં નાખીને મથી કાઢે છે. એમની વાતો સાંભળવાથી સર્વથા હાનિ જ થાય છે. બ્રહ્મપુત્ર દક્ષના પુત્રોને નારદે જે છલપૂર્ણ ઉપદેશ આપ્યો હતો, એનું ફળ એ થયું કે તે બધાને બધા પોતાના પિતાને ઘેર પરત આવી જ ન શક્યા. આવા જ હાલ એમણે દક્ષના બીજા પુત્રોના પણ કર્યા. તેઓ પણ એમના ચક્કરમાં આવીને ભિખારી બની ગયા. વિદ્યાધર ચિત્રકેતુને એમણે એવો ઉપદેશ દીધો કે એનું ઘર જ ઊજડી ગયું. પ્રહ્‌લાદને પોતાનો ચેલો બનાવીને એમણે હિરણ્યકશિપુ દ્વારા મોટાં મોટાં દુઃખો અપાવ્યાં. એ નારદજી તો હંમેશાં બીજાની બુદ્ધિમાં ભેદ જ ભેદ પેદા કર્યા કરે છે. નારદ મુનિ સાંભળવી ગમે એવી પોતાની વિદ્યા જેમને જેમને સંભળાવે છે, તે પોતાનું ઘર છોડીને તત્કાળ ભીખ માગવા લાગે છે. એમનું મન મલિન છે. કેવળ શરીર જ સદા ઉજ્જ્વળ જણાયા કરે છે. અમે એમને વિશેષરૂપે જાણીએ છીએ, કેમકે, અમે એમની સાથે જ રહીએ છીએ. એમના ઉપદેશ મેળવીને, પ્રાપ્ત કરીને, મોટા મોટા વિદ્વાનો દ્વારા સન્માનિત થનારાં તમે પણ વ્યર્થમાં જ ભુલાવામાં આવી ગયાં અને મૂર્ખ બનીને દુષ્કર તપસ્યા કરવા લાગ્યાં.

હે બાલે! તમે જેમને માટે આ ભારે તપસ્યા કરો છો, તે રુદ્ર સદા ઉદાસીન, નિર્વિકાર અને કામના શત્રુ છે—એમાં સંશય નથી. એ અમાંગલિક વસ્તુઓથી યુક્ત શરીર ધારણ કરે છે. લજ્જાને

તો તિલાંજલિ આપી જ દીધી છે, નથી તો એમને ઘર કે નથી દ્વાર. તે કયા કુળમાં ઉત્પન્ન થયા છે એની કોઈને જ ખબર નથી. કુત્સિત વેશ ધારણ કરીને ભૂતો તથા પ્રેત વગેરેની સાથે રહે છે અને નંગ-ધડંગ થઈને શૂલ ધારણ કરીને ફર્યા કરે છે. ધૂર્ત નારદે પોતાની માયાથી તમારા સમગ્ર વિજ્ઞાનને (બુદ્ધિને) નષ્ટ કરી દીધું છે, યુક્તિથી તમને મોહ પમાડ્યો છે અને તમારા દ્વારા તપસ્યા કરાવી છે. હે દેવેશ્વરિ! હે ગિરિરાજનંદિની! તમે વિચાર કરો કે આવા પતિને મેળવીને તમને કયું સુખ મળશે. પહેલાં રુદ્રે બુદ્ધિથી ખૂબ વિચાર કરીને સાધ્વી સતી સાથે લગ્ન કર્યું હતું. પરંતુ એ તો એવા મૂઢ છે કે થોડા દિવસ પણ એમની સાથે નિર્વાહ કરી શક્યા નહીં. એ બિચારીને એમનેમ દોષ દઈને એમણે એનો ત્યાગ કર્યો, અને સ્વયં સ્વતંત્ર થઈને પોતે નિષ્કળ અને શોકરહિત ધ્યાન કરતાં કરતાં એમાં જ સુખપૂર્વક રમી રહ્યા. હે દેવી! જે સદાય એકલા રહેનારા, શાંત, સંગરહિત, અદ્વિતીય છે એમની સાથે કોઈ પણ સ્ત્રીનો નિર્વાહ જ કેવી રીતે થશે? હજુ આજે પણ કશું બગડ્યું નથી. જાગ્યા ત્યાંથી સવાર. તમે અમારી આજ્ઞા માનીને ઘેર પાછાં જતાં રહો અને આ દુર્બુદ્ધિને છોડી દો. હે મહાભાગે! આમાં જ તમારું ભલું છે. તમારે યોગ્ય વર તો છે ભગવાન વિષ્ણુ, જે સમસ્ત સદ્‌ગુણોથી યુક્ત છે. તે વૈકુંઠમાં રહે છે, લક્ષ્મીના સ્વામી છે અને વિવિધ-પ્રકારની ક્રીડાઓ કરવામાં કુશળ છે. એમની સાથે તમારું લગ્ન કરાવી દઈશું અને એ લગ્ન તમારે માટે સમસ્ત સુખોને આપનાર હશે. હે પાર્વતી! તમારી રુદ્રની સાથે લગ્ન કરવાની હઠ છે એ હઠને છોડી દો અને સુખી થઈ જાઓ.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! એ ઋષિઓની આવી વાત સાંભળીને જગદંબિકા પાર્વતી હસી પડ્યાં અને ફરીથી પુનઃ એ જ્ઞાનવિશારદ મુનિઓને કહેવા લાગ્યાં.

**પાર્વતીએ કહ્યું**—હે મુનીશ્વરો! તમે તમારી સમજ પ્રમાણે ઠીક જ કહ્યું છે. પરંતુ હે દ્વિજો! મારી હઠ પણ છૂટવાની નથી. મારું શરીર



પર્વતથી ઉત્પન્ન થવાને કારણે મારામાં સ્વાભાવિક કઠોરતા વિદ્યમાન છે. પોતાની બુદ્ધિથી આવો વિચાર કરીને તમે લોકો મને તપસ્યા કરવાથી રોકવાનું કષ્ટ ન કરશો. દેવર્ષિનું-નારદજીનું વાક્ય-ઉપદેશ-વાક્ય મારે માટે પરમ હિતકારક છે. તેથી હું એને ક્યારેય છોડવાની નથી. વેદવેત્તા પણ એ માને છે કે ગુરુજનોનું વચન હિતકારક હોય છે. 'ગુરુઓનું વચન સત્ય હોય છે,' એવો જેમનો દૃઢ વિચાર છે એવાને આલોકમાં તથા પરલોકમાં પરમ સુખથી પ્રાપ્તિ થાય છે અને દુઃખ ક્યારેય થતું જ નથી—'ગુરુઓનું વચન સત્ય હોય છે' આવો વિચાર

જેમના હૃદયમાં નથી, એમને આલોકમાં અને પરલોકમાં પણ દુઃખની જ પ્રાપ્તિ થાય છે, સુખ ક્યારેય મળતું જ નથી. તેથી હે દ્વિજો! ગુરુઓનાં વચનોનો ક્યારેય કોઈ પણ રીતે ત્યાગ ન કરવો જોઈએ. મારું ઘર વસે કે ઉજ્જડ થઈ જાય તો ભલે, મને તો આ હઠ જ સદા સુખ દેનારી છે. હે મુનિવરો! આપે જે વાતો કહી છે, એનો મેં આપના કહેલા તાત્પર્યથી ભિન્ન અર્થ સમજી લીધો છે અને એનો અહીં સંક્ષેપમાં એનું થોડું વિવેચન પ્રસ્તુત કરું છું, તમે એ ઠીક જ કહ્યું કે ભગવાન વિષ્ણુ સદ્‌ગુણોના ધામ તથા લીલાવિહારી છે. સાથે જ આપે સદાશિવને નિર્ગુણ કહ્યા છે. એમાં જે કારણ છે, એ હું બતાવું છું. ભગવાન શિવ સાક્ષાત્ પરબ્રહ્મ છે તેથી જ તે નિર્વિકાર છે. તે કેવળ ભક્તોને માટે જ શરીર ધારણ કરે છે, તેમ છતાં પણ લૌકિકી પ્રભુતાને દેખાડવા ઇચ્છતા નથી. તેથી પરમહંસોની જે પ્રિય ગતિ છે, એને જ એ ધારણ કરે છે, કેમકે, તે ભગવાન શંભુ પરમ આનંદમય છે એટલે અવધૂતરૂપે રહે છે. માયાથી લિપ્ત જીવોને જ ભૂષણ વગેરેની રુચિ થયા કરે છે, બ્રહ્મને નહીં. તે પ્રભુ ગુણાતીત, અજન્મા, માયારહિત, અલક્ષ્ય ગતિ અને વિરાટ છે. હે દ્વિજો! ભગવાન શંભુ કોઈ વિશેષ ધર્મ અથવા જાતિ વગેરેને કારણે કોઈ પર અનુગ્રહ કરતા નથી. હું ગુરુની કૃપાથી શિવને યથાર્થરૂપે જાણું છું. હે મહર્ષિઓ! જો શિવ મારી સાથે લગ્ન નહીં કરે તો હું સદા કુમારી જ રહી જઈશ, પરંતુ બીજાની સાથે લગ્ન તો નહીં જ કરું. આ હું સાચ્ચેસાચું જણાવી રહી છું. જો સૂર્ય પશ્ચિમ દિશામાં ઊગે, મેરુ પર્વત વિચલિત થઈ જાય તો પણ, અને કમલ પર્વતશિખરની શિલા ઉપર ઊગવા માંડે તો પણ મારી હઠ છૂટશે નહીં, આ હું એકદમ સાચ્ચી વાત કહું છું.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને એ મુનિઓને પ્રણામ કરીને ગિરિરાજકુમારી પાર્વતી નિર્વિકાર ચિત્તથી શિવનું સ્મરણ કરતાં કરતાં ચૂપ થઈ ગયાં. આ રીતે ગિરિજાનો એ ઉત્તમ નિશ્ચયને જાણીને તે સપ્તર્ષિ પણ એમનો જયજયકાર કરવા લાગ્યા, અને એમણે પાર્વતીને ઉત્તમ આશીર્વાદ આપ્યા. હે મુને! ગિરિજાદેવીની પરીક્ષા કરનારા એ સાતેય ઋષિ એમને પ્રણામ કરીને પ્રસન્નચિત્ત થઈને શીઘ્ર જ ભગવાન શિવના સ્થાને રવાના થઈ ગયા. ત્યાં પહોંચીને શિવને મસ્તક નમાવ્યું, એમને સર્વ વૃત્તાંતનું નિવેદન કર્યું અને એમની આજ્ઞા લઈને તેઓ પુનઃ સાદર સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા.

(અધ્યાય-૨૫)

*

## ભગવાન શંકરનું જટિલ તપસ્વી બ્રાહ્મણના રૂપમાં પાર્વતીના આશ્રમે જવું, એમનાથી સત્કૃત થયા પછી એમની તપસ્યાનું કારણ પૂછવું અને પાર્વતીજી દ્વારા પોતાની સખી વિજયા દ્વારા સર્વ કાંઈ સંભળાવવું

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! એ સપ્તર્ષિઓના પોતાના લોકમાંથી જતા રહ્યા પછી સુંદર લીલા કરનારા સાક્ષાત્ ભગવાન શંકરે દેવીના તપની પરીક્ષા લેવાનો વિચાર કર્યો. એ મનમાં ને મનમાં પાર્વતીથી બહુ જ સંતુષ્ટ હતા. પરીક્ષાને બહાને પાર્વતીજીને જોવા માટે જટાધારી તપસ્વીનું રૂપ ધારણ કરીને ભગવાન શંભુ એમના વનમાં ગયા. પોતાના તેજથી પ્રકાશમાન

અત્યંત વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને પ્રસન્નચિત્ત થઈને તે દંડ અને છત્ર લઈને ત્યાંથી પ્રસ્થિત થયા. આશ્રમમાં પહોંચીને એમણે જોયું કે દેવી શિવા સખીઓથી ઘેરાઈને વેદી પર બેઠાં છે અને ચંદ્રમાની વિશુદ્ધ કલાની જેમ પ્રતીત થઈ રહ્યાં છે. બ્રહ્મચારીનું સ્વરૂપ ધારણ કરેલ ભક્તવત્સલ શંભુ પાર્વતીદેવીને જોઈને પ્રીતિપૂર્વક એમની પાસે ગયા. એ અદ્ભુત તેજસ્વી બ્રાહ્મણદેવતાને આવેલા જોઈને એ સમયે દેવી શિવો સમસ્ત પૂજનસામગ્રી દ્વારા એમની પૂજા કરી. જ્યારે એમનો સારી પેઠે સત્કાર થઈ રહ્યો, બધી સામગ્રી દ્વારા એમની પૂજા પૂરેપૂરી થઈ ગઈ, તે પછી પાર્વતીએ બહુ પ્રસન્નતા અને પ્રેમપૂર્વક એ બ્રાહ્મણદેવને આદરપૂર્વક કુશળ-સમાચાર પૂછ્યા.

**પાર્વતી બોલ્યા**—બ્રહ્મચારીનું સ્વરૂપ ધારણ કરીને આવેલા આપ કોણ છો? અને ક્યાંથી પધાર્યા છો? વેદવત્તાઓમાં હે શ્રેષ્ઠ વિપ્રવર! તમે તો તમારા તેજથી આ વનને પ્રકાશિત કરી રહ્યા છો. મેં જે કાંઈ પૂછ્યું છે એ બતાવો.

**બ્રાહ્મણે કહ્યું**—હું ઇચ્છા અનુસાર વિચરણ કરનાર વૃદ્ધ બ્રાહ્મણ છું. પવિત્ર બુદ્ધિ, તપસ્વી, બીજાઓને સુખ આપનારો અને પરોપકારી છું—એમાં સંશય નથી. તમે કોણ છો? તમે કોની પુત્રી છો? અને આ નિર્જન વનમાં શા માટે આવી તપસ્યા કરી રહ્યાં છો? આ તપસ્યા તો પગના પંજા ઉપર ઊભા રહીને તપ કરનારા મુનિઓને પણ દુર્લભ છે. તમે ન તો બાલિકા છો, ન તો વૃદ્ધા છો, પણ સુંદર તરુણી જણાઓ છો. તો પછી પતિ વગર શા માટે આ વનમાં આવીને કઠોર તપસ્યા કરો છો? હે ભદ્રે! શું તમે કોઈ તપસ્વિની સહચારિણી તપસ્વિની છો? હે દેવી! શું એ તપસ્વી તમારું પાલન-પોષણ કરતા નથી, જે તમને છોડીને ક્યાંક અન્યત્ર જતા રહ્યા છે? બોલો તો ખરાં કે તમે કોના કુળમાં ઉત્પન્ન થયાં છો? તમારા પિતા કોણ છે? તમારું નામ શું છે? તમે મહાસૌભાગ્યરૂપા જણાવ છો. તમારો તપસ્યામાં અનુરાગ વ્યર્થ છે. શું તમે વેદમાતા ગાયત્રી છો, લક્ષ્મી છો અથવા શું સુંદર રૂપવાળા સરસ્વતી છો? આ ત્રણેમાંથી તમે કોણ છો—એ હું અનુમાનથી નિશ્ચય નથી કરી શકતો.

**પાર્વતી બોલ્યાં**—હે વિપ્રવર! ન તો હું વેદમાતા ગાયત્રી છું, ન તો લક્ષ્મી છું અને ન તો સરસ્વતી છું. આ સમયે તો હું હિમાચલની પુત્રી છું અને મારું નામ પાર્વતી છે. પૂર્વકાળમાં આના પહેલાં—પહેલાં જન્મમાં હું પ્રજાપતિ દક્ષની પુત્રી હતી. એ સમયે મારું નામ સતી હતું. એક દિવસ પિતાએ મારા પતિની નિંદા કરી હતી, જેથી કુપિત થઈને મેં યોગ દ્વારા શરીરનો ત્યાગ કર્યો હતો—આ જન્મમાં પણ ભગવાન શિવ મને મળી ગયા હતા, પરંતુ ભાગ્યવશ કામને ભસ્મ કરીને મને પણ છોડીને તે ચાલ્યા ગયા. હે બ્રહ્મન્! શંકરજીના જતા રહેવાથી હું વિરહતાપથી ઉદ્વિગ્ન થઈ ગઈ અને તપસ્યા માટે દઢ નિશ્ચય કરીને પિતાને ઘેરથી ગંગાજીના તટ પર ચાલી આવી—અહીં દીર્ઘકાળ સુધી કઠોર તપસ્યા કરીને પણ હું મારા પ્રાણવલ્લભને ન મેળવી શકી—એટલા માટે અગ્નિમાં પ્રવેશ કરી જવા ચાહતી હતી. એટલામાં જ આપને આવેલા જોઈને હું ક્ષણભરને માટે રોકાઈ ગઈ. હવે આપ પધારો. હું અગ્નિમાં પ્રવેશ કરીશ, કેમકે, ભગવાન શિવે મારો સ્વીકાર કર્યો નથી. પરંતુ જ્યાં જ્યાં હું જન્મ

લઈશ, ત્યાં ત્યાં શિવને જ પતિરૂપે વરણ કરીશ.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને પાર્વતી એ બ્રાહ્મણદેવતાની સામે જ અગ્નિમાં સમાઈ ગયાં, જોકે બ્રાહ્મણદેવ સામેથી એમને વારંવાર આવું કરવાથી રોકી રહ્યા હતા. અગ્નિમાં પ્રવેશ કરતાં પર્વતરાજકુમારી પાર્વતીની તપસ્યાના પ્રભાવથી એ અગ્નિ એ જ ક્ષણે ચંદનના કાદવ જેવો શીતળ થઈ ગયો. ક્ષણભર તો એ આગની અંદર રહીને જ્યારે પાર્વતી આકાશમાં ઉપર તરફ જવા લાગ્યાં ત્યારે બ્રાહ્મણરૂપધારી શિવે સહસા જ હસતાં હસતાં એમને પુનઃ પૂછ્યું–'અહો ભદ્રે! તમારું તપ શું છે, એ કાંઈ પણ મારી સમજમાં આવતું નથી. આ બાજું અગ્નિથી તમારું શરીર બળ્યું નહિ, એ તો તપસ્યાની સફળતાનું સૂચક છે; પરંતુ



હજુ સુધી તમને તમારો મનોરથ પ્રાપ્ત થયો નથી તેથી એની વિફળતા પણ પ્રગટ થાય છે. અતઃ હે દેવી! સૌને આનંદદાયક મને શ્રેષ્ઠ બ્રાહ્મણની સામે તમે તમારો અભીષ્ટ-ઈચ્છિત મનોરથ શો છે તે સાચ્ચેસાચું જણાવો.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! બ્રાહ્મણના આ પ્રકારે પૂછવા પર ઉત્તમ વ્રતનું પાલન કરનારી અંબિકાએ પોતાની સખીને ઉત્તર આપવાની પ્રેરણા કરી. પાર્વતીથી પ્રેરિત થઈને એમની વિજયા નામની પ્રાણપ્યારી સખીએ, જે ઉત્તમ વ્રતને જાણતી હતી, તેણે જટાધારી તપસ્વીને કહ્યું.

**સખી બોલી**—હે સાધો! તમારી આગળ પાર્વતીના ઉત્તમ ચરિત્રનું અને એમની તપસ્યાનાં સમસ્ત કારણોનું હું વર્ણન કરું છું. જો આપ સાંભળવા ઈચ્છતા હો તો સાંભળો. મારી સખી ગિરિરાજ હિમાચલની પુત્રી છે. એ પાર્વતી અને કાલી નામથી વિખ્યાત છે. તથા માતા મેનકાની કન્યા છે. અત્યાર સુધી કોઈએ એની સાથે વિવાહ નથી કર્યો. એ ભગવાન શિવ સિવાય બીજા કોઈને ચાહતી પણ નથી. એમને જ માટે ત્રણ હજાર વર્ષોથી તપસ્યા કરી રહ્યાં છે. ભગવાન શિવની પ્રાપ્તિ માટે જ મારી આ સખીએ આવા તપનો પ્રારંભ કર્યો છે. હે વિપ્રવર! એમાં જે કારણ છે તે હું બતાવું છું, સાંભળો. એ પર્વતરાજકુમારી બ્રહ્મા, વિષ્ણુ તથા ઈન્દ્ર વગેરે દેવતાઓને પણ છોડીને કેવળ પિનાકપાણિ ભગવાન શંકરને જ પતિરૂપે પ્રાપ્ત કરવા ચાહે છે, અને નારદજીના આદેશથી આ કઠોર તપસ્યા કરી રહ્યાં છે. હે દ્વિજશ્રેષ્ઠ! તમે જે કાંઈ પૂછ્યું હતું એ અનુસાર મેં પ્રસન્નતાપૂર્વક મારી સખીનો મનોરથ બતાવી દીધો. હવે આપ શું વધારે જાણવા ચાહો છો?

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! વિજયાનું આ યથાર્થ વચન સાંભળીને જટાધારી તપસ્વી રુદ્ર

હસતાં હસતાં બોલ્યા—'સખીએ આ જે કાંઈ કહ્યું છે, એમાં મને પરિહાસનું અનુમાન થાય છે. જો આ બધું ઠીક અને સાચું હોય તો પાર્વતી દેવી પોતાને સ્વમુખે કહે.' જટિલ બ્રાહ્મણના આ પ્રકારના કથન પર પાર્વતીદેવી સ્વયં પોતાને મુખે આમ કહેવા લાગ્યાં. (અધ્યાય-૨૬)

*

## પાર્વતીની વાત સાંભળીને જટાધારી બ્રાહ્મણ શિવની નિંદા કરતાં કરતાં એમના તરફથી મન પાછું વાળવાનો આદેશ આપવો

**પાર્વતી બોલ્યાં**—હે જટાધારી વિપ્રવર! મારું આખું વૃત્તાંત સાંભળો. મારી સખીએ જે કાંઈ કહ્યું છે, તે જેમ ને તેમ અક્ષરશઃ સત્ય છે; એમાં અસત્ય કશું જ નથી. મેં સાક્ષાત્ પતિભાવે ભગવાન શંકરનું વરણ કરી લીધું છે. જોકે હું જાણું છું કે દુર્લભ વસ્તુ ભલા મને કેવી રીતે પ્રાપ્ત થઈ શકશે, તેમ છતાં મનની ઉત્કંઠાથી વિવશ થઈને હું તપસ્યા કરી રહી છું.

બ્રાહ્મણે આવી વાત કહીને પાર્વતીદેવી એ સમયે ચૂપ થઈ ગયાં. ત્યારે એમની એ વાત સાંભળીને બ્રાહ્મણે કહ્યું.

**બ્રાહ્મણ બોલ્યા**—આ સમય સુધી મારા મનમાં એ જાણવાની પ્રબળ ઈચ્છા હતી કે આ દેવી કઈ દુર્લભ વસ્તુને ચાહે છે? જેને માટે આવું મહાન તપ કરી રહ્યાં છે. પરંતુ હે દેવી! તમારા મુખારવિંદથી બધું સાંભળીને એ ઈચ્છિત વસ્તુને જાણી લીધા પછી હવે હું અહીંથી જઈ રહ્યો છું. તમારી જેવી ઈચ્છા હોય એવું કરો. જો તમે ન કહેત તો મિત્રતા નિષ્ફળ થઈ જાત. હવે જેવું તમારું કાર્ય છે, એવું જ એનું પરિણામ હશે. જ્યારે તમને એમાં જ સુખ જણાય છે તો પછી મારે કશું જ કહેવું નથી.

ત્યાં આવી વાત કહીને બ્રાહ્મણે જેવો જવાનો વિચાર કર્યો. ત્યાં જ પાર્વતીદેવીએ પ્રણામ કરીને એમને આ પ્રકારે કહ્યું.

**પાર્વતી બોલ્યાં**—હે વિપ્રવર! તમે શા માટે જાઓ છો? જરા ઊભા રહો અને મારા હિતની વાત કરો.

પાર્વતીના આવા કથન પર દંડધારી બ્રાહ્મણ-દેવતા થોભી ગયા અને આ પ્રકારે બોલ્યા—'હે દેવી! જો મારી વાત સાંભળવાનું મન હોય અને મને ભક્તિભાવપૂર્વક રોકી રહ્યાં છો તો હું એ સર્વ તત્ત્વ બનાવી રહ્યો છું, જેથી તમને હિત-અહિતનું જ્ઞાન થઈ જશે. મહાદેવજી પ્રતિ મારા મનમાં ગૌરવ-બુદ્ધિ છે, તેથી હું એમને સર્વ પ્રકારે જાણું છું, તો પણ યથાર્થ વાત કહું છું, તમે સાવધાન થઈને સાંભળો. વૃષભના ચિહ્નથી અંકિત ધ્વજા ધારણ કરનારા મહાદેવજી આખા શરીરે ભસ્મ ચોળે છે, માથા પર જટા ધારણ કરે છે, ધોતીને બદલે વાઘનું ચામડું પહેરે છે અને ચાદરને બદલે હાથીની ચામડી (ખાલ) ઓઢે છે. હાથમાં ભીખ માગવા વાસ્તે એક ખોપરી (ખપ્પર) રાખે છે. ઝુંડના ઝુંડ સાપ એમના આખા શરીરે વળગેલા દેખાય છે તે ઝેર ખાઈને જ પુષ્ટ થાય છે, અભક્ષ્યભક્ષી છે, એમનાં નેત્રો ઘણાં ભદ્દાં-ગંદા છે અને દેખાવમાં ડરામણાં લાગે છે. એમનો જન્મ ક્યારેય, ક્યાં અને કોને ત્યાં થયો તે આજ સુધી પ્રગટ નથી

થયું. ઘરગૃહસ્થીના ભોગથી એ સદા દૂર જ રહે છે. નાગાપૂગા ફર્યા કરે છે, અને ભૂત-પ્રેતોને સદા સાથે રાખે છે. એમને એક-બે નહિ, દશ ભુજાઓ છે. હે દેવી! મને એ સમજ પડતી નથી કે કયા કારણથી તમે એમને પતિ બનાવવા ચાહો છો. તમારું જ્ઞાન ક્યાં ચાલ્યું ગયું, એ વાતને આજે સમજી-વિચારીને મને જણાવો. દક્ષે પોતાના યજ્ઞમાં પોતાની જ પુત્રી સતીને કેવળ એટલું જ વિચારીને નહિ બોલાવી હોય કે તે સતી તો કપાલધારી ભિક્ષુકની ભાર્યા છે. એટલું જ નહિ, એમણે યજ્ઞમાં ભાગ આપવાને માટે બધા દેવોને બોલાવ્યા પરંતુ શંભુને છોડી દીધા– સતી એ અપમાનને કારણે જ અત્યંત ક્રોધથી વ્યાકુળ થઈ ઊઠ્યાં. એમણે પોતાના પ્યારા પ્રાણોને તો છોડ્યા જ, શંકરજીનો પણ ત્યાગ કર્યો.

'તમે તો સ્ત્રીઓમાં રત્ન છો, તમારા પિતા સમસ્ત પર્વતોના રાજા છે, પછી તમે શા માટે આ ઉગ્ર તપસ્યા દ્વારા આવા પતિને મેળવવાની અભિલાષા રાખો છો? સોનાની મુદ્રા (અશર્ફી) આપીને બદલામાં એટલા જ મોટા કાચ લેવા ચાહો છો? ઉજ્જ્વળ ચંદન છોડીને પોતાનાં અંગોમાં કાદવ લગાડવા ચાહો છો? સૂર્યના તેજનો પરિત્યાગ કરીને આગિયાની ચમક પ્રાપ્ત કરવા ચાહો છો? ઝીણાં વસ્ત્રો છોડીને પોતાના શરીરને ચામડાથી ઢાંકવા ચાહો છો? ઘરમાં રહેવાનું છોડીને વનમાં ધૂણી ધખાવીને રાખ ચોળીને રહેવા માગો છો? તથા હે દેવેશ્વરિ! જો તમે ઈન્દ્ર વગેરે લોકપાલોનો ત્યાગ કરીને શિવ તરફ અનુરક્ત હો તો અવશ્ય જ રત્નોના ઉત્તમ ભંડારનો ત્યાગ કરીને લોખંડ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરો છો. લોકોમાં આ વાતને સારી માનવામાં આવતી નથી. શિવની સાથે તમારો સંબંધ મને આ સમયે પરસ્પર વિરુદ્ધ જણાય છે. ક્યાં તમે, જેનાં નેત્ર પ્રફુલ્લ કમલદલ સમાન શોભી રહ્યાં છે અને ક્યાં તે રુદ્ર, જે ત્રણ કદરૂપી આંખો ધારણ કરે છે. તમે તો ચંદ્રમુખી* છો અને શિવ તો પંચમુખી કહેવાય છે. તમારા માથા પર દિવ્ય વેણી સાપણ જેવી શોભા આપી રહી છે, પરંતુ શિવના મસ્તક જે જટાજૂટ છે તે તો પ્રસિદ્ધ જ છે. તમારાં અંગોમાં ચંદનનો અંગરાગ હશે અને શિવના શરીર પર ચિતાની ભસ્મ! ક્યાં તમારી સુંદર મૃદુલ સાડી અને ક્યાં શંકરજીના શરીર પર ગજચર્મ! હાથીનું ચામડું લગાડેલું હશે! ક્યાં તમારાં અંગોમાં દિવ્ય આભૂષણ અને ક્યાં શંકરના સર્વાંગમાં લપેટેલા સર્પ! ક્યાં તમારી સેવામાં તત્પર રહેનારા સંપૂર્ણ દેવતા અને ક્યાં ભૂતોએ આપેલી બલિને પસંદ કરનારા શિવ? ક્યાં મૃદંગનો મધુર ધ્વનિ અને ક્યાં ડમરુની ડમડમ? ક્યાં ભેરિઓના સમૂહનો ગડગડાટ અને ક્યાં અશુભ શૃંગીનાદ? ક્યાં ઢક્કાનો શબ્દ અને ક્યાં અશુ ગલનાદ? તમારું આ ઉત્તમ રૂપ શિવને યોગ્ય ક્યારેય કદાપિ નથી. જો એમની પાસે ધન હોત તો તે દિગમ્બર (નગ્ન) કેમ રહે છે? સવારી કરવા એક માત્ર વાહન છે અને તે પણ ઘરડો બળદ અને બીજી પણ કોઈ સામગ્રી એમની પાસે નથી. કન્યાને શોધવામાં આવતા

* અંકોની સંજ્ઞાઓમાં ચંદ્રમાને એક સંખ્યાનો બોધક મનાય છે. એક મુખવાળા પુરુષ અને સ્ત્રીઓ જ સુંદર મનાય છે, એકથી વધારે મુખવાળા નહીં. આ રીતે એકમુખ અને પંચમુખ પણ તુલના કરવામાં આવી છે. 'ચંદ્રમુખી' એ પદનો બીજો ભાવ એ છે કે તમારું મુખ ચંદ્રમાની જેમ મનોહર છે અને એ પંચાનન સિંહની જેમ ભયંકર છે.

વરોમાં જે નારીઓને સુખ આપનારા ગુણો બતાવ્યા છે, એમાંનો એક પણ ગુણ કદરૂપી આંખોવાળા રુદ્રમાં નથી. તમારા પરમ પ્રિય કામને પણ એ હર દેવતાએ બાળીને ભસ્મ કરી દીધો છે અને તમારા પ્રતિ એમનો અનાદર કેવો હતો તે તો ત્યારે જ જણાઈ ગયો હતો જ્યારે તે તમને છોડીને અન્યત્ર ચાલ્યા ગયેલા. એમની કોઈ જ જાતિ જણાતી નથી. એમનામાં વિદ્યા તથા જ્ઞાનનો પણ કશો પત્તો જડતો નથી. પિશાચો જ એમના સહાયકો છે અને હળાહળ ઝેર તો એમના કંઠમાં દેખાય જ છે. તે સદા એકલા જ રહેવાવાળા છે અને વિશેષરૂપે વિરક્ત છે. એટલા માટે જ તમારે હરની સાથે પોતાના મનને જોડવું ન જોઈએ. ક્યાં તમારા કંઠમાં સુંદર હાર અને ક્યાં એમના ગળામાં નરમુંડોની માળા? હે દેવી! તમારા રૂપમાં અને હરના રૂપમાં ખૂબ જ વિરોધ દેખાયા કરે છે. તેથી મને તો આ સંબંધ રુચતો-ગમતો નથી. પછી જેવી તમારી ઈચ્છા હોય એવું કરો. સંસારમાં જે કાંઈ પણ અસદ્ વસ્તુ છે એ બધી તમે પોતે ચાહવા લાગ્યાં છો. તેથી જ હું કહું છું તમે એ અસત્ તરફથી તમારું મન હટાવી લો. અન્યથા જેવી ઈચ્છા હોય એવું કરો, મારે કશું જ કહેવાનું નથી.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આ વાત સાંભળીને પાર્વતી શિવ-નિંદક બ્રાહ્મણ પર મનમાં ને મનમાં જ કુપિત થયાં અને આ પ્રકારે બોલવા લાગ્યાં. (અધ્યાય-૨૭)

*

## પાર્વતી દ્વારા શિવની મહત્તાનું પ્રતિપાદન, રોષપૂર્વક જટિલ બ્રાહ્મણને ફટકારવો, સખી દ્વારા પુનઃ બોલવાથી રોકવું તથા ભગવાનનું એમને પ્રત્યક્ષ દર્શન થવું અને સાથે ચાલવાને માટે કહેવું

**પાર્વતીજી બોલ્યાં**—હે બાબાજી! અત્યાર સુધી તો હું એમ સમજી હતી કે કોઈ બીજા જ્ઞાની મહાત્મા આવ્યા છે, પરંતુ હવે તો જાણી લીધું–બધું જ જાણી લીધું. તમારી પોલ ખુલી ગઈ છે. હવે આપને શું કહું? વિશેષતઃ એ દશામાં, જ્યારે આપ અવધ્ય બ્રાહ્મણ છો. હે બ્રાહ્મણ-દેવતા! તમે જે કાંઈ કહ્યું છે એ બધું જ મને જ્ઞાત છે, પરંતુ એ સર્વ જુઠાણું છે, એમાં સત્યનો છાંટો યે નથી. તમે કહ્યું હતું કે હું શિવને જાણું છું. જો આપની એ વાત સાચી હોત તો આપ આવી યુક્તિ અને બુદ્ધિ વિરુદ્ધ વાત ન બોલત. એ વાત સાચી છે કે ક્યારેક ક્યારેક મહેશ્વર પોતાની લીલાશક્તિથી પ્રેરિત થઈને તથાકથિત અદ્ભુત વેશ ધારણ કરી લે છે. પરંતુ વાસ્તવમાં તો તે સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા છે. એમણે સ્વેચ્છાએ જ શરીર ધારણ કર્યું છે. તમે બ્રહ્મચારીનું સ્વરૂપ ધારણ કરીને મને ઠગવાને માટે તૈયાર થઈને અહીં આવ્યા છો અને અનુચિત અને અસંગત યુક્તિઓનો આધાર લઈને છળ-કપટયુક્ત વાતો કહી રહ્યા છો! હું ભગવાન શંકરના સ્વરૂપને સારીપેઠે જાણું છું. એટલે જ યથાયોગ્ય વિચાર કરીને જ એમના તત્ત્વનું હું વર્ણન કરું છું. વાસ્તવમાં શિવ નિર્ગુણ બ્રહ્મ છે, કારણવશ સગુણ થઈ ગયા છે. જે નિર્ગુણ છે, સમસ્ત ગુણ જેના સ્વરૂપભૂત છે. એમની જાતિ કેવી

રીતે હોઈ શકે? એ ભગવાન સદાશિવ સમસ્ત વિદ્યાઓના આધાર છે. પછી એ પૂર્ણ પરમાત્માને બીજી કોઈ વિદ્યાથી શો લાભ, શું કામ? પૂર્વકાળમાં કલ્પના આરંભે ભગવાન શંભુએ શ્રીવિષ્ણુને ઉચ્છ્વાસરૂપે સંપૂર્ણ વેદ પ્રદાન કર્યા હતા. તેથી એમના સમાન ઉત્તમ પ્રભુ બીજો કોણ છે? જે સર્વના આદિ કારણ છે, એમની અવસ્થા અથવા આયુનું માપ-તોલ કેવી રીતે થઈ શકે? પ્રકૃતિ એમનાથી જ ઉત્પન્ન થઈ છે. પછી એમની શક્તિનું બીજું શું કારણ હોઈ શકે? જે લોકો સદા પ્રેમપૂર્વક શક્તિના સ્વામી ભગવાન શંકરનું ભજન કરે છે એમને ભગવાન શંભુ પ્રભુશક્તિ, ઉત્સાહશક્તિ અને મંત્ર-શક્તિ—એ ત્રણેય અક્ષય શક્તિઓ પ્રદાન કરે છે. ભગવાન શિવના ભજનથી જ જીવ મૃત્યુને જીતી લે છે અને નિર્ભય થઈ જાય છે. એટલા જ માટે ત્રણે લોકોમાં એમનું 'મૃત્યુંજય' નામ પ્રસિદ્ધ છે. એમના જ અનુગ્રહ વિષ્ણુ વિષ્ણુત્વને, બ્રહ્મા બ્રહ્મત્વ અને દેવતાઓને દેવત્વ પ્રાપ્ત થયાં છે. શિવજીના પક્ષે બહુ બોલવાથી શો લાભ? તે તો ભગવાન સ્વયં જ મહાપ્રભુ છે. કલ્યાણરૂપી શિવની સેવાથી અહીં એવો કયો મનોરથ છે કે જે સિદ્ધ થતો નથી? એ મહાદેવજી પાસે કશી વાતની કમી નથી, કે જેથી કરીને એ ભગવાન સદાશિવ સ્વયં મને પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે? જો શંકરની સેવા ન કરે તો મનુષ્ય સાત જન્મો સુધી દરિદ્ર રહે છે અને એમની સેવાથી સેવકને લોકમાં ક્યારેય નષ્ટ ન થનારી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. જેમની સામે આઠેય સિદ્ધિઓ નિત્ય આવીને માથું નીચે નમાવીને એ ઈચ્છાથી નૃત્ય કરે છે કે ભગવાન અમારા ઉપર સંતુષ્ટ થઈ જાય, એમને માટે કોઈ પણ હિતકર વસ્તુ દુર્લભ કેવી રીતે હોઈ શકે? જોકે અહીં માંગલિક કહી શકાય એવી વસ્તુઓ શંકરનું સેવન નથી કરતી. તેમ છતાં એમના સ્મરણમાત્રથી જ સર્વનું મંગલ થઈ જાય છે. જેમની પૂજાથી કે પૂજાના પ્રભાવથી ઉપાસકની સંપૂર્ણ કામનાઓ સિદ્ધ થઈ જાય છે, સદા નિર્વિકાર રહેનારા એ પરમાત્મા શિવમાં વિકાર કેવી રીતે આવી શકે? જે પુરુષના મુખમાં નિરંતર 'શિવ' એ મંગલમય નામ નિવાસ કરે છે. એના દર્શનમાત્રથી અન્ય સર્વ કાંઈ સદા પવિત્ર થઈ જાય છે. જેવું કે તમે કહ્યું કે તે ચિતાની ભસ્મ લગાડે છે. પરંતુ જો એમની લગાડેલી ભસ્મ અપવિત્ર હોય તો એમના શરીરથી ખરી પડેલી એ ભસ્મને દેવતાલોકો સદા પોતાના માથા પર કેમ અને કેવી રીતે ધારણ કરે છે? (તેથી શિવનાં અંગોના સ્પર્શથી અપવિત્ર વસ્તુ પણ પવિત્ર થઈ જાય છે). જે મહાદેવ સગુણ થઈને ત્રણે લોકોના કર્તા, ભર્તા અને હર્તા થાય છે અને નિર્ગુણરૂપે શિવ કહેવાય છે, તે બુદ્ધિ દ્વારા પૂર્ણરૂપે કેવી રીતે જાણી શકાય? પરબ્રહ્મ પરમાત્મા શિવનું જે નિર્ગુણ રૂપ છે, એને તમારા જેવા બહિર્મુખ લોકો કેવી રીતે જાણી શકે છે? જે દુરાચારી અને પાપી છે, એ દેવતાઓ દ્વારા બહિષ્કૃત થઈ જાય છે. આવા લોકો નિર્ગુણ શિવના તત્ત્વને નથી જાણતા. જે પુરુષ તત્ત્વને ન જાણવાને કારણે, અહીં શિવની નિંદા કરે છે, એનું જન્મારા આખાનું બધું જ સંચિત પુણ્ય ભસ્મ થઈ જાય છે. તમે જે અહીં અમિત તેજસ્વી મહાદેવજીની નિંદા કરી છે અને મેં જે આપની પૂજા કરી છે, તેથી મારે પાપમાં ભાગીદાર થવું પડ્યું છે. શિવદ્રોહીને જોઈને વસ્ત્ર સહિત સ્નાન કરવું

જોઈએ, શિવદ્રોહીનાં દર્શન થઈ જવાથી પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.

આટલું કહીને પાર્વતીજી એ બ્રાહ્મણ પર અધિક ક્રોધે ભરાઈને બોલ્યાં—અરેરે હે દુષ્ટ! તેં કહ્યું હતું કે હું શંકરને જાણું છું, પરંતુ નક્કી જ તેં એ સનાતન શિવને નથી જાણ્યા. ભગવાન રુદ્ર તું જેવા કહે છે એવા જ કેમ ન હોય, એમના જેવા બહુસંખ્યક રૂપ કેમ ન હોય, સત્પુરુષોના પ્રિયતમ નિત્ય-નિર્વિકાર એ ભગવાન શિવ જ મારા અભીષ્ટતમ દેવ છે. બ્રહ્મા અને વિષ્ણુ પણ હરની બરાબરી ન કરી શકે. પછી બીજા દેવતાઓની તો વાત જ શી? કેમકે, એ બધા સદા કાળને અધીન છે. આ રીતે પોતાની શુદ્ધબુદ્ધિથી તત્ત્વતઃ વિચાર કરીને મેં શિવને માટે વનમાં આવીને બહુ ભારે તપસ્યા કરવાનો નિશ્ચય કર્યો છે. એ ભક્તવત્સલ સર્વેશ્વર શિવ જ આપણા બધાંના પરમેશ્વર છે. દીનજનો પર અનુગ્રહ કરનારા એ મહાદેવને જ પ્રાપ્ત કરવાની મારી ઈચ્છા છે.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને ગિરિરાજનંદિની ગિરિજા ચૂપ થઈ ગયાં અને નિર્વિકાર ચિત્તથી ભગવાન શિવનું ધ્યાન કરવા માંડ્યા. દેવીની વાત સાંભળીને તે બ્રહ્મચારી બ્રાહ્મણ જ્યાં કશું કહેવા ફરીથી તૈયાર થયો ત્યાં જ શિવમાં આસક્તચિત્ત હોવાને કારણે શંકરની નિંદા સાંભળવાથી વિમુખ થયેલાં પાર્વતી પોતાની સખી વિજયા સાથે શીઘ્ર બોલ્યાં.

**પાર્વતીએ કહ્યું**—હે સખી! આ અધમ બ્રાહ્મણને પ્રયત્નપૂર્વક રોકો, એ ફરીથી કશુંક કહેવા પ્રયત્ન કરી રહ્યો છે. એ તો કેવળ શિવની નિંદા જ કરે છે, માત્ર એને જ પાપ નથી લાગતું, જે એ નિંદા સાંભળે છે તે પણ પાપમાં ભાગીદાર બને છે.* ભગવાન શિવના ઉપાસકોએ તો શિવની નિંદા કરનારાનો સર્વથા વધ કરવો જોઈએ–જો કદાચ એ બ્રાહ્મણ હોય તો એને અવશ્ય જ છોડી દો અને જાતે એ નિંદાના સ્થાનથી શીઘ્ર જ દૂર જતા રહેવું. આ દુષ્ટ બ્રાહ્મણ ફરીથી શિવની નિંદા કરશે. બ્રાહ્મણ હોવાને કારણે એ વધ્ય (વધ કરવાને યોગ્ય) તો નથી, તેથી તેનો ત્યાગ કરી દેવો એ જ યોગ્ય છે. કોઈ પણ પ્રકારે એનું મુખ જોવું ન જોઈએ. આ સ્થાનને છોડીને આજે જ બીજા સ્થાનમાં ચાલ્યાં જઈએ, જેથી પુનઃ આ અજ્ઞાનીની સાથે વાત કરવાનો અવસર જ ન મળે.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને ઉમાએ જ્યાં અન્યત્ર જવાને માટે જેવો પગ ઉઠાવ્યો, ત્યાં જ ભગવાન શિવે પોતાના સાક્ષાત્ સ્વરૂપમાં પ્રગટ થઈને પ્રિયા પાર્વતીનો હાથ પકડી લીધો. શિવા જેવા સ્વરૂપનું ધ્યાન કરતાં હતાં, એવું જ સુંદર રૂપ ધારણ કરીને શિવે એમને દર્શન આપ્યાં. પાર્વતીએ લજ્જાવશ પોતાનું મુખ નીચેની તરફ કરી દીધું.

**ત્યારે ભગવાન શિવ એમને કહેવા લાગ્યા**—હે પ્રિય! મને છોડીને ક્યાં જશો? હવે હું તમારો ત્યાગ ક્યારેય નહિ કરું. હું પ્રસન્ન છું. વરદાન માગો. મારે માટે તમને આપવા કશુંય અદેય નથી, મતલબ કે હું સર્વસ્વ આપી શકું તેમ છું. હે દેવી! આજથી હું તપસ્યા દ્વારા ખરીદાયેલો તમારો દાસ છું. તમારા સૌંદર્યે પણ મને મોહી લીધો છે. હવે તમારા વગર એક

* ન કેવલં ભવેત્ પાપં નિન્દાકર્તુઃ શિવસ્ય હિ। યો વૈ શૃણોતિ તન્નિન્દાં પાપભાક્ સ ભવેદિહ॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૨૮/૩૮)

ક્ષણ પણ યુગ જેવી લાગે છે. લજ્જા છોડો. તમે તો સનાતન મારાં પત્ની છો જ. હે ગિરિરાજનંદિની! હે મહેશ્વરિ! મેં જે કાંઈ કહ્યું છે, એ ઉપર શ્રેષ્ઠ બુદ્ધિથી વિચાર કરો. હે સુસ્થિર ચિત્તવાળાં પાર્વતી! મેં વિવિધ પ્રકારે તમારી વારંવાર પરીક્ષા લીધી છે. લોકલીલાનું અનુસરણ કરનાર મુજ સ્વજનના અપરાધની ક્ષમા કરી દો. હે શિવે! ત્રણે લોકમાં તમારા જેવી અનુરાગિણી મને બીજી કોઈ જણાતી-દેખાતી નથી. હું સર્વથા તમારે આધીન છું. તમારી ઈચ્છા પૂર્ણ થાઓ—હે પ્રિયે! મારી પાસે આવો. તમે મારાં પત્ની છો અને હું તમારો વર છું. તમારી સાથે હું શીઘ્ર જ પોતાના નિવાસસ્થાન ઉત્તમ પર્વત કૈલાસ ચાલ્યો જઈશ.

**બ્રહ્માજી કહે છે**—દેવાધિદેવ મહાદેવજીના આ કથન પર પાર્વતીદેવી આનંદમગ્ન થઈ ગયાં. એમનું તપસ્યાજનિત પહેલાંનાં બધાં કષ્ટ મટી ગયાં. હે મુનિશ્રેષ્ઠ! સતી-સાધ્વી પાર્વતીનો બધો જ થાક દૂર થઈ ગયો; કેમકે, પરિશ્રમ-ફળ પ્રાપ્ત થઈ જાય ત્યાર પછી પ્રાણીનો પહેલાં કરેલો શ્રમ નષ્ટ થઈ જાય છે.

(અધ્યાય-૨૮)

*

## શિવ અને પાર્વતીની વાતચીત, શિવનો પાર્વતીના અનુરોધનો સ્વીકાર કરવો

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! પરમાત્મા હરની આ વાત સાંભળીને અને એમના આનંદદાયી રૂપનાં દર્શન પામીને પાર્વતીને ખૂબ જ હર્ષ થયો. એમનું મુખ પ્રસન્નતાથી ઝગારા મારવા લાગ્યું. એ ખૂબ જ સુખનો અનુભવ કરવા લાગ્યાં. પછી એ મહાસાધ્વી શિવાએ પોતાની પાસે ઊભેલા ભગવાન શિવને કહેવા લાગ્યાં.

**પાર્વતી બોલ્યાં**—હે દેવેશ્વર! આપ મારા સ્વામી છો. હે પ્રભો! ભૂતકાળમાં આપે જેને માટે હર્ષપૂર્વક દક્ષના યજ્ઞનો વિનાશ કર્યો હતો, એને કેમ વિસરી ગયા? તે આપ જ છો અને એ જ હું છું. હે દેવદેવેશ્વર! આ સમયે હું તારકાસુરથી દુઃખ પામેલા દેવતાઓની કાર્યસિદ્ધિ માટે રાણી મેનાના ગર્ભથી ઉત્પન્ન થઈ છું. હે દેવેશ! જો આપ પ્રસન્ન છો અને જો મારા પર કૃપા કરો છો તો આપ મારા પતિ થઈ જાઓ. હે ઈશાન! હે પ્રભો! મારી આ વાત માની લો. આપની આજ્ઞા લઈને હું પિતાને ઘેર જાઉં છું. હવે આપ પોતાના વિવાહરૂપ પરમ ઉત્તમ વિશુદ્ધ યશનો સર્વત્ર ફેલાવો કરો. હે નાથ! હે પ્રભો! આપ તો લીલા કરવામાં કુશળ છો. તેથી મારા પિતા હિમવાનની પાસે ચાલો અને યાચક બનીને એમની પાસે મારી યાચના કરો. લોકમાં મારા પિતાના યશનો ફેલાવો કરવા આપે આવું જ કરવું જોઈએ—આ રીતે આપ મારા સંપૂર્ણ ગૃહસ્થાશ્રમને સફળ બનાવો. જ્યારે તમે પ્રસન્નતાપૂર્વક ઋષિઓ દ્વારા મારા પિતાને બધી વાતોની જાણકારી આપશો ત્યારે મારા પિતા પોતાના ભાઈ-બંધુઓની સાથે આપની આજ્ઞાનું પાલન કરશે—એમાં સંદેહ નથી. જ્યારે પહેલાં હું પ્રજાપતિ દક્ષની કન્યા હતી અને મારા પિતાએ આપના હાથમાં મારો હાથ આપ્યો હતો, એ સમયે આપે શાસ્ત્રોક્ત વિધિથી વિવાહનું કાર્ય પૂરું કર્યું નહોતું. મારા પિતા દક્ષે ગ્રહોની પૂજા કરી ન હતી—તેથી એ લગ્નમાં ગ્રહપૂજન વિષયક બહુ ભારે ત્રુટિ રહી ગઈ હતી. માટે હે પ્રભો! હે મહાદેવ! આ વખતે

દેવતાઓના કાર્યની સિદ્ધિને માટે આપ શાસ્ત્રોક્ત વિધિથી વિવાહકાર્યનું સંપાદન કરો–વિવાહની જેવી પ્રથા છે, એનું પાલન આપે અવશ્ય કરવું જોઈએ. મારા પિતા હિમવાનને એ સારી પેઠે જ્ઞાન થઈ જવું જોઈએ કે મારી પુત્રીએ શુભકારક તપસ્યા કરી છે.

પાર્વતીની આવી વાત સાંભળીને સદાશિવ બહુ જ પ્રસન્ન થયા અને એમને હસતાં હસતાં કહેવા લાગ્યા.

**શિવે કહ્યું**—હે દેવી! હે મહેશ્વરિ! મારી આ ઉત્તમ વાત સાંભળો, એ ઉચિત, મંગલકારક અને નિર્દોષ છે. એ સાંભળી એવું જ કરો. હે વરાનને! બ્રહ્મા વગેરે જેટલાંય પ્રાણીઓ છે તે સૌ અનિત્ય છે. હે ભામિનિ! આ સર્વ જે કાંઈ દેખાય છે એને નશ્વર સમજો. હું નિર્ગુણ પરમાત્મા જ ગુણોથી યુક્ત થઈને એકમાંથી અનેક થઈ ગયો છું. જે સ્વયં પોતે પોતાના જ પ્રકાશથી પ્રકાશિત થાય એ જ પરમાત્મા. હું બીજાના પ્રકાશથી પ્રકાશિત થનારો થઈ ગયો. હે દેવી! હું સ્વતંત્ર છું, પરંતુ તમે મને પરતંત્ર બનાવી દીધો. સમસ્ત કર્મોને કરનારાં પ્રકૃતિ અને મહામાયા તમે જ છો. આ સંપૂર્ણ જગત માયામય જ રચાઈ ગયું છે. મેં સર્વાત્મા, પરમાત્માએ પોતાની ઉત્તમ બુદ્ધિ દ્વારા આને ધારણમાત્ર કરી રાખ્યું છે. સર્વત્ર પરમાત્મભાવ રાખનારા સર્વાત્મા પુણ્યવાનોએ એને પોતાની અંદર સિંચિત કરી રાખ્યો છે, અને એ ત્રણ ગુણોથી આવેષ્ટિત–વીંટળાયેલો છે. હે દેવી! હે વરવર્ણિનિ! કયો ગ્રહ મુખ્ય છે? કયા કયા ઋતુ-સમૂહ છે? અથવા કયા કયા ઉપગ્રહ છે? આ સમયે તમે શિવને માટે શું કહ્યું છે? કયા કર્તવ્યનું વિધાન કર્યું છે? ગુણ અને કાર્યના ભેદથી એ બંને–આપણે બંને–આ જગતમાં ભક્તવત્સલતાને કારણે ભક્તોને સુખ આપવાના હેતુથી જ અવતાર ધારણ કરીએ છીએ, કર્યો છે. તમે જ રજઃ સત્વતમોમયી (ત્રિગુણાત્મક) સૂક્ષ્મ પ્રકૃતિ છો, સદા વ્યાપારકુશળ સગુણા અને નિર્ગુણા પણ છો. હે સમુધ્યમે! હું અહીં સંપૂર્ણ ભૂતોનો આત્મા, નિર્વિકાર અને નિરીહ છું. ભક્તની ઈચ્છાથી મેં શરીર ધારણ કર્યું છે. હે શૈલજે! હું તમારા પિતા હિમાલયની પાસે નહીં જઈ શકું તથા ભિક્ષુક થઈને કોઈ પણ રીતે તમારી તેમની પાસે યાચના પણ ન કરી શકું. હે ગિરિરાજનંદિની! મહાન ગુણોથી અત્યંત ગૌરવશાળી મહાત્મા પુરુષ પણ પોતાના મુખથી 'देहि' (આપો) એવી વાત પ્રગટ કરીને તત્કાળ લઘુતાને પ્રાપ્ત થઈ જાય છે. હે કલ્યાણિ! આવું જાણીને હવે તમે અમારે માટે શું કહો છો? હે ભદ્રે! તમારી આજ્ઞા પ્રમાણે મારે બધું જ કરવાનું છે. તેથી જેવી તમારી ઈચ્છા હોય એવું કરો.

મહાદેવજીના આ કથનને સાંભળીને પણ સતી-સાધ્વી કમલલોચના મહાદેવી શિવાએ એ ભગવાન શંકરને વારંવાર ભક્તિ-ભાવપૂર્વક પ્રણામ કરીને કહ્યું.

**પાર્વતી બોલ્યાં**—હે નાથ! આપ આત્મા છો અને હું પ્રકૃતિ છું. આ અંગે વિચાર કરવાની કોઈ વાત નથી. આપણે બંને સ્વતંત્ર અને નિર્ગુણ હોવા છતાં પણ ભક્તોને અધીન હોવાને કારણે સગુણ થઈ જઈએ છીએ. હે શંભો! હે પ્રભો! આપે પ્રયત્નપૂર્વક મારી પ્રાર્થનાને અનુસાર કાર્ય કરવું જોઈએ. હે શંકર! આપ મારે માટે યાચના કરો અને હિમવાનને દાતા બનવાનું સૌભાગ્યપ્રદાન કરો. હે મહેશ્વર! હું સદા આપની ભક્તા છું, તેથી મારા ઉપર કૃપા કરો. હે નાથ! સદા જન્મે-જન્મે હું જ તમારી પત્ની થતી રહું. આપ પરબ્રહ્મ પરમાત્મા છો, નિર્ગુણ

છો, પ્રકૃતિથી પર છો, નિર્વિકાર, નિરીહ અને સ્વતંત્ર પરમેશ્વર છો. તેમ છતાં ભક્તોના ઉદ્ધારમાં સંલગ્ન થઈને અહીં સગુણ પણ થઈ જાઓ છો, સ્વાત્મારામ હોવા છતાં પણ લીલાવિહારી બની જાઓ છો; કેમકે, તમે વિવિધ પ્રકારની લીલા કરવામાં કુશળ છો. હે મહાદેવ! હે મહેશ્વર! હું બધી રીતે તમને જાણું છું. હે સર્વજ્ઞ! હવે વધારે કહેવાથી શો લાભ? મારા ઉપર દયા કરો. હે નાથ! મહાન અદ્‌ભુત લીલા કરીને લોકમાં પોતાના સુયશનો વિસ્તાર કરો, જેનું ગાન કરી કરીને લોકો વગર પ્રયત્ને જ ભવસાગરથી પાર થઈ જાય.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને ગિરિજાએ મહેશ્વરને વારંવાર પ્રણામ કર્યા અને મસ્તક નમાવી નમાવીને હાથ જોડીને એ ચૂપ થઈ ગયાં. એમના આવા કથન પર મહેશ્વરે લોકલીલાનું અનુસરણ કરવા માટે એવું જ કરવાનું સ્વીકારી લીધું. પાર્વતીએ જે કાંઈ કહ્યું હતું, એને જ પ્રસન્નતાપૂર્વક કરવા માટે તૈયાર થઈને એ હસવા લાગ્યા. ત્યાર પછી હર્ષથી સભર એવા શંભુ અંતર્ધાન થઈને કૈલાસમાં જતા રહ્યા. એ સમયે કાલીના વિરહથી એમનું ચિત્ત એમની તરફ જ ખેંચાયેલું રહ્યું. કૈલાસ પર જઈને પરમાનંદમાં નિમગ્ન થયેલા મહેશ્વરે પોતાના નંદી વગેરે ગણોનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે ભૈરવ વગેરે બધા ગણ પણ એ સર્વ સમાચાર સાંભળીને અત્યંત સુખી થઈ ગયા અને મહાન ઉત્સવ કરવા લાગ્યા. હે નારદ! એ સમયે ત્યાં મહાન મંગલ થવાનો આરંભ થઈ ગયો. બધાંના દુઃખ નષ્ટ થઈ ગયાં તથા રુદ્રદેવને પણ પૂર્ણ આનંદ પ્રાપ્ત થયો.

(અધ્યાય-૨૯)

*

## પાર્વતીનો પિતાના ઘરમાં સત્કાર, મહાદેવજીની નટલીલાનો ચમત્કાર, એમની મેના વગેરે પાસે પાર્વતીની યાચના અને માતાપિતાની અસ્વીકૃતિ હોવાથી અંતર્ધાન થઈ જવું

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! ભગવાન શંકર પોતાને સ્થાને જતા રહ્યા પછી સખીઓ સહિત પાર્વતી પણ પોતાના રૂપને સફળ કરીને મહાદેવજીનું નામ લેતાં લેતાં પિતાજીને ઘેર ચાલ્યાં ગયાં. પાર્વતીનું આગમન સાંભળીને મેના અને હિમાચલ દિવ્યરથ પર બેસીને હર્ષથી વિહ્વળ થઈને એમને લેવા સામે ચાલ્યા, સામૈયું કર્યું. પુરોહિત, પુરવાસી, અનેકાનેક સખીઓ તથા અન્ય સર્વ સંબંધીઓ પણ આવી પહોંચ્યાં. પાર્વતીના બધા ભાઈ મૈનાક વગેરે બહુ હર્ષથી જયજયકાર કરતાં કરતાં એમને ઘેર લઈ આવવા ત્યાં ગયા.

એ દરમિયાન પાર્વતી પોતાના નગર સમીપ આવી પહોંચ્યાં. નગરમાં પ્રવેશ કરતી વખતે શિવા દેવીએ માતા-પિતાને જોયાં, જે અત્યંત પ્રસન્ન અને હર્ષથી વિહ્વળચિત્ત થઈને દોડતાં દોડતાં આવી રહ્યાં હતાં. એમને જોઈને હર્ષથી સભર કાલીએ સખીઓ સહિત પ્રણામ કર્યા. માતાપિતાએ પૂર્ણરૂપે આશીર્વાદ આપીને પુત્રીને છાતી સરસી ચાંપી લીધી અને 'ઓ, મારી દીકરી!' એમ કહીને પ્રેમથી વિહ્વળ થઈને રડવા લાગ્યાં. ત્યારપછી પોતાના ઘરની બીજી બીજી સ્ત્રીઓ તથા ભાભીઓ પણ બહુ પ્રસન્નતાથી પ્રેમપૂર્વક એમને ભુજાઓમાં ભરીને ભરપેટ

આનંદ માણ્યો. 'હે દેવી! તમે પોતાના કુળનો ઉદ્ધાર કરનાર ઉત્તમ કાર્યને બહુ સારી રીતે સિદ્ધ કર્યું છે. તમારા સદાચરણથી અમે બધા પવિત્ર થઈ ગયા.' એવું કહીને બધા લોકો હર્ષ સાથે પાર્વતીની ખૂબ ખૂબ પ્રશંસા કરતાં કરતાં પ્રણામ કરવા લાગ્યા. લોકોએ ચંદન અને સુંદર ફૂલોથી શિવાદેવીનું સાનંદ પૂજન કર્યું. એ અવસરે વિમાન પર બેઠેલા દેવતાઓએ પાર્વતીને નમસ્કાર કરીને એમના પર ફૂલોની વર્ષા કરી અને સ્તુતિ કરી. હે નારદ! એ સમયે તમને પણ એક સુંદર રથ પર બેસાડીને બ્રાહ્મણ વગેરે સૌ લોકોએ નગરમાં ફેરવ્યા. પછી બ્રાહ્મણો, સખીઓ અને બીજી સ્ત્રીઓએ ખૂબ આદરસત્કાર સાથે શિવાને ગૃહપ્રવેશ કરાવ્યો. સ્ત્રીઓએ એમના પર ઘણી વસ્તુઓ ન્યોચ્છાવર કરી દીધી. બ્રાહ્મણોએ આશીર્વાદ આપ્યા. હે મુનીશ્વર! પિતા હિમવાન અને માતા મેનકાને ખૂબ જ પ્રસન્નતા થઈ. એમણે પોતાના ગૃહસ્થ-આશ્રમને સફળ માન્યો અને એ અનુભવ કર્યો કે કુપુત્ર કરતાં સુપુત્રી જ શ્રેષ્ઠ છે. ગિરિરાજે બ્રાહ્મણો અને વન્દીજનોને ધન આપ્યું અને બ્રાહ્મણો પાસે મંગલપાઠ કરાવ્યા. હે મુને! આ રીતે પાર્વતીની સાથે માતાપિતા, ભાઈ અને ભાભીઓ પણ ઘરના આંગણે પ્રસન્નતાપૂર્વક બેઠાં.

ત્યારપછી હિમવાન પ્રસન્નચિત્તે સૌનો આદર સત્કાર કરીને ગંગાસ્નાને ગયા. એ દરમિયાન સુંદર લીલા કરનાર ભક્તવત્સલ ભગવાન શંભુ એક સારા નાચનારા નર બનીને મેનકા પાસે ગયા. એમણે ડાબા હાથમાં શિંગી અને જમણા હાથમાં ડમરુ લીધું હતું. પીઠ પર કથરી (કંથા) રાખી હતી. લાલ વસ્ત્ર પહેર્યાં હતાં. એ ભગવાન રુદ્ર નૃત્ય અને ગાનમાં પોતાની નિપુણતાનો પરિચય આપી રહ્યા હતા.



સુંદર નટનું રૂપ ધારણ કરેલા ભગવાન શિવે મેનકાની પાસે બેઠેલી સ્ત્રીઓની ટોળી પાસે સુંદર નૃત્ય કર્યું અને અત્યંત મનોહર વિવિધ પ્રકારનાં સુંદર ગીત ગાયાં. ત્યાં એમણે સુંદર ધ્વનિથી ખૂબ મનોહારિણી લીલા કરી. નટરાજની એ લીલાને જોવા માટે નગરના સર્વ સ્ત્રી-પુરુષો અને બાળકો તથા વૃદ્ધો પણ અચાનક ત્યાં આવી પહોંચ્યાં. હે મુને! એ સુમધુર ગીતને સાંભળીને અને એ મનોહર ઉત્તમ નૃત્યને જોઈને ત્યાં આવેલા બધા લોકો તત્કાળ મોહિત થઈ ગયા. મેના પણ મોહ પામ્યાં. બીજી બાજુ પાર્વતીએ પોતાના હૃદયમાં ભગવાન શંકરનાં સાક્ષાત્ દર્શન કર્યાં. એ ત્રિશૂળ વગેરે ચિહ્નો, ધારણ કરેલ અત્યંત સુંદર દેખાતા હતા. એમનાં સર્વ અંગો વિભુતિથી-ભસ્મથી-વિભૂષિત હતાં. એ હાડકાંઓની માળાથી અલંકૃત હતા. એમનું મુખ

સૂર્ય, ચંદ્ર અને અગ્નિરૂપ ત્રણે નેત્રોથી ઉદ્ભાસિત હતું. એમણે નાગની જનોઈ ધારણ કરી હતી. એમના એ સુરમ્ય રૂપને જોઈને દુર્ગા પ્રેમાવશથી મૂર્ચ્છિત થઈ ગયાં. ગૌરવવિભૂષિત દીનબંધુ દયાસિંધુ અને સર્વથા મનોહર મહેશ્વર પાર્વતીને કહી રહ્યા હતા કે 'વરદાન માગો' પોતાના હૃદયમાં મહાદેવજીને આ રૂપમાં જોઈને પાર્વતી દેવીએ એમને પ્રણામ કર્યા અને મનમાં ને મનમાં જ એ વરદાન મળ્યું કે 'આપ મારા પતિ થઈ જાઓ' પ્રીતિયુક્ત હૃદયથી શિવાને એવું જ કલ્યાણકારી વરદાન આપીને તે પુનઃ અંતર્ધાન થઈ ગયા અને ત્યાં પૂર્વવત્ ભિક્ષા માગનારા નટ બનીને ઉત્તમ નૃત્ય કરવા લાગ્યા.

એ સમયે મેનાએ સોનાની થાળીમાં રાખેલાં ઘણાં બધાં બહુ સુંદર રત્ન લઈને એમને પ્રસન્નતાપૂર્વક આપવા ગયાં. એમનું એ ઐશ્વર્ય જોઈને ભગવાન શંકર મનમાં ને મનમાં બહુ પ્રસન્ન થયા. પરંતુ એમણે એ રત્નોનો સ્વીકાર ન કર્યો. એ ભિક્ષામાં એમની પુત્રી શિવાને જ માગવા લાગ્યા અને પુનઃ કૌતુકવશ સુંદર નૃત્ય અને ગાન કરવા તૈયાર થયા. મેના એ ભિક્ષુક નટની વાત સાંભળીને અત્યંત ક્રોધે ભરાયાં અને ધમકાવવા લાગ્યાં. એમના મનમાં એમને બહાર કાઢી મૂકવાની ઇચ્છા થઈ. એ દરમિયાન વચમાં જ ગિરિરાજ હિમવાન ગંગા-સ્નાન કરીને પરત આવી ગયા. એમણે પોતાની સામે એ નરાકાર ભિક્ષુકને આંગણામાં ઊભેલો જોયો. મેનાના મુખે સર્વ વાતો સાંભળીને એમને પણ ઘણો ક્રોધ ઉત્પન્ન થયો. એમણે પોતાના સેવકોને આજ્ઞા કરી કે આ નટને બહાર કાઢી મૂકો. હે મુનિશ્રેષ્ઠ! તે નટરાજ વિશાળકાય અગ્નિની જેમ પોતાના ઉત્તમ તેજથી પ્રજ્વલિત થઈ રહ્યા હતા. એમને અડકવું એ પણ કઠણ હતું. એટલા માટે કોઈ પણ એમને બહાર કાઢી શક્યું નહિ. હે તાત! પછી તો વિવિધ પ્રકારની લીલાઓમાં વિશારદ એ ભિક્ષુક શિરોમણિએ શૈલરાજને પોતાનો અનંત પ્રભાવ બતાવવાનો આરંભ કર્યો. હિમવાને જોયું કે ભિક્ષુએ ત્યાં તત્કાળ જ ભગવાન વિષ્ણુનું રૂપ ધારણ કરી લીધું છે. એમના મસ્તક પર કિરીટ-મુગટ, કાનોમાં કુંડળ અને શરીર પર પીતવસ્ત્ર-પીતાંબર શોભા આપી રહ્યાં છે. એમને ચાર ભુજાઓ છે. હિમવાને પૂજાને વખતે ગદાધારી શ્રીહરિને જે જે પુષ્પ વગેરે ચઢાવ્યાં હતાં એ સર્વ એમણે ભિક્ષુના શરીર ઉપર તથા મસ્તક પર જોયાં. ત્યારપછી ગિરિરાજે એ ભિક્ષુશિરોમણિને જગતસ્રષ્ટા ચતુર્મુખ બ્રહ્માના રૂપે જોયા—એમના શરીરનો વર્ણ લાલ હતો અને એ વૈદિક સૂક્તનો પાઠ કરી રહ્યા હતા. ત્યાર પછી શૈલરાજે એ કૌતુકકારી નટરાજને એક ક્ષણમાં જગતના નેત્રરૂપ સૂર્યના આકારમાં જોયા. હે તાત! આ પછી એ મહાન અદ્ભુત રુદ્રના રૂપે દેખાયા. એમની સાથે દેવી પાર્વતી પણ હતાં. તે ઉત્તમ તેજથી સંપન્ન રમણીય રુદ્ર ધીરે ધીરે હસી રહ્યા હતા. પછી તે કેવળ તેજોમય રૂપે જ દૃષ્ટિગોચર થયા. એમનું એ સ્વરૂપ નિરાકાર, નિરંજન, ઉપાધિશૂન્ય, નિરીહ અને અત્યંત અદ્ભુત હતું. આ રીતે હિમવાને એમનાં અનેક રૂપ જોયાં. આથી એમને બહુ વિસ્મય થયો અને તરત જ પરમાનંદમાં નિમગ્ન થઈ ગયા. ત્યાર પછી સુંદર લીલા કરનાર એ ભિક્ષુશિરોમણિએ હિમવાન અને મેના પાસે દુર્ગાને ભિક્ષારૂપે માગી. બીજી કોઈ જ વસ્તુ ગ્રહણ કરી નહિ. પરંતુ શિવની માયાથી મોહિત હોવાને કારણે શૈલરાજે એમની એ પ્રાર્થનાનો સ્વીકાર ન કર્યો. પછી ભિક્ષુએ કોઈ વસ્તુ ન લીધી અને તે ત્યાંથી અંતર્ધાન થઈ

ગયા. ત્યારે મેના અને શૈલરાજને ઉત્તમ જ્ઞાન થયું અને એ વિચારવા લાગ્યા—'ભગવાન શિવ અમને પોતાની માયાથી છેતરીને પોતાને સ્થાને જતા રહ્યા છે.' આવું વિચારીને એ બંનેની ભગવાન શિવમાં પરાભક્તિ થઈ, જે મહાન મોક્ષની પ્રાપ્તિ કરાવનાર હતી, દિવ્ય તથા સંપૂર્ણ આનંદ પ્રદાન કરવાવાળી છે.

(અધ્યાય-૩૦)

*

# દેવતાઓના અનુરોધથી વૈષ્ણવ બ્રાહ્મણના વેશમાં શિવજીનું હિમવાનને ઘેર જવું અને શિવની નિંદા કરીને પાર્વતીનું લગ્ન એમની સાથે ન કરવાનું કહેવું

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! મેના અને હિમવાનની શિવ પ્રત્યેની ઉચ્ચકોટિની અનન્ય ભક્તિ જોઈને ઇન્દ્ર વગેરે સર્વ દેવતા પરસ્પર વિચાર કરવા લાગ્યા. ત્યાર પછી ગુરુ બૃહસ્પતિ અને બ્રહ્માજીની સમ્મતિ અનુસાર સર્વ મુખ્ય મુખ્ય દેવતાઓએ શિવજીની પાસે જઈને એમને પ્રણામ કર્યા અને એ હાથ જોડીને એમની સ્તુતિ કરવા લાગ્યા.

**દેવતાઓ બોલ્યા**—હે દેવદેવ! હે મહાદેવ! હે કરુણાકર! હે શંકર! અમે સૌ આપને શરણે આવ્યા છીએ, કૃપા કરો. આપને નમસ્કાર છે. હે સ્વામિન્! આપ ભક્તવત્સલ હોવાને કારણે સદા ભક્તોનાં કાર્યો સિદ્ધ કરો છો. દીનોનો ઉદ્ધાર કરનારા અને દયાના સિંધુ છો તથા ભક્તોને વિપત્તિઓથી છોડવનાર છો.

આ પ્રકારે મહેશ્વરની સ્તુતિ કરીને ઇન્દ્રસહિત સંપૂર્ણ દેવતાઓએ મેના અને હિમવાનની અનન્ય શિવભક્તિના વિષયમાં સર્વ વાતો આદરપૂર્વક કહી. દેવતાની આ વાત સાંભળીને મહેશ્વરે એમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને હસતાં હસતાં એમને આશ્વાસન આપીને વિદાય કર્યા. ત્યારે સર્વ દેવતા પોતાનું કાર્ય સિદ્ધ થયું છે એમ માનીને સદાશિવની પ્રશંસા કરતાં કરતાં શીઘ્ર જ પોતાને ઘેર પાછા જઈને પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યા. ત્યાર પછી ભક્તવત્સલ મહેશ્વર ભગવાન શંભુ, જે માયાના સ્વામી છે, નિર્વિકાર ચિત્તે શૈલરાજને ત્યાં ગયા. એ સમયે ગિરિરાજ હિમવાન સભાભવનમાં બંધુવર્ગથી ઘેરાયેલા પાર્વતીસહિત પ્રસન્નતાપૂર્વક બેઠેલા હતા. એ જ અવસર પર ત્યાં સદાશિવે પદાર્પણ કર્યું. એ હાથમાં દંડ, છત્ર, શરીર પર દિવ્ય વસ્ત્ર, લલાટમાં ઉજ્જ્વળ તિલક, એક હાથમાં સ્ફટિકની માળા અને ગળામાં શાલગ્રામ ધારણ કરીને ભક્તિપૂર્વક હરિનામનો જપ કરી રહ્યા હતા અને દેખાવમાં સાધુવેશધારી બ્રાહ્મણ જણાતા હતા—એમને આવેલા જોઈને સપરિવાર હિમવાન ઊભા થઈ ગયા—એમણે એ અપૂર્વ અતિથિદેવતાને ભૂતલ પર પડીને દંડવત્ પ્રણામ અને ભક્તિભાવથી અત્યંત પ્રણામ કર્યા. દેવી પાર્વતી બ્રાહ્મણરૂપધારી પ્રાણેશ્વર શિવને ઓળખી ગયાં હતાં. તેથી એમણે પણ એમને મસ્તક નમાવીને અને મનમાં ને મનમાં ખૂબ જ પ્રસન્નતાથી એમની સ્તુતિ કરી. બ્રાહ્મણના રૂપધારી શિવે સૌને પ્રેમપૂર્વક આશીર્વાદ આપ્યા. પરંતુ શિવાને સૌથી અધિક મનોવાંછિત શુભ આશીર્વાદ પ્રદાન કર્યા. શૈલાધિરાજ હિમવાને બહુ આદરથી એમને મધુપર્ક વગેરે પૂજન-સામગ્રી ભેટ આપી અને બ્રાહ્મણે બહુ પ્રસન્નતાની સાથે એ સર્વનું ગ્રહણ કર્યું. તત્પશ્ચાત્ ગિરિશ્રેષ્ઠ

હિમાલયે એમના કુશળ સમાચાર પૂછ્યા. હે મુને! અત્યંત પ્રીતિપૂર્વક એ દ્વિજરાજની વિધિવત્ પૂજા



કરીને શૈલરાજે પૂછ્યું–'આપ કોણ છો?' ત્યારે એ બ્રાહ્મણશિરોમણિએ ગિરિરાજને શીઘ્ર જ આદરપૂર્વક કહ્યું.

એ શ્રેષ્ઠ બ્રાહ્મણ બોલ્યા—હે ગિરિશ્રેષ્ઠ! હું ઉત્તમ વિદ્વાન વૈષ્ણવ બ્રાહ્મણ છું અને જ્યોતિષના વ્યવસાયનો આશ્રય લઈને ભૂતલ પર ભ્રમણ કર્યા કરું છું. મનની જેવી મારી ગતિ છે. હું સર્વત્ર જવામાં સમર્થ છું અને ગુરુએ આપેલી શક્તિથી સર્વજ્ઞ, પરોપકારી, શુદ્ધાત્મા, દયાસિંધુ અને વિકારનાશક છું. મને જાણવા મળ્યું છે કે તમે પોતાની આ લક્ષ્મી-જેવી સુંદર રૂપવાળી દિવ્ય સુલક્ષણા પુત્રીને એક આશ્રયરહિત, અસંગ, કુરૂપ અને ગુણહીને વર-મહાદેવજીના હાથમાં આપવા ચાહો છો. એ રુદ્રદેવતા સ્મશાનમાં વાસ કરે છે. શરીર પર સર્પ લપેટીને રહે છે ને યોગસાધના કરે છે, સાધના કરતાં કરતાં ફર્યા-ભમ્યા કરે છે. એમની પાસે પહેરવા સરખું એક વસ્ત્ર પણ નથી. આમેય નંગધડંગ-નાગાપૂગા ફર્યા કરે છે. આભૂષણની જગ્યાએ સર્પ ધારણ કરે છે. એમના કુળનું નામ આજ સુધી કોઈ જાણતું નથી. એ તો કુપાત્ર અને કુશીલ છે. સ્વભાવથી જ વિકારથી દૂર રહે છે. આખા શરીરમાં ભસ્મ લગાડે છે. ક્રોધી અને અવિવેકી છે. એમની અવસ્થા (વય) કેટલી છે તે પણ કોઈ જાણતું જ નથી. એ તો અત્યંત કુત્સિત જટાનો બોજ સદા માથા પર ધારણ કર્યા કરે છે. એ સારા-ખોટા સર્વને આશ્રય આપવાવાળા છે. ભ્રમણશીલ, નાગહારધારી, ભિક્ષુક, કુમાર્ગ પરાયણ તથા હઠપૂર્વક વૈદિકમાર્ગનો ત્યાગ કરનારા છે. આવા અયોગ્ય વર સાથે તમે તમારી કન્યાનું લગ્ન કરવા ચાહો છો? હે અચલરાજ! જરૂર ખરેખર આપનો આ વિચાર મંગલદાયક નથી. હે નારાયણકુળમાં ઉત્પન્ન! હે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ ગિરિરાજ! મારા કથનનો મર્મ સમજો. તમે જે પાત્રને શોધ્યું છે તે આને યોગ્ય નથી કે એના હાથમાં પાર્વતીનો હાથ આપી શકાય. હે શૈલરાજ, તમે જ જુઓ, કે એને એક પણ ભાઈબંધુ નથી. તમે તો મોટાં મોટાં રત્નોની ખાણ છો. પરંતુ એમના ઘરમાં તો વાટી ભાંગ પણ નથી. અરે, એ તો સર્વથા નિર્ધન છે. હે ગિરિરાજ! તમે શીઘ્ર જ પોતાનાં ભાઈબંધુઓને, મેનાદેવીને, બધા દીકરાઓને અને પંડિતોને પણ પ્રયત્નપૂર્વક પૂછી લો. પરંતુ પાર્વતીને ન પૂછશો; કેમકે, એમને શિવના ગુણ-દોષની પરખ નથી.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને એ બ્રાહ્મણ દેવતા, જે વિવિધ પ્રકારની લીલા કરનારા શાંત સ્વરૂપ શિવ જ હતા, શીઘ્ર જ ખાઈ-પીને આનંદપૂર્વક ત્યાંથી પોતાના ઘર ભણી ચાલવા લાગ્યા. (અધ્યાય-૩૧)

*

તમે લોકો પૂર્ણકામ છો. અમારા જેવા દીનોને ઘરમાં આપને શું કામ હોઈ શકે. તેમ છતાં મુજ સેવકને યોગ્ય જો કોઈ કાર્ય હોય તો કૃપાપૂર્વક એ અવશ્ય કહેશો. એને પૂર્ણ કરવાથી મારું જીવન સફળ થઈ જશે.

**ઋષિ બોલ્યા**—હે શૈલરાજ! ભગવાન શિવને જગતના પિતા કહેવાયા છે અને શિવા જગન્માતા મનાયાં છે. તેથી તમારે મહાત્મા શંકરને તમારી કન્યા આપવી જોઈએ. હે હિમાલય! આવું કરવાથી તમારો જન્મ સફળ થઈ જશે અને તમે જગદ્‌ગુરુના પણ ગુરુ થઈ જશો, એમાં સંશય નથી.

હે મુનીશ્વર! સપ્તર્ષિઓનું આ વચન સાંભળીને હિમવાને બંને હાથ જોડીને એમને પ્રણામ કરીને આ પ્રકારે કહ્યું.

**હિમાલય બોલ્યા**—હે મહાભાગ સપ્તર્ષિઓ! આપ લોકોએ જે વાત કહી છે, એ મેં શિવની ઇચ્છાથી પહેલાંથી જ માની રાખી હતી; પરંતુ હે પ્રભો! એ દિવસોમાં એક વૈષ્ણવધર્મી બ્રાહ્મણે આવીને ભગવાન શિવ અંગે પ્રસન્નતાપૂર્વક ઘણીબધી ઊંધી-ઊલટી વાતો કરી છે. ત્યારથી જ શિવાની માતાનું જ્ઞાન ભ્રષ્ટ થઈ ગયું છે. તે પોતાની દીકરીનું લગ્ન એ યોગી રુદ્ર સાથે કરવા ચાહતી નથી. હે બ્રાહ્મણો! મારી પત્નીએ બહુ ભારે હઠ કરીને મેલાં કપડાં પહેરીને કોપભવનમાં નિવાસ કર્યો છે અને સમજાવવા છતાં પણ કશું સમજી રહ્યાં નથી. હું પણ એ વૈષ્ણવ બ્રાહ્મણની વાતો સાંભળીને જ્ઞાનભ્રષ્ટ થઈ ગયો છું. આપને સાચું કહું, ભિક્ષુકરૂપધારી મહેશ્વરને દીકરી આપવાની મારી પણ હવે ઇચ્છા નથી.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! મુનિઓની વચમાં બેસીને શૈલરાજ શિવની માયાથી મોહિત થઈને ઉપર્યુક્ત વાત કહીને મૌન થઈ ગયા. ત્યારે એ સર્વ સપ્તર્ષિઓએ શિવની માયાની પ્રશંસા કરીને મેનકા પાસે અરુન્ધતીને મોકલ્યાં. પતિની આજ્ઞા મેળવીને જ્ઞાનદાયિની અરુન્ધતી દેવી તરત એ ઘરમાં ગયાં, જ્યાં મેના અને પાર્વતી હતાં. જઈને એમણે જોયું, મેના શોકથી આકુળવ્યાકુળ થઈને પૃથ્વી પર પડ્યાં છે. ત્યારે એ સાધ્વી દેવીએ ખૂબ જ સાવધાની સાથે મધુર અને હિતકર વાત કહી.

**અરુન્ધતી બોલ્યાં**—હે સાધ્વી રાણી મેનકે! ઊઠો, હું અરુન્ધતી તમારા ઘરમાં આવી છું તથા દયાળુ સપ્તર્ષિઓ પણ પધાર્યા છે. અરુન્ધતીનો સ્વર સાંભળીને મેનકા શીઘ્ર જ બેઠાં થઈ ગયાં અને લક્ષ્મી-જેવી તેજસ્વિની એ પતિવ્રતા દેવીનાં ચરણોમાં મસ્તક રાખીને બોલ્યાં—

**મેનાએ કહ્યું**—અહો! અમારા જેવા પુણ્યજન્મા જીવોને આજે આ કયા પુણ્યનું ફળ પ્રાપ્ત થયું છે કે અમારા આ ઘરમાં જગત્સ્રષ્ટા બ્રહ્માજીની પુત્રવધૂ અને મહર્ષિ વસિષ્ઠની પત્ની પધાર્યાં છે. હે દેવી! આપ શા માટે આવ્યાં છો? એ મને કહો. હું અને મારી પુત્રી આપની દાસી સમાન છીએ. આપ અમારા ઉપર કૃપા કરો.

મેનકાના આવા કથન પર સાધ્વી અરુંધતીએ એમને બહુ સારી પેઠે સમજાવ્યાં, બુઝાવ્યાં અને એમને સાથે લઈને તે પ્રસન્નતાપૂર્વક એ સ્થાન પર આવ્યાં, જ્યાં સપ્તર્ષિ વિદ્યમાન હતા. સપ્તર્ષિગણ વાતચીતમાં બહુ જ નિપુણ હતા—એ સર્વેએ ભગવાન શિવનાં યુગલચરણારવિન્દનું સ્મરણ કરીને શૈલરાજને સમજાવવાનું શરૂ કર્યું.

**ઋષિ બોલ્યા**—હે શૈલેન્દ્ર! અમારાં શુભકારક વચન સાંભળો. તમે પાર્વતીનું લગ્ન

શિવ સાથે કરી દો અને સંહારકર્તા રુદ્રના સસરા થઈ જાઓ. શંભુ સર્વેશ્વર છે. તે કોઈ પાસે પણ ક્યારેય યાચના નથી કરતા. સ્વયં બ્રહ્માજીએ તારકાસુરના વિનાશ માટે એક વીરપુત્ર ઉત્પન્ન કરવાના હેતુને લઈને ભગવાન શંકરને આ પ્રાર્થના કરી છે કે તે લગ્ન કરી લે. ભગવાન શંકર તો યોગીઓમાં શિરોમણિ છે. તે લગ્ન માટે ઉત્સુક નથી. માત્ર બ્રહ્માજીની પ્રાર્થનાથી જ એ મહાદેવ તમારી કન્યાનું પાણિગ્રહણ કરશે. તમારી પુત્રીએ જ્યારે તપસ્યા કરી હતી, એ સમયે એમની સામે એમણે એની સાથે લગ્ન કરવાની પ્રતિજ્ઞા કરી લીધી હતી. આ જ બે કારણોસર એ યોગીરાજ શિવ લગ્ન કરશે.

ઋષિઓની આ વાત સાંભળીને હિમાલય હસી પડ્યા. થોડાક ભયભીત થઈને વિનયપૂર્વક બોલ્યા–

**હિમાલયે કહ્યું—**હું શિવ પાસે કોઈ રાજાને ઉચિત સામગ્રી, સરસામાન જોતો નથી. એમને કોઈ ઘર નથી. નથી કંઈ ઐશ્વર્ય અને નથી તો કોઈ સ્વજન કે બંધુબાંધવ. હું અત્યંત નિર્લિપ્ત યોગીને મારી દીકરી આપવા ચાહતો નથી. તમે લોકો વેદવિધાતા બ્રહ્માજીના પુત્ર છો; તેથી તમારો નિશ્ચિત વિચાર કહો. જે પિતા કામથી, મોહથી અથવા ભયથી કે લોભથી કોઈ અયોગ્ય વરના હાથમાં પોતાની પુત્રી આપી દે છે, તે મર્યા પછી નરકમાં જાય છે.* તેથી હું સ્વેચ્છાથી ભગવાન શૂલપાણિને મારી કન્યા નહીં આપું. એટલા માટે હે મહર્ષિઓ! જે ઉચિત વિધાન હોય, એ આપ લોકો કરો.

હે મુનીશ્વર નારદ! હિમાચલના આ વચનને સાંભળીને વાતચીત કરવામાં નિપુણ મહર્ષિ વસિષ્ઠ એમને આ પ્રમાણે કહ્યું.

**વસિષ્ઠ બોલ્યા—**હે શૈલેશ્વર! મારી વાત સાંભળો. આ સર્વથા તમારે માટે હિતકારક, ધર્મને અનુકૂળ, સત્ય તથા આલોક અને પરલોકમાં સુખદાયક છે. હે શૈલરાજ! લોક તથા વેદમાં ત્રણ પ્રકારનાં વચનો ઉપલબ્ધ થાય છે. શાસ્ત્રજ્ઞ પુરુષ પોતાની નિર્મળ જ્ઞાનદૃષ્ટિથી એ સર્વ પ્રકારનાં વચનો જાણે છે. એક તો એ વચન છે, જે સાંભળવામાં તત્કાળ બહુ સુંદર (પ્રિય) લાગે છે, પરંતુ પછીથી તે અસત્ય અને અહિતકારી સિદ્ધ થાય છે. આવું વચન બુદ્ધિમાન શત્રુ જ કહે છે, એથી ક્યારેય હિત થતું નથી. બીજું એ છે કે જે આરંભમાં સારું લાગતું નથી, એ સાંભળીને અપ્રસન્નતા થાય છે, પરંતુ પરિણામમાં એ સુખ દેનારું હોય છે. આ પ્રકારનું વચન કહીને દયાળુ ધર્મશીલ બાંધવજન કર્તવ્યનો બોધ કરાવે છે. ત્રીજી શ્રેણીનું જે વચન છે તે એ છે કે જે સાંભળતાં જ અમૃત સમાન મધુર લાગે છે અને સર્વકાળમાં સુખ આપનારું હોય છે. સત્ય એ જ એનો સાર હોય છે. એટલા માટે તે હિતકારક થયા કરે છે. આવું વચન સૌથી શ્રેષ્ઠ અને સૌને માટે અભીષ્ટ-ઇચ્છિત હોય છે. હે શૈલરાજ! આ રીતે નીતિશાસ્ત્રમાં ત્રણ પ્રકારનાં વચનો કહેવામાં આવ્યાં છે. આ ત્રણેમાંથી તમને કયું વચન ઇચ્છિત-અભીષ્ટ છે? બતાવો, હું તમારે માટે એવું જ વચન કહીશ– ભગવાન શંકર સંપૂર્ણ દેવતાઓના સ્વામી છે. એમની પાસે બાહ્ય સંપત્તિ નથી, એનું કારણ એ છે કે એમનું ચિત્ત એક માત્ર જ્ઞાનમાર્ગના

* વરાયાનનુરૂપાય પિતા કન્યાં દદાતિ ચેત્। કામાન્મોહાદ્ભયાલ્લોભાત્ સ ભ્રષ્ટો નરકં વ્રજેત્॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૩૩/૨૬)

સાગરમાં મગ્ન રહે છે. જે જ્ઞાનાન્દસ્વરૂપ અને સર્વના ઈશ્વર છે, એમને લૌકિક-બાહ્ય વસ્તુઓની શી ઈચ્છા હશે? ગૃહસ્થ પુરુષ રાજ્ય અને સંપત્તિથી સુશોભિત થનાર વરને પોતાની પુત્રી આપે છે, કેમકે કોઈ દીનદુખિયાને કન્યા આપવાથી પિતા કન્યાઘાતી થઈ જાય છે–એને કન્યાના વધનું પાપ લાગે છે.* કોણ જાણે છે કે ભગવાન શંકર દુઃખી છે? કુબેર જેમના કિંકર છે, જે પોતાના ભ્રૂભંગની લીલામાત્રથી સંસારની સૃષ્ટિ તથા સંહાર કરવામાં સમર્થ છે, જેમને ગુણાતીત, પરમાત્મા અને પ્રકૃતિથી પર પરમેશ્વર કહેવામાં આવ્યા છે, સૃષ્ટિ, પાલન અને સંહાર કરનારી જેમની ત્રિવિધમૂર્તિ જ બ્રહ્મા, વિષ્ણુ અને હર નામ ધારણ કરે છે, એમને કોણ નિર્ધન અથવા દુઃખી કરી શકે છે? બ્રહ્મલોકમાં નિવાસ કરનારા બ્રહ્મા, ક્ષીરસાગરમાં રહેનારા વિષ્ણુ તથા કૈલાસવાસી હર–આ સર્વ શિવની જ વિભૂતિઓ છે. શિવથી પ્રગટ થયેલી પ્રકૃતિ પણ પોતાના અંશથી ત્રણ પ્રકારની મૂર્તિઓને ધારણ કરે છે. જગતમાં લીલાશક્તિ પ્રેરિત થઈને પોતાની કલાથી અનેક પ્રકાર જેવાં રૂપ ધારણ કરે છે. સમસ્ત વાઙ્મયની અધિષ્ઠાત્રી દેવી વાણી એમના મુખથી પ્રગટ થઈ છે અને સર્વસંપત્તિસ્વરૂપિણી લક્ષ્મી વક્ષઃસ્થળથી આવિર્ભૂત થઈ છે તથા શિવાએ દેવતાઓના એકત્ર થયેલા તેજથી પોતાને પ્રગટ કર્યાં હતાં અને સંપૂર્ણ દાનવોનો વધ કરીને દેવતાઓને સ્વર્ગની લક્ષ્મી પ્રદાન કરી હતી–

દેવી શિવા કલ્પાંતરમાં દક્ષપત્નીના ઉદરથી જન્મ લઈ સતી નામથી પ્રસિદ્ધ થયાં અને હરને એમણે પોતાના પતિરૂપે પ્રાપ્ત કર્યા. દક્ષે સ્વયં જ ભગવાન શિવને પોતાની પુત્રી આપી હતી. સતીએ પતિની નિંદા સાંભળીને યોગબળથી પોતાના શરીરનો ત્યાગ કર્યો હતો. એ જ કલ્યાણમયી સતી હવે તમારા વીર્યથી અને મેનાના ગર્ભથી પ્રગટ થયાં છે. હે શૈલરાજ! આ શિવા જન્મેજન્મે શિવની જ પત્ની હોય છે. પ્રત્યેક કલ્પમાં બુદ્ધિરૂપા દુર્ગા જ્ઞાનીઓની શ્રેષ્ઠ માતા હોય છે. એ સદા સિદ્ધ, સિદ્ધિદાયિની અને સિદ્ધિરૂપિણી છે. ભગવાન હર ચિતાભસ્મરૂપે સતીના અસ્થિચૂર્ણને જ સ્વયં પ્રેમપૂર્વક પોતાનાં અંગોમાં ધારણ કરે છે. તેથી હે ગિરિરાજ! તમે સ્વેચ્છાથી જ તમારી મંગલમયી કન્યાને ભગવાન હરના હાથમાં આપી દો. તમે જો નહિ આપો તો તે સ્વયં પ્રિયતમના સ્થાનમાં જતાં રહેશે. દેવેશ્વર શિવ તમારી પુત્રીનો અનંત કલેશ જોઈને બ્રાહ્મણના રૂપમાં એમની તપસ્યાને સ્થાને આવ્યા હતા અને એમની સાથે લગ્નની પ્રતિજ્ઞા કરીને આશ્વાસન અને વરદાન આપીને પોતાના નિવાસસ્થાને પાછા જતા રહ્યા હતા. હે ગિરે! પાર્વતીની પ્રાર્થનાથી જ શંભુએ તમારી પાસે આવીને એમને માટે યાચના કરી અને તમે બંનેએ શિવભક્તિમાં મન પરોવીને એ યાચનાનો સ્વીકાર કરી લીધો હતો. હે ગિરીશ્વર! બતાવો તો ખરા કે પછી કયા કારણસર તમારી બુદ્ધિ વિપરીત થઈ ગઈ? ભગવાન શિવે દેવતાઓની પ્રાર્થનાથી પ્રભાવિત થઈને અમે સર્વે ઋષિઓને અને અરુન્ધતી દેવીને પણ તમારી પાસે મોકલ્યાં છે. અમે તમને એ જ શિક્ષા-શિખામણ આપીએ છીએ કે તમે પાર્વતીને રુદ્રના હાથમાં આપી

* ગૃહી દદાતિ સ્વસુતાં રાજ્યસમ્પત્તિશાલિને। કન્યકાં દુઃખિને દત્વા કન્યાઘાતી ભવેત્પિતા ॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૩૩/૩૬)

દો. હે ગિરે! આવું કરવાથી તમને મહાન આનંદ પ્રાપ્ત થશે. હે શૈલેન્દ્ર! જો તમે સ્વેચ્છાથી તમારી દીકરી શિવાને શિવના હાથમાં નહીં સોંપો તો ભાવિના બળથી જ એ બંનેનાં લગ્ન થઈ જશે. હે તાત! ભગવાન શંકરે તપસ્યામાં રત બનેલાં પાર્વતીને આવું જ વરદાન આપ્યું હતું. ઈશ્વરની કરેલી પ્રતિજ્ઞા ક્યારેય પલટી શકે નહિ. હે ગિરિરાજ! ઈશ્વરના વશમાં રહેનારા સમસ્ત સાધુપુરુષોની પણ પ્રતિજ્ઞાનો આખા સંસારમાં કોઈના દ્વારા પણ ઉલ્લંઘન થવું કઠણ છે. પછી ઈશ્વરની પ્રતિજ્ઞાની તો વાત જ શી, એમાં તો કહેવાનું પણ શું હોય? (અધ્યાય ૩૨-૩૩)

*

## સપ્તર્ષિઓ દ્વારા સમજાવવાથી તથા મેરુ વગેરેના કહેવાથી પત્ની સહિત હિમવાન દ્વારા શિવની સાથે પોતાની પુત્રીનું લગ્ન કરવાનો નિશ્ચય કરવો તથા સપ્તર્ષિઓનું શિવ પાસે જઈને એમને સર્વ વાતો જણાવીને પોતાના ધામમાં જવું

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! ત્યાર પછી વસિષ્ઠે પ્રાચીન કાળમાં રાજા અનરણ્ય દ્વારા પોતાની કન્યા પદ્માનું લગ્ન પિપ્પલાદ સાથે કરવાની તથા ધર્મના વરદાનથી પિપ્પલાદની



તરુણ અવસ્થા, રૂપ, ગુણ, સદા સ્થિર રહેનારું યૌવન, કુબેર અને ઈન્દ્રથી પણ વધારે ધન-ઐશ્વર્ય, ભક્તિ, સિદ્ધિ અને સમતા પ્રાપ્ત કરવાની તથા પદ્માનું સ્થિર યૌવન, સૌભાગ્ય, સંપત્તિ અને ભર્તા દ્વારા પરમ ગુણવાન દશ પુત્રોની પ્રાપ્તિની કથા સંભળાવીને કહ્યું–'હે શૈલેન્દ્ર! તમે મારી કથાનું સારતત્ત્વ સમજીને તમારી પુત્રી પાર્વતીનો હાથ મહાદેવજીના હાથમાં આપી દો અને મેના સહિત તમારા મનમાં જે કુરોષ છે એનો ત્યાગ કરી દો. આજથી એક સપ્તાહ પછી અત્યંત શુભ અને દુર્લભ મુહૂર્ત આવવાનું છે. એ સમયે ચંદ્રમા લગ્નના સ્વામી થઈને પોતાના પુત્ર બુધની સાથે લગ્નમાં જ સ્થિત થવાના છે. એમનો રોહિણી નક્ષત્રની સાથે યોગ થશે. ચંદ્રમા અને તારાઓ શુદ્ધ થશે. માગશર માસ અંતર્ગત સંપૂર્ણ દોષોથી રહિત સોમવારે, જ્યારે કે લગ્ન પર સંપૂર્ણ શુભ ગ્રહોની દૃષ્ટિ હશે, પાપગ્રહોની દૃષ્ટિ નહીં હોય અને બૃહસ્પતિ એવા સ્થાન પર સ્થિત હશે, જ્યાંથી એ ઉત્તમ સંતાન અને પતિનું સૌભાગ્ય આપવામાં સમર્થ થશે. આવા મુહૂર્તમાં તમે તમારી કન્યા મૂળ પ્રકૃતિ ઈશ્વરી જગદંબા

પાર્વતીને ભગવાન શિવના હાથમાં સોંપી કૃતાર્થ થઈ જાઓ.'

આવું કહીને જ્ઞાનશિરોમણિ મુનિવર વસિષ્ઠ વિવિધ પ્રકારની લીલા કરનારા ભગવાન શિવનું સ્મરણ કરીને ચૂપ થઈ ગયા. વસિષ્ઠજીની વાત સાંભળીને સેવકો અને પત્ની સહિત હિમાલય બહુ જ વિસ્મિત થયા અને બીજા-બીજા પર્વતો સાથે બોલ્યા.

**હિમાલયે કહ્યું**—ગિરિરાજ મેરુ! સહ્ય, ગન્ધમાદન, મંદરાચલ, મૈનાક અને વિન્ધ્યાચલ વગેરે પર્વતેશ્વરો! આપ સૌ લોકો મારી વાત સાંભળો. વસિષ્ઠજી આવી વાત કહી રહ્યા છે. હવે મારે શું કરવું જોઈએ, એ વાતનો વિચાર કરવાનો છે. તમે લોકો પોતાના મનથી સર્વે વાતોનો નિર્ણય કરીને જેવું યોગ્ય લાગે તેવું કરો.

હિમાચલની આ વાત સાંભળીને સુમેરુ વગેરે પર્વત સારી પેઠે નિર્ણય કરીને એમને પ્રસન્નતાપૂર્વક કહેવા લાગ્યા.

**પર્વતોએ કહ્યું**—હે મહાભાગ! આ સમયે વિચાર કરવાથી શો લાભ? જેવું ઋષિ લોકો કહે છે એ અનુસાર જ કાર્ય કરવું જોઈએ. વાસ્તવમાં આ કન્યા દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવા જ ઉત્પન્ન થઈ છે. એમણે શિવને માટે જ અવતાર લીધો છે. એટલા માટે એ શિવને જ આપી દેવી જોઈએ. જો એમણે રુદ્રદેવની આરાધના કરી છે અને રુદ્રએ આવીને એમની સાથે વાર્તાલાપ કર્યો છે તો એમનું લગ્ન એમની સાથે થવું જોઈએ.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! એ મેરુ પર્વત વગેરેની આ વાત સાંભળીને હિમાચલ બહુ પ્રસન્ન થયા અને ગિરિજા પણ મનમાં ને મનમાં હસવા લાગ્યાં. અરુન્ધતીએ પણ અનેક કારણ બતાવીને, વિવિધ પ્રકારની વાતો સંભળાવીને અને વિવિધ પ્રકારના ઇતિહાસોનું વર્ણન કરીને મેનાદેવીને સમજાવ્યાં. ત્યારે શૈલપત્ની મેનકા સર્વ કાંઈ સમજી ગયાં અને પ્રસન્નચિત્ત થઈને એમણે મુનિઓને, અરુન્ધતીજીને અને હિમાચલને પણ ભોજન કરાવીને સ્વયં ભોજન કર્યું. ત્યારબાદ જ્ઞાની ગિરિશ્રેષ્ઠ હિમાચલે એ મુનિઓની સારી પેઠે સેવા કરી. એમનું મન પ્રસન્ન થઈ ગયું હતું અને સર્વ પ્રકારના ભ્રમ દૂર થઈ ગયા હતા. એમણે હાથ જોડીને પ્રસન્નતાપૂર્વક એ મહર્ષિઓને કહ્યું.

**હિમાલય બોલ્યા**—હે મહાભાગ સપ્તર્ષિઓ! આપ લોક મારી વાત સાંભળો. મારા બધા સંદેહો દૂર થઈ ગયા છે. મેં શિવ-પાર્વતીનાં ચરિત્ર સાંભળી લીધાં છે, હવે મારું શરીર, મારી પત્ની મેના, મારાં પુત્ર-પુત્રી, ઋદ્ધિ-સિદ્ધિ તથા અન્ય સર્વે વસ્તુઓ ભગવાન શિવની છે, બીજા કોઈની નથી.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને હિમાચલે પોતાની પુત્રી ભણી આદરપૂર્વક જોયું અને એમને વસ્ત્ર-આભૂષણોથી વિભૂષિત કરીને ઋષિઓના ખોળામાં બેસાડી દીધી. ત્યારપછી એ શૈલરાજ પુનઃ પ્રસન્ન થઈને એ ઋષિઓને કહેવા લાગ્યા–'આ ભગવાન રુદ્રનો ભાગ છે. એને હું એમને જ આપીશ–એવો નિશ્ચય કરી લીધો છે.'

**ઋષિ બોલ્યા**—હે ગિરિરાજ! ભગવાન શંકર તમારા યાચક છે, તમે સ્વયં એના દાતા છો અને પાર્વતીદેવી ભિક્ષા છે. આથી વધારે ઉત્તમ બીજું શું હોઈ શકે? હે હિમાચલ! તમે સમસ્ત પર્વતોના રાજા, સર્વથી શ્રેષ્ઠ અને ધન્ય છો. માટે તમારાં શિખરોની સામાન્ય ગતિ છે–

તમારાં બધાં શિખરો સામાન્ય રીતે પવિત્ર અને શ્રેષ્ઠ છે.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને નિર્મળ અંતઃકરણવાળા એ મુનિઓએ ગિરિરાજકુમારી પાર્વતીને હાથથી અડકીને આશીર્વાદ આપતાં આપતાં કહેવા લાગ્યા–'હે શિવે! તમે ભગવાન શિવને માટે સુખદાયિની થાઓ. તમારું કલ્યાણ થશે. જેવી રીતે શુક્લપક્ષમાં ચંદ્ર વધે છે, એ જ રીતે તમારા ગુણોની વૃદ્ધિ થાઓ.' આવું કહીને બધા મુનિઓએ ગિરિરાજને પ્રસન્નતાપૂર્વક ફળ-ફૂલ આપીને લગ્ન પાકું-નક્કી થવાનો દૃઢ વિશ્વાસ કરી લીધો. એ સમયે પરમ સતી સુમુખી અરુન્ધતીએ પ્રસન્નતાપૂર્વક ભગવાન શિવના ગુણોની પ્રશંસા કરીને મેનાને મનાવી-પટાવી લીધી. ત્યાર પછી ગિરિરાજ હિમવાને પરમ ઉત્તમ માંગલિક લોકાચારનો આશ્રય લઈને તરત જ કંકુથી પોતાની દાઢી-મૂંછનું માર્જન કર્યું. ત્યાર પછી ચોથે દિવસે ઉત્તમ લગ્નનો નિશ્ચય કરીને પરસ્પર સંતોષ આપીને તે સપ્તર્ષિ ભગવાન શિવની પાસે ચાલ્યા ગયા. ત્યાં જઈને શિવને નમસ્કાર કર્યા, વિવિધ સૂક્તિઓથી એમનું સ્તવન કરીને એ વસિષ્ઠ વગેરે બધા મુનિ પરમેશ્વર શિવને કહેવા લાગ્યા.

**ઋષિઓએ કહ્યું**—હે દેવદેવ! હે મહાદેવ! હે પરમેશ્વર! હે મહાપ્રભો! આપ પ્રેમપૂર્વક અમારી વાત સાંભળો. આપના આ (અમે બધા) સેવકોએ જે કાર્ય કર્યું છે એ જાણી લો. હે મહેશ્વર! અમે વિવિધ પ્રકારનાં સુંદર વચન અને ઈતિહાસ સંભળાવીને ગિરિરાજ અને મેનાને સમજાવી લીધાં છે. ગિરિરાજે આપને માટે પાર્વતીનું વાગ્દાન કરી દીધું છે. હવે એમાં કંઈ હા ના-નનુ-નચ-નો પ્રશ્ન જ નથી. હવે આપ પોતાના પાર્ષદો તથા દેવતાઓની સાથે એમને ત્યાં લગ્નને માટે જાઓ. હે મહાદેવ! હે પ્રભો! હવે શીઘ્ર જ હિમાચલને ઘેર પધારો અને વેદોક્ત પદ્ધતિ અનુસાર પાર્વતીનું તમારા પોતા માટે પાણિગ્રહણ કરો.

સપ્તર્ષિઓનું આ વચન સાંભળીને લોકાચાર-પરાયણ મહેશ્વર પ્રસન્નચિત્ત થઈ ગયા અને હસતાં હસતાં આ રીતે બોલ્યા.

**મહેશ્વરે કહ્યું**—હે મહાભાગ સપ્તર્ષિઓ! લગ્નને તો મેં ક્યારેય નથી જોયું અને નથી સાંભળ્યું. તમે લોકોએ પહેલાં જેવું જોયું હોય એ અનુસાર વિવાહ-લગ્નની વિશેષ વિધિનું વર્ણન કરો.

મહેશ્વરનાં એ લૌકિક શુભ-વચનને સાંભળીને તે ઋષિ હસતાં હસતાં દેવાધિદેવ સદાશિવને કહેવા લાગ્યા.

**ઋષિઓએ કહ્યું**—હે પ્રભો! આપ પ્રથમ તો ભગવાન વિષ્ણુને, વિશેષતઃ એમના પાર્ષદો સહિત શીઘ્ર જ બોલાવી લો. પછી પુત્રોસહિત બ્રહ્માજીને, દેવરાજ ઇન્દ્રને, સમસ્ત ઋષિઓને, યક્ષ, ગંધર્વ, કિન્નર, સિદ્ધ, વિદ્યાધર અને અપ્સરાઓને પ્રસન્નતાપૂર્વક આમંત્રિત કરો. એમને તથા બીજા બધા લોકોને અહીં આદરપૂર્વક બોલાવી લો. એ બધા ભેગા મળીને આપના કાર્યનું સાધન કરી લેશે, એમાં સંશય નથી.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને મેં સાતેય ઋષિ એમની આજ્ઞા લઈને ભગવાન શંકરની સ્થિતિનું વર્ણન કરતાં કરતાં ત્યાંથી પ્રસન્નતાપૂર્વક પોતપોતાને ધામે જતા રહ્યા.

(અધ્યાય ૩૪–૩૬)

*

## હિમવાન ભગવાન શિવને લગ્ન-પત્રિકા મોકલે છે, વિવાહ-લગ્ન માટે જરૂરી સામાન ભેગો કરવો, મંગલાચારનો આરંભ કરવો, એમનું નિમંત્રણ મેળવીને પર્વતો અને નદીઓનું દિવ્યરૂપમાં આગમન, નગરની સજાવટ અને વિશ્વકર્મા દ્વારા દિવ્ય-મંડપ અને દેવતાઓના નિવાસને માટે દિવ્ય-લોકોનું નિર્માણ કરાવવું

**નારદજીએ પૂછ્યું**—હે તાત! હે મહાપ્રાજ્ઞ! હે પ્રભો! આપ કૃપાપૂર્વક એ જણાવો કે સપ્તર્ષિઓ જતા રહ્યા તે પછી હિમાચલે શું કર્યું?

**બ્રહ્માજીએ કહ્યું**—હે મુનીશ્વર! અરુન્ધતીસહિત એ સપ્તર્ષિઓના જતા રહ્યા પછી હિમવાને જે કાર્ય કર્યું એ હું તમને જણાવી રહ્યો છું. સપ્તર્ષિઓના ગયા પછી પોતાના મેરુ વગેરે ભાઈ-બંધુઓને આમંત્રણ આપીને પુત્ર અને પત્નીસહિત મહામનસ્વી ગિરિરાજ હિમવાન બહુ હર્ષનો અનુભવ કરવા લાગ્યા. ત્યાર પછી ઋષિઓની આજ્ઞા અનુસાર હિમવાને પોતાના પુરોહિત ગર્ગજીને બહુ પ્રસન્નતાપૂર્વક લગ્ન-પત્રિકા લખવા કહ્યું અને લગ્ન-પત્રિકા લખાવી—એ પત્રિકાને એમણે ભગવાન શિવ પાસે મોકલી આપી. પર્વતરાજનાં ઘણાં આત્મીયજનો પ્રસન્નમનથી વિવિધ પ્રકારની સામગ્રી લઈને ત્યાં ગયાં, કૈલાસ પર ભગવાન શિવની સમીપ પહોંચીને એ લોકોએ ભગવાન શિવના લલાટે તિલક કર્યું અને પેલી લગ્ન-પત્રિકા એમના હાથમાં આપી. ત્યાં ભગવાન શિવે એ સૌનું યથાયોગ્ય વિશેષ સન્માન કર્યું. પછી એ બધા લોકો પ્રસન્નચિત્ત થઈને શૈલરાજ પાસે પાછા આવી ગયા. મહેશ્વર દ્વારા વિશેષ સન્માનિત થઈને બહુ હર્ષની સાથે પાછા આવેલા એ સૌને જોઈને હિમવાનના હૃદયમાં અત્યંત હર્ષ થયો. ત્યાર પછી આનંદિત થઈને શૈલરાજે વિવિધ દેશોમાં રહેનારા પોતાના બંધુઓને લિખિત નિમંત્રણ મોકલ્યાં, જે એ સૌને સુખ પ્રદાન કરનારાં હતાં. એ પછી તે ખૂબ આદર અને ઉત્સાહ સાથે ઉત્તમ અન્ન અને વિવિધ પ્રકારની વિવાહોચિત સામગ્રીનો સંગ્રહ કરવા લાગ્યા. એમણે ચોખા, ગોળ, ખાંડ, લોટ, દૂધ, દહીં, ઘી, મીઠાઈ, ફરસાણના પદાર્થો, માખણ, પકવાન, મહાસ્વાદિષ્ટ રસ અને વિવિધ પ્રકારની વાનગીઓ એટલા બધા પ્રમાણમાં ભેગી કરી કે નક્કર પદાર્થોના પર્વત ઊભા થઈ ગયા, અને પ્રવાહી પદાર્થોની વાવડીઓ ભરાઈ ગઈ. શિવના પાર્ષદો અને દેવતાઓ માટે હિતકર વિવિધ પ્રકારની વસ્તુઓ, ભાતભાતનાં બહુમૂલ્ય વસ્ત્રો, અગ્નિમાં તપાવીને શુદ્ધ કરેલું સુવર્ણ, ચાંદી અને વિભિન્ન પ્રકારના મણિ-રત્નો—એમના તથા અન્ય ઉપયોગી દ્રવ્યોનો વિધિપૂર્વક સંગ્રહ કરીને ગિરિરાજે મંગલકારી દિવસે માંગલિક કૃત્ય કરવાનો આરંભ કરી દીધો. પર્વતરાજના ઘરની સ્ત્રીઓએ પાર્વતીના સંસ્કાર કરાવ્યા. વિવિધ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત થયેલા રાજભવનની એ સુંદર સ્ત્રીઓએ સાનંદ મંગલકાર્યોનું સંપાદન કર્યું. નગરના બ્રાહ્મણોની સ્ત્રીઓએ સ્વયં બહુ હર્ષપૂર્વક લોકાચારનું અનુષ્ઠાન કર્યું. એમાં મંગલપૂર્વક જાતજાતના ઉત્સવો થવા માંડ્યા.

હર્ષથી સભર હૃદયથી ઉત્તમ મંગલાચારનું સંપાદન કરીને હિમાલય પણ સર્વતોભાવેન–બધી જ રીતે ખૂબ પ્રસન્ન થયા અને પોતે નિમંત્રિત બંધુજનોના આગમનની ઉત્સુકતાપૂર્વક પ્રતીક્ષા કરવા લાગ્યા.

એ દરમિયાનમાં એમના નિમંત્રિત બંધુ-બાંધવ આવવા લાગ્યા. દેવતાઓના નિવાસસ્થાન તરીકે વિખ્યાત ગિરિરાજ સુમેરુ દિવ્યરૂપ ધારણ કરીને વિવિધ પ્રકારના મણિ અને મહારત્નોને લઈને સ્ત્રી-પુત્ર પરિવાર સહિત હિમાચલને ઘેર આવ્યા. મંદરાચલ, અસ્તાચલ, ઉદયાચલ, મલય, દર્દુર, નિષદ, ગંધમાદન, કરવીર, મહેન્દ્ર, પારિપાત્ર, ક્રૌંચ, પુરુષોત્તમશૈલ, નીલ, ત્રિકૂટ, ચિત્રકૂટ, વેંકટ, શ્રીશૈલ, ગોકામુખ, નારદ, વિંધ્ય, કાલંજર, કૈલાસ તથા અન્ય પર્વત દિવ્યરૂપ ધારણ કરીને પોતાના સ્ત્રીપુત્ર પરિવાર સાથે ઘણી બધી ભેટ સામગ્રી લઈને ત્યાં ઉપસ્થિત થઈ ગયા. બીજા દ્વીપોમાં તથા અહીં પણ જે જે પર્વત છે એ બધા હિમાલયને ઘેર પધાર્યા. શિવા અને શિવનો વિવાહ છે એ જાણીને સૌને મોટી પ્રસન્નતા છે અને પ્રસન્ન થઈને ત્યાં પદાર્પણ કર્યું. શોણભદ્ર વગેરે નદ અને સંપૂર્ણ નદીઓ દિવ્ય નર-નારીઓનાં રૂપ ધારણ કરીને વિવિધ પ્રકારના અલંકારોથી અલંકૃત થઈને શિવ-પાર્વતીનું લગ્ન જોવા માટે આવી ગયા. ગોદાવરી, યમુના, સરસ્વતી, વેણી, ગંગા, નર્મદા તથા અન્ય શ્રેષ્ઠ સરિતાઓ પણ ખૂબ જ પ્રસન્ન થઈને હિમવાનને ત્યાં આવ્યાં. એ સર્વના આગમનથી હિમાલયની દિવ્યપુરી બધી જ બાજુથી સભર ભરાઈ ગઈ. સર્વ પ્રકારની શોભાથી સંપન્ન થઈ ગઈ. ત્યાં મોટા મોટા ઉત્સવો થઈ રહ્યા હતા. ધ્વજાપતાકા ફરકી રહ્યાં હતાં. તોરણોથી શોભા અધિક જણાતી હતી. ચારે બાજુ ચંદરવા તણાવ્યા હતા તેથી સૂર્યનાં દર્શન પણ થતાં ન હતાં. ભાતભાતની નીલ અને પીત વગેરે પ્રભાથી એ પૂરી શોભતી હતી. હિમાલયે પણ ખૂબ જ પ્રસન્નતાથી પોતાને ત્યાં પધારેલાં સર્વ સ્ત્રી-પુરુષોનો યથાયોગ્ય આદર સત્કાર કર્યો અને સૌને અલગ અલગ રહેઠાણ આપ્યાં. અનેકાનેક ઉપયુક્ત સામગ્રી આપીને સર્વને પૂર્ણ સંતુષ્ટ કર્યાં.

હે મુનિશ્રેષ્ઠ! ત્યાર પછી શૈલરાજ હિમવાને પ્રસન્ન થઈને મહાન ઉત્સવથી પરિપૂર્ણ નગરને વિચિત્ર રીતે શણગારવાનો આરંભ કર્યો. સડકો ચોખ્ખા ચંદન જેવી બની ગઈ. સાફસફાઈ કરાવીને માર્ગો પર છંટકાવ કર્યો. બહુમૂલ્ય સાધનોથી સુસજ્જિત અને શોભિત કરી દીધા. પ્રત્યેક ઘરના દરવાજા પર કેળ વગેરે માંગલિક વૃક્ષો રોપાવ્યાં અને એમને માંગલિક દ્રવ્યોથી સંયુક્ત કર્યા. આંગણામાં કદલી સ્તંભો સજાવ્યા. રેશમની દોરથી આંબાનાં પલ્લવ બાંધીને તોરણો બંધાવ્યાં. એ તોરણ ચારે બાજુ બંધાવી દીધાં. માલતીનાં ફૂલોની માળાઓ એ આંગણાંની ચારે બાજુએ લટકાવી દીધી. અત્યંત સુંદર તોરણોથી એ ભાગ અત્યંત પ્રકાશમાન જણાતો હતો. ચારે દિશાઓમાં મંગલસૂચક શુભ દ્રવ્યો રખાયાં હતાં, જેથી પ્રાંગણની શોભા વધતી હતી. આ રીતે અત્યંત પ્રસન્નતાથી ભરેલા ગિરિરાજ હિમવાન મહાન પ્રભાવશાળી ગર્ગમુનિને આગળ કરીને પોતાની પુત્રી માટે પ્રસ્તુત કરવાયોગ્ય બધાં ઉત્તમ મંગલકાર્યો સંપન્ન કર્યાં. એમણે વિશ્વકર્માને બોલાવીને આદરપૂર્વક એક મંડપ બનાવ્યો, જેનો ખૂબ જ મોટો વિસ્તાર હતો. વેદી વગેરેને કારણે આ મંડપ ખૂબ જ મનોહર જણાતો હતો. હે દેવર્ષે! એ મંડપ કેટલાંય યોજન વિસ્તૃત હતો.

અનેક શુભ લક્ષણોથી યુક્ત તથા વિવિધ પ્રકારનાં આશ્ચર્યોથી પરિપૂર્ણ હતો ત્યાં સ્થાવર-જંગમ બધી વસ્તુઓ કૃત્રિમ બની હતી; પરંતુ અસલી વસ્તુઓની જેમ પ્રતીત થતી હતી. એથી કરીને એ મંડપની મનોહરતા ઓર વધી ગઈ હતી. ત્યાં બધી બાજુએ એવી અદ્‌ભુત વસ્તુઓ હતી તે જાણે કે મંડપનું સર્વસ્વ જણાતું હતું. વિવિધ પ્રકારની નિરાળી વસ્તુઓનો ચમત્કાર ત્યાં છવાઈ રહ્યો હતો. ત્યાં સ્થાવર વસ્તુઓથી જંગમ અને જંગમ વસ્તુઓથી સ્થાવર જાણે પરાજિત થઈ રહી હતી, અર્થાત્ એકબીજાથી ચઢિયાતી થઈને શોભાશાળી અને ચમત્કારપૂર્ણ જણાતી હતી. એ મંડપની સ્થળભૂમિ જળથી જાણે પરાજિત થઈ રહી હતી. અર્થાત્ ચતુરમાં ચતુર મનુષ્ય પણ એ જાણી શકતા ન હતા કે અહીં ક્યાં જળ છે અને ક્યાં સ્થળ છે. કોઈ સ્થળે કૃત્રિમ સિંહો બનાવેલા હતા અને કેટલીયે જગાએ સારસ પક્ષીની બેલડીઓની પંક્તિ જણાતી હતી. કેટલીયે જગાએ બનાવટી મોર હતા, જે પોતાની આગવી સુંદરતાથી મનને મોહી લેતા હતા. ક્યાંક તો કૃત્રિમ સ્ત્રીઓ હતી, જે પુરુષોની સાથે નૃત્ય કરતી હોય એમ જણાતું હતું. તે કૃત્રિમ હોવા છતાં પણ સર્વ લોકો તરફ જાણે જોતી હતી અને એમનાં મનને મોહમાં નાખી દેતી. એ જ વિધિથી દ્વારપાલો પણ બનાવેલા હતા, જે સ્થાવર હોવા છતાં જંગમ જણાતા હતા. તે પોતાના હાથમાં જાણે ધનુષ્ય ઉઠાવીને ખેંચતા હોય એવું દેખાતું હતું.

દ્વાર પર કૃત્રિમ મહાલક્ષ્મી ઊભાં હતાં, જેમની રચના અદ્‌ભુત હતી. તે સંપૂર્ણ શુભલક્ષણોથી યુક્ત જણાતાં હતાં. એમને જોઈને એવું જણાતું હતું કે જાણે ક્ષીરસાગરથી સાક્ષાત્ લક્ષ્મી જ આવી ગયાં છે. એ મંડપમાં ઠેકાણે ઠેકાણે સુસજ્જ કૃત્રિમ હાથી ઊભા કરેલા હતા જે અસલી હાથી જ જણાતા હતા. ઘોડેસ્વારોસહિત ઘોડા જણાતા હતા, અને હાથી સવારોસહિત હાથી બનાવાયા હતા. જ્યાંત્યાં સારથિસહિત રથ બનેલા હતા, જે કૃત્રિમ ઘોડાઓથી ખેંચાતા હતા એવું જણાતું હતું. એમને જોઈને લોકો આશ્ચર્યમાં પડી જતા હતા. એ ઉપરાંત પણ બીજાં કૃત્રિમ વાહનો પણ જાણે ત્યાં ઊભાં હતાં. પાયદળ સૈનિકોની કૃત્રિમ સેના પણ ત્યાં હાજર હતી. હે મુને! પ્રસન્ન ચિત્તવાળા વિશ્વકર્માએ દેવતાઓ અને મુનિઓને પણ મોહ (આશ્ચર્યમાં) નાખી દેવા ત્યાં આવી અદ્‌ભુત રચનાઓ કરી હતી. મંડપનાં વિશાળ દ્વારો પર કૃત્રિમ નંદી ઊભા હતા, જે શુદ્ધ સ્ફટિકમણિની જેમ ઉજ્જ્વળ કાન્તિથી સુશોભિત હતા. ભગવાન શિવના વાહનની જેવી આકૃતિ છે તેવી જ આકૃતિના નંદી પણ ત્યાં હતા. એ કૃત્રિમ નંદી ઉપર રત્નવિભૂષિત મહાદિવ્ય પુષ્પક શોભી રહ્યું હતું, જે પલ્લવ તથા શ્વેત ચામરથી સજાવેલું હતું. એની ડાબી બાજુએ બે કૃત્રિમ હાથી ઊભા હતા, જેમનો રંગ વિશુદ્ધ કેસર જેવો હતો. તે ચાર દાંતવાળા બનાવેલા હતા અને સાઠ વર્ષના પાઠ-પ્રૌઢ, પક્વ જેવા જણાતા હતા. તે જાણે પરસ્પર પ્રેમ કરતા હોય એવા પ્રતીત થઈ રહ્યા હતા. એમનામાં એક મોટી ચમક હતી. આ જ રીતે સૂર્યસમાન અત્યંત પ્રકાશમાન બે દિવ્ય અશ્વ પણ વિશ્વકર્માએ બનાવ્યા હતા, જે ચામરથી અલંકૃત અને દિવ્ય આભૂષણોથી વિભૂષિત હતા. શ્રેષ્ઠ રત્નમય આભૂષણોથી સંપન્ન, કવચધારી લોકપાલ તથા સંપૂર્ણ દેવતાઓ પણ ત્યાં વિશ્વકર્મા દ્વારા રચાયા હતા, જે બરાબર એ જ લોકપાલો અને

દેવતાઓ સાથે સરખે સરખા મળતા આવતા હતા—આ જ રીતે ભૃગુ વગેરે સમસ્ત તપોધન ઋષિ, અન્યાન્ય ઉપદેવતા અને સિદ્ધ પણ એમના દ્વારા ત્યાં નિર્મિત થયા હતા.

ગરુડ વગેરે સમસ્ત પાર્ષદોથી યુક્ત ભગવાન વિષ્ણુનો કૃત્રિમ વિગ્રહ (મૂર્તિ) પણ વિશ્વકર્માએ બનાવ્યો હતો, જેનું સ્વરૂપ સાક્ષાત્ શ્રીહરિ-સમાન જ આશ્ચર્યજનક હતું. હે નારદ! એ જ રીતે પુત્રો, વેદો અને સિદ્ધોથી ઘેરાયેલા મુજ બ્રહ્માની પ્રતિમા પણ ત્યાં બનાવેલી હતી, જે મુજ સમાન જ વૈદિક સૂક્તોનો પાઠ કરી રહી હતી. ઐરાવત હાથી પર ચઢેલા દેવરાજ ઈન્દ્ર પણ ત્યાં દલ-બલ સાથે ઊભા હતા. એ પણ કૃત્રિમ રીતે જ બનાવેલા હતા અને પરિપૂર્ણ ચંદ્રમાની જેમ પ્રકાશિત થઈ રહ્યા હતા. હે દેવર્ષિ! બહુ વર્ણન કરવાથી હવે શો લાભ છે? હિમાચલથી પ્રેરિત વિશ્વકર્માએ શીઘ્ર જ સંપૂર્ણ દેવસમાજની કૃત્રિમ મૂર્તિઓનું નિર્માણ કરી દીધું હતું. આ રીતે એમણે દિવ્ય મંડપની રચના કરી હતી. એ મંડપ અનેક આશ્ચર્યોથી યુક્ત, મહાન તથા દેવતાઓને પણ મોહી લે તેવો હતો.

ત્યાર પછી ગિરિરાજ હિમવાનની આજ્ઞાથી પરમ બુદ્ધિમાન વિશ્વકર્મા દેવતા વગેરેના નિવાસ માટે એમના એમના કૃત્રિમ લોકોનું પણ યત્નપૂર્વક નિર્માણ કર્યું હતું. એ જ લોકમાં એમણે એ દેવતાઓ માટે અત્યંત તેજસ્વી, પરમ અદ્‌ભુત અને સુખદાયક મોટાં મોટાં દિવ્ય સિંહાસનો (મંચ)ની રચના કરી હતી. આ જ રીતે એમણે મુજ સ્વયંભૂ બ્રહ્મા (મારે માટે) માટે નિવાસસ્થાન ક્ષણભરમાં અદ્‌ભુત સત્યલોકની રચના કરી દીધી, જે ઉત્તમ દીપ્તિથી ઉદ્દિપ્ત થઈ રહ્યો હતો. સાથે જ ભગવાન વિષ્ણુને માટે પણ ક્ષણભરમાં જ બીજા દિવ્ય વૈકુંઠધામનું નિર્માણ કરી દીધું, જે પરમ ઉજ્જવળ તથા વિવિધ પ્રકારનાં આશ્ચર્યોથી પરિપૂર્ણ હતું. આ જ રીતે વિશ્વકર્માએ દેવરાજ ઈન્દ્રને માટે પણ દિવ્ય, અદ્‌ભુત, ઉત્તમ અને સમસ્ત ઐશ્વર્યોથી સંપન્ન ગૃહની રચના કરી. અન્ય લોકપાલો માટે પણ એમણે પ્રસન્નતાપૂર્વક બહુ સુંદર, દિવ્ય, અદ્‌ભુત અને મોટાં મોટાં ભવનો બનાવી દીધાં. પછી ક્રમશઃ સમસ્ત દેવતાઓ માટે પણ એમણે ક્રમશઃ વિચિત્ર ગૃહોનું નિર્માણ કર્યું. પરમ બુદ્ધિમાન વિશ્વકર્માને ભગવાન શંકરનું વરદાન પ્રાપ્ત હતું, તેથી જ એમણે શિવના સંતોષ ખાતર ક્ષણભરમાં જ આ બધી વસ્તુઓની રચના કરી દીધી. ત્યાર પછી એ જ રીતે ભગવાન શંકર માટે પણ એમણે એક શોભાશાળી ગૃહનું નિર્માણ કર્યું, જે શિવનાં ચિહ્નોથી યુક્ત તથા શિવલોકવર્તી દિવ્ય ભવનની જેમ જ અનુપમ હતું. શ્રેષ્ઠ દેવતાઓએ એની પેટ ભરીને પ્રશંસા કરી હતી. એ પરમ ઉજ્જવળ, મહાન પ્રભાપુંજથી ઉદ્‌ભાસિત, ઉત્તમ અને અદ્‌ભુત હતું. વિશ્વકર્માએ ભગવાન શિવની પ્રસન્નતા માટે ત્યાં એવી અદ્‌ભુત રચના કરી હતી જે પરમ ઉજ્જવળ હોવાની સાથે સાથે જ સાક્ષાત્ મહાદેવજીને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવી હતી—આ રીતે આખો લૌકિક વ્યવહાર કરીને હિમાચલ બહુ પ્રસન્નતાની સાથે ભગવાન શંભુના શુભ-આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા. દેવર્ષે! હિમાલયનો આ આખો આનંદદાયક વૃત્તાંત મેં તમને કહી સંભળાવ્યો. હવે વધારે શું સાંભળવા ચાહો છો? (અધ્યાય ૩૭-૩૮)

*

# ભગવાન શિવ દ્વારા, નારદજી દ્વારા સર્વ દેવતાઓને આમંત્રણ-નિમંત્રણ પાઠવવું, સર્વનું આગમન, શિવનો મંગલાચાર અને ગ્રહપૂજન વગેરે કરીને કૈલાસથી બહાર પ્રસ્થાન કરવું

**નારદજી બોલ્યા**—હે વિષ્ણુશિષ્ય મહાપ્રજ્ઞ તાત વિધાતઃ! આપને નમસ્કાર છે. હે કૃપાનિધે! આપના મુખથી આ અદ્ભુત કથા મને સાંભળવા મળી છે. હવે હું ભગવાન ચંદ્રમૌલિના પરમ મંગલમય તથા સમસ્ત પાપરાશિના વિનાશક વૈવાહિક ચરિત્રનું શ્રવણ કરવા ચાહું છું. મંગલપત્રિકા મેળવીને મહાદેવજીએ શું કર્યું? પરમાત્મા શંકરની એ દિવ્ય કથા મને સંભળાવો.

**બ્રહ્માજીએ કહ્યું**—હે બેટા! તમે બહુ બુદ્ધિમાન છો. ભગવાન શંકરના યશનું શ્રવણ કરો. મંગલ-પત્રિકા પ્રાપ્ત કર્યા પછી ભગવાન શંકરે જે કાંઈ કર્યું, તે બતાવી રહ્યો છું. ભગવાન શિવ એ મંગલપત્રિકાને પ્રસન્નતાપૂર્વક હાથમાં લઈને હૃદયમાં બહુ હર્ષનો અનુભવ કરતાં કરતાં હસવા માંડ્યા. પછી એ ભગવાને એ પત્રિકા-લાવનારાઓનું સન્માન કર્યું. તત્પશ્ચાત્ એને વાંચીને વિધિપૂર્વક સ્વીકાર કર્યો. એ પછી હિમાલયને ત્યાંથી આવેલા લોકોને બહુ આદરસન્માન સાથે વિદાય કર્યા. તદનંતર એ મુનિઓને કહ્યું–'આપ લોકોએ મારા શુભકાર્યનું સારી પેઠે સંપાદન કર્યું, હવે મેં વિવાહનો સ્વીકાર કરી લીધો છે. તેથી આપ લોકોએ મારા લગ્નમાં આવવું જોઈએ.'

ભગવાન શંકરનું આ વચન સાંભળીને તે ઋષિ બહુ પ્રસન્ન થયા અને એમને પ્રણામ અને એમની પરિક્રમા કરીને પોતાના સદ્ભાગ્યની પ્રશંસા કરતાં કરતાં પોતપોતાના ધામે ચાલ્યા ગયા. હે મુને! ત્યાર પછી મહાલીલા કરનારા દેવેશ્વર ભગવાન શંભુએ લોકાચારનો આશ્રય લઈને તત્કાળ તમારું સ્મરણ કર્યું. તમે પોતાના સૌભાગ્યની પ્રશંસા કરતાં કરતાં બહુ પ્રસન્નતાથી સાથે ત્યાં પહોંચ્યા અને મસ્તક નમાવીને પ્રણામ કરીને હાથ જોડીને વિનીતભાવે ઊભા રહી ગયા.

**ત્યારે ભગવાન શિવે કહ્યું**—હે નારદ! તમારા ઉપદેશથી દેવી પાર્વતીએ બહુ ભારે તપસ્યા કરી અને એથી સંતુષ્ટ થઈને મેં એમને વરદાન આપ્યું કે હું પતિરૂપે તમારું પાણિગ્રહણ કરીશ–પાર્વતીની ભક્તિ જોઈને હું એમને વશ થઈ ગયો છું. એટલા માટે એમની સાથે લગ્ન કરીશ. સપ્તર્ષિઓએ લગ્નનું સાધન અને શોધન કરી દીધું છે. તેથી આજથી સાતમે દિવસે મારું લગ્ન થશે. એ અવસર ઉપર લૌકિક રીતિનો આશ્રય લઈને હું મહાન ઉત્સવ કરીશ. હે મુને! તમે વિષ્ણુ વગેરે સર્વ દેવતાઓને, મુનિઓ અને સિદ્ધોને તથા અન્ય લોકોને પણ મારા વતી નિમંત્રિત કરો. બધા લોકો મારા શાસનની ગુરુતા સમજીને પ્રસન્નતા અને ઉત્સાહની સાથે સર્વ રીતે સજ-ધજ બનીઠનીને સ્ત્રી-પુત્ર પરિવાર સહિત અહીં આવે.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! ભગવાન શંકરની આ આજ્ઞાને શિરોધાર્ય કરીને તમે શીઘ્ર જ સર્વત્ર જઈને એ સર્વને નિમંત્રણ આપી આવ્યા. તત્પશ્ચાત્ શંભુની પાસે આવીને એમની આજ્ઞા અનુસાર ત્યાં જ રહી ગયા. ભગવાન શિવ પણ એ સર્વે દેવતાઓના આગમનની ઉત્કંઠાપૂર્વક રાહ જોતાં જોતાં પોતાના ગણોની સાથે ત્યાં જ રહ્યા.

એમના બધા ગણ બધી જ દિશાઓમાંથી નાચતાં નાચતાં ત્યાં બહુ મોટો ઉત્સવ કરી રહ્યા હતા. એ દરમિયાન ભગવાન વિષ્ણુ સુંદર વેશ ધારણ કરીને પોતાની પત્ની અને દલબલની સાથે શીઘ્ર જ કૈલાસ પર્વત પર આવ્યા અને ભક્તિભાવથી ભગવાન શિવને પ્રણામ કરીને એમની આજ્ઞા મેળવીને પ્રસન્નતાપૂર્વક ઉત્તમ સ્થાનમાં રહેવાસ કરવા લાગ્યા. એ જ રીતે હું મારા ગણો સાથે સ્વતંત્રતાપૂર્વક શીઘ્ર જ કૈલાસ ગયો અને ભગવાન શંભુને પ્રણામ કરીને પોતાના સેવકોસહિત સાનંદ ત્યાં રહ્યો. ત્યાર પછી ઈન્દ્ર વગેરે લોકપાલો અને એમની સ્ત્રીઓ આવશ્યક સરસામાન સાથે ખૂબ જ બનીઠનીને, સજધજ થઈને ત્યાં આવી—એ બધા જ ઉત્સવ કરી રહ્યા હતા. તત્પશ્ચાત્ મુનિ, નાગ, સિદ્ધ, ઉપદેવતા તથા અન્ય લોકો પણ નિમંત્રિત થઈને ઉત્સવ મનાવતા મનાવતા ત્યાં આવી પહોંચ્યા. એ સમયે મહેશ્વરે ત્યાં આવેલા બધા દેવતા વગેરેનું પૃથક્ પૃથક્ સહર્ષ સ્વાગત-સત્કાર કર્યા. પછી તો કૈલાસ પર્વત પર બહુ અદ્ભુત અને મહાન ઉત્સવ થવા લાગ્યો. દેવાંગનાઓએ એ અવસર પર યથાયોગ્ય નૃત્ય વગેરે કર્યાં. વિષ્ણુ વગેરે જે દેવતા ભગવાન શંભુની વૈવાહિક યાત્રા સંપન્ન કરાવવાને માટે આ સમયે ત્યાં આવ્યા હતા એ બધા યથાસ્થાને રહેવા લાગ્યા. ભગવાન શિવની આજ્ઞા મેળવીને બધા લોકો એમના પ્રત્યેક કાર્યને પોતાનું કાર્ય સમજીને નિયંત્રિતરૂપે કરવા લાગ્યા. એ સમયે સાતેય માતૃકાઓ ખૂબ પ્રસન્નતાની સાથે શિવને યથાયોગ્ય આભૂષણો પહેરાવવા લાગી. હે મુનિશ્રેષ્ઠ! પરમેશ્વર ભગવાન શિવનો જે સ્વાભાવિક વેષ હતો, તે જ એમની ઈચ્છાથી એમને માટે આભૂષણની સામગ્રી બની ગયો. એ સમયે ચંદ્રમા સ્વયં એમના મુગટ પર જઈને બિરાજમાન થવા લાગ્યા. એમનું જે સુંદર લલાટવર્તી ત્રીજું નેત્ર હતું એ જ જાણે શુભ તિલક બની ગયું. હે મુને! કાનમાં આભૂષણરૂપે જે બે સર્પ દર્શાવ્યા છે તે વિવિધ પ્રકારનાં રત્નોથી યુક્ત બે કુંડળ બની ગયાં. અન્યાન્ય અંગોમાં સ્થિત સર્પ તે તે અંગોનાં અતિ રમણીય વિવિધ રત્નમય આભૂષણ થઈ ગયાં. એમના શરીર પર જે ભસ્મ લાગેલી હતી. એ જ ચંદન વગેરેનો અંગરાગનો બની ગયો અને એમનાં જે ગજચર્મ વગેરે પરિધાન હતાં તે સુંદર દિવ્ય દુકૂલ બની ગયાં.

આ રીતે એમનું રૂપ એટલું સુંદર થઈ ગયું કે એનું વર્ણન કરવું કઠણ છે. એ સાક્ષાત્ ઈશ્વર તો હતા જ, એમણે પૂરેપૂરું ઐશ્વર્ય પ્રાપ્ત કરી લીધું. તે પછી સમસ્ત દેવતા, યક્ષ, દાનવ, નાગ, પક્ષી, અપ્સરા અને મહર્ષિગણ સૌ ભેગા થઈને ભગવાન શિવ સમીપે ગયા, અને મહાન ઉત્સવ કરતાં કરતાં બોલવા લાગ્યા—'હે મહાદેવ! હે મહેશ્વર! આપ હવે મહાદેવી ગિરિજાને પરણી લાવવા અમારી સાથે ચાલો, ચાલો જ. અમારા ઉપર કૃપા કરો.' ત્યાર પછી વિજ્ઞાનથી પ્રસન્ન હૃદયવાળા ભગવાન વિષ્ણુએ ભગવાન શંકરને ભક્તિભાવથી પ્રણામ કરીને ઉપર્યુક્ત પ્રસ્તાવને અનુરૂપ જ વાત કહી.

**ભગવાન વિષ્ણુ બોલ્યા**—હે શરણાગત-વત્સલ દેવદેવ! હે મહાદેવ! હે પ્રભો! આપ તો પોતાના ભક્તજનોનું કાર્ય સિદ્ધ કરનારા છો, તેથી મારું એક નિવેદન સાંભળો. હે કલ્યાણકારી શંભો! આપ ગૃહ્યસૂત્રોક્ત વિધિ અનુસાર ગિરિરાજ પાર્વતીદેવીની સાથે પોતાના વિવાહનું કાર્ય કરાવો. હે હર! તમારા દ્વારા વિવાહની

વિધિ સંપાદિત થવાથી તે જ લોકમાં સર્વત્ર વિખ્યાત થઈ જશે, તેથી હે નાથ! તમે કુલધર્મ અનુસાર પ્રેમપૂર્વક મંડપસ્થાપન અને નાન્દીમુખ શ્રાદ્ધ કરાવો અને લોકમાં પોતાના યશનો વિસ્તાર કરો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! ભગવાન વિષ્ણુના આ કથન પર લોકાચારપરાયણ પરમેશ્વર શંભુએ વિધિપૂર્વક સર્વ કાર્ય કર્યાં. એમણે બધાં આભ્યુદયિક કાર્ય કરાવવા માટે મને જ અધિકાર આપી દીધો હતો. તેથી ત્યાં મુનિઓને સાથે લઈને મેં આદર અને પ્રસન્નતાની સાથે એ સર્વ કાર્યો સંપન્ન કર્યાં. હે મહામુને! એ સમયે કશ્યપ, અત્રિ, વસિષ્ઠ, ગૌતમ, ભાગુરિ, ગુરુ, કણ્વ, બૃહસ્પતિ, શક્તિ, જમદગ્નિ, પરાશર, માર્કંડેય, શિલાપાક, અરુણાપાલ, અકૃતશ્રમ, અગસ્ત્ય, ચ્યવન, ગર્ગ, શિલાદ, દધીચિ, ઉપમન્યુ, ભરદ્વાજ, અકૃતવ્રણ, પિપ્પલાદ, કુશિક, કૌત્સ તથા શિષ્યોસહિત વ્યાસ—આ અને બીજા ઘણાબધા ઋષિ, જે ભગવાન શિવ પાસે આવ્યા હતા, મારી પ્રેરણાથી વિધિપૂર્વક ત્યાં આભ્યુદયિક કર્મ કરાવવા લાગ્યા. એ બધા જ વેદોના પારંગત વિદ્વાન હતા. તેથી વેદોક્ત વિધિથી વૈવાહિક મંગલાચાર કરીને ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનાં વિવિધ ઉત્તમ સૂક્તો દ્વારા મહેશ્વરની રક્ષા કરવા લાગ્યા. એ બધા ઋષિઓએ બહુ પ્રસન્નતા સાથે ઘણાંબધાં મંગલકાર્યો કરાવ્યાં. મારી અને શંભુની પ્રેરણાથી એમણે વિઘ્નોની શાંતિ માટે પ્રીતિપૂર્વક ગ્રહોનું અને સમસ્ત મંડલવર્તી દેવતાઓનાં પૂજન કર્યાં. આ સર્વ લૌકિક, વૈદિક કર્મ યથોચિત રીતે કરીને ભગવાન શિવ બહુ સંતુષ્ટ થયા અને એમણે પ્રસન્નતાપૂર્વક બ્રાહ્મણોને પ્રણામ કર્યા. ત્યાર પછી સર્વેશ્વર મહાદેવ દેવતાઓ તથા બ્રાહ્મણોને આગળ કરી એ ગિરિશ્રેષ્ઠ કૈલાસ પર્વત પરથી હર્ષપૂર્વક નીકળ્યા. કૈલાસની બહાર જઈને દેવતાઓ અને બ્રાહ્મણોની સાથે ભગવાન શંભુ, જે વિવિધ પ્રકારની લીલાઓ કરનારા છે, સાનંદ ત્યાં ઊભા રહી ગયા. એ સમયે ત્યાં મહેશ્વરના સંતોષને માટે દેવતા વગેરેએ મળીને બહુ મોટો ઉત્સવ કર્યો. વિવિધ પ્રકારનાં વાદ્યો વાગ્યાં તથા ગાન અને નૃત્યો થયાં.

(અધ્યાય-૩૯)

*

## ભગવાન શિવનું જાન લઈને હિમાલયપુરી તરફ પ્રસ્થાન

બ્રહ્માજી કહે છે—હે મુને! ત્યારપછી ભગવાન શંભુએ નંદી વગેરે બધા ગણોને પોતાની સાથે હિમાચલપુરી તરફ ચાલવાની પ્રસન્નતાપૂર્વક આજ્ઞા આપતાં કહ્યું—'તમે લોકો થોડા ગણો અહીં રહો અને બાકીના બધા મારી સાથે બહુ ઉત્સાહ અને આનંદથી યુક્ત થઈને ગિરિરાજ હિમવાનના નગરે જાઓ' પછી તો ભગવાન શિવની આજ્ઞા મેળવીને ગણેશ્વર શંખકર્ણ, કેકરાક્ષ, વિકૃત, વિશાખ, પારિજાત, વિકૃતાનન, દુન્દુભ, કપાલ, સંદારક, કન્દુક, કુંડક, વિષ્ટમ્ભ, પિપ્પલદ, સનાદક, આવેશન, કુંડ, પર્વતક, ચંદ્રતાપન, કાલ, કાલક, મહાકાલ, અગ્નિક, અગ્નિમુખ, આદિત્યમૂર્દ્ધા, ઘનવાહ, સંનાહ, કુમુદ, અમોઘ, કોકિલ, સુમન્ત્ર, કાકપાદોદર, સંતાનક, મધુપિંગ, કોકિલ, પૂર્ણભદ્ર, નીલ, ચતુર્વક્ત્ર, કરણ, અહિરોમક, યજ્જવાક્ષ,

શતમન્યુ, મેઘમન્યુ, કાષ્ઠાગૂઢ, વિરૂપાક્ષ, સુકેશ, વૃષભ, સનાતન, તાલકેતુ, ષણ્મુખ, ચૈત્ર, સ્વયંપ્રભુ, લકુલીશ, લોકાન્તક, દીપ્તાત્મા, દૈત્યાન્તક, ભૃંગિરિટિ, દેવદેવપ્રિય, અશનિ, ભાનુક, પ્રમથ તથા વીરભદ્ર પોતાના અસંખ્ય કોટિકોટિ ગણો તથા ભૂતોને સાથે લઈને ચાલ્યા. નંદી વગેરે ગણરાજ અસંખ્ય ગણોથી ઘેરાઈને ચાલ્યા તથા ક્ષેત્રપાલ અને ભૈરવ પણ કોટિકોટિ ગણોને લઈને ઉત્સવ કરતાં કરતાં પ્રેમ અને ઉત્સાહની સાથે ચાલી નીકળ્યા. એ બધાને હજાર હાથ હતા. માથા ઉપર જટાનો મુગટ ધારણ કરેલો હતો. એ સૌના મસ્તક ઉપર ચંદ્રમા અને ગળામાં નીલ ચિહ્ન હતું. એ બધા જ ત્રિનેત્રધારી હતા. એ બધાએ રુદ્રાક્ષનાં આભૂષણ પહેરી રાખ્યાં હતાં. સર્વેએ ઉત્તમ ભસ્મ લગાડી હતી અને હાર, કુંડળ, કેયૂર તથા મુગટ વગેરેથી અલંકૃત હતા. આ રીતે દેવતાઓ તથા બીજા-બીજા ગણોને સાથે લઈને ભગવાન શંકર પોતાના લગ્ન માટે હિમવાનના નગર ભણી ચાલ્યા. ચંડીદેવી રુદ્રદેવની બહેન બનીને ખૂબ ઉત્સવ મનાવીને બહુ જ પ્રસન્નતાની સાથે ત્યાં આવી પહોંચ્યાં. એ શત્રુઓને અત્યંત ભય પમાડતાં હતાં. એમણે સર્પોનાં આભૂષણોથી પોતાને વિભૂષિત કર્યાં હતાં. એમનું વાહન પ્રેત હતું. એ એના પર જ આરૂઢ થઈને પોતાના માથા પર એક સોનાનો ભરેલો કળશ લઈને ચાલી રહ્યાં હતાં. એ કળશ મહા પ્રભાપુંજથી પ્રકાશિત થઈ રહ્યો હતો.

હે મુને! ત્યાં કરોડો દિવ્ય ભૂતગણ શોભી રહ્યા હતા, જેમનું રૂપ વિકરાળ હતું. એમનાં રૂપ-રંગ પણ અનેક પ્રકારનાં હતાં. એ સમયે ડમરુઓના ડિમ ડિમ ઘોષથી, ભેરીઓના ગડગડાહટથી અને શંખોના ગંભીર નાદથી ત્રણે લોકો ગૂંજી ઊઠ્યા હતા. દુંદુભિઓના ધ્વનિથી મહાન કોલાહલ થઈ રહ્યો હતો. એ જગતનું મંગલ કરતાં કરતાં અમંગલનો નાશ કરતો હતો– દેવતાલોક શિવગણોની પાછળ થઈને બહુ જ ઉત્સુકતાથી જાનનું અનુસરણ કરતા હતા. સંપૂર્ણ સિદ્ધ અને લોકપાલ વગેરે પણ દેવતાઓની સાથે હતા. દેવમંડળીના મધ્યભાગમાં ગરુડના આસન પર બેસીને લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણુ ચાલી રહ્યા હતા. હે મુને! એમના ઉપર મહાન છત્ર ખેંચાયેલું હતું, જેથી એમની શોભા વિવિધ રીતે જણાતી હતી. એમના ઉપર ચામર હલાવાતાં હતાં. એ પોતે પોતાના ગણોથી ઘેરાઈને આવી રહ્યા હતા. એમના શોભાશાળી પાર્ષદોએ એમને પોતાની રીતે આભૂષણ વગેરે દ્વારા વિભૂષિત કર્યા હતા. આ રીતે હું પણ મૂર્તિમાન વેદો, શાસ્ત્રો, પુરાણો, આગમો, સનકાદિ મહાસિદ્ધો, પ્રજાપતિઓ, પુત્રો તથા અન્યાન્ય પરિજનો સાથે માર્ગમાં ચાલતાં ચાલતાં ખૂબ શોભી રહ્યો હતો અને શિવની સેવામાં તત્પર હતો. દેવરાજ ઈન્દ્ર પણ વિવિધ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત થઈને ઐરાવત હાથી પર આરૂઢ થઈને પોતાની સેનાની વચમાં ચાલતા ચાલતા અત્યંત સુશોભિત થઈ રહ્યા હતા. એ સમયે જાનની સાથે યાત્રા કરતા ઘણાબધા ઋષિઓ પણ પોતાના તેજથી પ્રકાશિત થઈ રહ્યા હતા. તે બધા શિવજીનું લગ્ન જોવા માટે ખૂબ જ ઉત્કંઠિત હતા. શાકિની, યાતુધાન, વૈતાલ, બ્રહ્મરાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ, પ્રમથ વગેરે ગણ; તુંબરુ, નારદ, હાહા અને હૂહૂ વગેરે શ્રેષ્ઠ ગંધર્વ અને કિન્નર પણ હર્ષથી સભર વાજાં વગાડતાં વગાડતાં ચાલ્યા. સંપૂર્ણ જગન્માતાઓ, બધી જ દેવકન્યાઓ, ગાયત્રી,

સાવિત્રી, લક્ષ્મી અને અન્ય દેવાંગનાઓ—આ અને બીજી દેવ-પત્નીઓ જે સંપૂર્ણ જગતની માતાઓ છે, શંકરજીનું લગ્ન છે, એવું વિચારીને બહુ જ પ્રસન્નતાની સાથે એમાં જોડાઈ ગયાં. વેદો, શાસ્ત્રો, સિદ્ધો અને મહર્ષિઓ દ્વારા જે સાક્ષાત્ ધર્મનું સ્વરૂપ મનાય છે તથા જેમની અંગકાંતિ શુદ્ધ સ્ફટિકવત્ ઉજ્જ્વળ છે, તે સર્વાંગસુંદર વૃષભ ભગવાન શિવનું વાહન છે. ધર્મવત્સલ મહાદેવજી એ વૃષભ પર આરૂઢ થઈને સૌની સાથે યાત્રા કરતાં કરતાં બહુ મોટી શોભા પામી રહ્યા હતા. દેવર્ષિઓનો સમુદાય એમની સેવામાં ઉપસ્થિત હતો. આ સર્વ દેવતાઓ અને મહર્ષિઓના એકત્ર થયેલા સમુદાયથી મહેશ્વરની શોભા વધી રહી હતી. એમનો ખૂબ જ શૃંગાર કરવામાં આવ્યો હતો. એ શિવાનું પાણિગ્રહણ કરવાને માટે હિમાલયના ભવન તરફ જઈ રહ્યા હતા. હે નારદ! આ રીતે જાન સંબંધી ઉત્તમ ઉત્સવથી યુક્ત શંભુનું ચરિત્ર કહેવામાં આવ્યું છે. હવે હિમાલયનગરમાં જે સુંદર વૃત્તાંત ઘટિત થયો, એ પણ સાંભળો. (અધ્યાય ૪૦)

*

## હિમવાન દ્વારા જાનનું સામૈયું તથા સર્વને અભિનંદન અને વંદન, મેના દ્વારા નારદજીને બોલાવવા અને જાનૈયાનો પરિચય પ્રાપ્ત કરવો તથા શિવ અને એમના ગણોને જોઈ ભયથી મૂર્ચ્છિત થઈ જવું

**બ્રહ્માજી કહે છે**—ત્યાર પછી ભગવાન શિવે નારદજીને હિમાચલને ઘેર મોકલ્યા. એ ત્યાંની વિલક્ષણ સજાવટ જોઈને દંગ રહી ગયા. વિશ્વકર્માએ જે વિષ્ણુ, બ્રહ્મા વગેરે સમસ્ત દેવતા તથા નારદ વગેરે ઋષિઓની ચેતન જેવી જણાતી મૂર્તિઓ બનાવી હતી, એ જોઈને તો દેવર્ષિ નારદ ચકિત જ થઈ ગયા—ત્યાર પછી હિમાચલે દેવર્ષિને જાન તેડી લાવવાને માટે મોકલ્યા. સાથે જ એ જાનની આગેવાની લેવા માટે મૈનાક વગેરે પર્વત પણ ગયા. તદનંતર વિષ્ણુ વગેરે દેવતાઓ તથા આનંદિત થયેલા પોતાના ગણો સાથે ભગવાન શિવ હિમાલયનગર સમીપ સાનંદ આવી પહોંચ્યા.

ગિરિરાજ હિમવાને જ્યારે એ સાંભળ્યું કે સર્વવ્યાપી શંકર મારા નગરસમીપે આવી પહોંચ્યા છે, ત્યારે એમને બહુ પ્રસન્નતા થઈ. ત્યાર પછી એમણે ઘણો બધો સામાન એકત્ર કરીને પર્વતો અને બ્રાહ્મણોને મહાદેવજીની સાથે વાર્તાલાપ કરવાને માટે મોકલ્યા. જાતે પણ ખૂબ ભક્તિભાવપૂર્વક તે પ્રાણપ્યારા મહેશ્વરનાં દર્શન કરવા માટે ગયા. એ સમયે એમનું હૃદય અધિક પ્રેમને કારણે દ્રવિત થઈ રહ્યું હતું. તે પ્રસન્નતાપૂર્વક પોતાના સદ્ભાગ્યની પ્રશંસા કરી રહ્યા હતા. એ સમયે સમસ્ત દેવતાઓની સેનાને ઉપસ્થિત જોઈને હિમવાનને બહુ જ વિસ્મય થયો, અને એ પોતાની જાતને ધન્ય માનતાં માનતાં એમની સામે ગયા. દેવતા અને પર્વત એકબીજાને મળીને બહુ જ પ્રસન્ન થયા. અને પોતપોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. મહાદેવજીને સામે જોઈને હિમાલયે એમને પ્રણામ કર્યા. સાથે જ સમસ્ત પર્વતો અને બ્રાહ્મણોએ પણ સદાશિવની વંદના કરી. તે વૃષભ પર આરૂઢ હતા. એમના મુખ ઉપર પ્રસન્નતા છવાઈ રહી હતી. તે વિવિધ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત હતા.

એમનાં દિવ્ય અંગો લાવણ્યથી સંપૂર્ણ દિશાઓને પ્રકાશિત કરી રહ્યાં હતાં. એમનું શ્રીઅંગ અત્યંત કોમળ, નૂતન અને સુંદર રેશમી વસ્ત્રથી સુશોભિત હતું. એમના મસ્તકનો મુગટ ઉત્તમ રત્નોથી જડેલો હતો અને તે કારણે ખૂબ જ શોભી રહ્યો હતો. તે પોતાની પાવન પ્રભાનો પ્રસાર કરતાં કરતાં હસી રહ્યા હતા. એમનું પ્રત્યેક અંગ ભૂષણ બનેલા સર્પોથી યુક્ત હતું અને એમની અંગકાંતિ બહુ જ અદ્ભુત જણાતી હતી. દિવ્ય કાંતિથી સંપન્ન એવા એ મહેશ્વરને સુરેશ્વર ગણો હાથમાં ચામર લઈને હવા નાખી રહ્યા હતા, સેવા કરી રહ્યા હતા. એમની ડાબી બાજુએ ભગવાન વિષ્ણુ હતા અને જમણી બાજુ હું - બ્રહ્મા હતો. પાછળ દેવરાજ ઈન્દ્ર અને અન્ય દેવતા વગેરે પણ પાછળ તથા આજુબાજુ વિદ્યમાન હતા. વિવિધ પ્રકારના દેવતા આદિ એ લોકકલ્યાણકારી ભગવાન શંકરની સ્તુતિ કર્યા કરતા હતા. એમણે સ્વેચ્છાથી દિવ્ય શરીર ધારણ કરી રાખ્યું હતું. વાસ્તવમાં તો સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા, સૌના ઈશ્વર, ઉપાસકને મનોવાંછિતે વરદાન દેનારા, કલ્યાણમય ગુણોથી યુક્ત, પ્રાકૃત ગુણોથી રહિત, ભક્તોને અધીન રહેનાર, બધાં ઉપર કૃપા કરનાર, પ્રકૃતિ અને પુરુષથી પણ વિલક્ષણ તથા સચ્ચિદાનંદસ્વરૂપ છે. એમનાં દર્શન કર્યા પછી હિમવાને ભગવાન શિવના ડાબા ભાગમાં અચ્યુત શ્રીહરિનાં દર્શન કર્યાં, જે વિવિધ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત હતા અને વિનતાનંદન ગરુડની પીઠ વર બિરાજમાન હતા. હે મુને! ભગવાનની જમણી બાજુના ભાગમાં એમણે ચાર મુખોથી યુક્ત, મહાશોભાશાળી તથા પોતાના પરિવારથી સંયુક્ત મુજ-બ્રહ્માને જોયા. ભગવાન શિવના સદાયે અત્યંત પ્રિય આ બન્ને દેવેશ્વરોનાં દર્શન કરીને પરિવાર સહિત ગિરિરાજે આદરપૂર્વક પ્રણામ કર્યા.

આ રીતે ભગવાન શિવની પાછળ તથા આજુબાજુમાં ઊભેલા દીપ્તિમાન દેવતા વગેરેને પણ જોઈને ગિરિરાજે એ બધાંને મસ્તક નમાવ્યું. ત્યાર પછી શિવની આજ્ઞાથી આગળ થઈને હિમવાન પોતાને નગરે ગયા. એમની સાથે મહાદેવજી, ભગવાન વિષ્ણુ તથા સ્વયંભૂ બ્રહ્મા પણ મુનિઓ અને દેવતાઓ સહિત શીઘ્રતાપૂર્વક ચાલવા લાગ્યા. હે મુને! એ અવસર પર એમના મનમાં ભગવાન શિવનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. એટલે એમણે તમને બોલાવ્યા. એ સમયે ભગવાન શિવથી પ્રેરિત થઈને એમનો હાર્દિક અભિપ્રાય પૂર્ણ કરવાની ઈચ્છાથી તમે ત્યાં ગયા.

**મેના તમને પ્રણામ કરીને બોલ્યાં**—હે મુને! ગિરિજાના થનારા પતિને પહેલાં હું જોઈશ. શિવનું રૂપ કેવું છે, કે જેને માટે મારી દીકરીએ આવી ઉત્કૃષ્ટ તપસ્યા કરી છે.

હે તાત! એ સમયે ભગવાન શિવે પણ મેનાની અંદર રહેલા અહંકારને જાણીને શ્રીવિષ્ણુ અને મને અદ્ભુત લીલા કરતાં કરતાં બોલ્યા.

**શિવે કહ્યું**—હે તાત! આપ બંને મારી આજ્ઞાથી દેવતાઓ સહિત જુદા જુદા થઈને ગિરિરાજના દ્વારે જાઓ. હું પછીથી આવીશ.

આ સાંભળીને ભગવાન શ્રીહરિએ સર્વ દેવતાઓને બોલાવીને એવું જ કરવા કહ્યું. શિવના ચિંતનમાં તત્પર રહેનાર સમસ્ત દેવતાઓએ શીઘ્ર એવી જ વ્યવસ્થા કરીને ઉત્સુકતાપૂર્વક ત્યાંથી અલગ અલગ યાત્રા કરી. હે મુને! મેના પોતાના મકાનના સૌથી ઉપરના ભવનમાં તમારી સાથે - નારદ સાથે ઊભાં રહ્યાં. એ સમયે ભગવાન

વિશ્વેશ્વરે પોતાને એવી વેશભૂષામાં દેખાડ્યા જેથી મેનાના હૃદયને ઠોકર-ઠેસ વાગી સૌપ્રથમ જાનના સમુદાયમાં વિવિધ વાહનો પર બિરાજિત ખૂબ જ સજધજ વાજાંગાજાં સાથે ધજાઓ ફરકાવતા વસુ વગેરે ગંધર્વ આવ્યાં; પછી મણિગ્રીવ વગેરે યક્ષ, ત્યાર પછી ક્રમશઃ યમરાજ, નિર્ઋતિ, વરુણ, વાયુ, કુબેર, ઈશાન, દેવરાજ ઈન્દ્ર, ચન્દ્રમા, સૂર્ય, ભૃગુ વગેરે મુનીશ્વર તથા બ્રહ્મા આવ્યા. આ બધા ઉત્તરોત્તર એકથી એક વિશેષ સુંદર શોભામય રૂપગુણથી સંપન્ન હતા. એમાંથી પ્રત્યેક દળના સ્વામીને જોઈને મેના પૂછતી હતી કે 'શું આ જ શિવ છે?' નારદજી કહેતા - 'આ તો શિવના સેવકો છે.' મેના આ સાંભળીને બહુ પ્રસન્ન થતાં અને હર્ષમાં ને હર્ષમાં મનમાં ને મનમાં કહેતાં - આ એમના સેવકો જ જ્યારે આટલા સુંદર છે, તો એ સૌના સ્વામી શિવ તો કોણ જાણે કેટલાય સુંદર હશે.

એ દરમિયાન ત્યાં ભગવાન વિષ્ણુ પધાર્યા. તે સંપૂર્ણ શોભાથી સંપન્ન શ્રીમાન નૂતન જલધરની જેમ શ્યામ તથા ચાર ભુજાઓથી સંયુક્ત હતા. એમનું લાવણ્ય કરોડો કંદર્પને લજ્જા પમાડે તેવું હતું. તે પીતાંબર ધારણ કરીને પોતાની સહજ પ્રભાથી પ્રકાશિત થઈ રહ્યા હતા. એમનાં સુંદર નેત્ર પ્રફુલ્લ કમળની શોભાને જાણે ઝૂંટવી લેતાં હતાં. એમની આકૃતિથી જાણે શાંતિની વર્ષા થઈ રહી હતી. પક્ષીરાજ ગરુડ એમનું વાહન હતું. શંખ, ચક્ર વગેરે લક્ષણોથી યુક્ત મુગટ વગેરેથી વિભૂષિત, વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન ધારણ કરેલું હતું. તે લક્ષ્મીપતિ વિષ્ણુ પોતાના જ અપ્રમેય પ્રભાપુંજથી પ્રકાશમાન હતા. એમને જોતાં જ મેનાનાં નેત્ર ચકિત થઈ ગયાં. એ ખૂબ જ હર્ષથી બોલ્યાં - 'જરૂર આ જ મારી શિવાના પતિ સાક્ષાત્ ભગવાન શિવ છે. એમાં સંશય નથી.'

હે મુને! તમે પણ લીલા કરવાવાળા જ છો ને. તેથી મેનાની આ વાત સાંભળીને એમને કહેવા લાગ્યા - 'હે દેવી! એ શિવાના પતિ નથી, પરંતુ ભગવાન કેશવ હરિ છે. ભગવાન શંકરનાં સંપૂર્ણ કાર્યોના અધિકારી અને એમના પ્રિય છે. પાર્વતીના પતિ જે વરરાજા શિવ છે, એમને તો આમનાથી પણ વધારે સમજો. એમની શોભાનું વર્ણન મારાથી થઈ શકે નહિ. એ તો સંપૂર્ણ બ્રહ્માંડના અધિપતિ, સર્વેશ્વર તથા સ્વયંપ્રકાશ પરમાત્મા છે.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! તમારી આ વાતને સાંભળીને મેનાએ એ શુભલક્ષણા ઉમાને મહાન ધન-વૈભવથી સંપન્ન, સૌભાગ્યવતી અને ત્રણે કુળોને માટે સુખદાયિની માની. તે મુખ પર પ્રસન્નતા લાવીને પ્રીતિયુક્ત હૃદયથી પોતાના સર્વાધિક સૌભાગ્યનું વારંવાર વર્ણન કરતાં બોલ્યાં.

**મેનાએ કહ્યું**—આ સમયે મેં પાર્વતીને જન્મ આપીને સર્વથા ધન્ય થઈ ગઈ. એ ગિરીશ્વર પણ ધન્ય છે તથા મારું સર્વકાંઈ ધન્ય થઈ ગયું છે. જે જે અત્યંત તેજસ્વી દેવતાઓ અને દેવેશ્વરોનાં મેં દર્શન કર્યાં છે, એ સર્વના જે પતિ છે, એ મારી પુત્રીના પતિ થશે. એના સૌભાગ્યનું તો વર્ણન જ શી રીતે થાય? ભગવાન શિવને પતિરૂપે પ્રાપ્ત કરવામાં પાર્વતીના સૌભાગ્યનું સો વર્ષોમાં પણ વર્ણન થઈ શકે નહિ.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! મેનાએ પ્રેમપૂર્વક હૃદયથી જેવી ઉપર્યુક્ત વાત કહી તેટલામાં જ અદ્ભુત લીલા કરનારા ભગવાન રુદ્ર સામે જ આવી ગયા. હે તાત! એમના બધા જ

ગણ અદ્‌ભુત તથા મેનાના અહંકારને ચૂર્ણ કરી નાખનારા હતા. ભગવાન શિવ પોતે પોતાને માયાથી નિર્લિપ્ત અને નિર્વિકાર બતાવતાં બતાવતાં ત્યાં આવ્યા. હે મુને! એમને આવ્યા જાણીને તમે મેનાને શિવાના પતિનાં દર્શન કરાવતાં કરાવતાં એમને આ પ્રમાણે કહ્યું - 'હે સુંદરી! જુઓ, આ સાક્ષાત્ ભગવાન શંકર છે, જેમની પ્રાપ્તિ માટે શિવાએ વનમાં ભારે તપસ્યા કરી હતી.'

તમારા આવા કથન પર મેનાએ બહુ પ્રસન્નતાની સાથે અદ્‌ભુત આકારવાળા ભગવાન મહેશ્વર સામે જોયું. તે તો સ્વયં અદ્‌ભુત હતા જ. એમના અનુચરો પણ બહુ અદ્‌ભુત હતા. એટલામાં જ રુદ્રદેવની પરમ અદ્‌ભુત સેના પણ આવી પહોંચી, જે ભૂત-પ્રેત વગેરેથી સંયુક્ત તથા વિવિધ પ્રકારના ગણોથી સંપન્ન હતી. એમાંથી તો કેટલાંય વાવાઝોડાનું રૂપ ધારણ કરીને આવ્યા હતા. કેટલાય ધજાના મર્મરધ્વનિ જેવો અવાજ કરતા હતા. કેટલાંકનાં મોઢાં વાંકાં હતાં તો કોઈ અત્યંત કુરૂપ દેખાતા હતા - કેટલાક તો બહુ જ વિકરાળ હતા. કોઈનાં મોઢાં દાઢી-મૂછોથી ભરેલાં હતાં. કોઈ લંગડા હતા. કોઈ આંધળા હતા. કોઈ દંડ અને પાશ ધારણ કરીને આવ્યા હતા. કોઈના હાથમાં મુદ્‌ગર હતું. કેટલાક તો પોતાના વાહનોને ઊંધાં જ ચલાવી રહ્યા હતા. કોઈ સીંગી, કોઈ ડમરુ અને કોઈ ગોમુખ વગાડતા હતા. ગણોમાંથી કેટલાંકનાં તો મુખ જ ન હતાં. કેટલાકનાં મુખ પાછળ ગોઠવાયેલાં હતાં અને ઘણા બધાને તો ઘણાં બધાં મુખ હતાં. એવી જ રીતે કોઈ હાથ વગરના હતા. કોઈના હાથ ઊંધા લટકી રહ્યા હતા. કેટલાકને ઘણા હાથ હતા. કેટલાક નેત્રહીન હતા તો કોઈને ઘણાં નેત્રો હતાં. કેટલાકને તો મસ્તક જ ન હતાં અને કેટલાકને બહુ ખરાબ માથાં હતાં. કેટલાકને તો કાન જ ન હતા, તો કોઈને કોણ જાણે કેટલાય કાન હતા. આવી રીતે બધા જ ગણો વિવિધ પ્રકારની વેશભૂષા ધારણ કરીને આવ્યા હતા. હે તાત! તે વિકૃત આકારવાળા અનેક પ્રબળ ગણ મોટા વીર અને ભયંકર હતા. એમની કોઈ જ સંખ્યા ન હતી. હે મુને! તમે આંગળીથી નિર્દેશ કરીને રુદ્રગણો બતાવતાં બતાવતાં મેનાને કહેવા લાગ્યા - 'હે વરાનને! તમે પહેલાં ભગવાન હરના સેવકોને જુઓ, પછી એમનાં દર્શન કરજો.' એ અસંખ્ય ભૂત-પ્રેત વગેરે ગણોને જોઈને મેના તત્કાળ ભયથી વ્યાકુળ થઈ ગયાં. એમની જ વચમાં ભગવાન શંકર પણ હતા, જે નિર્ગુણ હોવા છતાં પરમ ગુણવાન હતા - તેમણે વૃષભ પર સવારી કરી હતી. એમને પાંચ મુખ હતાં અને પ્રત્યેક મુખમાં ત્રણ ત્રણ નેત્ર હતાં. જે એમને માટે ભૂષણનું કામ આપતાં હતાં. મસ્તક પર જટાજૂટ અને ચંદ્રમાનો મુગટ, દશ હાથ અને એમાંથી એકમાં કપાલ લીધું હતું, શરીર પર વ્યાઘ્રચર્મનો દુપટ્ટો હતો અને હાથમાં પિનાક અને ત્રિશૂલ, આંખો ભયાનક, આકૃતિ વિકરાળ અને હાથીના ચામડાનું વસ્ત્ર! આ બધું જોઈને શિવાની માતા ખૂબ જ ડર પામ્યાં, ચકિત થઈ ગયાં, વ્યાકુળ થઈને થરથર ધ્રુજવા લાગ્યાં અને એમની બુદ્ધિ ચકરાવે ચઢી ગઈ. આ અવસ્થામાં તમે આંગળીથી નિર્દેશ કરતાં કરતાં એમને કહેવા લાગ્યા - ''આ જ છે ભગવાન શિવ.'' તમારી આ વાત સાંભળીને સતી મેના દુઃખથી ભરાઈ ગયાં અને હવાના ઝોકાથી પડેલી લતાની જેમ તરત ભૂમિ પર પડી ગયાં. 'આ કેવું વિકૃત દૃશ્ય છે. હું દુરાગ્રહમાં પડીને ઠગાઈ ગઈ.' આવું કહીને મેના તે જ ક્ષણે મૂર્છિત

થઈ ગયાં. ત્યાર પછી સખીઓએ જ્યારે વિવિધ પ્રકારના ઉપાય કરીને એમની સમુચિત સેવા કરી, ત્યારે ગિરિરાજપ્રિયા મેના ધીરે ધીરે ભાનમાં આવ્યાં. (અધ્યાય ૪૧-૪૩)

*

## મેનાનો વિલાપ, શિવની સાથે કન્યાનું લગ્ન ન કરવાની હઠ, દેવતાઓ તથા શ્રીવિષ્ણુ એમને સમજાવે છે તથા એમનું સુંદર રૂપ ધારણ કર્યાથી જ શિવને કન્યાદાન કરવાનો વિચાર પ્રગટ કરવો

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! જ્યારે હિમાચલ પ્રિયા સતી મેનાને ભાન આવ્યું ત્યારે તે અત્યંત ક્ષુબ્ધ થઈને વિલાપ અને તિરસ્કાર કરવા લાગ્યાં. પહેલાં તો એમણે એમના પુત્રોની નિંદા કરી એ પછી એમણે તમને પોતાની પુત્રીને દુર્વચન સંભળાવવા માંડ્યાં.

**મેના બોલ્યાં**—હે મુને! પહેલાં તો તમે એમ કહ્યું કે 'શિવા શિવનું વરણ કરશે' પછી મારા પતિ હિમવાનનું કર્તવ્ય બનાવીને આરાધના - પૂજામાં લગાડ્યા. પરંતુ એનું યથાર્થ ફળ કયું જોવા મળ્યું? હે વિપરીત અને અનર્થકારી! હે દુર્બુદ્ધિ દેવર્ષે! તમે મને અધમ નારીને બધી જ રીતે છેતરી. પછી મારી દીકરીએ એવું તપ કર્યું, જે મુનિઓ માટે પણ દુષ્કર છે, એની તપસ્યાનું આ ફળ મળ્યું, જે જોનારાઓને પણ દુઃખમાં નાખે છે. હાય! હું શું કરું? ક્યાં જાઉં? કોણ મારા દુઃખને દૂર કરશે? મારું કુળ વગેરે નષ્ટ થઈ ગયાં. મારા જીવનનો પણ નાશ થઈ ગયો. ક્યાં ગયા પેલા દિવ્ય ઋષિ? જો મને એ મળી જાયને તો હું તેમનાં દાઢી-મૂછ ખેંચી કાઢું. વસિષ્ઠની પેલી તપસ્વિની પત્ની પણ બહુ મોટી ધૂર્ત છે, તે જાતે આ વિવાહ માટે આગેવાન બનીને આવી હતી. કોણ જાણે કયા કયા અપરાધથી આ સમયે મારું સર્વકાંઈ લુટાઈ ગયું.

આવું કહીને મેના પોતાની પુત્રી શિવા તરફ જોઈને એને કટુ વચન સંભળાવવા લાગ્યાં - અરે દુષ્ટ છોકરી! તેં આવું કયું કર્મ કર્યું જે મારે માટે દુઃખદાયક સિદ્ધ થયું. તેં દુષ્ટાએ જાતે જ સોનું આપીને કાચ ખરીદ્યો છે, ચંદન છોડીને પોતાનાં અંગોમાં કાદવનો ઢગલો ચોળી લીધો છે. હાય! હાય! હંસને ઉડાવીને તે પાંજરામાં કાગડો પાળ્યો છે. ગંગાજળને દૂર ફેંકીને કૂવાનું જળ પીધું છે. પ્રકાશ પામવાની ઈચ્છાથી સૂર્યને છોડીને યત્નપૂર્વક આગિયાને પકડ્યો છે. ચોખા છોડીને ફોતરાં ખાઈ લીધાં છે. ઘી ફેંકીને મીણના તેલનો આદરપૂર્વક ભોગ લગાડ્યો છે. સિંહનો આશ્રય છોડીને શિયાળનું સેવન કર્યું છે. બ્રહ્મવિદ્યા છોડીને કુત્સિત ગાથાનું શ્રવણ કર્યું છે. હે દીકરી! તેં ઘરમાં રાખેલી યજ્ઞની મંગલમયી વિભૂતિને દૂર હટાવીને ચિતાની અમંગલ રાખોડી પાલવમાં બાંધી લીધી; કેમકે, સમસ્ત શ્રેષ્ઠ દેવતાઓ અને વિષ્ણુ વગેરે પરમેશ્વરોને છોડીને પોતાની કુબુદ્ધિને કારણે શિવને પામવા માટે આવું તપ કર્યું? તને તારી બુદ્ધિને, તારા રૂપને અને તારા ચરિત્રને પણ વારંવાર ધિક્કાર છે. તને તપસ્યાનો ઉપદેશ આપનાર નારદને અને તારી સહાયતા કરનારી બંને બહેનપણીઓને પણ ધિક્કાર છે. હે બેટી! અમને બન્ને માતા-પિતાને પણ ધિક્કાર છે, જેમણે

મને જન્મ આપ્યો. હે નારદ! તમારી બુદ્ધિને પણ ધિક્કાર છે. સુબુદ્ધિ આપનારા એ સપ્તર્ષિઓને



પણ ધિક્કાર છે. તમારા કુળને પણ ધિક્કાર છે. તમારી ક્રિયા-દક્ષતાને પણ ધિક્કાર છે તથા તમે જે કાંઈ કર્યું છે એ સર્વને ધિક્કાર છે. તમે તો મારું ઘર જ સળગાવી દીધું. આ તો મારું મરણ જ છે. આ પર્વતોના રાજા આજે મારી નિકટ ન આવે. સપ્તર્ષિઓ સ્વયં મને ક્યારેય હવે તેમનું મુખ ન બતાવે. એ બધાએ ભેગા થઈને શું સાધ્યું, શું ઉકાળ્યું? મારા કુળનો નાશ કરી દીધો. હાય! હું વંધ્યા કેમ ન રહી? મારો ગર્ભ કેમ ગળી ન ગયો? હું અથવા મારી પુત્રી મરી કેમ ન ગયાં? અથવા રાક્ષસ વગેરેએ પણ આકાશમાં લઈ જઈને એને કેમ ન ખાઈ ગયા? હે પાર્વતી! આજે હું તારું માથું કાપી નાખીશ, પરંતુ એ શરીરના ટુકડા લઈને શું કરીશ? હાય! હાય! તને છોડીને ક્યાં ચાલી જાઉં? મારું તો જીવન જ નષ્ટ થઈ ગયું.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને મેના મૂર્ચ્છિત થઈને જમીન પર ઢળી પડ્યાં. શોક, રોષ વગેરેથી વ્યાકુળ હોવાને કારણે તે પતિ સમીપ પણ ન ગયાં. હે દેવર્ષિ! એ સમયે બધા દેવતા ક્રમશઃ એમની પાસે ગયા. સૌથી પહેલાં હું પહોંચ્યો. હે મુનિશ્રેષ્ઠ! મને જોઈને તમે સ્વયં મેનાને કહેવા લાગ્યા.

**નારદે કહ્યું**—હે પતિવ્રતે! તમને ખબર નથી, વાત્સવમાં ભગવાન શિવનું રૂપ બહુ જ સુંદર છે. એમણે તો લીલાથી આવું રૂપ ધારણ કરી લીધું છે, આ એમનું યથાર્થ રૂપ નથી. એટલા માટે તમે ક્રોધ છોડીને સ્વસ્થ થઈ જાઓ. હઠ છોડીને વિવાહકાર્ય કરો અને પોતાની શિવાનો હાથ શિવના હાથમાં આપી દો. તમારી આ વાત સાંભળીને મેનાએ તમને કહ્યું - 'ઊઠો, અહીંથી દૂર ચાલ્યા જાઓ. તમે તો દુષ્ટો અને અધમોના શિરોમણિ છો.' મેનાના આવા કથનથી મારી સાથે ઈન્દ્ર વગેરે બધા દેવતાઓ અને દિક્પાળો ક્રમશઃ આવીને આમ બોલ્યા - 'હે પિતરોની કન્યા મેને! તમે અમારાં વચન પ્રસન્નતાથી સાંભળો. આ શિવ નિશ્ચય જ સૌથી ઉત્કૃષ્ટ દેવતા છે અને સર્વને સુખ આપનારા છે, આપની પુત્રીનું અત્યંત દુસ્સહ તપ જોઈને એ ભક્તવત્સલ પ્રભુએ કૃપાપૂર્વક એમને દર્શન આપ્યાં છે. પણ શ્રેષ્ઠ વરદાન પણ આપ્યું હતું.

આ સાંભળીને મેનાએ દેવતાઓને વારંવાર અત્યંત વિલાપ કરીને કહ્યું - શિવનું રૂપ ખૂબ જ ભયંકર છે. હું એમને મારી પુત્રી નહિ આપું. આપ સર્વ દેવતાઓ પ્રપંચ કરીને શા માટે મારી આ કન્યાના ઉત્કૃષ્ટ રૂપને વ્યર્થ કરવા માટે તૈયાર થયા છો?

હે મુનીશ્વર! એમના આવા કથન ઉપર

વસિષ્ઠ વગેરે સપ્તર્ષિઓએ ત્યાં આવીને આ વાત કહી – 'હે પિતરોની કન્યા અને ગિરિરાજની રાણી મેને! અમે લોકો તમારું કાર્ય સિદ્ધ કરવા આવ્યા છીએ. જે કાર્ય સર્વથા ઉચિત અને ઉપયોગી છે, એને તમારી હઠને લીધે અમે વિપરીત કેવી રીતે માની લઈએ? ભગવાન શંકરનાં દર્શન એ જ સૌથી મોટો લાભ છે. તેઓ દાનપાત્ર થઈને સ્વયં તમારે ઘેર પધાર્યા છે.'

એમના આવા કથન પર પણ જ્ઞાનદુર્બલા મેનાએ એમની વાત મિથ્યા કરી દીધી અને રુષ્ટ થઈને એમને કહ્યું - 'હું શસ્ત્ર વગેરેથી મારી દીકરીના ટુકડેટુકડા કરી નાખીશ, પરંતુ એને શંકરના હાથમાં નહીં સોંપું, તમે બધા આઘા ખસી જાઓ, કોઈએ મારી પાસે આવવું નહીં.'



આવું કહીને અત્યંત વિહ્વળ થઈ વિલાપ કરીને મેના ચૂપ થઈ ગયાં. હે મુને! ત્યાં એમના આવા વર્તનથી હાહાકાર થઈ ગયો. ત્યારે હિમાલય અત્યંત વ્યાકુળ થઈને ત્યાં આવ્યા અને મેનાને સમજાવવા માટે પ્રેમપૂર્વક તત્ત્વ દર્શાવતાં બોલ્યા.

**હિમાલયે કહ્યું**—હે પ્રિયે મેને! મારી વાત સાંભળો. તમે આટલાં બધાં વ્યાકુળ શા માટે થઈ ગયાં છો? જુઓ તો ખરાં, કયા કયા મહાત્માઓ તમારે ઘેર પધાર્યા છે. તમે એમની નિંદા શા માટે કરો છો? ભગવાન શંકરને તો તમે પણ જાણો છો, પરંતુ વિવિધ નામરૂપવાળા શંભુના વિકટ રૂપને જોઈને તમે ગભરાઈ ગયાં છો. હું શંકરજીને ઘણી સારી પેઠે જાણું છું. એ જ સર્વના પ્રતિપાલક છે. પૂજનીયોના પણ પૂજનીય છે. તથા અનુગ્રહ અને નિગ્રહ કરનારા છે. હે નિષ્પાપ પ્રાણપ્રિયે! હઠ ન કરો. માનસિક દુઃખ છોડી દો. હે સુવ્રતે! શીઘ્ર ઊઠો અને સર્વ કાર્ય કરો. પહેલી વાર વિકટ રૂપધારી શંભુએ મારા દ્વાર પર આવીને જે વિવિધ પ્રકારની લીલાઓ કરી હતી, હું એની આજે તમને યાદ અપાવું છું. સ્મરણ કરાવું છું. એમના આવા પરમ માહાત્મ્યને જોઈ અને સમજીને એ સમયે મેં અને તમે એમને આપણી કન્યા આપવાનો સ્વીકાર કર્યો હતો. હે પ્રિયે! પોતાની એ વાતને પ્રમાણ માનીને એને સાર્થક કરો.

**આ વાતને સાંભળીને શિવાની માતા મેના હિમાલયને કહેવા લાગી**—હે નાથ! મારી વાત સાંભળો અને સાંભળીને આપે તેવું જ કરવું જોઈએ. આપની પુત્રી પાર્વતીના ગળામાં દોરડું બાંધીને એને નિઃસંકોચ, બે ખટકે પર્વતની નીચે ફેંકી દો, પરંતુ હું એને હરના હાથમાં નહીં આપું અથવા હે નાથ! પોતાની આ દીકરીને લઈ જઈને નિર્દયતાપૂર્વક સમુદ્રમાં ડુબાડી દો. હે ગિરિરાજ! આવું કરવાથી તમે પૂર્ણ સુખી થઈ જાઓ. હે સ્વામિન્! જો વિકટરૂપધારી રુદ્રને તમે પુત્રી આપી

દેશો તો નિશ્ચય જ હું મારું શરીર છોડી દઈશ.

મેનાએ જ્યારે હઠપૂર્વક આવી વાત કહી ત્યારે પાર્વતી સ્વયં આવીને રમણીય વચન બોલ્યાં - 'હે મા! તમારી બુદ્ધિ તો બહુ શુભકારક છે. આ સમયે વિપરીત કેવી રીતે થઈ ગઈ? ધર્મનું અવલંબન કરનારી થઈને પણ તમે ધર્મને કેવી રીતે છોડી રહ્યાં છો? આ રુદ્રદેવ સૌથી ઉત્પત્તિના કારણભૂત સાક્ષાત્ ઈશ્વર છે, એમનાથી અધિક તો બીજો કોઈ છે જ નહીં. સમસ્ત શ્રુતિઓમાં આ વર્ણન છે કે ભગવાન શંભુ સુંદર રૂપવાળા તથા સુખદ છે. કલ્યાણકારી મહેશ્વર સમસ્ત દેવતાઓના સ્વામી તથા સ્વયં પ્રકાશ છે. એમનાં નામ અને રૂપ અનેક છે. હે માતાજી! શ્રીવિષ્ણુ અને બ્રહ્મા વગેરે પણ એમની સેવા કરે છે. એ તો સર્વના અધિષ્ઠાન છે, કર્તા, હર્તા અને સ્વામી છે. વિકારો તો એમને સ્પર્શી શકતા નથી - વિકારોની ત્યાં પહોંચ પણ નથી. એ તો ત્રણે દેવતાઓના સ્વામી છે. અવિનાશી અને સનાતન છે. એમને માટે જ બધા દેવતા કિંકર થઈને તમારા દ્વાર પર પધાર્યા છે અને ઉત્સવ મનાવી રહ્યા છે. આનાથી વધારે સુખની વાત બીજી શી હોઈ શકે? માટે યત્નપૂર્વક ઊઠો અને જીવનને સફળ કરો. મને શિવજીના હાથમાં સોંપી દો અને તમારા પોતાના ગૃહસ્થાશ્રમને સાર્થક કરો. હે મા! મને પરમેશ્વર શંકરની સેવામાં આપી દો. હું સ્વયં તમને આ વાત કહું છું. તમે મારી આટલી વિનંતી માની લો. જો તમે મને તેમના હાથમાં નહીં સોંપો તો હું બીજા કોઈ વરનું વરણ કરીશ નહીં; કેમકે, જે સિંહનો ભાગ છે, એને બીજાને છેતરનાર શિયાળ કેવી રીતે મેળવી શકે? હે મા, મેં તો મન, વાણી અને ક્રિયા દ્વારા સ્વયં હરનું વરણ કરી જ લીધું છે, હરનું જ વરણ કર્યું છે. હવે તમારી જેવી ઇચ્છા હોય તે કરો.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! પાર્વતીની આ વાત સાંભળીને શૈલેશ્વરપ્રિયા મેના બહુ જ ઉત્તેજિત થઈ ગયાં અને પાર્વતીને ધમકાવતાં ધમકાવતાં દુર્વચન કહીને રડવા તથા વિલાપ કરવા લાગ્યાં. ત્યાર પછી સ્વયં મેં તથા સનકાદિ સિદ્ધોએ પણ મેનાને બહુ સમજાવ્યાં. પરંતુ એ કોઈની વાત માનતાં જ ન હતાં અને સર્વને ધમકાવતાં જ રહ્યાં. એ દરમિયાન એમની સુદૃઢ અને મહાન હઠની વાત સાંભળીને શિવપ્રિય ભગવાન વિષ્ણુ પણ તરત જ ત્યાં આવી પહોંચ્યા અને આ પ્રકારે બોલ્યા.

**શ્રીવિષ્ણુએ કહ્યું**—હે દેવી! તમે પિતરોની માનસી પુત્રી અને એમને બહુ જ વહાલાં છો; સાથે જ ગિરિરાજ હિમાલયની ગુણવતી પત્ની છો. આ રીતે તમારો સંબંધ સાક્ષાત્ બ્રહ્માજીના ઉત્તમ કુળ સાથે છે. સંસારમાં તમારા સહાયક પણ એવા જ છે. તમે ધન્ય છો. હું તમને વધારે શું કહું? તમે તો ધર્મનાં આધારભૂત છો, પછી ધર્મનો ત્યાગ કેવી રીતે કરી શકો? તમે પોતે સારી રીતે વિચારો તો ખરાં. સંપૂર્ણ દેવતા, ઋષિઓ, બ્રહ્માજી અને હું - એ બધા લોકો વિપરીત વાત શું કામ કહેશે? તમે શિવને નથી જાણતાં. તે નિર્ગુણ પણ છે અને સગુણ પણ છે. કુરૂપ પણ છે અને સુરૂપ પણ છે. સર્વના સેવ્ય છે અને સત્પુરુષોના આશ્રય છે. એમણે જ મૂળપ્રકૃતિરૂપા દેવી ઈશ્વરીનું નિર્માણ કર્યું છે અને એમની જ બાજુમાં પુરુષોત્તમનું નિર્માણ કરીને બેસાડ્યા છે. એ જ બંનેથી સગુણરૂપે મારી તથા બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ છે. પછી લોકોનું હિત કરવા માટે તે સ્વયં રુદ્રરૂપે પ્રગટ થયા. ત્યાર પછી વેદ, દેવતા તથા સ્થાવર જંગમ રૂપે જે કાંઈ દેખાય છે, એ સંપૂર્ણ

જગત પણ ભગવાન શંકરથી જ ઉત્પન્ન થયું. એમના રૂપનું યથાર્થ ઠીક ઠીક વર્ણન આ જ સુધી કોણ કરી શક્યું છે? અથવા કોણ એમના રૂપને જાણે છે? હું અને બ્રહ્માજી પણ જેમનો અન્ત પામી શક્યા નથી, એનો પાર ભલા કોણ પામી શકે? બ્રહ્માથી લઈને કીટ પર્યંત જે કાંઈ જગત દેખાય છે એ સર્વ શિવનું જ રૂપ છે - એવું જાણો. આ વિષયમાં કોઈ અન્યથા વિચાર જ ન કરવો જોઈએ. તે જ પોતાની લીલાથી આવા રૂપમાં અવતીર્ણ થયા છે અને શિવાના તપના પ્રભાવથી તમારે દ્વારે આવ્યા છે. માટે હે હિમાચલની પત્ની! તમે દુઃખ છોડો અને શિવનું ભજન કરો. એનાથી તમને મહાન આનંદ પ્રાપ્ત થશે અને તમારા સર્વ કલેશ મટી જશે.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! શ્રીવિષ્ણુ દ્વારા આ રીતે સમજાવવાથી મેનાનું મન થોડુંક કોમળ થયું. પરંતુ શિવને કન્યા ન આપવાની હઠ તેમણે ત્યારે પણ ન છોડી. શિવની માયાથી મોહિત હોવાને કારણે જે એમણે આવો દુરાગ્રહ કર્યો હતો. એ સમયે મેનાએ શિવના મહત્ત્વનો સ્વીકાર કરી લીધો. થોડુંક જ્ઞાન થઈ જવાથી એમણે શ્રીહરિને કહ્યું - 'જો ભગવાન શિવ સુંદર શરીર ધારણ કરી લે ત્યારે જ હું મારી પુત્રી આપી શકું; અન્યથા કોટિ ઉપાય કરવા છતાં પણ નહીં જ આપું. આ વાત હું સચ્ચાઈ અને દૃઢતા સાથે કહી રહી છું.'

આવું કહીને દૃઢતાપૂર્વક ઉત્તમ વ્રતનું પાલન કરનારાં મેના શિવની ઇચ્છાથી પ્રેરિત થઈ ચૂપ થઈ ગયાં. ધન્ય છે શિવની માયા, જે સર્વને મોહમાં આવરી લે છે. (અધ્યાય-૪૪)

*

## ભગવાન શિવનું પોતાનું પરમ સુંદર દિવ્યરૂપ પ્રગટ કરવું, મેનાની પ્રસન્નતા અને ક્ષમા-પ્રાર્થના તથા પુરવાસિની સ્ત્રીઓને શિવરૂપનું દર્શન થવું તથા જન્મ અને જીવનને સફળ માનવાં

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આ જ વખતે ભગવાન વિષ્ણુથી પ્રેરિત થઈ તમે શીઘ્ર જ ભગવાન શંકરને અનુકૂળ બનાવવા માટે એમની નિકટમાં ગયા. ત્યાં જઈને દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવાની ઇચ્છાથી વિવિધ પ્રકારનાં સ્તોત્રો દ્વારા તમે રુદ્રદેવને સંતુષ્ટ કર્યા, તમારી વાત સાંભળીને પ્રસન્નતાપૂર્વક શંભુએ અદ્ભુત, ઉત્તમ અને દિવ્યરૂપ ધારણ કરી લીધું. આવું કરીને એમણે પોતાના દયાળુ સ્વભાવનો પરિચય આપ્યો. હે મુને! ભગવાન શંભુનું તે સ્વરૂપ કામદેવથી પણ અધિક સુંદર તથા લાવણ્યનો પરમ આશ્રય હતું; એમનું દર્શન કરીને તમે બહુ જ પ્રસન્ન થયા અને એ સ્થાન પર ગયા, જ્યાં સેવક સાથે મેના વિદ્યમાન હતાં.

**ત્યાં પહોંચીને તમે કહ્યું**—હે વિશાળ નેત્રોવાળી મેને! ભગવાન શિવના એ સર્વોત્તમ રૂપનું દર્શન કરો. આ રૂપ પ્રગટ કરીને એ કરુણામય શિવે તમારા ઉપર બહુ મોટી કૃપા કરી છે.

તમારી આ વાત સાંભળીને શૈલરાજની પત્ની મેના આશ્ચર્યચકિત થઈ ગયાં. એમણે શિવનાં એ પરમ આનંદદાયક રૂપનાં દર્શન કર્યાં, જે કરોડો સૂર્યની સમાન તેજસ્વી, સર્વાંગસુંદર વિચિત્રવસ્ત્રધારી તથા વિવિધ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત હતું. તે અત્યંત પ્રસન્ન, સુંદર હાસ્યથી

સુશોભિત, લલિત લાવણ્યથી લસિત, મનોહર, ગૌરવર્ણ, દ્યુતિમાન્ તથા ચંદ્રલેખાથી અલંકૃત હતા. વિષ્ણુ વગેરે સંપૂર્ણ દેવતાઓ બહુ પ્રેમથી



ભગવાન શિવની સેવા કરી રહ્યા હતા. સૂર્યદેવે છત્ર લગાવી રાખ્યું હતું. ચંદ્રદેવ મસ્તકનો મુગટ બનીને એમની શોભા વધારી રહ્યો હતો. આ સર્વ સાધનોથી ભગવાન શંકર સર્વથા રમણીય જણાતા હતા. એમનું વાહન પણ અનેક પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત હતું. એની મહાશોભાનું વર્ણન થઈ શકે તેમ નથી. ગંગા અને યમુના ભગવાન શિવને ચામર ઢાળી રહ્યાં હતાં. અને આઠેય સિદ્ધિઓ એમની આગળ નાચી રહી હતી. એ સમયે હું, ભગવાન વિષ્ણુ તથા ઇન્દ્ર આદિ દેવતા પોતપોતાના વેશને સારી પેઠે વિભૂષિત કરીને પર્વતવાસી ભગવાન શિવની સાથે ચાલી રહ્યા હતા. વિવિધ રૂપધારી શિવના ગણ સજીધજીને અત્યંત આનંદિત થઈ શિવની આગળ આગળ ચાલી રહ્યા હતા. સિદ્ધ, ઉપદેવતા, સમસ્ત મુનિ તથા અન્ય સર્વે લોકો પણ મહાન સુખનો અનુભવ કરતાં કરતાં અત્યંત પ્રસન્નતાપૂર્વક શિવની સાથે યાત્રા કરી રહ્યા હતા. આ રીતે દેવતા વગેરે બધા લોકો વિવાહ જોવા માટે ઉત્કંઠિત થઈને ખૂબ સાજસજાવટ કરીને પોતાની પત્ની સાથે શિવનું યશોગાન કરતાં કરતાં આવી પહોંચ્યા. વિશ્વાવસુ વગેરે ગંધર્વ અપ્સરાઓની સાથે થઈને શંકરજીના ઉત્તમ યશનું ગાન કરતાં કરતાં એમની આગળ આગળ ચાલી રહ્યા હતા. હે મુનિશ્રેષ્ઠ! મહેશ્વર શૈલરાજના દ્વાર પર પધાર્યા તે સમયે આ પ્રકારે ત્યાં વિવિધ પ્રકારના મહાન ઉત્સવો થઈ રહ્યા હતા. હે મુનીશ્વર! એ સમયે ત્યાં શિવની જેવી શોભા દેખાઈ રહી હતી એનું વિશેષરૂપે વર્ણન કરવામાં તો કોણ સમર્થ થઈ શકે? એમને આવા વિલક્ષણ રૂપમાં જોઈને મેના ક્ષણભર તો ચિત્રવત્ થઈ ગયાં. પછી ખૂબ જ પ્રસન્નતાથી બોલ્યાં - 'હે મહેશ્વર! મારી પુત્રી ધન્ય છે, જેણે બહુ ભારે તપ કર્યું અને એ તપના પ્રભાવથી આપ મારા આ ઘરમાં પધાર્યા. પહેલાં મેં જે આપની અક્ષમ્ય નિંદા કરી હતી, એને હે મારી શિવાના સ્વામી શિવ! આપ ક્ષમા કરો અને આ સમયે પૂર્ણતઃ પ્રસન્ન થઈ જાઓ.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આ રીતે વાત કરીને ચંદ્રમૌલિ શિવની સ્તુતિ કરતાં શૈલપ્રિયા મેનાએ એમને હાથ જોડીને પ્રણામ કર્યા. એટલામાં જ ઘણીબધી પુરવાસિની સ્ત્રીઓ ભગવાન શિવનાં દર્શનની લાલસાથી અનેક પ્રકારનાં કામ છોડીને ત્યાં આવી પહોંચી. જે જેવી હતી, તેવી જ અસ્તવ્યસ્તરૂપે દોડતી ચાલી આવી. ભગવાન શંકરનું એ મનોહર રૂપ જોઈને એ બધાં મોહિત થઈ ગઈ. શિવનાં દર્શનથી હર્ષ પામીને

પ્રેમપૂર્ણ હૃદયવાળી તે નારીઓ મહેશ્વરની એ મૂર્તિને પોતાના મનોમંદિરમાં બેસાડીને આ પ્રકારે બોલી.

**પુરવાસિની સ્ત્રીઓએ કહ્યું**—ઓહો! હિમવાનના નગરમાં રહેનારાંઓના નેત્ર આજે સફળ થઈ ગયાં. જે જે વ્યક્તિઓએ આ દિવ્ય સ્વરૂપનાં દર્શન કર્યાં છે, જરૂર તેમનો જન્મ સાર્થક થઈ ગયો છે. એનો જ જન્મ સફળ છે અને એની જ બધી ક્રિયાઓ સફળ છે, જેણે સંપૂર્ણ પાપનો નાશ કરનારા સાક્ષાત્ શિવનાં દર્શન કર્યાં છે. પાર્વતીએ શિવ માટે જે તપ કર્યું છે, એ દ્વારા એમણે તો પોતાના બધા જ મનોરથ સિદ્ધ કરી લીધા છે. શિવને પતિરૂપે પ્રાપ્ત કરીને શિવા ધન્ય અને કૃતકૃત્ય થઈ ગયાં છે. જો વિધાતા શિવા અને શિવની આ જુગલ જોડીને સાનંદ એકબીજા મેળવી ન દેત તો એમનો આખો પરિશ્રમ નિષ્ફળ થઈ જાત. આ ઉત્તમ જોડીને મેળવીને બ્રહ્માજીએ બહુ જ સારું કાર્ય કર્યું છે. એથી સર્વનાં બધાં જ કાર્યો સાર્થક થઈ ગયાં છે. તપસ્યા વગર તો મનુષ્યોને માટે શંભુનાં દર્શન દુર્લભ જ છે. ભગવાન શંકરનાં દર્શન માત્રથી સર્વ લોકો કૃતાર્થ થઈ ગયા. જે જે સર્વેશ્વર ગિરિજાપતિ શંકરનાં દર્શન કરે છે તે બધા જ પુરુષો શ્રેષ્ઠ છે અને અમે બધી જ સ્ત્રીઓ પણ ધન્ય છે.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવી વાત કહીને એ સ્ત્રીઓએ ચંદન અને ચોખાથી શિવનું પૂજન કર્યું અને બહુ આદરથી એમના ઉપર મંગલ દ્રવ્યોની વર્ષા કરી. એ બધી સ્ત્રીઓ મેનાની સાથે ઉત્સુક થઈને ઊભી રહી અને મેના તથા ગિરિરાજના પરમ સૌભાગ્યની પ્રશંસા કરવા માંડી. હે મુને! સ્ત્રીઓના મુખથી એવી શુભ વાતો સાંભળીને વિષ્ણુ વગેરે સર્વ દેવતાઓની સાથે ભગવાન શિવને બહુ હર્ષ થયો.

(અધ્યાય ૪૫)

*

(શિવને પોંકવા)

## મેના દ્વારા ભગવાન શિવનું નિરીક્ષણ, એમના રૂપને જોઈને સંતોષનો અનુભવ, અન્યાન્ય યુવતીઓ દ્વારા વરની પ્રશંસા, પાર્વતીનું અંબિકાપૂજન માટે બહાર જવું તથા દેવતાઓ અને ભગવાન શિવનું એમનું સુંદર રૂપ જોઈને પ્રસન્ન થવું

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! ત્યાર પછી ભગવાન શિવ પ્રસન્ન ચિત્ત થઈને પોતાના ગણો, સમસ્ત દેવતાઓ તથા અન્ય લોકોની સાથે કુતૂહલપૂર્વક ગિરિરાજ હિમવાનના ધામમાં ગયા. હિમાચલની શ્રેષ્ઠ પત્ની મેના પણ એ સ્ત્રીઓ સાથે ઘરની અંદર ગયાં અને શંભુની આરતી ઉતારવાને માટે હાથમાં દીપકોથી સજાવેલી થાળી લઈને સર્વ ઋષિપત્નીઓ તથા અન્ય સ્ત્રીઓની સાથે આદરપૂર્વક દ્વાર પર આવ્યાં. ત્યાં આવીને મેનાએ સંપૂર્ણ દેવતાઓથી સેવિત ગિરિજાપતિ મહેશ્વર શંકરને, જે દ્વાર પર ઉપસ્થિત હતા, ખૂબ જ પ્રેમ વાત્સલ્યથી જોયા. એમની અંગકાંતિ મનોહર ચમ્પા જેવી હતી. એમને એક મુખ અને ત્રણ નેત્રો હતાં. પ્રસન્ન મુખારવિંદ પર મંદ સ્મિત લહેરાઈ રહ્યું હતું. તેની અદ્ભુત છટા છવાઈ રહી હતી. તે રત્ન અને સુવર્ણ વગેરેથી વિભૂષિત હતા

ગળામાં માલતીની માળા પહેરેલી હતી. સુંદર રત્નમય મુગટ ધારણ કરવાથી એમનું મુખમંડળ ઉજ્જવળ પ્રભાથી ઉદ્‌ભાસિત થઈ રહ્યું હતું. કંઠમાં હાર વગેરે સુંદર આભૂષણો શોભા આપી રહ્યાં હતાં. સુંદર કડાં અને બાજુબંધ એમની ભુજાઓને વિભૂષિત કરી રહ્યાં હતાં... અગ્નિની જેમ નિર્મળ અને અનુપમ અત્યંત સૂક્ષ્મ મનોહર, વિચિત્ર અને બહુમૂલ્ય યુગલ વસ્ત્રથી એમની ભારે શોભા જણાતી હતી. ચંદન, અગર, કસ્તૂરી તથા મનોહર કંકુના અંગરાગથી એમનાં અંગો વિભૂષિત હતાં. એમણે હાથમાં રત્નમય દર્પણ લઈ રાખ્યું હતું, અને એમનાં બંને નેત્રો કાજળથી સુશોભિત હતાં. એમણે પોતાની પ્રભાથી બધાંને આચ્છાદિત કરી લીધા હતા. તે અત્યંત મનોહર જણાતા હતા. અત્યંત તરુણ, પરમ સુંદર અને આભરણભૂષિત અંગોથી સુશોભિત હતા. કામિનીઓને અત્યંત કમનીય પ્રતીત થતા હતા. એમનામાં વ્યગ્રતા લેશમાત્ર પણ જણાતી ન હતી. વ્યગ્રતાનો અભાવ હતો. એમનું મુખારવિંદ કોટિ ચંદ્રમાઓથી પણ અધિક આહ્લાદદાયક હતું. એમનાં શ્રીઅંગોની છબિ કોટિ કામદેવોથી પણ અધિક મનોહારિણી હતી. તે પોતાનાં સર્વ અંગોથી પરમ સુંદર હતા. આવા સુંદર રૂપવાળા - રૂપાળા - ઉત્કૃષ્ટ દેવતા ભગવાન શિવને જમાઈના રૂપે પોતાની સામે ઊભેલા જોઈને મેનાની બધી જ શોક-ચિંતા દૂર થઈ ગઈ. એ તો પરમાનંદસિન્ધુમાં નિમગ્ન થઈ ગયાં અને પોતાના ભાગ્યની, ગિરિજાની, ગિરિરાજ હિમવાનની અને એમના સમસ્ત કુળની ભારે પ્રશંસા કરવા લાગ્યાં. એમણે પોતાની જાતને કૃતાર્થ માની અને વારંવાર હર્ષનો અનુભવ કરવા લાગ્યાં. સતી મેનાનું મુખ હર્ષથી ખીલી ઊઠ્યું હતું. તે પોતાના જમાઈની શોભાનું સાનન્દ અવલોકન કરતાં કરતાં એમની આરતી ઉતારવા લાગ્યાં. ગિરિજાની કહેલી વાતને વારંવાર યાદ કરીને મેનાને ભારે વિસ્મય થઈ રહ્યો હતો. તે હર્ષોત્ફુલ્લ મુખારવિંદથી યુક્ત મનમાં ને મનમાં જ આમ કહેવા લાગ્યાં - 'પાર્વતીએ મને પહેલાં જેવું કહ્યું - બતાવ્યું હતું. એનાથી પણ અધિક સૌંદર્ય હું આ પરમેશ્વર શિવનાં અંગોમાં જોઈ રહી છું. મહેશ્વરના મનોહર લાવણ્યનું વર્ણન થઈ શકે તેમ નથી. અવર્ણનીય લાવણ્ય છે.' આવું વિચારીને આશ્ચર્યચકિત થયેલાં મેના પોતાના ઘરની અંદર આવ્યાં.

ત્યાં આવેલી યુવતીઓએ પણ વરની - વરના મનોહર રૂપની ખૂબ ખૂબ પ્રશંસા કરી. એ બોલ્યાં - 'ગિરિરાજનંદિની શિવા ધન્ય છે, ધન્ય છે.' કેટલીક બીજી સ્ત્રીઓ બોલી - 'દુર્ગા તો સાક્ષાત્ ભગવતી છે.' બીજી કન્યાઓ મહારાણી મેનાને કહેવા લાગી - 'અમે તો ક્યારેય આવો વર જોયો જ નથી અને ન ધ્યાનમાંય ક્યારેય આવા વરનું અવલોકન કર્યું છે. એમને મેળવીને ગિરિજા ધન્ય ધન્ય થઈ ગઈ છે.' ભગવાન શંકરનું એ રૂપ જોઈને સમસ્ત દેવતાઓ હર્ષથી ખીલી ઊઠ્યા. શ્રેષ્ઠ ગંધર્વ એમનો યશ ગાવા લાગ્યા. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. વાજાં વગાડનાર લોકો મધુર ધ્વનિમાં અનેક પ્રકારની કલાનું પ્રદર્શન કરી દેખાડતાં આદરપૂર્વક જાત જાતનાં વાદ્યો-વાજાં વગાડી રહ્યા હતા. હિમાચલે પણ આનંદિત થઈને દ્વાર ઉપર કરવાનાં મંગલ કાર્યો કર્યાં. સમસ્ત નારીઓની સાથે મેનાએ પણ ઉત્સવ મનાવતાં મનાવતાં વરરાજાને પોંક્યા. પછી તે પ્રસન્નતાપૂર્વક ઘરમાં ચાલ્યાં ગયાં. ત્યાર પછી ભગવાન શિવ પોતાના ગણો અને દેવતાઓ સાથે પોતાને અપાયેલા જાનીવાસે જતા રહ્યા.

એ દરમિયાન ગિરિરાજના અંતઃપુરની સ્ત્રીઓ દુર્ગાને સાથે લઈ કુળદેવીની પૂજા માટે

બહાર આવ્યાં. ત્યાં દેવતાઓએ કે જેમની પલક ક્યારેય પડતી નથી, તેમણે પ્રસન્નતાપૂર્વક પાર્વતીને જોયાં. એમની અંગકાંતિ નીલ અંજનની જેમ હતી. તે પોતાનાં મનોહર અંગોથી જ વિભૂષિત હતાં. એમનો કટાક્ષ કેવળ ભગવાન ત્રિલોચન પર જ આદરપૂર્વક પડતો હતો. બીજા કોઈ પુરુષ તરફ એમનાં નેત્રો જતાં જ નહોતા. એમનું પ્રસન્ન મુખ મંદસ્મિત મુસ્કાનથી સુશોભિત હતું. એ કટાક્ષપૂર્ણ દૃષ્ટિથી જોતાં હતાં અને ખૂબ જ મનોહારિણી જણાતાં હતાં. એમના વાળનો ચોટલો બહુ જ સુંદર દેખાતો હતો. ગાલ પર બનેલી મનોહર પત્રભંગીની રેખાઓ એમની શોભામાં અભિવૃદ્ધિ કરી રહી હતી. લલાટમાં કસ્તૂરીનો ચાંલ્લો સાથે જ સિંદૂરની બિંદી શોભા આપી રહી હતી. એમના વક્ષ:સ્થળ પર શ્રેષ્ઠ રત્નોના સારભૂત હારથી દિવ્ય દીપ્તિ છવાઈ ગઈ હતી. રત્નોથી બનેલા કેયૂર, વલય અને કંકણથી એમની ભુજાઓ અલંકૃત હતી. ઉત્તમ રત્નમય કુંડળોથી એમના-મનોહર કપોલ ઝગમગી રહ્યા હતા. એમની દંતપંક્તિ મણિઓ તથા રત્નોની પ્રભાને પણ ઝાંખી પાડી દેતી હતી અને મુખની શોભામાં વધારો થતો હતો. મધુથી પૂરિત નીચલો હોઠ-અધર-અને ઓષ્ઠ બિમ્બફલની જેમ લાલ હતા. બંને પગમાં રત્નોની આભાથી યુક્ત મહાવર - ઝાંઝર શોભા આપી રહ્યા હતા. એમણે એક હાથમાં રત્ન જડિત દર્પણ લઈ રાખ્યું હતું અને એમનો બીજો હાથ ક્રીડાકમલથી સુશોભિત હતો. એમનાં અંગોમાં ચંદન, અગર, કસ્તૂરી અને કંકુનો અંગરાગ લગાડેલો હતો. પગમાં ઝાંઝર રણકી રહ્યાં હતાં. પગ લાલઘૂમ તળિયાંને કારણે બહુ શોભા આપી રહ્યા હતા. સમસ્ત દેવતા વગેરેએ જગતનાં આદિકારણરૂપ જગતજનની પાર્વતી દેવીને જોઈને ભક્તિભાવપૂર્વક મસ્તક નમાવીને મેના સહિત એમને પ્રણામ કર્યા. ત્રિલોચન શિવે પણ બહુ પ્રસન્નતાની સાથે આંખોના ખૂણેથી એમને જોયાં અને એમનામાં સતીની આકૃતિ જોઈને પોતાની વિરહવેદનાનો ત્યાગ કર્યો. શિવા પર આંખો સ્થિર કરી. ભગવાન શિવ એ વખતે જાણે બધું જ ભૂલી ગયા. એમના આખા અંગમાં રોમાંચ વ્યાપી ગયો. એ હર્ષનો અનુભવ કરતાં કરતાં ગૌરી ભણી જોવા લાગ્યા. ગૌરી એમની આંખોમાં સમાઈ ગઈ હતી.

આ બાજુ કાલી પુરીથી બહાર જઈને અંબિકાદેવીની પૂજા કર્યા પશ્ચાત્ બ્રાહ્મણપત્નીઓ સાથે પુનઃ પોતાના પિતાના રમણીય ભવનમાં પરત આવી ગયાં. ભગવાન શંકર પણ હું - બ્રહ્મા, વિષ્ણુ અને દેવતાઓ સાથે હિમાચલે બતાવેલા નિયત સ્થાન પર પ્રસન્નતાપૂર્વક ગયા. ત્યાં ગિરિરાજ દ્વારા વિવિધ પ્રકારની સુંદર સમૃદ્ધિથી સન્માનિત થયેલા એ બધા લોકો સુખપૂર્વક નિવાસ કરવા લાગ્યા અને ભગવાન શંકરની સેવા કરવા લાગ્યા. (અધ્યાય ૪૬)

*

## વરપક્ષનાં આભૂષણોથી વિભૂષિત શિવાની નીરાજના, કન્યાદાનના સમયે બધા દેવતાઓનું હિમાચલના ઘરના આંગણામાં બિરાજવું અને વરવધૂ દ્વારા એકબીજાનું પૂજન

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! તદનંતર ગિરિશ્રેષ્ઠ હિમવાને પ્રસન્નતા અને ઉત્સાહ સાથે વેદમંત્રો દ્વારા દુર્ગા અને શિવને ઉપસ્નાન કરાવ્યું. તત્પશ્ચાત્ ગિરિરાજની પ્રાર્થનાથી શ્રીવિષ્ણુ વગેરે

દેવતા તથા મુનિ કુતૂહલપૂર્વક એમના ઘરની અંદર ગયા. ત્યાં એમણે વૈદિક અને લૌકિક આચારનું યથાર્થ રીતે પાલન કરીને ભગવાન શિવનાં આપેલાં આભૂષણોથી દેવી શિવાને અલંકૃત કર્યાં. સખીઓ અને બ્રાહ્મણપત્નીઓએ પહેલાં પાર્વતીને સ્નાન કરાવ્યું, પછી સર્વપ્રકારે વસ્ત્ર-આભૂષણ દ્વારા વિભૂષિત કરીને એમની આરતી ઉતારી. ત્રણે લોકોની જનની મહાશૈલપુત્રી સુંદરી શિવા દિવ્ય વસ્ત્ર-આભૂષણોથી સુસજ્જિત થઈને મનમાં ને મનમાં ભગવાન શિવનું ધ્યાન કરતાં કરતાં ત્યાં જ બેસી ગયાં. એ વખતે એમનું સૌંદર્ય ખૂબ શોભી રહ્યું હતું. એ અવસરે બંને પક્ષોમાં મહાન આનંદદાયક ઉત્સવ થવા લાગ્યો. બ્રાહ્મણોને શાસ્ત્રોક્ત રીતે વિવિધ પ્રકારનાં દાન દેવાયાં. અન્ય લોકોને પણ ત્યાં સારી પેઠે ઘણું બધું દ્રવ્ય વહેંચવામાં આવ્યું. વિશેષ ઉત્સવની સાથે ગીત અને વાદ્ય વગેરે દ્વારા લોકોનું મનોરંજન કરવામાં આવ્યું. ત્યાર પછી હું - બ્રહ્મા, ભગવાન વિષ્ણુ, ઈન્દ્ર આદિ દેવતા તથા મુનિઓએ બધા જ બહુ જ પ્રસન્નતાની સાથે સાનંદ ઉત્સવ મનાવતાં મનાવતાં ભક્તિભાવથી શિવાને પ્રણામ કરીને શિવનાં ચરણારવિન્દોનું ચિંતન કરતાં કરતાં હિમાચલની આજ્ઞા લઈને પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

એ પછી ગર્ગે કન્યાદાનનો સમય થયેલો જાણીને હિમાચલને શ્રીશંકર તથા જાનૈયાઓને બોલાવી લાવવા કહ્યું. પછી તો અનેક પ્રકારનાં વાદ્યો વાગવા લાગ્યાં. હિમાચલના મંત્રીઓએ જઈને વર અને જાનૈયાઓને શીઘ્ર પધારવા માટે પ્રાર્થના કરી. એ બોલ્યા - 'કન્યાદાન માટે ઉચિત સમય થયો છે. તેથી આપ લોકો શીઘ્ર જ મંડપમાં પધારો.' ત્યાર પછી ભગવાન શિવને સુંદર વસ્ત્ર-આભૂષણથી સુસજ્જ કરીને વૃષભની પીઠ પર બેસાડ્યા અને જયકારો બોલાવીને સૌ લોકો ચાલ્યા. ભગવાન શંકરને આગળ કરીને વાજાં વગાડતા અને કૌતુક કરતા કરતા બધા જાનૈયાઓ હિમાલયને ઘેર ગયા. હિમાલયે મોકલેલા બ્રાહ્મણ તથા શ્રેષ્ઠ પર્વત કુતૂહલપૂર્વક શંભુની આગળ આગળ ચાલતા હતા. ભગવાનના મસ્તક ઉપર બહુ જ મોટું છત્ર તાણેલું હતું. બધી જ બાજુએથી એમને ચામર ઢોળવામાં આવતા હતા. એ મહેશ્વર એ ચંદરવા નીચે દઈને ચાલતા હતા. હું વિષ્ણુ, ઈન્દ્ર અને લોકપાલ આગળ રહીને ઉત્તમ શોભાથી સુશોભિત થઈ રહ્યા હતા - એ મહાન ઉત્સવ વખતે શંખ, ભેરી, પટહ, આનક અને ગોમુખ વગેરે વાજાં વારંવાર વાગી રહ્યાં હતાં. આ સૌની સાથે જગતના એક માત્ર જીવનબંધુ ભગવાન શિવ પરમેશ્વરને ઉચિત એવા તેજથી સંપન્ન થઈને યાત્રા કરી રહ્યા હતા. એ સમયે સમસ્ત દેવેશ્વર એમની સેવામાં ઉપસ્થિત થઈને હર્ષ-ઉલ્લાસ સાથે એમના પર પુષ્પવૃષ્ટિ કરતા હતા. આ રીતે પૂજિત અને બહુ જ સ્તુતિઓ દ્વારા પ્રશંસિત થઈને પરમેશ્વર શિવે યજ્ઞમંડપમાં પ્રવેશ કર્યો. ત્યાં શ્રેષ્ઠ પર્વતોએ શિવને વૃષભ પરથી ઉતાર્યા અને મહાન ઉત્સવની સાથે એમને ઘરની અંદર લઈ ગયા. હિમાલયે પણ ઘરમાં આવેલા દેવતાઓ સહિત મહેશ્વરને વિધિપૂર્વક ભક્તિભાવથી પ્રણામ કરીને એમની આરતી ઉતારી. પછી મહાન ઉત્સવપૂર્વક પોતાના ભાગ્યનાં વખાણ કરતાં કરતાં એમણે અન્ય સમસ્ત દેવતાઓ અને મુનિઓને પ્રણામ કરીને એ સૌનો સમાદર કર્યો. શ્રીવિષ્ણુ સહિત મહેશ્વરને તથા મુખ્ય મુખ્ય દેવતાઓને પાદ્ય-અર્ઘ્ય આપીને હિમાલય એમને પોતાના ભવનની અંદર લઈ ગયા અને આંગણામાં રત્નમય સિંહાસનો પર

મને, વિષ્ણુને, શંકરજીને તથા અન્ય વિશિષ્ટ વ્યક્તિઓને બેસાડ્યા. એ સમયે મેનાએ પોતાની સખીઓ તથા બ્રાહ્મણપત્નીઓ તથા અન્ય પુરન્સ્ત્રિયોની સાથે આવીને સાનંદ આરતી ઉતારી- કર્મકાંડના જ્ઞાતા પુરોહિત મહાત્મા શંકર માટે મધુપર્ક - પૂજન વગેરે જે જે આવશ્યક કૃત્ય હતાં, એ સર્વને સહર્ષ સંપન્ન કર્યાં. પછી મારા કહેવાથી પુરોહિતે પ્રસ્તાવને અનુરૂપ ઉત્તમ મંગલકાર્યોનો આરંભ કર્યો.

એ પછી હિમાલય અંતર્વેદીમાં જ્યાં સમસ્ત આભૂષણોથી વિભૂષિત એમની કૃશાંગી કન્યા વેદી પર બિરાજમાન હતી, ત્યાં મારી અને શ્રીવિષ્ણુની સાથે મહાદેવજીને લઈ ગયા. ત્યાર પછી બૃહસ્પતિ વગેરે વિદ્વાન બહુ ઉત્સાહથી સંપન્ન થઈને કન્યાદાનને ઉચિત એવા લગ્નની પ્રતીક્ષા કરવા લાગ્યા. ગર્ગ ઋષિએ પુણ્યાહવાચન કરતાં કરતાં પાર્વતીજીની અંજલિમાં ચોખા ભરાવ્યા અને શિવજી ઉપર તે ચોખા પધરાવ્યા. પરમ ઉદાર સુમુખી પાર્વતીએ દહીં, અક્ષત, કુશ અને જળથી ત્યાં રુદ્રદેવનું પૂજન કર્યું. જેને માટે શિવાએ બહુ ભારે તપસ્યા કરી હતી, એ ભગવાન શિવને બહુ પ્રેમથી જોઈ રહ્યાં હતાં તે ત્યાં અત્યંત શોભા પામી રહ્યાં હતાં. પછી મારા અને ગર્ગ આદિના કહેવાથી લોકાચારવશ શંભુએ શિવાનું પૂજન કર્યું. આ પ્રકારે પરસ્પર પૂજન કરતાં કરતાં એ બંને જગન્મય પાર્વતી-પરમેશ્વર ત્યાં સુશોભિત થઈ રહ્યાં હતાં. ત્રિભુવનની શોભાથી સંપન્ન થઈ પરસ્પર જોતાં એ બંને દંપતિની લક્ષ્મી વગેરે દેવીઓએ વિશેષરૂપે આરતી ઉતારી.

(અધ્યાય ૪૭)

*

## શિવ-પાર્વતીના વિવાહનો આરંભ, હિમાલય દ્વારા શિવના ગોત્ર અંગે પ્રશ્ન થવાથી નારદજી દ્વારા ઉત્તર, હિમાલયનું કન્યાદાન કરવું અને શિવને દહેજ આપવું તથા શિવાનો અભિષેક

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! એ જ સમયે ત્યાં ગર્ગાચાર્યથી પ્રેરિત થઈને મેના સહિત હિમવાને કન્યાદાનના કાર્યનો આરંભ કર્યો. એ સમયે વસ્ત્ર-આભૂષણોથી વિભૂષિત મહાભાગા મેના સોનાનો કળશ લઈ પતિ હિમવાનની જમણી બાજુએ બેઠાં. તત્પશ્ચાત્ પુરોહિત સહિત હર્ષથી ભરેલા શૈલરાજને પાદ્ય વગેરે દ્વારા વરનું પૂજન કરીને વસ્ત્ર, ચંદન અને આભૂષણો દ્વારા એમનું વરણ કર્યું. ત્યાર પછી હિમાચલે બ્રાહ્મણોને કહ્યું - 'તમે લોકો તિથિ વગેરેના કીર્તનપૂર્વક કન્યાદાનના સંકલ્પનો પ્રયોગ બોલો. એ માટે અવસર આવી ગયો છે.' એ બધા દ્વિજશ્રેષ્ઠ કાલના જ્ઞાતા હતા. તેથી 'તથાસ્તુ' કહીને એ સર્વ ખૂબ જ પ્રસન્નતાની સાથે તિથિ આદિનું કીર્તન કરવા લાગ્યા. તદનંતર સુંદર લીલા કરનારા શંભુ દ્વારા મનમાં ને મનમાં પ્રેરિત થઈને હિમાચલે પ્રસન્નતાપૂર્વક હસીને કહ્યું - 'હે શંભો! આપ આપનું ગોત્ર કયું છે તેનો પરિચય આપો. પ્રવર, કુલ, નામ, વેદ અને શાખાનું પ્રતિપાદન કરો. હવે અધિક સમય જવા ન દો.'

હિમાચલની આ વાત સાંભળીને ભગવાન શંકર સુમુખ થઈને પણ વિમુખ થઈ ગયા. અશોચનીય થઈને પણ તત્કાળ શોચનીય અવસ્થામાં પડી ગયા. એ સમયે શ્રેષ્ઠ દેવતાઓ

મુનિઓ, ગંધર્વો, યક્ષો અને સિદ્ધોએ જોયું કે ભગવાન શિવના મુખથી કોઈ ઉત્તર જ આવી રહ્યો નથી. હે નારદ! આ જોઈને તમે હસવા માંડ્યા અને મહેશ્વરનું મનમાં ને મનમાં સ્મરણ કરીને ગિરિરાજને કહેવા લાગ્યા.

**નારદે કહ્યું**—હે પર્વતરાજ! તમે મૂઢતાને વશીભૂત થઈને કશું જ જાણતા નથી. મહેશ્વરને શું કહેવું જોઈએ અને શું ન કહેવું જોઈએ એની તમને ખબર જ નથી. વાસ્તવમાં તમે બહુ જ બહિર્મુખ છો. તમે આ સમયે સાક્ષાત્ હરને એમનું ગોત્ર પૂછ્યું છે અને એ બતાવવા માટે એમને પ્રેરિત કર્યા છે. તમારી આ વાત અત્યંત ઉપહાસજનક છે. હે પર્વતરાજ! એમનું ગોત્ર, કુળ અને નામને તો વિષ્ણુ અને બ્રહ્મા વગેરે પણ જાણતા નથી, પછી બીજાઓની તો વાત જ શી કરવી? હે શૈલરાજ! જેના એક દિવસમાં કરોડો બ્રહ્માઓનો લય થાય છે, એ જ ભગવાન શંકરને તમે આજે કાલીને તમે પ્રત્યક્ષ જોયા છે. એમને કોઈ રૂપ નથી, એ તો પ્રકૃતિથી પણ પરે, નિર્ગુણ પરબ્રહ્મ પરમાત્મા છે. નિરાકાર, નિર્વિકાર, માયાધીશ અને પરમાત્મ છે. ગોત્ર, કુળ અને નામથી રહિત સ્વતંત્ર પરમેશ્વર છે. સાથે જ પોતાના ભક્તો પ્રત્યે ખૂબ જ દયાળુ છે. ભક્તોની ઇચ્છાથી જ એ નિર્ગુણથી સગુણ થઈ જાય છે, નિરાકાર હોવા છતાં પણ સુંદર શરીર ધારણ કરી લે છે અને અનામા હોવા છતાં પણ અનેક નામવાળા થઈ જાય છે. એ ગોત્રહીન હોવા છતાં પણ ઉત્તમ ગોત્રવાળા છે. કુળહીન થઈને પણ કુલીન છે, પાર્વતીની તપસ્યાથી જ એ આજે તમારા જમાઈ બની ગયા છે, એમાં સંશય નથી. હે ગિરિશ્રેષ્ઠ! આ લીલાવિહારી પરમેશ્વરે ચરાચર જગતને મોહમાં નાખ્યું છે. કોઈ કેટલોય બુદ્ધિમાન કેમ ન હોય, તે ભગવાન શિવને સારી પેઠે અચ્છી તરહ નથી જાણતો.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! આવું કહીને શિવની ઇચ્છાથી કાર્ય કરનારા તમે જ્ઞાની દેવર્ષિએ શૈલરાજને પોતાની વાણીથી ફરી આ રીતે ઉત્તર આપ્યો.

**નારદ બોલ્યા**—શિવાને જન્મ આપનાર હે તાત મહાશૈલ! મારી વાત સાંભળો અને એ સાંભળીને તમારી પુત્રી શંકર ભગવાનના હાથમાં આપી દો. લીલાપૂર્વક રૂપ ધારણ કરનારા સગુણ મહેશ્વરનું ગોત્ર અને કુળ કેવળ નાદ જ છે, એ વાતને સારી રીતે સમજી લો. શિવ નાદમય છે અને નાદ શિવમય છે. આ સર્વથા સાચી જ વાત છે. નાદ અને શિવ - એ બંનેમાં કોઈ અંતર નથી. હે શૈલેન્દ્ર! સૃષ્ટિની વેળાએ સૌથી પ્રથમ લીલાને માટે સગુણરૂપ ધારણ કરનારા શિવથી નાદ જ પ્રગટ થયો હતો. માટે તે સૌથી ઉત્કૃષ્ટ છે. હે હિમાલય! એટલા માટે મનમાં ને મનમાં સર્વેશ્વર શંકર દ્વારા પ્રેરિત થઈને મેં આજે અત્યારે વીણા વગાડવાનો આરંભ કરી દીધો હતો.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! તમારી આ વાત સાંભળીને ગિરિરાજ હિમાલયને સંતોષ પ્રાપ્ત થયો અને એમના મનનો બધો વિસ્મય જતો રહ્યો. તદનંતર શ્રીવિષ્ણુ આદિ દેવતા તથા મુનિ બધા જ વિસ્મયરહિત થઈ ગયા અને નારદને સાધુવાદ આપવા માંડ્યા. મહેશ્વરની ગંભીરતા જાણીને બધા વિદ્વાન આશ્ચર્યચકિત થઈને ખૂબ જ પ્રસન્નતાની સાથે પરસ્પર બોલ્યા - 'અહો! જેમની આજ્ઞાથી આ વિશાળ જગતનું પ્રાગટ્ય થયું છે, જે પરાત્પર, આત્મબોધસ્વરૂપ,

સ્વતંત્ર લીલા કરનાર તથા ઉત્તમ ભાવથી જ જાણવાયોગ્ય છે, એ ત્રિલોકનાથ ભગવાન શંભુનાં અમે લોકોએ સારી પેઠે દર્શન કર્યાં છે.

તદનંતર હિમાલયે વિવિધ દ્વારા પ્રેરિત થઈને ભગવાન શિવને પોતાની કન્યાનું દાન કરી દીધું. કન્યાદાન કરતી વખતે એ બોલ્યા -

**"ઈમાં કન્યાં તુભ્યમહં દદામિ પરમેશ્વર। ભાર્યાર્થં પરિગૃહ્ણીષ્વ પ્રસીદ સકલેશ્વર॥**

'હે પરમેશ્વર! હું મારી આ કન્યા આપને આપું છું. આપ એને તમારી પત્ની બનાવવા માટે ગ્રહણ કરો. હે સર્વેશ્વર! આ કન્યાદાનથી આપ સંતુષ્ટ થાઓ.'

આ મંત્રનું ઉચ્ચારણ કરીને હિમાચલે પોતાની પુત્રી ત્રિલોકજનની પાર્વતીને એ મહાન દેવતા રુદ્રના હાથમાં આપી દીધી. આ રીતે શિવાનો હાથ શિવના હાથમાં રાખીને આપીને શૈલરાજ મનમાં ને મનમાં બહુ પ્રસન્ન થયા. એ સમયે તે પોતાના મનોરથના મહાસાગરને પાર કરી ગયા હતા. પરમેશ્વર મહાદેવજીએ પ્રસન્ન થઈ વેદમંત્રના ઉચ્ચારણપૂર્વક ગિરિજાના કરકમલને શીઘ્ર જ પોતાના હાથમાં લઈ લીધો. હે મુને! લોકાચારના પાલનની આવશ્યકતાને જોતાં એ ભગવાન શંકરે પૃથ્વીનો સ્પર્શ કરીને **'કોડદાત્૦'*** ઈત્યાદિ રૂપે કામસંબંધી મંત્રનો પાઠ કર્યો. એ સમયે ત્યાં બધી બાજુએ મહાન આનંદદાયક મહોત્સવ થવા માંડ્યો. પૃથ્વી પર, અંતરિક્ષમાં તથા સ્વર્ગમાં પણ જયજયકારના શબ્દ ગૂંજવા લાગ્યા. સર્વ લોકો અત્યંત હર્ષથી સભર બન્યા અને સાધુવાદ આપવા લાગ્યા. નમસ્કાર કરવા લાગ્યા. ગંધર્વગણ પ્રેમપૂર્વક ગાવા લાગ્યા અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. હિમાચલ નગરના લોકો પણ પોતાના મનમાં પરમ આનંદનો અનુભવ કરવા લાગ્યા. એ સમયે મહાન ઉત્સવની સાથે સાથે પરમ મંગલ પણ મનાવા માંડ્યું. હું, વિષ્ણુ, ઈન્દ્ર, દેવગણ તથા સંપૂર્ણ મુનિ હર્ષથી સભર ભરાઈ ગયા. ત્યાર પછી શૈલરાજ હિમાચલે અત્યંત પ્રસન્ન થઈને શિવને માટે કન્યાદાનની યથા-ઉચિત સાંગતા પ્રદાન કરી. ત્યાર પછી બંધુજનોએ ભક્તિપૂર્વક શિવાનું પૂજન કરીને વિવિધ પ્રકારનાં વિધિ-વિધાનથી ભગવાન શિવને ઉત્તમ દ્રવ્ય સમર્પિત કર્યાં. હિમાલયે દહેજમાં દાયજામાં હાથમાં અનેક પ્રકારનાં દ્રવ્ય, રત્ન, પાત્ર, એક લાખ સુસજ્જિત ગાયો, એક લાખ સાજસજ્જાથી યુક્ત ઘોડા, કરોડ હાથી અને એટલા જ સુવર્ણજડિત રથ વગેરે વસ્તુઓ આપી. આ રીતે શિવને વિધિ-પૂર્વક પોતાની પુત્રી કલ્યાણમયી પાર્વતીનું દાન કરીને હિમાલય કૃતાર્થ થઈ ગયા. એ પછી શૈલરાજે યજુર્વેદની માધ્યંદિની શાખામાં વર્ણિત સ્તોત્ર દ્વારા બંને હાથ જોડીને પ્રસન્નતાપૂર્વક ઉત્તમ વાણીમાં પરમેશ્વર શિવની સ્તુતિ કરી. તત્પશ્ચાત્ વેદવેત્તા હિમાલયની આજ્ઞા મળ્યા પછી મુનિઓએ બહુ ઉત્સાહની સાથે શિવાના મસ્તક પર અભિષેક કર્યો અને મહાદેવજીનું નામ લઈને એ અભિષેકની વિધિ પૂરી કરી. હે મુને! એ સમયે બહુ મોટો આનંદદાયક મહોત્સવ થઈ રહ્યો હતો.

(અધ્યાય ૪૮)

*

* વિવાહમાં કન્યા-પ્રતિગ્રહ પછી વર આ કામસ્તુતિનો પાઠ કરે છે. પૂરો મંત્ર આ પ્રમાણે છે: **કોડદાત્કસ્મા અદાત્કામોડદાત્કામાયાદાત્કામો દાતા કામઃ પ્રતિગ્રહીતા કામૈતત્તે** (શુ. યજુર્વેદસંહિતા ૭/૪૮)

# શિવના વિવાહનો ઉપસંહાર, એમના દ્વારા દક્ષિણા-વિતરણ, વરવધૂનું કુળદેવતાના પૂજન માટે જવું અને વાસભવનમાં જવું, ત્યાં સ્ત્રીઓ દ્વારા એમની પાસે લોકાચારનું પાલન કરાવવું, રતિની પ્રાર્થનાથી શિવ દ્વારા કામને જીવનદાન અને વરદાન આપવું, વરવધૂનું એકબીજાને મિષ્ટાનભોજન કરાવવું અને શિવનું જાનીવાસે પરત આવવું

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! તદનંતર મારી આજ્ઞા મેળવીને મહેશ્વરે બ્રાહ્મણો દ્વારા અગ્નિની સ્થાપના કરાવી અને પાર્વતીને પોતાની આગળ બેસાડીને ત્યાં ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદના મંત્રો દ્વારા અગ્નિમાં આહુતિઓ આપી. હે તાત! એ સમયે કાલીના ભાઈ મૈનાકે લાવાની (લાજા-ડાંગર)ની અંજલિ આપી અને કાલી તથા શિવ બંનેએ આહુતિ આપીને લોકાચારનો આશ્રય લઈને પ્રસન્નતાપૂર્વક અગ્નિદેવની પરિક્રમા કરી.

હે નારદ! ત્યાર પછી શિવની આજ્ઞાથી મુનિઓ સહિત મેં શિવા-શિવ-વિવાહનો બાકીનો ભાગ પ્રસન્નતાપૂર્વક પૂરો કર્યો. પછી એ બંને દંપતિના મસ્તક પર અભિષેક થયો. બ્રાહ્મણોએ એમને ઉદારતાપૂર્વક ધ્રુવનું દર્શન કરાવ્યું. ત્યાર પછી હૃદયાલંભનનું કાર્ય થયું. પછી બહુ ઉત્સાહની સાથે સ્વસ્તિવાચન થયું. એ પછી બ્રાહ્મણોની આજ્ઞાથી શિવે શિવાની સેંથીમાં સિંદૂર પૂર્યું. એ સમયે ગિરિરાજનન્દિની ઉમાની શોભા અદ્ભુત અને અવર્ણનીય થઈ ગઈ. પછી બ્રાહ્મણોના આદેશથી શિવ-દંપતી એક આસન પર બિરાજમાન થઈ ભક્તોના ચિત્તને આનંદદાયક ઉત્તમ શોભાને પ્રાપ્ત થયાં. હે મુને! ત્યાર પછી અદ્ભુત લીલા કરનારા એ નવદંપતિએ મારી આજ્ઞા મેળવીને પોતાના સ્થાન પર આવીને સંસ્રવપ્રાશન* કર્યું. આ રીતે વિધિપૂર્વક એ વૈવાહિક - યજ્ઞ પૂરો થઈ ગયા પછી ભગવાન શિવે મુજને-લોકસ્રષ્ટા બ્રહ્માને પૂર્ણ પાત્ર દાન કર્યું. પછી શંભુએ આચાર્યને ગોદાન આપ્યું. મંગળદાયક જે મોટાં મોટાં દાનો કહેવાય છે તે પણ બધાં જ સંપન્ન થયાં. ત્યાર પછી એમણે ઘણાબધા બ્રાહ્મણોને જુદી જુદી સો સો સુવર્ણ મુદ્રાઓ આપી. કરોડો રત્નોનું દાન કર્યું, અનેક પ્રકારનાં દ્રવ્યો વહેંચ્યાં. એ સમયે સર્વ દેવતા તથા બીજા બીજા ચરાચર જીવ મનમાં ને મનમાં ખૂબ જ પ્રસન્ન થયા અને જોર જોરથી જય જયકારનો ધ્વનિ થવા લાગ્યો. બધી બાજુએ માંગલિક શબ્દો અને ગીતો ગવાવવામાં લાગ્યાં. વાદ્યોનો મનોહર ધ્વનિ બધાના આનંદની વૃદ્ધિ કરવા લાગ્યો. ત્યાર પછી શ્રીવિષ્ણુ, હું, દેવતા, ઋષિ તથા અન્ય સર્વ લોકો ગિરિરાજ પાસેથી આજ્ઞા લઈને ખૂબ જ પ્રસન્નતાની સાથે શીઘ્ર જ પોતપોતાના રહેવાના સ્થાને ચાલ્યા આવ્યા. એ સમયે હિમાલયનગરની સ્ત્રીઓ આનંદમગ્ન થઈને શિવ અને પાર્વતીને લઈને કુળદેવતાના પૂજનના સ્થાને લઈ ગયાં. ત્યાં

---

* અગ્નિમાં ઘીની આહુતિ આપીને સરવામાં અવશિષ્ટ ઘીને પ્રોક્ષણી પાત્રમાં નાખવાની વિધિ છે. પ્રત્યેક આહુતિમાં આમ કરવામાં આવે છે. પ્રોક્ષણીપાત્રમાં નાખેલા ઘીને જ 'સંસ્રવ' કહે છે. અંતમાં યજમાન એને પીએ છે. એને જ 'સંસ્રવપ્રાશન' કહેવામાં આવે છે.

એ સૌએ આદરપૂર્વક વર-વધૂ પાસે લોકાચારનું સંપાદન કરાવ્યું. એ સમયે સર્વત્ર પરમાનંદદાયક મહાન ઉત્સવ છવાઈ રહ્યો હતો. ત્યાર પછી તે સ્ત્રીઓએ લોકકલ્યાણકારી દંપતીને સાથે લઈને પરમ દિવ્ય વાસભવન (કૌતુકાગાર)માં ગઈ અને ત્યાં પ્રસન્નતાપૂર્વક લોકાચારનું સંપાદન કર્યું. એ પછી ગિરિરાજના નગરની સ્ત્રીઓએ પાસે આવીને મંગલકૃત્ય કરીને એ નવદંપતીને કેલિગૃહમાં પહોંચાડ્યાં, અને જયધ્વનિ કરતાં કરતાં એમના ગઠબંધનની ગાંઠ ખોલવાનું વગેરે કાર્ય સંપન્ન કર્યું.

એ સમયે એ નૂતન દંપતિને જોવા માટે સોળ દિવ્ય નારીઓ બહુ આદરની શીઘ્રતાપૂર્વક ત્યાં આવી. એમનાં નામ આ પ્રમાણે છે - સરસ્વતી, લક્ષ્મી, સાવિત્રી, ગંગા, અદિતિ, શચી, લોપામુદ્રા, અરુન્ધતી, અહલ્યા, તુલસી, સ્વાહા, રોહિણી, પૃથ્વી, શતરૂપા, સંજ્ઞા તથા રતિ. આ દેવાંગનાઓ તથા મનોહારિણી દેવકન્યા, નાગકન્યા અને મુનિકન્યાઓ પણ ત્યાં આવી પહોંચી. ત્યાં એટલી સ્ત્રીઓ હાજર હતી કે એ સૌની ગણના કરવામાં કોણ સમર્થ છે? એમના આપેલા રત્નસિંહાસન ...ર ભગવાન શિવ પ્રસન્નતાપૂર્વક બેઠા. એ સમયે ...ધાંએ શિવ સાથે વિવિધ પ્રકારની વિનોદપૂર્ણ વાત... ...ી. ત્યાર બાદ પ્રસન્નચિત્ત થયેલ મહેશ્વરે પોતા... આચમનીની સાથે મિષ્ટાન્ન ભોજન અને આ ...કપૂરવાળું પાન ખાધું.

પ્રસન્ન થયેલ... પર અનુકૂળ સમય જાણીને ... કહ્યું - 'હે ભગ...નવત્સ ભગવાન શંકરને ... આપે અત્યંત દુ...નું પાણિગ્રહણ કરીને ... બતાવો તો ખરા, ... પ્રાપ્ત કર્યું છે. ... સ્વાર્થરહિત હતા, આપ... . જે સર્વથા ...ધા? હવે અહીં મારા પતિને જીવિત કરો અને પોતાના અંતઃકરણમાં કામ-સંબંધી વ્યાપારને જાગ્રત કરો. તમને અને મને જે સમાનરૂપે વિયોગજનિત સંતાપ પ્રાપ્ત થયો છે એને દૂર કરો. હે મહેશ્વર! આપના આ વિવાહ-ઉત્સવમાં બધા જ લોકો સુખી થયા છે. માત્ર હું જ પોતાના પતિ વિના દુઃખમાં ગળાડૂબ છું. હે દેવ! હે શંકર! પ્રસન્ન થાઓ, અને મને સનાથ કરો. હે દીનબંધો! હે પરમ પ્રભો! આપે કહેલું વચન સત્ય કરો. ચરાચર પ્રાણીઓ સહિત ત્રણે લોકોમાં આપના સિવાય બીજું કોણ છે, જે મારા દુઃખના નાશ કરવામાં સમર્થ હોય? આવું જાણીને આપ મુજ પર દયા કરો. દીનો પર દયા કરનારા હે નાથ! સર્વને આનંદ પ્રદાન કરનારા પોતાના આ વિવાહ ઉત્સવમાં મને પણ ઉત્સવસંપન્ન બનાવો. મારા પ્રાણનાથના જીવિત થવાથી જ પોતાની પ્રિયા પાર્વતીની સાથે આપનો સુંદર વિવાહ પરિપૂર્ણ થશે, એમાં સંશય નથી.



હે સર્વેશ્વર! આપ સર્વ કાંઈ કરવામાં સમર્થ છો. કેમકે, આપ જ પરમેશ્વર છો. અહીં હવે વધારે કહેવાથી શો લાભ? હે સર્વેશ્વર! આપ શીઘ્ર જ મારા પતિને જીવિત કરો.'

આવું કહીએ રતિએ ગાંઠમાં બાંધેલ કામદેવના શરીરની ભસ્મ શંભુને આપી દીધી અને એમની સામે 'હા નાથ! હા નાથ!' કહીને રડવા લાગી. - રતિનું રુદન સાંભળીને સરસ્વતી વગેરે બધી જ દેવીઓ રડવા લાગી અને અત્યંત દીન વાણીમાં બોલી - 'હે પ્રભો! આપનું નામ ભક્તવત્સલ છે. આપ દીનબંધુ અને દયાના સાગર છો. તેથી કામને જીવનદાન આપો અને રતિને ઉત્સાહિત કરો. આપને નમસ્કાર છે.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! એ સર્વની એ વાત સાંભળીને મહેશ્વર પ્રસન્ન થઈ ગયા. એ કરુણાસાગર પ્રભુએ તત્કાળ જ રતિ પર કૃપા કરી. ભગવાન શૂલપાણિની અમૃતમયી દૃષ્ટિ પડતાંની સાથે જ પહેલાં જેવું રૂપ, વેશ અને ચિહ્નથી યુક્ત અદ્ભુત મૂર્તિધારી સુંદર કામદેવએ ભસ્મથી પ્રગટ થઈ ગયા. પોતાના પતિને એવાં જ રૂપ, આકૃતિ, મંદમુસ્કાન અને ધનુષ-બાણથી યુક્ત જોઈને રતિએ મહેશ્વરને પ્રણામ કર્યા. તે કૃતાર્થ થઈ ગઈ. એણે પ્રાણનાથની પ્રાપ્તિ કરાવનારા ભગવાન શિવનું પોતાના જીવિત પતિની સાથે હાથ જોડીને વારંવાર સ્તવન કર્યું. પત્નીસહિત કામની કરેલી સ્તુતિને સાંભળીને દયાર્દ્ર હૃદય ભગવાન શંકર અત્યંત પ્રસન્ન થયા અને આ પ્રકારે બોલ્યા -

**શંકરે કહ્યું**—હે મનોભવ! પત્નીસહિત તમે જે સ્તુતિ કરી છે એનાથી હું બહુ પ્રસન્ન છું. સ્વયં પ્રગટ થનાર હે કામ! તમે વરદાન માગો. હું તમને મનોવાંછિત વસ્તુ આપીશ.

શંભુનું આ વચન સાંભળીને કામદેવ મહાન આનંદમાં નિમગ્ન થઈ ગયા અને હાથ જોડીને મસ્તક નમાવી ગદ્ગદ વાણીમાં બોલ્યા.

**કામદેવે કહ્યું**—હે દેવદેવ મહાદેવ! કરુણાસાગર હે પ્રભો! જો આપ મારા ઉપર પ્રસન્ન થયા હોય તો મારે માટે આનંદદાયક થાઓ. હે પ્રભો! પૂર્વકાળમાં મેં જે અપરાધ કર્યો હતો, એની મને ક્ષમા કરો. સ્વજનો પ્રતિ પરમ પ્રેમ અને આપનાં ચરણોમાં ભક્તિ આપો.

કામદેવનું આ કથન સાંભળીને પરમેશ્વર શિવ પ્રસન્ન થઈને બોલ્યા - 'બહુ સારું' એ પછી એ કરુણાનિધિએ હસીને કહ્યું - હે મહામતે કામદેવ! હું તમારા ઉપર પ્રસન્ન છું. તમે મનમાંથી ભય કાઢી નાખો. ભગવાન વિષ્ણુની પાસે જાઓ અને આ ઘરથી બહાર જ રહો.'

ત્યાર પછી કામ શિવજીને પ્રણામ કરીને બહાર આવી ગયો. વિષ્ણુ વગેરે દેવતાઓએ એને આશીર્વાદ આપ્યા એ પછી ભગવાન શંકરે એ વાસભવનમાં પાર્વતીને ડાબી બાજુ બેસાડીને મિષ્ટાન્ન ભોજન કરાવ્યું અને પાર્વતીએ પણ પ્રસન્નતાપૂર્વક એમનું મુખ મીઠું કરાવ્યું. એ પછી ત્યાં લોકાચારનું પાલન કરતાં કરતાં આવશ્યક કૃત્ય કરીને મેના અને હિમવાનની આજ્ઞા લઈને ભગવાન શિવ જાનીવાસે ચાલ્યા ગયા. હે મુને! એ સમયે મહાન ઉત્સવ થયો અને વેદમંત્રોનો ધ્વનિ થવા લાગ્યો. લોકો ચાર પ્રકારનાં* વાદ્યો વગાડવા લાગ્યા. જાનીવાસે

---

* અમરકોશમાં જે ચાર પ્રકારનાં વાદ્યો બતાવાયાં છે, સંસારમાં અથવા અર્વાચીન વાદ્યો એમાં જ સમાઈ જાય છે. એમનાં નામ આ પ્રકારે છે. તત, આનદ્ધ, સુષિર અને ઘન. તત એ વાદ્ય છે જેમાં તારનો વિસ્તાર હોય જેમકે, વીણા, સિતાર

પોતાના સ્થાન પર પહોંચીને લોકાચારવશ મુનિઓને પ્રણામ કર્યા. શ્રીહરિને અને મને પણ એમણે મસ્તક નમાવ્યું. નમસ્કાર કર્યા. પછી બધા દેવતાઓએ એમની વંદના કરી. એ સમયે ત્યાં જયજયકાર, નમસ્કાર તથા સમસ્ત વિઘ્નોનો નાશ કરનાર વેદધ્વનિ પણ થવા લાગ્યો. એ પછી મેં, ભગવાન વિષ્ણુએ તથા ઇન્દ્ર, ઋષિ અને સિદ્ધોએ વગેરેએ પણ શંકરજીની સ્તુતિ કરી. ગિરિજાનાયક મહેશ્વરની સ્તુતિ કરીને એ વિષ્ણુ આદિ દેવતા પ્રસન્નતાપૂર્વક એમની યથોચિત સેવામાં લાગી ગયા. ત્યાર બાદ લીલાપૂર્વક શરીર ધારણ કરનાર મહેશ્વર શંભુએ એ સૌને સન્માન આપ્યું. પછી એ પરમેશ્વરની આજ્ઞા મેળવીને વિષ્ણુ આદિ દેવતાઓ અત્યંત પ્રસન્ન થઈ પોત-પોતાને વિશ્રામ સ્થાને ગયા.

(અધ્યાય ૪૯-૫૧)

*

## રાત્રે પરમ સુંદર રીતે સજાવેલા વાસગૃહમાં શયન કરીને પ્રાતઃકાલ ભગવાન શિવનું જાનીવાસમાં આગમન

**બ્રહ્માજી કહે છે**—હે તાત! ત્યાર પછી ભાગ્યવાનોમાં શ્રેષ્ઠ અને ચતુર ગિરિરાજ હિમવાને જાનૈયાઓને ભોજન કરાવવાને માટે પોતાનું આંગણું સુંદર રીતે સજાવ્યું તથા પોતાના પુત્રો તથા અન્યાન્ય પર્વતોને મોકલીને શિવસહિત સર્વ દેવતાઓને ભોજનને માટે બોલાવ્યા. જ્યારે બધા લોકો આવી ગયા, ત્યારે એમને ખૂબ આદર સાથે ઉત્તમોત્તમ ભોજ્ય પદાર્થોનું ભોજન કરાવ્યું. ભોજન પછી હાથ-મોં ધોવડાવ્યાં અને કોગળા કરીને વિષ્ણુ વગેરે દેવતાઓ વિશ્રામને માટે પ્રસન્નતાપૂર્વક પોતપોતાના ડેરામાં ગયા. મેનાની આજ્ઞાથી સાધ્વી સ્ત્રીઓએ ભગવાન શિવની પ્રાર્થનાભક્તિપૂર્વકની પ્રાર્થના - કરીને એમને મહાન ઉત્સવથી પરિપૂર્ણ સુંદર વાસભુવનમાં બિરાજમાન કર્યા. મેનાએ આપેલા મનોહર રત્નસિંહાસન પર બેસીને આનંદિત થયેલા શિવજીએ એ વાસમંદિરનું નિરીક્ષણ કર્યું. એ ભવન પ્રજ્વલિત થયેલા સેંકડો રત્નમય પ્રદીપોને કારણે અદ્‌ભુત પ્રભાથી ઉદ્‌ભાસિત થઈ રહ્યું હતું. ત્યાં રત્નમય પાત્ર અને રત્નોના જ કળશો રાખેલા હતા. મોતી અને મણિઓથી આખું ભવન ઝગારા મારી રહ્યું હતું. રત્નમય દર્પણની શોભાથી સંપન્ન અને શ્વેત ચામરથી અલંકૃત હતું. મુક્તામણિઓની સુંદર માળાઓ (વંદનવાર) તોરણોથી આવેષ્ટિત (છવાયેલું) એ વાસભવન બહુ જ સમૃદ્ધિશાળી જણાતું હતું. એની કોઈ ઉપમા ક્યાંય મળતી ન હતી. એ મહાદિવ્ય અતિવિચિત્ર, પરમ મનોહર તથા મનને આહ્લાદ પ્રદાન કરનારું હતું. એના ફર્શ પર વિવિધ પ્રકારની રચનાઓ - આકૃતિઓ દોરેલી હતી વેલ-ફૂલના બુટ્ટા ચિત્રિત હતા. શિવજીના આપેલા વરદાનનો જ મહાન અને અનુપમ

---

વગેરે જેને ચામડાથી મઢીને કસી રાખ્યું હોય તે 'આનદ્ધ' કહેવાય છે. જેમકે, ઢોલ, મૃદંગ, નગારાં વગેરે. જેમાં છેદ હોય, કાણું હોય, અને એમાં હવા ભરીને સ્વર કાઢી શકાય એને 'સુષિર' કહે છે જેમકે, વંશી, શંખ, બ્યુગલ, હાર્મોનિયમ વગેરે. કાંસના ઝાંઝ કરતાલ વગેરેને 'ઘન' કહે છે.

પ્રભાવ જણાવ્યું એ શોભાશાળી ભવન શિવલોકના નામથી પ્રસિદ્ધ કરેલું હતું. વિવિધ પ્રકારનાં સુગંધિત શ્રેષ્ઠ દ્રવ્યોથી સુવાસિત તથા સુંદર પ્રકાશથી પરિપૂર્ણ હતું. ત્યાં ચંદન અને અગરની મિશ્રિત ગંધ ફેલાઈ રહી હતી. એ ભવનમાં ફૂલોની સેજ પાથરેલી હતી. વિશ્વકર્માએ બનાવેલું એ ભવન વિવિધ પ્રકારનાં વિચિત્ર ચિત્રોથી સુસજ્જિત હતું. શ્રેષ્ઠ રત્નોના સારભૂત મણિઓથી નિર્મિત સુંદર હારોથી એ વાસગૃહને અલંકૃત કરેલું હતું. એમાં વિશ્વકર્મા દ્વારા નિર્મિત કૃત્રિમ વૈકુંઠ, બ્રહ્મલોક, કૈલાસ, ઈન્દ્રભવન તથા શિવલોક વગેરે દેખાઈ રહ્યા હતા. આવી આશ્ચર્યજનક શોભાથી સંપન્ન એ વાસભવનને જોઈને ગિરિરાજ હિમાલયની પ્રશંસા કરતાં કરતાં ભગવાન મહેશ્વર બહુ સંતુષ્ટ થયા. ત્યાં અતિ રમણીય રત્નજડિત ઉત્તમ પલંગ પર પરમેશ્વર શિવ ખૂબ જ પ્રસન્નતાથી લીલાપૂર્વક સૂઈ ગયા. આ બાજુ હિમાલયે ખૂબ જ પ્રસન્નતાથી પોતાના ભાઈ-બંધુઓને અને બીજા લોકોને પણ ભોજન કરાવ્યું. જે કાર્ય બાકી રહી ગયાં હતાં એમને પણ પૂર્ણ કર્યાં.

શૈલરાજ હિમાલય આ પ્રકારે આવશ્યક કાર્યમાં વ્યસ્ત હતા અને પ્રિયતમ પરમેશ્વર શિવ શયન કરી રહ્યા હતા. એટલામાં જ આખી રાત વીતી ગઈ અને પ્રાતઃકાળ થયો. પ્રભાતકાળ હોવા પર ધૈર્યવાન અને ઉત્સાહી પુરુષ વિવિધ પ્રકારનાં વાજાં વગાડવા લાગ્યા. એ સમયે વિષ્ણુ આદિ સર્વ દેવતાઓ આનંદપૂર્વક ઊઠ્યા અને પોતાના ઈષ્ટદેવ દેવેશ્વર શિવનું સ્મરણ કરીને ત્યાંથી કૈલાસ જવાને માટે જલદી જલદી તૈયાર થઈ ગયા. એમણે પોતાનાં વાહનો પણ સુસજ્જિત કરી લીધાં. ત્યાર પછી ધર્મને શિવ સમીપે મોકલ્યા. યોગશક્તિથી સંપન્ન ધર્મ નારાયણની આજ્ઞાથી વાસગૃહમાં પહોંચીને યોગીશ્વર શંકરને સમયોચિત વાત કહેવા લાગ્યા - 'હે પ્રમથગણોના સ્વામી મહેશ્વર! ઊઠો-ઊઠો; આપનું કલ્યાણ થાઓ. આપ અમારે માટે પણ કલ્યાણકારી બનો; જાનીવાસેથી ચાલો અને ત્યાં સર્વ દેવતાઓને કૃતાર્થ કરો.'

ધર્મની આ વાત સાંભળીને ભગવાન મહેશ્વર હસ્યા-એમણે ધર્મ તરફ કૃપાદૃષ્ટિથી જોયું અને શૈયા ત્યાગ કરી દીધો. ત્યાર પછી ધર્મને હસતાં હસતાં કહ્યું - 'તમે આગળ ચાલો. હું પણ શીઘ્ર જ ત્યાં જઈશ, એમાં સંશય નથી.'

ભગવાન શિવના આવા કથન પર ધર્મ જાનીવાસે ગયા. ત્યાર પછી શંભુ પણ સ્વયં ત્યાં જવા તૈયાર થયા. આ જાણીને મહાન ઉત્સવ કરતી સ્ત્રીઓ ત્યાં આવી અને ભગવાન શંભુનાં યુગલ ચરણારવિન્દોનું દર્શન કરીને મંગલગાન કરવા લાગી - તદનંતર લોકાચારનું પાલન કરતા શંભુ પ્રાતઃકાલિક કૃત્યો કરીને મેના અને હિમાલયની આજ્ઞા લઈને જાનીવાસે ગયા. હે મુને! એ સમયે બહુ ભારે ઉત્સવ થયો. વેદમંત્રોનો ધ્વનિ થવા માંડ્યો અને લોકો ચારે પ્રકારનાં વાદ્યો વગાડવા લાગ્યા - પોતાના સ્થાન પર આવીને શંભુએ લોકાચાર વશ મુનિઓને, વિષ્ણુને અને મને પ્રણામ કર્યા. પછી દેવતા વગેરે મળવી વંદના કરી. એ સમયે જયજયકારનો મંગલધ્વનિ થવા લાગ્યો. આથી ચારે બાજુ કોલાહલ છવાઈ ગયો. (અધ્યાય-૫૨)

*

# ચતુર્થીકર્મ, જાન ઘણા દિવસ રહી, સપ્તર્ષિઓએ સમજાવ્યું ત્યારે હિમાલય જાનને વિદાય આપવા રાજી થયા, મેના શિવને પોતાની કન્યા સોંપે છે અને જાનનું પુરી બહાર જઈને રોકાઈ જવું

**બ્રહ્માજી કહે છે**—ત્યાર પછી વિષ્ણુ વગેરે દેવતા તથા ઋષિ કૈલાસે પરત જવાનો વિચાર કરવા લાગ્યા - ત્યારે હિમાલયે જાનીવાસે આવીને સર્વને ભોજન માટે નિમંત્રિત કર્યા. ત્યાર પછી દેવેશ્વર શિવને આમંત્રિત કરીને હિમાચલ પોતાને ઘેર ગયા અને વિવિધ પ્રકારના વિધાનથી ભોજનોત્સવની તૈયારી કરવા લાગ્યા. એમણે પ્રસન્નતા અને ઉત્કંઠા સાથે ભોજન માટે પરિવાર સહિત ભગવાન શિવને યથોચિત રીતે પોતાને ઘેર બોલાવ્યા. શંભુનાં, વિષ્ણુનાં, મારાં, અન્ય સર્વે દેવતાઓનાં મુનિઓનાં તથા ત્યાં આવેલા અન્ય સર્વ લોકોનાં પણ ચરણને બહુ જ આદર સાથ ધોઈને સર્વને ગિરિરાજે મંડપની અંદર સુંદર આસનો પર બેસાડ્યા. પછી પોતાના ભાઈ-બંધુઓને સાથે લઈને એમના સહયોગથી વિવિધ પ્રકારના સરસ પદાર્થો દ્વારા પૂર્ણતયા તૃપ્ત કર્યા. મારી, વિષ્ણુ અને શંભુની સાથે બધા લોકોએ સારી રીતે ભોજન કર્યું. હે નારદ! વિધિવત્ ભોજન અને આચમન કરીને તૃપ્ત અને પ્રસન્ન થયેલા બધા લોકો હિમાલય પાસેથી આજ્ઞા લઈને પોતપોતાના નિવાસસ્થાને ગયા. હે મુને! આ રીતે ત્રીજે દિવસે પણ ગિરિરાજે વિધિવત્ દાન, માન અને આદર વગેરે દ્વારા એ સૌનો સત્કાર કર્યો. ચોથે દિવસે શુદ્ધતાપૂર્વક સવિધિ ચતુર્થીકર્મ થયું, જેના વગર વિવાહ યજ્ઞ અધૂરો જ રહી જતો હોય છે. એ સમયે વિવિધ પ્રકારના ઉત્સવો થયા. સાધુવાદ અને જય-જયકારનો ધ્વનિ થયો. ઘણાં બધાં સુંદર દાન દેવાયાં. વિવિધ પ્રકારનાં ગાન અને નૃત્યો થયાં. પાંચમે દિવસે સર્વ દેવતાઓએ ખૂબ હર્ષ અને અત્યંત પ્રેમપૂર્વક શૈલરાજને સૂચિત કર્યું કે 'હવે અમે લોકો અહીંથી જવા માગીએ છીએ. આપ આજ્ઞા પ્રદાન કરો.' એમની એ વાત સાંભળીને ગિરિરાજ હિમવાન હાથ જોડીને બોલ્યા - 'હે દેવગણ! આપ લોકો થોડા દિવસ વધારે રહો તથા મારા ઉપર કૃપા કરો.' આમ કહીને એમણે સ્નેહપૂર્વક એ દેવતાઓને, ભગવાન શિવને, વિષ્ણુને અને મને તથા અન્ય લોકોને બહુ દિવસો સુધી રાખ્યા અને પ્રતિદિન વિશેષ આદરસત્કાર કર્યો.

આ રીતે દેવતાઓને ત્યાં ઘણા દિવસે રહેવું પડ્યું. ઘણા દિવસ રહ્યા, ત્યારે એમણે ગિરિરાજ પાસે સપ્તર્ષિઓને મોકલ્યા. સપ્તર્ષિઓએ હિમવાન અને મેનાને સમયોચિત વાત કહીને એમને સમજાવ્યાં, પરમ શિવતત્ત્વનું વર્ણન કર્યું અને પ્રસન્નતાપૂર્વક એમના સૌભાગ્યની પ્રશંસા કરી. હે મુને! એમના સમજાવવાથી ગિરિરાજે જાનને વિદાય કરવાનું સ્વીકારી લીધું. ત્યાર પછી ભગવાન શંભુ યાત્રાને માટે તૈયાર થયા અને દેવતા વગેરેની સાથે શૈલરાજ પાસે આવ્યા. દેવેશ્વર શિવ દેવતાઓ સહિત કૈલાસની યાત્રા માટે જ્યારે તૈયાર થયા, એ સમયે મેના ઉચ્ચ સ્વરે રડવા લાગ્યાં, અને એ કૃપાનિધાનને કહેવા લાગ્યાં.

**મેનાએ કહ્યું**—હે કૃપાનિધે! કૃપા કરીને મારી શિવાનું સારી પેઠે લાલન-પાલન કરજો.

તમે તો આશુતોષ છો. પાર્વતીના હજારો અપરાધોને પણ ક્ષમા કરી દેજો. મારી દીકરી જન્મે-જન્મે આપનાં જ ચરણારવિન્દોની ભક્ત રહી છે અને રહેશે. એને સૂતાં-જાગતાં પણ પોતાના સ્વામી મહાદેવ સિવાય બીજી કોઈ વસ્તુની યાદ રહેતી નથી, શુદ્ધ નથી રહેતી. હે મૃત્યુંજય! આપના પ્રતિ ભક્તિભાવની વાતો સાંભળીને જ એ હર્ષનાં આંસુ વહેરાવી પુલકિત થઈ ઊઠે છે, અને આપની નિંદા સાંભળીને એવું મૌન સાધી લે છે જાણે મરી જ ગઈ હોય!

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને મેનાએ પોતાની પુત્રી શિવને સોંપી દીધી અને એ બંનેની સામે જ ઉચ્ચ સ્વરથી રડતી રડતી તે મૂર્ચ્છિત થઈ ગયાં. ત્યારે મહાદેવજીએ મેનાને સમજાવીને ભાનમાં આવી અને એમની પાસેથી વિદાય લઈને દેવતાઓની સાથે મહાન ઉત્સવપૂર્વક યાત્રા કરી. એ સૌ દેવતા પોતાના સ્વામી શિવ તથા સેવકગણો સાથે ચૂપચાપ કૈલાસ પર્વત તરફ પ્રસ્થાન કરી ગયા. એ મનમાં ને મનમાં શિવનું ચિંતન કરી રહ્યા હતા. હિમાચલપુરીના બહારના બાગમાં આવીને શિવ સહિત બધા દેવતા હર્ષ અને ઉત્સાહ સાથે ઊભા રહ્યા અને શિવાના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા. હે મુનીશ્વર! આ રીતે દેવતાઓ સહિત શિવની શ્રેષ્ઠ યાત્રાનું વર્ણન કરવામાં આવ્યું છે. હવે શિવાની યાત્રાનું વર્ણન સાંભળો, જે વિરહ વ્યથા અને આનંદ બંનેથી સંયુક્ત છે.

(અધ્યાય ૫૩)

*

## મેનાની ઈચ્છા અનુસાર એક બ્રાહ્મણ પત્નીનો પાર્વતીને પતિવ્રત ધર્મનો ઉપદેશ દેવો

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! ત્યાર પછી સપ્તર્ષિઓએ હિમાલયને કહ્યું - 'હે ગિરિરાજ! હવે તમે તમારી પોતાની દીકરી પાર્વતી દેવીની યાત્રાનો ઉચિત પ્રબંધ કરો.' હે મુનીશ્વર! આ સાંભળીને પાર્વતીનો ભાવિ વિરહનો અનુભવ કરીને ગિરિરાજ કેટલોક સમય તો અધિક પ્રેમને કારણે વિષાદમાં ડૂબેલા જ રહ્યા. થોડી વાર પછી સચેત - ભાનમાં આવીને શૈલરાજે 'તથાસ્તુ' કહીને મેનાને સંદેશ આપ્યો. હે મુને! હિમવાનનો સંદેશ મેળવીને હર્ષ અને શોકને વશીભૂત થયેલી મેના પાર્વતીને વિદાય આપવા તૈયાર થયાં. શૈલરાજની પ્યારી પત્ની મેનાએ વિધિપૂર્વક વૈદિક અને લૌકિક કુલાચારનું પાલન કર્યું અને એ સમયે વિવિધ પ્રકારના ઉત્સવો યોજાયા. પછી એમણે વિવિધ પ્રકારનાં રત્નજડિત વસ્ત્રો અને બાર આભૂષણો દ્વારા રાજોચિત શૃંગાર કરીને પાર્વતીને વિભૂષિત કરી. ત્યાર પછી મેનાના મનોભાવ જાણીને એક સતી સાધ્વી બ્રાહ્મણ-પત્નીએ ગિરિજાને ઉત્તમ પાતિવ્રતની શિક્ષા-ઉપદેશ આપ્યો.

**બ્રાહ્મણ-પત્ની બોલી**—હે ગિરિરાજ કિશોરી! તમે પ્રેમપૂર્વક મારું આ વચન સાંભળો. એ ધર્મને વધારનાર, આલોક અને પરલોકમાં પણ આનંદદાયક તથા શ્રોતાઓને પણ સુખની પ્રાપ્તિ કરાવનારું છે. સંસારમાં પતિવ્રતા નારી જ ધન્ય છે, બીજી નહીં. તે જ વિશેષરૂપે પૂજનીય છે. પતિવ્રતા સર્વ લોકોને પવિત્ર કરનારી અને સમસ્ત પાપરાશિને નષ્ટ કરી દેનારી છે. હે શિવે! જે પતિને પરમેશ્વરની સમાન માનીને પ્રેમથી એની

સેવા કરે છે, તે આ લોકમાં સંપૂર્ણ ભોગોનો ઉપભોગ કરીને અંતમાં કલ્યાણમયી ગતિને પામે છે.* સાવિત્રી, લોપામુદ્રા, અરુન્ધતી, શાંડિલી, શતરૂપા, અનસૂયા, લક્ષ્મી, સ્વધા, સતી, સંજ્ઞા, સુમતિ, શ્રદ્ધા, મેના અને સ્વાહા - આ તથા બીજી પણ ઘણી બધી સ્ત્રી સાધ્વીનાં નામ બતાવવામાં આવેલ છે. અહીં વિસ્તારભયથી એમનાં નામ નથી લેવાયાં. તે પોતાના પાતિવ્રત્યના બળથી જ સર્વ લોકોની પૂજનીય તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને મુનીશ્વરોની પણ માનનીયા થઈ ગઈ. એટલા માટે તમારે તમારા પતિ ભગવાન શંકરની સદા સેવા કરવી જોઈએ. એ દીનદયાળુ સર્વના સેવનીય, સત્પુરુષોનો આશ્રય છે. શ્રુતિઓ અને સ્મૃતિઓમાં પતિવ્રતા ધર્મને મહાન કહેવાયો છે. એને જેવો શ્રેષ્ઠ બતાવ્યો છે એવો તો બીજો કોઈ ધર્મ જ નથી - આ નિશ્ચયપૂર્વક કહી શકાય છે.

પ્રાતિવ્રત્ય-ધર્મમાં તત્પર રહેનારી સ્ત્રી પોતાના પ્રિય પતિના ભોજન કરી લીધા પછી જ ભોજન કરે. હે શિવે! જ્યારે પતિ ઊભા હોય ત્યારે સાધ્વી સ્ત્રીએ પણ ઊભાં જ રહેવું જોઈએ - શુદ્ધબુદ્ધિવાળી સાધ્વી સ્ત્રી પ્રતિદિન પોતાનો પતિ ઊંઘી જાય પછી જ ઊંઘે અને પતિના જાગવા પહેલાં જાગી જાય. તે છળકપટ છોડીને સદા પતિને માટે જ હિતકર કાર્ય કરતી રહે. હે શિવે! સાધ્વી સ્ત્રીએ જ્યાં સુધી પોતે વસ્ત્ર-આભૂષણથી વિભૂષિત ન થઈ લે ત્યાં સુધી પોતાને પતિની દૃષ્ટિ સન્મુખ ન લાવે. જો પતિ કોઈ કાર્ય માટે પરદેશ ગયો હોય તો એ દિવસોમાં એણે કદાપિ શૃંગાર ન કરવો જોઈએ. પતિવ્રતા સ્ત્રી ક્યારેય પતિનું નામ ન લે. પતિનાં કટુ-વચન સાંભળીને પણ એ સામે બદલામાં કડવી, કઠોર વાત ન કરે. પતિ બોલાવે કે તરત ઘરનાં બધાં કામ છોડી તરત એમની પાસે જાય અને હાથ જોડીને પ્રેમથી મસ્તક નમાવીને પૂછે - 'હે નાથ! શા કામ માટે આ દાસીને બોલાવી છે? મને સેવા માટે આદેશ આપીને તમારી કૃપાથી અનુગૃહીત કરો.' પછી પતિ જે આદેશ આપે એનું એ પ્રસન્ન હૃદયથી પાલન કરે. તેણે ઘરના દરવાજે ઘણો વખત ઊભાં ન રહેવું જોઈએ. બીજાને ઘેર ન જવું. કોઈ ગુપ્ત વાત જાણીને દરેકની સામે એ પ્રકાશિત ન કરે. પતિના કહ્યા વગર એમને માટે પૂજાની સામગ્રી જાતે એકત્ર કરી દેવી જોઈએ અને એમના હિત-સાધનાને યથા-ઉચિત અવસરની પ્રતીક્ષા કરતી રહે. પતિની આજ્ઞા લીધા વિના ક્યાંય પણ તીર્થયાત્રા માટે પણ ન જાય. લોકોની ભીડ ભરેલી સભા અથવા મેળા આદિ ઉત્સવોને જોવા તે દૂરથી જ છોડી દે. જે નારીને તીર્થયાત્રાનું ફળ પામવાની ઈચ્છા હોય, એણે પોતાના પતિનું ચરણોદક પીવું જોઈએ. એને માટે તો એમાં જ સર્વ તીર્થ અને ક્ષેત્ર છે - એમાં સંશય નથી.*

પતિવ્રતા નારી પતિની ઉચ્છિષ્ટ - ખાતાં વધેલું - અન્ન વગેરેને પરમ પ્રિય ભોજન માનીને ગ્રહણ કરે. અને પતિ જે કાંઈ આપે એને મહાપ્રસાદ માનીને શિરોધાર્ય કરે. દેવતા, પિતર,

* ધન્યા પતિવ્રતા નારી નાન્યા પૂજ્યા વિશેષતઃ । પાવની સર્વલોકાનાં સર્વપાપૌઘનાશિની॥
સેવતે યા પતિં પ્રેમ્ણા પરમેશ્વરવચ્છિવે । ઈહ ભુક્ત્વાખિલાનભોગાનન્તે પત્યા શિવાંગતિમ્॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૯-૧૦)

* તીર્થાર્થિની તુ યા નારી પતિપાદોદકં પિબેત્ । તસ્મિન્ સર્વાણિ તીર્થાનિ ક્ષેત્રાણિ ચ ન સંશયઃ॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૨૫)

અતિથિ, સેવક વર્ગ, ગાય તથા ભિક્ષુકસુદાય માટે અન્નનો ભાગ કાઢ્યા વિના કદાપિ ભોજન ન કરે. પતિવ્રત ધર્મમાં તત્પર રહેનારી ગૃહદેવી ઘરની સામગ્રીને સંયત રાખવી અને સુરક્ષિત રાખવી જોઈએ. ગૃહકાર્યમાં કુશળ હોય, સદા પ્રસન્ન રહે. અને ખર્ચ કરવામાં સંકોચ કરે. પતિની આજ્ઞા લીધા વગર ઉપવાસ-વ્રત વગેરે ન કરે, અન્યથા એને એનું કોઈ જ ફળ મળતું નથી અને પરલોકમાં પણ નરકગામિની થાય છે. પતિ સુખપૂર્વક બેઠો હોય અથવા ઇચ્છા અનુસાર ક્રીડાવિનોદ અથવા મનોરંજનમાં લાગેલો હોય એ વખતે કોઈ આંતરિક કાર્ય આવી પડે તો પણ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને કદાપિ ન ઉઠાડે. પતિ નપુંસક બની ગયો હોય, દુર્ગતિમાં પડ્યો હોય, રોગી હોય, ઘરડો હોય, સુખી હોય અથવા દુઃખી હોય, કોઈ પણ દશામાં નારી પોતાના એ એકમાત્ર પતિનું ઉલ્લંઘન ન કરે. રજસ્વલા થવા પર એણે ત્રણ રાત સુધી પતિને પોતાનું મુખ ન દેખાડવું જોઈએ. અર્થાત્ એનાથી અલગ રહેવું જોઈએ. જ્યાં સુધી સ્નાન કરીને શુદ્ધ ન થઈ જાય ત્યાં સુધી કોઈ વાત પણ પતિના કાનમાં ન પડવા દે. સારી રીતે સ્નાન કરીને સૌથી પહેલાં તે પોતાના મુખનું દર્શન કરે, બીજા કોઈનું મુખ કદાપિ ન જુએ અથવા મનમાં ને મનમાં પતિનું ચિંતન કરીને સૂર્યનું દર્શન કરે. પતિનું આયુ વધે એવી અભિલાષા રાખનારી પતિવ્રતા નારી હળદર, રોલી, સિન્દૂર, કાજલ વગેરે; ચોળી, પાન, માંગલિક આભૂષણ વગેરે, વાળ ઓળવા, ચોટલો ગૂંથવો, તથા હાથ-કાનનાં આભૂષણો - આ સૌને પોતાના શરીરથી દૂર ન કરે. ધોબણ, છિનાળ અથવા કુલટા, સંન્યાસિની અને ભાગ્યહીન સ્ત્રીઓને તે ક્યારેય પોતાની બહેનપણી ન બનાવે. પતિ સાથે દ્વેષ રાખનાર સ્ત્રીનો તેણે ક્યારેય આદર ન કરવો જોઈએ. ક્યાંય એકલી ન ઊભી રહે. ક્યારે વસ્ત્રવિહીન થઈને સ્નાન ન કરે. સતી સ્ત્રીએ ઓખલી, મૂસળ, સાવરણી, સિલ, જાઁત અને દ્વારના ઊંબરે નીચેવાલી લાકડી પર ક્યારેય ન બેસે. મૈથુનકાળ સિવાય બીજા કોઈ સમયે તે પતિ સામે ધૃષ્ટતા ન કરે. જે જે વસ્તુઓમાં પતિની રુચિ હોય, એને એ સ્વયં પ્રેમ કરે. પતિવ્રતા દેવી સદા પતિનું હિત ચાહનારી હોય છે. તે પતિ હર્ષમાં હર્ષ માને છે. પતિના મુખ પર વિષાદની છાયા જોઈ સ્વયં પણ વિષાદમાં ડૂબી જાય તથા તે પ્રિયતમ પતિ પ્રત્યે એવો જ વર્તાવ કરે, જેની તે પતિને વહાલી લાગે - પુણ્યાત્મા પતિવ્રતા સ્ત્રી સંપત્તિમાં અને વિપત્તિમાં પણ પતિને માટે સમાન - એક ભાવવાળી - જ રહે. પોતાના મનમાં ક્યારેય વિકારને ન આવવા દે અને સદા ધૈર્ય ધારણ કરે.

ઘી, મીઠું, તેલ વગેરે ખલાસ થઈ જાય તો પણ પતિવ્રતા સ્ત્રી પતિને સહસા એમ ન કરે કે અમુક વસ્તુ નથી. તે પતિને કષ્ટ યા ચિંતામાં ન નાખે. હે દેવેશ્વરિ! પતિવ્રતા નારીને માટે પતિ જ બ્રહ્મા, વિષ્ણુ અને શિવથી પણ અધિક માને છે. એને માટે તો એનો પતિ શિવરૂપ જ છે.* જે સ્ત્રી પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને વ્રત ઉપવાસ વગેરે નિયમોનું પાલન કરે છે તે પતિના આયુષ્યનો ક્ષય કરે છે અને મર્યા પછી નરકમાં

* વિધેર્વિષ્ણોર્હરાદ્વાપિ પતિરેકોઽધિકો મતઃ। પતિવ્રતાયા દેવેશિ સ્વપતિઃ શિવ એવ ચ॥ (શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૪૩)

જાય છે. જે સ્ત્રી પતિના કશુંક કહેવા પર ક્રોધપૂર્વક કઠોર ઉત્તર આપે છે તે ગામમાં કૂતરી અને નિર્જન વનમાં શિયાળવી થાય છે. નારીએ પતિથી ઊંચા આસન પર ન બેસવું જોઈએ. દુષ્ટ પુરુષ નિકટ ન જાય. પતિ સાથે ક્યારેય કાતર વચન ન બોલે. કોઈની પણ નિંદા ન કરે. કલહને તો દૂરથી જ છોડી દે. ગુરુજનો બેઠા હોય ત્યાં ન તો ઉચ્ચ સ્વરે બોલવું જોઈએ કે ન તો હસવું જોઈએ. જે બહારથી આવતા પતિને જોઈને તરત જ અન્ન, જળ, ભોજ્ય વસ્તુ, પાન અને વસ્ત્ર વગેરેથી એની સેવા કરે છે. એમનાં બંને ચરણો દબાવે છે, મીઠાં વચનો બોલે છે તથા પ્રિયતમનો ખેદ દૂર કરવા અન્યાન્ય ઉપાયોથી પ્રસન્નતાપૂર્વક એમને સંતુષ્ટ કરે છે એણે માનો કે ત્રણે લોકોને તૃપ્ત અને સંતુષ્ટ કરી દીધા છે. પિતા, ભાઈ અને પુત્ર પરિમિત સુખ આપે છે, પરંતુ પતિ તો અસીમ સુખ આપે છે. તેથી નારીએ સદા પોતાના પતિનું પૂજન - આદર - સત્કાર કરવો જોઈએ. પતિ જ દેવતા છે, પતિ જ ગુરુ છે અને પતિ જ ધર્મ, તીર્થ અને વ્રત છે. એટલા માટે સૌને છોડીને એક માત્ર પતિની જ આરાધના કરવી જોઈએ.*

જે દુર્બુદ્ધિ નારી પોતાના પતિનો ત્યાગ કરીને એકાંતમાં વિચરણ કરે છે (અથવા વ્યભિચાર કરતી હોય), તે વૃક્ષની બખોલોમાં શયન કરનારી ક્રૂર ઉલૂકી (ઘુવડ) થાય છે. જે પારકા પુરુષને કટાક્ષપૂર્ણ દૃષ્ટિથી જુએ છે તે બાડુંની જોનારી થાય છે. જે પતિને છોડીને એકલી મીઠાઈ ખાય છે, તે ગામમાં સૂઅરી થાય છે અથવા બકરી થઈને પોતાની જ વિષ્ઠા ખાય છે. જે પતિને તું કહીને કરીને બોલાવે છે, તે ગૂંગી થાય છે. જે શોક્યથી સદા ઈર્ષ્યા રાખે છે તે દુર્ભાગ્યવતી હોય છે. જે પતિથી છાને છાને બીજા પુરુષ પર દૃષ્ટિ નાખે છે તે કાણી, વાંકા મોંવાળી, કુરૂપા થાય છે. જેવી રીતે નિર્જીવ શરીર તત્કાળ અપવિત્ર થઈ જાય છે એ જ રીતે પતિહીના નારી સારી પેઠે સ્નાન કરવા છતાં પણ સદાયે અપવિત્ર જ રહે છે. લોકમાં એ માતા ધન્ય છે, તે જન્મદાતા પિતા ધન્ય છે તથા એ પતિ પણ ધન્ય છે જેના ઘરમાં પતિવ્રતા દેવી વાસ કરતી હોય છે. પતિવ્રતાના પુણ્યથી પિતા, માતા અને પતિના કુળોની ત્રણ ત્રણ પેઢીઓના લોકો સ્વર્ગ લોકમાં સુખ ભોગવે છે.* જે દુરાચારિણી સ્ત્રીઓ પોતાનું શીલ ભંગ કરી દે છે, તે પોતાનાં માતા-પિતા અને પતિ ત્રણે કુલોને નીચે પાડે છે તથા આ લોકમાં અને પરલોકમાં પણ દુઃખ ભોગવે છે. પતિવ્રતાનાં ડગ જ્યાં જ્યાં પૃથ્વી પર સ્પર્શ કરે છે, ત્યાંની ભૂમિ પાપહારિણી તથા પરમ પાવન બની જાય છે.* ભગવાન સૂર્ય, ચંદ્રમા તથા વાયુદેવ પણ પોતાની જાતને પવિત્ર કરવા માટે જ પતિવ્રતાનો સ્પર્શ કરે છે. બીજી કોઈ દૃષ્ટિ નહીં. જળ પણ સદા પતિવ્રતાનો સ્પર્શ

* ભર્તા દેવો ગુરુર્ભર્તા ધર્મતીર્થવ્રતાનિ ચ। તસ્માત્ સર્વં પરિત્યજ્ય પતિમેકં સમર્ચયેત્॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૫૧)

* સા ધન્યા જનની લોકે સ ધન્યો જનકઃ પિતા। ધન્યઃ સ ચ પતિર્યસ્ય ગૃહે દેવી પ્રતિવ્રતા॥
પિતૃવંશ્યાઃ માતૃવંશ્યાઃ પતિવંશ્યાસ્ત્રય સ્ત્રયઃ। પતિવ્રતાયાઃ પુણ્યેન સ્વર્ગે સૌખ્યાનિ ભુંજતે॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૫૮-૫૯)

* પતિવ્રતાયાશ્ચરણો યત્ર યત્ર સ્પૃશેદ્ભુવમ્। તત્ર તત્ર ભવેત્ સા હિ પાપહન્ત્રી સુપાવની॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૬૧)

ઝંખે છે અને એનો સ્પર્શ કરીને એ અનુભવ કરે છે કે આજે મારી જડતાનો નાશ થઈ ગયો છે તથા આજથી હું બીજાઓને પવિત્ર કરનાર બની ગયો છું. ભાર્યા જ તો ગૃહસ્થ-આશ્રમની જડ છે, મૂળ છે. ભાર્યા જ સુખનું મૂળ છે. સ્રોત છે. ભાર્યાથી જ ધર્મના ફળની પ્રાપ્તિ થાય છે તથા ભાર્યા જ સંતાનની વૃદ્ધિમાં કારણ છે.[1]

શું ઘેર ઘેર પોતાના રૂપ અને લાવણ્ય પર ગર્વ કરનારી સ્ત્રીઓ નથી? પરંતુ પતિવ્રતા સ્ત્રી તો વિશ્વનાથ શિવ પ્રત્યે ભક્તિ હોવાથી જ પ્રાપ્ત થાય છે. ભાર્યાથી આ લોક અને પરલોક બંને પર



વિજય મેળવી શકાય છે. ભાર્યાહીન પુરુષ દેવયજ્ઞ, પિતૃયજ્ઞ તથા અતિથિ યજ્ઞ કરવાનો અધિકારી નથી થતો. વાસ્તવમાં ગૃહસ્થ તે જ છે, જેના ઘરમાં પતિવ્રતા સ્ત્રી છે. બીજી સ્ત્રી તો પુરુષને એવી જ રીતે પોતાનો કોળિયો બનાવે છે, જેવી રીતે જરા-અવસ્થા અને રાક્ષસી. જેવી રીતે ગંગાસ્નાન કરવાથી શરીર પવિત્ર થાય છે. એવી જ રીતે પતિવ્રતા સ્ત્રીનું દર્શન કરવાથી બધું પાવન થઈ જાય છે.[2] પતિને જ ઈષ્ટદેવ માનનારી સતી નારી અને ગંગામાં કોઈ ભેદ નથી. પતિવ્રતા અને એના પતિદેવ ઉમા અને મહેશ્વર સમાન છે, તેથી વિદ્વાન મનુષ્ય એ બંનેનું પૂજન કરે. પતિ પ્રણવ છે અને નારી વેદની ઋચા છે; પતિ તપ છે અને સ્ત્રી ક્ષમા છે. નારી સત્કર્મ છે અને પતિ અને એનું ફળ છે. હે શિવે! સતી નારી અનો પતિ બંને દંપતી ધન્ય છે.[3]

હે ગિરિરાજકુમારી! આ પ્રકારે મેં તમને પતિવ્રતા ધર્મનું વર્ણન કર્યું છે. હવે તમે સાવધાન થાઓ. આજે મારી પાસેથી પ્રસન્નતાપૂર્વક પતિવ્રતાના ભેદોનું વર્ણન સાંભળો. હે દેવી! પતિવ્રતા નારીઓ ઉત્તમા વગેરે ભેદથી ચાર પ્રકારની કહેવામાં આવે છે, જે પોતાનું સ્મરણ કરનારા પુરુષોનાં બધાં પાપ હરી લે છે. ઉત્તમા, મધ્યમા નિકૃષ્ટા અને અતિનિકૃષ્ટા - એ પવિવ્રતાના ચાર ભેદ છે. હવે હું એમનાં લક્ષણો બતાવું છું. ધ્યાન દઈને સાંભળો. હે ભદ્રે! જેનું મન સદા

૧ ભાર્યા મૂલં ગૃહસ્થસ્ય ભાર્યા મૂલં સુખસ્ય ચ । ભાર્યા ધર્મફલાવાપ્ત્યૈ ભાર્યા સંતાનવૃદ્ધયે ॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૫૧)

૨ યથા ગંગાવગાહેન શરીરં પાવનં ભવેત્ । તથા પતિવ્રતાં દૃષ્ટ્વા સકલં પાવનં ભવેત્॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૬૮)

૩ તારઃ પતિઃ શ્રુતિર્નારી ક્ષમા સા સ સ્વયં તપઃ । ફલં પતિઃ સત્ક્રિયા સા ધન્યૌ તૌ દમ્પતી શિવે॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૭૦)

સ્વપ્નમાં પણ પોતાના પતિને જ જુએ છે, બીજા કોઈ પરપુરુષને નહીં - તે સ્ત્રી ઉત્તમા અથવા ઉત્તમ શ્રેણીની પતિવ્રતા કહેવામાં આવે છે. હે શૈલજે! જે બીજા પુરુષને ઉત્તમ બુદ્ધિથી પિતા, ભાઈ અને પુત્ર સમાન જુએ છે એને મધ્યમ શ્રેણીની પતિવ્રતા માનવામાં આવે છે. હે પાર્વતી! જે મનથી પોતાના ધર્મનો વિચાર કરીને વ્યભિચાર નથી કરતી, સદાચારમાં જ સ્થિત રહે છે. એ નિકૃષ્ટા અથવા નિમ્ન શ્રેણીની પતિવ્રતા કહેવાય છે. જે પતિના ભયથી અથવા કુલમાં કલંક લાગવાના ડરથી વ્યભિચારથી બચવાનો પ્રયત્ન કરે છે એને પૂર્વકાળના વિદ્વાનોએ અતિનિકૃષ્ટા અથવા નિમ્નતમ કોટિની પતિવ્રતા કહી છે. હે શિવે! આ ચારે પ્રકારની પતિવ્રતાઓ સમસ્ત લોકોનાં પાપ નાશ કરનારી છે અને એને પવિત્ર બનાવનારી છે. અત્રિની સ્ત્રી અનસૂયાએ બ્રહ્મા, વિષ્ણુ અને શિવને એ ત્રણે દેવતાઓની પ્રાર્થનાથી પાતિવ્રત્યના પ્રભાવનો ઉપભોગ કરીને વારાહના શાપથી મરેલા એક બ્રાહ્મણને જીવિત કરી દીધો હતો. હે શૈલકુમારી શિવે! આવું જાણીને તમે નિત્ય પ્રસન્નતાપૂર્વક પતિની સેવા જ કરતાં રહો - કરવી જ જોઈએ. પતિ સેવન સદા સમસ્ત ઇચ્છિત ફળ આપનારી છે. તમે સાક્ષાત્ જગદંબા મહેશ્વરી છો અને તમારા પતિ સાક્ષાત્ ભગવાન શિવ છે. તમારું તો ચિંતન માત્ર કરવાથી સ્ત્રીઓ પતિવ્રતા થઈ જશે. હે દેવી! જોકે તમારી આગળ આ સર્વ કહેવાનું કાંઈ પ્રયોજન નથી તેમ છતાં આજે લોકાચારનો આશરો લઈને મેં તમને સતી-ધર્મનો ઉપદેશ આપ્યો છે.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આવું કહીને તે બ્રાહ્મણ-પત્ની શિવાદેવીને મસ્તક નમાવીને ચૂપ થઈ ગઈ. એ ઉપદેવને સાંભળીને શંકરપ્રિયા પાર્વતીદેવીને બહુ હર્ષ થયો.

(અધ્યાય ૫૪)

*

## શિવ-પાર્વતીની તથા એમની જાનની વિદાય, ભગવાન શિવનું સમસ્ત દેવતાઓને વિદાય કરીને કૈલાસ પર રહેવું અને પાર્વતી-ખંડના શ્રવણનું માહાત્મ્ય

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! બ્રાહ્મણીએ દેવી પાર્વતીને પતિવ્રત ધર્મનો ઉપદેશ આપ્યો ને પછી મેનાને બોલાવીને કહ્યું - 'હે મહારાણીજી! હવે તમારી પુત્રીને યાત્રા કરાવો - એને વિદાય આપો. ત્યારે 'બહુ સારું' કહીને તે પ્રેમને વશીભૂત થઈ ગયાં. પછી ફરીથી ધૈર્યને ધારણ કરીને એમણે કાલીને બોલાવ્યાં અને એના વિયોગના ભયથી વ્યાકુળ થઈ મેં પુત્રીને વારંવાર ગળે વળગાડીને અત્યંત ઉચ્ચસ્વરથી રડવા લાગ્યાં. પછી તો પાર્વતીજી પણ કરુણાજનક વાત કહેતાં કહેતાં જોર જોરથી રડી પડ્યાં. મેના અને શિવા બંનેયે વિરહ શોકથી પીડિત થઈને મૂર્ચ્છિત થઈ પડ્યાં. પાર્વતીજીના રુદનથી તો દેવપત્નીઓ પણ પોતાની સુધબુધ ખોઈ બેઠી. બધી જ સ્ત્રીઓ ત્યાં રડવા લાગી. એ બધી સ્ત્રીઓ અચેત જેવી બની રહી. એ યાત્રાને સમયે પરમ પ્રભુ સાક્ષાત્ યોગીશ્વર પણ રડી પડ્યા. તો પછી બીજા કોણ રહી શકે તેમ હતું? આ જ સમયે પોતાના સમસ્ત

પુત્રો, મંત્રીઓ અને ઉત્તમ બ્રાહ્મણોની સાથે હિમાલય શીઘ્ર જ ત્યાં આવી પહોંચ્યા, અને મોહવશ પોતાની દીકરીને છાતીસરસી ચાંપીને રડવા લાગ્યા - 'દીકરી! તું મને છોડીને ક્યાં ચાલી જાય છે?' આવું કહીને આખા જગતને સૂનું માનતા હોવા છતાં તે વારંવાર વિલાપ કરવા લાગ્યા - ત્યારે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ પુરોહિતે અન્ય બ્રાહ્મણોના સહયોગથી કૃપાપૂર્વક અધ્યાત્મવિદ્યાનો ઉપદેશ આપતાં આપતાં સૌને સુખદ રીતે સમજાવ્યા. પાર્વતીએ ભક્તિભાવથી માતા-પિતા તથા ગુરુને પ્રણામ કર્યા. એ તો મહામાયા થઈને પણ લોકાચારવશ વારંવાર રડી ઊઠતાં હતાં. પાર્વતીના રુદનથી બધી સ્ત્રીઓ રડવા લાગતી. માતા મેના તો બહુ જ રડ્યાં. ભાભીઓ પણ રડવા માંડી. આ જ દશા ભાઈઓની હતી. શિવાની મા, ભાભીઓ તથા અન્ય યુવતીઓ વારંવાર રડવા લાગી. ભાઈ અને પિતા પણ પ્રેમ અને સૌહાર્દવશ રડ્યા વિના ન રહી શક્યા. એ સમયે બ્રાહ્મણોએ મળીને સૌને આદરપૂર્વક સમજાવ્યા અને એ સૂચિત કર્યું કે યાત્રાને માટે આ જ સૌથી ઉત્તમ તથા સુખદ લગ્ન છે.

ત્યારે હિમાલય અને મેનાએ વિવેકપૂર્વક ધૈર્ય ધારણ કરીને શિવાને બેસવાને માટે પાલખી મંગાવી. બ્રાહ્મણોની પત્નીઓએ શિવાને એ પાલખી પર ચઢાવ્યાં અને સૌએ મળીને આશીર્વાદ આપ્યા. પિતા-માતા અને બ્રાહ્મણોએ પણ પોતાની શુભકામના પ્રગટ કરી. મેના અને હિમાલયે પાર્વતીને એવો એવો સામાન આપેલો, જે મહારાણીને યોગ્ય હતો. વિવિધ પ્રકારનાં દ્રવ્યોની શુભરાશિ ભેટ આપી, જે બીજાઓ માટે તો દુર્લભ હતી. શિવાએ સમસ્ત ગુરુજનોને, માતા-પિતાને પુરોહિત અને બ્રાહ્મણોને ભાભીઓ અને બીજી સ્ત્રીઓને પ્રણામ કરીને યાત્રા કરી. પુત્રોસહિત બુદ્ધિમાન હિમાચલ પણ સ્નેહને વશીભૂત થઈને પાછળ-પાછળ ગયા, અને એ સ્થાને પહોંચ્યા. જ્યાં દેવતાઓ સહિત ભગવાન શિવ પ્રસન્નતાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યા હતા. ત્યાં બધા લોકોએ બહુ પ્રેમ અને આનંદથી પરસ્પરને બોલાવ્યા, મળ્યા. એ બધાએ ભગવાનને પ્રણામ કર્યા અને એમની પ્રશંસા કરતાં કરતાં એ નગરમાં પાછા જતા રહ્યા.

નદનંતર કૈલાસ પહોંચીને શિવે પાર્વતીને કહ્યું - 'હે દેવેશ્વરિ! તમે તો સદાયે મારી પ્રાણપ્રિયા છો. તમને લીલાપૂર્વક એ વાતની યાદ અપાવી રહ્યા છો. તમને પૂર્વજન્મનું - પૂર્વજન્મની વાતોનું સ્મરણ છે. તેથી મારા અને પોતાના નિત્ય સંબંધની જો તમને સ્મરણમાં હોય તો બતાવો.' પોતાના પ્રાણનાથ મહેશ્વરની આ વાત સાંભળીને શંકરની નિત્યપ્રિયા પાર્વતી મલકાતાં મલકાતાં આમ બોલ્યાં - 'હે પ્રાણેશ્વર! મને બધી વાતોનું સ્મરણ છે પરંતુ આ સમયે આપ ચૂપ રહો અને આ અવસરને અનુરૂપ જે કાર્ય હોય, એને જ શીઘ્ર પૂર્ણ કરો.'

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! પ્રિયા પાર્વતીના સેંકડો સુધા-ધારા સમાન મધુર વચનોને સાંભળીને લોકાચાર-પરાયણ ભગવાન વિશ્વનાથ બહુ પ્રસન્ન થયા. એમણે ઘણીબધી સામગ્રી એકત્ર કરીને નારાયણ વગેરે દેવતાઓને જાત-જાતની મનોહર ભોજ્ય વસ્તુઓ ખવડાવી આ રીતે પોતાના લગ્નમાં પધારેલા બીજા લોકોને પણ ભગવાન શંકરે પ્રેમપૂર્વક સુમધુર રસથી યુક્ત વિવિધ પ્રકારનું અન્ન જમાડ્યું. ભોજન કર્યા પછી એ સર્વ દેવતાઓએ વિવિધ રત્નોથી વિભૂષિત થઈ પોતાની સ્ત્રીઓ અને સેવકગણોની સાથે આવીને

પ્રભુ ચંદ્રશેખરને પ્રણામ કર્યા. પછી પ્રિય વચનો દ્વારા પ્રસન્નતાપૂર્વક એમની સ્તુતિ અને પરિક્રમા કરીને શિવ-વિવાહની પ્રશંસા કરતાં કરતાં એ બધા લોકો પોતપોતાને ધામે ચાલ્યા ગયા. હે મુને! સાક્ષાત્ ભગવાન શિવે લોકાચારવશ વિષ્ણુને અને મને પણ પ્રણામ કર્યા - ઠીક એ જ રીતે જેમ વામનરૂપ ધારી શ્રીહરિએ મહર્ષિ કશ્યપને નમસ્કાર કર્યા હતા ત્યારે મેં અને વિષ્ણુએ શિવને છાતીસરસા ચાંપ્યા અને એમને આશીર્વાદ આપ્યા. તદનંતર શ્રીહરિએ એમને પરબ્રહ્મ પરમાત્મા માનીને એમની ઉત્તમ સ્તુતિ કરી. એ પછી મારી સાથે ભગવાન શ્રીવિષ્ણુ શિવ પાસેથી વિદાય લઈ શિવા અને શિવને પ્રસન્નતાપૂર્વક હાથ જોડીને એમના વિવાહની પ્રશંસા કરતાં કરતાં પોતાના ઉત્તમ ધામે પહોંચી ગયા. ભગવાન શિવ પણ પાર્વતી સાથે આનંદવિહાર કરતાં કરતાં પોતાના નિવાસભૂત કૈલાસ પર્વત પર રહેવા લાગ્યા. સમસ્ત શિવગણોને આ વિવાહથી બહુ સુખ મળ્યું. તે અત્યંત ભક્તિપૂર્વક શિવા અને શિવની આરાધના કરવા લાગ્યા.

હે તાત! આ રીતે મેં પરમ મંગલમય શિવ-વિવાહનું વર્ણન કર્યું. આ શોકનાશક, આનંદદાયક તથા ધન અને આયુની બુદ્ધિ કરનાર છે. જે પુરુષ ભગવાન શિવ અને શિવામાં મન પરોવીને પવિત્ર થઈને પ્રતિદિન આ પ્રસંગને સાંભળે છે અથવા નિયમપૂર્વક બીજાઓએ સંભળાવે છે તે શિવલોક પ્રાપ્ત કરી લે છે; આ અદ્ભુત આખ્યાન કહેવામાં આવ્યું, જે મંગલનું આવાસસ્થાન છે. એ સંપૂર્ણ વિઘ્નોનો નાશ કરીને સમસ્ત રોગોનો નાશ કરે છે. એ દ્વારા સ્વર્ગ, યશ, આયુ તથા પુત્ર અને પૌત્રોની પ્રાપ્તિ થાય છે. એ સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરે છે, આ લોકમાં ભોગ આપે છે અને પરલોકમાં મોક્ષ પ્રદાન કરે છે. આ શુભ પ્રસંગને સાંભળવાથી અપમૃત્યુનું શમન થાય છે અને પરમ શાંતિની પ્રાપ્તિ થાય છે. આ સમસ્ત દુ:સ્વપ્નોનું નાશક તથા બુદ્ધિ અને વિવેક વગેરેનું સાધક છે. પોતાના હિતની કામના કરનારાઓ લોકોને શિવ-સંબંધી બધા જ ઉત્સવોમાં પ્રસન્નતાની સાથે પ્રયત્નપૂર્વક આનો પાઠ કરવો જોઈએ. એ ભગવાન શિવને સંતોષ પ્રદાન કરનારો છે. વિશેષત: દેવતા વગેરેની પ્રતિષ્ઠાને સમયે તથા શિવ-સંબંધી બધાં કાર્યોના પ્રસંગો પ્રસન્નતાપૂર્વક આનો પાઠ કરવો જોઈએ અથવા પવિત્ર થઈને શિવ-પાર્વતીના આ કલ્યાણકારી ચરિત્રનું શ્રવણ કરવું જોઈએ, આવું કરવાથી સમસ્ત કાર્ય સિદ્ધ થાય છે. આ સત્ય છે. આ સત્ય છે. એમાં સંશય નથી. (અધ્યાય ૫૫)

*

॥ રુદ્રસંહિતાનો પાર્વતીખંડ સંપૂર્ણ ॥

*

# રુદ્રસંહિતા, ચતુર્થ (કુમાર) ખંડ

## દેવતાઓ દ્વારા સ્કન્દને શિવ-પાર્વતી પાસે આણવો, એમનો લાડ-પ્યાર, દેવોની માગણી હોવાથી શિવજીનું એનું તારક-વધ માટે સ્વામી કાર્તિકનું પ્રદાન, કુમારની અધ્યક્ષતામાં દેવસેનાનું પ્રસ્થાન, મહીસાગર સંગમ પર તારકાસુરનું આવવું, અને બંને સેનાઓમાં અથડામણ, વીરભદ્રનો તારકાસુર સાથે ઘોર-સંગ્રામ, પુનઃ શ્રીહરિ અને તારકનું ભયાનક યુદ્ધ

**વન્દે વન્દનતુષ્ટમાનસમતિપ્રેમપ્રિયં પ્રેમદં**
**પૂર્ણં પૂર્ણકરં પ્રપૂર્ણનિખિલૈશ્વર્યૈકવાસં શિવમ્।**
**સત્યં સત્યમયં ત્રિસત્યવિભવં સત્યપ્રિયં સત્યદં**
**વિષ્ણુબ્રહ્મનુતં સ્વકીયકૃપયોપાત્તાકૃતિં શંકરમ્॥**

વંદના કરવાથી જેનું મન પ્રસન્ન થઈ જાય છે, જેમને પ્રેમ અત્યંત વ્હાલો છે, જે પ્રેમ પ્રદાન કરનાર છે, પૂર્ણાનંદમય, ભક્તોની અભિલાષા પૂર્ણ કરનારા, સંપૂર્ણ ઐશ્વર્યોના એકમાત્ર આવાસસ્થાન અને કલ્યાણસ્વરૂપ છે, સત્ય જ જેમનો શ્રીવિગ્રહ છે, જે સત્યમય છે, જેમનું ઐશ્વર્ય ત્રિકાલાબાધિત છે, જે સત્યપ્રિય અને સત્ય-પ્રદાતા છે, બ્રહ્મા અને વિષ્ણુ જેની સ્તુતિ કરે છે, સ્વેચ્છાનુસાર શરીર ધારણ કરનાર એ ભગવાન શંકરની હું વંદના કરું છું.

**શ્રી નારદજીએ પૂછ્યું**—હે દેવતાઓનું મંગલ કરનારા દેવ! પરમાત્મા શિવ તો સર્વસમર્થ છે. આત્મારામ થઈને પણ એમણે જે પુત્રની ઉત્પત્તિ માટે પાર્વતીની સાથે લગ્ન કર્યું હતું, એમનો એ પુત્ર કેવી રીતે ઉત્પન્ન થયો? તથા તારકાસુરનો વધ કેવી રીતે થયો? મારા પર કૃપા કરીને આ આખું વૃત્તાંત પૂર્ણરૂપે વર્ણન કરીને જણાવો.

એના ઉત્તરમાં બ્રહ્માજીએ કથાપ્રસંગ સંભળાવીને કુમાર ગંગાથી ઉત્પન્ન થયા હોવાની તથા કૃતિકા વગેરે છ સ્ત્રીઓ દ્વારા એમનું લાલનપાલન થયેલું, એ છએની સંતુષ્ટિ માટે એમનાં છ મુખ ધારણ કરવા અને કૃત્તિકાઓ દ્વારા પાલન થયું હોવાથી 'કાર્તિકેય' નામ હોવાની વાત કહી. ત્યાર પછી એમને શંકર-ગિરિજાની સેવામાં લાવવામાં આવ્યાની કથા સંભળાવી પછી બ્રહ્માજીએ કહ્યું - ભગવાન શંકરે કુમારને ખોળામાં બેસાડી અત્યંત સ્નેહ કર્યો. દેવતાઓએ એમને વિવિધ પ્રકારના પદાર્થ, વિદ્યાઓ, શક્તિ અને અસ્ત્ર-શસ્ત્ર વગેરે પ્રદાન કર્યાં. પાર્વતીના હૃદયમાં પ્રેમ માતો ન હતો. એમણે હર્ષપૂર્વક હસીને, સ્મિત ફરકાવીને, કુમારને પરમોત્તમ ઐશ્વર્ય આપ્યું, સાથે જ ચિરંજીવી પણ બનાવી દીધા. લક્ષ્મીએ દિવ્ય સંપન્ન તથા એક વિશાળ અને મનોહર હાર અર્પિત કર્યો. સાવિત્રીએ પ્રસન્ન થઈને સર્વ વિદ્યાઓ પ્રદાન કરી. હે મુનિશ્રેષ્ઠ! આ રીતે ત્યાં મહોત્સવ થયો. સર્વનાં મન પ્રસન્ન હતાં. વિશેષતઃ શિવ અને પાર્વતીના આનંદનો પાર ન હતો. એ દરમિયાન દેવતાઓએ ભગવાન શંકરને કહ્યું - હે પ્રભો! આ તારકાસુર કુમારના હાથે જ માર્યો જવાનો છે, એટલા માટે આ (પાર્વતી-પરિણામ તથા કુમારોત્પત્તિ) ઉત્તમ ચરિત ઘટિત થયું છે. તેથી અમારા લોકોના સુખાર્થ એનું કામ તમામ - એનો અંત કરવાના હેતુ માટે કુમારને આજ્ઞા આપો. અમે લોકો આજે

જ અસ્ત્ર-શસ્ત્રથી સુસજ્જિત થઈને તારકને મારવા માટે રણ-યાત્રા કરીશું.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! આ સાંભળીને ભગવાન શંકરનું હૃદય દયાર્દ્ર થઈ ગયું. એમણે એમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને તે જ સમયે તારકનો વધ કરવા માટે પોતાના પુત્ર કુમારને દેવતાઓને સોંપી દીધો. પછી તો શિવજીની આજ્ઞા મળી ગઈ હોવાથી બ્રહ્મા, વિષ્ણુ વગેરે બધા દેવતા એકત્ર થઈને ગુહને આગળ કરીને તરત જ એ પર્વત પરથી ચાલી નીકળ્યા. એ સમયે શ્રીહરિ વગેરે દેવતાઓના મનમાં પૂર્ણ વિશ્વાસ હતો કે (આ અવશ્ય તારકનો વધ કરી દેશે); તે ભગવાન શંકરના તેજથી ભાવિત થઈ કુમારના સેનાપતિત્વમાં તારકનો સંહાર કરવાને માટે (રણક્ષેત્રમાં) આવ્યા. પેલી બાજુ તારકે દેવતાઓના આ યુદ્ધ-ઉદ્યોગને સાંભળીને તે વખતે તે પણ એક વિશાળ સેના સાથે દેવો સાથે યુદ્ધ કરવાને માટે તત્કાળ જ ચાલી નીકળ્યો. એની વિશાળ વાહિનીને આવતી જોઈ દેવતાઓને પરમ વિસ્મય થયો. પછી તો તે બળપૂર્વક વારંવાર સિંહનાદ કરવા લાગ્યા. એ જ સમયે તરત જ ભગવાન શંકરની પ્રેરણાથી વિષ્ણુ વગેરે સંપૂર્ણ દેવતાઓ પ્રતિ આકાશવાણી થઈ.

**આકાશવાણીએ કહ્યું**—હે દેવગણ! તમે લોકો જે કુમારના અધિનાયકત્વમાં યુદ્ધ કરવા તૈયાર થયા છો, એથી તમે સંગ્રામમાં દૈત્યોને જીતીને વિજયી થશો.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! એ આકાશવાણી સાંભળીને બધા દેવતાઓનો ઉત્સાહ વધી ગયો. એમનો ભય જતો રહ્યો અને એ વીરોચિત ગર્જના કરવા લાગ્યા. એમની યુદ્ધ-કામના બળવતી થઈ ગઈ. એ બધા જ કુમારને અગ્રણી બનાવી ખૂબ જ ઉતાવળથી મહી-સાગર સંગમે ગયા. પેલી બાજુ બહુસંખ્યક અસુરોથી ઘેરાયેલો તે તારક પણ બહુ મોટી સેનાની સાથે શીઘ્ર જ ત્યાં આવી પહોંચ્યો, જ્યાં દેવતાઓ ઊભા હતા. એ અસુરના આગમન વખતે પ્રલયકાલીન મેઘોની જેમ ગર્જના કરનારી રણભેરીઓ તથા અન્યાન્ય કર્કશ શબ્દ કરનારાં રણવાદ્યો વાગી રહ્યાં હતાં. એ સમયે તારકાસુરની સાથે આવનારા દૈત્ય તાલ ઠોકતાં ઠોકતાં ગર્જના કરી રહ્યા હતા. એમના પદાઘાતથી પૃથ્વી કંપી ઊઠતી હતી. એ અત્યંત ભયંકર કોલાહલ સાંભળીને પણ સર્વ દેવતાઓ નિર્ભય જ બની રહ્યા હતા. એ એકસાથે મળીને તારકાસુરનો સામનો કરવા માટે દૃઢ રીતે અડીખમ ઊભા થઈ ગયા. એ સમયે દેવરાજ ઈન્દ્રકુમારને ગજરાજ પર બેસાડીને સૌથી આગળ ઊભા રહ્યા. તે લોકપાલોથી ઘેરાયેલા હતા, એમની સાથે દેવતાઓની મરતી સેના હતી. તત્પશ્ચાત્ કુમારે એ ગજરાજને તો મહેન્દ્રને જ આપી દીધો અને તે સ્વયં એક એવા વિમાન પર આરૂઢ થયા, જે પરમ આશ્ચર્યજનક અને વિવિધ પ્રકારનાં રત્નોથી સુશોભિત હતું. એ સમયે એ વિમાન પર સવાર થવાથી સર્વગુણસંપન્ન મહાયશસ્વી શંકર-પુત્ર શોભાથી સંયુક્ત થઈને સુશોભિત થઈ રહ્યા હતા. એમને પરમ પ્રકાશમય ચામર ઢાળવામાં આવી રહ્યા હતા. એ દરમિયાન બલાભિમાની અને મહાવીર દેવતા અને દૈત્ય ક્રોધથી વિહ્વળ થઈને પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. એ સમયે દેવતાઓ અને દૈત્યોમાં બહુ જ ઘમસાણ યુદ્ધ થયું. ક્ષણભરમાં તો આખી રણભૂમિ રુડમુંડોથી વ્યાપ્ત થઈ ગઈ.

ત્યારે મહાબલી તારકાસુર બહુ મોટી સેના સાથે દેવતાઓ સાથે યુદ્ધ કરવા વેગપૂર્વક આગળ વધ્યો. એ રણમાં એટલે કે યુદ્ધમાં ખો

મદ ધારણ કરનાર તારકને યુદ્ધની ઈચ્છાથી આગળ વધતો જોઈ ઈન્દ્ર વગેરે દેવતા તરત જ એની સામે આવી ગયા. પછી તો બંને સેનામાં મહાન કોલાહલ થવા લાગ્યો. ત્યાર પછી દેવો અને અસુરોનો વિનાશ કરનારું એવું દ્વન્દ્વ યુદ્ધ શરૂ થયું, જેને જોઈને વીરો હર્ષોત્ફુલ્લ થઈ ગયા અને કાયરો-ડરપોકોના મનમાં ભય છવાઈ ગયો. આ જ સમયે વીરભદ્ર કુપિત થઈને મહાબલી પ્રમથગણોની સાથે વીરાભિમાન તારકની પાસે આવી પહોંચ્યા. એ બળવાન ગણનાયક ભગવાન શિવના કોપથી ઉત્પન્ન થયેલા હતા, તેથી સમસ્ત દેવતાઓને પાછળ છોડીને યુદ્ધની અભિલાષાથી તારકની સામે અડીખમ ઊભા રહી ગયા. એ સમયે પ્રમથગણો તથા બધા જ અસુરોના મનમાં પરમ ઉલ્લાસ હતો, તેથી એ મહાસમરમાં પરસ્પર બથ્થંબથ્થા કરીને ઝૂઝવા માંડ્યા. ત્યાર પછી વીરભદ્ર અને તારકાસુરનું ભયાનક યુદ્ધ થયું. એ દરમિયાન અસુરોની સેના રણથી વિમુખ થઈ ભાગવા માંડી. આ રીતે પોતાની સેનાને તિતરબિતર (અસ્તવ્યસ્ત) થતી જોઈને એનો નાયક તારકાસુર ક્રોધે ભરાયો અને દશ હજાર ભુજાઓ ધારણ કરીને સિંહ પર સવાર થઈને દેવગણોને મારી નાખવા એમના તરફ ઝપાટો બોલાવ્યો. તે યુદ્ધના સમયે દેવો તથા પ્રમથગણોને મારી મારીને પાડી દેતો હતો. ત્યારે પ્રમથગણોના નેતા મહાબલી વીરભદ્ર એ કર્મને જોઈને એનો વધ કરવા માટે અત્યંત કુપિત થઈ ઊઠ્યા. પછી તો એમણે ભગવાન શિવનાં ચરણકમળનું ધ્યાન કરીને એક એવું શ્રેષ્ઠ ત્રિશૂળ હાથમાં લીધું, જેના તેજથી બધી દિશાઓ અને આકાશ પ્રકાશિત થઈ ઊઠે. આ અવસર પર મહાન કૌતુક પ્રદર્શિત કરનાર સ્વામી કાર્તિક તરત જ વીરભદ્રને કહેવડાવીને એ યુદ્ધને રોકી દીધું. ત્યારે સ્વામીની આજ્ઞાથી વીરભદ્ર એ યુદ્ધમાંથી દૂર ખસી ગયા. આ જોઈને અસુર-સેનાપતિ મહાવીર તારક ક્રોધે ભરાઈ ગયો. તે યુદ્ધ-કુશળ તથા વિવિધ પ્રકારનાં અસ્ત્રોનો જાણકાર હતો, તેથી દેવતાઓને લલકારી લલકારીને એમના પર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. એ સમયે બલવાનોમાં શ્રેષ્ઠ અસુરરાજ તારકે એવું મહાન કર્મ કર્યું કે બધા દેવતા ભેગા મળીને પણ એમનો સામનો ન કરી શક્યા. એ ભયભીત દેવતાઓને આમ માર ખાતા જોઈને ભગવાન અચ્યુતને ક્રોધ થઈ ગયો અને એ શીઘ્ર જ યુદ્ધ કરવાને માટે તૈયાર થઈ ગયા. એ ભગવાન શ્રીહરિએ પોતાનાં આયુધ સુદર્શનચક્ર અને શાર્ઙ્ગધનુષને લઈને યુદ્ધસ્થળમાં મહાદૈત્ય તારક પર આક્રમણ કર્યું. હે મુને! ત્યાર પછી બધાનાં દેખતાં જ શ્રીહરિ અને તારકાસુરની વચ્ચે અત્યંત ભયંકર અને રોમાંચકારી મહાયુદ્ધ છેડાઈ ગયું. એ દરમિયાન અચ્યુતે કુપિત થઈને મહાન સિંહનાદ કર્યો અને ધગધગતી જ્વાળાઓના જેવા પ્રકાશવાળા પોતાના ચક્રને ઉઠાવ્યું. પછી તો શ્રીહરિએ એ જ ચક્રથી દૈત્યરાજ તારક પર પ્રહાર કર્યો. એના ઘાથી અત્યંત વ્યથિત થઈને એ અસુર જમીન પર પડી ગયો. પરંતુ તે અસુરનાયક તારક અત્યંત બળવાન હતો, તેથી તરત જ ઊઠીને એ દૈત્યરાજે પોતાની શક્તિથી ચક્રના ટુકડેટુકડા કરી દીધા. હે મુને! ભગવાન વિષ્ણુ અને તારકાસુર બંને બળવાન હતા અને બંનેમાં અગાધ બળ હતું. તેથી યુદ્ધસ્થળમાં તેઓ પરસ્પર લડવા લાગ્યા.

(અધ્યાય ૧ થી ૮)

*

# બ્રહ્માજીની આજ્ઞાથી કુમારનું યુદ્ધ માટે જવું, તારકની સાથે એમનો ભીષણ-સંગ્રામ અને એમના દ્વારા તારકનો વધ, ત્યાર પછી દેવતાઓ દ્વારા કુમારને અભિનંદન અને સ્તવન, કુમારનું એમને વરદાન આપીને કૈલાસ પર જઈને શિવ-પાર્વતી પાસે તેમનો નિવાસ

**ત્યારે બ્રહ્માજીએ કહ્યું**—શંકરસુવન, શંકરપુત્ર સ્વામી હે કાર્તિક! તમે તો દેવાધિદેવ છો. હે પાર્વતીસુત! વિષ્ણુ અને તારકાસુરનું આ વ્યર્થ યુદ્ધ શોભતું નથી, કેમકે વિષ્ણુને હાથે આ તારકનું મૃત્યુ નહીં થાય. એણે મારી પાસેથી વરદાન મેળવીને અત્યંત બળ પ્રાપ્ત કર્યું છે. આ હું બિલકુલ સત્ય વાત કહી રહ્યો છું. હે પાર્વત-નંદન! તમારા સિવાય આ પાપીને કોઈ મારી શકે નહીં. માટે હે મહાપ્રભો! તમારે મારા કથન અનુસાર જ કાર્ય કરવું જોઈએ. હે પરંતપ! તમે શીઘ્ર જ એ દૈત્યનો વધ કરવા માટે તૈયાર થઈ જાઓ, કેમકે, હે પાર્વતીપુત્ર! તારકનો સંહાર કરવાના નિમિત્તે જ તમે શંકરથી ઉત્પન્ન થયા છો.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! આવું મારું કથન સાંભળીને શંકરનંદન કુમાર કાર્તિકેય જોરથી હસી પડ્યા અને પ્રસન્નતાપૂર્વક બોલ્યા - 'તથાસ્તુ - એવું જ થશે.' ત્યારે મહાન ઐશ્વર્યશાળી શંકરસુવન કુમાર તારકાસુરના વધનો નિશ્ચય કરીને વિમાનમાંથી ઊતરી પડ્યા અને પગપાળા ચાલવા લાગ્યા. જે સમયે મહાબલી શિવપુત્ર કુમાર પોતાની અત્યંત ચમકતી શક્તિને જે અગ્નિની લપેટોથી દમકતી-ચમકતી એક મોટી ઉલ્કા જેવી જણાતી હતી, તેને હાથમાં લઈને તે પગપાળા જ દોડી રહ્યા હતા, એ સમયે એમની શોભા અદ્ભુત હતી. એમના મનમાં લેશમાત્ર પણ વ્યાકુળતા હતી નહીં. એ પરમ પ્રચંડ અને અપ્રમેય બળશાળી



હતા. એ છ મુખવાળા કાર્તિકેયને પોતાની સા[…] ધસી આવતા જોઈને તારક સુરશ્રેષ્ઠોને પૂછ[…] લાગ્યો - 'શું શત્રુઓનો સંહાર કરનાર કુમા[…] આ જ છે? હું એકલો વીર જ એની સાથે યુ[…] કરીશ અને હું જ સમસ્ત વીરો, પ્રમથગણ[…] લોકપાલો તથા શ્રીહરિ જેના નાયક છે, [...] દેવોને પણ મારી નાખીશ.'

ત્યાર પછી દેવતાઓને દુર્વચન કહીને અસુર તારક ભીષણ યુદ્ધ કરવા લાગ્યો.

સમયે બહુ વિકટ સંગ્રામ થયો. ત્યારે શત્રુ-વીરોનો સંહાર કરનાર કુમારે શિવજીનાં ચરણ-કમળોનું સ્મરણ કરીને તારકના વધનો વિચાર કર્યો. પછી તો મહા તેજસ્વી અને મહાબલી કુમાર રોષ અને આવેશમાં આવીને ગર્જના કરવા માંડ્યા અને બહુ મોટી સેનાની સાથે યુદ્ધમાં દઢતાથી ઊભા રહ્યા. એ સમયે સમસ્ત દેવતાઓએ જયજયકારનો ધ્વનિ કર્યો અને દેવર્ષિઓએ ઈષ્ટ વાણી દ્વારા એમની સ્તુતિ કરી. ત્યારે તારક અને કુમારના સંગ્રામનો પ્રારંભ થયો, જે અત્યંત દુસ્સહ, મહાભયંકર અને સંપૂર્ણ પ્રાણીઓને ભયભીત કરનારો હતો. કુમાર અને તારક બંનેયે શક્તિ-યુદ્ધમાં પરમ પ્રવીણ હતા, તેથી અત્યંત રોષ-આવેશમાં તેઓ પરસ્પર એક-બીજા પર પ્રહાર કરવા લાગ્યા. પરમ પરાક્રમી એ બંને વિવિધ પ્રકારના પેંતરા-દાવ બદલી બદલીને ગર્જના કરી રહ્યા હતા. અનેક પ્રકારના દાવપેચથી એકબીજા પર આઘાત કરી રહ્યા હતા. એ સમયે દેવતા, ગંધર્વ અને કિન્નર-સૌ ચૂપચાપ ઊભા રહીને એ દશ્ય જોઈ રહ્યા હતા. એમને પરમ વિસ્મય થયો. તે એટલે સુધી કે વાયુ પણ વહેવો બંધ થઈ ગયો. સૂર્યની પ્રભા ફિક્કી પડી ગઈ અને પર્વત તથા વનકાનનોસહિત આખી પૃથ્વી ધ્રુજવા લાગી, કંપી ઊઠી. આ જ અવસર પર હિમાલય વગેરે પર્વત સ્નેહથી અભિભૂત થઈને કુમારની રક્ષા માટે ત્યાં આવી પહોંચ્યા. ત્યારે એ સર્વ પર્વતોને ભયભીત થયેલા જોઈને શંકર અને ગિરિજાના પુત્ર કુમારે એમને સાંત્વના આપી અને બોલ્યા.

કુમારે કહ્યું—'હે મહાભાગ પર્વતો! તમે લોકો ખેદ ન કરો. તમારે કોઈ પ્રકારે ચિંતા ન કરવી. હું આજે તમારા બધાંના દેખતાં જ આ પાપીને મારી નાખીશ.' આ રીતે એ પર્વતો અને દેવગણોને ધૈર્ય ધારણ કરવા કહ્યું. કુમારે ગિરિજા અને શંભુને પ્રણામ કર્યા તથા પોતાની કાંતિમયી શક્તિને હાથમાં લીધી. શંભુપુત્ર કુમાર મહાબલી અને મહાન ઐશ્વર્યશાળી તો હતા જ. જ્યારે એમણે તારકનો વધ કરવાની ઇચ્છાથી શક્તિ હાથમાં લીધી, એ સમયે એમની શોભા અદ્ભુત થઈ ગઈ. ત્યાર પછી શંકરજીના તેજથી સંપન્ન કુમારે એ શક્તિથી તારકાસુર પર, જે સમસ્ત લોકોને કષ્ટ આપતો હતો. તેના પર પ્રહાર કર્યો. એ શક્તિના આઘાતથી તારકાસુરનાં બધાં અંગ છિન્નભિન્ન થઈ ગયાં અને સંપૂર્ણ અસુરગણોનો અધિપતિ તે મહાવીર સહસા ધરાશાયી થઈ ગયો. હે મુને! બધાંનાં જોતજોતામાં ત્યાં જ કુમાર દ્વારા માર્યા ગયેલા તારકનું પ્રાણપંખેરું ઊડી ગયું. એ ઉત્કૃષ્ટ વીર તારકને મહાસમરમાં પ્રાણરહિત થઈને પડેલા જોઈને વીરવર કુમારે પુનઃ એ વીર પર વાર-ઘા કર્યા નહિ. એ મહાબલી દૈત્યરાજ તારકના માર્યા જવાથી દેવતાઓએ ઘણા અસુરોને મોતને ઘાટ ઉતારી દીધા. એ યુદ્ધમાં કેટલાક અસુરોએ ભયભીત થઈને હાથ જોડી દીધા, કેટલાકનાં શરીર છિન્નભિન્ન થઈ ગયાં, હજારો દૈત્ય મૃત્યુના અતિથિ બની ગયા. કેટલાક શરણાર્થી દૈત્ય અંજલિબદ્ધ થઈને 'પાહિ પાહિ - રક્ષા કરો, રક્ષા કરો' એવું બોલતાં બોલતાં કુમારને શરણે આવી ગયા. કેટલાક માર્યા ગયા અને કેટલાક મેદાન છોડીને ભાગી ગયા. હજારો દૈત્યો જીવનની આશાએ દોડીને પાતાળમાં ઘૂસી ગયા. એ બધાંની આશાઓ ભગ્ન થઈ ગઈ હતી અને મુખ પર દીનતા છવાઈ ગઈ હતી.

હે મુનીશ્વર! આ રીતે તે આખી દૈત્યસેના વિનષ્ટ થઈ ગઈ. દેવગણોના ભયથી કોઈ ત્યાં ટકી શક્યું નહીં. એ દુરાત્મા તારકના માર્યા

જવાથી સર્વ લોક નિષ્કંટક થઈ ગયા અને ઈન્દ્ર વગેરે બધા દેવતા આનંદમગ્ન થઈ ગયા. આમ કુમારને વિજયી જોઈને એકીસાથે બધા દેવતાઓ તથા ત્રિલોકીના સમસ્ત પ્રાણીઓને મહાન આનંદ થયો. એ સમયે ભગવાન શંકર પણ કાર્તિકેયના વિજયના સમાચાર મેળવીને પ્રસન્નતાથી સભર ભરાઈ ગયા અને પાર્વતીજી સાથે ગણોથી ઘેરાયેલા શિવજી ત્યાં પધાર્યા. પાર્વતીજી ઊભરાતા હૃદયે પરમ પ્રેમપૂર્વક સૂર્ય સમાન તેજસ્વી પોતાના પુત્ર કુમારને ખોળામાં લઈને સ્નેહ વરસાવી રહ્યાં હતાં. એ જ અવસરે હિમાલય બંધુ-બાંધવો અને અનુયાયીઓની સાથે આવીને શંભુ-પાર્વતી તથા ગુહનું સ્તવન કર્યું. તત્પશ્ચાત્ દેવગણ, મુનિ, સિદ્ધ અને ચારણોએ શિવનંદન કુમાર, શંભુ અને પરમ પ્રસન્ન થયેલાં પાર્વતીની સ્તુતિ કરી. એ જ સમયે ઉપદેવોએ પણ ખૂબ જ પુષ્પ વર્ષા કરી. સર્વ પ્રકારનાં વાજાં વાગવા લાગ્યાં. વિશેષરૂપે જયજયકાર અને નમસ્કારના શબ્દ ઉચ્ચ સ્વરે ગુંજવા માંડ્યા. એ સમયે ત્યાં એક મહાન વિજય ઉત્સવ મનાવાયો, જેમાં કીર્તનની વ્યવસ્થા હતી અને એ સ્થાન ગાયન-વાદનના ધ્વનિ તથા અધિકાધિક બ્રહ્મઘોષથી વ્યાપી હતું, હે મુને! સમસ્ત દેવગણોએ પ્રસન્નતાપૂર્વક ગાઈ બજાવીને તથા હાથ જોડીને ભગવાન જગન્નાથની સ્તુતિ કરી. ત્યાર પછી સર્વથી પ્રશંસિત તથા પોતાના ગણોથી ઘેરાયેલા ભગવાન રુદ્ર જગ જનની ભવાની સાથે પોતાના નિવાસસ્થાન કૈલાસ પર્વત પર ચાલ્યા ગયા.

આ બાજુ તારક માર્યો ગયો છે એ જોઈ-જાણીને બધા દેવતાઓ તથા અન્ય સમસ્ત પ્રાણીઓનો મુખ હાસ્યથી છવાઈ ગયાં. તે ભક્તિપૂર્વક શંકરસુવન કુમારની સ્તુતિ કરવા લાગ્યા. 'હે દેવ! તમે દાનવશ્રેષ્ઠ તારકનું હનન કરનારા છો, તમને નમસ્કાર હો. હે શંકરનંદન! તમે બાણાસુરના પ્રાણોનું અપહરણ કરનાર અને પ્રલંબાસુરના વિનાશક છો. તમારું સ્વરૂપ પરમ પવિત્ર છે, તમારું અમે અભિવાદન કરીએ છીએ.'

**બ્રહ્માજી કહે છે**—હે મુને! જ્યારે વિષ્ણુ વગેરે દેવતાઓએ આ રીતે કુમારનું સ્તવન કર્યું, ત્યારે એ પ્રભુએ બધા દેવોને ક્રમશઃ નવાં નવાં વરદાન આપ્યાં. ત્યાર પછી પર્વતોને સ્તુતિ કરતા જોઈને તે શંકરતનયે પરમ પ્રસન્નતા અનુભવી અને એમને વરદાન આપતાં બોલ્યા -

**સ્કંદે કહ્યું**—હે ભૂધરો! તમે બધા જ પર્વત તપસ્વીઓ દ્વારા પૂજનીય અને કર્મઠ અને જ્ઞાનીઓ દ્વારા સેવનીય થશો. આ જે મારા માતામહ (નાના) પર્વત શ્રેષ્ઠ હિમવાન છે તે મહાભાગ આજથી તપસ્વીઓ માટે ફલદાતા થશે.



ત્યારે દેવતા બોલ્યા—હે કુમાર! આ

અસુરરાજ તારકને મારીને તથા દેવોને વરદાન આપીને તમે અમે સૌને તથા ચરાચર જગતને સુખી કરી દીધું. હવે તમારે પરમ પ્રસન્નતાપૂર્વક તમારાં માતા-પિતા પાર્વતી અને શંકરનાં દર્શન કરવા માટે શિવના નિવાસભૂત કૈલાસ પર ચાલ્યા જવું જોઈએ.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! ત્યાર પછી બધા દેવતાઓની સાથે વિમાન પર ચઢીને કુમાર સ્કંદ શિવજીની સમીપે કૈલાસ જઈ પહોંચ્યા. એ સમયે શિવ-શિવાએ બહુ આનંદ મનાવ્યો. દેવતાઓએ શિવની સ્તુતિ કરી. શિવજીએ એમને વરદાન તથા અભયદાન આપીને વિદાય કર્યા. હે મુને! એ અવસર પર દેવતાઓને પરમ આનંદ પ્રાપ્ત થયો. તે શિવ, પાર્વતી અને શંકરનંદન કુમારના રમણીય યશનાં વખાણ કરતાં કરતાં પોતપોતાને લોક ચાલ્યા ગયા. આ બાજુ પરમેશ્વર શિવ પણ શિવા, કુમાર તથા ગણો સાથે સાથે આનંદપૂર્વક એ પર્વત ઉપર નિવાસ કરવા લાગ્યા. હે મુને! આ રીતે જે શિવભક્તિથી ઓતપ્રોત, સુખદાયક અને દિવ્ય છે એવા કુમારનું ને આખું ચરિત્ર મેં તમારી આગળ વર્ણવી બતાવ્યું; હવે વધારે બીજું શું સાંભળવા ચાહો છો?

(અધ્યાય ૯ થી ૧૨)

*

## શિવાએ પોતાના મેલથી ગણેશને ઉત્પન્ન કરીને દ્વારપાલ-પદ પર નિયુક્ત કર્યા, ગણેશ દ્વારા શિવજીને રોકવાથી એમનો શિવગણો સાથે ભયંકર સંગ્રામ, શિવજી દ્વારા ગણેશનો શિરચ્છેદ, કુપિત થયેલાં શિવા શક્તિઓને ઉત્પન્ન કરે છે અને એમના દ્વારા પ્રલયનું સર્જન, દેવતાઓ અને ઋષિઓના સ્તવન દ્વારા પાર્વતીને પ્રસન્ન કરવાં, એમના દ્વારા પુત્રને જીવિત કરવાની વાત કહેવા પર શિવજીની આજ્ઞા અનુસાર હાથીનું માથું લવાયું અને એને ગણેશજીના ધડ સાથે જોડીને એમને જીવિત કરવા

સૂતજી કહે છે - તારકારિ કુમારના ઉત્તમ અને અદ્ભુત વૃતાન્તની સાંભળીને નારદજીને ખૂબ પ્રસન્નતા થઈ. એમણે પુનઃ પ્રેમપૂર્વક બ્રહ્માજીને પૂછ્યું.

નારદજી બોલ્યા - હે દેવદેવ! આપ તો શિવ-સંબંધી જ્ઞાનના અગાધ સાગર છો. હે પ્રજાનાથ! મેં સ્વામી કાર્તિકના સદ્વૃત્તાંતને, જે અમૃતથી પણ ઉત્તમ છે, સાંભળ્યો. હવે ગણેશનું ઉત્તમ ચરિત્ર સાંભળવા ચાહું છું. આપ એમનો જન્મ-વૃત્તાંત તથા દિવ્ય-ચરિત્ર, જે સંપૂર્ણ મંગલોને માટે પણ મંગલસ્વરૂપ છે, એનું વર્ણન કરો.

સૂતજી કહે છે - મહામુનિ નારદનાં આવાં વચન સાંભળીને બ્રહ્માજીનું મન હર્ષથી ગદ્ગદ થઈ ગયું. એ શિવજીનું સ્મરણ કરીને બોલ્યા.

બ્રહ્માજીએ કહ્યું - હે નારદ! પહેલાં જે મેં વિધિપૂર્વક ગણેશની ઉત્પત્તિનું વર્ણન કર્યું હતું કે શનિની દૃષ્ટિ પડવાથી ગણેશનું માથું કપાઈ ગયું હતું, ત્યારે એના પર હાથીનું મુખ લગાવી દીધું હતું, ને કલ્પાન્તરની કથા છે! હવે

શ્વેતકલ્પમાં ઘટિત થયેલી ગણેશની જન્મ-કથાનું વર્ણન કરું છું, જેમાં કૃપાળુ શંકરે જ એમનું મસ્તક કાપી લીધું હતું. હે મુને! આ બાબત તમારે સંદેહ ન કરવો જોઈએ, કેમકે ભગવાન શંભુ કલ્યાણકારી, સૃષ્ટિકર્તા અને સૌના સ્વામી છે. તે જ સગુણ પણ છે અને નિર્ગુણ પણ છે. એમની લીલાથી સમગ્ર વિશ્વની સૃષ્ટિ, રક્ષા અને વિનાશ થાય છે. હે મુનિશ્રેષ્ઠ! હવે પ્રસ્તુત વિષયને આદરપૂર્વક સાંભળો.

એક સમયે પાર્વતીજીની જયા-વિજયા નામવાળી સખીઓ એમની પાસે આવીને વિચાર કરવા લાગી - 'સખી! બધા જ ગણ રુદ્રના જ છે. નંદી, ભૃંગી વગેરે જે અમારા છે તે પણ શિવની જ આજ્ઞાપાલનમાં તત્પર રહે છે. જે અસંખ્ય પ્રમથગણ છે, એમનામાં પણ આપણું કોઈ નથી. એ બધાય શિવ-આજ્ઞા પરાયણ થઈને દ્વાર ઉપર ઊભા રહે છે. જોકે તેઓ બધા આપણા પણ છે જ. તેમ છતાં એમની સાથે અમારો મનમેળ નથી. તેથી હે પાપરહિતે! તમારે પણ અમારે માટે એક ગણની રચના કરવી જોઈએ.'

**બ્રહ્માજી કહે છે**—હે મુને! જ્યારે બહેનપણીઓએ પાર્વતીજીને આવાં સુંદર વચન કહ્યાં, ત્યારે એમણે એને હિતકારક માન્યાં અને એવું જ કરવાનું વિચાર્યું પણ ખરું. ત્યાર બાદ કોઈ એક સમયે જ્યારે પાર્વતીજી સ્નાન કરી રહ્યાં હતાં, ત્યારે સદાશિવ નન્દીને ડરાવી-ધમકાવીને ઘરની અંદર ચાલ્યા આવેલા. શંકરજીને આવતા જોઈને સ્નાન કરતાં કરતાં જગજનની પાર્વતી ઊભાં થઈ ગયાં. એ સમયે એમને બહુ લજ્જા આવી. તે આશ્ચર્યચકિત થઈ ગયાં. એ અવસર પર એમને સખીઓનાં વચન હિતકારક અને સુખપ્રદ માન્યાં. એ સમયે એવી ઘટના ઘટિત થવા પર પરમાયા પરમેશ્વરી શિવપત્ની પાર્વતીએ મનમાં એવો વિચાર કર્યો કે મારો કોઈ એવો સેવક હોવો જોઈએ, જે પરમ શુભ, કાર્યકુશળ અને મારી જ આજ્ઞામાં તત્પર રહેનારો હોય, એ જરાય વિચલિત થનાર ન હોય. આવો વિચાર કરીને પાર્વતીદેવીએ પોતાના શરીરના મેલથી એક એવા ચેતન પુરુષનું નિર્માણ કર્યું, જે સંપૂર્ણ શુભલક્ષણોથી સંયુક્ત હતો. એનાં બધાં જ અંગ સુંદર અને દોષરહિત હતાં. એમનું એ શરીર વિશાળ, પરમ શોભાયમાન અને મહાન બલ-પરાક્રમથી સંપન્ન હતું. દેવીએ એને અનેક પ્રકારનાં વસ્ત્ર, વિવિધ પ્રકારનાં આભૂષણથી ખૂબ જ ઉત્તમ આશીર્વાદ દઈને કહ્યું - 'તમે મારા પુત્ર છો. મારા પોતાના જ છો. તમારા સમાન વહાલું મારું અહીં કોઈ બીજું નથી.' પાર્વતીના આવા કથન પર તે પુરુષ એમને નમસ્કાર કરીને બોલ્યો.

**ગણેશે કહ્યું**—હે મા! આજે આપને કયું કાર્ય આવી પડ્યું છે? હું આપના કથન અનુસાર એને પૂર્ણ કરીશ.' ગણેશના આવા પૂછવાથી પાર્વતીજી પોતાના પુત્રને ઉત્તર આપતાં બોલ્યાં-

**શિવાએ કહ્યું**—હે તાત! તમે મારા પુત્ર છો. મારા પોતાના જ છો. તેથી તમે મારી વાત સાંભળો. આજથી તમે મારા દ્વારપાળ થઈ જાઓ. હે સત્પુત્ર! મારી આજ્ઞા સિવાય કોઈ પણ હઠપૂર્વક મારા મહેલની અંદર પ્રવેશી ન શકે, ભલેને એ ગમે ત્યાંથી આવે અને કોઈ પણ હોય. હે બેટા! આ મેં તમને બિલકુલ સત્ય વાત કહી છે.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! આમ કહીને પાર્વતીએ ગણેશના હાથમાં એક સુદૃઢ છડી આપી દીધી. એ સમયે એમના સુંદર રૂપને

જોઈને પાર્વતી હર્ષમગ્ન થઈ ગયાં. એમણે પરમ



પ્રેમપૂર્વક પોતાના પુત્રનું મુખ ચૂમી લીધું અને કૃપાપરવશ થઈ છાતી સરસા ચાંપી દીધા. પછી દંડધારી ગણરાજને પોતાના દ્વાર પર સ્થાપિત કરી દીધા. હે બેટા નારદ! ત્યાર પછી પાર્વતીનંદન મહાવીર ગણેશ પાર્વતીની હિતકામનાથી હાથમાં છડી લઈને ગૃહ-દ્વાર પર પહેરો ભરવા માંડ્યા. પેલી બાજુ શિવા પોતાના પુત્ર ગણેશને પોતાના દરવાજા પર નિયુક્ત કરીને જાતે સખીઓ સાથે સ્નાન કરવા લાગ્યાં. હે મુનિશ્રેષ્ઠ! આ જ સમયે ભગવાન શિવ, જે પરમ કૌતુકી તથા વિવિધ પ્રકારની લીલાઓ રચવામાં નિપુણ છે તે દ્વાર પર આવી પહોંચ્યા. ગણેશ એ પાર્વતીપતિને ઓળખતા તો હતા જ નહીં તેથી બોલી ઊઠ્યા - 'હે દેવ! માતાની આજ્ઞા વિના તમે અત્યારે અંદર ન જાઓ. માતા સ્નાન કરવા બેઠાં છે. તમે ક્યાં જવા ચાહો છો? આ વખતે તો અહીંથી ખસી જ જાઓ.' આમ કહીને ગણેશે એમને રોકવા માટે છડી હાથમાં લઈ લીધી. એમને આવું કરતાં જોઈ શિવજી બોલ્યા - 'હે મૂર્ખ! તું કોને રોકી રહ્યો છે? હે દુર્બુદ્ધે! શું તું મને નથી જાણતો? હું શિવ સિવાય બીજો કોઈ નથી.'

પછી મહેશ્વરના ગણ એમને સમજાવીને ખસેડવા માટે ત્યાં આવ્યા અને ગણેશને કહેવા લાગ્યા - સાંભળો, અમે મુખ્ય શિવગણ જ દ્વારપાલ છીએ અને સર્વવ્યાપી ભગવાન શંકરની આજ્ઞાથી તમને ખસેડવા માટે અહીં આવ્યા છીએ. તમને પણ ગણ સમજીને અમે લોકોએ તમને માર્યા નથી, નહિતર તમે તો ક્યારનાય માર્યા ગયા હોત. એ કુશળતા એમાં જ છે તમે જાતે જ દૂર હટી જાઓ. શા માટે મૃત્યુને વ્યર્થમાં જ બોલાવી રહ્યા છો?

**બ્રહ્માજી કહે છે**—હે મુને! આ કહેવાયું તો પણ ગિરિજાનંદ ગણેશ નિર્ભય જ રહ્યા. એમણે શિવગણોને ફટકાર્યા અને દ્વાર પર અડીખમ ઊભા રહ્યા. ત્યારે એ બધા શિવગણોએ શિવજીની પાસે જઈને એમનો બધો વૃત્તાંત સંભળાવ્યો. હે મુને! ગણો પાસેથી સર્વ વાતો સાંભળીને સંસારની ગતિ સ્વરૂપ અદ્‌ભુત લીલાવિહારી મહેશ્વર પોતાનાં ગણોને ધમકાવીને એમને કહેવા લાગ્યા.

**મહેશ્વરે કહ્યું**—'હે ગણો! આ છે કોણ? જે આટલો ઉચ્છૃંખલ થઈને શત્રુની જેમ બકી રહ્યો છે? આ નવીન દ્વારપાલને દૂર ભગાડી દો. તમે લોકો બાયલાની જેમ ઊભા રહીને એનો વૃત્તાંત મને શા માટે સંભળાવી રહ્યા છો?' વિચિત્ર લીલાની રચના કરનાર પોતાના સ્વામી શંકરના આવા કથન પર તે ગણ પુનઃ ત્યાં જ જતા રહ્યા. ત્યાર પછી ગણેશ દ્વારા ફરીથી રોકવાથી શિવજીએ ગણોને આજ્ઞા આપી કે

'તમે તપાસ કરો, આ કોણ છે અને કેમ આવું કરી રહ્યો છે?' ગણોએ પત્તો મેળવીને બતાવ્યું કે 'એ શ્રીગિરિજાના પુત્ર છે તથા દ્વારપાળરૂપે બેઠા છે.' ત્યારે લીલાસ્વરૂપ શંકરે વિચિત્ર લીલા કરવા ચાહ્યું અને પોતાના ગણોનો ગર્વ પણ ગલિત કરવાની ઇચ્છા થઈ આવી. એટલે ગણો અને દેવતાઓને બોલાવીને ગણેશજી સાથે ભીષણ યુદ્ધ કરાવ્યું. પરંતુ તેઓ કોઈ પણ ગણેશને પરાજિત ન કરી શક્યા. ત્યારે સ્વયં શૂલપાણિ મહેશ્વર આવ્યા. ગણેશજીએ માતાનાં



ચરણોનું સ્મરણ કર્યું, ત્યારે શક્તિએ એમને બળ પ્રદાન કર્યું. બધા જ દેવતાઓ શિવજીના પક્ષમાં આવી ગયા અને ઘોર યુદ્ધ થયું. છેવટે સ્વયં શૂલપાણિ મહેશ્વરે આવીને ત્રિશૂળથી ગણેશજીનું મસ્તક કાપી નાખ્યું. જ્યારે આ સમાચાર પાર્વતીજીને મળ્યા ત્યારે તે ક્રુદ્ધ થઈ ગયાં અને ઘણીબધી શક્તિઓને ઉત્પન્ન કરીને એમણે વિચાર કર્યા વિના જ એમને પ્રલય કરી દેવાની આજ્ઞા આપી દીધી. પછી તો શક્તિઓ દ્વારા પ્રલય થવા લાગ્યો. એ શક્તિઓનો તે જાજ્વલ્યમાન પ્રકાશ, એમનું તેજ સર્વ દિશાઓને દગ્ધ-જેવું કરી નાખવા લાગ્યું. એને જોઈને તે બધા શિવગણ ભયભીત થઈ ગયા અને દોડી-ભાગીને દૂર જઈને ઊભા રહ્યા.

હે મુને! આ જ સમયે તમે દિવ્યદર્શન નારદ ત્યાં આવી પહોંચ્યા. તમારું ત્યાં જવાનું પ્રયોજન દેવગણોને સુખ આપવાનું હતું. ત્યારે તમે મુજ દેવતાઓ સહિત શંકરને પ્રણામ કરીને કહ્યું કે આ વિષયમાં સૌએ સાથે મળીને વિચાર કરવો જોઈએ. ત્યારે તે સૌ દેવતા તમે મહામના સાથે સલાહ કરવા લાગ્યા કે આ દુઃખનું શમન કેવી રીતે થાય. પછી એમણે નિશ્ચય કર્યો કે જ્યાં સુધી ગિરિજાદેવી કૃપા નહીં કરે ત્યાં સુધી સુખની પ્રાપ્તિ થઈ શકે નહીં. હવે આ વિષયમાં વધારે વિચાર કરવો વ્યર્થ છે. આવી ધારણા કરીને તમારી સાથે સર્વ દેવતાઓ અને ઋષિ ભગવતી શિવાની નિકટ ગયા અને ક્રોધની શાંતિને માટે એમને પ્રસન્ન કરવા લાગ્યા. એમણે પ્રેમપૂર્વક એમને પ્રસન્ન કરતાં કરતાં અનેકો સ્તોત્રો દ્વારા એમની સ્તુતિ કરીને વારંવાર એમનાં ચરણોમાં અભિવાદન કર્યું. પછી દેવગણની આજ્ઞાથી ઋષિ બોલ્યા.

**દેવર્ષિઓએ કહ્યું**—હે જગદંબે! તમને નમસ્કાર છે. હે શિવપત્ની! તમને પ્રણામ છે. હે ચંડિકે! તમને અમારાં અભિવાદન પ્રાપ્ત હો. હે કલ્યાણિ! તમને વારંવાર પ્રણામ હો. હે અંબે! તમે જ આદિશક્તિ છો. તમે જ સદા સમગ્ર સૃષ્ટિની નિર્માણકર્ત્રી છો, પાલક શક્તિ છો અને સંહાર કરનારાં પણ છો. હે દેવેશિ! તમારા કોપથી આખું ત્રિલોક વિકળ થઈ રહ્યું છે. હવે

આપ પ્રસન્ન થઈ જાઓ. ક્રોધને શાંત કરો. હે દેવી! અમે લોકો તમારા ચરણોમાં મસ્તક નમાવીએ છીએ.

**બ્રહ્માજી કહે છે**—હે નારદ! આમ તમે સર્વ ઋષિઓ દ્વારા સ્તુતિ કરવામાં આવી છતાં પણ પરાદેવી પાર્વતીએ એમની તરફ ક્રોધભરી દૃષ્ટિથી જ જોયું, પણ કશું કહ્યું નહિ. ત્યારે એ ઋષિઓએ પુનઃ તેમનાં ચરણકમળમાં મસ્તક નમાવ્યાં અને ભક્તિપૂર્વક હાથ જોડીને પાર્વતીજીને નિવેદન કર્યું.

**ઋષિઓએ કહ્યું**—હે દેવી! હવે સંહાર થવાની તૈયારીમાં છે; એટલે ક્ષમા કરો, ક્ષમા કરો. હે અંબિકે! તમારા સ્વામી શિવ પણ અહીં જ સ્થિત છે એમની તરફ તો સ્હેજ દૃષ્ટિપાત કરો. અમે લોકો, બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવતા અને આખી પ્રજા સર્વ કોઈ તમારાં જ છે અને વ્યાકુળ થઈને હાથ જોડીને અંજલિબદ્ધ થઈને તમારી સામે ઊભા છે. હે પરમેશ્વરિ! એ સર્વના અપરાધને ક્ષમા કરો. હે શિવે! હવે એમને શાંતિ પ્રદાન કરો.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! બધા જ દેવર્ષિ આમ કહીને અત્યંત દીનભાવથી વ્યાકુળ થઈને બે હાથ જોડીને ચંડિકાની સામે ઊભા રહી ગયા. એમનું આવું કથન સાંભળીને ચંડિકા પ્રસન્ન થઈ ગયાં. એમના હૃદયમાં કરુણાનો સંચાર થઈ આવ્યો. ત્યારે તે ઋષિઓને કહેવા લાગ્યાં.

**દેવીએ કહ્યું**—હે ઋષિઓ! જો મારો પુત્ર જીવિત થઈ જાય અને એ તમારા સર્વમાં પૂજનીય મનાય તો સંહાર નહીં થાય. જ્યારે તમે લોકો એને 'સર્વાધ્યક્ષ'નું પદ પ્રદાન કરી દેશો ત્યારે જ લોકોમાં શાંતિ થઈ શકશે, અન્યથા તમને સુખ પ્રાપ્ત થશે નહિ.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! પાર્વતીના આવા કથન પર તમે સર્વ ઋષિઓ દેવતાઓની પાસે આવીને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. એને સાંભળીને ઇન્દ્ર વગેરે બધા દેવતાઓના ચહેરા પર ઉદાસી છવાઈ ગઈ. એ શંકરજીની પાસે આવ્યા. હાથ જોડીને એમનાં ચરણોમાં નમસ્કાર કરીને સર્વ સમાચારોનું નિવેદન કરી દીધું. દેવતાઓનું કથન સાંભળીને શિવજીએ કહ્યું - 'ઠીક છે, જે રીતે આખા ત્રિલોકને સુખ મળી શકે એ જ કરવું જોઈએ. માટે હવે ઉત્તર દિશા તરફ જવું જોઈએ અને જે જીવ પહેલો મળે, એનું મસ્તક કાપીને એ બાળકના શરીર પર ચોંટાડી દેવું જોઈએ.'

**બ્રહ્માજી કહે છે**—હે મુને! ત્યાર બાદ શિવજીની આજ્ઞાનું પાલન કરનાર દેવતાઓએ સર્વ કાર્યો સંપન્ન કર્યાં. એમણે એ શિશુ-શરીરને ધોઈને-લુછીને વિધિવત્ એની પૂજા કરી. પછી એ ઉત્તર દિશા તરફ ગયા. ત્યાં એમને પહેલવહેલ એક દાંતવાળો હાથી મળ્યો. એમણે એનું મસ્તક લાવીને પેલા શરીર પર જોડી દીધું. હાથીના એ શિરને સંયુક્ત કરી દીધા પછી સર્વ દેવતાઓએ ભગવાન શિવ વગેરેને પ્રણામ કરીને કહ્યું કે અમે લોકોએ અમારું કામ પૂરું કરી દીધું છે. હવે જે કરવાનું બાકી છે, તેને આપ પૂર્ણ કરો.

**બ્રહ્માજી કહે છે**—ત્યારે શિવ આજ્ઞાપાલન સંબંધી દેવતાઓની વાત સાંભળીને સર્વ દેવો અને પાર્ષદોને મહાન આનંદ થયો. ત્યાર પછી બ્રહ્મા, વિષ્ણુ વગેરે બધા દેવતા પોતાના સ્વામી નિર્ગુણ સ્વરૂપ શંકરને પ્રણામ કરીને બોલ્યા - 'હે સ્વામિન્! આપ મહાત્માના જે તેજથી અમે બધા ઉત્પન્ન થયા છીએ, આપનું તે જ તેજ તેના વેદમંત્રના અભિયોગથી આ બાળકમાં પ્રવેશે.' આ રીતે બધા દેવતાઓએ મળીને

વેદમંત્ર દ્વારા જલને અભિમંત્રિત કર્યું, પછી શિવજીનું સ્મરણ કરીને એ ઉત્તમ જળ બાળકના શરીર પર છાંટી દીધું. એ જલનો સ્પર્શ થતાં જ એ બાળક શિવ-ઈચ્છાથી તરત જ ચેતનાયુક્ત થઈને જીવિત થઈ ગયું અને ઊંઘમાંથી ઊઠેલો માણસ બેઠો થાય તેમ તે ઊઠીને બેઠો. એ સૌભાગ્યશાળી બાળક અત્યંત સુંદર હતો. એમનું મુખ હાથી જેવું હતું. શરીરનો રંગ સાધારણ લીલાશ પડતો લાલ હતો. ચહેરા પર પ્રસન્નતા છવાઈ રહી હતી. એમની આકૃતિ કમનીય હતી. સુંદર પ્રભા ફેલાઈ રહી હતી. હે મુનીશ્વર! પાર્વતીનંદન એ બાળકને જીવિત જોઈને ત્યાં ઉપસ્થિત બધા લોકો આનંદમગ્ન થઈ ગયા અને બધાં જ દુઃખો વિલીન થઈ ગયાં. ત્યારે હર્ષવિભોર થઈને બધા જ લોકોએ એ બાળક પાર્વતીને બતાવ્યો. પોતાના પુત્રને જીવિત જોઈને પાર્વતીજી પરમ પ્રસન્ન થયાં.



(અધ્યાય ૧૩ થી ૧૮)

*

## પાર્વતી દ્વારા ગણેશજીને વરદાન, દેવો દ્વારા એમને અગ્રપૂજ્ય મનાયા, શિવજી દ્વારા ગણેશને સર્વાધ્યક્ષપદ પ્રદાન અને ગણેશ - ચતુર્થીવ્રતનું વર્ણન, તે પછી સર્વ દેવોએ એમની સ્તુતિ કરી અને હર્ષપૂર્વક સૌનું પોતપોતાને સ્થાને પરત જવું

બ્રહ્માજી કહે છે—હે મુને! જ્યારે વિકૃત સ્વરૂપવાળા ગિરિજા-પુત્ર ગજાનન વ્યગ્રતારહિત થઈને જીવિત થઈ ઊઠ્યા, ત્યારે ગણનાયક દેવોએ એમનો અભિષેક કર્યો. પોતાના પુત્રને જોઈને પાર્વતીદેવી આનંદમગ્ન થઈ ગયાં અને એમણે હર્ષના અતિરેકથી એ બાળકને બંને હાથથી પકડીને છાતી સરસો ચાંપી લીધો. પછી અંબિકાએ પ્રસન્ન થઈને પોતાના પુત્ર ગણેશને અનેક પ્રકારનાં દિવ્ય વસ્ત્રો આપ્યાં અને આભૂષણો પ્રદાન કર્યાં. ત્યાર પછી સિદ્ધિઓએ અનેક વિધિવિધાનથી એમનું પૂજન કર્યું અને માતાએ પોતાના સર્વદુઃખહારી હાથથી એમનાં અંગોનો સ્પર્શ કર્યો. આ પ્રકારે શિવ-પત્ની પાર્વતીદેવીએ પોતાના પુત્રનો સત્કાર કરીને એનું મુખ ચૂમી લીધું. પ્રેમપૂર્વક વરદાન આપતાં કહ્યું - 'હે બેટા! આ સમયે તારે બહુ કષ્ટ વેઠવું પડ્યું છે પરંતુ હવે તું કૃતકૃત્ય થઈ ગયો છે. તું ધન્ય છે. હવેથી સંપૂર્ણ દેવતાઓમાં તારી

અગ્રપૂજા થતી રહેશે અને તારે ક્યારેય દુઃખનો સામનો નહીં કરવો પડે, કેમકે આ સમયે તારા મુખ પર સિંદૂર દેખાઈ રહ્યું છે. એટલા માટે મનુષ્યોએ સદા સિંદૂરથી તારી પૂજા કરવી જોઈએ. જે મનુષ્ય પુષ્પ, ચંદન, સુંદર ગંધ, નૈવેદ્ય, રમણીય આરતી, તાંબૂલ અને દાન તથા પરિક્રમા અને નમસ્કાર કરીને વિધિપૂર્વક તારી પૂજા કરશે, એને સર્વપ્રકારની સિદ્ધિઓ હસ્તગત થઈ જશે. સર્વ પ્રકારનાં વિઘ્નો નષ્ટ થઈ જશે, એમાં લેશમાત્ર પણ સંશય નથી.'

**બ્રહ્માજી કહે છે**—હે મુને! મહેશ્વરી દેવીએ પોતાના પુત્રને આમ કહીને એને નાના પ્રકારની વસ્તુઓ પ્રદાન કરીને પુનઃ એનું અભિનંદન કર્યું. હે વિપ્ર! ત્યારે ગિરિજાની કૃપાથી એ જ ક્ષણે દેવતાઓ અને શિવગણોનું મન વિશેષરૂપે શાન્ત થઈ ગયું. ત્યાર પછી ઈન્દ્ર વગેરે દેવતાઓએ હર્ષાતિરેકથી શિવાની સ્તુતિ કરી અને એમને પ્રસન્ન કરીને તે ભક્તિભાવિત ચિત્તથી ગણેશદેવને લઈ શિવજીની સમીપે ચાલ્યા. ત્યાં પહોંચીને એમણે ત્રિલોકીની કલ્યાણકામનાથી ભવાનીના એ બાળકને શિવજીના ખોળામાં બેસાડી દીધો. ત્યારે શિવજી પણ એ બાળકના મસ્તક ઉપર પોતાનો કરકમળ ફેરવતાં ફેરવતાં દેવતાઓને કહેવા લાગ્યા - 'આ મારો બીજો પુત્ર છે.' ત્યાર પછી ગણેશે પણ ઊઠીને શિવજીનાં ચરણોમાં અભિવાદન કર્યાં. પછી પાર્વતીને, મને-બ્રહ્માને, વિષ્ણુને અને નારદ વગેરે સર્વ ઋષિઓને પ્રણામ કરીને આગળ ઊભા રહીને એમણે કહ્યું - 'આમ તો અભિમાન કરવાનો તો મનુષ્યોનો સ્વભાવ જ છે. તેથી આપ લોક મારો અપરાધ ક્ષમા કરો.' ત્યારે હું બ્રહ્મા, શંકર અને વિષ્ણુ એ ત્રણેય દેવતાઓએ એકસાથે જ પ્રેમપૂર્વક એમને વરદાન આપતાં કહ્યું - 'હે સુરવરો! જેવી રીતે ત્રિલોકમાં અમારા ત્રણેની પૂજા થાય છે, એવી જ રીતે તમારે સૌએ આ ગણેશનું પણ પૂજન કરવું જોઈએ. પહેલાં એમની પૂજા કરવી જોઈએ, ત્યાર પછી મનુષ્યોએ અમારા લોકોનું પૂજન કરવું જોઈએ. આવું કરવાથી અમારા લોકોની પૂજા સંપન્ન થશે. હે દેવગણો! જો ક્યાંક એમની પૂજા પહેલાં ન કરીને અન્ય દેવનું પૂજન કર્યું તો એ પૂજનનું ફળ નષ્ટ થઈ જશે. એમાં અન્યથા વિચાર કરવાની જરૂર નથી.

**બ્રહ્માજી કહે છે**—'હે મુને! ત્યાર બાદ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર વગેરે સર્વે દેવતાઓએ મળીને પાર્વતીને પ્રસન્ન કરવા માટે ગણેશને 'સર્વાધ્યક્ષ' ઘોષિત કરી દીધા. એ જ સમયે શિવજીએ પરમ પ્રસન્ન ચિત્તથી પુનઃ ગણેશને લોકમાં સર્વદા સુખ આપનારાં અનેક વરદાનો પ્રદાન કરતાં બોલ્યા -



**શિવજીએ કહ્યું**—હે ગિરિજાનંદન! નિઃસંદેહ હું તમારા પર પરમ પ્રસન્ન છું. હું પ્રસન્ન થયો એટલે હવે તું આખું જગત જ પ્રસન્ન થઈ ગયું એમ સમજ. હવે કોઈ પણ તારો વિરોધ નહીં કરી શકે. તું શક્તિનો પુત્ર છે, તેથી અત્યંત તેજસ્વી છે. બાળક હોવા છતાં પણ તેં મહાન પરાક્રમ પ્રગટ કર્યું છે, તેથી તું સદા સુખી રહીશ. વિઘ્નનાશના કાર્યમાં તારું નામ સૌથી શ્રેષ્ઠ થશે. તું સૌનો પૂજ્ય છે, તેથી હવે મારા સંપૂર્ણ ગણોનો અધ્યક્ષ થઈ જા.

આટલું કહ્યા પછી મહાત્મા શંકર અત્યંત પ્રસન્નતાને કારણે ગણેશને પુનઃ વરદાન આપતાં બોલ્યા - હે ગણેશ્વર! તું ભાદરવા માસની કૃષ્ણપક્ષની ચતુર્થી તિથિએ ચંદ્રમાના શુભ-ઉદય થયો ત્યારે ઉત્પન્ન થયો છે. જે સમયે ગિરિજાના સુંદર ચિત્તથી તારું રૂપ પ્રગટ થયું એ સમયે રાત્રિનો પ્રથમ પ્રહર વીતી રહ્યો હતો. એટલા માટે એ જ દિવસથી આરંભ કરીને એ જ તિથિએ મારું ઉત્તમ વ્રત કરવું જોઈએ. આ વ્રત પરમ શોભન તથા સંપૂર્ણ સિદ્ધિઓનું પ્રદાતા છે. વર્ષના અંતે જ્યારે ફરીથી એ જ ચતુર્થી આવી જાય ત્યારે ત્યાં સુધી મારા કથન અનુસાર તારા વ્રતનું પાલન કરવું જોઈએ. જેને સંસારનાં અનેક પ્રકારનાં અનુપમ સુખોની કામના હોય એમણે ચતુર્થીને દિવસે ભક્તિપૂર્વક વિધિ-સહિત તમારું પૂજન કરવું જોઈએ. જ્યારે માગશર માસની વદ ચોથ આવે ત્યારે એ દિવસે પ્રાતઃકાલે સ્નાન કરીને વ્રત માટે બ્રાહ્મણો સામે નિવેદન કરવું જોઈએ. પૂર્વોક્ત વિધિ પ્રમાણે ઉપવાસ કરવો જોઈએ. પછી ધાતુની, મૂંગાની (પરવાળા)ની, શ્વેત મદારની (આકડા)ની અથવા માટીની મૂર્તિ બનાવીને એની પ્રાણપ્રતિષ્ઠા કરવી જોઈએ અને ભક્તિભાવથી વિવિધ પ્રકારના દિવ્ય ગંધ, ચંદન અને પુષ્પોથી એની પૂજા કરવી જોઈએ. પછી ફરીથી રાત્રિનો પ્રથમ પ્રહર વીતી ગયા પછી સ્નાન દુર્વાદલથી (ધરો) પૂજન કરવું જોઈએ. આ દૂર્વા જડરહિત, બાર આંગળ લાંબી, અને ત્રણ ગાંઠોવાળી હોવી જોઈએ. એવી એકસો એક અથવા એકવીશ દૂર્વાથી એ પ્રસ્થાપિત પ્રતિમાની પૂજા કરે, ત્યાર પછી ધૂપ, દીપ, અનેક પ્રકારનાં નૈવેદ્ય, તામ્બૂલ, અર્ઘ્ય અને ઉત્તમ ઉત્તમ પદાર્થોથી ગણેશની પૂજા કરે અને સ્તવન કરીને એની આગળ સાષ્ટાંગ પ્રણામ કરવા જોઈએ. આમ ગણેશની પૂજા કર્યા પછી બાલચંદ્રમાનું પૂજન કરે. ત્યાર બાદ હર્ષપૂર્વક બ્રાહ્મણોની પૂજા કરીને એમને મિષ્ટાનનું ભોજન કરાવવું જોઈએ. બ્રાહ્મણો જમી રહે ત્યાર પછી પોતે પણ મીઠાવગર મિષ્ઠાનનો જ પ્રસાદ ગ્રહણ કરે. પછી ગણેશનું સ્મરણ કરીને પોતાના બધા નિયમોનું વિસર્જન કરી દે. આ રીતે કરવાથી આ શુભવ્રત પૂર્ણ થાય છે.

'હે બેટા! આમ વ્રત કરતાં કરતાં જ્યારે વર્ષ પૂરું થઈ જાય ત્યારે વ્રત કરનાર મનુષ્યે આ વ્રતની પૂર્તિ માટે વ્રતોદ્યાપનનું કાર્ય પણ સંપન્ન કરવું જોઈએ. એમાં મારી આજ્ઞા અનુસાર બાર બ્રાહ્મણોને ભોજન કરાવવું જોઈએ. વ્રત રાખનાર માટે એ જરૂરી છે કે તેણે એક કલશ સ્થાપિત કરીને એની ઉપર તમારી મૂર્તિની પૂજા કરે. ત્યાર પછી વેદવિધિ અનુસાર વેદીનું નિર્માણ કરીને એના ઉપર અષ્ટદલ કમળ બનાવે, પછી એના પર ધનની કંજૂસી છોડીને હવન કરે. પુનઃ મૂર્તિની સામે બે સ્ત્રીઓ તથા બે બાળકોને બેસાડી વિધિપૂર્વક એમની પૂજા કરવી જોઈએ અને આદરસહિત ભોજન કરાવવું જોઈએ. રાત્રે જાગરણ કરવું જોઈએ. સવારે ફરી પૂજન કરીને પુનરાગમન માટે વિર્સજન કરી દે

બાળકો પાસેથી આશીર્વાદ ગ્રહણ કરે, સ્વસ્તિવાચન કરાવે અને વ્રતની પૂર્તિ અર્થે પુષ્પાંજલિ નિવેદિત કરે. પછી નમસ્કાર કરીને પછી વિવિધ પ્રકારનાં કાર્યોની કલ્પના કરે. આ રીતે જે આ વ્રતને પૂર્ણ કરે છે એને મનોવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. હે ગણેશ! જે શ્રદ્ધાસહિત પોતાની શક્તિ અનુસાર નિત્ય તમારી પૂજા કરશે એના સર્વ મનોરથ સફળ થઈ જશે. મનુષ્યોએ સિંદૂર, ચંદન, ચોખા, કેતકી-પુષ્પ વગેરે અનેક ઉપચારો દ્વારા ગણેશ્વરનું પૂજન કરવું જોઈએ. આ રીતે જે લોકો વિવિધ પ્રકારના ઉપચારોથી ભક્તિપૂર્વક તમારી પૂજા કરશે, એમનાં વિઘ્નોનો સદાને માટે નાશ થઈ જશે અને એમની કાર્ય સિદ્ધિ થતી રહેશે. બધી જ વર્ણના લોકો, વિશેષ કરીને સ્ત્રીઓએ આ પૂજા અવશ્ય કરવી જોઈએ તથા અભ્યુદયની કામના કરવાવાળા રાજાઓ માટે પણ આ વ્રત અવશ્ય કર્તવ્ય છે. વ્રતી મનુષ્ય જે જે વસ્તુઓની કામના કરે છે એને નિશ્ચિત જ તે વસ્તુ પ્રાપ્ત થઈ જાય છે; માટે જેને પણ કોઈ વસ્તુની અભિલાષા હોય, એણે અવશ્ય તમારી સાધના કરવી જોઈએ.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! જ્યારે શિવજીએ મહાત્મા ગણેશને આ પ્રકારે વરદાન આપ્યું ત્યારે સંપૂર્ણ દેવતાઓ, શ્રેષ્ઠ ઋષિઓ અને શિવના વહાલા સમસ્ત ગણોએ 'તથાસ્તુ' કહીને એનું સમર્થન કર્યું અને અત્યંત વિધિપૂર્વક ગણાધીશનું પૂજન કર્યું. ત્યાર પછી શિવગણોએ આદરપૂર્વક વિવિધ પ્રકારની પૂજન સામગ્રીથી ગણેશ્વરની વિશેષરૂપે અર્ચના કરી અને એમનાં ચરણમાં પ્રણામ કર્યા. હે મુનીશ્વર! એ સમયે ગિરિજાદેવીને જે આનંદ પ્રાપ્ત થયો એનું વર્ણન મારાં ચારમુખે પણ થઈ શકતું નથી; તો પછી હું એને કેવી રીતે બતાવું. એ અવસર પર દેવતાઓની દુન્દુભિઓ વાગવા લાગી. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. ગંધર્વશ્રેષ્ઠ ગાન કરવા લાગ્યા અને પુષ્પોની વર્ષા થવા લાગી. આ રીતે ગણેશ ગણાધીશપદ પર પ્રતિષ્ઠિત થયા ત્યાં મહાન ઉત્સવ થવા માંડ્યો. આખા જગતમાં શાંતિ સ્થાપિત થઈ ગઈ અને બધાં દુઃખો જતાં રહ્યાં. હે નારદ! શિવ અને પાર્વતીને તો વિશેષ આનંદ પ્રાપ્ત થયો અને સર્વત્ર અનેક પ્રકારનાં સુખદાયક મંગળ વરતાવા લાગ્યાં. ત્યાર પછી સંપૂર્ણ દેવગણ અને ઋષિગણ જે ત્યાં પધાર્યા હતા, એ બધા શિવની આજ્ઞાથી પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. એ સમયે તે શિવજીની સ્તુતિ કરીને ગણેશ અને પાર્વતીની વારંવાર પ્રશંસા કરી રહ્યા હતા અને "કેવું અદ્ભુત યુદ્ધ થયું" એમ પરસ્પર વાર્તાલાપ કરતાં કરતાં ચાલીને જઈ રહ્યા હતા. આ બાજુ ગિરિજાદેવીનો ક્રોધ શાંત થઈ ગયો, ત્યારે શિવજી પણ, જે સ્વાત્મારામ હોવા છતાં પણ સદાયે ભક્તોનું કાર્ય સિદ્ધ કરવા માટે તૈયાર રહે છે, ગિરિજાની પાસે આવ્યા અને લોકોની હિતકામનાથી પૂર્વવત્ વિવિધ પ્રકારનાં સુખદાયક કાર્યો કરવા લાગ્યા - ત્યારે હું - બ્રહ્મા અને વિષ્ણુ બંને ભક્તિપૂર્વક શિવ-શિવાની સેવા કરીને શિવની આજ્ઞા લઈને પોતપોતાના ધામે પરત આવી ગયા. જે મનુષ્ય જિતેન્દ્રિય થઈને આ પરમ માંગલિક આખ્યાનનું શ્રવણ કરે છે, તે સંપૂર્ણ મંગલોનો ભાગી બને છે અને મંગલભવન થઈ જાય છે. આના શ્રવણથી પુત્રહીનને પુત્રની, નિર્ધનને ધનની અને ભાર્યાર્થીને ભાર્યાની પ્રજાર્થીને પ્રજાની, રોગીને આરોગ્યની અને અભાગાને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. જે સ્ત્રીનાં પુત્ર અને ધન નષ્ટ થઈ ગયાં હોય અને પતિ પરદેશ ચાલ્યો ગયો

હોય, એને પતિ પાછો મળી જાય છે. જે શોકસાગરમાં ડૂબેલો હોય તે આના શ્રવણથી નિ:સંદેહ શોકરહિત થઈ જાય છે. આ ગણેશ-ચરિત્રસંબંધી ગ્રંથ જેના ઘરમાં સદા વર્તમાન રહે છે, તે મંગલ સંપન્ન થઈ જાય છે - એમાં લેશમાત્ર પણ સંશયની સંભાવના નથી. જે યાત્રાના અવસરે અથવા કોઈ પુણ્યપર્વ પર આને મન લગાડીને સાંભળે છે તે શ્રીગણેશજીની કૃપાથી સંપૂર્ણ મનોવાંછિત ફળ પ્રાપ્ત કરી લે છે. (અધ્યાય ૧૯)

*

## સ્વામિકાર્તિક અને ગણેશની બાળ-લીલા, બંનેનો પરસ્પર વિવાહ બાબત વિવાદ, શિવજી દ્વારા પૃથ્વી-પરિક્રમાનો આદેશ, કાર્તિકેયનું પ્રસ્થાન, ગણેશે માતા-પિતાની પરિક્રમા કરીને એમની પાસે પૃથ્વી - પરિક્રમા કરી હોવાનું સ્વીકૃત કરાવવું, વિશ્વરૂપની સિદ્ધિ અને બુદ્ધિ નામની બંને કન્યાઓનો વિવાહ ગણેશ સાથે અને એમનાથી ક્ષેમ અને લાભ એમ બે પુત્રોની ઉત્પત્તિ, કુમારનું પૃથ્વી પરિક્રમા કરીને પરત આવવું અને ક્ષુબ્ધ થઈને તેમનું ક્રૌંચપર્વત પર ચાલ્યા જવું, કુમારખંડના શ્રવણનો મહિમા

**નારદજીએ પૂછ્યું**—હે તાત! મેં ગણેશના જન્મ-સંબંધી અનુપમ વૃત્તાંત તથા પરમ પરાક્રમથી વિભૂષિત એમનું દિવ્ય ચરિત્ર પણ સાંભળી લીધું. હે સુરેશ્વર! એ પછી કઈ ઘટના ઘટી, એનું વર્ણન કરો, કેમકે હે પિતાજી! શિવ અને પાર્વતીનો ઉજ્જ્વળ યશ મહાન આનંદ પ્રદાન કરનારો છે.

**બ્રહ્માજીએ કહ્યું**—હે મુનિશ્રેષ્ઠ! તમે તો બહુ મોટા કારુણિક છો. તમે બહુ મોટી ઉત્તમ વાત પૂછી છે. હે ઋષિસત્તમ! સારું, હવે હું એનું વર્ણન કરું છું. તમે ધ્યાનપૂર્વક સાંભળો. હે વિપેન્દ્ર! શિવ અને પાર્વતી બંને પુત્રોની બાળલીલા જોઈ જોઈને મહાન પ્રેમમાં મગ્ન થઈને રહેવા લાગ્યાં. પુત્રોને લાડપ્યાર કરવાને કારણે માતાપિતાનું સુખ દિવસે દિવસે વૃદ્ધિ પામતું હતું અને એ બંને કુમાર પ્રીતિપૂર્વક આનંદની સાથે ભાતભાતની લીલાઓ કરતા હતા. હે મુનીશ્વર! એ બંને બાળક સ્વામી કાર્તિક અને ગણેશ ભક્તિપૂરિત ચિત્તથી સદા માતા-પિતાની સેવા-ચાકરી કર્યા કરતા હતા. એથી માતા-પિતાનો મહાન સ્નેહ સન્મુખ અને ગણેશ પર શુક્લપક્ષના ચંદ્રમાની જેમ દિન-પ્રતિદિન વધતો જ ગયો. એક સમયે શિવ અને શિવા બંને પ્રેમપૂર્વક એકાંતમાં બેસીને આવું વિચારવા લાગ્યાં કે 'આપણા આ બંને પુત્રો વિવાહને યોગ્ય થઈ ગયા છે, હવે આ બંનેના શુભ-વિવાહ કેવી રીતે સંપન્ન થાય. આપણને તો જેવા ષડાનન વહાલા છે એવી જ ગણેશજી પણ વહાલા છે.' આવી ચિંતામાં પડીને એ બંને લીલાવશ આનંદમગ્ન થઈ ગયાં. હે મુને! માતા-પિતાના વિચાર જાણીને એ બંને પુત્રોના મનમાં પણ વિવાહની ઇચ્છા થઈ આવી. એ બંને

'પહેલાં હું વિવાહ કરીશ, પહેલાં હું વિવાહ કરીશ' એમ વારંવાર કરીને પરસ્પર વિવાદ કરવા લાગ્યા. ત્યારે જગતના અધીશ્વર એ બંને દંપતી પુત્રોની વાત સાંભળીને લૌકિક આચારનો આશ્રય લઈને પરમ વિસ્મયને પ્રાપ્ત થયાં. થોડો સમય ગયો પછી એમણે પોતાના બંને પુત્રોને બોલાવ્યા અને એમને આ રીતે કહ્યું.

**શિવ-પાર્વતી બોલ્યાં**—હે સુપુત્રો! અમે લોકોએ પહેલેથી જ એક નિયમ બનાવી રાખ્યો છે. જે તમને બંને સુખદાયક હશે. હવે અમે યથાર્થરૂપે એનું વર્ણન કરીએ છીએ તે તમે લોકો પ્રેમપૂર્વક સાંભળો. હે વહાલાં બાળકો! અમને તો તમે પુત્ર સમાન વહાલા છો; કોઈ એક પર વિશેષ પ્રેમ હોય - એવી વાત નથી; તેથી અમે તમારા બંનેના વિવાહના વિષયમાં એક એવી શરત બનાવી છે જે બંનેને માટે કલ્યાણકારી છે (અને એ શરત એ છે કે) જે આખી પૃથ્વીની પરિક્રમા કરીને પહેલો અહીં આવી પહોંચશે એનો જ શુભવિવાહ પ્રથમ કરવામાં આવશે.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! માતા-પિતાની આ વાત સાંભળીને શરજન્મા મહાબલી કાર્તિકેય તરત જ પોતાના સ્થાનથી પૃથ્વીની પરિક્રમા કરવા માટે ચાલી નીકળ્યા. પરંતુ અગાધ-બુદ્ધિ-સંપન્ન ગણેશ ત્યાં જ ઊભા રહી ગયા. તે પોતાની ઉત્તમ બુદ્ધિનો આશ્રય લઈને વારંવાર મનમાં વિચાર કરવા લાગ્યા કે - 'હવે હું શું કરું? ક્યાં જાઉં? પરિક્રમા તો મારાથી થાય નહીં, કેમકે હું તો માંડ એક કોસભર ચાલું તે પછી મારાથી આગળ જવાતું જ નથી. પછી આખી પૃથ્વીની પરિક્રમા કરીને હું કેવી રીતે સુખ પ્રાપ્ત કરી શકીશ.' આવો વિચાર કરીને ગણેશે જે કાંઈ કર્યું એ તમે સાંભળો એમણે પોતાને ઘેર જઈને વિધિપૂર્વક સ્નાન કર્યું અને પછી માતા-પિતાને આમ કહ્યું.

**ગણેશજી બોલ્યા**—હે પિતાજી અને માતાજી! મેં આપ લોકોની પૂજા કરીને અહીં બે આસન સ્થાપિત કર્યાં છે. આપ બંને આ આસનો પર બિરાજો, અને મારો મનોરથ પૂર્ણ કરો.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! ગણેશની વાત સાંભળીને પાર્વતી અને પરમેશ્વર એમની પૂજા ગ્રહણ કરવા માટે આસન પર બિરાજમાન થઈ ગયાં. ત્યારે ગણેશજીએ એમની વિધિપૂર્વક પૂજા કરી અને વારંવાર પ્રણામ કરતાં કરતાં એમની સાત પરિક્રમા પ્રદક્ષિણા કરી. હે બેટા નારદ! ગણેશ તો બુદ્ધિસાગર હતા જ, તે હાથ જોડીને પ્રેમમગ્ન માતા-પિતાની બહુ પ્રકારે સ્તુતિ કરીને બોલ્યા.

**ગણેશજીએ કહ્યું**—હે માતાજી! તથા હે



પિતાજી! આપ લોકો મારી ઉત્તમ વાત સાંભળો અને શીઘ્ર જ મારો શુભ વિવાહ કરી દો.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! મહાત્મા ગણેશનું આવું વચન સાંભળીને એ બંને માતા-પિતા મહાબુદ્ધિમાન ગણેશને કહેવા લાગ્યાં.

**શિવ-શિવાએ કહ્યું**—હે બેટા! તું પહેલાં જંગલો સહિત આ આખી પૃથ્વીની પરિક્રમા તો કરી આવ. કુમાર ગયો છે. તું પણ જા અને એનાથી પહેલાં અહીં પરત આવી જા (ત્યારે તારો વિવાહ પહેલો કરી દેવાશે)

**બ્રહ્માજી કહે છે**—હે મુને! નિયમપરાયણ ગણેશ માતાપિતાની આવી વાત સાંભળીને કુપિત થઈને તરત બોલી ઊઠ્યા.

**ગણેશજીએ કહ્યું**—હે માતાજી! તથા હે પિતાજી! આપ બંને સર્વશ્રેષ્ઠ, ધર્મરૂપ, અને મહાબુદ્ધિમાન છો, તેથી ધર્માનુસાર મારી વાત સાંભળો. મેં સાત વાર પૃથ્વીની પરિક્રમા કરી છે, તમે લોકો કેમ આવી વાત કરી રહ્યાં છો?

**બ્રહ્માજી કહે છે**—હે મુને! શિવ-પાર્વતી તો બહુ જ લીલાનંદી હતાં જ, તેઓ ગણેશનું કથન સાંભળીને લૌકિક ગતિનો આશ્રય લઈને બોલ્યા.

**શિવ-પાર્વતીએ કહ્યું**—હે પુત્ર! તેં સમુદ્રપર્યંત વિસ્તારવાળી મોટાં મોટાં કાનનો-જંગલોથી યુક્ત આ સપ્તદ્વીપવતી વિશાળ પૃથ્વીની પરિક્રમા ક્યારે કરી લીધી?

**બ્રહ્માજી કહે છે**—હે મુને! જ્યારે શિવ-પાર્વતીએ આવું કહ્યું, ત્યારે એ સાંભળીને મહાન બુદ્ધિસંપન્ન ગણેશ બોલ્યા.

**ગણેશજીએ કહ્યું**—હે માતાજી - અને પિતાજી! મેં પોતાની બુદ્ધિથી તમે બંને શિવ-પાર્વતીની પૂજા કરીને પ્રદક્ષિણા કરી લીધી છે, તેથી મારી સમુદ્રપર્યંત પૃથ્વીની પરિક્રમા પૂરી થઈ ગઈ. ધર્મના સંગ્રહભૂત વેદો અને શાસ્ત્રોમાં જે એવાં વચન મળે છે તે સત્ય છે કે અસત્ય છે? (તે વચન છે કે) જે પુત્ર માતા-પિતાની પૂજા કરીને એમની પ્રદક્ષિણા કરે છે, એને પૃથ્વી-પરિક્રમાજનિત ફળ સુલભ થઈ જાય છે. જે માતા-પિતાને ઘેર રાખીને તીર્થયાત્રાએ જાય છે, તે માતાપિતાની હત્યાથી મળનારા પાપનો ભાગી બને છે; કેમકે, પુત્રને માટે માતા-પિતાનાં ચરણસરોજ જ મહાન તીર્થ છે. અન્ય તીર્થ તો દૂર જવાથી પ્રાપ્ત થાય છે, પરંતુ ધર્મના સાધનભૂત આ તીર્થ તો પાસે જ સુલભ છે. પુત્રને માટે (માતા-પિતા) અને સ્ત્રીને માટે (પતિ) આ બંને સુંદર તીર્થ ઘરમાં જ વર્તમાન છે. એવું જે વેદ-શાસ્ત્ર નિરંતર ઉદ્‌ઘોષિત કરતા રહે છે; એને ફરી આપ લોક અસત્ય કરી દો (અને જો એ અસત્ય થઈ જશે તો) નિઃસંદેહ વેદ પણ અસત્ય થઈ જશે અને વેદ દ્વારા વર્ણિત આપનું આ સ્વરૂપ પણ જૂઠું સમજાશે. એટલા માટે યા તો શીઘ્ર જ મારો વિવાહ કરી દો અથવા એમ કહી દો કે વેદ-શાસ્ત્ર જૂઠાં છે. આપ બંને ધર્મરૂપ છો. તેથી સારી પેઠે વિચાર કરીને આ બંનેમાં જે પરમોત્તમ પ્રતીત થતું હોય, એને પ્રયત્નપૂર્વક કરવું જોઈએ.

**બ્રહ્માજી કહે છે**—હે મુને! ત્યારે જે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ, ઉત્તમ બુદ્ધિ-સંપન્ન તથા મહાન જ્ઞાની છે, એ પાર્વતીનંદન ગણેશ આટલું કહીને ચૂપ થઈ ગયા. પેલી બાજુ બંને પતિ-પત્ની જગદીશ્વર શિવ-પાર્વતી ગણેશનાં વચન સાંભળીને પરમ વિસ્મિત થયાં. ત્યાર પછી તે યથાર્થભાષી અને અદ્‌ભુત બુદ્ધિવાળા પોતાના પુત્ર ગણેશની પ્રશંસા કરતાં કરતાં બોલ્યાં -

**શિવ-શિવાએ કહ્યું**—હે બેટા! તું મહાન આત્મબળથી સંપન્ન છે, તેથી જ તારામાં નિર્મળ

બુદ્ધિ ઉત્પન્ન થઈ છે. તેં જે વાત કહી છે, તે બિલકુલ સત્ય છે, અન્યથા નથી જ. દુઃખનો અવસર આવવા પર જેની બુદ્ધિ વિશિષ્ટ થઈ જાય છે, એનું દુઃખ એવી રીતે વિનષ્ટ થઈ જાય છે. જેમ સૂર્યનો ઉદય થતાંની સાથે જ અંધકાર નષ્ટ થઈ જાય છે. જેની પાસે બુદ્ધિ છે એ જ બળવાન છે; બુદ્ધિહીન પાસે બળ ક્યાંથી હોય? હે પુત્ર! વેદ-શાસ્ત્ર અને પુરાણમાં બાળકને માટે ધર્મપાલનની જેવી વાત કહેવામાં આવી છે, એ બધી તેં પૂરી કરી લીધી છે. તેં જે વાત કહી છે, તે બીજો કોણ કરી શકે છે. અમે તારી વાત માની લીધી. હવે એનાથી વિપરીત નહીં કરીએ.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આમ કહીને બંનેએ બુદ્ધિસાગર ગણેશને સાંત્વના આપી અને



ફરી એ એમના વિવાહ-અંગે ઉત્તમ વિચાર કરવા લાગ્યાં. એ સમયે જ્યારે પ્રસન્ન બુદ્ધિવાળા પ્રજાપતિ વિશ્વરૂપને શિવજીના ઉદ્યોગની ખબર પડી, ત્યારે એના પર વિચાર કરીને એમને પરમ સુખ પ્રાપ્ત થયું. એ પ્રજાપતિ વિશ્વરૂપને દિવ્યરૂપસંપન્ન અને સર્વાંગશોભના બે સુંદર કન્યાઓ હતી જેમનાં નામ 'સિદ્ધિ' અને 'બુદ્ધિ' હતાં. ભગવાન શંકર અને ગિરિજાએ એ બંનેની સાથે હર્ષપૂર્વક ગણેશનો વિવાહ સંસ્કારસંપન્ન કરાવ્યો. એ વિવાહના અવસરે સંપૂર્ણ દેવતા પ્રસન્ન થઈને પધાર્યા. એ સમયે શિવ અને પાર્વતીનો જેવો મનોરથ હતો, એને જ અનુસાર વિશ્વકર્માએ તે વિવાહ કર્યો. એને જોઈને ઋષિઓ તથા દેવતાઓને પરમ હર્ષ પ્રાપ્ત થયો. હે મુને! ગણેશને પણ એ બંને પત્નીઓ પ્રાપ્ત થવાથી જે સુખ પ્રાપ્ત થયું એનું વર્ણન થઈ શકે નહીં. થોડા સમય પછી મહાત્મા ગણેશને એ બંને પત્નીઓથી બે દિવ્ય પુત્રો ઉત્પન્ન થયા. એમાં ગણેશપત્ની સિદ્ધિના ગર્ભથી 'ક્ષેમ' નામનો પુત્ર ઉત્પન્ન થયો અને બુદ્ધિના ગર્ભથી જે પરમ સુંદર પુત્રે જન્મ લીધો એનું નામ 'લાભ' થયું. આ રીતે જ્યારે ગણેશ અચિન્ત્ય સુખનો ભોગ કરતાં નિવાસ કરી રહ્યા હતા, ત્યારે બીજો પુત્ર સ્વામિકાર્તિક પૃથ્વીની પરિક્રમા કરીને પરત આવ્યો. એ સમયે નારદજીએ આવીને કુમાર સ્કંદને સર્વ સમાચાર સંભળાવ્યા. એ સાંભળીને કુમારના મનમાં મોટો ક્ષોભ થયો અને એ માતા-પિતા શિવા-શિવ દ્વારા રોકવા છતાં ન રોકાયા અને ક્રૌંચ પર્વત તરફ ચાલી નીકળ્યા.

હે દેવર્ષિ! એ જ દિવસથી શિવપુત્ર સ્વામિકાર્તિકેયનું કુમારત્વ (કુંવારાપણું) પ્રસિદ્ધ થઈ ગયું. એમનું નામ ત્રિલોકમાં વિખ્યાત થઈ ગયું. તે શુભદાયક, સર્વપાપહારી, પુણ્યમય અને ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યની શક્તિ પ્રદાન કરનારા છે. કાર્તિકી પૂર્ણિમાએ બધા દેવતા, ઋષિ, તીર્થ અને

મુનીશ્વર સદાયે કુમારનાં દર્શન કરવા માટે (ક્રૌંચ પર્વત પર) જાય છે. જે મનુષ્ય કાર્તિકી પૂર્ણિમાને દિવસે કૃતિકા નક્ષત્રનો યોગ થવા પર સ્વામિકાર્તિકનાં દર્શન કરે છે, એનાં સંપૂર્ણ પાપ નષ્ટ થઈ જાય છે અને એને મનોવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. આ બાજુ સ્કંદનો વિયોગ થઈ જવાથી ઉમાને મહાન દુઃખ થયું. એમણે દીનભાવથી પોતાના સ્વામી શિવજીને કહ્યું - 'હે પ્રભો! આપ મને સાથે લઈને ત્યાં ચાલો.' ત્યારે પ્રિયાને સુખ આપવાને નિમિત્તે સ્વયં ભગવાન શંકર પોતાના એક અંશથી એ પર્વત પર ગયા અને સુખદાયક મલ્લિકાર્જુન નામે જ્યોતિર્લિંગ રૂપે ત્યાં પ્રતિષ્ઠિત થઈ ગયા. એ સત્પુરુષોની ગતિ તથા પોતાના સઘળા ભક્તોના મનોરથ પૂર્ણ કરનારા છે. તે આજે પણ શિવાની સાથે એ પર્વત ઉપર બિરાજમાન છે.

હે બેટા નારદ! એ બંને શિવ-શિવા પણ પુત્ર સ્નેહથી વિહ્વળ થઈને પ્રત્યેક પર્વ પર કુમારને જોવા માટે જાય છે. અમાસને દિવસે ત્યાં સ્વયં શંભુ પધારે છે અને પૂર્ણિમાને દિવસે પાર્વતીજી જાય છે. હે મુનીશ્વર! તમે સ્વામિકાર્તિક અને ગણેશનો જે જે વૃત્તાંત મને પૂછ્યો હતો, એ બધો મેં તમને કહી સંભળાવ્યો. આને સાંભળીને બુદ્ધિમાન મનુષ્ય સમસ્ત પાપોથી મુક્ત થઈ જાય છે અને એની સર્વ શુભ કામનાએ પૂર્ણ થઈ જાય છે. જે મનુષ્ય આ ચરિત્રને વાંચે છે અથવા વંચાવે છે અને સાંભળે તથા સંભળાવે છે, નિઃસંદેહ એના સર્વ મનોરથ સફળ થઈ જાય છે. આ અનુપમ આખ્યાન પાપનાશક, કીર્તિપ્રદ, સુખવર્ધક, આયુ વધારનાર, સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર, પુત્ર-પૌત્રની વૃદ્ધિ કરનાર, મોક્ષપ્રદ, શિવજીના ઉત્તમ જ્ઞાનના પ્રદાતા, શિવ-પાર્વતીમાં પ્રેમ ઉત્પન્ન કરનાર અને શિવભક્તિવર્ધક છે. આ કલ્યાણકારક, શિવજીના અદ્વૈત જ્ઞાનના દાતા તથા સદા શિવમય છે, તેથી મોક્ષકામી અને નિષ્કામી ભક્તોએ સદા એનું શ્રવણ કરવું જોઈએ.

(અધ્યાય ૨૦)

*

॥ રુદ્રસંહિતાનો કુમાર ખંડ સંપૂર્ણ ॥

*

# રુદ્રસંહિતા, પંચમ (યુદ્ધ) ખંડ

## તારકપુત્ર તારકાક્ષ, વિદ્યુન્માલી અને કમલાક્ષની તપસ્યા, બ્રહ્મા દ્વારા એમને વરદાન પ્રદાન, મયદ્વારા એમને માટે ત્રણ પુરોનું નિર્માણ અને એમની સજાવટ - શોભાનું વર્ણન

**નારદજીએ કહ્યું**—હે પિતાજી! જે ગણેશ અને સ્વામિકાર્તિકની ઉત્તમ કથાઓથી ઓતપ્રોત તથા આનંદપ્રદાન કરનાર છે, ભગવાન શંકરના ગૃહસ્થ-સંબંધી એ ઉત્તમ ચરિત્રને અમે સાંભળી લીધું. હવે આપ કૃપા કરીને એ પરમોત્તમ ચરિત્રનું વર્ણન કરો, જેમાં રુદ્રદેવે રમતાં રમતાં જ દુષ્ટોનો વધ કર્યો હતો. મહાન વીર્યશાળી ભગવાન શંકરે દેવ-દ્રોહીઓનાં ત્રણે નગરોનો એકસાથે એક જ બાણથી કયા કારણે અને કેવી રીતે ભસ્મ કર્યાં હતાં? હે ભગવાન! જેમના ભાલમાં બાલચંદ્રમા સુશોભિત છે તથા જે સદા માયાની સાથે વિહાર કરનારા છે, એ ભગવાન શંકરનું ચરિત તો દેવર્ષિઓને આનંદપ્રદાન કરનારું છે. આપ એ આખુંય ચરિત્ર વિસ્તારપૂર્વક વર્ણવો.

**બ્રહ્માજી બોલ્યા**—હે ઋષિશ્રેષ્ઠ! પહેલાં કોઈ સમયમાં વ્યાસે સનત્કુમારને આવો જ પ્રશ્ન કર્યો હતો. એ સમયે સનત્કુમારને જે કાંઈ ઉત્તર અપાયો હતો. એનું જ હું વર્ણન કરું છું.

**એ સમયે સનત્કુમારે કહ્યું હતું**—હે મહાબુદ્ધિમાન વ્યાસજી! વિશ્વનો સંહાર કરનારા ચંદ્રમૌલિ શિવે જે રીતે એક જ બાણથી ત્રિપુરને ભસ્મ કર્યાં હતાં તે ચરિત્ર હું કહું છું; સાંભળો. હે મુનીશ્વર! જ્યારે શિવકુમાર સ્કન્દે તારકાસુરને મારી નાખ્યો, ત્યારે એના ત્રણે પુત્રોને મહાન સંતાપ થયો. એમાં તારકાક્ષ સૌથી મોટો હતો, વિદ્યુન્માલી વચલો હતો અને નાનાનું નામ કમલાક્ષ હતું. એ ત્રણેમાં સરખું બળ હતું. તે જિતેન્દ્રિય, સદા કાર્ય કરવા તૈયાર, સંયમી, સત્યવાદી, દૃઢચિત્ત, મહાન વીર અને દેવો સાથે દ્રોહ કરનારા હતા. એ ત્રણે જણે સર્વ પ્રકારના ઉત્તમોત્તમ મનોહર ભોગોનો પરિત્યાગ કરીને મેરુ પર્વતની એક કંદરામાં જઈને પરમ અદ્‌ભુત તપસ્યા શરૂ કરી. ત્યાં એમણે હજારો વર્ષો સુધી બ્રહ્માજીની પ્રસન્નતા માટે અત્યંત ઉગ્ર તપ કર્યું. ત્યારે સુર અને અસુરોના ગુરુ મહાયશસ્વી બ્રહ્માજી એમની તપસ્યાથી અત્યંત સંતુષ્ટ થઈને એમને વરદાન આપવા પ્રગટ થયા.

**બ્રહ્માજીએ કહ્યું**—હે મહાદૈત્યો! હું તમારા



લોકોના તપથી પ્રસન્ન થઈ ગયો છું, તેથી તમારી કામના અનુસાર તમને વરદાન પ્રદાન

કરીશ. હે દેવ દ્રોહીઓ! હું બધાની તપસ્યાનો ફલદાતા છું અને સર્વદા બધું જ કરવામાં સમર્થ છું. માટે બતાવો, કહો, તમે લોકોએ આટલું ઘોર તપ શા માટે કર્યું છે?

**સનત્કુમારજી કહે છે**—હે મુને! બ્રહ્માજીની આ વાત સાંભળીને બધાએ અંજલિબદ્ધ થઈને પિતામહનાં ચરણોમાં પ્રણિપાત કર્યો, પ્રણામ કર્યા અને પછી ધીરે ધીરે પોતાના મનની વાત કહેવાનો આરંભ કર્યો.

**દૈત્ય બોલ્યા**—હે દેવશ! જો તમે અમારા પર પ્રસન્ન થયા છો અને અમને વરદાન આપવા ચાહો છો. તો એ વરદાન આપો કે સમસ્ત પ્રાણીઓમાં અમે બધાંને માટે અવધ્ય થઈ જઈએ. હે જગન્નાથ! આપ અમને સ્થિર કરી દો અને અમારા રોગ, જરા વગેરે બધા જ શત્રુઓ નષ્ટ થઈ જાય તથા ક્યારેય મૃત્યુ અમારી પાસે ફરકી પણ ન શકે. અમારો એવો વિચાર છે કે અમે લોકો અજર-અમર બની જઈએ અને ત્રિલોકમાં અન્ય સર્વ પ્રાણીઓને મોતને ઘાટ ઉતરતા રહીએ; કેમકે, હે બ્રહ્મન્! જો પાંચ જ દિવસોમાં કાલના ગાલમાં ચાલ્યા જવાનું નિશ્ચિત જ હોય તો અતુલ લક્ષ્મી, ઉત્તમોત્તમ નગર, અન્યાન્ય ભોગસામગ્રી, ઉત્કૃષ્ટ પદ અને ઐશ્વર્યનું શું પ્રયોજન છે. મારા વિચારથી તો એ બધું પ્રાણીઓ માટે બધું વ્યર્થ જ છે.

**સનત્કુમારજી કહે છે**—હે મહર્ષે! એ તપસ્વી દૈત્યોની આ વાત સાંભળીને બ્રહ્મા પોતાના સ્વામી ગિરિશાયી ભગવાન શંકરનું ધ્યાન કરીને બોલ્યા.

**બ્રહ્માજીએ કહ્યું**—હે અસુરો! અમરત્વ બધાંને ન મળી શકે, તેથી તમે લોકો એ વિચાર જ છોડી દો. એ સિવાય અન્ય કોઈ વરદાન જે તમને રુચતું હોય તે માગી લો. કેમકે, હે દૈત્યો! આ ભૂતલ પર જ્યાં ક્યાંય પણ જે પ્રાણી જન્મ્યું છે અથવા જન્મ લેશે તે આ જગતમાં અજર-અમર થઈ જ ન શકે. એટલા માટે હે પાપરહિત અસુરો! તમે લોકો સ્વયં પોતાની બુદ્ધિથી વિચાર કરીને મૃત્યુની વંચના કરતાં કોઈ એવું દુર્લભ અને દુસ્સાધ્ય વરદાન માગી લો, જે દેવતા અને અસુરને માટે અશક્ય હોય. એ પ્રસંગે તમે લોકો પોતાના બળનો આશરો લઈને પૃથક્-પૃથક્ પોતાના ચરણમાં કોઈ હેતુ માગી લો, જેથી તમારી રક્ષા થઈ જાય અને મૃત્યુ તમારું વરણ ન કરી શકે.

**સનત્કુમારજી કહે છે**—હે મહર્ષે! બ્રહ્માજીનાં આવાં વચન સાંભળીને તે દૈત્યો ઘડી-બેઘડી સુધી તો ધ્યાનસ્થ થઈ ગયા, પછી કશુંક વિચારી સમજીને સર્વલોકપિતામહ બ્રહ્માજીને કહેવા લાગ્યા.

**દૈત્યોએ કહ્યું**—હે ભગવન્! યદ્યપિ અમે લોકો પ્રબળ પરાક્રમી છીએ તથાપિ અમારી પાસે કોઈ એવું ઘર નથી, જ્યાં અમે શત્રુઓથી સુરક્ષિત રહીને સુખપૂર્વક નિવાસ કરી શકીએ; તેથી આપ અમારે માટે એવાં ત્રણ નગરોનું નિર્માણ કરાવી આપો, જે અત્યંત અદ્ભુત અને સંપૂર્ણ સંપત્તિથી સંપન્ન હોય તથા દેવતા જેનું પ્રધર્ષણ ન કરી શકે. હે લોકેશ! આપ તો જગત્ ગુરુ છો. અમે લોકો આપની કૃપાથી એવા ત્રણે પુરોમાં અધિષ્ઠિત થઈને આ પૃથ્વી પર વિચરણ કરીશું. એ દરમિયાન તારકાક્ષે કહ્યું કે વિશ્વકર્મા મારે માટે જે નગરનું નિર્માણ કરે તે સ્વર્ણમય હોય અને દેવતાઓ પણ તેનું ભેદન ન કરી શકે. ત્યાર પછી કમલાક્ષે ચાંદીથી બનેલા અત્યંત વિશાળ નગરની યાચના કરી અને વિદ્યુન્માલીએ પ્રસન્ન થઈને વજ્ર સમાન લોખંડનું બનેલું

મહાનગર માગ્યું. હે બ્રહ્મન્! એ ત્રણે પુર મધ્યાહ્ન સમયે અભિજિત મુહૂર્તમાં ચંદ્રમા જ્યારે પુષ્ય નક્ષત્રમાં રહીને એક સ્થાન પર મળ્યા કરે અને આકાશમાં નીલ વાદળો પર સ્થિર થઈને એ એક ઉપર એક એમ રહેતાં અમારી દૃષ્ટિથી ઓઝલઆડ, સંતાઈને રહે. પછી પુષ્કરાવર્ત નામક કાલમેઘોની વર્ષા થાય એ સમયે એ હજાર વર્ષ પછી આ ત્રણે નગરો પરસ્પર મળે અને એકીભાવને પ્રાપ્ત થાય, અન્યથા નહીં. એ સમયે કૃત્તિવાસા એટલે મૃગચર્મ પહેરેલા ભગવાન શંકર, જે વેરભાવથી રહિત છે, સર્વદેવમય અને બધાના દેવ છે તે લીલાપૂર્વક સંપૂર્ણ સામગ્રીઓથી યુક્ત એક અસંભવ રથ પર બેસીને એક અનોખા બાણથી અમારાં પુરોનું ભેદન કરે. પરંતુ ભગવાન શંકર સદા અમારે માટે વંદનીય, પૂજ્ય અને અભિવાદનને પાત્ર છે તેથી કરીને તે અમને લોકોને કેવી રીતે ભસ્મ કરશે - મનમાં આવી ધારણા કરીને અમે આવું દુર્લભ વરદાન માગી રહ્યા છીએ.

**સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી!** દૈત્યોના કથન અનુસાર સૃષ્ટિકર્તા લોકપિતામહ બ્રહ્માએ શિવજીનું સ્મરણ કરીને એમને કહ્યું કે, 'બહુ સારું, એવું જ થશે.' પછી મયને પણ આજ્ઞા આપતાં એમને કહ્યું - 'હે મય! તમે સોનું, ચાંદી અને લોખંડનાં ત્રણ નગર બનાવી દો.' આમ મયને આદેશ આપીને બ્રહ્માજી એ તારક-પુત્રોના જોતાં જોતાં પોતાને ધામે સ્વર્ગે ચાલ્યા ગયા. ત્યાર પછી ધૈર્યશાળી મયે પોતાના તપોબળથી નગરોના નિર્માણનું કાર્ય આરંભ કરી દીધું. એમણે તારકાક્ષ માટે સ્વર્ણમય, કમલાક્ષને માટે રજતમય અને વિદ્યુન્માળી માટે લોહમય - એમ ત્રણ પ્રકારનાં ઉત્તમ દુર્ગ - કિલ્લાઓ તૈયાર કર્યા. એ પુર ક્રમશઃ સ્વર્ગ, અંતરિક્ષ અને ભૂતલ પર નિર્મિત થયા હતા. અસુરોના હિતમાં તત્પર રહેનારા મય આ ત્રણે પુરોને તારકાક્ષ વગેરે અસુરોને હવાલે કરીને પોતે પણ એમાં જ પ્રવેશી ગયા. આ રીતે એ ત્રણે પુરોને મેળવીને મહાન બલ-પરાક્રમથી સંપન્ન એ તારકાસુરના પુત્રો એમાં પ્રવિષ્ટ થયા અને સમસ્ત ભોગોનો ઉપભોગ કરવા લાગ્યા. તે નગર કલ્પવૃક્ષોથી વ્યાપ્ત અને હાથીઘોડાથી સપન્ન હતાં. એમાં મણિનિર્મિત જાળીઓથી આચ્છાદિત ઘણાબધા મહેલ બનેલા હતા. તે પદ્મરાગથી બનેલા અને સૂર્યમંડળની જેમ ચમકીલાં વિમાનોથી, જેમાં ચારે બાજુએ દરવાજા હતા, શોભાયમાન હતા. કૈલાસ - શિખરની જેમ ઊંચાં અને ચંદ્રમા સમાન ઉજ્જ્વલ દિવ્ય પ્રાસાદો તથા ગોપુરોથી એમની શોભા અદ્ભુત દેખાતી હતી. તે સ્થળ અપ્સરાઓ, ગંધર્વો, સિદ્ધો અને ચારણોથી ખચાખચ ભરેલું હતું. પ્રત્યેક મહેલમાં શિવાલય અને અગ્નિહોત્રશાળાની પ્રતિષ્ઠા થયેલી હતી. એમાં શિવભક્તિ-પરાયણ શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણ સદા નિવાસ કરતા હતા. ત્યાં વાવડી, કૂપ, તળાવ અને મોટી મોટી તલાવડીઓ તથા સમૂહના સમૂહ સ્વર્ગથી પડેલાં વૃક્ષોથી યુક્ત બાગ-બગીચાઓ અને વનોથી બધું સુશોભિત હતું. મોટી મોટી નદીઓ, નદ અને નાની નાની સરિતાઓ, જેમાં કમળ ખિલેલાં હતાં વગેરેથી શોભા ઓર વધી ગઈ હતી. એમાં સંપૂર્ણ કામનાઓ પૂર્ણ કરનારાં અનેક ફળોથી લચી પડેલાં વૃક્ષો હતાં, જેથી એ નગર વિશેષ મનોહર લાગી રહ્યાં હતાં. તે ઝુંડના ઝુંડ મદમત્ત ગજરાજોથી, સુંદર સુંદર ઘોડાથી, વિવિધ પ્રકારના આકાર-પ્રકારના રથ અને શિબિકાઓથી અલંકૃત હતાં. એમાં સમય અનુસાર પૃથક્-પૃથક ક્રીડાંસ્થળો બનેલાં હતાં અને વેદ-અધ્યયની પાઠશાળાઓ પણ હતી. જુદે

જુદે સ્થળે તે બની હતી. તે નગરો પાપી પુરુષો માટે મનવાણીથી અગોચર હતાં. એમને સદાચારી પુણ્યશીલ મહાત્મા જ જોઈ શકતા હતા. પતિસેવાપરાયણ તથા કુકર્મથી વિમુખ રહેનારી પતિવ્રતા નારીઓએ નગરોનાં ઉત્તમ સ્થળોને સર્વત્ર પવિત્ર કરી રાખ્યાં હતાં. એમાં મહાભાગ શૂરવીર દૈત્ય અને શ્રુતિ-સ્મૃતિના અર્થના તત્ત્વજ્ઞ અને સ્વધર્મપરાયણ બ્રાહ્મણ પોતાની સ્ત્રીઓ તથા પુત્રોની સાથે નિવાસ કરતા હતા. એમાં મયદ્વારા સુરક્ષિત એવા સુદૃઢ પરાક્રમી વીર ભરેલા હતા, જેમના કેશ નીલકમલ સમાન નીલરંગવાળા હતા અને વાંકડિયા હતા. એ બધા સુશિક્ષિત હતા. જેથી એમનામાં સદા યુદ્ધની લાલસા ભરેલી રહેતી હતી. એ લોકો મોટાં-મોટાં યુદ્ધ સમર-પ્રેમી હતા. બ્રહ્મા અને શિવનું પૂજન કરવાથી એમનાં પરાક્રમ વિશુદ્ધ હતાં, એ સૂર્ય, મરુદ્‌ગણ અને મહેન્દ્ર સમાન બળવાન હતા અને દેવતાઓને પણ મથનારા હતા. વેદો, શાસ્ત્રો અને પુરાણોમાં જે જે ધર્મોનું વર્ણન કરવામાં આવ્યું છે, તે સર્વ ધર્મ અને શિવપ્રેમી દેવતા ત્યાં ચારે બાજુએ વ્યાપ્ત હતા. એ નગરોમાં પ્રવેશ કરીને એ દૈત્ય સદા શિવભક્તિમાં નિરત રહેતા અને ત્રિલોકને બાધિત કરીને વિશાળ રાજ્યનો ઉપભોગ કરવા લાગ્યા. હે મુને! આ રીતે ત્યાં નિવાસ કરનારા એ પુણ્યાત્માનાં સુખ પ્રીતિપૂર્વક ઉત્તમ રાજ્યનું પાલન કરતાં કરતાં બહુ દીર્ઘ કાળ વ્યતીત થઈ ગયો. (અધ્યાય-૧)

*

## તારક-પુત્રોના પ્રભાવથી સંતપ્ત થયેલા દેવોનું બ્રહ્માની પાસે કરુણ પુકાર, બ્રહ્માનું એ સૌલોકોને શિવની પાસે મોકલવા, શિવની આજ્ઞાથી દેવોનું વિષ્ણુના શરણે જવું અને વિષ્ણુ દ્વારા એ દૈત્યો મોહિત થયા અને એમને આચાર-ભ્રષ્ટ કરવા

**સનત્કુમારજી કહે છે**—હે મહર્ષે! ત્યાર પછી તારક-પુત્રોના પ્રભાવથી દગ્ધ થયેલા ઈન્દ્ર વગેરે દેવતા દુઃખી થઈ પરસ્પર સલાહ કરીને બ્રહ્માજીને શરણે ગયા. ત્યાં સંપૂર્ણ દેવતાઓએ દીન થઈને પ્રેમપૂર્વક પિતામહને પ્રણામ કર્યા અને અવસર જોઈને એમને પોતાનાં દુખડાં કહ્યાં.

**દેવતા બોલ્યા**—હે ધાતઃ! ત્રિપુરોના સ્વામી તારક-પુત્રોએ તથા મયાસુરે સમસ્ત સ્વર્ગમાં રહેનારાને સંતપ્ત કરી દીધા છે. હે બ્રહ્મન્! એટલા માટે અમે દુઃખી થઈને આપને શરણે આવ્યા છીએ. તમે એમના વધનો કોઈ ઉપાય કરો, જેથી અમે લોકો સુખેથી રહી શકીએ.

**બ્રહ્માજીએ કહ્યું**—હે દેવગણો! તમારે એ દાનવોથી વિશેષ ભયભીત થવાની જરૂર નથી. ન ડરવું જોઈએ. હું એમના વધનો ઉપાય બતાવું છું. ભગવાન શિવ તમારું કલ્યાણ કરશે. મેં જ આ દૈત્યોને ચઢાવ્યા છે, એટલે મારે જ હાથે એમનો વધ થાય એ ઉચિત નથી. સાથે જ ત્રિપુરમાં એમનું પુણ્ય પણ વધતું જ રહેશે. તેથી ઈન્દ્ર સહિત બધા દેવતાઓ શિવજીને પ્રાર્થના કરો. એ સર્વાધીશ જો પ્રસન્ન થઈ જશે તો એ જ તમારું કાર્ય પૂર્ણ કરશે.

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી!

બ્રહ્માજીની આ વાણી સાંભળીને ઈન્દ્ર સહિત દેવતાઓ દુઃખી થઈને એ સ્થાન પર ગયા, જ્યાં વૃષભધ્વજ શિવ આસીન હતા. ત્યારે એ બધાએ અંજલિબદ્ધ થઈને દેવેશ્વર શિવને ભક્તિપૂર્વક પ્રણામ કર્યા અને ખભા નમાવીને લોકકલ્યાણ કર્તા શંકરનું સ્તવન કર્યું. હે મુને! આ પ્રકારે વિવિધ રીતે દિવ્ય સ્તોત્રો દ્વારા ત્રિશૂળધારી પરમેશ્વરની સ્તુતિ કરીને સ્વાર્થ-સાધનમાં નિપુણ ઈન્દ્ર વગેરે દેવોએ દીનભાવથી ખભા નમાવીને હાથ જોડીને પ્રસ્તુત સ્વાર્થનું નિવેદન કરવાનું આરંભ કર્યું.

દેવતાઓએ કહ્યું—હે મહાદેવ! તારકના પુત્ર ત્રણે ભાઈઓએ ભેગા મળીને ઈન્દ્રસહિત સમસ્ત દેવતાઓને હરાવી દીધા છે. હે ભગવન્! એમણે ત્રિલોકને તથા મુનીશ્વરોને પોતાને અધીન કરી લીધા છે અને સંપૂર્ણ સિદ્ધ સ્થાનોને નષ્ટ-ભ્રષ્ટ કરીને આખા જગતને ઉત્પીડિત કરી રાખ્યું છે. એ દારુણ દૈત્ય સમસ્ત યજ્ઞભાગને સ્વયં ગ્રહણ કરી લે છે. એમણે ઋષિ-ધર્મનું નિવારણ કરીને અધર્મનો વિસ્તાર કરી દીધો છે. હે શંકર! નિશ્ચય જ એ તારક-પુત્ર સમસ્ત પ્રાણીઓ દ્વારા અવધ્ય છે, એટલા માટે જ તે સ્વઈચ્છા-અનુસાર બધાં જ કાર્યો કરતા રહે છે. હે પ્રભો! એ ત્રિપુરનિવાસી દારુણ દૈત્ય જ્યાં સુધીમાં જગતનો વિનાશ ન કરી દે એ પહેલાં જ તમે કોઈ એક એવી નીતિનું વિધાન કરો. જેથી એની રક્ષા થાય.

સનત્કુમારજી કહે છે—હે મુને! આવું ભાષણ કરતાં કરતાં એ સ્વર્ગવાસી ઈન્દ્ર-આદિ દેવોની વાત સાંભળીને શિવજી જવાબ આપતાં બોલ્યા.

શિવજીએ કહ્યું—હે દેવગણ! આ સમયે તો ત્રિપુરાધીશ મહાન પુણ્ય-કાર્યમાં લાગેલા છે; અને એવો નિયમ છે કે જે પુણ્યાત્મા હોય, એની પર વિદ્વાનોએ કોઈ પણ પ્રકારે પ્રહાર ન કરવો જોઈએ. હું દેવતાઓનાં બધાં જ કષ્ટોને જાણું છું; તેમ છતાં એ દૈત્યો બહુ પ્રબળ છે, તેથી દેવતા અને અસુર મળીને પણ એનો વધ નથી કરી શકતા. એ તારકપુત્ર બધાયે પુણ્યસંપન્ન છે, એટલા માટે એ સર્વ ત્રિપુરવાસીઓનો વધ કરવો દુસ્સાધ્ય છે. જોકે હું રણકર્કશ છું તેમ છતાં જાણીજોઈને હું મિત્ર-દ્રોહ કેવી રીતે કરી શકું; કેમકે, પહેલાં કોઈ એક સમયે બ્રહ્માજીએ કહ્યું હતું કે મિત્રદ્રોહથી વધીને બીજું કોઈ પાપ નથી. સત્પુરુષોને બ્રહ્મહત્યાને, શરાબી, ચોર તથા વ્રત-ભંગ કરનારા માટે પ્રાયશ્ચિત્તનું વિધાન કરેલું છે પરંતુ કૃતઘ્નનો ઉદ્ધારનો તો કોઈ ઉપાય જ નથી* હે દેવતાઓ! તમે લોકો પણ ધર્મજ્ઞ તો છો જ એટલે ધર્મદૃષ્ટિએ વિચાર કરીને તમે જ બતાવો કે જ્યારે એ દૈત્ય મારા ભક્ત છે, ત્યારે હું કઈ રીતે તેમને મારી નાખું. એટલા માટે હે અમરો! જ્યાં સુધી તે દૈત્યો મારી ભક્તિમાં તત્પર છે ત્યાં સુધી એમનો વધ અસંભવ છે. તેમ છતાં તમે લોકો વિષ્ણુ પાસે જઈને એમની પાસે આ કારણનું નિવેદન કરો.

ત્યાર પછી દેવગણ ભગવાન શ્રીવિષ્ણુ પાસે ગયા અને એમના દ્વારા એવી વ્યવસ્થા કરવામાં આવી કે જેવી અસુર શૈવ સનાતન ધર્મથી વિમુખ બને અને સર્વથા અનાચાર પરાયણ થઈ ગયા. વૈદિક ધર્મનો નાશ થવાથી ત્યાં સ્ત્રીઓએ પતિવ્રત-ધર્મ છોડી દીધો. પુરુષો ઈન્દ્રિયોના વશમાં થઈ ગયા. આ રીતે સ્ત્રી-પુરુષ બધાં

* બ્રહ્મઘ્ને ચ સુરપે ચ સ્તેને ભગ્નવ્રતે તથા। નિષ્કૃતિર્વિહિતા સદ્ભિઃ કૃતઘ્ને નાસ્તિ નિષ્કૃતિઃ ॥
(શિ.પુ.રુ.સં. યુદ્ધ ખંડ ૩/૫)

દુરાચારી થઈ ગયાં. દેવ-આરાધના, શ્રાદ્ધ, યજ્ઞ, વ્રત, તીર્થ, શિવ-વિષ્ણુ-સૂર્ય-ગણેશ વગેરેનું પૂજન, સ્નાન, દાન વગેરે સર્વ શુભ આચરણોનો નાશ થઈ ગયો. ત્યારે માયા અને અલક્ષ્મી એ નગરમાં જઈ પહોંચ્યાં. તપથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી ત્યાંથી ચાલી ગઈ. આ રીતે ત્યાં અધર્મનો વિસ્તાર થઈ ગયો. હે મુને! ત્યારે શિવ-ઇચ્છાથી ભાઈઓ સહિત એ દૈત્યરાજ તથા મયની શક્તિ પણ કુંઠિત થઈ ગઈ.

(અધ્યાય ૨થી ૫)

*

## દેવોનું શિવજી પાસે જવું, સ્તવન કરવું, શિવજી ત્રિપુરવધ માટે તૈયાર ન થયા, બ્રહ્મા અને વિષ્ણુને સમજાવવું વિષ્ણુ દ્વારા નિર્દિષ્ટ શિવમંત્રનો દેવો દ્વારા તથા વિષ્ણુ દ્વારા જપ, શિવજીની પ્રસન્નતા અને એમને માટે વિશ્વકર્મા દ્વારા સર્વદેવમય રથનું નિર્માણ

**વ્યાસજીએ પૂછ્યું**—હે સનત્કુમારજી! જ્યારે ભાઈઓ તથા પુરવાસીઓ સહિત એ દૈત્યરાજની બુદ્ધિ વિશેષરૂપે મોહાચ્છન્ન થઈ ગઈ, ત્યારે એ પછી કઈ ઘટના ઘટી? હે વિભો! સંપૂર્ણ વૃત્તાંતનું વર્ણન કરો.

**સનત્કુમારજીએ કહ્યું**—હે મહર્ષે! જ્યારે ત્રણેયે પુરોની પૂર્વોક્ત દશા થઈ, દૈત્યોએ શિવ-અર્ચનનો પરિત્યાગ કરી દીધો, સંપૂર્ણ સ્ત્રીધર્મ નષ્ટ થઈ ગયો અને ચારે બાજુએ દુરાચાર ફેલાઈ ગયો, ત્યારે ભગવાન વિષ્ણુ અને બ્રહ્માની સાથે બધા દેવતા કૈલાસ પર્વત પર ગયા અને સુંદર શબ્દોમાં શિવની સ્તુતિ કરવા લાગ્યા - 'હે મહેશ્વર દેવ! આપ પરમોત્કૃષ્ટ આત્મબળથી સંપન્ન છો; તમે જ સૃષ્ટિના કર્તા બ્રહ્મા, પાલક વિષ્ણુ અને સંહર્તા રુદ્ર છો; પરબ્રહ્મસ્વરૂપ આપને નમસ્કાર હો.' આમ મહાદેવજીનું સ્તવન કરીને દેવોએ એમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પછી ભગવાન વિષ્ણુએ જળમાં ઊભા રહીને પોતાના સ્વામી પરમેશ્વર શિવનું મનમાં ને મનમાં સ્મરણ કરીને તન્મય થઈને દક્ષિણામૂર્તિ દ્વારા પ્રગટિત રુદ્રમંત્રનો દોઢ કરોડની સંખ્યા સુધી જપ કર્યો. ત્યાં સુધીમાં બધા દેવતાઓએ મહેશ્વરમાં મન પરોવીને આમ કહેતાં સ્તુતિ કરવા લાગ્યા.

દેવોએ કહ્યું—હે પ્રભો! આપ સમસ્ત પ્રાણીઓના આત્મસ્વરૂપ, કલ્યાણકર્તા અને સમસ્ત ભક્તોની પીડા હરનારા છો. આપના ગળામાં નીલ ચિહ્ન છે તેથી આપ નીલકંઠ કહેવાયા છો. આપ ચિદ્રૂપ અને પ્રચેતા છો. આપ રુદ્રને અમારા પ્રણામ છે. હે અસુરનિકંદન! તમે જ અમારી બધી આપત્તિઓનું નિવારણ કરનારા છો. માટે સદાયે આપ જ અમારી ગતિ છો. આપ જ સર્વદા અમારા વંદનીય છો. આપ સૌના આદિ છો અને આપ જ અનાદિ પણ છો. તમે જ આનંદસ્વરૂપ, અવ્યય, પ્રભુ, પ્રકૃતિ-પુરુષના પણ સાક્ષાત્ સ્રષ્ટા છો અને જગદીશ્વર છો. આપ જ રજોગુણ, સત્ત્વગુણ, અને તમોગુણના આશ્રયથી બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર થઈને જગતના કર્તા, ભર્તા અને સંહારક બનો છો. તમે જ આ ભવસાગરથી તારનારા છો. તમે સમસ્ત પ્રાણીઓના સ્વામી, અવિનાશી, વરદાતા, વાઙ્મયસ્વરૂપ, વેદપ્રતિપાદ્ય અને વાચ્ય-વાચકતાથી રહિત છો. યોગવેત્તા યોગી આપ

ઈશાન પાસે અમે મુક્તિની યાચના કરીએ છીએ. તમે યોગીઓના હૃદયકમળની કર્ણિકાપર બિરાજમાન રહો છો. વેદ અને સંતજન કહે છે કે આપ પરબ્રહ્મસ્વરૂપ, તત્ત્વરૂપ અને પરાત્પર છો. હે શર્વ! તમે સર્વવ્યાપી, સર્વાત્મા અને ત્રિલોકના અધિપતિ છો. હે ભવ! આ જગતમાં જેને પરમાત્મા કહે છે તે આપ જ છો. હે જગદ્ગુરો! આ જગતમાં દર્શન કરવા, શ્રવણ કરવા, સ્તવન કરવા તથા જાણવા યોગ્ય કહેવાયા છો અને જે અણુથી પણ સૂક્ષ્મ અને મહાનથી પણ મહાન આપ જ છો. આપ ચારે બાજુએ હાથ, પગ, નેત્ર, મસ્તક, મુખ, કાન અને નાકવાળા છો; તેથી આપને ચોતરફથી નમસ્કાર છે. હે સર્વવ્યાપિન્! આપ સર્વજ્ઞ, સર્વેશ્વર, અનાવૃત્ત અને વિશ્વરૂપ છો. આપ વિરૂપાક્ષને બધી બાજુએથી અભિવાદન છે. આપ સર્વેશ્વર, ભવાધ્યક્ષ, સત્યમય, કલ્યાણકર્તા, અનુપમેય અને કરોડો સૂર્ય સમાન પ્રભાવશાળી છો. આપને અમે બધી બાજુએથી દંડવત્ પ્રણામ કરીએ છીએ. વિશ્વરાધ્ય, આદિ-અંતશૂન્ય, છવ્વીશમું તત્ત્વ, નિયામકરહિત તથા સમસ્ત પ્રાણીઓને પોતપોતાનાં કાર્યોમાં પ્રવૃત્ત કરનારા આપને બધી બાજુએથી પ્રણામ છે. તમે પ્રકૃતિના પણ પ્રવર્તક છો, સર્વના પ્રપિતામહ છો અને સમસ્ત શરીરમાં વ્યાપ્ત છો, આપ પરમેશ્વરને અમારા નમસ્કાર છે. શ્રુતિઓ તથા શ્રુતિતત્ત્વના જ્ઞાતા વિજ્ઞજન આપને વરદાયક, સમસ્ત ભૂતોમાં નિવાસ કરનારા સ્વયંભૂ અને શ્રુતિ તત્ત્વજ્ઞ બતાવે છે. હે નાથ! આપે જગતમાં અનેક એવાં કાર્યો કર્યાં છે, જે અમારી સમજથી પર છે. અમે સમજી શકતા નથી, તેથી દેવતા, અસુર, બ્રાહ્મણ અને અન્યાન્ય સ્થાવર-જંગમ પણ આપની જ સ્તુતિ કરે છે. હે શંભો! ત્રિપુરવાસી દૈત્યોએ અમને પ્રાયઃ નષ્ટ જેવા કરી દીધા છે, તેથી આપ શીઘ્ર જ એ અસુરોનો વિનાશ કરીને અમારી રક્ષા કરો, કેમકે, હે દેવવલ્લભ! અમે સર્વ દેવોની એકમાત્ર આપ જ ગતિ છો. હે પરમેશ્વર! આ સમયે તે આપની માયાથી મોહિત થઈ ગયા છે, માટે હે પ્રભો! તે ભગવાન વિષ્ણુ દ્વારા બતાવેલી યુક્તિના ચક્કરમાં ફસાઈને બધાં જ ધર્મ-કર્મ છોડી બેઠા છે. હે ભક્તવત્સલ! અમારા સૌભાગ્યવશ આ સમયે એ દૈત્યોએ સંપૂર્ણ ધર્મોનો પરિત્યાગ કરી દીધો છે અને નાસ્તિક શાસ્ત્રનો આશ્રય લઈ રાખ્યો છે. હે શરણદાતા! આપ તો સદાથી દેવતાઓનાં કાર્ય કરતા જ આવ્યા છો. એટલા જ માટે આજે પણ અમે લોકો આપને શરણે આવ્યા છીએ. શરણાપન્ન થયા છીએ. હવે આપની જેવી ઈચ્છા હોય એવું કરો.

સનત્કુમારજી કહે છે—હે મુનિવર! આ પ્રકારે મહેશ્વરનું સ્તવન કરીને દેવગણ દીનભાવથી અંજલિબદ્ધ થઈને સામે ઊભા રહ્યા. એ સમયે એમનાં મસ્તક નમેલાં હતાં. આ રીતે જ્યારે સુરેન્દ્ર વગેરે દેવોએ મહેશ્વરની સ્તુતિ કરી અને



વિષ્ણુએ ઈશાન-સંબંધી મંત્રનો જપ કર્યો, ત્યારે સર્વેશ્વર ભગવાન શિવ પ્રસન્ન થઈ ગયા અને વૃષ પર સવાર થઈને ત્યાં પ્રગટ થઈ ગયા. એ સમયે પાર્વતીપતિ શિવનું મન પ્રસન્ન હતું. એમણે નંદીશ્વરની પીઠ પરથી ઊતરીને વિષ્ણુનું આલિંગન કર્યું અને પછી તે નન્દી પર હાથ ટેકવીને ઊભા થઈ ગયા અને સંપૂર્ણ દેવતાઓ તરફ કૃપાભરી દૃષ્ટિથી જોઈને ગંભીર વાણીમાં શ્રીહરિને કહેવા લાગ્યા.

**શિવજીએ કહ્યું**—હે દેવશ્રેષ્ઠ! એ અધર્મનિષ્ઠ દૈત્યોનાં ત્રણે પુરોને હું નષ્ટ કરી દઈશ - એમાં સંશય નથી, પરંતુ એ મહાદૈત્ય મારા ભક્ત હતા અને એમનું મન સુદૃઢરૂપે મારામાં લાગેલું રહેતું હતું; તેથી યદ્યપિ આ સમયે એમણે બહાનાવશ ઉત્તમ ધર્મનો પરિત્યાગ કરી દીધો છે, તથાપિ શું મારા દ્વારા વધને યોગ્ય છે? એટલા માટે જેમણે ત્રિપુરવાસી દૈત્યોને ધર્મભ્રષ્ટ કરીને મારી ભક્તિથી વિમુખ કરી દીધા છે તે વિષ્ણુ અથવા અન્ય કોઈ દેવતા જ એમને કેમ નથી મારી નાખતા? હે મુનીશ્વર! શંભુનાં આ વચન સાંભળીને એ સમસ્ત દેવતાઓ તથા શ્રીહરિનું મન પણ ઉદાસ થઈ ગયું. જ્યારે સૃષ્ટિકર્તા બ્રહ્માએ જોયું કે દેવતાઓ અને વિષ્ણુના મુખ પર ઉદાસી છવાઈ ગઈ છે, ત્યારે એમણે હાથ જોડીને શંભુને કહેવાનો આરંભ કર્યો.

**બ્રહ્માજી બોલ્યા**—હે પરમેશ્વર! આપ યોગવેત્તાઓ શ્રેષ્ઠ, પરબ્રહ્મ તથા સદાય દેવો તથા ઋષિઓની રક્ષામાં તત્પર રહેનારા છો; તેથી પાપનો આપને સ્પર્શ જ નથી. સાથે જ આપના આદેશથી જ તો એમને મોહમાં નાખવામાં આવ્યા હતા. એના પ્રેરક તો આપ જ છો. આ સમયે જરૂર એમણે પોતાના ધર્મનો પરિત્યાગ કરી દીધો છે અને એ આપની ભક્તિથી વિમુખ થઈ ગયા છે. તેમ છતાં આપના સિવાય કોઈ એમનો વધ કરી શકે તેમ નથી. દેવો અને ઋષિઓના પ્રાણરક્ષક હે મહાદેવ! સાધુઓની રક્ષા માટે આપે એ મ્લેચ્છોનો વધ કરવો ઉચિત છે. આપ તો રાજા છો, તેથી રાજાને ધર્મ અનુસાર વધ કરવાથી પાપ લાગતું નથી, માટે આ કાંટાને ઉખેડીને સાધુ-બ્રાહ્મણોની રક્ષા કરો. રાજા જો પોતાનું રાજ્ય તથા સર્વલોકાધિપત્યને સ્થિર રાખવા ચાહતો હોય તો એણે પોતાના રાજ્યમાં અને અન્યત્ર પણ આવો જ વ્યવહાર કરવો જોઈએ. એટલા માટે આપ દેવગણોની રક્ષા માટે તૈયાર થઈ જાઓ, વિલંબ ન કરશો. હે દેવદેવેશ! મોટા મોટા મુનીશ્વર, યજ્ઞ, સંપૂર્ણ વેદ, શાસ્ત્ર, હું બ્રહ્મા અને વિષ્ણુ પણ નિશ્ચય જ આપની પ્રજા છીએ. હે પ્રભો! આપ દેવતાઓના સાર્વભૌમ સમ્રાટ છો. આ શ્રીહરિ વગેરે દેવગણ અને આખું જગત આપનું જ કુટુંબ છે. હે અજન્મા દેવ! શ્રીહરિ આપના યુવરાજ છે. અને હું - બ્રહ્મા આપનો પુરોહિત છું તથા આપની આજ્ઞાનું પાલન કરનાર શક્ર રાજ્યકારભાર સંભાળનાર મંત્રી છે, હે સર્વેશ! અન્ય દેવતાઓ પણ આપના શાસન-નિયંત્રણમાં રહીને સદા પોતપોતાના કાર્યમાં તત્પર રહે છે. આ બિલકુલ સત્ય છે.

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! બ્રહ્માની આ વાત સાંભળીને સુરપાલક પરમેશ્વર શિવનું મન પ્રસન્ન થઈ ગયું ત્યારે એમણે બ્રહ્માજીને કહ્યું.

**શિવજી બોલ્યા**—હે બ્રહ્મન્! જો તમે મને દેવતાઓનો સમ્રાટ કરી રહ્યા છો તો મારી પાસે એ પદને યોગ્ય કોઈ એવી સામગ્રી તો છે નહીં, જેથી હું એ પદને ગ્રહણ કરી શકું; કેમકે ન તો મારી પાસે કોઈ મહા દિવ્ય રથ છે, કે નથી

એને ઉપર્યુક્ત સારથિ અને સંગ્રામમાં વિજય અપાવનારાં ધનુષબાણ પણ નથી કે જેને લઈને હું મનોયોગપૂર્વક સંગ્રામમાં એ પ્રબળ દૈત્યોનો વધ કરી શકું. આમ કહીને એ ચૂપ થઈ ગયા. પરંતુ શિવજીને શીઘ્ર જ પ્રસ્તુ થતા ન જોઈને દેવતા, કશ્યપ વગેરે ઋષિ અત્યંત વ્યાકુળ તથા દુઃખી થઈ ગયા. ત્યારે ભગવાન હરિએ એમને કહ્યું.

**ભગવાન વિષ્ણુ બોલ્યા**—"હે દેવો તથા મુનિઓ! તમે લોકો દુઃખી શા માટે થાઓ છો? તમારે પોતાનાં બધાં જ દુઃખોનો પરિત્યાગ કરી દેવો જોઈએ. હવે તમે બધા લોકો આદરપૂર્વક મારી વાત સાંભળો. હે દેવગણ! તમે જ લોકો વિચાર કરો કે મહાન પુરુષોની આરાધના સુખસાધ્ય નથી હોતી. મેં એવું સાંભળ્યું છે કે મહદ્ આરાધનમાં પહેલાં મહાન કષ્ટ વેઠવું પડે છે. પછી ભક્તની દૃઢતા જોઈને ઈષ્ટદેવ અવશ્ય પ્રસન્ન થઈ જાય છે. પરંતુ શિવ તો સમસ્ત ગણોના અધ્યક્ષ તથા પરમેશ્વર છે. એ તો આખરે આશુતોષ રહ્યાને. તેથી પહેલાં 'ૐ'નું ઉચ્ચારણ કરીને પછી 'નમઃ'નો પ્રયોગ કરો. પછી 'શિવાય' કહીને બે વાર શુભમ્‌નું ઉચ્ચારણ કરો. એ પછી બે વાર 'કુરુ'નો પ્રયોગ કરીને પછી 'શિવાય નમઃ' 'ૐ' જોડી દો. (આવું કરવાથી 'ૐ નમઃ શિવાય શુભં શુભં કુરુ કુરુ શિવાય નમઃ ૐ' એ મંત્ર બને છે). હે બુદ્ધિવિશારદો! જો તમે લોકો શિવની પ્રસન્નતા માટે આ મંત્રના પુનઃ એક કરોડ જપ કરશો તો શિવજી અવશ્ય તમારાં કાર્ય પૂર્ણ કરશે.' હે મુને! પ્રભાવશાળી શ્રીહરિએ જ્યારે આમ કહ્યું, ત્યારે બધા દેવતા પુનઃ શિવ-આરાધનામાં લાગી ગયા. ત્યાર પછી શ્રીહરિ પણ દેવો તથા મુનિઓના કાર્યોની સિદ્ધિને માટે શિવમાં મન લગાવીને વિધિપૂર્વક જપમાં તત્પર થઈ ગયા. હે મુનિશ્રેષ્ઠ! આ બાજુ દેવગણ ધૈર્યસંપન્ન થઈને વારંવાર 'શિવ-શિવ' એમ ઉચ્ચારણ કરતાં કરતાં એક કરોડ જપ કરવા સામે ઊભા રહ્યા. એ સમયે સ્વયં સાક્ષાત્ શિવ પૂર્વોક્ત સ્વરૂપ ધારણ કરીને પ્રગટ થઈ ગયા અને આમ કહેવા લાગ્યા.

**શ્રી શિવજી બોલ્યા**—હે હરે હે બ્રહ્મન્! હે દેવગણ તથા ઉત્તમ વ્રતનું પાલન કરનારા મુનિઓ! હું તમારા આ જપથી પ્રસન્ન થઈ ગયો છું, માટે હવે તમે લોકો તમારું મનોવાંછિત વરદાન માગી લો.

**દેવતાઓએ કહ્યું**—હે દેવાધિદેવ! હે કલ્યાણકર્તા જગદીશ્વર! જો આપ અમારા પર પ્રસન્ન થયા હો તો દેવોની વિકલતાનો વિચાર કરીને શીઘ્ર જ ત્રિપુરનો સંહાર કરી દો. હે પરમેશ્વર! આપ તો દીનબંધુ છો, કૃપાની ખાણ છો. આપે જ સદાયે અમારી - દેવતાઓની વારંવાર આપત્તિઓથી રક્ષા કરી છે, માટે આ સમયે પણ આપ અમારી રક્ષા કરો.

**સનત્કુમારજી કહે છે**—હે બ્રહ્મન્! ત્યારે બ્રહ્મા અને વિષ્ણુસહિત દેવોની એ વાત સાંભળીને શિવજી મનમાં ને મનમાં પ્રસન્ન થયા અને પુનઃ આ પ્રકારે બોલ્યા.

**મહેશ્વરે કહ્યું**—હે હરે! હે બ્રહ્મન્! હે દેવગણ! તથા હે મુનિઓ! હવે ત્રિપુરને નષ્ટ થયું જ સમજો. તમે લોકો આદરપૂર્વક મારી વાત સાંભળો (અને એ અનુસર કાર્ય કરો). મેં પહેલાં જે દિવ્ય રથ, સારથિ, ધનુષ અને ઉત્તમ બાણોનો અંગીકાર કર્યો છે, એ બધું જ શીઘ્ર તૈયાર કરો. હે વિષ્ણો અને વિધે! નિશ્ચય જ તમે બંને ત્રિલોકના અધિપતિ છો; એટલા માટે મારે માટે પ્રયત્નપૂર્વક સમ્રાટને યોગ્ય બધાં

ઉપકરણો તમારે પ્રસ્તુત કરી દેવાં જોઈએ. તમે બંને સૃષ્ટિના સર્જન અને પાલન કાર્યમાં નિયુક્ત છો તેથી ત્રિપુરને નષ્ટ જ થયેલો જાણીને દેવતાઓની સહાયતા માટે આ કાર્ય અવશ્ય કરો. આ શુભ-મંત્ર (જેનો તમે લોકોએ જપ કર્યો છે) મહાન પુણ્ય તથા મને પ્રસન્ન કરનારો છે. એ ભુક્તિ-મુક્તિનો દાતા, સંપૂર્ણ કામનાઓનો પૂરક, શિવભક્તોને આનંદપ્રદ છે. એ સ્વર્ગકામી પુરુષોને માટે ધન, યશ અને આયુની વૃદ્ધિ કરનારો છે. એ નિષ્કામ માટે મોક્ષ તથા સાધન કરનારા પુરુષોને માટે ભુક્તિ-મુક્તિનો સાધક છે. જે મનુષ્ય પવિત્ર થઈને સદા આ મંત્રનું કીર્તન કરે છે, સાંભળે છે અથવા બીજાને સંભળાવે છે, એની બધી જ અભિલાષા પૂર્ણ થઈ જાય છે.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! પરમાત્મા શિવની આ વાત સાંભળીને બધા દેવતા પરમ પ્રસન્ન થયા અને બ્રહ્મા તથા વિષ્ણુને તો વિશેષ આનંદ પ્રાપ્ત થયો. એ સમયે વિશ્વકર્માએ શિવની આજ્ઞા અનુસાર વિશ્વના હિત માટે એક સર્વદેવમય તથા પરમ શોભન દિવ્ય રથનું નિર્માણ કર્યું. (અધ્યાય ૬ થી ૮)

*

## સર્વદેવમય રથનું વર્ણન, શિવજીનું એ રથ પર ચઢીને યુદ્ધને માટે પ્રસ્થાન, એમનું પશુપતિ નામ પડવાનું કારણ, શિવજી દ્વારા ગણેશ-પૂજન, મયદાનવનું ત્રિપુરથી જીવિત બચી જવું

**વ્યાસજીએ કહ્યું**—હે શૈવપ્રવર સનત્કુમારજી! આપની બુદ્ધિ ઉત્તમ છે, આપ સર્વજ્ઞ છો. હે તાત! તમે પરમેશ્વર શિવની જે કથા સંભળાવી તે અત્યંત અદ્ભુત છે. હવે બુદ્ધિમાન વિશ્વકર્માએ શિવજીને માટે જે દેવમય અને પરમોત્કૃષ્ટ દિવ્ય રથનું નિર્માણ કર્યું હતું, એનું વર્ણન કરો.

**સૂતજી કહે છે**—હે મુને! વ્યાસજીની આ વાત સાંભળીને મુનીશ્વર સનત્કુમાર શિવજીનાં ચરણકમળોનું સ્મરણ કરીને બોલ્યા - હે મહાબુદ્ધિમાન મુનિવર વ્યાસજી! મેં શિવજીનાં પાદપદ્મોનું સ્મરણ કરીને પોતાની બુદ્ધિ અનુસાર રથની નિર્માણ-કથાનું વર્ણન કરું છું. સાંભળો - ત્યારબાદ વિશ્વકર્માએ રુદ્રદેવ માટે બહુ યત્નથી આદરપૂર્વક દિવ્ય રથની રચના કરી. તે સર્વસંમત તથા સર્વભૂતમય રથ સોનાનો બનેલો હતો. એના જમણા ચક્રમાં સૂર્ય અને વામચક્રમાં ચંદ્રમા બિરાજમાન હતા. જમણા ચક્રમાં બાર આરા લાગેલા હતા, જેમાં બારેય સૂર્યો પ્રતિષ્ઠિત હતા અને ડાબા પૈંડામાં સોળ આરા હતા. જેમાં ચંદ્રમાની સોળ કળાઓ બિરાજમાન હતી. હે ઉત્તમ વ્રતનું પાલન કરનારા વિપેન્દ્ર! અશ્વિની વગેરે સત્યાવીશ નક્ષત્ર પણ એના વામ ચક્રની શોભા વધારી રહ્યાં હતાં. હે વિપ્રશ્રેષ્ઠ! છયે ઋતુ એ બંને પૈંડાની પરિધ-(નેમિ) બની ગઈ. અંતરિક્ષ રથનો અગ્રભાગ થયો અને મંદરાચલે રથની બેઠકનું સ્થાન ગ્રહણ કર્યું. ઉદયાચલ અને અસ્તાચલ એ બંને કૂબર (વળાંક દેનાર) થયા. મહામેરુ અધિષ્ઠાન (મુખ્ય આધાર) અને શાખાપર્યંત એનાં આશ્રયસ્થાન બન્યા. સંવત્સર એ રથનો વેગ, ઉત્તરાયણ અને દક્ષિણાયન બંને લોહધારક, મુહૂર્ત બન્ધુર (રસ્સી-દોરડું), કલાઓ એના કીલ

(ખીલી, કાંટો કે ખીલડો) બને છે. કાષ્ઠાઓ (દિશાઓ) એના નાસિકારૂપ અગ્રભાગ (ઘોણા), ક્ષણ અક્ષદંડ (ધુરા), નિમેષ અનુકર્ષ (નીચેનું લાકડું) અને લવ ઈષાદંડ (દાંડો) થાય છે. દ્યુલોક એ રથનો વરૂથ (ઉપલો પર્દો) તથા સ્વર્ગ અને મોક્ષ ધ્વજા થાય છે. અભ્રમુ (ઐરાવતની પત્ની) અને કામધેનુ ઝૂંસરીના છેલ્લા છેડા પર સ્થિત થયા. અવ્યક્ત (પ્રકૃતિ) એનો ઈષાદંડ (દાંડો), બુદ્ધિ નડ્વલ (રાડું, સરોડું), અહંકાર ખૂણો અને પંચમહાભૂત એનું બળ હતું. હે મુનિશ્રેષ્ઠ! ઈન્દ્રિયો એને ચારે બાજુએથી વિભૂષિત કરી રહી હતી. શ્રદ્ધા રથની ચાલ હતી. એ સમયે વેદોનાં છએ અંગો જ એનાં ભૂષણ હતાં અને પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્ર ઉપભૂષણ (ગૌણઘરેણાં) થયાં. સંપૂર્ણ શુભ લક્ષણોથી યુક્ત બલસંપન્ન શ્રેષ્ઠ મંત્ર ઘૂઘરમાળનાદ કરનાર ઘંટની જગાએ છે. વર્ણ અને આશ્રમ એના પાદ બન્યા. સહસ્ર ફેણોથી સુશોભિત શેષનાગ બંધનરજ્જુ થાય છે, દિશાઓ અને ઉપદિશાઓ એને પાદ બને છે. પુષ્કર વગેરે તીર્થો રત્નજડિત સ્વર્ણમય ધજાઓ - પતાકાઓનું સ્થાન ગ્રહણ કરે છે અને ચારેય સમુદ્રો એ રથના આચ્છાદન - વસ્ત્ર બને છે. ગંગા વગેરે બધી શ્રેષ્ઠ નદીઓએ સુંદર સ્ત્રીઓનાં રૂપ ધારણ કર્યાં છે અને સમસ્ત આભૂષણોથી વિભૂષિત થઈ હાથમાં ચામર લઈ અહીં-તહીં સ્થિત થઈને એ રથની શોભા વધારવા લાગી-આવહ વગેરે સાત વાયુઓએ સ્વર્ણમય ઉત્તમ સોપાનનું કામ સંભાળ્યું. લોકાલોક પર્વત ચારે બાજુએ ઉપસોપાન અને માનસ વગેરે સરોવર એના સુંદર બાહ્ય વિષમસ્થાન થયા. બધા વર્ષાચલ એની ચારે બાજુએ પાશ બન્યા. નીચેના લોકોના નિવાસી રથના તળિયાના ભાગ થયા. દેવાધિદેવ ભગવાન બ્રહ્મા લગામ પકડનાર સારથિ થયા અને બ્રહ્મદૈવત ૐકાર એ બ્રહ્મદેવની ચાબુક બને છે. 'અ'કારે વિશાળ છત્રનું રૂપ ધારણ કર્યું મંદરાચલ પાર્શ્વભાગનો દંડ થયો. શૈલરાજ હિમાલય ધનુષ અને સ્વયં નાગરાજ શેષ એની પ્રત્યંચા (દોરી) બન્યા. શ્રુતિરૂપિણી સરસ્વતી દેવી ધનુષની ઘંટા બની અને મહાતેજસ્વી વિષ્ણુ બાણ બન્યા અને અગ્નિ એ બાણની અણી બન્યા. હે મુને! ચારેય વેદ એ રથમાં જોડાનાર ચાર ઘોડા કહેવાયા છે. એ પછી બાકી રહેલી જ્યોતિઓ એ અશ્વનાં આભૂષણ બની. વિષથી ઉત્પન્ન થયેલી વસ્તુઓને સેનાનું રૂપ ધારણ કર્યું, વાયુ વાજાં વગાડવા લાગ્યા અને વ્યાસ વગેરે મુખ્ય-મુખ્ય ઋષિ વાહવાહક બન્યા (ભાર ખેંચનાર). હે મુનીશ્વર! અધિક કહેવાથી શો લાભ, હું સંક્ષેપમાં જ બતાવી દઉં છું કે બ્રહ્માંડમાં જે કાંઈ વસ્તુ હતી, એ સર્વ એ રથમાં વિદ્યમાન હતી. આ રીતે બુદ્ધિમાન વિશ્વકર્માએ બ્રહ્મા અને વિષ્ણુની આજ્ઞાથી એ શુભ રથ અને રથની સામગ્રીનું નિર્માણ કર્યું.

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! આ પ્રકાર મહાન દિવ્યરથમાં, જે અનેકવિધ આશ્ચર્યોથી યુક્ત હતો, વેદરૂપી અશ્વોને જોડીને બ્રહ્માએ શિવને સમર્પિત કરી દીધો. શંભુને નિવેદિત કર્યા પછી વિષ્ણુ વગેરે દેવોના સંમાનનીય અને ત્રિશૂળ ધારણ કરનારા છે, એ દેવેશ્વરની પ્રાર્થના કરીને બ્રહ્માજી શંકર ભગવાનને એ રથ પર આરૂઢ કરવા લાગ્યા. ત્યારે મહાન ઐશ્વર્યશાળી સર્વદેવમય શંભુ રથસામગ્રીથી યુક્ત રથ પર આરૂઢ થયા. એ સમયે ઋષિ, દેવતા, ગંધર્વ, નાગ, લોકપાલ અને બ્રહ્મા, વિષ્ણુ પણ એમની સ્તુતિ કરી રહ્યા હતા. ગાનવિદ્યા-વિશારદ અપ્સરાઓના ગણ એમને ઘેરી રહ્યા

હતા. સારથિના સ્થાન પર બ્રહ્માને જોઈને એ વરદાયક શંભુની શોભા વિશેષ થઈ. લોકની બધી જ વસ્તુઓથી કલ્પિત એ રથ પર શિવજી ચઢી જ રહ્યા હતા કે વેદસંભૂત તે ઘોડા અવળે માથે ભૂમિ પર પડી ગયા. પૃથ્વી પર ધરતીકંપ આવી ગયો. બધા પર્વત ડગમગવા લાગ્યા. સહસા શેષનાગ શિવજીનો ભાર ન સહી શકવાને કારણે આતુર થઈને કંપવા લાગ્યા. ત્યારે એ જ ક્ષણે ભગવાન ધરણીધરે ઊઠીને નન્દીશ્વરનું રૂપ ધારણ કર્યું અને રથની નીચે જઈને રથને ઉપર ઉઠાવ્યો; પરંતુ નન્દીશ્વર પણ રથારૂઢ મહેશના એ ઉત્તમ તેજને સહન ન કરી શક્યા, તેથી તેમણે તત્કાળ જ પૃથ્વી પર ઘૂંટણ ટેકવી દીધા. ત્યાર પછી ભગવાન બ્રહ્માએ શિવજીની આજ્ઞાથી હાથમાં ચાબુક લઈને ઘોડાઓને ઉઠાવીને એ શ્રેષ્ઠ રથને ઊભો કર્યો. તદનંતર મહેશ દ્વારા અધિષ્ઠિત એ ઉત્તમ રથમાં બેઠેલા બ્રહ્માએ રથને જોડેલા મન અને વાયુ સમાન વેગવાળા વેદમય અશ્વોને એ તપસ્વી દાનવોના આકાશસ્થિત ત્રણે પુરોને લક્ષ્ય કરીને આગળ કર્યા. ત્યાર પછી લોકોના કલ્યાણકર્તા ભગવાન રુદ્ર દેવોની તરફ જોઈને કહેવા લાગ્યા – 'હે સુરશ્રેષ્ઠો! જો તમે બધા દેવલોકો તથા અન્ય પ્રાણીઓના વિષયમાં પૃથક્ પૃથક્ પશુત્વની કલ્પના કરીને એ પશુઓનું આધિપત્ય મને પ્રદાન કરશો ત્યારે જ હું એ અસુરોનો સંહાર કરીશ; કેમકે એ દૈત્યશ્રેષ્ઠ ત્યારે જ માર્યા જશે, અન્યથા એમનો વધ અસંભવ છે.'

**સનત્કુમારજી કહે છે**—હે મુને! અગાધ બુદ્ધિસંપન્ન દેવાધિદેવ ભગવાન શંકરની આ વાત સાંભળીને બધા દેવતા પશુત્વ પ્રતિ સશંકિત થઈ ગયા, જેથી એમનું મન ખિન્ન થઈ ગયું. ત્યારે એમના ભાવને સમજીને દેવદેવ અંબિકાપતિ શંભુ કરુણાર્દ્ર થઈ ગયા. પછી એ હસીને દેવતાઓને આ પ્રમાણે કહેવા લાગ્યા.

**શંભુએ કહ્યું**—હે દેવશ્રેષ્ઠો! પશુભાવ પ્રાપ્ત થવા છતાં પણ તમારા લોકોનું પતન થશે નહિ. હું એ પશુભાવથી વિમુક્ત થવાનો ઉપાય બતાવું છું એ સાંભળો અને એવું જ કરો. સમાહિત મનવાળા હે દેવતાઓ! હું તમારા લોકો સામે સાચ્ચી પ્રતિજ્ઞા કરું છું કે જે આ દિવ્ય પાશુપત-વ્રતનું પાલન કરશે, તે પશુત્વથી મુક્ત થઈ જશે. હે સુરશ્રેષ્ઠો! તમારા સિવાય જે અન્ય પ્રાણી પણ મારું પાશુપત-વ્રત કરશે, એ પણ નિસ્સંદેહ પશુત્વથી છૂટી જશે. જે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરતાં કરતાં બાર વર્ષ, છ વર્ષ અથવા ત્રણ વર્ષ મારી સેવા કરશે અથવા કરાવશે તે પશુત્વથી વિમુક્ત થઈ જશે. એટલા માટે હે દેવતાઓ! તમે લોકો પણ આ પરમોત્કૃષ્ટ દિવ્ય વ્રતનું પાલન કરશો તો એ જ સમયે પશુત્વથી મુક્ત થઈ જશો – એમાં કશો જ સંશય નથી.

**સનત્કુમારજી કહે છે**—હે મહર્ષે! પરમાત્મા મહેશ્વરનું વચન સાંભળીને વિષ્ણુ અને બ્રહ્મા વગેરે દેવતાઓએ કહ્યું – ''તથેતિ'' – બહુ સારું. એવું જ થશે. એટલા માટે મોટા મોટા દેવતા તથા અસુર ભગવાન શંકરનાં પશુ બન્યા અને પશુત્વરૂપી પાપથી વિમુક્ત કરનારા રુદ્ર પશુપતિ થયા ત્યારથી મહેશ્વર 'પશુપતિ' એ નામથી વિશ્વમાં વિખ્યાત થઈ ગયા. આ નામ સમસ્ત લોકોમાં કલ્યાણ પ્રદાન કરનારું છે. એ સમયે સંપૂર્ણ દેવતા તથા ઋષિ, હર્ષમગ્ન થઈને જય-જયકાર કરવા લાગ્યા અને દેવેશ્વર બ્રહ્મા, વિષ્ણુ તથા અન્યાન્ય પ્રાણી પણ પરમાનંદમગ્ન થઈ ગયાં. એ અવસર પર મહાત્મા શિવનું જેવું

રૂપ પ્રગટ થયું હતું એનું વર્ણન સેંકડો વર્ષોમાં પણ ન થઈ શકે. તદનંતર જે શિવા અને સંપૂર્ણ જગતના સ્વાર્થ અને સંપૂર્ણ પ્રાણીઓને સુખ દેનારા છે એ મહેશ્વર આપ સુસજ્જિત થઈને ત્રિપુર સંહાર કરવા પ્રસ્થિત થયા. જે સમયે દેવદેવ મહાદેવ ત્રિપુરનો વિનાશ કરવાને માટે ચાલી નીકળ્યા, એ અવસર પર દેવરાજ વગેરે બધા પ્રધાન પ્રધાન દેવતા પણ એમની સાથે પ્રસ્થિત થયા. પર્વતની સમાન વિશાળકાય એ સુરેશ્વરોનાં મન પ્રસન્ન હતાં, એ સૂર્ય સમાન પ્રકાશિત થઈ રહ્યા હતા. એ બધા હળ, શાલ, મુસલ, ભુશુંડિ અને વિવિધ પ્રકારનાં પર્વત - જેવાં વિશાળ આયુધો ધારણ કરીને હાથી, ઘોડા, સિંહ, રથ અને બળદ પર સવાર થઈને ચાલી રહ્યા હતા. એ સમયે જેમનાં શરીર પરમ પ્રકાશમાન હતાં અને મન મહાન ઉત્સાહથી સંપન્ન હતાં અને જે વિવિધ પ્રકારનાં અસ્ત્રશસ્ત્રથી સુસજ્જિત હતા, તે ઈન્દ્ર, બ્રહ્મા અને વિષ્ણુ વગેરે દેવ શંભુનો જયજયકાર કરતા હતા. મહેશ્વરની આગળ ચાલ્યા. બધા દંડી અને જટાધારી મુનિ હર્ષમાં આવી ગયા. આકાશચારી સિદ્ધ તથા ચારણ પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. હે વિપ્રેન્દ્ર! ત્રિપુરની યાત્રા કરતી વખતે જેટલા ગણેશ્વર શિવજી સાથે હતા, એની ગણનાનો પાર કોણ પામી શકે, તથાપિ હું થોડુંક વર્ણન કરું છું. હે યોગિન! સમસ્ત ગણરાજોમાં શ્રેષ્ઠ ભૃંગી ગણેશ્વરો તથા દેવગણોથી ઘેરાઈને વિમાન પર આરૂઢ થઈને મહેન્દ્રની જેમ જ ત્રિપુરનો વિનાશ કરવા માટે ચાલવા લાગ્યા. એમની સાથે કેશ, વિગતવાસ, મહાકેશ, મહાજ્વર, સોમવલ્લી-સવર્ણ, સોમપ, સનક, સોમધૃક્, સૂર્યવર્ચા, સૂર્યપ્રેક્ષણક, સૂર્યાક્ષ, સૂરિનામા, સુર, સુંદર, પ્રસ્કન્દ, કુન્દર, ચંડ, કંપન, અતિકંપન, ઈન્દ્ર, ઈન્દ્રજય, યન્ના, હિમકર, શતાક્ષ, પંચાક્ષ, સહસ્રાક્ષ, મહોદર, સતીજરુ, શતાસ્ય, રંક, કર્પૂરપૂતન, દ્વિશિખ, ત્રિશિખ, અહંકારકારક, અજવક્ત્ર, અષ્ટવક્ત્ર, હયવક્ત્ર, અર્ધવક્ત્ર વગેરે ઘણા અપ્રમેય બળશાળી વીર ગણાધ્યક્ષ લક્ષ્ય લક્ષણની પરવા ન કરતાં મહેશ્વરને ઘેરીને ચાલી રહ્યા હતા.

હે વ્યાસજી! તદનંતર મહાદેવ શંભુ સંપૂર્ણ પ્રાણીઓ સહિત એ રથ પર સ્થિત થઈને એ સુર-દ્રોહીઓનાં ત્રણે પુરોને પૂર્ણતયા બાળી દેવા તૈયાર થયા. એમણે રથના શીર્ષ-સ્થાન પર સ્થિત થઈને એ મહાન અદ્ભુત ધનુષ પર પ્રત્યંચા ચઢાવી અને એના પર ઉત્તમ બાણનું સંધાન કરીને રોષમાં એમના હોઠ ફડફડવા માંડ્યા. પછી ધનુષના મૂઠને દૃઢતાપૂર્વક પકડીને અને દૃષ્ટિમાં દૃષ્ટિ પરોવીને તે અચલભાવે ત્યાં ઊભા રહી ગયા. પરંતુ એમના અંગૂઠાના અગ્રભાગમાં સ્થિત થઈને ગણેશ નિરંતર પીડા પહોંચાડતા રહ્યા હતા, જેથી કરીને એ ત્રણે પુર ત્રિશૂળધારી શંકરનું લક્ષ્ય બની શકતાં ન હતાં. ત્યારે ધનુષબાણધારી મુંજકેશ વિરૂપાક્ષ શંકરે પરમ શોભન આકાશવાણી સાંભળી (એ વ્યોમવાણીએ કહ્યું) – 'હે ઐશ્વર્યશાળી જગદીશ્વર! જ્યાં સુધી તમે એ ગણેશની અર્ચના નહીં કરી લો, ત્યાં સુધી આ ત્રણ પુરોનો સંહાર નહીં કરી શકો.' ત્યારે આવી વાત સાંભળીને અંધકાસુરના નિહંતા ભગવાન શિવે ભદ્રકાલીને બોલાવીને ગજાનનનું પૂજન કર્યું. જ્યારે હર્ષપૂર્વક વિધિ-વિધાન સહિત અગ્રભાગમાં સ્થિત એ વિનાયકની પૂજા કરી દીધી ત્યારે તે પ્રસન્ન થઈ ગયા. પછી તો ભગવાન શંકરને એ તારકપુત્ર મહામનસ્વી

દૈત્યોનાં ત્રણે નગરો યથોક્તરૂપે આકાશમાં સ્થિત દેખાયાં. આ વિષયમાં કેટલાક લોકો એવું પણ કહે છે કે જ્યારે શિવજી સ્વયં સ્વતંત્ર, પરબ્રહ્મ, સગુણ, નિર્ગુણ, બધાં જ દ્વારા અલક્ષ્ય, સ્વામી, પરમાત્મા, નિરંજન, પંચદેવમય, પંચદેવોના પરમ ઉપાસ્ય અને પરાત્પર પ્રભુ છે. એ જ સૌના ઉપાસ્ય છે, એમનો ઉપાસ્ય કોઈ નથી, ત્યારે બધાંના વંદનીય પરબ્રહ્મસ્વરૂપ એ દેવેશ્વર મહેશ્વર વિશે એ વાત ઉચિત નથી જણાતી કે એમની કાર્યસિદ્ધિ અન્યની કૃપા પર અવલંબિત હોય. પરંતુ હે મુને! એ દેવાધિદેવ વરદાની મહેશ્વરના ચરિત્રમાં લીલાવશ બધું જ ઘટિત થઈ શકે છે. અસ્તુ. આ રીતે જ્યારે ગણાધિપનું પૂજન કરીને મહાદેવજી સ્થિત થયા ત્યારે એ ત્રણે પુર કાલવશ શીઘ્ર જ એકતાને પ્રાપ્ત થઈ ગયાં. હે મુને! એ ત્રિપુર પરસ્પર ભેગાં થઈ જતાં મહાન આત્મબળથી સંપન્ન દેવતાઓને મહાન હર્ષ થયો. ત્યારે સંપૂર્ણ દેવગણ, સિદ્ધ અને પરમર્ષિ અષ્ટમૂર્તિધારી શિવની સ્તુતિ કરીને ઉચ્ચ સ્વરે જયજયકાર કરવા લાગ્યા. એ સમયે બ્રહ્મા અને જગદીશ્વર વિષ્ણુએ કહ્યું – 'હે મહેશ્વર! તારકના પુત્ર એ ત્રિલોકનિવાસી દૈત્યોના વધનો સમય પણ આવી ગયો છે. હે વિભો! એટલા માટે જ આ પુરો એકતાને પ્રાપ્ત થયાં છે. તેથી હે દેવેશ! જ્યાં સુધી આ ત્રિપુટ પુનઃ અલગ થઈ જાય એ પહેલાં જ આપ બાણ છોડીને એમને ભસ્મ કરી દો અને દેવતાઓનાં કાર્યોને સિદ્ધ કરો.'

હે મુને! ત્યારબાદ શિવજીએ ધનુષની દોરી ચઢાવીને એના પર પાશુપતાસ્ત્ર નામક બાણનું સંધાન કર્યું અને એ ત્રિપુર પર છોડવાનો વિચાર કરવા લાગ્યા. શંકરજીએ જે સમયે પોતાના અદ્‌ભુત ધનુષને ખેંચ્યું હતું, એ સમયે અભિજિત મુહૂર્ત ચાલી રહ્યું હતું. એમણે ધનુષનો ટંકાર તથા દુસ્સહ સિંહનાદ કરીને પોતાનું નામ ઘોષિત કર્યું અને એ મહાસુરોને લલકારીને કરોડો સૂર્ય સમાન પ્રકાશમાન એ ભીષણ બાણ એમના પર છોડી દીધું. ત્યારે જેની અણી પર અગ્નિદેવ પ્રતિષ્ઠિત હતા અને જે વિષયરૂપે પાપના વિનાશક અને વિષ્ણુમય હતા, એ મહાન જાજ્વલ્યમાન શીઘ્રગામી બાણે એ ત્રિપુરનિવાસી દૈત્યોને દગ્ધ કરી દીધા. ત્યાર



પછી એ ત્રણે પુરો પણ ભસ્મ થઈ ગયાં અને એકીસાથે ચારે સમુદ્રરૂપી મેખલાવાળી ભૂમિ પર પડી ગયાં. એ સમયે શિવજીની પૂજાનું અતિક્રમણ કરી દેવાને કારણે સેંકડો દૈત્ય એ બાણસ્થિત અગ્નિથી સળગીને હાહાકાર મચાવી રહ્યા હતા – જ્યારે ભાઈઓ સહિત તારકાક્ષ સળગવા માંડ્યો, ત્યારે એણે પોતાના સ્વામી ભક્તવત્સલ ભગવાન શંકરનું સ્મરણ કર્યું અને મનમાં ને મનમાં મહાદેવને જોઈને પરમ ભક્તિપર્વક વિવિધ પ્રકારે વિલાપ કરતાં કરતાં

એમને કહેવા લાગ્યો.

**તારકાક્ષ બોલ્યો**—'હે ભવ! તમે અમારા ઉપર પ્રસન્ન છો એ અમે જાણી ગયા છીએ. આ સત્યના પ્રભાવથી તમે પુનઃ ક્યારે ભાઈઓસહિત અમને દગ્ધ કરી દેશો. હે ભગવન્! જે દેવતા અને અસુરોને માટે અપ્રાપ્ય છે તે (આપના હાથે મરણ રૂપ) દુર્લભ લાભ અમને પ્રાપ્ત થઈ ગયો છે. હવે અમે જે જે યોનિમાં જન્મ ધારણ કરીશું, ત્યાં અમારી બુદ્ધિ આપની ભક્તિથી ભાવિત રહો.' હે મુને! આમ આ દૈત્યો વિલાપ કરી જ રહ્યા હતા કે શિવજીની આજ્ઞાથી એ અગ્નિએ એમને અદ્‌ભુત રીતે સળગાવીને રાખની ઢગલી બનાવી દીધા. હે વ્યાસજી! અને બીજા પણ જે બાળક અને વૃદ્ધ દાનવ હતા, એ શિવ-આજ્ઞા અનુસાર એ અગ્નિ દ્વારા શીઘ્ર જ સળગીને ભસ્મ થઈ ગયા અને એ પણ ત્યાં સુધી કે એ ત્રિપુરમાં જેટલી સ્ત્રીઓ તથા જેટલા પુરુષો હતા એ બધાય એ અગ્નિથી એ જ પ્રકારે સળગી ગયા, જેવી રીતે કલ્પના અંતમાં જગત ભસ્મ થઈ જાય છે તેમ. એ સમયે એ ભીષણ અગ્નિથી કોઈ પણ સ્થાવર-જંગમ બળ્યા વગર ન રહ્યું, પરંતુ અસુરાના વિશ્વકર્મા અવિનાશી મય બચી ગયા; કેમકે, એ દેવોના અવિરોધી હતા. શંભુના તેજથી સુરક્ષિત અને સદ્‌ભક્ત હતા. વિપત્તિના અવસરે પણ તે મહેશ્વરના શરણાગત બની રહેતા. જે દૈત્યો તથા અન્ય પ્રાણીઓનો ભાવ-અભાવ અથવા કૃત-અકૃતની પ્રાપ્તિ થવાથી નાશકારક પતન થતું નથી, એ વિનાશથી બચી જાય છે. એટલા માટે સત્પુરુષોએ અત્યંત સંભવિત - ઉત્તમ કર્મ માટે પ્રયત્ન કરવો જોઈએ, કેમકે નિંદિત કર્મ કરવાથી પ્રાણી માત્રનો વિનાશ થઈ જાય છે. તેથી ગર્હિત કર્મનું આચરણ ભૂલેચૂકે પણ ન કરવું.* એ સમયે પણ જે દૈત્ય બંધુ-બાંધવોસહિત શિવજીની પૂજામાં તત્પર હતા, તે બધાય શિવ-પૂજાના પ્રભાવથી (બીજા જન્મમાં) ગણોના અધિપતિ થઈ ગયા.

(અધ્યાય ૯-૧૦)

*

## દેવોના સ્તવનથી શિવજીનો કોપ શાંત થયો, અને શિવજી એમને વરદાન આપે છે, મય દાનવનું શિવજી પાસે આવવું અને એમની પાસે વરદાન – યાચના કરવી, શિવજી પાસેથી વરદાન પામીને મયનું વિતલલોકમાં જતાં રહેવું

**વ્યાસજીએ પૂછ્યું**—હે મહાબુદ્ધિમાન સનત્કુમારજી! આપ તો બ્રહ્માના પુત્ર અને શિવભક્તોમાં સર્વશ્રેષ્ઠ છો તેથી આપ ધન્ય છો. હવે એ બતાવો કે ત્રિપુરના દગ્ધ થઈ ગયા પછી સંપૂર્ણ દેવતાઓએ શું કર્યું? મય ક્યાં ગયો અને એ ત્રિપુર-અધ્યક્ષોની શી ગતિ થઈ? જો

* તસ્માદ્ યત્નઃ સુસંભાવ્યઃ સદ્‌ભિઃ કર્તવ્ય એવ હિ । ગર્હણાત્ ક્ષીયતે લોકો ન તત્કર્મ સમાચરેત્ ॥
(શિ. પુ. રુ. સં. યુદ્ધ ખંડ ૧૦/૪૨)

તે વૃત્તાંત શંભુની કથા સાથે સુસંબદ્ધ હોય તો એ સર્વ વિસ્તારપૂર્વક મને વર્ણન કરીને સંભળાવો.

**સૂતજી કહે છે**—હે મુને! વ્યાસજીનો પ્રશ્ન સાંભળીને સૃષ્ટિકર્તા બ્રહ્માજીના પુત્ર સનત્કુમાર શિવજીનાં યુગલ ચરણોનું સ્મરણ કરીને બોલ્યા.

**સનતકમારજીએ કહ્યું**—હે મહાબુદ્ધિમાન વ્યાસજી! જ્યારે મહેશ્વર દૈત્યોથી ખીચોખીચ ભરેલા સંપૂર્ણ ત્રિલોકને ભસ્મ કરી દીધો, ત્યારે સર્વ દેવતાઓને મહા આશ્ચર્ય થયું. એ સમયે શંકરજીના મહાભયંકર રૌદ્ર રૂપને, જે કરોડો સૂર્યની સમાન પ્રકાશમાન અને પ્રલયકાલીન અગ્નિની જેમ તેજસ્વી હતું તથા જેના તેજથી દશે દિશાઓ પ્રજ્જ્વલિત-શી જણાતી હતી, તેવા રૂપને જોઈને જ સાથે હિમાચલ-પુત્રી પાર્વતીદેવીજી તરફ દૃષ્ટિપાત કરીને સંપૂર્ણ દેવતા ભયભીત થઈ ગયા. ત્યારે મુખ્ય મુખ્ય દેવતા વિનમ્ર થઈને સામે ઊભા રહ્યા. એ અવસર પર મોટા મોટા ઋષિ પણ દેવતાઓની સેનાને ભયભીત જોઈને ઊભા ને ઊભા જ રહી ગયા, કશું જ બોલી ન શક્યા. એ ચારે બાજુએથી શંભુને પ્રણામ કરવા લાગ્યા. ત્યાર પછી બ્રહ્મા પણ શિવજીના એ રૂપને જોઈને ભયગ્રસ્ત થઈ ગયા. ત્યારે એમણે ડરેલા વિષ્ણુ તથા દેવગણોની સાથે પ્રસન્ન મનથી સાવધાનીપૂર્વક એ ગિરિજાસહિત મહેશ્વરનું, જે દેવોના પણ દેવ, ભવ તથા હર નામથી પ્રસિદ્ધ, ભક્તોને અધીન રહેનારા અને ત્રિપુરહન્તા છે, એમનું સ્તવન કર્યું. ત્યારબાદ બધા જ પ્રમુખ દેવતાઓએ ભગવાન શિવની સ્તુતિ કરી. આમ સ્તુતિ થવાથી લોકોના કલ્યાણકર્તા શંકર પ્રસન્ન થઈને બોલ્યા.

**શંકરજીએ કહ્યું**—હે બ્રહ્મા, વિષ્ણુ તથા દેવગણ! હું તમારા સૌ પર વિશેષરૂપે પ્રસન્ન છું, તેથી હવે તમે સર્વ પ્રકારે વિચાર કરીને પોતાનું મનોવાંછિત વરદાન માગી લો.

**સનત્કુમારજી કહે છે**—હે મુનિશ્રેષ્ઠ! શિવ દ્વારા કહેલાં વચનો સાંભળીને બધા જ દેવતાઓનાં મન મ્હોરી ઊઠ્યાં. પછી તો એ બોલી ઊઠ્યા.

**દેવતાઓએ કહ્યું**—હે ભગવન્! હે દેવદેવેશ! જો તમે અમારા પર પ્રસન્ન છો અને અમે દેવગણોને પોતાના દાસ સમજીને વરદાન આપવા ચાહતા હો તો હે સત્તમ! જ્યારે જ્યારે દેવતાઓ ઉપર દુઃખની સંભાવના હોય ત્યારે ત્યારે તમે પ્રગટ થઈને સદા એમનાં દુઃખોનો વિનાશ કરજો.

**સનત્કુમારજી કહે છે**—હે મહર્ષે! જ્યારે બ્રહ્મા, વિષ્ણુ અને દેવતાઓએ ભગવાન રુદ્રને આવી પ્રાર્થના કરી, ત્યારે એ શાંત અને પ્રસન્ન થઈને એક સાથે જ સૌને કહ્યું – 'સારું સારું, સદાયે એવું જ થશે' એવું કહીને શંકરજીએ, જે સદા દેવોનું દુઃખ હરણ કરનારા છે, પ્રસન્નતાપૂર્વક દેવોને જે અભીષ્ટ હતું, ઇચ્છિત હતું, તે બધુંય એમને પ્રદાન કરી દીધું. આ જ સમયે મય દાનવ, જે શિવની કૃપાથી બળી જતાં બચી ગયો હતો, શંભુને પ્રસન્ન જોઈને હર્ષિત મનથી ત્યાં આવ્યો. એણે વિનીત ભાવથી હાથ જોડીને હર તથા અન્યાન્ય દેવોને પણ પ્રણામ કર્યા. પછી તે શિવજીના ચરણોમાં આળોટી પડ્યો. ત્યાર પછી દાનવશ્રેષ્ઠ મયે ઊઠીને શિવજી તરફ જોયું. એ સમયે પ્રેમને કારણે એ ગદ્‌ગદ થઈ ગયો, એનું ગળું ભરાઈ આવ્યું અને એ ભક્તિપૂર્ણ ચિત્તે એમની સ્તુતિ

કરવા લાગ્યો. હે દ્વિજશ્રેષ્ઠ! મય દ્વારા થયેલા એ સ્તવનથી પરમેશ્વર શિવ પ્રસન્ન થઈ ગયા અને આદરપૂર્વક એને કહેવા લાગ્યા.

**શિવજીએ કહ્યું**—હે દાનવશ્રેષ્ઠ મય! હું તારા પર પ્રસન્ન છું, તેથી તું વરદાન માગી લે. આ સમયે જે કાંઈ પણ તારા મનની અભિલાષા હશે તેને હું અવશ્ય પૂર્ણ કરીશ.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! શંભુનાં આ મંગલમય વચન સાંભળીને દાનવશ્રેષ્ઠ મયે અંજલિબદ્ધ થઈને, વિનમ્રતાપૂર્વક એ પ્રભુનાં ચરણમાં નમસ્કાર કરીને બોલ્યો.

**મય બોલ્યો**—હે દેવાધિદેવ! જો આપ મુજ પર પ્રસન્ન છો અને મને વરદાન પામવાનો અધિકારી સમજતા હો તો આપની શાશ્વતી ભક્તિ પ્રદાન કરો. હે પરમેશ્વર! હું સદા પોતાના ભક્તો સાથે મિત્રતા કરું, દીનો પર સદા મારો દયાભાવ રહ્યા કરો અને અન્યાન્ય દુષ્ટ પ્રાણીઓની હું ઉપેક્ષા કરતો રહું. હે મહેશ્વર! મારામાં ક્યારેય આસુરીભાવનો ઉદય ન થાઓ. હે નાથ! નિરંતર આપના શુભ ભજનમાં તલ્લીન રહીને નિર્ભય બન્યો રહું.

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! શંકર તો સર્વના સ્વામી છે અને ભક્તવત્સલ છે. મયે જ્યારે આ રીતે એ પરમેશ્વરની પ્રાર્થના કરી, ત્યારે તે પ્રસન્ન થઈને મયને કહેવા લાગ્યા.

**મહેશ્વરે કહ્યું**—હે દાનવસત્તમ! તું મારો ભક્ત છે, તારામાં કોઈ પણ પ્રકારનો વિકાર નથી, તેથી તું ધન્ય છે. હવે હું તારા જે કોઈ ઇચ્છિત વરદાન છે, તે બધાંય તને પ્રદાન કરું છું. હવે તું મારી આજ્ઞાથી તારા પરિવારસહિત વિતલલોકમાં જતો રહે. તે સ્વર્ગથી પણ રમણીય છે. તું ત્યાં પ્રસન્ન ચિત્તથી મારું ભજન કરતાં કરતાં નિર્ભય થઈને ત્યાં નિવાસ કર. મારી આજ્ઞાથી ક્યારેય તુજમાં આસુર ભાવનું પ્રાગટ્ય થશે નહીં.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! મયે મહાત્મા શંકરની એ આજ્ઞાને માથું નમાવીને સ્વીકાર કર્યો અને એમને તથા અન્યાન્ય દેવોને પણ પ્રણામ કરીને તે વિતલલોકમાં ચાલ્યો ગયો. ત્યાર પછી મહાદેવજી એ દેવતાઓનાં એ મહાન કાર્યને પૂર્ણ કરીને દેવી પાર્વતી, પોતાના પુત્ર અને સંપૂર્ણ ગણસહિત અંતર્ધાન થઈ ગયા. જ્યારે પરિવારસહિત ભગવાન શંકર અંતર્હિત થઈ ગયા, ત્યારે એ ધનુષ, બાણ, રથ વગેરે બધાં ઉપકરણો પણ અદૃશ્ય થઈ ગયાં. ત્યાર પછી બ્રહ્મા, વિષ્ણુ તથા અન્યાન્ય દેવ, મુનિ, ગંધર્વ, કિન્નર, નાગ, સર્પ, અપ્સરા અને મનુષ્યોને મહાન હર્ષની પ્રાપ્તિ થઈ. એ બધા શંકરજીના ઉત્તમ યશનું વર્ણન કરતાં કરતાં આનંદપૂર્વક પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. ત્યાં પહોંચીને એમને પરમ સુખની પ્રાપ્તિ થઈ. હે મહર્ષે! આ રીતે મેં શશિમૌલિ શંકરજીના વિશાળ ચરિતનું, જે ત્રિપુરવિનાશને સૂચિત કરનારું હતું અને પરમોત્કૃષ્ટ લીલાથી યુક્ત છે તે આખેઆખું તમને સંભળાવી દીધું.

(અધ્યાય ૧૧-૧૨)

*

# દંભની તપસ્યા અને વિષ્ણુ દ્વારા એને પુત્ર-પ્રાપ્તિનું વરદાન, શંખચૂડનો જન્મ અને તપ તથા એને વરદાનની પ્રાપ્તિ, બ્રહ્માજીની આજ્ઞાથી એનું પુષ્કરમાં તુલસી પાસે આવવું અને એની સાથે વાર્તાલાપ, બ્રહ્માનું પુનઃ તથા પ્રાગટ્ય, બંનેને આશીર્વાદ આપવા, શંખચૂડનું ગાંધર્વ-વિધિથી તુલસીનું પાણિગ્રહણ

ત્યાર પછી જલંધરની ઉત્પત્તિથી માંડીને એના વધ સુધીનો પ્રસંગ સંભળાવીને સનત્કુમારજીએ કહ્યું—હે મુને! હવે શંભુનું બીજું ચરિત્ર પ્રેમપૂર્વક શ્રવણ કરો. એના શ્રવણ-માત્રથી શિવભક્તિ સુદૃઢ થઈ જાય છે. હે વ્યાસજી! શંખચૂડ નામનો એક મહાવીર દાનવ હતો, જે દેવોને માટે કંટકરૂપ હતો. એને શિવજીએ રણાંગણમાં ત્રિશૂળ વડે મારી નાખ્યો હતો. શિવજીનું આ દિવ્ય ચરિત્ર પરમ પાવન તથા પાપનાશક છે. તમારા ઉપર અધિક સ્નેહ હોવાને કારણે હું એનું વર્ણન કરું છું, તમે પ્રેમપૂર્વક એનું શ્રવણ કરો. બ્રહ્માના પુત્ર જે મહર્ષિ મરીચિ હતા, એમના પુત્ર કશ્યપ થયા. તે મનનશીલ, ધર્મિષ્ઠ, સૃષ્ટિકર્તા, વિદ્યાસંપન્ન અને પ્રજાપતિ હતા. દક્ષે પ્રસન્ન થઈને પોતાની તેર કન્યાઓનો વિવાહ એમની સાથે કરી દીધો. એમનાં સંતાનોનો એટલો અધિક વિસ્તાર થયો કે એનું વર્ણન કરવું કઠણ છે. એ કશ્યપ-પત્નીઓમાં એકનું નામ દનુ હતું. તે શ્રેષ્ઠ સુંદરી અને મહારૂપવતી હતી. એ સાધ્વીનું સૌભાગ્ય ઘણું વધારે હતું. હે મુને! એ દનુને ઘણાબધા મહાબલી પુત્ર ઉત્પન્ન થયા. વિસ્તાર-ભયને લીધે અહીં એમનાં નામ ગણાવ્યાં નથી. એમનામાં એકનું નામ વિપ્રચિત્તિ હતું, જે બળવાન, મહા બલ-પરાક્રમથી સંપન્ન હતો. એને દમ્ભ નામનો પુત્ર થયો, જે જિતેન્દ્રિય, ધાર્મિક અને વિષ્ણુભક્ત હતો. જ્યારે એને કોઈ પુત્ર ન થયો ત્યારે એ વીર ચિંતાથી વ્યાપ્ત થઈ ગયો. એણે શુક્રાચાર્યને ગુરુ બનાવીને એમની પાસેથી શ્રીકૃષ્ણ-મંત્ર પ્રાપ્ત કર્યો અને પુષ્કરમાં જઈને ઘોર તપનો આરંભ કર્યો. ત્યાં સુદૃઢ આસન લગાવીને કૃષ્ણ-મંત્રનો જપ કરતાં કરતાં એક લાખ વર્ષ વીતી ગયાં. ત્યારે એ તપસ્વીના મસ્તકમાંથી એક જાજ્વલ્યમાન તેજ નીકળીને સર્વત્ર વ્યાપ્ત થઈ ગયું. એ તેજ એટલું બધું દુસ્સહ એનાથી સંપૂર્ણ દેવતા, મુનિ તથા મનુ સંતપ્ત થઈ ગયા ત્યારે એમણે ઈન્દ્રને આગળ રાખીને બ્રહ્માજીને શરણે ગયા. ત્યાં એમણે સંપૂર્ણ સંપત્તિઓના દાતા વિધાતાને પ્રણામ કરીને એમની સ્તુતિ કરી પછી વિશેષરૂપે વ્યાકુળ થઈને પોતાનો બધો વૃત્તાંત એમને કહી સંભળાવ્યો. એમની વાત સાંભળીને એમને સાથે લઈને એ આખો વૃત્તાંત વિષ્ણુને સંભળાવવા માટે વૈકુંઠ ગયા. ત્યાં પહોંચીને એ લોકોએ ત્રિલોકીના અધિશ્વર તથા રક્ષક પરમાત્મા વિષ્ણુને વિનીતભાવથી પ્રણામ કરવા લાગ્યા.

દેવતા બોલ્યા—હે દેવદેવ! અમને ખબર નથી કે અહીં કયું કારણ ઉત્પન્ન થઈ ગયું છે. અમે કોઈ તેજથી સંતપ્ત થઈ ગયા છીએ, એ આપ જ બતાવો. હે દીનબંધો! પોતાના દુઃખી સેવકોના રક્ષક તો આપ જ છો; માટે હે શરણદાતા! હે રમાનાથ! અમ શરણાગતોની

રક્ષા કરો. રક્ષા કરો.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! બ્રહ્મા વગેરે દેવતાઓનાં વચન સાંભળીને શરણાગતવત્સલ ભગવાન વિષ્ણુ હસવા લાગ્યા અને પ્રેમપૂર્વક બોલ્યા.

**વિષ્ણુએ કહ્યું**—હે અમરો! શાંત રહો, ગભરાઈ જશો નહીં, ભયભીત ન થશો. કશું આડું-અવળું થવાનું નથી, કેમકે હજુ સુધી પ્રલયનો સમય આવ્યો નથી. (આ તેજ તો) દંભ નામના દાનવનું છે, જે મારો ભક્ત છે અને પુત્રની કામનાથી તપ કરી રહ્યો છે. હું એને વરદાન આપીને શાંત કરી દઈશ.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! ભગવાન વિષ્ણુના કથન પર બ્રહ્મા વગેરે દેવતાઓની વ્યગ્રતા જતી રહી, એ બધા ધૈર્ય ધારણ કરીને પોતપોતાના ધામમાં ગયા. આ બાજુ ભગવાન અચ્યુત પણ વરદાન આપવા માટે પુષ્કર તરફ ચાલવા લાગ્યા, જ્યાં દંભ નામનો દાનવ તપ કરી રહ્યો હતો. ત્યાં પહોંચીને શ્રીહરિએ પોતાના મંત્રનો જપ કરનાર ભક્તને દંભને સાંત્વના આપતાં આપતાં મધુર વાણીમાં બોલ્યા—'વરદાન માગ' ત્યારે વિષ્ણુનાં ઉપર્યુક્ત વચનો સાંભળીને અને એમને પોતાની સમક્ષ ઉપસ્થિત જોઈને દંભ બહુ ભક્તિ સાથે એમનાં ચરણમાં આળોટી પડ્યો, લોટપોટ થઈ ગયો અને વારંવાર સ્તુતિ કરતાં કરતાં બોલ્યો.

**દંભે કહ્યું**—હે દેવાધિદેવ! હે કમલનયન! આપને નમસ્કાર હો. હે રમાનાથ! મુજ પર કૃપા કરો. હે ત્રિલોકેશ! મને એક વીર પુત્ર આપો, જે આપનો ભક્ત હોય અને મહા બલ-પરાક્રમથી સંપન્ન હોય. એ ત્રિલોકીને જીતી લે, પરંતુ દેવતા એને પરાજિત ન કરી શકે.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! દાનવરાજ દંભના આવા કથન પર શ્રીહરિએ એ વરદાન આપી દીધું અને એ ઘોર તપથી એને નિવૃત્ત કરીને સ્વયં અંતર્ધાન થઈ ગયા. દાનવેન્દ્ર દંભની તપસ્યા સિદ્ધ થઈ ગઈ હતી, જેથી એનો મનોરથ પૂર્ણ થઈ ગયો હતો. તેથી એ પણ શ્રીહરિના જતા રહ્યા પછી એ દિશાને નમસ્કાર કરીને પોતાને ઘેર પાછો જતો રહ્યો. થોડા જ સમયમાં એની ભાગ્યવતી પત્ની ગર્ભવતી થઈ ગઈ. તે પોતાના તેજથી ઘરના અંદરના ભાગને પ્રકાશિત કરતાં કરતાં શોભાને પ્રાપ્ત થવા લાગી. હે મુને! શ્રીકૃષ્ણના પાર્ષદોના અગ્રણી જે સુદામા નામના ગોપ હતા, જેને રાધાજીએ શાપ આપી દીધો હતો, એ જ એના ગર્ભમાં પ્રવિષ્ટ થઈ ગયો હતો, ત્યાર પછી સમય થવાથી સાધ્વી દંભ-પત્નીએ એક તેજસ્વી બાળકને જન્મ આપ્યો ત્યારે પિતાએ ઘણાબધા મુનીશ્વરોને બોલાવીને એનો વિધિપૂર્વક જાતકર્મ આદિ સંસ્કાર સંપન્ન કર્યા. હે દ્વિજોત્તમ! એ પુત્રના ઉત્પન્ન થવા પર બહુ મોટો ઉત્સવ થયો. પછી શુભ દિવસ આવવા પર પિતાએ એ બાળકનું 'શંખચૂડ' એવું નામકરણ કર્યું. તે પોતાના પિતાના ઘરમાં શુકલપક્ષના ચંદ્રમાની જેમ મોટો થવા લાગ્યો. તે અત્યંત તેજસ્વી હતો, તેથી એણે શૈશવ - બાલ્યાવસ્થામાં જ બધી વિદ્યાઓ જાણી લીધી. તે નિત્ય બાલક્રીડા કરીને પોતાનાં માતા-પિતાના હર્ષમાં વધારો કરવા લાગ્યો અને એણે સમસ્ત કુટુંબીઓને તો વિશેષરૂપે પ્રેમભાજન-લાડકો બની રહ્યો

ત્યાર પછી જ્યારે શંખચૂડ મોટો થયો ત્યારે તે જૈગીષવ્ય મુનિના ઉપદેશથી પુષ્કરમાં જઈને બ્રહ્માજીને પ્રસન્ન કરવા માટે ભક્તિપૂર્વક તપસ્યા કરવા લાગ્યો. એ સમયે એ એકાગ્રમન થઈને પોતાની ઇન્દ્રિયોને કાબૂમાં કરીને ગુરુપદિષ્ટ

બ્રહ્મવિદ્યાનો જપ કરતો રહ્યો. આમ પુષ્કરમાં તપસ્યા કરતાં કરતાં દાનવરાજ શંખચૂડને વરદાન આપવા માટે લોકગુરુ અને ઐશ્વર્યશાળી બ્રહ્મા શીઘ્ર જ ત્યાં પધાર્યા અને એ દાનવેન્દ્રને કહ્યું, 'વરદાન માગ' બ્રહ્માજીને જોઈને એણે અત્યંત નમ્રતાથી એમને અભિવાદન કર્યું અને પછી ઉત્તમ વાણીથી એમની સ્તુતિ કરી. તત્પશ્ચાત્ એણે બ્રહ્માજી પાસે વરદાન માગતા કહ્યું 'હે ભગવન્! હું દેવતાઓને માટે અજેય થઈ જાઉં? ત્યારે બ્રહ્માજી પરમ પ્રસન્ન થઈને બોલ્યા 'તથાસ્તુ - એવું જ થશે.' પછી એમણે શંખચૂડને તે દિવ્ય શ્રીકૃષ્ણકવચ આપ્યું, જે સંપૂર્ણ જગતનાં મંગલોનું પણ મંગલ છે અને સર્વત્ર વિજય પ્રદાન કરનારું છે. ત્યાર પછી બ્રહ્માજીએ એને આજ્ઞા આપી કે તમે બદરીવનમાં જાઓ. ત્યાં ધર્મધ્વજની કન્યા તુલસી સકામભાવથી તપસ્યા કરી રહી છે. તમે એની સાથે લગ્ન કરી લો.' આવું કહીને બ્રહ્માજી તે જ ક્ષણે એમની સામે જ અંતર્ધાન થઈ ગયા. ત્યારે તપઃ સિદ્ધ શંખચૂડ પણ, જેના બધા મનોરથ તપોબળથી



પૂર્ણ થઈ ગયા હતા અને મુખ પર પ્રસન્નતા રમી રહી હતી, પુષ્કરમાં જ એ જગતનાં મંગલોનું મંગળ એવું મંગલસ્વરૂપ કવચનો ગળામાં બાંધી લીધું અને બ્રહ્માની આજ્ઞા અનુસાર તે તત્કાળ જ દરિકાશ્રમ તરફ ચાલી નીકળ્યો. ત્યાં દાનવ શંખચૂડ સહસા એ જ સ્થાન પર જઈ પહોંચ્યો જ્યાં ધર્મધ્વજની પુત્રી તુલસી તપ કરી રહી હતી. સુંદરી તુલસીનું રૂપ અત્યંત કમનીય અને મનોહર હતું. તે ઉત્તમ શીલ સંપન્ન હતી. એ સતીને જોઈને શંખચૂડ એની પાસે જ ઊભો રહી ગયો અને મધુર વાણીમાં એની સાથે બોલવા લાગ્યો.

**શંખચૂડે કહ્યું**—'સુંદરી! તમે કોણ છો? કોનાં પુત્રી છો? તમે અહીં ચૂપચાપ બેસીને શું કરી રહ્યાં છો? આ બધું રહસ્ય મને બતાવો.'

**સનત્કુમારજી કહે છે**—હે મુને! શંખચૂડનાં આ સકામ વચન સાંભળીને તુલસીએ એને કહ્યું.

**તુલસી બોલી**—હું ધર્મધ્વજની તપસ્વિની કન્યા છું. અહીં તપોવનમાં તપ કરી રહી છું. તમે કોણ છો? તમે સુખપૂર્વક મનોવાંછિત સ્થાન પર ચાલ્યા જાઓ, કેમકે, નારીજાતિ બ્રહ્મા વગેરેને પણ મોહમાં નાખી દેનારી હોય છે. આ વિષતુલ્ય, નિંદનીય, દોષ ઉત્પન્ન કરનારી, માયારૂપિણી તથા વિચારશીલોને પણ શ્રૃંખલા સમાન જકડી લેનારી હોય છે.

**સનત્કુમારજી કહે છે**—હે મહર્ષે! તુલસી જ્યારે આ પ્રકારની રસભરી વાતો કરીને ચૂપ થઈ ગઈ, ત્યારે એને મંદસ્મિત કરતી જોઈને શંખચૂડે પણ કહેવાનું શરૂ કર્યું.

**શંખચૂડ બોલ્યો**—હે દેવી! તમે જે વાત કહી છે, તે બધી જ મિથ્યા હોઈ શકે એવી વાત નથી. એમાં કશું સત્ય છે અને થોડું અસત્ય પણ હોય. એનું વિવરણ મારી પાસેથી સાંભળો. હે

શોભને! જગતમાં જેટલી પતિવ્રતા સ્ત્રીઓ છે, એમાં તમે અગ્રણી છો. મારો તો એવો વિચાર છે કે જેવી રીતે હું પાપબુદ્ધિ કામી નથી, એ જ રીતે તમે પણ કામ-પરાધીના નથી. છતાં પણ આ સમયે હું બ્રહ્માજીની આજ્ઞાથી તમારી સમીપ આવ્યો છું અને ગાંધર્વ વિવાહની વિધિથી તમને ગ્રહણ કરીશ. હે ભદ્રે! શું તમે મને નથી જાણતાં અથવા તમે ક્યારેય મારું નામ પણ નથી સાંભળ્યું? અરે! દેવતાઓમાં પણ દોડાદોડી કરાવનારો શંખચૂડ હું પોતે છું. હું દનુનો વંશજ તથા દંભ નામના દાનવનો પુત્ર છું. પૂર્વકાળમાં હું શ્રીહરિનો પાર્ષદ હતો. મારું નામ સુદામા ગોપ હતું. આ સમયે હું રાધિકાજીના શાપથી દાનવરાજ શંખચૂડ થઈને ઉત્પન્ન થયો છું. આ બધી વાતો મને જ્ઞાત છે, કેમકે શ્રીકૃષ્ણના પ્રભાવથી મને પોતાના પૂર્વ જન્મનું સ્મરણ રહ્યું છે.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! તુલસીની સમક્ષ આમ કહીને શંખચૂડ ચૂપ થઈ ગયો. જ્યારે દાનવરાજે આદરપૂર્વક તુલસીને આવું સત્યવચન કહ્યું ત્યારે તે પ્રસન્ન થઈ અને મંદસ્મિત કરતાં કરતાં કહેવા લાગી.

**તુલસી બોલી**—હે ભદ્રપુરુષ! આજે તમે પોતાના સાત્ત્વિક વિચારથી મને પરાજિત કરી દીધી છે. જે પુરુષ સ્ત્રી દ્વારા પરાસ્ત ન થઈ શકે, તે સંસારમાં ધન્યવાદને પાત્ર છે, કેમકે, જેને સ્ત્રી જીતી લે છે, તે પુરુષ સદાચારી હોવા છતાં સદા અપાવન જ રહે છે. દેવતા, પિતર અને સમસ્ત માનવ એની નિંદા કરે છે. જનમ-સૂતક અને મરણ-સૂતકમાં બ્રાહ્મણ દશ દિવસમાં, ક્ષત્રિય બાર દિવસમાં અને વૈશ્ય પંદર દિવસમાં શુદ્ધ થઈ જાય છે, તથા શૂદ્રની શુદ્ધિ એક માસમાં થઈ જાય છે – એવું વેદનું અનુશાસન છે; પરંતુ સ્ત્રીથી પરાજિત થયેલા પુરુષની શુદ્ધિ ચિતાદાહ સિવાય અન્ય કોઈ પ્રકારે સંભવિત નથી. આ જ કારણે એના પિતરો એના દ્વારા અપાયેલ પિંડ-તર્પણ વગેરેને ઈચ્છાપૂર્વક ગ્રહણ નથી કરતા તથા દેવતા પણ એણે અર્પેલાં પુષ્પ-ફળ વગેરેનો સ્વીકાર નથી કરતા. જેનું મન સ્ત્રીઓ દ્વારા આહત થઈ જાય છે, એનું જ્ઞાન, ઉત્તમ તપ, જપ, હોમ, પૂજન, વિદ્યા અને દાનથી શો લાભ? અર્થાત્ એને માટે એ બધું નિષ્ફળ થઈ જાય છે. મેં આપનાં વિદ્યા, પ્રભાવ અને જ્ઞાનની જાણકારી માટે જ આપની પરીક્ષા લીધી છે; કેમકે કામિનીના માટે એ જરૂરી છે કે તે પોતાના મનોનીત કાન્તની પરીક્ષા કરીને જ એનું પતિરૂપે વરણ કરે.

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! જે સમયે તુલસી આ રીતે વાર્તાલાપ કરી રહી હતી, એ જ સમયે સૃષ્ટિકર્તા બ્રહ્મા ત્યાં જઈ પહોંચ્યા અને આ પ્રકારે બોલવા લાગ્યા.

**બ્રહ્માજીએ કહ્યું**—હે શંખચૂડ! તમે આની સાથે શો વ્યર્થમાં વાદ-વિવાદ કરી રહ્યા છો? તમે ગાંધર્વવિધિથી વિવાહ કરીને એનું પાણિ ગ્રહણ કરો; કેમકે નિશ્ચય જ તમે પુરુષરત્ન છો અને આ સતી-સાધ્વી સ્ત્રીઓમાં રત્નસ્વરૂપા છે. આવી દશામાં નિપુણાનો નિપુણ સાથે સમાગમ ગુણકારી જ થશે. (પછી તુલસી તરફ લક્ષ્ય કરીને બોલ્યા). હે સતી-સાધ્વી તુલસી! તું આવા ગુણવાન કાન્તની શી પરીક્ષા લઈ રહી છે? આ તો દેવતાઓ, અસુરો તથા દાનવોનાં માનમર્દન કરનારો છે. હે સુંદરી! તું એની સાથે સંપૂર્ણ લોકમાં સર્વદા ઉત્તમ ઉત્તમ સ્થાનો પર ચિરકાળ સુધી યથેચ્છ વિહાર કર. શરીરનો અંત થઈ ગયા પછી પુનઃ ગોલોકમાં શ્રીકૃષ્ણને જ એ પ્રાપ્ત થશે અને તેનું મૃત્યુ થઈ ગયા પછી તું વૈકુંઠમાં ચતુર્ભુજ ભગવાનને પ્રાપ્ત કરીશ.

સનત્કુમારજી કહે છે—હે મુને! આ રીતે આશીર્વાદ આપીને બ્રહ્મા પોતાના ધામમાં ચાલ્યા ગયા. ત્યારે દાનવ શંખચૂડે ગાંધર્વ વિવાહની વિધિથી તુલસીનું પાણિગ્રહણ કર્યું. આમ તુલસીની સાથે વિવાહ કરીને તે પોતાના પિતાના સ્થાને ચાલ્યો ગયો અને મનોરમ ભવનમાં એ રમણી સાથે વિહાર કરવા લાગ્યો.

(અધ્યાય ૧૩ થી ૨૯)

*

## અસુર રાજ્ય પર શંખચૂડનો અભિષેક અને એના દ્વારા દેવોના અધિકારો છીનવાઈ જવા, દેવોનું બ્રહ્માના શરણમાં જવું, બ્રહ્માનું એમને સાથે લઈને વિષ્ણુ પાસે જવું, વિષ્ણુ દ્વારા શંખચૂડના જન્મનારહસ્યનું ઉદ્‌ઘાટન અને પછી બધાંનું શિવ પાસે જવું અને શિવસભામાં એની ઝાંકી તથા પોતાનો અભિપ્રાય પ્રગટ કરવો

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! જ્યારે શંખચૂડે તપ કરીને વરદાન પ્રાપ્ત કર્યું અને તે વિવાહિત થઈને પોતાને ઘેર આવ્યો ત્યારે દાનવો અને દૈત્યોને ખૂબ જ પ્રસન્નતા થઈ. એ બધા પોતાના ગુરુ શુક્રાચાર્યને સાથે લઈને એક દળ બનાવીને એની પાસે આવ્યા અને વિનયપૂર્વક એને પ્રણામ કરીને અનેક પ્રકારે આદર પ્રદર્શિત કરતાં કરતાં એનું સ્તવન કરવા લાગ્યા. પછી એને પોતાના અત્યંત તેજસ્વી સ્વામી માનીને અત્યંત પ્રેમભાવથી એમની પાસે ઊભા રહી ગયા. આ બાજુ દંભકુમાર શંખચૂડે પણ પોતાના કુલગુરુ શુક્રાચાર્યને આવેલા જોઈને બહુ આદર અને ભક્તિ સહિત એમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. તદનંતર શુક્રાચાર્યે સમસ્ત અસુરોની સાથે સલાહ કરીને એમની સંમતિથી શંખચૂડને દાનવો તથા અસુરોનો અધિપતિ બનાવી દીધો. દંભપુત્ર શંખચૂડ પ્રતાપી અને વીર તો હતો જ, એ સમયે અસુર રાજ્ય પર અભિષિક્ત થવાને કારણે તે અસુરરાજ વિશેષ રીતે શોભવા માંડ્યો. ત્યારે એણે સહસા દેવતાઓ પર આક્રમણ કરીને વેગપૂર્વક એમનો સંહાર કરવાનું શરૂ કરી દીધું. સંપૂર્ણ દેવતા ભેગા મળીને પણ એના ઉત્કૃષ્ટ તેજને સહન ન કરી શક્યા, તેથી સમરભૂમિમાંથી ભાગી ગયા અને દીન થઈને યત્ર-તત્ર પર્વતોની ગુફાઓમાં જઈને સંતાઈ ગયા. એમની સ્વતંત્રતા જતી રહી. તેઓ શંખચૂડના વશવર્તી બનવાને કારણે પ્રભાહીન થઈ ગયા. આ બાજુ શૂરવીર પ્રતાપી દંભકુમાર દાનવરાજ શંખચૂડે પણ સંપૂર્ણ લોકોને જીતીને દેવતાઓના બધા અધિકાર છીનવી લીધા. તે ત્રિલોકીને પોતાને અધીન કરીને સંપૂર્ણ લોકો પર શાસન કરવા લાગ્યો અને સ્વયં ઈન્દ્ર બનીને બધા યજ્ઞ ભાગોને પણ હડપ કરવા માંડ્યો તથા પોતાની શક્તિથી કુબેર, સોમ, સૂર્ય, અગ્નિ, યમ અને વાયુ વગેરેના અધિકારોનું પણ પાલન કરાવવા લાગ્યો. એ સમયે મહાન બલ-પરાક્રમથી સંપન્ન મહાવીર શંખચૂડ સમસ્ત દેવતાઓ, અસુરો, દાનવો, રાક્ષસો, ગંધર્વો, નાગ, કિન્નર, મનુષ્યો તથા ત્રિલોકીનાં અન્યાન્ય પ્રાણીઓનો તે એકછત્ર સમ્રાટ હતો. આ રીતે મહાન રાજરાજેશ્વર

શંખચૂડ બહુ વર્ષો સુધી સંપૂર્ણ ભુવનોના રાજ્યનો ઉપયોગ કરતો રહ્યો. એના રાજ્યમાં ન તો દુષ્કાળ પડતો હતો, ન તો કોઈ મહામારી રોગચાળો અને ન તો અશુભ ગ્રહોનો પણ પ્રકોપ થતો; આધિવ્યાધિઓ પણ પોતાનો પ્રભાવ પાથરી શકતી નહીં. આમ આખી પ્રજા સદા સુખી રહેતી હતી. પૃથ્વી ખેડ્યા વગર પણ અનેક પ્રકારનાં ધાન્ય, અનાજ ઉત્પન્ન કરતી હતી. વિવિધ પ્રકારની ઔષધીઓ ઉત્તમ ઉત્તમ ફળો અને રસથી યુક્ત હતી. ઉત્તમ ઉત્તમ મણિઓની ખાણો હતી. સમુદ્ર પોતાના તટ પર લચકાલોળ રત્નો વેર્યા કરતો હતો. વૃક્ષોમાં સદા પુષ્પ-ફળ લાગેલાં જ રહેતાં. સરિતાઓમાં સુસ્વાદુ મધુર પાણી વહ્યા જ કરતું હતું. દેવતાઓ સિવાય બધા જ જીવો સુખી હતા. એમનામાં કોઈ પણ પ્રકારનો વિકાર ઉત્પન્ન થતો ન હતો. ચારે વર્ણ અને આશ્રમના બધા લોકો પોતપોતાના ધર્મમાં સ્થિત હતા. આ રીતે જ્યારે એ ત્રિલોકીનું શાસન કરી રહ્યો હતો, એ સમયે કોઈ દુઃખી ન હતું; કેવળ દેવતાઓ ભ્રાતૃદ્રોહાવશ દુઃખ પામી રહ્યા હતા. હે મુને! મહાબલી શંખચૂડ ગોલોકનિવાસી શ્રીકૃષ્ણનો પરમ મિત્ર હતો. સાધુસ્વભાવવાળો તે સદાયે શ્રીકૃષ્ણની ભક્તિમાં નિરત જ રહેતો હતો. પૂર્વપાપવશ એને દાનવની યોનિમાં જન્મ લેવો પડ્યો હતો, પરંતુ દાનવ હોવા છતાં એની બુદ્ધિ દાનવ-જેવી ન હતી.

હે પ્રિય વ્યાસજી! ત્યારપછી જે પરાજિત થઈને રાજ્ય ખોઈ બેઠા હતા એ બધા સુરગણ તથા ઋષિ પરસ્પર મંત્રણા કરીને બ્રહ્માજીની સભામાં ગયા. ત્યાં પહોંચીને એમણે બ્રહ્માજીનાં દર્શન કર્યાં અને એમના ચરણોમાં અભિવાદન કરીને વિશેષરૂપે એમની સ્તુતિ કરી. પછી આકુળતાપૂર્વક પોતાનો આખો વૃત્તાંત એમને - બ્રહ્માને કહી સંભળાવ્યો. ત્યારે બ્રહ્માએ બધા દેવતાઓ તથા મુનિઓને ધીરજ આપી અને એમને સાથે લઈને સતપુરુષોને સુખ આપનારા વૈકુંઠ લોક તરફ ચાલી નીકળ્યા. ત્યાં પહોંચીને દેવગણોસહિત બ્રહ્માએ રમાપતિનાં દર્શન કર્યાં. એમના મસ્તક પર કિરીટ સુશોભિત હતો, કાનમાં કુંડળ ઝગારા મારી રહ્યાં હતાં અને કંઠ વનમાળાથી વિભૂષિત હતો. એ ચતુર્ભુજ દેવે પોતાની ચારે ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કર્યાં હતાં. શ્રીવિગ્રહ પર પીતાંબર શોભી રહ્યો હતો અને સનંદન વગેરે સિદ્ધ એમની સેવામાં નિયુક્ત હતા. આવા સર્વવ્યાપી વિષ્ણુની ઝાંકી કરીને બ્રહ્મા વગેરે દેવતાઓ તથા મુનીશ્વરોએ એમને પ્રણામ કર્યા અને પછી ભક્તિપૂર્વક હાથ જોડીને તે એમની સ્તુતિ કરવા લાગ્યા.

દેવતાઓ બોલ્યા—હે સામર્થ્યશાળી વૈકુંઠાધિપતે! આપ દેવોના પણ દેવ અને લોકોના સ્વામી છો. આપ તો ત્રિલોકીના ગુરુ છો. હે શ્રીહરે! અમે સૌ આપના શરણાપન્ન છીએ, આપ અમારી રક્ષા કરો. સ્વયંના મહિમાથી ક્યારેય ચ્યુત ન થનારા હે ઐશ્વર્યશાળી ત્રિલોકેશ! આપ જ લોકોના પાલક છો. હે ગોવિંદ! લક્ષ્મી આપમાં જ નિવાસ કરે છે અને તમે પોતાના ભક્તોના પ્રાણસ્વરૂપ છો, આપને અમારા નમસ્કાર હો. આ રીતે સ્તુતિ કરીને બધા દેવતા શ્રીહરિ પાસે રડી પડ્યા. એમની વાત સાંભળીને ભગવાન વિષ્ણુએ બ્રહ્માને કહ્યું.

વિષ્ણુ બોલ્યા—હે બ્રહ્મન્! આ વૈકુંઠ યોગીઓ માટે પણ દુર્લભ છે. તમે અહીં શા માટે આવ્યા છો? તમારા પર કયું મોટું કષ્ટ આવી પડ્યું છે? એ યથાર્થરૂપે મારી સામે

વર્ણવો.

**સનત્કુમારજી કહે છે—હે મુને!** શ્રીહરિનું વચન સાંભળીને બ્રહ્માજીએ વિનમ્ર ભાવથી મસ્તક નમાવીને એમને વારંવાર પ્રણામ કર્યા અને અંજલિબદ્ધ થઈને પરમાત્મા વિષ્ણુ સમક્ષ સ્થિત થઈને દેવતાઓના કષ્ટથી સભર શંખચૂડનાં બધાં કરતૂત કહી સંભળાવ્યાં. ત્યારે સમસ્ત પ્રાણીઓના ભાવોના જ્ઞાતા ભગવાન શ્રીહરિ એ વાત સાંભળીને હસી પડ્યા અને બ્રહ્મા પાસે એ રહસ્યનું ઉદ્‌ઘાટન કરતાં બોલ્યા.

**શ્રીભગવાને કહ્યું—હે કમલયોનિ!** હું શંખચૂડનો સમગ્ર વૃત્તાંત જાણું છું. પૂર્વજન્મમાં તે મહાતેજસ્વી ગોપ હતો, જે મારો ભક્ત હતો. હું એના વૃત્તાંતથી સંબંધિત પુરાતન ઇતિહાસનું વર્ણન કરું છું તે સાંભળો. એમાં કોઈ પણ પ્રકારનો સંદેહ ન કરવો જોઈએ. ભગવાન શંકર સૌનું કલ્યાણ કરશે. ગોલોકમાં મારા જ સ્વરૂપે શ્રીકૃષ્ણ રહે છે. એમની સ્ત્રી શ્રીરાધા નામથી વિખ્યાત છે. તે જગતજનની તથા પ્રકૃતિની પાંચમી મૂર્તિ છે. તે જ ત્યાં સુંદરરૂપે વિહાર કરનારાં છે. એમનાં અંગથી ઉદ્‌ભુત ઘણાબધા ગોપ અને ગોપીઓ પણ ત્યાં નિવાસ કરે છે. તે નિત્ય રાધા-કૃષ્ણનું અનુવર્તન કરતાં કરતાં ઉત્તમ ઉત્તમ ક્રીડાઓમાં તત્પર રહે છે. એ જ ગોપ આ સમયે શંભુની આ લીલાથી મોહિત થઈને શાપવશ પોતાને દુઃખ આપનારી દાનવયોનિને પ્રાપ્ત થઈ ગયો છે. શ્રીકૃષ્ણે પહેલાંથી જ રુદ્રના ત્રિશૂળથી એનું મૃત્યુ નિર્ધારિત કરી દીધું છે. આ રીતે એ દાનવ-દેહનો પરિત્યાગ કરીને પુનઃ કૃષ્ણ-પાર્ષદ થઈ જશે. હે દેવેશ! આવું જાણીને તમારે ભયભીત થવાની જરૂર નથી. ચાલો, આપણે બંને શંભુને શરણે જઈએ; તે શીઘ્ર જ કલ્યાણનું વિધાન કરશે. હવે આપણે, તમારે તથા સમસ્ત દેવોએ નિર્ભય થઈ જવું જોઈએ.

**સનત્કુમારજી કહે છે—હે મુને!** આમ કહીને બ્રહ્માસહિત વિષ્ણુ શિવલોક તરફ ચાલ્યા. માર્ગમાં તે મનમાં ને મનમાં ભક્તવત્સલ સર્વેશ્વર શંભુનું સ્મરણ કરી રહ્યા હતા. હે વ્યાસજી! આ રીતે તે રમાપતિ વિષ્ણુ બ્રહ્મા સાથે એ જ સમયે એ શિવલોકમાં જઈ પહોંચ્યા, જે મહાન દિવ્ય, નિરાધાર તથા ભૌતિકતાથી રહિત છે. ત્યાં પહોંચીને એમણે શિવસભાનાં દર્શન કર્યાં. ઊંચી અને ઉત્કૃષ્ટ પ્રભાવશાળી સભા પ્રકાશયુક્ત શરીરવાળા શિવ-પાર્ષદોએ ઘેરાયેલી હોવાને કારણે વિશેષરૂપે શોભિત થઈ રહી હતી. એ પાર્ષદોનું રૂપ સુંદર કાંતિથી યુક્ત મહેશ્વર જેવું હતું. એમને દશ ભુજાઓ હતી. પાંચ મુખ અને ત્રણ નેત્રો હતાં. ગળામાં નીલચિહ્ન તથા શરીરનો વર્ણ અત્યંત ગૌર હતો. એ બધા શ્રેષ્ઠ રત્નોથી યુક્ત રુદ્રાક્ષ અને ભસ્મના આભરણથી વિભૂષિત હતા. તે મનોહર સભા નવીન ચંદ્રમંડળની જેમ આકારવાળી અને ચોખંડી હતી. ઉત્તમ ઉત્તમ મણિઓ તથા હીરાના હારથી તે સજાવેલી હતી. અમૂલ્ય રત્નોના બનેલા કમલ-પત્રોથી સુશોભિત હતી. એમાં મણિઓની જાળી - બારીઓથી યુક્ત ગવાક્ષ (ગોખ) બનેલા હતા, જેથી તે ચિત્રવિચિત્ર દેખાઈ રહ્યા હતા. શંકરની ઇચ્છાથી એમાં પદ્મરાગમણિ જડેલા હતા, જેથી તે બહુ અદ્‌ભુત જેવી જણાતી હતી. તે સ્યમન્તકમણિની બનેલી હતી અને સેંકડો નિસરણીથી યુક્ત હતી. એમાં ચારે બાજુએ ઇન્દ્રનીલમણિના થાંભલા લાગેલા હતા, જેના પર સ્વર્ણસૂત્રથી ગ્રથિત ચંદનનાં સુંદર પલ્લવ લટકી રહ્યાં હતાં, જેથી તે મનને મોહી લેતી હતી. તે સારી પેઠે સંસ્કૃત અને સુગંધિત વાયુથી

સુવાસિત હતી. એક હજાર યોજન વિસ્તારવાળી એ સભા ઘણા બધા સેવક-ચાકરોથી ખચોખચ ભરેલી હતી. એના મધ્યભાગમાં અમૂલ્ય રત્નો દ્વારા નિર્મિત એક વિચિત્ર સિંહાસન હતું, એના ઉપર જ ઉમાસહિત શંકર બિરાજમાન હતા. એમને સુરેશ્વર વિષ્ણુએ જોયા. તે તારાઓથી ઘેરાયેલા ચંદ્રમા સમાન જણાતા હતા. તે કિરીટ, કુંડળ અને રત્નોની માળાઓથી વિભૂષિત હતા. એમનાં બધાં અંગોમાં ભસ્મ લગાડેલી હતી અને એમણે લીલા-કમળ ધારણ કર્યું હતું. મહાન ઉલ્લાસથી સભર એવા ઉમાકાન્તનું મન શાંત અને પ્રસન્ન હતું. દેવી પાર્વતીએ એમને સુવાસિત તાંબૂલ પ્રદાન કર્યું હતું, જેને એ ચાવી રહ્યા હતા. શિવગણ હાથમાં શ્વેત ચામર લઈને પરમ ભક્તિ સાથે એમની સેવા કરી રહ્યા હતા. સિદ્ધ ભક્તિવશ મસ્તક નમાવીને એમના સ્તવનમાં લાગી ગયા હતા. તે ગુણાતીત, પરેશાન, ત્રિદેવોના જનક, સર્વવ્યાપી, નિર્વિકલ્પ, નિરાકાર, સ્વેચ્છાનુસાર સાકાર, કલ્યાણસ્વરૂપ, માયારહિત, અજન્મા, આદ્ય, માયાના અધીશ્વર, પ્રકૃતિ અને પુરુષથી પણ પરાત્પર, સર્વસમર્થ પરિપૂર્ણતમ અને સમતાયુક્ત છે. આવા વિશિષ્ટ ગુણોથી યુક્ત શિવને જોઈને બ્રહ્મા અને વિષ્ણુએ હાથ જોડીને એમને પ્રણામ કર્યા. સ્તુતિ કરવા લાગ્યા. વિવિધ પ્રકારની સ્તુતિ કરીને અંતે એ બોલ્યા – 'હે ભગવન્! તમે દીનો અને અનાથોના સહાયક, દીનોના પ્રતિપાલક, દીનબંધુ, ત્રિલોકીના અધીશ્વર અને શરણાગતવત્સલ છો. હે ગૌરીશ! અમારો ઉદ્ધાર કરો. હે પરમેશ્વર! અમારા પર કૃપા કરો. હે નાથ! અમે તો તમારે જ અધીન છીએ. હવે આપની જેવી ઈચ્છા હોય એવું કરો.

(અધ્યાય ૨૯-૩૦)

*

## દેવતાઓનું રુદ્ર પાસે જઈ પોતાના દુઃખનું નિવેદન કરવું, રુદ્ર દ્વારા એમને આશ્વાસન અને ચિત્રરથને શંખચૂડ પાસે મોકલવો, ચિત્રરથનું પાછું આવવું, રુદ્રના ગણો, પુત્રો અને ભદ્રકાલીસહિત યુદ્ધ માટે પ્રસ્થાન, પેલી બાજુ શંખચૂડનું સેનાસહિત પુષ્પભદ્રાના તટ પર પડાવ અને દાનવરાજના દૂત અને શિવની વાતચીત

**સનત્કુમારજી કહે છે**—હે મુને! ત્યારપછી જે અત્યંત દીન થઈ ગયા હતા એ બ્રહ્મા અને વિષ્ણુનાં વચન સાંભળીને શિવજી મંદ સ્મિત કરવા લાગ્યા અને મેઘગંભીર વાણીમાં ગર્જના કરતાં કરતાં બોલ્યા.

**શિવજીએ કહ્યું**—હે હરે! હે બ્રહ્મન્! તમે લોકો શંખચૂડ દ્વારા ઉત્પન્ન થયેલા ભયને સર્વથા છોડી દો. હું શંખચૂડનો આખો વૃત્તાંત યથાર્થરૂપે જાણું છું. એ પૂર્વજન્મમાં એક ગોપ હતો, જે ઐશ્વર્યશાળી ભગવાન શ્રીકૃષ્ણનો ભક્ત હતો. એનું નામ સુદામા હતું. એ જ સુદામા રાધાજીના શાપથી શંખચૂડ નામનો દાનવરાજ થઈને ઉત્પન્ન થયો છે. એ પરમ ધર્મજ્ઞ અને દેવતાઓના દ્રોહી છે. એ દુર્બુદ્ધિવશ પોતાના

ઉત્કૃષ્ટ બળને ભરોસે સંપૂર્ણ દેવગણોને કલેશ આપી રહ્યો છે. હવે તમે લોકો પ્રેમપૂર્વક મારી વાત સાંભળો અને દેવોને આનંદિત કરવાને માટે શીઘ્ર જ કૈલાસવાસી રુદ્રની સમીપે જાઓ. એ રુદ્રરૂપ મારું જ ઉત્તમ પૂર્ણરૂપ છે. હું જ દેવસિદ્ધિને માટે પૃથક્ સ્વરૂપ ધારણ કરીને ત્યાં પ્રગટ થયો છું. મારું તે રૂપ ઐશ્વર્યશાળી તથા પરિપૂર્ણતમ છે. હે હરે! એટલા માટે હું ભક્તોને વશ થઈને કૈલાસપર્વત પર સદા નિવાસ કરું છું.

ત્યાર પછી કૈલાસ પહોંચીને દેવતાઓએ ભગવાન મહેશની સ્તુતિ કરી અને અંતમાં બોલ્યા – 'હે મહેશન્! તમે તો કૃપાના આકર-સાગર છો. દીનોનો ઉદ્ધાર કરવો એ તો આપની રીત જ છે. હે પ્રભો! દાનવરાજ શંખચૂડનો વધ કરીને ઈન્દ્રને એના ભયથી મુક્ત કરો અને દેવોને આ વિપત્તિથી ઉગારો, બચાવો.' ત્યારે ભક્તવત્સલ શંભુ દેવતાઓની આ પ્રાર્થના સાંભળીને હસ્યા અને મેઘગર્જન જેવી ગંભીર વાણીમાં બોલ્યા.

**શ્રીશંકરે કહ્યું**—હે હરે! હે બ્રહ્મન્! હે દેવગણ! તમે લોકો પોતપોતાને સ્થાને પાછા જતા રહો. હું નિશ્ચય જ સૈનિકોસહિત શંખચૂડનો વધ કરી દઈશ. એમાં જરાય સંશય નથી.

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! મહેશ્વરનાં એ અમૃતસ્રાવી વચન સાંભળીને સંપૂર્ણ દેવતાઓને પરમ આનંદ થયો. એ જ સમયે એમણે માની લીધું કે હવે દાનવ શંખચૂડ માર્યો જ ગયો છે. ત્યારે મહેશ્વરનાં ચરણોમાં પ્રણિપાત કરીને વિષ્ણુ વૈકુંઠમાં ગયા અને બ્રહ્મા સત્યલોકમાં જતા રહ્યા અને સંપૂર્ણ દેવતાઓ પણ પોતપોતાને સ્થાને પ્રસ્થાપિત થયા. આ બાજુ એ મહારુદ્રે, જે પરમેશ્વર, દુષ્ટોને માટે કાલરૂપ અને સત્પુરુષોની ગતિ છે, દેવતાઓની ઈચ્છાથી શંખચૂડના વધનો નિશ્ચય કર્યો. ત્યારે એમણે પ્રસન્નતાપૂર્વક પોતાના પ્રેમી ગંધર્વરાજ ચિત્રરથને દૂત બનાવીને શીઘ્ર જ શંખચૂડ પાસે મોકલ્યો. ચિત્રરથે ત્યાં જઈને શંખચૂડને ખૂબ સમજાવીને કહ્યું, પરંતુ એણે વગર યુદ્ધે દેવતાઓનું રાજ્ય પાછું સોંપવાનું સ્વીકાર્યું નહીં અને બોલ્યો – 'મેં એવો દૃઢ નિશ્ચય કરી લીધો છે કે મહેશ્વરની સાથે યુદ્ધ કર્યા વગર ન તો હું રાજ્ય પાછું આપીશ, અને ન તો અધિકારોને પાછા આપીશ. તું કલ્યાણકર્તા રુદ્ર પાસે પાછો જતો રહે અને મેં કહેલી વાત યથાર્થરૂપે એમને કહી દેજે. એમને જે ઉચિત લાગશે તે કરશે. તું વ્યર્થ બકવાશ ન કર.'

**સનત્કુમારજી કહે છે**—હે મુનિશ્રેષ્ઠ! આવું કહેવાયા પછી તે શિવદૂત પુષ્પદન્ત (ચિત્રરથ) પોતાના સ્વામી મહેશ્વર પાસે પાછો આવ્યો અને એણે બધી વાતો સારીપેઠે કહી દીધી. ત્યારે એ દૂતનાં વચન સાંભળીને દેવતાઓના સ્વામી ભગવાન શંકરને ક્રોધ આવી ગયો. એમણે પોતાના વીરભદ્ર વગેરે ગણોને કહ્યું.

**રુદ્ર બોલ્યા**—હે વીરભદ્ર! હે નંદિન્! હે ક્ષેત્રપાળ, હે આઠેય ભૈરવ! હું શીઘ્ર જ શંખચૂડનો વધ કરવાને નિમિત્તે પ્રસ્થાન કરું છું, તેથી મારી આજ્ઞાથી મારા બધા જ બળશાળી ગણ આયુધોથી કટિબદ્ધ તૈયાર થઈ જાઓ અને હમણાં હમણાં કુમારો (સ્વામીકાર્તિક અને ગણેશ)ની સાથે રણયાત્રા કરો. ભદ્રકાલી પણ પોતાની સેના સાથે યુદ્ધને માટે પ્રસ્થાન કરે.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! આવી

આજ્ઞા આપીને શિવજી પોતાની સેના સાથે ચાલી નીકળ્યા. પછી તો બધા વીરગણ હર્ષમગ્ન થઈને એમની પાછળ પાછળ ચાલવા માંડ્યા. આ જ સમયે સંપૂર્ણ સેનાઓના અધ્યક્ષ સ્કંદ અને ગણેશ પણ હર્ષથી સભર ભર્યા થઈને કવચ ધારણ કરીને સશસ્ત્ર શિવજીની નિકટ આવી પહોંચ્યા. પછી વીરભદ્ર, નન્દી, મહાકાલ, સુભદ્રક, વિશાલાક્ષ, બાણ, પિંગલાક્ષ, વિકંપન, વિરૂપ, વિકૃતિ, મણિભદ્ર, બાષ્કલ, કપિલ, દીર્ઘદંષ્ટ્ર, વિકાર, તામ્રલોચન, કાલંકર, બલીભદ્ર, કાલજિહ્વ, કુટીચર, બલોન્મત્ત, રણશ્લાઘ્ય, દુર્જય તથા દુર્ગમ વગેરે ગણનાયક જે પ્રધાન પ્રધાન સેનાપતિ હતા, શિવજીની સાથે ચાલવા લાગ્યા. એમના ગણોની સંખ્યા કરોડો કરોડોની હતી. આઠેય ભૈરવ, એકાદશ ભયંકર રુદ્ર, આઠેય વસુ, ઈન્દ્ર, બાર આદિત્ય, અગ્નિ, ચંદ્રમા, વિશ્વકર્મા, બંને અશ્વિનીકુમાર, કુબેર, યમ, નિર્ઋતિ, નલકૂબર, વાયુ, વરુણ, બુધ, મંગલ તથા અન્યાન્ય ગ્રહ, પરાક્રમી કામદેવ, ઉગ્રદંષ્ટ્ર, ઉગ્રદંડ, કોરટ તથા કોટભ વગેરેએ પણ મહેશ્વરનું અનુગમન કર્યું. સ્વયં મહેશ્વરી દેવી ભદ્રકાલી પણ સો ભુજા ધારણ કરીને શિવજીની સાથે ચાલ્યાં. તે ઉત્તમોત્તમ રત્નોથી બનેલા વિમાન પર આરૂઢ હતાં. એમના શરીર પર લાલ ચંદનનો અનુલેપ લગાડેલો હતો અને લાલ વસ્ત્ર શોભી રહ્યું હતું. તે હર્ષમગ્ન થઈને હસતાં, નૃત્ય કરતાં અને ઉત્તમ સ્વરથી ગાન કરતાં કરતાં પોતાના ભક્તોને અભય અને શત્રુઓને ભય પ્રદાન કરી રહ્યાં હતાં. એમની એક યોજન લાંબી ભીષણ-આકારવાળી જિહ્વા લપલપતી હતી. તે પોતાના હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, ઢાલ, તલવાર, ધનુષ, બાણ, એક યોજન વિસ્તારવાળું ઊંડું ગોળાકાર ખપ્પર, ગગનચુંબી ત્રિશૂળ, એક યોજન લાંબી શક્તિ, મુદ્ગર, મુસલ, વજ્ર, ખડગ, તીખી નક્કર ઢાલ, વૈષ્ણવાસ્ત્ર, વારુણાસ્ત્ર, વાયવ્યાસ્ત્ર, નાગપાશ, નારાયણાસ્ત્ર, ગંધર્વાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, ગારુડાસ્ત્ર, પર્જન્યાસ્ત્ર, પાશુપતાસ્ત્ર, જૃંભણાસ્ત્ર, પર્વતાસ્ત્ર, મહાન પરાક્રમી સૂર્યાસ્ત્ર, કાલકાલ, મહાનલ, મહેશ્વરાસ્ત્ર, યમદંડાસ્ત્ર, સંમોહનાસ્ત્ર તથા સમર્થ દિવ્ય અસ્ત્ર અને અન્યાન્ય સેંકડો દિવ્યાસ્ત્ર ધારણ કરેલાં હતાં. કરોડો યોગિનીઓ તથા ડાકિનીઓ એમની સાથે હતી. પછી ભૂત, પ્રેત, પિશાચ, કૂષ્માંડ, બ્રહ્મરાક્ષસ, વેતાલ, રાક્ષસ, યક્ષ અને કિન્નર વગેરેથી ઘેરાયેલા સ્કંદે પિતાની પાસે જઈને એ ચંદ્રશેખરને પ્રણામ કર્યા અને એમની આજ્ઞાથી પાર્શ્વભાગમાં – બાજુમાં સ્થિત થઈને સહાયકનું સ્થાન ગ્રહણ કર્યું. ત્યારપછી રુદ્રરૂપધારી શંભુ પોતાની આખી સેનાને એકત્ર કરીને શંખચૂડ સાથે લડી લેવા નિર્ભયતાપૂર્વક આગળ વધ્યા અને દેવતાઓનો ઉદ્ધાર કરવા માટે ચંદ્રભાગા નદીના તટ પર મનોહર વટવૃક્ષ નીચે ઊભા રહી ગયા.

હે વ્યાસજી! પેલી બાજુ જ્યારે શિવદૂત ચાલ્યો ગયો તે પછી પ્રતાપી શંખચૂડે મહેલની અંદર જઈને તુલસીને બધી વાતો કહી સંભળાવી.

શંખચૂડે કહ્યું—'હે દેવી! શંભુના દૂતના મુખે (રણનિમંત્રણ સાંભળીને) હું યુદ્ધને માટે તૈયાર થયો છું અને એમની સાથે ઝૂઝવા માટે હું નક્કી જ જઈશ. તું મને એ માટે આજ્ઞા આપ.' આમ કહીને એ જ્ઞાનીએ પોતાની પ્રિયાને વિવિધ પ્રકારે સમજાવી. પછી બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને પ્રાતઃકર્મ પૂરાં કરીને અને પહેલાં નિત્યકર્મ પૂરાં કરીને ઘણુંબધું દાન આપ્યું.

તત્પશ્ચાત્ પોતાના પુત્રને સંપૂર્ણ દાનવોના રાજ્ય પર અભિષિક્ત કરીને એને પોતાની ભાર્યા, રાજ્ય અને સર્વ સંપત્તિ સમર્પિત કરી દીધી. પુનઃ જ્યારે એની પ્રિયા તુલસી રડતાં રડતાં એની રણયાત્રાનો નિષેધ કરવા લાગી ત્યારે રાજા શંખચૂડે વિવિધ પ્રકારની કથાઓ કહીને એને ધીરજ ધારણ કરવા કહ્યું. ત્યાર બાદ એ સારી રીતે આદર પામેલા દાનવરાજે કવચ ધારણ કરીને યુદ્ધ કરવા માટે તૈયાર થઈને પોતાના વીર સેનાપતિને બોલાવીને આદેશ આપતાં કહ્યું.

**શંખચૂડ બોલ્યો**—હે સેનાપતે! મારા બધા જ વીરો, જે સંપૂર્ણ કાર્યોમાં કુશળ અને સમરમાં શોભા પામનાર, આજે કવચ ધારણ કરો અને યુદ્ધને માટે પ્રસ્થાન કરો. શૂરવીર દાનવો અને દૈત્યોની છ્યાસી ટુકડીઓ અને બળશાળી યોદ્ધાઓની નિર્ભીક સેનાઓ અસ્ત્ર-શસ્ત્રથી સુસજ્જિત થઈને નગરની બહાર પ્રસ્થાન કરો. કરોડો પ્રકારનાં પરાક્રમ પ્રગટ કરનારાં જે અસુરોનાં પચાશ કુલ છે, તે પણ દેવોનાં પક્ષપાતી શંભુ સાથે યુદ્ધ કરવાને માટે પ્રસ્થિત થઈ જાઓ. મારી આજ્ઞાથી ધૌમ્રો (એક વિશેષ જાતિ?)ના સો કુળ પણ કવચથી વિભૂષિત થઈ શંભુ સાથે ટક્કર લેવા શીઘ્ર જ રવાના થાય. કાલકેયો, મૌર્યો, દૌર્હદો તથા કાલકોને પણ મારી આ આજ્ઞા સંભળાવી દો, કે તે રુદ્ર સાથે સંગ્રામ કરવા માટે સામગ્રીથી સુસજ્જ થઈને ચાલે.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! સેનાપતિને આવો આદેશ આપીને અસુરોના રાજા મહાબલી દાનવેન્દ્ર શંખચૂડ સહસ્ર પ્રકારની બહુ મોટી સેનાઓથી ઘેરાયેલો નગરની બહાર નીકળ્યો. એનો સેનાપતિ પણ યુદ્ધશાસ્ત્રમાં નિપુણ, મહારથી, મહાન શૂરવીર અને રણભૂમિમાં રથિઓમાં અગ્રગણ્ય હતો. આ રીતે યુદ્ધ-સ્થળમાં વીરોને ભયભીત કરનારો એ દાનવરાજ ત્રણ લાખ અક્ષૌહિણી સેનાઓ પર શાસન કરતાં કરતાં શિબિરથી બહાર આવ્યો અને ઉત્તમોત્તમ રત્નો દ્વારા નિર્મિત વિમાન પર આરૂઢ થઈને ગુરુજનોને આગળ કરીને યુદ્ધને માટે ચાલવા લાગ્યો. આગળ વધતાં તે પુષ્પભદ્રા નદીના તટ પર સિદ્ધાશ્રમમાં જઈ પહોંચ્યો. ત્યાં એક મનોહર વટવૃક્ષ બિરાજમાન હતું. તે સિદ્ધિક્ષેત્ર સિદ્ધોને ઉત્તમ સિદ્ધિ પ્રદાન કરનારું હતું. પુણ્યક્ષેત્ર ભારતમાં એ કપિલનું તપઃસ્થાન કહેવાતું હતું. એ ભૂ-ભાગ પશ્ચિમ સમુદ્રથી પૂર્વ, મલય પર્વતથી પશ્ચિમે, શ્રી શૈલથી ઉત્તરે અને ગંધમાદનથી દક્ષિણે હતો. એની ચૌડાઈ-પહોળાઈ પાંચ યોજન અને લંબાઈ પાંચ સો યોજન હતી. ભારતના એ ભાગમાં ઉત્તમ પુણ્ય પ્રદાન કરનારી તથા શુદ્ધ સ્ફટિક જેવાં સ્વચ્છ જળથી પરિપૂર્ણ પુષ્પભદ્રા અને સરસ્વતી નામની બે નદીઓ વહેતી હતી. સદાસૌભાગ્ય સંયુક્ત રહેનારી લવણસાગરની પ્રિયા ભાર્યા, પુષ્પભદ્રા સરસ્વતીની સાથે હિમાલયથી નીકળી છે અને ગોમન્ત પર્વતની ડાબી બાજુએથી પશ્ચિમ સમુદ્રમાં જઈ ભળે છે. ત્યાં પહોંચીને શંખચૂડે શિવજીની સેના જોઈ.

હે મુને! એણે પહેલાં શિવજીની પાસે એક દાનવેશ્વરને દૂતરૂપે મોકલ્યો. એણે શિવજીને યુદ્ધ ન કરવા કહ્યું અને શિવજીએ એને દેવતાઓનું રાજ્ય પાછું આપી દેવાનું કહ્યું. અંતમાં મહેશ્વરે કહ્યું – 'હે દૂત! અમે કોઈનો પણ પક્ષ લેતા નથી, કેમકે અમે તો ક્યારેય સ્વતંત્ર રહેતા જ નથી, સદા ભક્તોને અધીન રહીએ છીએ અને

એમની જ ઈચ્છાથી એમનાં જ કાર્ય કરતા રહીએ છીએ. જુઓ, પૂર્વકાળમાં બ્રહ્માજીની પ્રાર્થનાથી પહેલ-વહેલો પ્રલય-સમુદ્રમાં શ્રીહરિ અને દૈત્યશ્રેષ્ઠ મધુ-કૈટભનું પણ યુદ્ધ થયું હતું. પુનઃ ભક્તોના હિતકારી એ જ શ્રીવિષ્ણુએ દેવતાઓની પ્રાર્થના પર પ્રહ્લાદને કારણે હિરણ્યકશિપુનો વધ કર્યો હતો. તમે એ પણ સાંભળ્યું હશે કે પહેલાં મેં જે ત્રિપુરોની સાથે યુદ્ધ કરીને એમને ભસ્મ કરી દીધા હતા, એ પણ દેવોની પ્રાર્થનાને લીધે જ થયું હતું. પૂર્વકાળમાં સર્વેશ્વરી જગતજનનીનું જે શુમ્ભ આદિની સાથે યુદ્ધ થયું હતું અને જેમાં એમણે એ દૈત્યોનો વધ કરી દીધો હતો એ પણ દેવતાઓની પ્રાર્થના દ્વારા જ ઘટિત થયું હતું. એ જ બધા દેવગણ આજે પણ બ્રહ્માને શરણાપન્ન થયા છે. ત્યારે એ દેવતાઓ અને શ્રીહરિની સાથે મારે શરણે આવ્યા હતા. હે દૂત! આ રીતે બ્રહ્મા, વિષ્ણુ અને દેવગણોની પ્રાર્થનાને વશીભૂત થઈને દેવોનો અધીશ્વર હોવાને કારણે જ હું પણ યુદ્ધને માટે જ આવ્યો છું. તમે પણ તો મહાત્મા શ્રીકૃષ્ણના શ્રેષ્ઠ પાર્ષદ છો. અત્યાર સુધીમાં જે દૈત્યો માર્યા ગયા છે, એમાંથી કોઈ પણ તમારી સમાનતા કરી શકતું નથી. એટલા માટે હે રાજન્! દેવકાર્યની સિદ્ધિ માટે તમારી સાથે યુદ્ધ કરવામાં મને કઈ મોટી લજ્જા હશે. અર્થાત્ કશીય નહિ; કેમકે હું ઈશ્વર છું અને દેવતાઓએ મને વિનયપૂર્વક મોકલ્યો છે. માટે તમે જાઓ અને શંખચૂડને મારી વાત કહી દો. એ જે ઉચિત સમજશે એવું જ કરશે. મારે તો દેવતાઓનું કાર્ય કરવું જ છે.' આમ કહીને કલ્યાણકર્તા મહેશ્વર ચૂપ થઈ ગયા. ત્યારે શંખચૂડનો તે દૂત ઊઠ્યો અને એમની પાસે ચાલ્યો ગયો.

(અધ્યાય ૩૧ થી ૩૫)

*

## દેવતાઓ અને દાનવોનું યુદ્ધ, શંખચૂડ સાથે વીરભદ્રનો સંગ્રામ, પુનઃ એની સાથે ભદ્રકાળીનું ભયંકર યુદ્ધ અને આકાશવાણી સાંભળીને નિવૃત્ત થવું, શિવજીનું શંખચૂડ સાથે યુદ્ધ અને આકાશવાણી સાંભળીને યુદ્ધમાંથી નિવૃત્ત થવું અને વિષ્ણુને પ્રેરિત કરવા, વિષ્ણુ દ્વારા કવચ અને તુલસીના શીલનું અપહરણ, પછી રુદ્રના હાથે ત્રિશૂળ દ્વારા શંખચૂડનો વધ, શંખની ઉત્પત્તિનું કથન

**સનત્કુમારજી** કહે છે—હે મહર્ષિ! જ્યારે એ દૂતે શંખચૂડની પાસે જઈને વિસ્તારપૂર્વક શિવજીનાં વચન કહી સંભળાવ્યાં અને તત્ત્વતઃ એમના યથાર્થ નિશ્ચયને પણ પ્રગટ કર્યો, ત્યારે એ સાંભળીને પ્રતાપી દાનવરાજ શંખચૂડે પણ પરમ પ્રસન્નતાપૂર્વક યુદ્ધનો જ અંગીકાર કરી લીધો. પછી તો એ તરત જ મંત્રીઓ સહિત રથ પર જઈ બેઠો અને એણે પોતાની સેનાને શંકર સાથે યુદ્ધ કરવાનો આદેશ આપ્યો. આ બાજુ અખિલેશ્વર શિવજીએ પણ તત્કાળ પોતાની સેનાને અને દેવોને આગેકૂચ કરવાની આજ્ઞા આપી અને સ્વયં પણ લીલાવશ યુદ્ધ કરવા

સંનદ્ધ-તૈયાર થઈ ગયા. પછી તો શીઘ્ર જ યુદ્ધનો આરંભ થઈ ગયો. એ સમયે વિવિધ પ્રકારનાં રણવાદ્યો વાગવા લાગ્યાં. વીરોના શબ્દ અને કોલાહલ ચારેય બાજુ ગુંજી ઊઠ્યો. હે મુને! આ રીતે દેવતાઓ અને દાનવોમાં પરસ્પર યુદ્ધ થવા માંડ્યું. એ સમયે બંને સેનાઓ ધર્મપૂર્વક ઝૂઝવા લાગી. સ્વયં મહેન્દ્ર વૃષપર્વા સાથે લડવા લાગ્યા અને વિપ્રચિત્તિની સાથે સૂર્યનું ધર્મયુદ્ધ થવા લાગ્યું. વિષ્ણુ દમ્ભની સાથે ભીષણ સંગ્રામ કરવા લાગ્યા. કાલાસુર સાથે કાળ, ગોકર્ણ સાથે અગ્નિ, કાલકેય સાથે કુબેર, મય સાથે વિશ્વકર્મા, ભયંકર સાથે મૃત્યુ, સંહાર સાથે યમ, કાલામ્બિકા સાથે વરુણ, ચંચલ સાથે વાયુ, ઘટપૃષ્ઠ સાથે બુધ, રક્તાક્ષ સાથે શનૈશ્ચર, રત્નસાર સાથે જયંત, વર્ચાગણો સાથે વસુગણ, બંને દીપ્તિમાનો સાથે બંને અશ્વિનીકુમારો, ધૂમ્ર સાથે નલકૂબર, ધુરંધર સાથે ધર્મ, ગણકાક્ષ સાથે મંગલ, શોભાકર સાથે વૈશ્વાનર, પિપિટ સાથે મન્મથ, ગોકામુખ, ચૂર્ણ, ખડ્ગ, ધૂમ્ર, સંહલ, પ્રતાપી વિશ્વ અને પલાશ નામના અસુરો સાથે બારેય આદિત્યો ધર્મપૂર્વક ટક્કર લેવા ગયા. આ રીતે શિવજીની સહાયતા માટે આવેલા અમરોનું અસુરોની સાથે યુદ્ધ થવા લાગ્યું. અગિયારેય મહારુદ્રો મહાન બલ-પરાક્રમથી સંપન્ન અગિયાર ભયંકર અસુરવીરો સાથે મચી પડ્યા. ઉગ્ર અને ચંડ વગેરેની સાથે મહામણિ, રાહુની સાથે ચંદ્રમા અને શુક્રાચાર્ય સાથે બૃહસ્પતિ ધર્મયુદ્ધ કરવા લાગ્યા. આ રીતે એ મહાયુદ્ધમાં નંદીશ્વર વગેરે બધા જ શિવગણ શ્રેષ્ઠ દાનવોની સાથે સંગ્રામ કરવા લાગ્યા. વિસ્તારભયથી એનું પૃથક્ વર્ણન કરવામાં આવ્યું નથી. હે મુને! એ સમયે બધી જ સેના નિરંતર યુદ્ધમાં વ્યસ્ત હતી અને શંભુ કાલ્પસુતની સાથે વટવૃક્ષ નીચે બિરાજમાન હતા. પેલી બાજુ શંખચૂડ પણ રત્ન-આભૂષણોથી વિભૂષિત થઈને કરોડો દાનવોની સાથે રત્નસિંહાસન પર બેઠો હતો. પછી દેવતાઓમાં અને અસુરોમાં ચિરકાળ સુધી અત્યંત ભયાનક યુદ્ધ થતું રહ્યું. ત્યાર પછી શંખચૂડ પણ આવીને એ ભીષણ સંગ્રામમાં જોડાઈ ગયો. એ દરમિયાન મહાબલી વીર વીરભદ્ર સમરભૂમિમાં બળશાળી શંખચૂડ સાથે ટક્કર લેવા લાગ્યો. એ યુદ્ધમાં દાનવરાજ જે જે અસ્રોની વર્ષા કરતો હતો, એને વીરભદ્ર રમતાં રમતાં પોતાનાં બાણો વડે કાપી નાખતો હતો.

હે વ્યાસજી! આ જ વખતે દેવી ભદ્રકાલીએ સમરભૂમિમાં જઈને બહુ જ મોટો સિંહનાદ કર્યો. એમની એ ગર્જનાને સાંભળીને જ બધા દાનવો મૂર્ચ્છિત થઈ ગયા. એ સમયે દેવીએ વારંવાર અટ્ટહાસ્ય કર્યું અને મધુપાન કરીને એ રણની મોખરે-મથાળે નૃત્ય કરવા લાગ્યાં. એમની સાથે જ ઉગ્રદંષ્ટ્રા, ઉગ્રદંડા અને કોટવીએ પણ મધુપાન કર્યું તથા અન્યાન્ય દેવીઓ પણ બહુ જ મધુ પીને યુદ્ધસ્થળમાં નૃત્ય કરવાનો આરંભ કર્યો. એ સમયે શિવગણો અને દેવોના દળોમાં મહાન કોલાહલ મચી ગયો. આખો સુર-સમુદાય વિવિધ પ્રકારે ગર્જના કરતાં કરતાં હર્ષમગ્ન બની ગયો. ત્યાર પછી કાલીએ શંખચૂડ પર પ્રલયકાલીન અગ્નિની શિખા સમાન ઉદ્દિપ્ત આગ્નેયાસ્ત્ર છોડ્યું પરંતુ દાનવરાજે એને શીઘ્ર જ વૈષ્ણવાસ્ત્રથી શાંત કરી દીધું. ત્યારે દેવી ભદ્રકાલીએ એના પર નારાયણાસ્ત્રનો પ્રયોગ કર્યો. તે અસ્ત્ર દાનવ-શત્રુને જોઈને વધવા લાગ્યું. ત્યારે પ્રલયાગ્નિની જ્વાળા સમાન ઉદ્દીપ્ત થયેલ નારાયણાસ્ત્રને જોઈને શંખચૂડ દંડની જેમ ભૂમિ પર આળોટી

પડ્યો અને વારંવાર પ્રણામ કરવા લાગ્યો. ત્યારે એ દાનવને નમ્ર બનેલો જોઈને તે અસ્ત્ર નિવૃત્ત થઈ ગયું. ત્યારપછી દેવીએ એના પર મંત્રપૂર્વક બ્રહ્માસ્ત્ર છોડ્યું. એ અસ્ત્રને પ્રજ્વલિત થતું જોઈને દાનવરાજ ભૂમિ પર ઊભો થઈને એને પ્રણામ કરવા લાગ્યો અને બ્રહ્માસ્ત્રથી જ એનું નિવારણ કરી દીધું. ત્યાર બાદ દાનવરાજ કુપિત થઈ ઊઠ્યો અને વેગપૂર્વક પોતાના ધનુષને ખેંચીને દેવી પર મંત્રપાઠ કરતાં કરતાં દિવ્ય અસ્ત્રોની વર્ષા કરવા લાગ્યો. ભદ્રકાલી સમરભૂમિમાં પોતાના વિસ્તૃત મુખને ફેલાવીને એ અસ્ત્રોને ગળી ગયાં અને અટ્ટહાસપૂર્વક ગર્જના કરવા લાગ્યાં, જેથી દાનવો ભયભીત બની ગયા. ત્યારે શંખચૂડે કાલી પર એક સો જોજન લાંબી શક્તિથી પ્રહાર કર્યો, પરંતુ દેવીએ પોતાના દિવ્ય-અસ્ત્રસમૂહથી એના સો ટુકડા કરી દીધા. આમ એ બંનેમાં ચિરકાલ સુધી યુદ્ધ થતું રહ્યું અને બધા દેવતા તથા દાનવ દર્શક બનીને એ યુદ્ધને જોતા જ રહી ગયા. અંતમાં દેવીએ મહાન કોપ-આવેશમાં એના ઉપર વેગપૂર્વક મુષ્ટિ-પ્રહાર કર્યો. એની ચોટથી તે દાનવરાજ ચક્કર ચક્કર ફરવા લાગ્યો અને એ જ ક્ષણે તે મૂર્ચ્છિત થઈ ગયો. પછી ક્ષણભરમાં જ એ ભાનમાં આવી ગયો અને બેઠો થઈ ગયો; પરંતુ એ પ્રતાપીએ માતૃબુદ્ધિ થવાને કારણે દેવીની સાથે બાહુયુદ્ધ ન કર્યું. ત્યારે દેવીએ એ દાનવને પકડીને એને વારંવાર ફેરવ્યો અને બહુ ક્રોધથી વેગપૂર્વક એને ફંગોળી દીધો. પ્રતાપી શંખચૂડ વેગથી ઉપર ફંગોળાયો અને પૃથ્વી પર પડીને પુનઃ બેઠો થઈ ગયો. એ મહાયુદ્ધમાં એ લેશમાત્ર પણ ભ્રાન્ત ન થયો, પરંતુ તેથી ઊલટું તેનું મન પ્રસન્ન હતું. તત્પશ્ચાત્ તે ભદ્રકાલીને પ્રણામ કરીને બહુમૂલ્ય રત્નો દ્વારા નિર્મિત પોતાના પરમ મનોહર વિમાન પર જઈ બેઠો. આ બાજુ કાલિકા ભૂખથી વિહ્વળ થઈને દાનવોનું રક્તપાન કરવા લાગ્યાં. આ જ અવસરે ત્યાં આ પ્રમાણે આકાશવાણી થઈ – 'હે ઈશ્વરિ! હજુ રણભૂમિમાં સિંહનાદ કરનારા દોઢ લાખ દાનવેન્દ્ર હજુ બચીને રહી ગયા છે. એ બધા બહુ ઉદ્ધત છે, તેથી તમે એમને પોતાનો આહાર બનાવી લો. પરંતુ હે દેવી! સંગ્રામમાં દાનવરાજ શંખચૂડને મારવા માટે મનને ન દોડાવો, કેમકે એ તમારે માટે અવધ્ય છે– એવું નક્કી સમજો.' આકાશવાણી દ્વારા કહેલાં વચન સાંભળીને દેવી ભદ્રકાલીએ ઘણા બધા દાનવોનું માંસ ભક્ષણ કર્યું અને એમનું રક્તપાન કર્યું અને પછીથી એ શિવજી પાસે ચાલ્યાં ગયાં. ત્યાં એમણે પૂર્વાપરના ક્રમથી આખું યુદ્ધ-વૃત્તાંત કહી સંભળાવ્યું.

**વ્યાસજીએ પૂછ્યું**—હે મહાબુદ્ધિમાન સનત્કુમારજી! કાલીનું આ કથન સાંભળીને મહેશ્વરે એ સમયે શું કહ્યું અને કયું કાર્ય કર્યું. એનું આ વર્ણન કરવાની કૃપા કરો, કેમકે મારા મનમાં એ સાંભળવાની પ્રબળ ઉત્કંઠા જાગી ઊઠી છે.

**સનત્કુમારજી બોલ્યા**—હે મુને! શંભુ તો જીવોના કલ્યાણકર્તા, પરમેશ્વર અને બહુ લીલાવિહારી છે. તે કાલી દ્વારા કહેલાં વચન સાંભળીને એમને આશ્વાસન આપતાં આપતાં હસવા લાગ્યા. તદનંતર આકાશવાણીને સાંભળીને તત્ત્વજ્ઞાન-વિશારદ સ્વયં શંકર પોતાના ગણો સાથે સમરભૂમિ તરફ ચાલ્યા. એ સમયે એ મહાવૃષભ નંદીશ્વર પર સવાર હતા અને એમના સમાન પરાક્રમી વીરભદ્ર, ભૈરવ અને ક્ષેત્રપાલ

વગેરે એમની સાથે હતા. રણભૂમિમાં પહોંચીને મહેશ્વરે વીરરૂપ ધારણ કર્યું. એ સમયે એ રુદ્રની શોભા ઘણી બધી હતી અને એ મૂર્તિમાન કાળ-શા દેખાઈ રહ્યા હતા. જ્યારે શંખચૂડની દૃષ્ટિ શિવજી પર પડી, ત્યારે એ વિમાનમાંથી નીચે ઊતરી પડ્યો અને પરમ ભક્તિ સાથે દંડની જેમ પૃથ્વી પર આળોટીને મસ્તક નમાવીને શિવજીને પ્રણામ કર્યા. આ રીતે નમસ્કાર કરીને તત્પશ્ચાત્ એ તરત જ પોતાના વિમાન પર જઈને બેસી ગયો અને કવચ ધારણ કરીને એણે ધનુષ-બાણ ઉઠાવ્યાં. પછી તો બંને બાજુથી બાણોની ઝડી લાગી ગઈ. એમનેમ જ વ્યર્થમાં જ બાણવર્ષા કરનારા શિવ અને શંખચૂડનું આ ઉગ્ર યુદ્ધ સેંકડો વર્ષો સુધી ચાલતું રહ્યું. અંતમાં યુદ્ધસ્થળમાં શંખચૂડનો વધ કરવા માટે મહાબલી મહેશ્વરે સહસા પોતાનું તે ત્રિશૂળ ઉઠાવ્યું, જેનું નિવારણ કરવું મોટા મોટા તેજસ્વીઓ માટે પણ અશક્ય છે. ત્યારે તત્કાળ જ એનો નિષેધ કરવા માટે આ પ્રમાણે આકાશવાણી થઈ – 'હે શંકર! મારી પ્રાર્થના સાંભળો અને આ સમયે આ ત્રિશૂળ ન ચલાવશો. હે ઈશ! યદ્યપિ આપ ક્ષણમાત્રમાં પૂરા બ્રહ્માંડનો વિનાશ કરવામાં સર્વથા સમર્થ છો, પછી આ એકલા જ દાનવ શંખચૂડની તો વાત જ શી, તો પણ, આપ જેવા સ્વામી દ્વારા દેવમર્યાદાનો વિનાશ, ભંગ ન થવો જોઈએ. હે મહાદેવ! આપ એ (દેવમર્યાદા) સાંભળો અને એને સત્ય અને સફળ બનાવો. (એ દેવમર્યાદા એ છે કે) જ્યાં સુધી શંખચૂડના હાથમાં શ્રીહરિનું પરમ ઉગ્ર કવચ વર્તમાન રહેશે અને એની પતિવ્રતા પત્ની (તુલસી)નું સતીત્વ અખંડિત રહેશે ત્યાં સુધી જરા અને મૃત્યુ પોતાનો પ્રભાવ એના પર પાથરી શકશે નહિ તેથી હે જગદીશ્વર શંકર! બ્રહ્માના આ વચનને સત્ય કરો.'

ત્યારે સત્પુરુષોના આશ્રય સ્વરૂપ શિવજીએ એ આકાશવાણી સાંભળીને 'તથાસ્તુ' કહીને એનો સ્વીકાર કરી લીધો અને વિષ્ણુને એ કાર્ય માટે પ્રેરિત કર્યા. પછી તો શિવજીની ઈચ્છાથી વિષ્ણુ ત્યાંથી ચાલી નીકળ્યા. એ તો બધા માયાવીઓમાં શ્રેષ્ઠ માયાવી રહ્યા છે, તેથી એમણે એક વૃદ્ધ બ્રાહ્મણનો વેશ ધારણ કર્યો અને શંખચૂડ પાસે જઈને આમ બોલ્યા.

વૃદ્ધ બ્રાહ્મણ બોલ્યા—'હે દાનવેન્દ્ર! આ સમયે હું યાચક થઈને તમારી પાસે આવ્યો છું, તમે મને ભિક્ષા આપો. હે દીનવત્સલ! હમણાં હું મારો મનોરથ પ્રગટ નહીં કરું. (જ્યારે તમે ભિક્ષા આપવાનું સ્વીકાર કરી લેશો, ત્યારે) પછી હું એ બતાવીશ અને તમે એને પૂર્ણ કરજો.' બ્રાહ્મણની વાત સાંભળીને રાજેન્દ્ર શંખચૂડનું મુખ અને એનાં નેત્રો પ્રસન્નતાથી મ્હોરી ઊઠ્યાં. જ્યારે એણે 'ઓમ્' કહીને એનો સ્વીકાર કરી લીધો, ત્યારે બ્રાહ્મણે છળપૂર્વક કહ્યું – 'હું તમારું કવચ ચાહું છું.' આ સાંભળીને ઐશ્વર્યશાળી



દાનવરાજ શંખચૂડે, જે બ્રાહ્મણભક્ત અને સત્યવાદી હતો, તે દિવ્ય કવચ, જે એને પ્રાણ સમાન હતું, બ્રાહ્મણને આપી દીધું. આ રીતે શ્રીહરિએ માયા દ્વારા એની પાસેથી એ કવચ લઈ લીધું અને પછી શંખચૂડનું રૂપ ધારણ કરીને તે તુલસી પાસે પહોંચ્યા. ત્યાં જઈને સર્વના આત્મા અને તુલસીના નિત્ય સ્વામી શ્રીહરિએ શંખચૂડરૂપે એનું – તુલસીનું શીલ હરી લીધું.

આ જ વખતે વિષ્ણુભગવાને શંભુને બધી વાત કહી સંભળાવી. ત્યારે શિવજીએ શંખચૂડના વધ નિમિત્તે પોતાનું ઉદ્દીપ્ત ત્રિશૂળ હાથમાં લીધું. પરમાત્મા શંકરનું એ વિજય નામનું ત્રિશૂળ પોતાની ઉત્કૃષ્ટ પ્રભા પાથરી રહ્યું હતું. એનાથી બધી દિશાઓ, પૃથ્વી અને આકાશ પ્રકાશિત થઈ ગયાં. તે મધ્યાહ્નકાલીન કરોડો સૂર્યો તથા પ્રલયાગ્નિની શિખા સમાન ચમકદાર હતું. એનું નિવારણ અસંભવ હતું. તે દુર્ધર્ષ, ક્યારેય વ્યર્થ ન થનારું અને શત્રુનું સંહારક હતું. તે તેજોનો અત્યંત ઉગ્ર સમૂહ, સંપૂર્ણ શસ્ત્રાસ્ત્રોનું સહાયક, ભયંકર અને બધા દેવતાઓ તથા અસુરો માટે દુસ્સહ હતું. તે એક જ સ્થાન પર એવું દમકી રહ્યું હતું, જાણે લીલાનો આશ્રય લઈને સંપૂર્ણ બ્રહ્માંડનો સંહાર કરવા તૈયાર હોય. એની લંબાઈ એક હજાર ધનુષ અને પહોળાઈ સો હાથ હતી. એ જીવ-બ્રહ્મસ્વરૂપ શૂળનું કોઈ પણ દ્વારા નિર્માણ થયું નહતું. એનું રૂપ નિત્ય હતું. આકાશમાં ચક્કર ચક્કર ફરતું તે ત્રિશૂળ શિવજીની આજ્ઞાથી શંખચૂડ પર પડ્યું અને એણે એ જ ક્ષણે એને રાખની ઢગલી બનાવી દીધો. હે વિપ્ર! મહેશ્વરનું એ શૂળ મન જેટલા વેગવાળું હતું. તે શીઘ્ર જ પોતાનું કાર્ય પૂર્ણ કરીને શંકરની પાસે આવી પહોંચ્યું અને પછી આકાશમાર્ગે ચાલ્યું ગયું. એ સમયે સ્વર્ગમાં દુન્દુભિઓ વાગવા માંડી. ગંધર્વ અને કિન્નર ગાન કરવા લાગ્યા. દેવો તથા મુનિઓએ સ્તુતિ કરવાનો આરંભ કર્યો અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. શિવજીની ઉપર લગાતાર પુષ્પોની વર્ષા થવા લાગી. બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર વગેરે દેવતા તથા મુનિગણ એમની પ્રશંસા કરવા લાગ્યા. દાનવ શંખચૂડ પણ શિવજીની કૃપાથી શાપમુક્ત થઈ ગયો અને એને એના પૂર્વ (શ્રીકૃષ્ણ-પાર્ષદ) રૂપની પ્રાપ્તિ થઈ ગઈ. શંખચૂડનાં હાડકાંમાંથી શંખ-જાતિનો પાદુર્ભાવ થયો, જે શંખનું જળ શંકર સિવાય સમસ્ત દેવતાઓ માટે પ્રશસ્ત મનાયું છે. હે મહામુને! શ્રીહરિ અને લક્ષ્મીને તથા એમના સંબંધીઓને પણ શંખજળ વિશેષરૂપે પ્રિય છે; પરંતુ શંકરને માટે નહીં. આ રીતે શંખચૂડને મારીને શંકર ઉમા, સ્કંદ અને ગણો સાથે પ્રસન્નતાપૂર્વક નન્દીશ્વર પર સવાર થઈને શિવલોક ચાલ્યા ગયા. ભગવાન વિષ્ણુએ વૈકુંઠ માટે પ્રસ્થાન કર્યું અને દેવગણ પરમાનંદમગ્ન થઈને પોતપોતાને લોકે ચાલ્યા ગયા. એ સમયે જગતમાં ચારે બાજુએ પરમ શાંતિ છવાઈ ગઈ હતી. સૌને નિર્વિઘ્ને સુખ મળવા માંડ્યું. આકાશ નિર્મળ થઈ ગયું અને આખી પૃથ્વી પર ઉત્તમ-ઉત્તમ મંગલકાર્ય થવા લાગ્યાં. હે મુને! આ રીતે મેં તમને મહેશનું જે ચરિત્ર કહ્યું છે, વર્ણન કર્યું છે, તે આનંદદાયક, સર્વદુઃખહારી, લક્ષ્મીપ્રદ અને સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરનારું છે.

(અધ્યાય ૩૯-૪૦)

*

# વિષ્ણુ દ્વારા તુલસીના શીલ-હરણનું વર્ણન, કુપિત થયેલી તુલસી દ્વારા વિષ્ણુને શાપ, શંભુ દ્વારા તુલસી અને શાલગ્રામ - શિલાના માહાત્મ્યનું વર્ણન

પછી વ્યાસજીના પૂછવા પર **સનત્કુમારજીએ કહ્યું**—હે મહર્ષે! રણભૂમિમાં આકાશવાણી સાંભળીને જ્યારે દેવેશ્વર શંભુએ શ્રીહરિને પ્રેરિત કર્યા, ત્યારે તે તરત જ પોતાની માયાથી બ્રાહ્મણનો વેશ ધારણ કરીને શંખચૂડ પાસે ગયા અને એમણે એની પાસેથી પરમોત્કૃષ્ટ કવચ માગી લીધું. પછી શંખચૂડનું રૂપ બનાવીને તે તુલસીના ઘર તરફ ચાલ્યા. ત્યાં પહોંચીને એમણે તુલસીના મહેલને દ્વાર પાસે નગારાં વગાડ્યાં અને જયજયકારથી સુંદરી તુલસીને પોતાના આગમનની સૂચના આપી. એ સાંભળીને સતી-સાધ્વી ખૂબ આદર સાથે ઝરોખા દ્વારા રાજમાર્ગ તરફ જોવા લાગી અને પોતાના પતિને આવ્યા જાણી તે પરમાનંદમાં મગ્ન થઈ ગઈ. એણે તત્કાળ બ્રાહ્મણોને ધન-દાન કરીને એમની પાસે મંગલાચાર કરાવ્યો અને પછી પોતાનો શણગાર કર્યો. આ બાજુ દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવા માટે માયાથી શંખચૂડનું સ્વરૂપ ધારણ કરનારા ભગવાન વિષ્ણુ રથથી ઊતરીને દેવી તુલસીને ભવને ગયા. તુલસીએ પતિરૂપમાં આવેલા ભગવાનનું પૂજન કર્યું, ઘણીબધી વાતો કરી, ત્યારબાદ એમની સાથે રમણ કર્યું. ત્યારે એ સાધ્વીએ સુખ, સામર્થ્ય અને આકર્ષણમાં વ્યતિક્રમ-ઊલટો ક્રમ જોઈને સર્વ પર વિચાર કર્યો અને (સંદેહ ઉત્પન્ન થવાથી) તે 'તું કોણ છે!' એમ ધમકાવતાં, વઢતાં બોલી.

**તુલસીએ કહ્યું**—હે દુષ્ટ! મને શીઘ્ર જ કહે કે માયા દ્વારા મારો ઉપભોગ કરનાર તું કોણ છે? તે મારું સતીત્વ નષ્ટ કરી દીધું છે, તેથી હું હમણાં જ તને શાપ આપું છું.

**સનત્કુમારજી કહે છે**—હે બ્રહ્મન્! તુલસીનું વચન સાંભળીને શ્રીહરિએ લીલાપૂર્વક પોતાની પરમ મનોહર મૂર્તિ ધારણ કરી લીધી. ત્યારે એ રૂપને જોઈને તુલસીએ લક્ષણોથી ઓળખી લીધું કે આ સાક્ષાત્ વિષ્ણુ છે, પરંતુ એનું પાતિવ્રત્ય તો નષ્ટ થઈ ચૂક્યું હતું, એટલે કુપિત થઈને વિષ્ણુને કહેવા લાગી.

**તુલસીએ કહ્યું**—હે વિષ્ણો! તમારું મન પથ્થરની જેમ કઠોર છે. તમારામાં દયાનો લેશમાત્ર પણ નથી. મારા પતિધર્મનો ભંગ થઈ જવાથી નિશ્ચય જ મારા સ્વામી માર્યા ગયા. કેમકે તમે પાષાણની જેમ કઠોર, દયારહિત અને દુષ્ટ છો, એટલા માટે હવે તમે મારા શાપથી પાષાણ-સ્વરૂપ જ થઈ જાઓ.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! આમ કહીને શંખચૂડની તે સતી-સાધ્વી પત્ની તુલસી હૈયાફાટ રુદન કરવા લાગી અને શોકાર્ત થઈને બહુ જ વિલાપ કરવા લાગી. એટલામાં ત્યાં ભક્તવત્સલ ભગવાન શંકર ત્યાં પ્રગટ થઈ ગયા અને એમણ સમજાવીને કહ્યું – 'હે દેવી! હવે તું દુઃખને દૂર કરનારી મારી વાત સાંભળ. શ્રીહરિ પણ સ્વસ્થ મનથી સાંભળે, કેમકે તમને બંનેને જે સુખકારક હશે, તે જ હું કહીશ. હે ભદ્રે! તમે (જે મનોરથને લઈને) તપ કર્યું હતું, એ તપસ્યાનું ફળ છે. ભલા, તે અન્યથા કેવી રીતે થઈ શકે? એટલા માટે તમને એને અનુરૂપ

જ ફુલ પ્રાપ્ત થયું છે. હવે તમે આ શરીરનો ત્યાગ કરીને દિવ્ય દેહ ધારણ કરી લો અને લક્ષ્મીની જેમ થઈને નિત્ય શ્રીહરિ સાથે (વૈકુંઠમાં) વિહાર કરતાં રહો. તમારું આ શરીર, જેને તમે છોડી દેશો, નદી રૂપે પરિવર્તિત થઈ જશે. એ નદી ભારતવર્ષમાં પુણ્યરૂપા ગંડકી નામે પ્રસિદ્ધ થશે. હે મહાદેવી! થોડા સમય પછી મારા વરદાનના પ્રભાવથી દેવપૂજન-સામગ્રીમાં તુલસીનું પ્રધાન સ્થાન થઈ જશે. હે સુંદરી! તમે સ્વર્ગલોકમાં, મૃત્યુલોકમાં અને પાતાળમાં સદાયે શ્રીહરિની સાથે જ નિવાસ કરશો અને પુષ્પોમાં શ્રેષ્ઠ તુલસી વૃક્ષ થઈ જશો. તમે વૈકુંઠ લોકમાં દિવ્યરૂપ ધારિણી વૃક્ષાધિષ્ઠાત્રી દેવી બનીને સદા એકાંતમાં શ્રીહરિ સાથે ક્રીડા કરશો. પેલી બાજુ ભારતવર્ષમાં જે નદીઓની અધિષ્ઠાત્રી દેવી હશે, તે પરમ પુણ્ય પ્રદાન કરનારી થશે અને શ્રીહરિના અંશભૂત લવણસાગરની પત્ની બનશે તથા શ્રીહરિ પણ તમારા શાપવશ પથ્થરરૂપે ભારતમાં ગંડકી નદીના જલ પાસે નિવાસ કરશે. ત્યાં તીક્ષ્ણ દાઢવાળા કરોડો ભયંકર કીડા એ પથ્થરને કાપીને એની મધ્યમાં ચક્રનો આકાર બનાવશે. એ ભેદે કરીને તે અત્યંત પુણ્ય પ્રદાન કરનારી શાલગ્રામશિલા કહેવાશે અને ચક્રના ભેદથી એનું લક્ષ્મીનારાયણ વગેરે પણ નામ હશે. વિષ્ણુની શાલગ્રામશિલા અને વૃક્ષરૂપિણી તુલસીનો સમાગમ સદા અનુકૂળ તથા બહુ પ્રકારે પુણ્યોની વૃદ્ધિ કરનાર થશે. હે ભદ્રે! જે શાલગ્રામશિલા ઉપરથી તુલસીપત્ર દૂર કરશે, એને જન્માંતરમાં સ્ત્રીવિયોગની પ્રાપ્તિ થશે અને જે શંખને દૂર કરીને તુલસીપત્રને હટાવશે તે પણ ભાર્યાહીન થશે અને સાત જન્મ સુધી રોગી બન્યો રહેશે. જે મહાજ્ઞાની પુરુષ શાલગ્રામશિલા, તુલસી અને શંખને એકત્ર રાખીને એમની રક્ષા કરશે, તે શ્રીહરિને ખૂબ વ્હાલો લાગશે.

**સનત્કુમારજી** કહે છે—હે વ્યાસજી! આ રીતે કહીને શંકરજીએ એ સમયે શાલગ્રામશિલા અને તુલસીના પરમ પુણ્યદાયક માહાત્મ્યનું વર્ણન કર્યું. ત્યાર પછી શ્રીહરિને તથા તુલસીને આનંદિત કરીને અંતર્ધાન થઈ ગયા. આ રીતે સદા સત્પુરુષોનું કલ્યાણ કરનારા શંભુ પોતાને સ્થાને ચાલ્યા ગયા. પેલી બાજુ શંકરનું કથન સાંભળીને તુલસીને ખૂબ પ્રસન્નતા થઈ. એમણે પોતાના એ શરીરનો પરિત્યાગ કરીને દિવ્યરૂપ ધારણ કરી લીધું, ત્યારે કમલાપતિ વિષ્ણુ એમને સાથે લઈને વૈકુંઠમાં ચાલ્યા ગયા. એનું પરિત્યક્ત શરીરથી ગંડકી નદી પ્રગટ થઈ ગઈ અને ભગવાન અચ્યુત પણ એના તટ પર મનુષ્યોને પુણ્ય પ્રદાન કરનાર શિલારૂપે પરિણત થઈ ગયા. હે મુને! એમાં કીડા અનેક પ્રકારનાં છિદ્ર બનાવતા રહ્યા છે. એમાં જે શિલાઓ ગંડકીના પાણીમાં પડે છે, એ પરમ પુણ્યપ્રદ અને જે સ્થળ ઉપર જ રહી જાય છે, એને પિંગલા કહે છે અને એ પ્રાણીઓ માટે સંતાપકારક હોય છે. હે વ્યાસજી! આ રીતે તમારા પ્રશ્ન અનુસાર મેં શંભુના આખા ચરિતને, જે પુણ્યપ્રદાન તથા મનુષ્યની સર્વ મંગલકામનાઓ પૂર્ણ કરનાર છે, તમને સંભળાવ્યું. આ પુણ્ય આખ્યાન, જે વિષ્ણુના માહાત્મ્યથી સંયુક્ત તથા ભોગ અને મોક્ષ પ્રદાતા છે તેનું વર્ણન તમારી સમક્ષ કર્યું છે. હવે વધારે શું સાંભળવા ચાહો છો?

(અધ્યાય ૪૧)

*

## ઉમા દ્વારા શંભુનાં નેત્ર ઢંકાઈ જવાથી અંધકારમાં શંભુના પરસેવાથી અંધકાસુરની ઉત્પત્તિ, હિરણ્યાક્ષની પુત્રપ્રાપ્તિ અર્થે તપસ્યા અને શિવનું એને પુત્રરૂપે અંધકનું આપવું, હિરણ્યાક્ષ ત્રિલોકીને જીતીને પૃથ્વીને રસાતલમાં લઈ જાય છે અને વરાહરૂપ ધારી વિષ્ણુ દ્વારા એનો વધ

**સનત્કુમારજી કહે છે**—હે વ્યાસજી! હવે જે રીતે અંધકાસુરે પરમાત્મા શંભુના ગણાધ્યક્ષ-પદને પ્રાપ્ત કર્યું હતું, મહેશ્વરના એ મંગલમય ચરિતનું શ્રવણ કરો. હે મુનીશ્વર! અંધકાસુરે પહેલાં શિવજીની સાથે બહુ મોટો ઘોર સંગ્રામ કર્યો હતો, પરંતુ પછી વારંવાર સાત્ત્વિક ભાવના ઉદ્રેકથી એણે શંભુને પ્રસન્ન કરી લીધા; કેમકે વિવિધ પ્રકારની લીલા કરનારા શંભુ શરણાગતરક્ષક તથા પરમ ભક્તવત્સલ છે. એમનું માહાત્મ્ય પરમ અદ્ભુત છે.

**વ્યાસજીએ પૂછ્યું**—હે ઐશ્વર્યશાળી મુનિવર! તે અંધક કોણ હતો? ભૂતલ પર કયા વીર્યવાન કુળમાં તે ઉત્પન્ન થયો હતો? દૈત્યોમાં પ્રધાન તથા મહામનસ્વી એ બળવાન અંધકનું સ્વરૂપ કેવું હતું અને એ કોનો પુત્ર હતો? એણે પરમ તેજસ્વી શંભુની ગણાધ્યક્ષતા કેવી રીતે પ્રાપ્ત કરી? જો અંધક ગણેશ્વર થઈ ગયો તો તે પરમ ધન્યવાદને પાત્ર છે.

**સનત્કુમારજીએ કહ્યું**—હે મુને! પૂર્વકાળની વાત છે, એક સમયે ભક્તો પર કૃપા કરનારા તથા દેવતાઓમાં ચક્રવર્તી સમ્રાટ ભગવાન શંકરને વિહાર કરવાની ઈચ્છા થઈ ત્યારે તે પાર્વતી અને ગણોને સાથે લઈને પોતાના નિવાસભૂત કૈલાસ પર્વત પરથી ચાલીને કાશીપુરમાં આવ્યા. ત્યાં એમણે એ પુરીને પોતાની રાજધાની બનાવી અને ભૈરવ નામના વીરને એનો રક્ષક નિયુક્ત કરી દીધો. પછી પાર્વતીજી સાથે રહેતાં રહેતાં એ ભક્તજનોને સુખ આપનારી અનેક પ્રકારની લીલાઓ કરવા લાગ્યા. એક સમયે તે એના વરદાનના પ્રભાવવશ અનેક વીરાગ્રગણ્ય ગણેશ્વરો અને શિવા સાથે મંદરાચલ પર ગયા. ત્યાં પણ વિવિધ પ્રકારની ક્રીડાઓ કરવા લાગ્યા. એક દિવસ જ્યારે પ્રચંડ પરાક્રમી કપર્દી શિવ મંદરાચલની પૂર્વ દિશામાં બેઠા હતા, એ સમયે ગિરિજાએ નર્મક્રીડાવશ એમનાં નેત્રો બંધ કરી દીધાં. આ રીતે જ્યારે પાર્વતીએ મૂંગા, સોનું અને કમળના પ્રભાવવાળા પોતાના કરકમળોથી હરનાં નેત્ર ઢાંકી દીધાં, ત્યારે એમનાં નેત્રો બંધ થઈ જવાને કારણે ત્યાં ક્ષણભરમાં જ ઘોર અંધકાર ફેલાઈ ગયો. પાર્વતીના હાથનો મહેશ્વરના શરીરને સ્પર્શ થતાં જ શંભુના લલાટમાં સ્થિત અગ્નિથી સંતપ્ત થઈને મદ-જલ પ્રગટ થઈ ગયું અને જલનાં થોડાં ઘણાં બિંદુઓ ટપકી પડ્યાં. ત્યારબાદ એ બિંદુઓએ એક ગર્ભનું રૂપ ધારણ કરી લીધું. એનાથી એક એવો જીવ પેદા થયો, જેનું મુખ વિકરાળ હતું. તે અત્યંત ભયંકર, ક્રોધી, કૃતઘ્ન, અંધ, કુરૂપ, જટાધારી, કાળા રંગનો, મનુષ્યથી ભિન્ન, બેડોળ અને સુંદર વાળ ધરાવતો હતો. એના કંઠથી ઘોર ઘર-ઘર અવાજ પેદા થઈ રહ્યો હતો. તે ક્યારેક ગાતો, ક્યારેક હસતો અને ક્યારેક રડતો હતો અને એનાં જડબાં ચાટતાં ચાટતાં નાચી રહ્યો હતો. એ અદ્ભુત દૃશ્યવાળા જીવના પ્રાગટ્યથી શિવજી મંદસ્મિત કરીને

પાર્વતીજીને કહેવા લાગ્યા.

**શ્રીમહેશ્વરે કહ્યું**—'હે પ્રિયે! મારાં નેત્રોને ઢાંકીને તમે જ તો આ કર્મ કર્યું છે, પછી તમે એનાથી ડરી શા માટે રહ્યાં છો?' શંકરજીનાં એ વચન સાંભળીને ગૌરી હસી પડ્યાં અને એમનાં નેત્રો પરથી એમણે પોતાના હાથ હટાવી લીધા. પછી તો ત્યાં પ્રકાશ છવાઈ ગયો, પરંતુ એ પ્રાણીનું રૂપ ભયંકર જ રહ્યું અને અંધકારથી ઉત્પન્ન થયો હોવાને કારણે એ અંધ પણ હતો. ત્યારે આવા પ્રાણીને પ્રગટ થયેલું જોઈને ગૌરીએ મહેશ્વરને પૂછ્યું.

**ગૌરીએ કહ્યું**—હે ભગવન્! મને સાચ્ચેસાચું કહો કે આપણી સામે પ્રગટ થયેલ આ બેડોળ પ્રાણી કોણ છે. એ તો અત્યંત ભયંકર છે. કયા નિમિત્તે કોણે આનું નિર્માણ કર્યું અને આ કોનો પુત્ર છે?

**સનત્કુમારજી કહે છે**—હે મહર્ષે! જ્યારે લીલા રચનારાં તથા ત્રણે લોકોનાં જનની ગૌરીએ સૃષ્ટિકર્તાની એ અંધસૃષ્ટિના વિષયે આમ પ્રશ્ન કર્યો, ત્યારે લીલા-વિહારી ભગવાન શંકરજી પોતાની પ્રિયાનું એ વચન સાંભળીને થોડું હસ્યા અને આ પ્રકારે બોલ્યા.

**મહેશ્વરે કહ્યું**—હે અદ્ભુત ચરિત્ર રચનારાં અંબિકે! સાંભળો. જ્યારે તમે મારાં નેત્રો ઢાંકી દીધાં હતાં, એ જ સમયે આ અદ્ભુત અને પ્રચંડ પરાક્રમી પ્રાણી મારા પરસેવાથી પ્રગટ થયું. એનું નામ અંધક છે. તમે જ એને પ્રગટ કરનારાં છો, તેથી સખીઓ સહિત તમે કરુણાપૂર્વક એની ગણોથી યથાયોગ્ય રક્ષા કરતાં રહેવું જોઈએ. હે આર્યે, આ રીતે બુદ્ધિપૂર્વક વિચાર કરીને જ તમારે બધાં કાર્યો કરવાં જોઈએ.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! પોતાના સ્વામીનાં આવાં વચન સાંભળીને ગૌરીનું હૃદય કરુણાર્દ્ર થઈ ગયું. એ પોતાની સખીઓ સહિત અંધકની પોતાના પુત્રની જેમ વિવિધ પ્રકારના ઉપાયો દ્વારા રક્ષા કરવા લાગ્યાં. ત્યારબાદ શિશિર ઋતુ આવતાં દૈત્ય હિરણ્યાક્ષ પુત્રની કામનાથી એ જ વનમાં આવ્યો, કેમકે એની પત્નીએ એના મોટા બંધુની સંતાન-પરંપરા જોઈને એને સંતાન-અર્થે તપશ્ચર્યા માટે પ્રેરિત કર્યો હતો. ત્યાં તે કશ્યપનંદન હિરણ્યાક્ષ વનનો આશ્રય લઈને પુત્રપ્રાપ્તિ માટે ઘોર તપ કરવા લાગ્યો. એના મનમાં મહેશ્વરનાં દર્શનની ઈચ્છા હતી, તેથી તે ક્રોધ વગેરે દોષોને કાબૂમાં કરીને ઠૂંઠાની જેમ નિશ્ચલ થઈને સમાધિસ્થ થઈ ગયો. હે દ્વિજેન્દ્ર! ત્યારે જેની ધજામાં વૃષનું ચિહ્ન વર્તમાન છે તથા જે પિનાક ધારણ કરનારા છે, એ મહેશ એની તપસ્યાથી પૂર્ણતયા પ્રસન્ન થઈને એને વરદાન આપવા માટે ચાલ્યા અને એ સ્થળ પર જઈને હિરણ્યાક્ષને કહેવા લાગ્યા.

**મહેશ્વરે કહ્યું**—હે દૈત્યનાથ! હવે તું પોતાની ઈન્દ્રિયોનો વિનાશ ન કર. શા માટે તેં આ વ્રતનો આશ્રય લીધો છે? તું પોતાનો મનોરથ તો પ્રગટ કર. હું વરદાન દેનાર શંકર છું, તેથી તારી જે અભિલાષા હશે, એ સર્વ હું તને પ્રદાન કરીશ.

**સનત્કુમારજી કહે છે**—હે મહર્ષે! મહેશ્વરનાં એ સરસ વચન સાંભળીને દૈત્યરાજ હિરણ્યાક્ષ પરમ પ્રસન્ન થયો. એણે ગિરીશનાં ચરણોમાં નમસ્કાર કરીને અનેક પ્રકારની સ્તુતિ કરી, પછી તે અંજલિબદ્ધ થઈને માથું નમાવીને કહેવા લાગ્યો.

**હિરણ્યાક્ષે કહ્યું**—હે ચંદ્રભાલ! મારે ઉત્તમ પરાક્રમ સંપન્ન તથા દૈત્યકુળને અનુરૂપ કોઈ પુત્ર નથી, એટલા માટે મેં આ વ્રતનું અનુષ્ઠાન કર્યું છે, હે દેવેશ! મારે પરમ બળશાળી પુત્ર

જોઈએ છે તે આપો.

**સનત્કુમારજી કહે છે**—હે મુને! દૈત્યરાજનાં આ વચન સાંભળીને પરમ કૃપાળુ શંકર પ્રસન્ન થઈ ગયા અને એને કહેવા લાગ્યા – 'હે દૈત્યાધિપ! તારા ભાગ્યમાં તારા વીર્યથી ઉત્પન્ન થનાર પુત્ર તો નથી લખાયો, પરંતુ હું તને એક પુત્ર આપું છું. મારો એક પુત્ર છે, જેનું નામ અંધક છે. એ તારા જેવો જ પરાક્રમી અને અજેય છે. તું સંપૂર્ણ દુઃખોનો ત્યાગ કરીને એને જ પુત્રરૂપે પસંદ કરી લે અને આ પ્રકારે પુત્ર પ્રાપ્ત કરી લે.'

**સનત્કુમારજી કહે છે**—હે મહર્ષે! એને આમ કહીને ગૌરીની સાથે બિરાજમાન એ મહાત્મા ભૂતનાથ ત્રિપુરારિ શંકરે પ્રસન્ન થઈને હિરણ્યાક્ષને તે પુત્ર આપી દીધો. આ પ્રકારે શિવજી પાસેથી પુત્ર પ્રાપ્ત કરીને તે મહામનસ્વી દૈત્ય પરમ પ્રસન્ન થયો. એણે અનેકો સ્તોત્રો દ્વારા રુદ્રની પૂજા કરીને પ્રદક્ષિણા કરી અને પછી



તે પોતાના રાજ્યમાં ચાલ્યો ગયો. ગિરીશ પાસેથી પુત્ર પ્રાપ્ત કરી લીધા બાદ તે પ્રચંડ પરાક્રમી દૈત્ય સંપૂર્ણ દેવતાઓને જીતીને આ પૃથ્વીને પોતાના દેશ રસાતલમાં ઉઠાવીને લઈ ગયો. ત્યારે દેવતાઓ, મુનિઓ અને સિદ્ધોએ અત્યંત પરાક્રમી વિષ્ણુની આરાધના કરી. પછી તો ભગવાન વિષ્ણુ સર્વાત્મક યજ્ઞમય વિકરાળ વારાહમય શરીર ધારણ કરીને લાંબા મુખથી અનેક પ્રકારે પૃથ્વીને વિદીર્ણ કરીને પાતાલ લોકમાં ઘૂસી ગયા. ત્યાં એમણે પોતાની અતૂટ આગલી દાઢથી તથા લાંબા મુખથી સેંકડો દૈત્યોનું કચુંબર કરીને પોતાના વ્રજ જેવા કઠોર પાદપ્રહારોથી નિશાચરોની સેનાને ધમરોળી નાખી. ત્યાર પછી અદ્ભુત અને પ્રચંડ તેજસ્વી વિષ્ણુએ કરોડો સૂર્યો સમાન પ્રકાશમાન સુદર્શન ચક્રથી હિરણ્યાક્ષના પ્રજ્વલિત મસ્તકને કાપી લીધું અને દુષ્ટ દૈત્યોને સળગાવીને ભસ્મ કરી દીધા. આ જોઈને દેવરાજ ઈન્દ્રને ખૂબ જ પ્રસન્નતા થઈ. એમણે એ અસુર રાજ્ય પર અંધકને અભિષિક્ત કરી દીધો. પછી મહાત્મા ઈન્દ્ર વિષ્ણુને પોતાની દાઢો દ્વારા પાતાલલોકથી પૃથ્વીને લાવતાં જોઈને પરમ પ્રસન્ન થયા અને પોતાના સ્થાન પર આવીને પૂર્વવત્ સ્વર્ગ અને ભૂતલની રક્ષા કરવા લાગ્યા. આ બાજુ વારાહરૂપ ધારણ કરીને ઉત્તમ કાર્ય કરનારા ઉગ્રરૂપધારી શ્રીહરિ પ્રસન્નચિત્ત થઈને સમસ્ત દેવો, મુનિઓ અને પદ્મયોનિ બ્રહ્મા દ્વારા પ્રશંસિત થઈને પોતાને લોક ચાલ્યા ગયા. આ રીતે વારાહરૂપધારી વિષ્ણુ દ્વારા અસુરરાજ હિરણ્યાક્ષના માર્યા જવાથી સમસ્ત દેવ, મુનિ તથા અન્યાન્ય બધા જ જીવ સુખી થઈ ગયા.

(અધ્યાય ૪૨)

*

# હિરણ્યકશિપુની તપસ્યા અને બ્રહ્માજી પાસેથી વરદાન મેળવીને એનો અત્યાચાર, નૃસિંહ દ્વારા એનો વધ અને પ્રહ્લાદને રાજ્યપ્રાપ્તિ

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! આ બાજુ વરાહરૂપધારી શ્રીહરિ દ્વારા આ પ્રકારે ભાઈના માર્યા જવાથી હિરણ્યકશિપુ શોક અને ક્રોધથી રાતો-પીળો થઈ ગયો. શ્રીહરિ સાથે વેર કરવાનું તો એનો રુચતું જ હતું, તેથી એણે સંહારપ્રેમી વીર અસુરોને પ્રજાનો વિનાશ કરવાની આજ્ઞા આપી દીધી. ત્યારે તે સંહારપ્રિય અસુર સ્વામીની આજ્ઞાને માથે ચઢાવીને દેવતાઓ તથા પ્રજાઓનો વિનાશ કરવા લાગ્યા. આ રીતે જ્યારે એ દુષ્ટચિત્તવાળા અસુરો દ્વારા આખો દેવલોક છિન્નભિન્ન કરી દીધો, ત્યારે દેવતાઓ સ્વર્ગ છોડીને ગુપ્તરૂપે ભૂતલ પર વિચરણ કરવા લાગ્યા. પેલી બાજુ ભાઈના મૃત્યુથી દુઃખી થયેલ હિરણ્યકશિપુએ ભાઈને જલ-અંજલિ આપીને એની સ્ત્રી વગેરેને ધૈર્ય ધારણ કરવા કહ્યું. તત્પશ્ચાત્ એ દૈત્યરાજે પોતાને માટે વિચાર કર્યો કે 'હું અજેય, અજર અને અમર થઈ જાઉં. મારું જ એકછત્ર સામાન્ય રહે અને મોટો પ્રતિદ્વન્દ્વી કોઈ જ ન રહી જાય.' આવી ધારણા બનાવીને તે મંદરાચલ પર ગયો અને ત્યાં એક ગુફામાં અત્યંત ઘોર તપસ્યા કરવા લાગ્યો. એ સમયે એ એક પગના અંગૂઠા પર ઊભો હતો. એની ભુજાઓ ઉપર ઊઠેલી હતી. એની દૃષ્ટિ આકાશ તરફ હતી. એની તપસ્યાથી સંતપ્ત થઈને દેવતાઓનાં મુખ વિકૃત થઈ ગયાં, તે સ્વર્ગને છોડીને બ્રહ્મલોકમાં જઈ પહોંચ્યા અને એમણે બ્રહ્માને પોતાનાં દુખડાં કહી સંભળાવ્યાં. હે વ્યાસજી! એ દેવતાઓનું આ પ્રકારે કહેવાથી સ્વયંભૂ બ્રહ્મા, ભૃગુ, દક્ષ વગેરેની સાથે એ દૈત્યેશ્વરના આશ્રમે ગયા. ત્યારે જેણે પોતાના તપથી સંપૂર્ણ લોકોને સંતપ્ત કરી દીધા હતા. એ હિરણ્યકશિપુએ વરદાન દેવા માટે આવેલા પદ્મયોનિ બ્રહ્માને પોતાની સામે ઉપસ્થિત જોયા. આ બાજુ પિતામહે એને કહ્યું – 'વરદાન માગ! ત્યારે જેની બુદ્ધિ મોહિત થયેલી ન હતી એવા અસુરે વિધાતાની એ મધુર વાણીને સાંભળીને આ પ્રકારે કહ્યું.

હિરણ્યકશિપુ બોલ્યો—હે ઐશ્વર્યશાળી પ્રજાપતિ, હે પિતામહ! હું ચાહું છું કે સ્વર્ગમાં, ભૂતલ પર, દિવસે, રાતે, ઉપર અથવા નીચે - ક્યાંય પણ શસ્ત્ર, અસ્ત્ર, પાશ, વજ્ર, શુષ્ક વૃક્ષ, પર્વત, જલ, અગ્નિરૂપે, શત્રુના પ્રહારથી, દેવતા, દૈત્ય, મુનિ, સિદ્ધ અથવા વધારે તો શું પણ આપ દ્વારા રચાયેલા જીવોના હાથે મને ક્યારેય પણ મૃત્યુનો ભય ન થાય.

સનત્કુમારજી કહે છે—હે મુને! હિરણ્યકશિપુનાં આવાં વચન સાંભળીને પદ્મયોનિ બ્રહ્માના મનમાં દયાનો ભાવ જાગી ઊઠ્યો. એમણે મનમાં ને મનમાં વિષ્ણુને પ્રણામ કરીને એને કહ્યું – 'હે દૈત્યેન્દ્ર! હું તારા પર પ્રસન્ન છું, તેથી તને બધી વસ્તુઓ પ્રાપ્ત થશે. તેં છન્નુ હજાર વર્ષ સુધી તપ કર્યું છે, હવે તારી કામના પૂર્ણ થઈ ગઈ છે, તેથી હવે તપથી વિરત થઈ જા અને દાનવોના રાજ્યનો ઉપભોગ કર.' બ્રહ્માની વાણી સાંભળીને હિરણ્યકશિપુનું મુખ પ્રસન્નતાથી ખીલી ઊઠ્યું. આ રીતે જ્યારે પિતામહે એને દાનવરાજ્ય પર અભિષિક્ત કરી દીધો, ત્યારે તે ઉન્મત્ત થઈ ગયો અને ત્રિલોકીને

નષ્ટ કરવાનો વિચાર કરવા લાગ્યો. પછી તો એણે સંપૂર્ણ ધર્મોનો ઉચ્છેદ કરીને સંગ્રામમાં સમસ્ત દેવતાઓને પણ જીતી લીધા. ત્યારે દેવતાઓ ભાગીને વિષ્ણુ પાસે પહોંચ્યા. ત્યાં શ્રીહરિએ દેવતાઓની અને મુનિઓની દુઃખગાથા સાંભળીને એમને આશ્વાસન આપ્યું અને શીઘ્ર જ એ દૈત્યનો વધ કરવાનું વચન આપ્યું. ત્યારે દેવતા પોતાને સ્થાને જતા રહ્યા. તદનંતર મહાત્મા વિષ્ણુએ એવું રૂપ ધારણ કર્યું, જે અર્ધું સિંહનું અને અર્ધું મનુષ્યનું હતું. તે અત્યંત ભયંકર તથા વિકરાળ દેખાઈ રહ્યા હતા. એમનું મુખ ખૂબ જ ફેલાયેલું વિસ્તૃત હતું, નાક ખૂબ સુંદર દેખાતું હતું અને નખ તીક્ષ્ણ, તીખા, અણીદાર હતા. ગર્દન પર કેશવાળી (યાળ) લહેરાઈ રહી હતી. દાઢો જ આયુધ હતી. એથી કરોડો સૂર્ય સમાન પ્રભા વેરાઈ રહી હતી અને એનો પ્રભાવ પ્રલયકાલીન અગ્નિ જેવો હતો. વધારે શું કહીએ, તે રૂપ જગન્મય હતું. આ જ રૂપે તે ભગવાન ભાસ્કર જ્યારે અસ્તાચલ તરફ વળ્યા ત્યારે અસુરોની નગરીમાં પ્રવિષ્ટ થયા. એ અતુલ પ્રભાવશાળી નૃસિંહને જોઈને બધા દૈત્ય એકસામટા એમના પર તૂટી પડ્યા, જ્યારે એ અદ્ભુત પરાક્રમી નૃસિંહે મહાબલી દૈત્યોની સાથે યુદ્ધ કરીને ઘણા બધાને મારી નાખ્યા અને ઘણાને તો પકડીને તોડી-મરોડીને ફેંકી દીધા પછી તે નગરમાં ફરવા લાગ્યા. ત્યારે એ સર્વમય સિંહને જોઈને દૈત્યરાજના પુત્ર પ્રહ્લાદે રાજાને કહ્યું – 'આ મૃગેન્દ્ર તો જગન્મય દેખાઈ રહ્યો છે. તે અહીં શું કામ આવ્યો હશે?'

પ્રહ્લાદે પુનઃ કહ્યું—હે પિતાજી! મને તો એવું પ્રતીત થાય છે કે આ ભગવાન અનંત છે અને નૃસિંહનું રૂપ ધારણ કરીને આપના નગરમાં પ્રવેશ્યા છે, કેમકે મને એમની મૂર્તિ ખૂબ જ વિશાળ દેખાઈ રહી છે. તેથી તમે યુદ્ધથી પાછા વળીને એમને શરણે જાઓ. આનાથી વધીને ત્રિલોકીમાં બીજો કોઈ યોદ્ધો જ નથી, એટલે તમે આ મૃગેન્દ્રની સામે નમીને પોતાના રાજ્યનો ઉપભોગ કરો. પોતાના પુત્રની વાત સાંભળીને એ દુરાત્માએ એને કહ્યું – 'હે બેટા, શું તું ભયભીત થઈ ગયો છે?' પોતાના પુત્રને આમ કહીને દૈત્યોના અધિપતિ રાજા હિરણ્યકશિપુએ મહાબલી દૈત્યોને આજ્ઞા આપતાં કહ્યું – 'હે વીરો! તમે લોકો આ બેડોળ ભ્રૃકુટિ અને નેત્રવાળા સિંહને પકડી લો.' ત્યારે સ્વામીની આજ્ઞાથી એ મૃગેન્દ્રને પકડવાની ઈચ્છાથી એ બધા મોટા મોટા દૈત્ય રણભૂમિમાં ધસ્યા, ઘૂસ્યા, પરંતુ જેવી રીતે રૂપની અભિલાષાથી અગ્નિમાં પ્રવેશ કરનારા પતંગિયાં બળી-સળગી જાય છે એવી જ રીતે તે બધાયે ક્ષણભરમાં જ બળીને ભસ્મ થઈ ગયા. દૈત્યોના દગ્ધ થઈ જવાથી પણ તે દૈત્યરાજ સંપૂર્ણ શસ્ત્ર, અસ્ત્ર, શક્તિ, ઋષ્ટિ, પાશ, અંકુશ અને પાવક વગેરેથી એ મૃગેન્દ્રની સાથે ટક્કર લેતો રહ્યો. આ રીતે બહુ કાળ સુધી ભયાનક યુદ્ધ થયું. અંતમાં એ નૃસિંહે વજ્ર સમાન કઠોર પોતાની અનેક ભુજાઓથી એ દૈત્યને પકડી લીધો અને એનો પોતાના ઘૂંટણ પર સુવડાવીને દાનવોનાં મર્મ સ્થાનોને વિદીર્ણ કરનારા નખ-અંકુરોથી એની છાતી ચીરી નાખી તથા લોહીથી લથબથ થયેલા એના હૃદય-કમળને કાઢી લીધું. પછી તો એ જ ક્ષણે એનું પ્રાણપંખેરું ઊડી ગયું. ત્યારે ભગવાન નૃસિંહે વારંવાર આઘાતથી જેનાં બધાં અંગ ચૂર ચૂર થઈ ગયાં હતાં, એ કાષ્ઠભૂત

દૈત્યને છોડી દીધો. એ સમયે એ દેવશત્રુના માર્યા જવાથી એમને ખૂબ પ્રસન્નતા થઈ. એ જ અવસર પર પ્રહ્લાદે આવીને એમનાં ચરણોમાં માથું નમાવ્યું. ત્યારે અદ્ભુત પરાક્રમી વિષ્ણુએ પ્રહ્લાદને બોલાવીને એને દૈત્યોના રાજ પર અભિષિક્ત કરી દીધો, અને સ્વયં અતર્કિત ગતિને પ્રાપ્ત થઈ ગયા. અર્થાત્ અંતર્ધાન થઈ ગયા. ત્યાર પછી પિતામહ વગેરે સમસ્ત સુરેશ્વર પરમ પ્રસન્ન થઈને પોતાનું કાર્ય સિદ્ધ કરનારા પૂજનીય શ્રીવિષ્ણુને એ જ દિશામાં પ્રણામ કરીને પોતપોતાને સ્થળે ચાલ્યા ગયા. હે વિપ્રવર! પ્રસંગવશ મેં રુદ્રથી અંધકની ઉત્પત્તિ, વરાહથી હિરણ્યાક્ષનું મૃત્યુ, નૃસિંહના હાથે એના ભાઈનો વિનાશ અને પ્રહ્લાદની રાજ્ય-પ્રાપ્તિનું વર્ણન કરી દીધું છે. હે દ્વિજશ્રેષ્ઠ! હવે હું શિવની કૃપાથી પ્રાપ્ત થયેલા અંધકના પ્રભાવનું, શંકરજી સાથે એનું યુદ્ધ અને પછી જે પ્રકારે એને મહેશના ગણાધ્યક્ષ-પદની પ્રાપ્તિ થઈ, એ કથાનું વર્ણન કરું છું. સાંભળો.

(અધ્યાય-૪૩)

*

## ભાઈઓના ઠપકાથી અંધકનું તપ કરવું અને વરદાન મેળવીને ત્રિલોકીને જીતીને સ્વેચ્છાચારમાં પ્રવૃત્ત થવું, એના મંત્રીઓ દ્વારા શિવ-પરિવારનું વર્ણન, પાર્વતીના સૌંદર્ય પર મોહિત થઈને અંધકનું ત્યાં જવું અને નંદીશ્વર સાથે યુદ્ધ, અંધકના પ્રહારથી નંદીશ્વરની મૂર્ચ્છા, પાર્વતીના આહ્વાનથી દેવીઓનું પ્રગટ થઈને યુદ્ધ કરવું, શિવનું આગમન અને યુદ્ધ, શિવજી દ્વારા શુક્રાચાર્યનું ગળાઈ જવું, શિવની પ્રેરણાથી વિષ્ણુનું કાલીરૂપ ધારણ કરીને દાનવોના રક્તનું પાન કરવું, શિવે અંધકને પોતાના ત્રિશૂળમાં પરોવ્યો અને યુદ્ધની સમાપ્તિ

**સનત્કુમારજી કહે છે**—હે મુનિવર! એક સમયે હિરણ્યાક્ષનો પુત્ર અંધક પોતાના ભાઈઓ સાથે વિહારમાં સંલગ્ન હતો. એ જ સમયે એના કામાસક્ત મદાંધ ભાઈઓને એણે કહ્યું – 'અરે અન્ધે! તમારે હવે રાજ્યનું શું પ્રયોજન છે? હિરણ્યાક્ષ તો મૂર્ખ હતો, જે એણે ઘોર તપ દ્વારા શંકરજીને પ્રસન્ન કરીને પણ તમારા જેવા કુરૂપ, બેડોળ, કલિપ્રિય અને નેત્રહીનને પ્રાપ્ત કર્યો. આવા તમે રાજ્યના ભાગી તો થઈ શકતા નથી, કેમકે ભલા, તમે જ વિચાર કરો કે ક્યાંક

દૂરથી ઉત્પન્ન થયેલો પુત્ર પણ રાજ્ય મેળવી શકે છે? સાચું પૂછો તો નિશ્ચય જ આ રાજ્યના ભાગી તો અમે લોકો જ છીએ.'

**સનત્કુમારજી કહે છે**—હે મુને! એ લોકોની આ વાત સાંભળીને અંધક દીન બની ગયો. પછી એણે જાતે જ બુદ્ધિપૂર્વક વિચાર કરીને જાતજાતની વાતોથી એને શાંત કર્યો અને રાતને સમયે તે નિર્જન વનમાં ચાલ્યો ગયો. ત્યાં એણે હજારો વર્ષો સુધી ઘોર તપ કરીને પોતાના શરીરને કૃશ કરી લીધું અને અંતમાં એ શરીરને અગ્નિમાં હોમી દેવાનું ચાહ્યું. ત્યારે બ્રહ્માજીએ એને એવું કરતાં રોકીને કહ્યું – 'હે દાનવ! હવે તું વરદાન માગી લે. આખા સંસારમાં જે દુર્લભ વસ્તુ પ્રાપ્ત કરવાની તારી અભિલાષા હોય, એને તું મારી પાસેથી લઈ લે.' પદ્મયોનિ બ્રહ્માનાં આ વચન સાંભળીને તે દૈત્ય દીનતા અને નમ્રતાપૂર્વક કહેવા લાગ્યો – 'હે ભગવન્! જે નિષ્ઠુરોએ મારું રાજ ઝૂંટવી લીધું છે, એ બધા દૈત્ય વગેરે મારા નોકર થઈ જાય, સેવક, દાસ થઈ જાય, ઈન્દ્ર વગેરે દેવતા મને કર આપ્યા કરે. દેવતા, દૈત્ય, ગંધર્વ, યક્ષ, નાગ, મનુષ્ય, દૈત્યોના શત્રુ નારાયણ, સર્વમય શંકર તથા અન્યાન્ય કોઈ પણ પ્રાણીથી મારું મૃત્યુ ન થાય.' એનાં એ અત્યંત દારુણ વચનો સાંભળીને બ્રહ્માજી સશંકિત થઈ ગયા અને એને કહેવા લાગ્યા.

**બ્રહ્માજીએ કહ્યું**—હે દૈત્યેન્દ્ર! એ બધી વાતો તો થઈ જશે, પરંતુ તું તારા વિનાશનું કોઈ કારણ તો પણ સ્વીકાર કરી લે; કેમકે જગતમાં એવું કોઈ પ્રાણી નથી થયું અને નહીં થાય, જે કાલના ગાલમાં ન ગયું હોય. પછી તારા જેવા સત્પુરુષે તો અત્યંત લાંબા જીવનનો વિચાર જ છોડી દેવો જોઈએ. બ્રહ્માનાં આ અનુનયભર્યાં વચનને સાંભળીને એ દૈત્ય પુનઃ બોલ્યો.

**અંધકે કહ્યું**—હે પ્રભો! ત્રણે કાળમાં જે ઉત્તમ, મધ્યમ અને નીચ સ્ત્રીઓ હોય છે એ સ્ત્રીઓમાંથી કોઈ રત્નભૂતા સ્ત્રી મારી પણ જનની હશે. એ મનુષ્યને માટે દુર્લભ તથા શરીર, મન અને વચનથી પણ અગમ્ય છે. એમાં રાક્ષસ-ભાવને કારણે મારી કામ-ભાવના ઉત્પન્ન થઈ જાય, ત્યારે જ મારો નાશ થાય. એની વાત સાંભળીને સ્વયંભૂ ભગવાન બ્રહ્માને મહાન આશ્ચર્ય થયું. એ શંકરજીનાં ચરણકમળોનું સ્મરણ કરવા માંડ્યા. ત્યારે શંભુની આજ્ઞા મેળવીને તે એ અંધકને કહેવા લાગ્યા.

**બ્રહ્માજીએ કહ્યું**—હે દૈત્યવર! તે જે કાંઈ પણ ચાહ્યું છે, તારાં એ બધાં સકામ વચન પૂર્ણ થશે. હે દૈત્યેન્દ્ર! હવે તું ઊઠ, પોતાની અભીષ્ટ પ્રાપ્ત કર અને સદા વીરોની સાથે યુદ્ધ કરતો રહે. હે મુનીશ! હિરણ્યાક્ષપુત્ર અંધકના શરીરમાં નસો અને હાડકાં જ બાકી રહી ગયાં. એ બ્રહ્માજીનાં આવાં વચન સાંભળીને શીઘ્ર જ ભક્તિપૂર્વક એ લોકેશ્વરનાં ચરણમાં આળોટી પડ્યો અને બોલ્યો.

**અંધકે કહ્યું**—હે વિભો! હવે તો મારા શરીરમાં નસો અને હાડકાં માત્ર જ શેષ રહી ગયાં છે. ત્યારે ભલા આ દેહથી શત્રુસેનામાં પ્રવેશ કરીને હું કેવી રીતે યુદ્ધ કરી શકીશ; માટે હવે તમે તમારા પવિત્ર હાથથી મારો સ્પર્શ કરીને આ શરીરને માંસલ બનાવી દો.

**સનત્કુમારજી કહે છે**—હે મહર્ષે! અંધકની

પ્રાર્થના સાંભળીને બ્રહ્માજીએ પોતાના હાથથી એના શરીરને સ્પર્શ કર્યો અને પછી એ મુનિગણ તથા સિદ્ધસમૂહોથી સારી પેઠે પૂજિત થઈને દેવતાઓની સાથે પોતાના ધામમાં ચાલ્યા ગયા. બ્રહ્માના સ્પર્શ કરતાં જ એ દૈત્યરાજનું શરીર ભર્યું-પૂર્યું થઈ ગયું, હટ્ટુંકટ્ટું થઈ ગયું, જેનાથી એમાં બળસંચાર થઈ આવ્યો અને નેત્રોની પ્રાપ્તિ થઈ જવાથી એ સુંદર દેખાવા લાગ્યો. ત્યારે એણે પ્રસન્નતાપૂર્વક પોતાના નગરમાં પ્રવેશ કર્યો. એ સમયે પ્રહલાદ વગેરે શ્રેષ્ઠ દાનવોએ જ્યારે એ વરદાન પ્રાપ્ત કરીને આવેલા જાણીને, તે બધું જ રાજ્ય એન સમર્પિત કરીને એના વશવર્તી સેવક બની ગયા. ત્યારબાદ અંધક સેના અને સેવકવર્ગને સાથે લઈને સ્વર્ગને જીતવા માટે ગયો. ત્યાં સંગ્રામમાં સમસ્ત દેવતાઓને પરાજિત કરીને એણે વજ્રધારી ઈન્દ્રને પોતાનો કરદાતા બનાવ્યો. એણે યત્ર-તત્ર ઘણી લડાઈઓ લડીને નાગ, સુવર્ણ, શ્રેષ્ઠ રાક્ષસ, ગંધર્વ, યક્ષ, મનુષ્યો, મોટા મોટા પર્વતો, વૃક્ષો અને સિંહો વગેરે સમસ્ત ચોપગાંને પણ જીતી લીધાં. તે એટલે સુધી કે એણે ચરાચર ત્રિલોકીને પણ પોતાના વશમાં કરી લીધો. ત્યાર પછી એ રસાતલમાં, ભૂતલ પર તથા સ્વર્ગમાં જેટલી સુંદર રૂપાળી નારીઓ હતી, એમનામાંથી હજારોને જે અત્યંત દર્શનીય અને પોતાને અનુકૂળ હતી, સાથે લઈને વિભિન્ન પર્વતો પર તથા નદીઓના રમણીય તટ પર વિહાર કરવા લાગ્યો. દૈત્યરાજ અંધક સદા દુષ્ટોનો જ સંગ કરતો હતો. એની બુદ્ધિ મદથી અંધ થઈ ગઈ હતી, જેથી એ મૂઢને એવું કશું પણ જ્ઞાન ન રહ્યું કે પરલોકમાં પણ આત્માને સુખ દેનાર કોઈ પણ કર્મ કરવું જોઈએ. આ રીતે આ મહામનસ્વી દૈત્ય ઉન્મત્ત થઈને પોતાના બધા પ્રધાન-પ્રધાન પુત્રોને કુતર્કવાદથી પરાજિત કરીને દૈત્યો સહિત સંપૂર્ણ વૈદિક ધર્મોનો વિનાશ કરતાં કરતાં વિચરણ કરવા લાગ્યો. એ ધનના મદને વશીભૂત થઈને અભિભૂત થઈને વેદ, દેવતા, બ્રાહ્મણ અને ગુરુ વગેરે કોઈને પણ માનતો ન હતો. પ્રારબ્ધવશ એનું આયુષ્ય સમાપ્ત થઈ ચૂક્યું હતું, એથી જ એ સ્વેચ્છાચારમાં પ્રવૃત્ત થઈને વ્યર્થમાં જ પોતાના આયુષ્યના બાકી દિવસો ગુમાવી દેતો રમણ કરી રહ્યો હતો. એ દાનવશ્રેષ્ઠના ત્રણ મંત્રીઓ હતા દુર્યોધન, વૈધસ અને હસ્તી. એક સમયે એ ત્રણેને એ પર્વતના કોઈ રમણીય સ્થાન પર એક પરમ રૂપવતી નારી જોઈ. એને જોઈને એ શીઘ્રગામી શ્રેષ્ઠ દૈત્ય હર્ષમગ્ન થઈ તરત જ મહાદૈત્યપતિ વીરવર અંધક પાસે જઈ પહોંચ્યો અને બહુ જ પ્રેમથી એ જોયેલી ઘટનાનું વર્ણન કરવા લાગ્યો.

**મંત્રીઓએ કહ્યું**—હે દૈત્યેન્દ્ર! ત્યાં એક ગુફાની અંદર અમે એક મુનિને જોયા છે. ધ્યાનસ્થ હોવાને કારણે એનાં નેત્ર બંધ છે. એ ખૂબ જ રૂપવાન છે. એના મસ્તક પર અર્ધચંદ્રની કલા પોતાની શોભા પાથરી રહી છે અને કમરમાં ગજેન્દ્રનું ચામડું બાંધેલું છે. મોટા મોટા નાગ એમના આખા શરીરે વળગેલા છે. ખોપરીઓની માળા જ એ જટાધારીનું આભૂષણ છે. એમના હાથમાં ત્રિશૂળ છે તથા એક વિશાળ ધનુષ, બાણ, ભાથું પણ ધારણ કરેલાં છે. એમની અક્ષમાલા સ્પષ્ટ દેખાઈ રહી છે. એમને ચાર ભુજાઓ છે તથા લાંબી લાંબી જટાઓ છે. તે ખડ્ગ, ત્રિશૂળ અને લકુટ-લાકડી ધારણ કરેલાં

છે. એમની આકૃતિ અત્યંત ગૌર છે અને એના પર ભસ્મનો અનુલેપ લાગેલો છે. તે પોતાના ઉત્કૃષ્ટ તેજથી સુશોભિત થઈ રહ્યા છે. આ રીતે એ શ્રેષ્ઠ તપસ્વીનો આખો વેષ જ અદ્‌ભુત છે. એથી થોડે જ દૂર અમે એક પુરુષને જોયો છે, જે વિકરાળ વાનર જેવો છે. એનું મુખ બહુ ભયંકર છે. એણે બધાં જ આયુધ ધારણ કર્યાં છે. પરંતુ તેના હાથ રૂક્ષ છે. તે પેલા તપસ્વીની રક્ષામાં તત્પર છે. એની પાસે જ એક વૃદ્ધ સફેદ રંગનો બળદ પણ બેઠો છે. એ બેઠેલા તપસ્વીની બાજુમાં અમે એક શુભલક્ષણસંપન્ના નારી પણ જોઈ છે. એ ભૂતલ પર રત્નસ્વરૂપા છે. એનું રૂપ બહુ મનોહર છે અને તરુણી હોવાને કારણે તે મનને મોહી લે તેવી છે. મૂંગા, મોતી, મણિ, સુવર્ણ અને રત્ન અને ઉત્તમ વસ્ત્રોથી એ સુસજ્જિત છે. એના ગળામાં સુંદર માળાઓ લટકી રહી છે (હવે ક્યાં સુધી કહીએ કે એટલી સુંદરી છે કે) જેણે એને એક વાર જોઈ લીધી છે, એનાં જ નેત્ર ધરવાનું સફળ છે, એને ફરી અન્ય આ લોકમાં બીજી વસ્તુઓ જોવાનું શું પ્રયોજન છે. તે દિવ્ય નારી પુણ્યાત્મા મુનિવર મહેશની માન્યા અને પ્રિયતમા ભાર્યા છે. હે દૈત્યેન્દ્ર! તમે તો ઉત્તમોત્તમ રત્નોનો ઉપભોગ કરનાર છો. માટે એને અહીં બોલાવીને જુઓ. એ આપને પણ દર્શનીય છે.

**સનત્કુમારજી કહે છે**—હે મુનિશ્રેષ્ઠ! મંત્રીઓનાં આ વચન સાંભળીને દૈત્યરાજ અંધક કામાતુર થઈ ગયો. એના આખા શરીરમાં કંપ છવાઈ ગયો. પછી તો એણે તરત જ દુર્યોધન વગેરેને એ મુનિ પાસે મોકલ્યા. મંત્રીઓએ ત્યાં જઈને મુનીશ્વરને પ્રણામ કર્યા અને એમને અંધકાસુરનો સંદેશો કહ્યો તથા બદલામાં શિવજીનો ઉત્તર સાંભળીને તે પાછા આવ્યા અને અંધકને કહેવા લાગ્યા.

**મંત્રીઓએ કહ્યું**—હે રાજન્! આપ તો સંપૂર્ણ દૈત્યોના સ્વામી છો, તેમ છતાં પણ એ મહાન પરાક્રમી વીરવર તપસ્વી મુનિએ પોતાની બુદ્ધિથી ત્રિલોકીને તૃણ-સમાન સમજીને હસતાં હસતાં તમારે માટે આવી વાતો કહી છે – 'એ નિશાચરનાં શૌર્ય અને ધૈર્ય અસ્થિર છે. ને દાનવ કૃપણ, સત્ત્વહીન, ક્રૂર, કૃતઘ્ન અને સદાયે પાપ કર્મ કરનારો છે. શું એને સૂર્યપુત્ર યમનો ભય નથી? ક્યાં હું, મારાં દારુણ શસ્ત્ર અને મૃત્યુને પણ સંત્રસ્ત કરી દેનાર યુદ્ધ અને ક્યાં પેલો વાનર-જેવા મુખવાળો ડરપોક નિશાચર, જેનાં બધાં અંગો વૃદ્ધાવસ્થાથી જર્જર થઈ ગયાં છે ને! ક્યાં મારું સ્વરૂપ અને ક્યાં તારી મન્દભાગ્યતા! તારી સેના પણ તો શૂન્યવત્ છે. પછી પણ જો તારામાં કંઈ સામર્થ્ય હોય તો યુદ્ધને માટે તૈયાર થઈ જા, અને આવીને કંઈ પોતાનાં કરતૂત દેખાડ. મારી પાસે તારા-જેવાં પાપીઓના વિનાશ કરનારાં ભયંકર શસ્ત્ર છે અને તારું શરીર તો કમળની સમાન કોમળ છે. આવી દશામાં વિચાર કરીને તને જે રુચિકર પ્રતીત હોય, તે કર.'

**સનત્કુમારજી કહે છે**—હે મુનિવર! મંત્રીઓની વાત સાંભળીને (માતા) પાર્વતી પર મોહિત થયેલો એ કામાંધ રાક્ષસ વિશાળ સેના લઈને ચાલવા લાગ્યો અને ત્યાં પહોંચીને નંદીશ્વર સાથે યુદ્ધ કરવા લાગ્યો. બહુ ભયાનક યુદ્ધ થયું. એ સમયે યુદ્ધસ્થળમાં ચરબી, મજ્જા, માંસ અને રક્તની સેરો વહેવા માંડી. ખાબકાં

ભરાઈ ગયાં. ત્યાં મસ્તક વગરનાં ધડ નાચી રહ્યાં છે અને કાચું માંસ ખાનારાં જાનવર ચારે બાજુએ વ્યાપ્ત થઈ ગયાં હતાં, જેથી એ બધું બહુ ભયંકર લાગી રહ્યું હતું. થોડી જ વારમાં દૈત્યો ભાગી છૂટ્યા. ત્યારે પિનાકધારી ભગવાન શંકર દક્ષ કન્યા સતીને સારી પેઠે ધીરજ આપતાં બોલ્યા – 'હે પ્રિયે! મેં જે પહેલાં અત્યંત ભયંકર મહાન પાશુપત-વ્રતનું અનુષ્ઠાન કર્યું હતું, એમાં રાત-દિવસ તમારે પ્રસંગવશ જે અમારી સેનાનો વિનાશ થયો છે, આ વિઘ્ન જેવું આવી પડ્યું છે. હે દેવી! મરણધર્મા પ્રાણીઓનો જે અમરોપર પ્રહાર થયો છે, એ માનો કે પુણ્યનો વિનાશ કરનારો કોઈ ગ્રહ પ્રગટ થઈ ગયો છે. તેથી હવે હું પુનઃ કોઈ નિર્જન વનમાં જઈને એ પરમ અદ્ભુત દિવ્ય વ્રતની દીક્ષા લઈશ અને એ કઠણ વ્રતનું અનુષ્ઠાન કરીશ. હે સુંદરી! તમારો ભય અને શોક દૂર થઈ જવા જોઈએ.'

**સનત્કુમારજી કહે છે**—હે મુને! આટલું કહીને ઉગ્ર પ્રભાવશાળી મહાત્મા શંકરે ધીમેથી પોતાનું રણશિંગું વગાડીને એક અત્યંત ભયંકર પાવન વનમાં ચાલ્યા ગયા. ત્યાં તેમણે એક હજાર વર્ષ માટે પાશુપાત-વ્રતના અનુષ્ઠાનમાં તત્પર થઈ ગયા. આ વ્રતને પાળવું દેવો અને અસુરોની શક્તિ બહારનું હતું. આ બાજુ શીલગુણથી સંપન્ન પતિવ્રતા દેવી પાર્વતી મંદરાચલ પર જ રહીને શિવજીના આગમનની રાહ જોઈ રહ્યાં હતાં. જોકે પુત્રસ્થાનીય-પુત્ર જેવા-વીરકગણ એમની સુરક્ષામાં તત્પર હતા, તો પણ એ ગુફાની અંદર જ રહેવાને કારણે એ સદા ભયભીત રહેતાં હતાં, જેથી એમને બહુ દુઃખ થતું હતું. એ દરમિયાન વરદાનના પ્રભાવથી ઉત્પન્ન થયેલો એ દૈત્ય અંધક, જેનું ધૈર્ય કામદેવનાં બાણોથી છિન્નભિન્ન થઈ ગયું હતું, પોતાના મુખ્ય મુખ્ય યોદ્ધાઓને સાથે લઈને પુનઃ એ ગુફા પર ચઢી આવ્યો. ત્યાં સૈનિકો સહિત એણે વીરકગણ સાથે અત્યંત અદ્ભુત યુદ્ધ કર્યું. એ સમયે બધા જ વીરોએ અન્ન, જળ અને ઊંઘનો પરિત્યાગ કરી દીધો હતો. આ રીતે તે યુદ્ધ લગાતાર પાંચ સો પાંચ દિવસ અને રાત ચાલતું રહ્યું. અંતે દૈત્યોની ભુજાઓમાંથી છૂટેલાં આયુધોના પ્રહારથી નંદીશ્વરનું શરીર ઘાયલ થઈ ગયું, જેથી એ ગુફાદ્વાર પર જ પડ્યા અને મૂર્ચ્છિત થઈ ગયા. એમના પડવાથી ગુફાનો આખો દરવાજો જ ઢંકાઈ ગયો, જેથી એનું ખોલવાનું કામ જ અસંભવ બની ગયું. પછી દૈત્યોએ બે જ ઘડીમાં બધા વીરકગણોને પોતાના અસ્ત્રસમૂહથી આચ્છાદિત કરી દીધા. ત્યારે પાર્વતીજીએ ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજીનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં જ બ્રાહ્મી, નારાયણી, ઐન્દ્રી, વૈશ્વાનરી, યામ્યા, નૈર્ઋતિ, વારુણી, વાયવી, કૌબેરી, યક્ષેશ્વરી, ગારુડી વગેરે દેવીઓના રૂપે સમસ્ત દેવતા, યક્ષ, સિદ્ધ, ગુહ્યક વગેરે શસ્ત્ર-અસ્ત્રથી સુસજ્જિત થઈને પોતપોતાનાં વાહનો પર બેસીને પાર્વતી પાસે આવી પહોંચ્યા અને રાક્ષસો સાથે બાખડી પડ્યા. થોડા સમય પછી ભગવાન શિવ પણ આવી ગયા. પછી તો ઘોર યુદ્ધ થયું. ત્યાર પછી શુક્રાચાર્યને સંજીવની વિદ્યા દ્વારા દૈત્યોને જીવિત કરતા જોઈને ભૂતનાથ શિવજી એમને ગળી ગયા. આથી દૈત્યો ઢીલા પડ્યા.

હે વ્યાસજી! અંધક મહાન પરાક્રમી, વીર અને ત્રિપુરહન્તા શિવ સમાન બુદ્ધિમાન હતો. સેંકડો વરદાન મળવાને કારણે તે ઉન્માદને

વશીભૂત થઈ રહ્યો હતો. જોકે બહુસંખ્યક શસ્ત્ર-અસ્ત્રની ચોટથી એનું શરીર જર્જર થઈ ગયું હતું, છતાં પણ શિવજી પર વિજય મેળવવાને માટે એણે બીજી માયા રચી. જ્યારે પ્રલયકાલીન અગ્નિની જેમ શરીર ધારણ કરનારા ભૂતનાથ ત્રિપુરારિ શંકરે પોતાનાં ત્રિશૂળથી એને અત્યંત ખરાબ રીતે છેદી નાખ્યો, ત્યારે ભૂતલ પર પડેલા એનાં રક્તકણોથી યૂથના યૂથ અંધક પ્રગટ થઈ ગયા. એથી આખી રણભૂમિ વ્યાપ્ત થઈ ગઈ. તે વિકૃત મુખવાળા ભયંકર રાક્ષસ અંધકની જેમ જ પરાક્રમી હતા. આ રીતે જ્યારે પશુપતિ દ્વારા માર્યા ગયેલા સૈનિકોના ઘાથી નીકળેલાં અત્યંત ગરમ ગરમ રક્તબિંદુઓથી બીજા અસુર સૈનિકો ઉત્પન્ન થવા લાગ્યા, ત્યારે ઘણી બધી ભુજાઓ રૂપી લતાઓ દ્વારા આક્રાન્ત થવાને કારણે કુપિત થયેલા બુદ્ધિમાન ભગવાન વિષ્ણુએ પ્રમથનાથ શિવને બોલાવીને યોગબળથી એક એવું અજેય સ્ત્રીરૂપ ધારણ કર્યું. જેનું મુખ વિકૃત હતું અને રૂપ ઉગ્ર, વિકરાળ અને કંકાલ-હાડપિંજર માત્ર હતું. એ સ્ત્રીરૂપ શંભુના કાનમાંથી પ્રગટ થયું હતું. જ્યારે એ દેવીએ રણભૂમિમાં ઉપસ્થિત થઈને પોતાનાં યુગલ ચરણોથી પૃથ્વીને અલંકૃત કરી, ત્યારે બધા જ દેવતા એમની સ્તુતિ કરવા લાગ્યા. ત્યાર બાદ ભગવાને એની બુદ્ધિને પ્રેરિત કરી. પછી તો તે ક્ષુધાર્ત થઈને એ સૈનિકો તથા દૈત્યરાજના શરીરથી નીકળેલું અત્યંત ગરમ ગરમ રુધિરનું પાન કરવા લાગી. (જેથી રાક્ષસોનું ઉત્પન્ન થવું બંધ થઈ ગયું). તદનંતર, એક માત્ર અંધક જ બચ્યો રહી ગયો. જોકે એના શરીરનું રક્ત સુકાઈ ગયું હતું, તો પણ તે પોતાના કુલોચિત સનાતન ક્ષાત્રધર્મનું સ્મરણ કરીને અવિનાશી ભગવાન શંકર સાથે ભયંકર થપ્પડોથી વજ્ર-સમાન ઘૂંટણો અને ચરણોથી, વજ્રાકાર નખથી, મુખ, ભુજા અને મસ્તકથી એ સંગ્રામ કરતો રહ્યો. ત્યારે પ્રમથનાથ શિવે રણભૂમિમાં એનું હૃદય વિદીર્ણ કરીને એને શાંત કરી દીધો. પછી ત્રિશૂળ ભોંકીને એને સ્થાણુની જેમ-થાંભલાની જેમ ઉપર ઉઠાવી લીધો. એનું જર્જર શરીર નીચે લટકી રહ્યું હતું. સૂર્યનાં કિરણોએ એને સૂકવી દીધું હતું. પવનની લહેરીઓથી યુક્ત મેઘોએ મુશળધાર જળ વર્ષાવીને-વરસાવીને – એને ભીનો કરી દીધો. હિમખંડની જેમ શીતલ ચંદ્રમાનાં કિરણોએ એને વિશીર્ણ કરી દીધો. તો પણ દૈત્યરાજે પોતાના પ્રાણોનો પરિત્યાગ ન કર્યો. એણે વિશેષરૂપે શિવજીનું સ્તવન કર્યું. ત્યારે કરુણાના અગાધ સાગર શંભુ પ્રસન્ન થઈ ગયા અને એણે એને પ્રેમપૂર્વક ગણાધ્યક્ષનું પદ પ્રદાન કરી દીધું. તત્પશ્ચાત્ યુદ્ધ સમાપ્ત થઈ જવાથી લોકપાલોએ વિવિધ પ્રકારનાં સારગર્ભિત સ્તોત્રો દ્વારા વિધિપૂર્વક શિવજીની અર્ચના કરી અને હર્ષિત થયેલા બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવોએ નતમસ્તક થઈને ઉત્તમોત્તમ સ્તુતિ દ્વારા એમનું સ્તવન કર્યું. પછી જયજયકાર કરતાં કરતાં એ આનંદ માણવા લાગ્યા. તદનંતર શિવજી એ બધાંને સાથે લઈને આનંદપૂર્વક ગિરિરાજની ગુફામાં પરત આવી ગયા. ત્યાં એમણે પોતાના જ અંશભૂત પૂજનીય દેવતાઓને વિવિધ પ્રકારની ભેટો અર્પણ કરીને એમને વિદાય કર્યા અને સ્વયં પ્રમુદિત થયેલાં ગિરિરાજકુમારીની સાથે ઉત્તમોત્તમ લીલાઓ કરવા લાગ્યા.

(અધ્યાય ૪૪-૪૯)

*

# નન્દીશ્વર દ્વારા શુક્રાચાર્યનું અપહરણ અને શિવ દ્વારા એમને ગળી જવું, સો વર્ષ બાદ શુક્રનું શિવલિંગને રસ્તે બહાર આવવું, શિવ દ્વારા એમનું નામ 'શુક્ર' પાડવામાં આવ્યું, શુક્ર દ્વારા જપેલા મૃત્યુંજય-મંત્ર અને શિવઅષ્ટોત્તરશતનામ-સ્તોત્રનું વર્ણન, શિવ દ્વારા અંધકને વરદાન મળવું

**વ્યાસજીએ પૂછ્યું**—હે મહાન બુદ્ધિમાન સનત્કુમારજી! જ્યારે એ મહાન ભયંકર અને રોમાંચકારી સંગ્રામ ચાલી રહ્યો હતો, એ સમયે ત્રિપુરારિ શંકરે દૈત્યગુરુ વિદ્વાન શુક્રાચાર્યને ગળી લીધા હતા – એ ઘટના મેં સંક્ષેપમાં જ સાંભળી હતી. હવે આપ એનું વિસ્તારપૂર્વક વર્ણન કરો. પિનાકધારી શિવના ઉદરમાં જઈને એ મહાયોગી શુક્રાચાર્યે શું કર્યું? શંભુના જઠરાગ્નિએ એમને બાળ્યા નહીં? ભૃગુનંદન બુદ્ધિમાન શુક્ર પણ તો કલ્પાંતકાલીન અગ્નિની જેમ ઉગ્ર તેજસ્વી હતા. તે શંભુના જઠર-પંજરથી બહાર કેવી રીતે આવ્યા? એમણે કેવી રીતે અને કેટલા કાળપર્યંત આરાધના કરી હતી? હે તાત! એમને જે મૃત્યુનું શમન કરનારી પરાવિદ્યા પ્રાપ્ત થઈ હતી, એ વિદ્યા કઈ છે, જેથી મૃત્યુનું નિવારણ થઈ જાય છે? હે મુને! લીલાવિહારી દેવાધિદેવ ભગવાન શંકરના ત્રિશૂળથી છૂટવા અંધકને ગણાધ્યક્ષતાની પ્રાપ્તિ કેવી રીતે થઈ? હે તાત! મને શિવલીલામૃત શ્રવણ કરવાની વિશેષ લાલસા છે, તેથી આપ મુજ પર કૃપા કરીને એ આખા વૃત્તાંતનું પૂર્ણરૂપે વર્ણન કરો.

**બ્રહ્માજી કહે છે**—અમિત તેજસ્વી વ્યાસજીનાં આ વચનો સાંભળીને સનત્કુમાર શિવજીનાં ચરણકમળનું સ્મરણ કરીને કહેવા લાગ્યા.

**સનત્કુમારજીએ કહ્યુ**—હે મુનિવર! ભગવાન શંકરના પ્રમથોની જ્યારે અત્યંત જીત થવા લાગી, વિજય મળવા માંડ્યો ત્યારે અંધક ગભરાઈને શુક્રાચાર્યજીને શરણે ગયો અને એણે કાલાવાલા કરીને મૃતસંજીવની વિદ્યા દ્વારા મરેલા અસુરોને જીવિત કરવાની પ્રાર્થના કરી. એ વાત પર શુક્રાચાર્યે શરણાગત ધર્મની રક્ષા કરવાનું ઉચિત સમજ્યું. પછી તો એ યુદ્ધસ્થળે ગયા અને આદરપૂર્વક વિદ્યાના સ્વામી શંકરનું સ્મરણ કરીને એક એક દૈત્ય પણ મૃતસંજીવની વિદ્યાનો પ્રયોગ કરવા લાગ્યા. એ વિદ્યાનો પ્રયોગ થતો જોઈને એ બધા દૈત્ય દાનવવીર એકસાથે જ હથિયાર લઈને એવી રીતે બેઠા થઈ ગયા જાણે હમણાં જ ઊંઘમાંથી જાગ્યા હોય તેમ. જેવી રીતે પૂર્ણતયા અભ્યસ્ત કરેલો વેદ, સમરભૂમિમાં બાદલ અને શ્રદ્ધાપૂર્વક બ્રાહ્મણોને આપેલું ધન દાન આપત્તિને સમયે તરત જ પ્રગટ થઈ જાય છે એ જ રીતે એ દૈત્ય-દાનવો જાગી ઊઠ્યા. શુક્રાચાર્યજીના સંજીવની-પ્રયોગથી મોટા મોટા દાનવો જીવિત થઈને પ્રમથોને બૂરી રીતે મારવા લાગ્યા, ત્યારે પ્રમથોએ જઈને પ્રમથેશ્વર શિવને આ સમાચાર કહ્યા. ત્યારે શિવજીએ કહ્યું – 'હે નંદિન્! તમે અત્યારે જ તરત જ જાઓ અને દૈત્યોની વચ્ચેથી દ્વિજશ્રેષ્ઠ શુક્રાચાર્યને એવી જ રીતે ઉઠાવી લાવો જેમ બાજ પક્ષી

લવા-એક પક્ષી-ને ઉઠાવીને લઈ જાય છે તેમ.

**સનત્કુમારજી કહે છે—હે મહર્ષે!** વૃષભધ્વજના આવા કથન પર નંદી આખલાની જેમ બહુ જ જોરથી ગર્જના કરવા લાગ્યા અને તરત જ સેનાને ઓળંગીને એ સ્થાન પર પહોંચી ગયા જ્યાં ભૃગુવંશના દીપક શુક્રાચાર્ય બિરાજમાન હતા. ત્યાં સમસ્ત દૈત્ય હાથમાં પાશ, ખડ્ગ, વૃક્ષ, પથ્થર અને પર્વતખંડ લઈને એમની રક્ષા કરી રહ્યા હતા. આ જોઈને બલશાળી નન્દીએ એ દૈત્યોને વિક્ષુબ્ધ કરીને શુક્રાચાર્યજી ને એવી જ રીતે અપહરણ કરી લીધું, જેવી રીતે શરભ-હાથીનું બચ્ચું હાથીને ઉઠાવીને લઈ જાય છે. મહાબલી નંદી દ્વારા પકડાઈ જવાથી શુક્રાચાર્યજીનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત થઈ ગયાં. એમનાં આભૂષણો પડવા માંડ્યા, અને વાળ ખૂલી ગયા. ત્યારે દેવશત્રુ દાનવ એમને છોડાવવા માટે સિંહનાદ કરતાં કરતાં નન્દીની પાછળ દોડ્યા. જેમ મેઘ જલની વર્ષા કરે છે તેમ નંદીશ્વર ઉપર વજ્ર, ત્રિશૂળ, તલવાર, ફરસો, બરછી (એક પ્રકારનું આયુધ) અને ગોફણ વગેરે અસ્ત્રોની ઉગ્ર વૃષ્ટિ કરવા લાગ્યા. ત્યારે એ દેવાસુર સંગ્રામે વિકરાળ રૂપ ધારણ કર્યું. આમ થવાથી ગણાધિરાજ નંદીએ પોતાના મુખની આગથી સેંકડો શસ્ત્રો ભસ્મીભૂત કરી દીધાં અને એ ભૃગુનન્દનને દબાવી લીધો અને શત્રુદળને વ્યથિત કરતાં કરતાં તે શિવજી સમીપ આવી પહોંચ્યા અને શીઘ્ર જ એમની સામે નિવેદન કરતાં બોલ્યા – 'હે ભગવન્! આ શુક્રાચાર્ય ઉપસ્થિત છે.' ત્યારે ભૂતનાથ દેવાધિદેવ શંકરે પવિત્ર પુરુષ દ્વારા અપાયેલા ઉપહારની જેમ શુક્રાચાર્યને પકડી લીધા અને કશુંય કહ્યા વિના એમને ફળની જેમ મુખમાં પધરાવી દીધા. એ સમયે સમસ્ત અસુર ઉચ્ચ સ્વરે હાહાકાર કરવા લાગ્યા.

હે વ્યાસજી! જ્યારે ગિરિજેશ્વરે શુક્રાચાર્યને ગળી લીધા ત્યારે દૈત્યોની વિજયની આશા જતી રહી. એ સમયે એની દશા સૂંઢરહિત ગજરાજ, શિંગડા વિનાનો સાંઢ, મસ્તકવિહીન દેહ, અધ્યયનરહિત બ્રાહ્મણ, ઉદ્યમહીન પ્રાણી, ભાગ્યહીન ઉદ્યમ, મતિરહિત સ્ત્રી, ફળા વગરનું બાણ, પુણ્યહીનોનું આયુષ્ય, વ્રતરહિત વેદાધ્યયન, એકમાત્ર વૈભવશક્તિ વગરનો નિષ્ફળ થયેલ કર્મસમૂહ, શૂરતાહીન ક્ષત્રિય અને સત્ય વિના ધર્મસમુદાયની જેમ શોચનીય થઈ ગઈ. દૈત્યોનો આખો ઉત્સાહ જતો રહ્યો. ત્યારે અંધકે મહાન દુઃખ પ્રગટ કરતાં પોતાના શૂરવીરોને બહુ ઉત્સાહિત કર્યા અને કહ્યું – 'હે વીરો! જે રણાંગણ છોડીને ભાગી જાય છે, એમની ખ્યાતિ અપયશરૂપી કાલિમાથી મલિન થઈ જાય છે અને એમને આ લોકમાં તથા પરલોકમાં ક્યાંય પણ સુખ નથી મળતું. જો પુનર્જન્મરૂપ મલનું અપહરણ કરનાર ધરા તીર્થ – રણતીર્થમાં અવગાહન (સ્નાન ડૂબકી) કરી લેવામાં આવે તો અન્ય તીર્થોમાં સ્નાન, દાન અને તપની શી આવશ્યકતા છે અર્થાત્ એનું ફળ રણભૂમિમાં પ્રાણ ત્યાગ કરવાથી જ મળી જાય છે.' દૈત્યરાજના આ વચનને પૂર્ણરૂપે ધારણ કરીને એ દૈત્ય તથા દાનવ રણભેરી વગાડીને રણભૂમિમાં પ્રમથગણો પર તૂટી પડ્યા અને એમને મથવા લાગ્યા તથા બાણ, ખડ્ગ, વજ્ર સરખા કઠોર પથ્થર, ભુશુંડિ, ભિન્દિપાલ, શક્તિ, ભાલા, ફરસા, ખટ્વાંગ, પટ્ટિશ, ત્રિશૂળ, લકુટ અને

મુસલો દ્વારા પરસ્પર પ્રહાર કરતા ભયંકર માર-કાટ કરવા લાગ્યા. આ રીતે અત્યંત ઘમાસાણ યુદ્ધ થયું. એ દરમિયાન વિનાયક, સ્કંદ, નન્દી, સમનંદી, વીર નૈત્રમેય અને મહાબલી વૈશાખ વગેરે ઉગ્ર ગણોએ ત્રિશૂળ, શક્તિ અને બાણસમૂહોની ધારાવાહિક વર્ષા કરીને અંધકને આંધળો બનાવી દીધો. પછી તો પ્રમથો અને અસુરોની સેનામાં મહાન કોલાહલ મચી ગયો, એ ઘોર શબ્દ સાંભળીને શંભુના ઉદરમાં સ્થિત શુક્રાચાર્ય આશ્રયરહિત વાયુની જેમ નીકળવાનો માર્ગ શોધતાં શોધતાં ચક્કર કાપવા લાગ્યા. એ સમયે એમણે રુદ્રના ઉદરમાં પાતાલસહિત સાતે લોક, બ્રહ્મા, નારાયણ, ઈન્દ્ર, આદિત્ય અને અપ્સરાઓનાં વિચિત્ર ભુવન અને તે પ્રમથાસુર-સંગ્રામ પણ જોવા મળ્યો. આ રીતે તે સો વર્ષો સુધી શિવજીની કુક્ષિમાં ચારે બાજુ ભ્રમણ કરતા રહ્યા, પરંતુ એમને એ જ પ્રકારનું કોઈ છિદ્ર ન દેખાયું, જેવી રીતે દુષ્ટની દૃષ્ટિ સદાચારીનાં છિદ્ર નથી જોઈ શકતી. ત્યારે ભૃગુનંદને શૈવયોગનો આશ્રય લઈ એક મંત્રનો જપ કર્યો. એ મંત્રના પ્રભાવથી તે શંભુના જઠરપંજરથી શુક્રરૂપે લિંગમાર્ગથી બહાર નીકળ્યા. ત્યારે એમણે શિવજીને પ્રણામ કર્યા. ગૌરીએ એમને પુત્રરૂપમાં સ્વીકારી લીધા અને વિઘ્નરહિત બનાવી દીધા. તદનંતર કરુણાસાગર મહેશ્વર ભૃગુનંદન શુક્રાચાર્યને વીર્યને રસ્તે નીકળેલા જોઈને હસતાં હસતાં બોલ્યા.

મહેશ્વરે કહ્યું—હે ભૃગુનંદન! કેમકે તે મારા લિંગમાંથી શુક્રની જેમ નીકળ્યા છો, એટલા માટે તમે શુક્ર કહેવાશો. જાઓ, હવે તમે મારા પુત્ર થઈ ગયા.

સનત્કુમારજી કહે છે—હે મુનિવર! દેવેશ્વર શંકરનાં વચન સાંભળીને સૂર્યની જેમ કાન્તિમાન શુક્રે પુનઃ શિવજીને પ્રણામ કર્યા અને તે હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા.

શુક્રે કહ્યું—'હે ભગવાન! આપના પગ, મસ્તક, નેત્ર, હાથ અને ભુજાઓ અનંત છે. આપની મૂર્તિઓની પણ ગણના નથી થઈ શકતી. એવી દશામાં હું આપ સ્તુત્યની મસ્તક નમાવીને કેવી રીતે સ્તુતિ કરું. આપની આઠ મૂર્તિઓ કહેવાય છે અને આપ અનંતમૂર્તિ પણ છો. આપ સંપૂર્ણ સુરો અને અસુરોની કામનાઓ પૂર્ણ કરનારા છો તથા અનિષ્ટ-દૃષ્ટિથી જોવા પર સંહાર પણ કરી દો છો. એવા સ્તવનને યોગ્ય આપની કેવી રીતે સ્તુતિ કરું.'

સનત્કુમારજી કહે છે—હે મુને! આ રીતે શુક્રે શિવજીની સ્તુતિ કરીને એમને નમસ્કાર કર્યા અને એમની આજ્ઞાથી એ પુનઃ દાનવોની સેનામાં પ્રવિષ્ટ થયા, ઠીક એવી જ રીતે જેમ ચંદ્રમા મેઘોની ઘટામાં પ્રવેશ કરે છે તેમ. હે વ્યાસજી! આ રીતે રણભૂમિમાં શંકર જે રીતે શુક્રને ગળી ગયા હતા, એ વૃત્તાંત તો તમને સંભળાવ્યું. હવે શંભુના ઉદરમાં શુક્રે જે મંત્રનો જપ કર્યો હતો તેનું વર્ણન સાંભળો.

હે મહર્ષે! એ મંત્ર આ પ્રકારનો છે –

ૐ નમસ્તે દેવેશાય સુરાસુરનમસ્કૃતાય ભૂતભવ્યમહાદેવાય હરિતપિંગલલોચનાય બલાય બુદ્ધિરૂપિણે વૈયાઘ્રવસનચ્છદાયારણેયાય ત્રૈલોક્યપ્રભવે ઈશ્વરાય હરાય હરિનેત્રાય યુગાન્તકરણાયાનલાય ગણેશાય લોકપાલાય મહાભુજાય મહાહસ્તાય શૂલિને મહાદંષ્ટ્રિણે કાલાય મહેશ્વરાય અવ્યાય કાલરૂપિણે

નીલગ્રીવાય મહોદરાય ગણાધ્યક્ષાય સર્વાત્મને સર્વભાવનાય સર્વગાય મૃત્યુહન્ત્રે પારિપાત્ર-સુવ્રતાય બ્રહ્મચારિણે વેદાન્તગાય તપોઽન્તગાય પશુપતયે વ્યંગાય શૂલપાણયે વૃષકેતવે હરયે જટિને શિખંડિને લકુટિને મહાયશસે ભૂતેશ્વરાય ગુહાવાસિને વીણાપલવતાલવતે અમરાય દર્શનીયાય બાલસૂર્યનિભાય શ્મશાનવાસિને ભગવતે ઉમાપતયે અરિંદમાય ભગસ્યાક્ષિ-પાતિને પૂષ્ણો દશનનાશાય ક્રૂરકર્તકાય પાશહસ્તાય પ્રલયકાલાય ઉલ્કામુખાયાગ્નિ-કેતવે મુનયે દીપ્તાય વિશામ્પતયે ઉન્નયતે જનકાય ચતુર્થકાય લાકસત્તમાય વામદેવાય વાગ્દાક્ષિણ્યાય વામનો ભિક્ષવે ભિક્ષુરૂપિણે જટિને સ્વયં જટિલાય શુક્રહસ્તપ્રતિસ્તંભકાય વસૂનાં સ્તંભકાય ક્રતવે ક્રતુકરાય કાલાય મેધાવિને મધુકરાય ચલાય વાનસ્પત્યાય વાજસનેતિસમાશ્રમપૂજિતાય જગદ્ધાત્રે જગત્કર્ત્રે પુરુષાય શાશ્વતાય ધ્રુવાય ધર્માધ્યક્ષાય ત્રિવર્ત્મને ભૂતભાવનાય ત્રિનેત્રાય બહુરૂપાય સૂર્યાયુત-સમપ્રભાય દેવાય સર્વતૂર્યનિનાદિને સર્વબાધા-વિમોચનાય બન્ધનાય સર્વધારિણે ધર્મોત્તિમાય પુષ્પદંતાયાવિભાગાય મુખાય સર્વહરાય હિરણ્યશ્રવસે દ્વારિણે ભીમાય ભીમપરાક્રમાય ૐ નમો નમઃ ।*

આજ શ્રેષ્ઠ મંત્રનો જપ કરીને શુક્ર શંભુના જઠર-પંજરથી લિંગને રસ્તે ઉત્કટ વીર્યની જેમ નીકળ્યા હતા. એ સમયે ગૌરીએ એમને પુત્રરૂપે અપનાવ્યા અને જગદીશ્વર શિવે અજર-અમર બનાવી દીધા. ત્યારે એ બીજા શંકરની જેમ શોભાવા માંડ્યા. ત્રણ હજાર વર્ષ વ્યતીત થયા પછી એ જ વેદનિધિ મુનિવર શુક્ર પુનઃ આ ભૂતલ પર મહેશ્વરથી ઉત્પન્ન થયા. એ સમયે

---

* ૐ જે દેવતાઓના સ્વામી, સુર-અસુર દ્વારા વંદિત, ભૂત અને ભવિષ્યના મહાન દેવતા, લીલાં અને પીળાં નેત્રોથી યુક્ત, મહાબલી, બુદ્ધિસ્વરૂપ, વાઘાંબર ધારણ કરનારા, અગ્નિસ્વરૂપ, ત્રિલોકીનું ઉત્પત્તિ સ્થાન, ઈશ્વર, હર, હરિનેત્ર, પ્રલયકારી, અગ્નિસ્વરૂપ, ગણેશ, લોકપાલ, મહાભુજ, મહાહસ્ત, ત્રિશૂળ ધારણ કરનાર, મોટી મોટી દાઢોવાળા, કાલસ્વરૂપ, મહેશ્વર અવિનાશી, કાલરૂપી, નીલકંઠ, મહોદર, ગણાધ્યક્ષ, સર્વાત્મા, બધાંને ઉત્પન્ન કરનારા, સર્વવ્યાપી, મૃત્યુને મારી હટાવનારા, પારિયાત્ર પર્વત પર ઉત્તમ વ્રત ધારણ કરનારા, બ્રહ્મચારી, વેદાન્તપ્રતિપાદ્ય, તપની અંતિમ સીમા સુધી પહોંચનાર, પશુપતિ, વિશિષ્ટ અંગોવાળા, શૂલપાણિ, વૃષધ્વજ, પાપાપહારી, જટાધારી, શિખંડ ધારણ કરનારા, દંડધારી, મહાયશસ્વી, ભૂતેશ્વર, ગુફામાં નિવાસ કરનારા, વીણા અને પણવ પર તાલ લગાડનારા, અમર, દર્શનીય, બાલસૂર્ય જેવું રૂપ ધારણ કરનારા, શ્મશાનવાસી, ઐશ્વર્યશાળી, ઉમાપતિ, શત્રુદમન, ભગનાં નેત્રોને નષ્ટ કરી દેનારા, પૂષાના દાંતના વિનાશક, ક્રૂરતાપૂર્વક સંહાર કરનારા, પાશધારી, પ્રલયકાલરૂપ, ઉલ્કામુખ, અગ્નિકેતુ, મનનશીલ, પ્રકાશમાન, પ્રજાપતિ, ઉપર ઉઠાવનારા, જીવોને ઉત્પન્ન કરનારા, તુરીયતત્ત્વરૂપ, લોકોમાં સર્વશ્રેષ્ઠ, વામદેવ, વાણીની ચતુરતારૂપ, વામમાર્ગમાં ભિક્ષુરૂપ, ભિક્ષુક, જટાધારી, જટિલ – દુરારાધ્ય, ઈન્દ્રના હાથને સ્તંભિત કરનારા, વસુઓને વિજિડિત કરી દેનારા, યજ્ઞસ્વરૂપ, યજ્ઞકર્તા, કાલ, મેધાવી, મધુકર, ચાલતા-ફરતા, વનસપતિનો આશ્રય લેનાર, વાજસન નામથી સંપૂર્ણ આશ્રમો દ્વારા પૂજિત, જગદ્ધાતા, જગત્કર્તા, સર્વાન્તર્યામી, સનાતન, ધ્રુવ, ધર્માધ્યક્ષ, ભૂઃ-ભુવઃ, સ્વઃ – એ ત્રણે લોકોમાં વિચરનારા, ભૂતભાવન, ત્રિનેત્ર, બહુરૂપ, દશ હજાર સૂર્ય સમાન પ્રભાશાળી, મહાદેવ, બધાં વાજિંત્ર વગાડનાર, સંપૂર્ણ બાધાઓથી વિમુક્ત કરનારા, બંધનસ્વરૂપ, સર્વને ધારણ કરનાર, ઉત્તમ ધર્મરૂપ, પુષ્પદંત, વિભાગરહિત, મુખ્યરૂપ, સર્વનું હરણ કરનારા, સુવર્ણ સમાન દીપ્ત કીર્તિવાળા, મુક્તિના દ્વારસ્વરૂપ, ભીમ તથા ભીમપરાક્રમી છો. એમને નમસ્કાર છે, નમસ્કાર છે.

એમણે ધૈર્યશાળી અને તપસ્વી દાનવરાજ અંધકને જોયો. એનું શરીર સાવ કૃશ થઈ ગયું હતું અને એ ત્રિશૂળ પર લટકેલો પરમેશ્વર શિવનું ધ્યાન કરી રહ્યો હતો. (તે શિવજીનાં ૧૦૮ નામોનું આ પ્રકારે સ્મરણ કરી રહ્યો હતો.)

મહાદેવ-દેવતાઓમાં મહાન, વિરૂપાક્ષ-વિકરાળ નેત્રોવાળા, ચન્દ્રાર્ધકૃત શેખર-મસ્તક પર અર્ધચંદ્ર ધારણ કરનાર, અમૃત-અમૃતસ્વરૂપ, શાશ્વત-સનાતન, સ્થાણુ-સમાધિસ્થ થવાથી ઠૂંઠ સમાન સ્થિર, નીલકંઠ – ગળામાં નીલ ચિહ્ન ધારણ કરનારા, પિનાકી – પિનાક નામનું ધનુષ ધારણ કરનારા, વૃષભાક્ષ – વૃષભનાં નેત્ર જેવાં વિશાળ નેત્રોવાળા, મહાજ્ઞેય – 'મહાન' રૂપે જાણવાયોગ્ય, પુરુષ – અંતર્યામી, સર્વકામદ – સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરનાર, કામારિ – કામદેવના શત્રુ, કામદહન – કામદેવને દગ્ધ કરનારા, કામરૂપ – ઇચ્છા અનુસાર રૂપ ધારણ કરનારા, કપર્દી – વિશાળ જટાઓવાળા, વિરૂપ – વિકરાળ રૂપધારી, ગિરિશ – ગિરિવર કૈલાસ પર શયન કરનારા, ભીમ – ભયંકર રૂપવાળા, સૃક્કી – મોટાં મોટાં જડબાંવાળા, રક્તવાસા – લાલ વસ્ત્રધારી, યોગી – યોગના જ્ઞાતા, કાલદહન – કાલને ભસ્મ કરનાર, ત્રિપુરઘ્ન – ત્રિપુરોના સંહારકર્તા, કપાલી – કપાલ ધારણ કરનાર, ગૂઢવ્રત – જેનું વ્રત પ્રગટ થતું નથી. ગુપ્તમંત્ર – ગોપનીય મંત્રવાળા, ગંભીર – ગંભીર સ્વભાવવાળા, ભાવગોચર – ભક્તોની ભાવના અનુસાર પ્રગટ થનારા, અણિમાદિગુણાધાર – અણિમા વગેરે સિદ્ધિઓના અધિષ્ઠાન, ત્રિલોકૈશ્વર્યદાયક – ત્રિલોકીને ઐશ્વર્ય પ્રદાન કરનાર, વીર – બળશાળી, વીરહન્તા – શત્રુવીરોને મારનારા, ઘોર – દુષ્ટો માટે ભયંકર, વિરૂપ – વિકટ રૂપ ધારણ કરનાર, માંસ – મોટા તાજા શરીરવાળા, પટુ – નિપુણ, મહામાંસાદ – શ્રેષ્ઠ ફળનો ગર ખાનાર, ઉન્મત્ત – મતવાલા, ભૈરવ – કાલભૈરવસ્વરૂપ, મહેશ્વર – દેવેશ્વરોમાં પણ શ્રેષ્ઠ, ત્રૈલોક્યદ્રાવણ – ત્રિલોકીનો વિનાશ કરનારા, લુબ્ધ – સ્વજનોના લોભી, લુબ્ધક – મહાવ્યાધસ્વરૂપ, યજ્ઞસૂદન – દક્ષયજ્ઞના વિનાશક, કૃત્તિકાસુતયુક્ત – કૃત્તિકાઓના પુત્ર (સ્વામી કાર્તિક)થી યુક્ત, ઉન્મત્ત – ઉન્મત્ત જેવો વેશ ધારણ કરનાર, કૃત્તિવાસા – ગજાસુરના ચામડાને જ વસ્ત્રરૂપે ધારણ કરનાર, ગજકૃત્તિપરીધાન – હાથીનું ચર્મ લપેટનારા, ક્ષુબ્ધ – ભક્તોનાં કષ્ટ જોઈને ક્ષુબ્ધ થઈ જનાર, ભુજગભૂષણ – સર્પોને ભૂષણરૂપે ધારણ કરનાર, દત્તાલંબ – ભક્તોના અવલંબનદાતા, વેતાલ – વેતાલ સ્વરૂપ, ઘોર – ઘોર, શાકિનીપૂજિત-શાકિનિઓ દ્વારા સમારાધિત, અઘોર – અઘોર પથના પ્રવર્તક, ઘોર દૈત્યઘ્ન – ભયંકર દૈત્યોના સંહારક, ઘોરઘોષ – ભીષણ શબ્દ ગર્જના કરનાર, વનસ્પતિ – વનસ્પતિસ્વરૂપ, ભસ્માંગ – શરીર પર ભસ્મ ચોળનાર, જટિલ – જટાધારી, શુદ્ધ – પરમ પાવન, ભેરુંડશતસેવિત – સેંકડો ભેરુંડ નામનાં પક્ષીઓ દ્વારા સેવિત, ભૂતેશ્વર – ભૂતોના અધિપતિ, ભૂતનાથ – ભૂતગણોના સ્વામી, પંચભૂતાશ્રિત – પંચભૂતોને આશ્રય દેનાર, ખગ – ગગનવિહારી, ક્રોધિત – ક્રોધયુક્ત, નિષ્ઠુર – દુષ્ટો સાથે કઠોર વ્યવહાર કરનાર, ચંડ – પ્રચંડ પરાક્રમી, ચંડીશ – ચંડીના પ્રાણનાથ, ચંડિકાપ્રિય – ચંડિકાના પ્રિયતમ, ચંડતુંડ – અત્યંત કુપિત મુખવાળા, ગરુત્માન – ગરુડસ્વરૂપ,

નિસ્ત્રિંશ – ખડ્ગ સ્વરૂપ, શવભોજન – શવનો ભોગ લગાડનારા, લેલિહાન – ક્રુદ્ધ થયા પછી જીભ લપલપાવનારા, મહારૌદ્ર – અત્યંત ભયંકર, મૃત્યુ – મૃત્યુસ્વરૂપ, મૃત્યોરગોચર – મૃત્યુની પહોંચની બહાર, મૃત્યોર્મૃત્યુ – મૃત્યુના પણ કાલ, મહાસન – વિશાળ સેનાવાળા કાર્તિકેય-સ્વરૂપ, શ્મશાનારણ્યવાસી – શ્મશાન અને અરણ્યમાં વિચરનારા, રાગ – પ્રેમસ્વરૂપ, વિરાગ – આસક્તિરહિત, રાગાંધ – પ્રેમમાં મસ્ત રહેનાર, વીતરાગ – વૈરાગી, શતાર્ચિ – તેજની અસંખ્ય ચિન્ગારીઓથી યુક્ત, સત્ત્વ – સત્ત્વગુણરૂપ, રજઃ – રજોગુણરૂપ, તમઃ – તમોગુણરૂપ, ધર્મ – ધર્મસ્વરૂપ, અધર્મ – અધર્મસ્વરૂપ, વાસવાનુજ – ઈન્દ્રના નાના ભાઈ ઉપેન્દ્ર સ્વરૂપ, સત્ય – સત્ય સ્વરૂપ, અસત્ય – સત્યથી પણ પર, સદ્રૂપ – ઉત્તમ રૂપવાળા, અસદ્રૂપ – બીભત્સ રૂપધારી, અહેતુક – હેતુરહિત, અર્ધનારીશ્વર – અર્ધું પુરુષનું અને અર્ધું નારીનું રૂપ ધારણ કરનાર, ભાનુ – સૂર્યરૂપ, ભાનુકોટિશતપ્રભ – કોટિશત સૂર્ય સમાન પ્રભાવશાળી, યજ્ઞ – યજ્ઞસ્વરૂપ, યજ્ઞપતિ – યજ્ઞેશ્વર, રુદ્ર – સંહારકર્તા, ઈશાન – ઈશ્વર, વરદ – વરદાતા, શિવ – કલ્યાણસ્વરૂપ. પરમાત્મા શિવની આ ૧૦૮ મૂર્તિઓનું ધ્યાન કરવાથી એ દાનવ મહાન ભયથી મુક્ત થઈ ગયો.* એ સમયે પ્રસન્ન થયેલા જટાધારી શંકરે એને મુક્ત કરીને તે ત્રિશૂળના અગ્રભાગથી ઉતારી લીધો અને દિવ્ય અમૃતની વર્ષાથી અભિષિક્ત કરી દીધો. ત્યાર પછી મહાત્મા મહેશ્વર એણે જે કાંઈ કર્યું હતું, એ સર્વનું સાન્ત્વનાપૂર્વક વર્ણન કરતાં એ મહાદૈત્ય અન્ધકને કહેવા લાગ્યા –

**ઈશ્વરે કહ્યું**—હે દૈત્યેન્દ્ર! હું તારો ઇન્દ્રિય-નિગ્રહ, નિયમ, શૌર્ય અને ધૈર્યથી પ્રસન્ન થઈ ગયો છું; તેથી હે સુવ્રત! હવે તું કોઈ વરદાન માગી લે. હે દૈત્યોના રાજાધિરાજ! તેં નિરંતર

---

* મહાદેવં વિરૂપાક્ષં ચંદ્રાર્ધકૃતશેખરમ્ । અમૃતં શાશ્વતં સ્થાણું નીલકંઠં પિનાકિનમ્ ॥
વૃષભાક્ષં મહાજ્ઞેયં પુરુષં સર્વકામદમ્ । કામારિં કામદહનં કામરૂપં કપર્દિનમ્ ॥
વિરૂપં ગિરિશં ભીમં સ્રુક્કિણં રક્તવાસસમ્ । યોગિનં કાલદહનં ત્રિપુરઘ્નં કપાલિનમ્ ॥
ગૂઢવ્રતં ગુપ્તમંત્રં ગંભીરં ભાવગોચરમ્ । અણિમાદિગુણાધારં ત્રિલોકૈશ્વર્યદાયકમ્ ॥
વીરં વીરહણં ઘોરં વિરૂપં માંસલં પટુમ્ । મહામાંસાદમુન્મત્તં ભૈરવં વૈ મહેશ્વરમ્ ॥
ત્રૈલોક્યદ્રાવણં લુબ્ધં લુબ્ધકં ભુજગભૂષણમ્ । દત્તાલંબં ચ વેતાલં ઘોરં શાકિનિ પૂજિતમ્ ॥
અઘોરં ઘોર દૈત્યઘ્નં ઘોરઘોષં વનસ્પતિમ્ । ભસ્માંગં જટિલં શુદ્ધં ભેરુંડશતસેવિતમ્ ॥
ભૂતેશ્વરં ભૂતનાથં પંચભૂતાશ્રિતં ખગમ્ । ક્રોધિતં નિષ્ઠુરં ચંડં ચંડીશં ચંડિકાપ્રિયમ્ ॥
ચંડતુંડં ગરુત્મંતં નિસ્ત્રિંશં શવભોજનમ્ । લેલિહાનં મહારૌદ્રં મૃત્યું મૃત્યોરગોચરમ્ ॥
મૃત્યોર્મૃત્યું મહાસેનં શ્મશાનારણ્યવાસિનમ્ । રાગં વિરાગં રાગાન્ધં વીતરાગં શતાર્ચિષમ્ ॥
સત્ત્વં રજસ્તમોધર્મમધર્મં વાસવાનુજનમ્ । સત્યં ત્વસત્યં સદ્રૂપમસદ્રૂપમહેતુકમ્ ॥
અર્ધનારીશ્વરં ભાનું ભાનુકોટિશતપ્રભમ્ । યજ્ઞં યજ્ઞપતિં રુદ્રમીશાનં વરદં શિવમ્ ॥
અષ્ટોત્તરશતં હ્યેતન્મૂર્તીનાં પરમાત્મનઃ । શિવસ્ય દાનવો ધ્યાયન્ મુક્તસ્તસ્માન્મહાભયાત્ ॥
(શિ. પુ. રુ. સં. યુદ્ધખંડ ૪૯/૫-૧૮)